नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# आगम-बृहत्-नामकोष: २

प्राकृत | ओळख | संस्कृत | गुजराती | नामपरिचय

-: कोष-रचयिता :-


आगम दीवाकर मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


आगम- त्रिभाषिय-विशेषनाम एवं गुजराती परिचयात्मक -कोष: (२)

नमो नमो निम्मलदंसणस्स
बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:
पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# आगम-बृहत्-नामकोष: २

प्राकृत | ओळख | संस्कृत | गुजराती | नामपरिचय

आगम- त्रिभाषिय-विशेषनाम एवं गुजराती परिचयात्मक -कोष:

પ્રકાશન તારીખ– 10/02/2020 સોમવાર તિથી– ૨૦૭૬ મહા વદ ૧

-: कोष-रचयिता :-

## आगम दीवाकर मुनिश्री दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397
Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-
આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

# "आगम बृहत् नामकोष:" આરંભે કંઈક

આપના કરકમળ સુધી પહોચેલ આ 'આગમ-બૃહત્-નામકોષ ભાગ ૧+૨" એ એક ડીક્ષનેરી જ છે, જેમાં પ્રાકૃત (અર્ધમાગધી)નામ, તેનું સંસ્કૃત અને ગુજરાતી રૂપાંતર લીધેલ છે,સાથે નામની ઓળખ [category] અને જે તે નામનો પરિચય પણ આપેલ છે. અમે જૈનશાસ્ત્ર સ્વરૂપ 'આગમો' (મૂળઆગમ, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, વૃત્તિ]માં થી જ આ નામો પસંદ કરેલ છે, આગમ સિવાયના સૂત્રો/ગ્રંથોને સમાવેલ નથી.

અમે ડિક્ષનેરી સંબંધે ચાર પ્રકારના પ્રકાશનો આ પૂર્વે કરેલ છે. (१) **आगम सद्दकोसो**– જેમાં મૂળ આગમના શબ્દો, તેનું સંસ્કૃત, ગુજરાતી અર્થો અને પીસ્તાળીશે આગમમાં તે શબ્દો ક્યા આવેલા છે તેના આગમ-સંદર્ભો મુકેલ છે. તે ચાર ભાગોમાં પ્રસિદ્ધ કરેલ છે. (२) **आगम नाम व कहा कोसो**– જેમાં મૂળ-આગમ સાથે તેની વૃત્તિ, ચૂર્ણિ, નિર્યુક્તી આદિના ક

થા-નામો લીધા છે, અહીં પ્રાકૃતનામ, તેનું સંસ્કૃત અને તે નામની ટૂંકી ઓળખ, આગમ-સંદર્ભ-સ્થળ સહીત મૂકેલ છે. (३) **आगम सागर कोष:**– જેમાં ૪૧,૦૦૦ થી વધુ આગમિક શબ્દો, તેનું સંસ્કૃત અને વૃત્તિ તથા ચૂર્ણિમાં આવેલી તે શબ્દોની સંસ્કૃત કે પ્રાકૃત વ્યાખ્યાઓ મુકેલ છે. (४) **आगम शब्दादि संग्रह:** જેમાં ૫૧,૦૦૦ જેટલા આગમિક શબ્દ-આદિ, તેનું સંસ્કૃત રૂપાંતર અને ગુજરાતી અર્થો છે. તે શબ્દોની વૈયાકરણીય ઓળખ આપેલ છે. અને *પ્રસ્તુત પ્રકાશન* આગમોના ૮૨૦૦ થી વધારે 'વિશેષ નામો'ની ડિક્ષનેરી છે.

આ ડિક્ષનેરિમાં વિશેષતા એ છે કે અહી વિશેષ નામોની કેટેગેરી/ઓળખ મૂકેલ છે, જેમાં ભૌગોલિક+ ઐતિહાસિક+ કાળ સંબંધી નામો, આગમિક પારિભાષા, તીર્થંકર-શ્રમણ-શ્રાવક-ચક્રવર્તી, નિહ્નવ, પ્રત્યેકબુદ્ધ વગેરે ૧૭ પ્રકારની કેટેગરી કરેલ છે, એક્સેલ પ્રોગ્રામમાં આમાંની કોઈપણ કેટેગરીનાં નામો સ્વતંત્ર છૂટા પડી શકે છે, જેમ કે તમારે ભૌગોલિક નામો જ આગમમાં જોવા છે તો એક્સેલ પ્રોગ્રામ વડે માત્ર ભૌગોલિક નામોને પણ છૂટા પાડી શકો છો. બીજું દરેક નામ ત્રણ ભાષામાં આપેલ છે, ગુજરાતીમાં તે નામનો વિસ્તૃત પરિચય પણ છે.

આગમ કાર્ય સંબંધે અમારો દીર્ઘ અનુભવ છે. અમે મૂળ આગમ અને ગુજરાતી-હિન્દી-અંગ્રેજી ભાષામાં આગમોના અનુવાદ કર્યા છે, આગમોની વૃત્તિઓ-ચૂર્ણિઓ-નીર્યુક્તિઓ-ભાષ્યો આદિ આગમો સંપાદિત- પ્રકાશિત કર્યા છે. આગમની ડિક્ષનેરિઓ, મૂળ આગમ અને સટીક આગમોના વિસ્તૃત વિષય-અનુક્રમો, આગમ કથાનુયોગ, આગમ સૂત્ર-ગાથા અનુક્રમ, ઋષિભાષિત સૂત્રાણી વગેરે વગેરે ૫૦૦ કરતા વધુ પુસ્તકો બહાર પાડેલ છે. તે સિવાય ૨૪ તીર્થંકર પરિચય, તત્ત્વાર્થાભિગમ સૂત્ર, વ્યાકરણ, વ્યાખ્યાન, જિનભક્તિ, આરાધના, અભ્યાસ, વિધિ આદિ સાહિત્ય સહિત મારા ૬૦૩ (છ સો ત્રણ) પ્રકાશનો ફેબ્રુઆરી-૨૦૨૦ ની સાલ સુધીમાં પુરા થયેલ છે.

..... સ્થવિર મુનીશ્રી દીપરત્નસાગર...

**'आगम-बृहत्-नाम-कोष'** માં વપરાયેલ સંક્ષેપોનું સ્પષ્ટીકરણ

| संक्षेप | स्पष्टीकरण | संक्षेप | स्पष्टीकरण | संक्षेप | स्पष्टीकरण |
|---|---|---|---|---|---|
| आ. | આગમિક પારિભાષિક નામો | ती. | તીર્થંકર સંબંધી વિગત | भौ. | ભૌગોલિક નામો |
| ऐ. | ઐતિહાસિક સ્થાનો | दे. | દેવ-દેવીના નામો | श्र. | શ્રમણ-શ્રમણીના નામો |
| क. | કથા કે દ્દષ્ટાંત | न. | નરક સંબંધી વિગત | श्रा. | શ્રાવક-શ્રાવિકાના નામો |
| ग. | ગણધર સંબંધી વિગત | नि. | નિહ્નવ સંબંધી વિગત | स, | સમય/કાળ સંબંધી નામો |
| च. | ચક્રવર્તી, વાસુદેવાદિ વિગત | प्र. | પ્રત્યેકબુદ્ધ | अ. | 'ઉપરોક્ત' સિવાયના નામો |
| ता. | તાપસ, પરિવ્રાજક આદિ | प्रा. | પ્રાણી-કથા | | |

## ४५ आगम वर्गीकरण

| क्रम | आगम का नाम | सूत्र | क्रम | आगम का नाम | सूत्र |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३.१ | वीरस्तव | पयन्नासूत्र-१०.१ |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३३.२ | मरणसमाधि | पयन्नासूत्र-१०.२ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |

| मुनि दीपरत्नसागरजी प्रकाशित साहित्य | | | | | |
|---|---|---|---|---|---|
| आगम साहित्य | | | आगम साहित्य | | |
| क्र | साहित्य नाम | बूक्स | क्रम | साहित्य नाम | बूक्स |
| 1 | मूल आगम साहित्य:- | 147 | 5 | आगम अनुक्रम साहित्य:- | 09 |
| | -1- आगमसुत्ताणि-मूलं print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | -2- आगमसुत्ताणि-मूलं Net | [45] | | -2- आगम विषयानुक्रम (सटीकं) | 04 |
| | -3- आगममञ्जूषा (मूल प्रत) | [53] | | -3- आगम सूत्र-गाथा अनुक्रम | 03 |
| 2 | आगम अनुवाद साहित्य:- | 165 | 6 | आगम अन्य साहित्य:- | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- आगमसूत्र हिन्दी अनुवाद Net | [47] | | -2- आगम संबंधी साहित्य | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | -3- ऋषिभाषित सूत्राणि | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | -4- आगमिय सूक्तावली | 01 |
| | -5- आगमसूत्र हिन्दी अनुवाद print | [12] | | आगम साहित्य- कुल पुस्तक | 518 |
| 3 | आगम विवेचन साहित्य:- | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | 6 |
| | -1- आगमसूत्र सटीकं | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- आगम मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- आगम मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- आगम चूर्णि साहित्य | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- सवृत्तिक आगमसूत्राणि-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- सवृत्तिक आगमसूत्राणि-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- सचूर्णिक आगमसुत्ताणि | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | आगम कोष साहित्य:- | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- आगम सद्दकोसो | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- आगम कहाकोसो | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- आगम-सागर-कोष: | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- आगम बृहत् नाम कोष: | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

| | |
|---|---|
| 1-आगम साहित्य (कुल पुस्तक) | 518 |
| 2-आगमेतर साहित्य (कुल पुस्तक) | 085 |
| दीपरत्नसागरजी के कुल प्रकाशन | 603 |

| | | | | |
|---|---|---|---|---|
| पइगा | अ.च. | प्रतिका | પ્રતિકા | પ્રદ્યુમ્નસેનની પુત્રી, ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| १. पइट्ठ | ती. | प्रतिष्ठ | પ્રતિષ્ઠ | સાતમા તીર્થંકર સુપાર્શ્વના પિતા. |
| २. पइट्ठ | स. | प्रतिष्ठ | પ્રતિષ્ઠ | ભાદ્રપદ મહિનાનું બીજું નામ. તે સુપ્રતિષ્ઠ પણ કહેવાય છે. |
| पइट्ठाण | ऐ.भौ. | | પ્રતિષ્ઠાન | દક્ષિણાપથમાં ગોદાવરી નદીના કિનારા પર આવેલું નગર. રાજા શાલવાહન ત્યાં રાજ કરતો હતો.ઉજ્જૈની નગરીના રાજાના દબાણને કારણે ચાતુર્માસ વચ્ચે જ આચાર્ય કાલગ ઉજ્જૈની છોડી પ્રતિષ્ઠાન પ્રયાણ કરી ગયા. ત્યાં રાજા શાલવાહનની વિનંતીથી તેણે પર્યુષણા તિથિ ભાદ્રપદ સુદ ૫ બદલીને ૪ કરી. |
| पइठाण | ऐ. | प्रतिष्ठान | પ્રતિષ્ઠાન | આ અને પ્રતિષ્ઠાન એક છે. |
| पइण्ण | आ. | प्रकीर्ण | પ્રકીર્ણ | આ અને 'પઇણ્ણગ' એક છે. |
| पइण्णग/पइण्णय | आ. | प्रकीर्णक | પ્રકીર્ણક | અગિયાર અંગ અને દૃષ્ટિવાદ સિવાયના આગમ સૂત્રો. બધા અંગબાહ્ય આગમસૂત્રોને — આવશ્યક હોય કે આવશ્યકવ્યતિરીક્ત હોય તે બધા– પ્રકીર્ણક, પ્રકીર્ણકજ્ઝયણ કેપઈણ્ણ તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે. પ્રકીર્ણક સૂત્રોની સંખ્યા સ્થિર અને ચોક્કસ નથી. તીર્થંકરે તીર્થંકરે તે બદલાય છે. દરેક તીર્થમાં પ્રકીર્ણક સૂત્રોની સંખ્યા જિનના શિષ્યોની સંખ્યા બરાબર હોય છે. આ શિષ્યો જિનના ઉપદેશોના આધારે પ્રકીર્ણક સૂત્રોની રચના કરે છે. તીર્થંકર ઋષભના તીર્થમાં ૮૪૦૦૦ પ્રકીર્ણક સૂત્રો હતા, પછીના બાવીસ તીર્થંચરોના તીર્થોમાં સંખ્યાત પ્રકીર્ણક સૂત્રો હતા અને તીર્થંકર મહાવીરના તીર્થમાં ૧૪૦૦૦ પ્રકીર્ણક સૂત્રો હતા. આગમના પ્રવર્તમાન છ વર્ગો ધરાવતા વર્ગીકરણમાં દસ પ્રકીર્ણક સૂત્રછે. તે ૧૦ આ છે — ચઉસરણ, આઉરપચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ, ભત્તપરિણ્ણા, તંદુલવેઆલિઅ, સંથારગ, ગચ્છા–ચાર, ગણિવિજ્જા, દેવિંદત્થય અને મરણસમાહિ. |
| पइण्णगज्झयण | आ. | प्रकीर्णकाध्ययन | પ્રકીર્ણકાધ્યયન | આ અને પ્રકીર્ણક એક છે. |
| पइल्ल | दे.ज. | प्रकल्य | પ્રકલ્ય | આ અને પયલ્લ એક છે. |
| पइव | अ. | प्रदीप | પ્રદીપ | એક યાદવ રાજકુમાર. |
| १. पउम | भौ. | पद्म | પદ્મ | નીલવંત સરોવરની મધ્યમાં આવેલું મોટું કમળ. તે એક યોજન લાંબું, એક યોજન પહોળું છે. અડધો યોજન જાડાઈનું છે. તેનો પરિઘ૩ યોજનથી થોડોક વધુ છે. પાણીમાં ૧૦ યોજન ઊંડું છે. પાણી ઉપર બે ક્રોશ ઊંચું છે. ટોચ સુધી સાધિક ૧૦ યોજન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| २. पउम | दे. | पद्म | પદ્મ | પુષ્કરવરદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ३. पउम | दे.भौ. | पद्म | પદ્મ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષ છે, તેઓ અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે, અને તેઓને અઢાર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| ४. पउम | दे.भौ. | पद्म | પદ્મ | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૭ સાગરોપમ વર્ષ છે, તેઓ ૧૭ પખવાડિયે એક વાર શ્વાસ લે છે, તેઓને ૧૭૦૦૦ વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| ५. पउम | च. | पद्म | પદ્મ | ભરતક્ષેત્રના આઠમા ભાવિ બલદેવ. |
| ६. पउम | च. | पद्म | પદ્મ | ભરતક્ષેત્રના આઠમા બલદેવ. રાજા દશરથ અને રાણી અપરાજિતાનો પુત્ર અને વાસુદેવનો ભાઈ. તેના પૂર્વભવમાં તે અપરાજિત  હતો. પદ્મની ઊંચાઈ ૧૬ધનુષ હતી. તેનું તેમજ તેના ભાઈ નારાયણનું જન્મસ્થાન રાજગૃહી કહેવાય છે. તેણે સંસારનો ત્યાગ કર્યો અને મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. |
| ७. पउम | च. | पद्म | પદ્મ | ભરત ક્ષેત્રના આઠમા ભાવિ ચક્રવર્તી. |
| ८. पउम | अ. | पद्म | પદ્મ | પદ્માના પિતા અને શ્રાવસ્તી નગરના શ્રેષ્ઠી. |
| ९. पउम | अ. | पद्म | પદ્મ | નાગપુરના શ્રેષ્ઠી. તેમને પદ્મા નામની દીકરી હતી. |
| १०. पउम | ती.श्र. | पद्म | પદ્મ | પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ દ્વારા દીક્ષિત થનારા આઠ રાજાઓમાંનો એક. |
| ११. पउम | ती.अ. | पद्म | પદ્મ | પાંચમાં તીર્થંકર સુમતિને સૌપ્રથમ ભિક્ષા આપનારો વસંતપુરનો રહેવાસી. |
| १२. पउम | श्र. | पद्म | પદ્મ | આચાર્ય વજ્ર નો શિષ્ય. |
| १३. पउम | क. | पद्म | પદ્મ | ચંપા નગરીના કાલઅને તેની પત્ની પદ્માવતીનો પુત્ર. તે સંસાર ત્યાગી મહાવીરના શિષ્ય બન્યા. મરણ પછી તે સૌધર્મકલ્પમાં દેવ તરીકે જન્મ્યો. |
| १४. पउम | आ. | पद्म | પદ્મ | ભગવતીના અગિયારમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક |
| १५. पउम | आ. | पद्म | પદ્મ | કલ્પવતંસિકાનું પહેલું અધ્યયન. |
| १६. पउम | दे. | पद्म | પદ્મ | ગંધાવતી પર્વતનો અધિષ્ઠાતા દેવ. |
| १७. पउम | भौ. | पद्म | પદ્મ | દક્ષિણ રુચક પર્વતનું એક શિખર. |
| १८. पउम | दे. | पद्म | પદ્મ | માલ્યવંતપર્યાય પર્વતનો અધિષ્ઠાતા દેવ. જુઓ પ્રભાસ. |
| १९. पउम | ती. | पद्म | પદ્મ | જુઓ મહાપદ્મ(૧૦). |
| १. पउमगुम्म | आ. | पद्मगुल्म | પદ્મગુલ્મ | કલ્પવતંસિકાનું સાતમું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| २. पउमगुम्म | दे.भौ. | पद्मगुल्म | પદ્મગુલ્મ | સૌધર્મ સ્વર્ગીય ક્ષેત્રમાં આવેલું વાસસ્થાન ચક્રવર્તી બ્રહ્મદત્તનો આત્મા અહીંથી ચ્યવીને આવ્યો હતો. તેને નલિનીગુલ્મ કે નલિનગુલ્મ કહેવામાં આવે છે. તે પદ્મ(૩) નામના સ્વર્ગીય વાસસ્થાન જેવું જ છે. |
| ३. पउमगुम्म | श्र. | पद्मगुल्म | પદ્મગુલ્મ | વીરકૃષ્ણનો પુત્ર અને રાજાશ્રેણિકનો પૌત્ર. સંસાર છોડી શ્રમણ બન્યો. શ્રમણજીવનની ત્રણ વર્ષની સાધના પછી મરીને તે મહાશુક્ર નામના સ્વર્ગીય ક્ષેત્રમાં દેવ તરીકે જન્મ્યો. |
| ४. पउमगुम्म | ती.श्र. | पद्मगुल्म | પદ્મગુલ્મ | પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મદ્વારા દીક્ષિત આઠ રાજાઓમાંનો એક. |
| ५. पउमगुम्म | दे.भौ. | पद्मगुल्म | પદ્મગુલ્મ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીયવિમાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૮ સાગરોપમ વર્ષનું છે. |
| पउमजिणिंद | ती. | पद्मजिनेन्द्र | પદ્મજિનેન્દ્ર | આ અને પદ્મપ્રભ એક છે. |
| १. पउमणाभ | च. | पद्मनाभ | પદ્મનાભ | ભરત ક્ષેત્રના નવમા ચક્રવર્તી. તે મહાપદ્મ તરીકે પણ જાણીતા છે. જુઓ મહાપદ્મ. |
| २. पउमणाभ | क. | पद्मनाभ | પદ્મનાભ | ધાતકીખંડ દ્વીપમાં આવેલ અપરકંકાનો રાજા. તેને ૭૦૦ રાણી હતી. તેણે દ્રૌપદીનું અપહરણ કરી તેને પોતાની પત્ની બનવા સમજાવી પણ તેણીએ તે ન સ્વીકાર્યું. આ સંબંધમાં તેને પંડુ રાજાના પાંચ પુત્રો અને કૃષ્ણ સાથે યુદ્ધ કરવું પડ્યું. યુદ્ધમાં કૃષ્ણે તેને હરાવ્યો, દ્રૌપદીને છોડાવી પંડવોને સોંપી |
| पउमदह/पउमद्दह | भौ. | पद्मद्रह | પદ્મદ્રહ | ચુલ્લહિમવંત પર્વત ઉપર આવેલું વિશાળ સરોવર. તે ૧૦૦૦ યોજન લાંબુ, ૫૦૦યોજન પહોળું અને ૧૦યોજન ઊંડું છે. તેની મધ્યમાં હીરાઓનું બનેલું મોટું કમળ છે. સરોવરમાં અધિષ્ઠાત્રિ દેવી શ્રીદેવીના રસાલાની ઘણી દેવીઓ છે. ગંગા, રોહિતંસા અને સિંધુ નદીઓ તેમાંથી નીકળે છે. |
| पउमद्धय | ती.श्र. | पद्मध्वज | પદ્મધ્વજ | પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ દ્વારા અભિષિક્ત આઠ રાજાઓમાંનો એક. |
| पउमप्पभ | ती. | पद्मप्रभ | પદ્મપ્રભ | વર્તમાન અવસર્પિણી કાલચક્રના છટ્ઠા તીર્થંકર. વત્સ દેશના કૌશાંબી નગરીના રાજા ધર અને રાણી સુસીમાના પુત્ર. તેમની ઊંચાઈ ૨૫૦ ધનુષ હતી.<br>તે રક્ત વર્ણના હતા. તેમણે ૧૦૦૦ પુરુષો સાથે શ્રામણ્ય સ્વીકાર્યું. સંસારત્યાગના પ્રસંગે તેમણે વેજયંતી પાલખીનો ઉપયોગ કર્યો.<br>ચૈત્ર મહિનાની પૂર્ણિમાના દિવસે કૌશાંબી નગરના સહસ્રામ્રવન ઉદ્યાનમાં તેમને કેવલજ્ઞાન થયું. |

| | | | | |
|---|---|---|---|---|
| पउमप्पभा | ऐ. | पद्मप्रभा | પદ્મપ્રભા | જંબુસુદર્શના વૃક્ષની ઉત્તરપૂર્વમાં અને ભદ્રશાલવન ની અંદર બાજુ ૫૦યોજનના અંતરે આવેલા ૪ નંદા તળાવોમાંનું એક. તે એક કોસ લાંબુ, અડધો કોસ પહોળું, ૫૦૦ ધનુષ ઊંડું છે. તેની મધ્યે મહેલ છે. |
| पउमप्पह | ती. | पद्मप्रभ | પદ્મપ્રભ | જુઓ પદ્મપ્પભ |
| १. पउमभद्द | श्र. | पद्मभद्र | પદ્મભદ્ર | રાજકુમાર સુકૃષ્ણનો પુત્ર અને રાજા શ્રેણિકનો પૌત્ર. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી, ચાર વર્ષના શ્રમણજીવન પછી મરીને બ્રહ્મલોકના સ્વર્ગીય ક્ષેત્રમાં દેવ તરીકે જન્મ લીધો. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પ્રાપ્ત કરશે. |
| २. पउमभद्द | आ. | पद्मभद्र | પદ્મભદ્ર | કલ્પવતંસિકાનું પાંચમું અધ્યયન. |
| १. पउमरह | अ. | पद्मरथ | પદ્મરથ | ઉજ્જૈની નગરીનો રાજા. તેમના પિતાનું નામ દેવલાસુત હતું. |
| २. पउमरह | अ. | पद्मरथ | પદ્મરથ | મિથિલા નગરીના રાજા. તે પોતાની શ્રદ્ધામાં સાચા અને દ્રઢ હતા. |
| पउमरुक्ख | भौ.दे. | पद्मवृक्ष | પદ્મવૃક્ષ | પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વ ભાગમાં આવેલું પવિત્ર વૃક્ષ. તે પદ્મદેવનું વાસસ્થાન છે. |
| पउमवडेंसअ | दे.भौ. | पद्मावतंसक | પદ્માવતંસક | સૌધર્મ કલ્પે આવેલું સ્વર્ગીય વાસ સ્થાન. |
| पउमसंड | ऐ. | पद्मखंड | પદ્મખંડ | તે સ્થળ જ્યાં તીર્થંકર ચંદ્રપ્રભ એ પોતાની પ્રથમ ભિક્ષા સ્વીકારી હતી. |
| १. पउमसिरी | क. | पद्मश्री | પદ્મશ્રી | દંતપુરના શ્રેષ્ઠી ધનમિત્રની બે પત્નીઓમાંની એક. તેણે હાથીદાંતના મહેલના નિર્માણની હઠ લીધી હતી. તે હઠ તેના પતિના મિત્ર દઢમિત્રે પૂરી |
| २. पउमसिरी | च. | पद्मश्री | પદ્મશ્રી | વિદ્યાધર ‘મહરહ’(૩)ની પુત્રી અને ચક્રવર્તી સુભૂમની પત્ની. |
| १. पउमसेण | श्र. | पद्मसेन | પદ્મસેન | મહાકૃષ્ણનો પુત્ર અને શ્રેણિક રાજાનો પૌત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી. ૩ વર્ષનું શ્રામણ્ય પાળી, લાંતક કલ્પે દેવ તરીકે જન્મ્યા. તે મહાવિદેહ ક્ષેત્રમાં એક ભવ કરીને મોક્ષ પામશે. |
| २. पउमसेण | आ. | पद्मसेन | પદ્મસેન | કલ્પવતંસિકાનું છઠ્ઠું અધ્યયન. |
| १. पउमा | आ. | पद्मा | પદ્મા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના નવમા વર્ગનું પહેલું અધ્યયન. |
| २. पउमा | ती.श्र. | पद्मा | પદ્મા | ચૌદમાં તીર્થંકર અનંતની મુખ્ય શિષ્યા. |
| ३. पउमा | दे. | पद्मा | પદ્મા | શક્રની આઠ મુખ્ય પત્નીઓમાંની એક. |
| ४. पउमा | आ. | पद्मा | પદ્મા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું તેરમું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| **५. पउमा** | **श्र.दे.** | *पद्मा* | પદ્મા | શ્રાવસ્તી નગરના શ્રેષ્ઠી પદ્મની પુત્રી. તેને તેવીસમા તીર્થંકર પાર્શ્વ એ દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તે શક્રની એક મુખ્ય પત્ની તરીકે પુનર્જન્મ પામી. તે અને પદ્મા(૩) એક છે. |
| **६. पउमा** | **श्र.दे.** | *पद्मा* | પદ્મા | નાગપુરના પદ્મની પુત્રી. તેને પાર્શ્વ એ દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તે ભીમની મુખ્ય પત્ની રૂપે પુન–ર્જન્મ પામી. આ ભીમ દક્ષિણના રાક્ષસદેવોનો ઇંદ્ર છે. મહાભીમની મુખ્ય પત્નીનું નામ પણ આ જ છે |
| **७. पउमा** | **भौ.** | *पद्मा* | પદ્મા | પદ્મપ્રભા સમાન ચાર નંદા તળાવોમાંનું એક. |
| **८. पउमा** | **ती.** | *पद्मा* | પદ્મા | આ અને પદ્માવતી(૫) એક છે. |
| **पउमाभ** | **ती.** | *पद्माभ* | પદ્માભ | આ અને પદ્મપ્પભ એક છે. |
| **१. पउमावइ** | **अ.** | *पद्मावती* | પદ્માવતી | સાકેત નગરના રાજા પડિબુદ્ધની પત્ની. એક વાર તેણે નાગપૂજાનો ઉત્સવ યોજ્યો હતો. |
| **२. पउमावइ** | **अ.** | *पद्मावती* | પદ્માવતી | તેતલિપુરના રાજા કનગરથની પત્ની. |
| **३. पउमावइ** | **अ.** | *पद्मावती* | પદ્માવતી | પુંડરીકિણી નગરીના રાજા મહાપદ્મની પત્ની |
| **४. पउमावइ** | **अ.** | *पद्मावती* | પદ્માવતી | રાજા સેલકની પત્ની અને રાજકુમાર મંડુકની માતા |
| **५. पउमावइ** | **ती.** | *पद्मावती* | પદ્માવતી | રાજગૃહી નગરના રાજા સુમિત્રની પત્ની, વર્તમાન અવસર્પિણીના ૨૦મા તીર્થંકર મુનિસુવ્રતની માતા. |
| **६. पउमावइ** | **क.** | *पद्मावती* | પદ્માવતી | કૌશાંબી નગરીના રાજા શતાનિકના પુત્ર ઉદાયન ની પત્ની. પુરોહિત સોમદત્તના પુત્ર બૃહસ્પતિદત્તે તેના ઉપર બળાત્કાર કર્યો હતો. |
| **७. पउमावइ** | **दे.** | *पद्मावती* | પદ્માવતી | દક્ષિણના રાક્ષસ દેવોના ઇંદ્ર ભીમની ચાર મુખ્ય પત્નીમાંની એક.તે વસુમતિ નામે પણ જાણીતી છે મહાભીમની મુખ્યપત્નીનું નામ પણ પદ્માવતી છે |
| **८. पउमावइ** | **क.** | *पद्मावती* | પદ્માવતી | વૈશાલીના રાજા ચેટકની પુત્રી, ચંપા નગરીના રાજા દધિવાહનની પત્ની અને કરકંડુની માતા. બીજી વિગતો માટે જુઓ દધીવાહન. |
| **९. पउमावइ** | **क.** | *पद्मावती* | પદ્માવતી | ચંપા નગરીના રાજા કૂણિકની પત્ની, ઉદાઈની માતા. હલ્લ અને વિહલ્લ પાસે જે હાથી અને હાર હતા તેમની તેને ઈર્ષા થતી હતી. આ ઈર્ષાના કારણે તેણે તેના પતિ કૂણિકને વૈશાલીના ચેડગ રાજા સાથે યુદ્ધ કરવા ઉશ્કેર્યો. |
| **१०. पउमावइ** | **क.** | *पद्मावती* | પદ્માવતી | ભરૂચના રાજા નભોવાહનની પત્ની. તે આચાર્ય વજ્રભૂતિની કાવ્યપ્રતિભાથી અત્યંત પ્રભાવિત થઈ પણ તેમનો કદરૂપો દેખાવ જોઈને તેણી નિરાશ થઈ ગઈ હતી. |
| **११. पउमावइ** | **दे.** | *पद्मावती* | પદ્માવતી | આ નામની એક દેવી. |

| | | | | |
|---|---|---|---|---|
| १२. पउमावइ | अ. | पद्मावती | પદ્માવતી | ચંપાનગરીના કાલની પત્ની અને પદ્મની માતા. |
| १३. पउमावइ | अ. | पद्मावती | પદ્માવતી | કોહીડગ નગરના રાજા મહબ્બલની પત્ની અને રાજકુમાર વીરંગદની માતા. |
| १४. पउमावइ | च.श्र. | पद्मावती | પદ્માવતી | વાસુદેવ કૃષ્ણની આઠ મુખ્ય પત્નીમાંની એક. તે અરિષ્ટપુરના રાજા હિરણ્યનાભની પુત્રી હતી. તેને મેળવવા કૃષ્ણને તેના સ્વયંવરમાં નિમંત્રિત ઘણા રાજા સાથે યુદ્ધ કરવુ પડ્યું. પદ્માવતીએ તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. યક્ષિણી શ્રમણીની આજ્ઞામાં રહી २० વર્ષ શ્રામણ્ય પાળી મોક્ષ પામ્યો |
| १५. पउमावइ | आ. | पद्मावती | પદ્માવતી | અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું પહેલું અધ્યયન. |
| १६. पउमावइ | दे. | पद्मावती | પદ્માવતી | પશ્ચિમ રુચક(૧) પર્વતની મુખ્ય આઠ દિસાકુમારી માંની એક. તે મંદર(૪) શિખરની અધિષ્ઠાત્રિ છે. |
| १. पउमुत्तर | भौ. | पद्मोत्तर | પદ્મોત્તર | ભદ્રશાલવનમાં આવેલું દિગ્હસ્તીકૂડ. |
| २. पउमुत्तर | च. | पद्मोत्तर | પદ્મોત્તર | નવમા ચક્રવર્તી મહાપદ્મના પિતા. |
| ३. पउमुत्तर | दे. | पद्मोत्तर | પદ્મોત્તર | પદ્મોત્તર દિગ્હસ્તીકૂડનો અધિષ્ઠાતા દેવ, જે ત્યાં જ વસે છે. |
| पउरजंघ | अ. | प्रचुरजङ्घ | પ્રચુરજંઘ | સુસમા આરાઅર દરમિયાન લોકોના જે ચાર પ્રકારો હોય છે તેમાંનો એક પ્રકાર. તેમની જાંઘો બહુ જ મજબૂત અને શક્તિશાળી હોય છે. |
| पउस | भौ. | प्रकुश | પ્રકુશ | એક અનાર્યદેશ. કદાચ આ અને બઉસ એક જ છે. |
| पएसि | श्रा. | प्रदेशिन् | પ્રદેશિન્ | સેયવિયા નગરનો રાજા. તે અત્યંત ક્રૂર હતો, તેને આત્માના સ્વતંત્ર અસ્તિત્વમાં શ્રદ્ધા ન હતી. તે આત્માને શરીરથી અભિન્ન માનતો હતો. શ્રમણ કેસિ એ અનુભવમૂલક દ્રષ્ટાંતો અને તર્કોને આધારે તેને ખાતરી કરાવી કે આત્મા સ્વતંત્ર તત્ત્વ છે. પછી પ્રદેશી શ્રાવક બન્યો. રાણી સૂર્યકાંતાએ રાજા પ્રદેશીને ઝેર દઈ મારી નાખ્યો. તે મરી રાજા પ્રદેશી સૌધર્મકલ્પમાં સૂર્યાભદેવ રૂપે પુનર્જન્મ પામ્યો. |
| पओग | आ. | प्रयोग | પ્રયોગ | પ્રજ્ઞાપનાનું સોળમું પદ (પ્રકરણ). |
| पओस | भौ. | प्रदोष | પ્રદોષ | એક અનાર્ય દેશ. આ દેશમાંથી કન્યાઓ લાવીને અન્તઃપુરમાં દાસી તરીકે નીમવામાં આવતી. |
| पंकप्पभा | भौ.न. | पङ्कप्रभा | પઙ્કપ્રભા | ચોથી નરકભૂમિ. તે દેખાવમાં કાદવ જેવી છે. તેની અંદર ૧૦ લાખ વાસસ્થાનો છે, ત્યાં વસતા નારકી નું ઉત્કૃષ્ટ આયુ ૧૦ સાગરોપમ છે. તેનું બીજું નામ અંજના છે. તેમાં ભયંકર વિકરાળ છ મહાનિરય છે. |
| पंकबहुल | भौ. | पङ्कबहुल | પઙ્કબહુલ | રત્નપ્રભા નામક પ્રથમ નરકના ૩ કાંડમાંનો બીજો કાંડ. ટોચથી તેનો વિસ્તાર ૮૪૦૦૦ યોજન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| पंकवइ | भौ. | पङ्कवती | પઙ્કવતી | જુઓ 'પંકાવઈ'. |
| १. पंकावइ | भौ. | पङ्कवती | પઙ્કવતી | મહાવિદેહમાં આવેલો કુંડ. તે પુષ્કલાવર્ત્ત પ્રદેશની પશ્ચિમે અને મંગલાવર્ત્ત પ્રદેશની પૂર્વે આવેલો છે. તે નીલવંતની દક્ષિણ ધાર ઉપર આવેલ છે. તેનું માપ ગાહાવતી કુંડ જેટલું છે. |
| २. पंकावइ | भौ. | पङ्कवती | પઙ્કવતી | પંકાવઈ કુંડમાંથી નીકળતી અને પોતાના પ્રવાહ થી મહાવિદેહના મંગલાવર્ત્ત અને પુષ્કલાવર્ત્ત પ્રદેશોને અલગ કરતી નદી. તે મંદર પર્વતની ઉત્તરપૂર્વમાં વહે છે. |
| पंचकप्प | आ. | पञ्चकल्प | પંચકલ્પ | શ્રમણાચારના પાંચ ભેદોનું નિરૂપણ કરતું આગમ સૂત્ર. કદાચ તે કલ્પભાષ્યના એક ભાગરૂપ છે. |
| पंचजण्ण/पंचयण्ण | अ.च. | पाञ्चजन्य | પાંચજન્ય | વાસુદેવકૃષ્ણનો શંખ. |
| पंचवण्णा | ती. | पञ्चवर्णा | પંચવર્ણા | ચૌદમાં તીર્થંકર અનંતે દીક્ષાપ્રસંગે ઉપયોગમાં લીધેલી પાલખી. |
| पंचसेल | भौ. | पञ्चशैल | પંચશૈલ | યક્ષ વિદ્યુન્માલીની પત્નીઓ હાસા અને પ્રહાસા એ જે દ્વીપ આવવા માટે સોની અનંગસેન અપર નામ કુમારનંદીને નિમંત્રણ આપ્યું હતું તે દ્વીપ. |
| पंचसेलग | भौ. | पञ्चशैलक | પંચશૈલક | આ અને પંચસેલ એક છે. |
| १. पंचाल | अ. | पञ्चाल | પંચાલ | કામવિદ્યાના વિદ્વાન પ્રાચીન ઋષિ. તેમના મતે સ્ત્રી સાથે કોમળતા અને નરમાશથી વર્તવું જોઈએ. |
| २. पंचाल | भौ.ऐ. | पञ्चाल | પંચાલ | ૨૫-૧/૨ આર્યદેશોમાંનો એક. તેની રાજધાની કંપિલ્લ હતી. દુર્મુખ, દ્રુપદ તેમજ જિતશત્રુરાજા અહીં રાજ કરતા હતા. પંચાલ ના લોકો શીઘ્ર ગ્રહણ શક્તિ ધરાવતા ગણાય છે. |
| पंडगवण/पंडयवण | भौ. | पण्डकवन | પણ્ડકવન | સોમનસ વનથી ૩૬૦૦૦ યોજનના અંતરે આવેલું વન. તે મંદરચૂલિકાને ઘેરી વળેલું છે. તેનો પરિઘ ૩૧૬૨ યોજનથી કંઈક વધારે છે. તેની પહોળાઈ ૪૯૪ યોજન છે. આ વનની સીમમાં ક્રમશઃ મંદર-ચૂલિકાની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, અને ઉત્તરે પવિત્ર અભિષેકવિધિ માટે ચાર શિલાઓ છે. જેમના નામ છે — પંડુશિલા, પંડુકંબલશિલા, રક્તશિલા અને રક્તકંબલશિલા. આ શિલાઓ ઉપર તાજા જન્મેલા તીર્થંકરની અભિષેકવિધિ દેવો કરે છે. આ વનમાં સિદ્ધાયતન-ચૈત્યો છે. |
| पंडरंग | अ.ता. | पाण्डुराङ्ग | પાંડુરાઙ્ગ | આ અને પંડુરંગ એક છે. |
| पंडरकुंडग | अ. | पाण्डुरकुण्डक | પાંડુરકુણ્ડક | ગોવાળો યા ભરવાડોની કોમ. |
| पंडरग | अ.ता. | पाण्डुराग | પાંડુરાગ | જુઓ પંડુરંગ. |

| | | | | |
|---|---|---|---|---|
| पंडरभिक्खुअ | अ.गो. | पाण्डुरभिक्षुक | પાંડુરભિક્ષુક | ગોસાળાના શિષ્યોનું અર્થાત્ આજીવકોનું બીજું નામ. જુઓ પંડુરંગ. |
| पंडरज्जा | श्र. | पाण्डुरार्या | પાંડુરાર્યા | પોતાના વસ્ત્રો, પાત્રો આદિ ઉપકરણો ચોખ્ખાં અને સ્વચ્છ રાખવામાં ખૂબ કાળજી લેનાર શ્રમણી. તે મંત્રવિદ્યામાં નિપુણ હતી. મૃત્યુ પછી હસ્તિદેવ એરાવણની મુખ્ય પત્ની તરીકે પુનર્જન્મ પામી. |
| पंडव | क.श्र. | पाण्डव | પાણ્ડવ | પંડુ રાજાના યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવ એ પાંચ પુત્રો માટે પ્રયોજાતુ સમૂહ વાચક નામ. તેમને માતા કુંતી હતા. રાજા દ્રુપદની પુત્રી દ્રૌપદી તેમની એક સમાન પત્ની હતી. પંડુ–સેન તેમનો પુત્ર હતો. અપરકંકાના રાજા પદ્મનાભ દ્વારા અપહૃત દ્રૌપદીને છોડાવવા વાસુ–દેવ કૃષ્ણ સાથે તેઓ અપરકંકા ગયા હતા. તેમણે પોતાના વસવાટ માટે પંડુમથુરા નગર વસાવ્યું.પછી સંસાર તજી આચાર્ય સુસ્થિત પાસે દીક્ષા લીધી. તેઓ ૧૪ પૂર્વ ભણ્યા અને તીર્થંકર અરિષ્ટનેમિના નિર્વાણ પછી શત્રુંજય પર્વતે મોક્ષ પામ્યા. તેમના પૂર્વભવ માં તેમનામાંથી ચાર અચલ ગ્રામના ચાર ગૃહસ્થો હતા અને પાંચમો એક શ્રમણ હતો. તેમને બધાને આચાર્ય યશોધરે દીક્ષિત કર્યા હતા. |
| पंडितिया | अ. | पाण्डितिका | પાણ્ડિતિકા | ચક્રવર્તી વજ્રસેનની દીકરી શ્રીમતીની પરિચારિકા. |
| पंडु | क. | पाण्डु | પાંડુ | આ અને હસ્તિનાપુરના પંડુરાય એક છે. |
| पंडुकंबलसिला | भौ. | पाण्डुकम्बलशिला | પાંડુકમ્બલશિલા | પવિત્ર અભિષેક યા સ્નાન માટેની ચાર શિલામાંની એક. પંડગવનની દક્ષિણ સીમા ઉપર અને મંદર ચૂલિકાની દક્ષિણે તે આવેલી છે. લંબાઈમાં પૂર્વથી પશ્ચિમ તરફ તે વિસ્તરેલી છે. તેનું માપ પંડુસિલા જેટલું છે. તેના ઉપર એક જ સિંહાસન છે. ભરતના તિત્થંકરોનો જન્માભિષેક તેના ઉપર થાય છે. સ્થાન સૂત્રમાં તેને અતિપાંડુકંબલશિલા કહી છે. |
| पंडुणराहिव | क. | पाण्डुनराधिप | પાંડુનરાધિપ | આ અને પંડુરાય એક છે. |
| पंडुमथुरा | ऐ. | पाण्डुमथुरा | પાંડુમથુરા | જુઓ પંડુમથુરા. |
| पंडुमधुरा | ऐ. | पाण्डुमथुरा | પાંડુમથુરા | જુઓ પંડુમથુરા. |
| पंडुमहुरा | ऐ. | पाण्डुमथुरा | પાંડુમથુરા | દક્ષિણના દરિયાકાંઠે આવેલ નગર. પાંડવોને વાસુ દેવકૃષ્ણએ દેશનિકાલ કરેલા ત્યારે વાસુદેવ કૃષ્ણ ના સૂચનથી પોતા માટે વસાવેલું નગર. કૃષ્ણ આ નગર તરફ જઈ રહ્યા હોય ત્યારે કોસંબવનમાં કૃષ્ણ નું મૃત્યુ નિશ્ચિત હતું. પંડવપુત્ર પંડુસેન પંડુ મથુરા માં રાજ કરતો હતો. રથવીરપુરના રાજાએ તે જીતેલુ |

| | | | | |
|---|---|---|---|---|
| पंडुयवण | भौ. | पण्डकवन | પણ્ડકવન | આ અને પંડગવન એક છે. |
| पंडुरग | अ.ता. | पाण्डुराग | પાંડુરાગ | આ અને પંડુરંગ એક છે. |
| पंडुरंग | अ.ता. | पाण्डुराङ्ग | પાંડુરાङ्ग | અજૈન ભિક્ષુકોનો વર્ગ. તેઓ તેમનાં શરીર ઉપર ભસ્મ લગાવતા હતા. પંડરભિક્ખુઓ પણ તે જ વર્ગના છે અને તેમને આજીવગ ભિક્ષુઓ સમાન ગણવામાં આવ્યા છે. તેઓ શૈવ સંપ્રદાયના હતા. |
| पंडुराय | क. | पाण्डुराज | પાંડુરાજ | હસ્તિનાપુરના રાજા. તે કુંતીના પતિ હતા અને પાંચ પંડવના પિતા હતા. |
| पंडुसिला | भौ. | पाण्डुशिला | પાંડુશિલા | પવિત્ર અભિષેકવિધિ માટેની ચાર શિલાઓમાંની એક તે પંડગવનની પૂર્વ સીમા ઉપર, મંદરચૂલિકા ની પૂર્વમાં આવેલી છે. તે બીજના ચંદ્ર આકારની છે. તેની ઉત્તર–દક્ષિણ લંબાઈ ૫૦૦ યોજન છે. પૂર્વ–પશ્ચિમ પહોળાઈ ૨૫૦ યોજન છે. તે સોનાની બનેલી છે. તેની ચારે બાજુએ ત્રણ પગથિયાવાળી એક એક સીડી છે અને એક એક કમાન છે. શિલા ઉપર બે સિંહાસન છે. એક દક્ષિણમાં અને એક ઉત્તરમાં, તેમના ઉપર અનુક્રમે મહાવિદેહ ના વત્સ આદિના અને કચ્છ આદિના તિત્થંકરોનો જન્મ પછી તરત જ દેવો દ્વારા જન્માભિષેક થાય છે. સ્થાનમાં આ શિલાને પંડુકંબલશિલા કહી છે. |
| पंडुसेण | क. | पाण्डुसेन | પાંડુસેન | પાંચ પંડવનો પુત્ર. તેની માતા દ્રૌપદી હતી. તેના માતાપિતાએ શ્રામણ્યની દીક્ષા લીધા પછી તે પંડુ મથુરાનો રાજા બન્યો. |
| १. पंथग | श्र. | पन्थक | પન્થક | શેલકપુરના રાજા શેલગના ૫૦૦ મંત્રીઓમાં મુખ્ય મંત્રી. રાજા સાથે તેણે પણ સંસાર ત્યાગ કર્યો. એક વાર જ્યારે રાજા શિથિલાચારી બન્યા ત્યારે તેણે રાજાને શ્રમણપણાની મૂળ સ્થિતિએ પાછો વાળ્યો. |
| २. पंथग | अ. | पन्थक | પન્થક | રાજગૃહી નગરના શ્રેષ્ઠી ધન્યનો સેવક. |
| ३. पंथग | अ. | पन्थक | પન્થક | ચંપાનગરીની જ્યોતિયશાનો પુત્ર. |
| ४. पंथग | अ.च. | पन्थक | પન્થક | નાગયશાનો પિતા અને ચક્રવર્તી બ્રહ્મદત્તનો સસરો |
| पंथय | अ. | पन्थक | પન્થક | જુઓ પંથગ(૨). |
| पंसुकूलिअ | अ.ता. | पांशुकूलिक | પાંશુકૂલિક | ભિક્ષુનો એક વર્ગ. તેઓ ધૂળના ઢગલાઓ ઉપર પડેલા ચીંથરા વીણી સીવી કપડા બનાવી પહેરતા હતા. આ પ્રથા બૌદ્ધ ભિક્ષુઓમાં પ્રચલિત હતી. |
| १. पंसुमूलिय | ऐ. | पांशुमूलिक | પાંશુમૂલિક | કાલિકેય જેવો દેશ. |
| २. पंसुमूलिय | अ.ता. | पांशुमूलिक | પાંશુમૂલિક | કદાચ પંસુકૂલિઅ માટેનો ખોટો પાઠ. |
| पकप्प | आ. | प्रकल्प | પ્રકલ્પ | નિસીહનું બીજું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| पक्कण | भौ. | पक्वण | પક્વણ | એક અનાર્ય દેશ. |
| पक्खि | आ. | पक्षिन् | પક્ષિન્ | ભગવતીના સાતમા શતકનો પાંચમો ઉદ્દેશક |
| पक्खिकायण | अ. | पाक्षिकायन | પાક્ષિકાયન | કૌશિક ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| पक्खियसुत्त | आ. | पाक्षिकसूत्र | પાક્ષિકસૂત્ર | પ્રતિક્રમણ માટેનું ગદ્યપદ્યમય આગમસૂત્ર. તેમાં રાત્રિભોજનત્યાગ સહિત છ મહાવ્રતોનું નિરૂપણ છે. તે આગમસૂત્રોની સૂચિ પણ આપે છે. |
| १. पगइ | आ. | प्रकृति | પ્રકૃતિ | ભગવતીના પ્રથમ શતકનો ચોથો ઉદ્દેશક. |
| २. पगइ | आ. | प्रकृति | પ્રકૃતિ | વૃષ્ણીદશાનું પાંચમું અધ્યયન. |
| ३. पगइ | श्र. | प्रकृति | પ્રકૃતિ | બારવઈના રાજા બલદેવ અને રાણી રેવતીનો પુત્ર. તેને તીર્થંકર અરિષ્ટનેમિએ દીક્ષા આપી હતી. |
| पगति | श्र. | प्रकृति | પ્રકૃતિ | જુઓ 'પગઈ'. |
| पगब्भा | श्र. | प्रगल्भा | પ્રગલ્ભા | તીર્થંકર પાર્શ્વની પરંપરાની શ્રમણી. |
| पच्चक्खाण | आ. | प्रत्याख्यान | પ્રત્યાખ્યાન | આવશ્યકનું એક અધ્યયન. તેની ઉપર નિર્યુક્તિ પણ છે અને ચુણ્ણિ પણ છે. |
| पच्चक्खाणप्पवाय | आ. | प्रत्याख्यानप्रवाद | પ્રત્યાખ્યાન પ્રવાદ | ચૌદ પૂર્વસૂત્રોમાંનો નવમો. તેમાં ૨૦ પ્રકરણો અને ૮૪૦૦૦ પદો હતા. પ્રત્યાખ્યાનને નિરૂપતો હતો. |
| पज्जरय | भौ. | प्रजरक | પ્રજરક | રત્નપ્રભામાં આવેલું મહાનિરય. |
| पज्जवसणाकप्प | आ. | पर्युषणाकल्प | પર્યુષણાકલ્પ | આ અને પર્યુષણાકલ્પ એક છે. |
| १. पज्जुण्ण | श्र. | प्रद्युम्न | પ્રદ્યુમ્ન | વાસુદેવ કૃષ્ણ અને રાણી રુક્મિણી નો પુત્ર. સાડા ત્રણ કરોડ યાદવ રાજકુમારોમાં તે પ્રથમ હતો. તેણે ભ૦અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, ૧૨ અંગ ભણ્યો તેણે ૧૬ વર્ષનું શ્રામણ્ય પાળ્યુ, એક મહિનાની સંલેખના પછી મોક્ષ પ્રાપ્ત કર્યો. વૈદર્ભી તેની પત્ની હતી અને અનિરુદ્ધ તેનો પુત્ર હતો. |
| २. पज्जुण्ण | आ. | प्रद्युम्न | પ્રદ્યુમ્ન | અંતકૃદ્દશાના ચોથા વર્ગનું છઠ્ઠું અધ્યયન. |
| ३. पज्जुण्ण | अ. | प्रद्युम्न | પ્રદ્યુમ્ન | એવું વાદળ જે વરસે તો ૧૦૦૦ વર્ષ સુધી પાક પેદા કરે છે. |
| पज्जुण्णखमासमण | श्र. | प्रद्युम्नक्षमाश्रमण | પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ | નિસીથવિસેસચુર્ણીના કર્તા જિનદાસગણિમહત્તર જે આચાર્યને આદરપૂર્વક યાદ કરી વંદન કરે છે તે આચાર્ય. તે કર્તાના ગુરુ જણાય છે. |
| पज्जुण्णसेण | अ.च. | प्रद्युम्नसेन | પ્રદ્યુમ્નસેન | 'પઈગા'ના પિતા અને ચક્રવર્તી બ્રહ્મદત્તના સસરા |
| पज्जुसणाकप्प | आ. | पर्युषणाकल्प | પર્યુષણાકલ્પ | જુઓ પજ્જુસવણાકલ્પ. |
| पज्जुसवणाकप्प | आ. | पर्युपशमनाकल्प | પર્યુપશમણા કલ્પ | આચારદશા અથવા દશાશ્રુતસ્કંધનો ૮મો ઉદ્દેશ. 'પજ્જુસવણાકલ્પ' શબ્દનો અર્થ 'વર્ષાવાસના નિયમો' અર્થાત્ ચોમાસા દરમ્યાન શ્રમણોએ પાળવાના આચારના નિયમો છે. આ ઉદ્દેશ યા ગ્રન્થની રચના ભદ્રબાહુ સ્વામીએ કરી છે. |

| | | | | |
|---|---|---|---|---|
| पज्जोअ / पज्जोत / पज्जोय | क. | प्रद्योत | પ્રદ્યોત | ઉજ્જૈનીનો રાજા. તે મહસેન અને ચંડપ્રદ્યોત પણ કહેવાતો. જ્યારે મહાવીરે સંસારનો ત્યાગ કર્યો ત્યારે તે સગીર હતો. તેને આઠ પત્નીઓ હતી. તેમાં શિવા અને અંગારવતી મુખ્ય હતી. શિવા વૈશાલીના રાજા ચેટકની પુત્રી હતી. |
| पज्जोयण | क | प्रद्योतन | પ્રદ્યોતન | આ અને પ્રદ્યોત એક છે. |
| पज्जोसमणाकप्प | आ. | पर्युपशमनाकल्प | પર્યુપશમનાકલ્પ | આ અને પજ્જુસણાકલ્પ એક છે. |
| पज्जोसवणाकप्प | आ. | पर्युपशमनाकल्प | પર્યુપશમનાકલ્પ | આ અને પજ્જુસણાકલ્પ એક છે. |
| पटूक | भौ. | पटूक | પટૂક | કાલિકેય સમાન દેશ. |
| पट्टाग | अ. | पट्टकार | પટ્ટકાર | વણકરોનું ઔદ્યોગિક યા ધંધાકીય આર્ય મંડળ. |
| पडिक्कमण | आ. | प्रतिक्रमण | પ્રતિક્રમણ | આવશ્યક સૂત્રનો ચોથો અધ્યાય. |
| पडिणीय | आ. | प्रत्यनीक | પ્રત્યનીક | ભગવતીના આઠમા શતકનો આઠમો ઉદ્દેશક. |
| पडिबुद्ध | अ. | प्रतिबुद्ध | પ્રતિબુદ્ધ | સાકેતનો રાજા અને પદ્માવતીનો પતિ. |
| पडिबुद्धि | अ. | प्रतिबुद्धि | પ્રતિબુદ્ધિ | ઈક્ખાગ દેશ ઉપર રાજ કરનાર એક રાજા. |
| पडिरुव | दे. | प्रतिरुप | પ્રતિરૂપ | ઉત્તરના ભૂત દેવોનો ઇંદ્ર. તેને ચાર મુખ્ય પત્નીઓ છે– 'રૂવવતી, બહુરૂવા, સુરૂવા અને સુભગા. |
| पडिरुवा | अ. | प्रतिरुपा | પ્રતિરૂપા | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા ચોથા કુલગર અભિચંદની પત્ની. |
| पडिसत्तु | च. | प्रतिशत्रु | પ્રતિશત્રુ | જન્મથી વાસુદેવનો શત્રુ. તે તેના પોતાના જ ચક્ર થી વાસુદેવના હાથે હણાય છે. જેટલા વાસુદેવો છે તેટલા જ પ્રતિશત્રુ છે. તે બધા મૃત્યુ પછી નરકમાં જાય છે. પ્રતિશત્રુ પ્રતિવાસુદેવ તરીકે પ્રસિદ્ધ છે. |
| पडिसुइ | अ. | प्रतिश्रुति | પ્રતિશ્રુતિ | જુઓ 'પડિસ્સુઈ'. |
| पडिसुत | अ. | प्रतिश्रुत | પ્રતિશ્રુત | ભરત ક્ષેત્રના ભાવિ કુલગર. જુઓ 'કુલગર'. |
| १. पडिस्सुइ | अ. | प्रतिश्रुति | પ્રતિશ્રુતિ | એરવતક્ષેત્રના ૧૦ ભાવિ કુલકરોમાંનો એક. જુઓ કુલગર. |
| २. पडिस्सुइ | अ. | प्रतिश्रुति | પ્રતિશ્રુતિ | ભરત(૨) ક્ષેત્રમાં આ અવસર્પિણી કાલચક્રમાં થયેલ પંદર કુલગરોમાંના બીજા. |
| पडिस्सुय | अ. | प्रतिश्रुत | પ્રતિશ્રુત | ભરતક્ષેત્રના દસ ભાવિ કુલગરોમાંના એક. |
| पढम | आ. | प्रथम | પ્રથમ | ભગવતી સૂત્રના અઢારમા શતકનો પ્રથમ ઉદ્દેશક. |
| पणपण्ण | दे. | पञ्चप्रज्ञप्त | પંચપ્રજ્ઞપ્ત | આ અને 'પણવણ્ણિય' એક છે. |
| पणपण्णिय / पणवण्णिय | दे. | पञ्चप्रज्ञप्तिक | પંચપ્રજ્ઞપ્તિક | વાણવ્યંતર દેવોનો વર્ગ. 'ધાય અને વિહાય' તે વર્ગના દેવોના બે ઇન્દ્રો છે. |
| पणिअभूमि | ऐ. | पणितभूमि | પણિતભૂમિ | જ્યાં મહાવીરે એક વર્ષાવાસ કરેલો તે વજ્ર ભૂમિમાં આવેલું સ્થાન. |
| पण्णइ | दे. | पन्नगी | પન્નગી | એક દેવીનું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| १. पण्णत्ति | आ. | प्रज्ञप्ति | પ્રજ્ઞપ્તિ | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), ચંદપ્રજ્ઞપ્તિ, સૂર્ય–પ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, દીવસાગરપ્રજ્ઞપ્તિ નું સામાન્ય સંક્ષિપ્ત નામ. |
| २. पण्णत्ति | दे. | प्रज्ञप्ति | પ્રજ્ઞપ્તિ | એક દેવી. |
| १. पण्णवणा | आ. | प्रज्ञापना | પ્રજ્ઞાપના | અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. સમવાય અંગ (૩) આધારિત ચોથું ઉપાંગ તેને માનવામાં આવે છે. તેના કર્તા આર્ય સામને ગણવામાં આવે છે. તે તત્વો વગેરેનું વ્યવસ્થિત જ્ઞાન આપતું હોઈ તેને પ્રજ્ઞાપના (પ્રજ્ઞાપના) કહેવામાં આવે છે. તે છત્રીસ પ્રકરણોમાં વિભક્ત છે, પ્રકરણોને પય–પદ નામ આપ્યું છે. |
| २. पण्णवणा | आ. | प्रज्ञापना | પ્રજ્ઞાપના | |
| पण्हव | भौ. | पह्लव | પહ્લવ | આ અને પલ્હવ એક છે. |
| पण्हावागरण | आ. | प्रश्नव्याकरण | પ્રશ્નવ્યાકરણ | બાર અંગ સૂત્રોમાંનું દસમુ સૂત્ર. તે દસ અધ્યયનો માં વિભક્ત છે. દસમાંથી પહેલા પાંચ અધ્યયનો આસ્રવનું નિરૂપણ કરે છે અને છેલ્લા પાંચ સંવરનું. વર્તમાન ગ્રન્થમાં મળતા આ અધ્યયનોના નામો અને વિષયો ઠાણ, સમવાય અને ણંદીમાં આપેલા નામો અને વિષયોથી સાવ ભિન્ન છે. |
| पण्हावागरणदसा | आ. | प्रश्नव्याकरणदशा | પ્રશ્નવ્યાકરણદશા | દસ દશા સૂત્રોમાંનો એક. તે અને પ્રશ્નવ્યાકરણ એક જણાય છે. |
| पतअ | दे. | पतग | પતગ | જુઓ પયગ. |
| पतयवइ | दे. | पतगपति | પતગપતિ | જુઓ પયગવઈ. |
| पतिट्ठाण | ऐ.भौ. | प्रतिष्ठान | પ્રતિષ્ઠાન | જુઓ પ્રતિષ્ઠાન. |
| पत्तकालग | ऐ. | पत्रकालक | પત્રકાલક | આલભિયા નગરની બહાર આવેલું ચૈત્ય. |
| पत्तकालय | ऐ. | पत्रकालक | પત્રકાલક | આ અને 'પત્તાલય' એક છે. |
| पत्तालय | ऐ. | पत्रालक | પત્રાલક | કાલાય સંનિવેશ છોડીને મહાવીર અને ગોસાલક જે ગામ ગયા હતા તે ગામ. પોતાનું અપમાન કરવા બદલ સ્કંદે ગોસાલકને અહીં માર માર્યો હતો. |
| पत्ताहार | अ.ता. | पत्राहार | પત્રાહાર | પાંદડાં ખાઈને જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| पत्तेयबुद्ध | श्र.प्र. | प्रत्येकबुद्ध | પ્રત્યેકબુદ્ધ | બાહ્ય કારણને લઈને (बाह्यप्रत्ययमपेक्ष्य) જે બોધિ પામે છે તે પ્રત્યેકબુદ્ધ કહેવાય છે. અન્ય સાધુઓ ના સાથમાં કે કોઈ ગચ્છ સાથે સંબંધ રાખ્યા વિના તે વિચરે છે અર્થાત્ તે એકલવિહારી છે. |
| पदेसि | श्रा. | प्रदेशिन् | પ્રદેશિન્ | જુઓ પ્રદેશી. |
| पभ | दे. | प्रभ | પ્રભ | વિદ્યુત્કુમાર દેવોના બે ઇન્દ્રો હરિકંત અને હરિસ્સહ ના ચાર લોગપાલોમાંનો એક. |

| | | | | |
|---|---|---|---|---|
| १. पभंकर | दे.भौ. | प्रभङ्कर | પ્રભઙ્કર | સનત્કુમાર અને માહેન્દ્રમાં આવેલું સ્વર્ગીય વાસ સ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે. |
| २. पभंकर | दे.भौ. | प्रभङ्कर | પ્રભઙ્કર | જ્યાં વરુણ દેવો વસે છે તે લોકાંતિક સ્વર્ગીય વાસસ્થાન. તે 'અર્ચિ' જેવું જ છે. |
| ३. पभंकर | दे.ज. | प्रभङ्कर | પ્રભઙ્કર | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| १. पभंकरा | आ. | प्रभङ्करा | પ્રભઙ્કરા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના સાતમા વર્ગનું અને આઠમા વર્ગનું ચોથું અધ્યયન. |
| २. पभंकरा | श्र. | प्रभङ्करा | પ્રભઙ્કરા | સૂર્યની ચાર મુખ્ય પત્નીમાંની એક. પોતાના પૂર્વ–ભવમાં તે અરક્ષુરી નગરના શ્રેષ્ઠીની પુત્રી હતી અને તેણે તીર્થંકર પાર્શ્વ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. |
| ३. पभंकरा | दे. | प्रभङ्करा | પ્રભઙ્કરા | ચંદ્રની ચાર મુખ્ય પત્નીમાંની એક. પોતાના પૂર્વ–ભવમાં તે મથુરા નગરના શ્રેષ્ઠીની પુત્રી અને તેણે તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી. |
| ४. पभंकरा | ऐ. | प्रभङ्करा | પ્રભઙ્કરા | વચ્છાવતી વિજયનું પાટનગર. વૈદ્ય સુવિધિ આ નગરના હતા. |
| १. पभंजण | दे. | प्रभञ्जन | પ્રભંજન | લવણસમુદ્રમાં આવેલ પાતાલકળશ 'ઈસર'ના અધિષ્ઠાતા દેવ. તેનું આયુષ્ય ૧ પલ્યોપમનું છે. |
| २. पभंजण | दे. | प्रभञ्जन | પ્રભંજન | ઉત્તર ક્ષેત્રના વાયુકુમાર દેવોના ઇંદ્ર. તેને ૪૬ લાખ વાસસ્થાનો છે. તેની છ મુખ્ય પત્નીઓના નામ |
| पभकंत | दे. | प्रभकान्त | પ્રભકાન્ત | વિદ્યુત્કુમાર દેવોના બે ઈન્દ્રોના ચાર લોકપાલમાં નો એક. |
| पभव | श्र. | प्रभव | પ્રભવ | આર્ય જંબૂના ઉત્તરાધિકારી. તે કાત્સ્યાયન ગોત્રના હતા. પહેલાં તે ૫૦૦ ચોરની ટોળીના સરદાર હતા પણ તેણે અને તેની ટોળીના બધા ચોરોએ સુધર્મ પાસે દીક્ષા લીધી. |
| पभाकर | अ. | प्रभाकर | પ્રભાકર | આ અને 'પ્રભાશ' એક છે. |
| १. पभावइ | क. | प्रभावती | પ્રભાવતી | હસ્તિનાપુરના રાજા બલની રાણી અને રાજ કુમાર મહબ્બલની માતા. |
| २. पभावइ | अ. | प्रभावती | પ્રભાવતી | નિષધની પત્ની અને સાગરચંદ્રની માતા. |
| ३. पभावइ | श्र. | प्रभावती | પ્રભાવતી | વીતભયના રાજા ઉદાયનની પત્ની અને વૈશાલીના રાજા ચેટકની પુત્રી. ખાસ ચંદનકાષ્ઠની બનાવેલી મહાવીરની મૂર્તિની પૂજા તે રોજ કરતી. તેની એક દાસીના મરણથી તેને એટલો બધો આઘાત લાગ્યો કે તે સંસારનો ત્યાગ કરી શ્રમણી બની ગઈ. |
| ४. पभावइ | ती. | प्रभावती | પ્રભાવતી | મિથિલા નગરીના રાજા કુંભગની પત્ની અને તીર્થંકર મલ્લિની માતા. |
| ५. पभावइ | आ. | प्रभावती | પ્રભાવતી | દીર્ઘદશાનું પાંચમું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| पभावती | ती. | पभावती | પ્રભાવતી | જુઓ 'પભાવઈ'(૪). |
| १. पभास | ती.ग. | प्रभास | પ્રભાસ | ભ० મહાવીરના ૧૧મા ગણધર. તે રાજગૃહીના બલ અને તેની પત્ની અતિભદ્રાના પુત્ર હતા. તે તેમના સમયના વિદ્વાન બ્રાહ્મણ હતા. તેમને મોક્ષ વિશે શંકા હતી. ભ० મહાવીરે તે શંકા દૂર કરી. ૩૦૦ શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બન્યા. ભગવંતની હયાતિમાં જ ચાલીસ વર્ષની ઉંમરે મોક્ષ પામ્યા. |
| २. पभास | अ. | प्रभास | પ્રભાસ | સાકેત નગરનો ચિત્રકાર. તે તેની ચિત્રકળા માટે પ્રસિદ્ધ હતો. તે નગરનો રાજા મહબ્બલ તેની ચિત્રકળાથી ખૂબ પ્રભાવિત હતો. |
| ३. पभास | दे. | प्रभास | પ્રભાસ | વિયડાવઈ પર્વતનો અધિષ્ઠાતા દેવ. |
| ४. पभास | दे.भौ. | प्रभास | પ્રભાસ | અચ્ચુતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ સાગરોપમ વર્ષનું છે, તેઓ બાવીસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને બાવીસ હજાર વર્ષે એક વાર તેમને ભૂખ લાગે છે. |
| ५. पभास | ऐ. | प्रभास | પ્રભાસ | સુરાષ્ટ્ર દેશને સ્પર્શતા સમુદ્રના કિનારા પર આવેલું તીર્થસ્થાન. જેમના મૃત શરીરો દરિયાકિનારે તરતાં તરતાં આવ્યા હતા તે પંડુસેનની બે પુત્રીઓ મતિ અને સુમતિની મોક્ષપ્રાપ્તિને ઊજવવા આ સ્થાને લવણ સમુદ્રના ઈન્દ્રે રોશની કરી હતી તે ઉપરથી તેનું નામ પ્રભાશ પાડવામાં આવ્યું હતું. |
| ६. पभास | दे.भौ. | प्रभास | પ્રભાસ | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું છે, તેમને સાત હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે અને તેઓ સાત પખવાડિયે એક વાર શ્વાસ લે છે. તે સમના જેવું છે. |
| ७. पभास | दे. | प्रभास | પ્રભાસ | માલ્યવંતપર્યાય પર્વતનો અધિષ્ઠાતા દેવ. |
| पभासतित्थ | ऐ. | प्रभासतीर्थ | પ્રભાસતીર્થ | વરદામની ઉત્તરપશ્ચિમે આવેલ તીર્થસ્થાન. ભરત ના પશ્ચિમ છેડે લવણસમુદ્ર કિનારે જ્યાં સિંધુ નદી સમુદ્રને મળે તે સ્થળે આવ્યું છે. જુઓ પ્રભાસ(૫) |
| पभासतित्थकुमार | दे. | प्रभासतीर्थकुमार | પ્રભાસતીર્થકુમાર | પ્રભાસ તીર્થનો અધિષ્ઠાતા દેવ. |
| पमयवण | ऐ. | प्रमदवन | પ્રમદવન | તેતલિપુર નગરની સમીપ આવેલું ઉદ્યાન. |
| पमादप्पमाद | आ. | प्रमादाप्रमाद | પ્રમાદાપ્રમાદ | જુઓ 'પમાયપ્પમાય'. |
| पमायठाण | आ. | प्रमादस्थान | પ્રમાદસ્થાન | ઉત્તરાધ્યયનનું બત્રીસમું અધ્યયન. |
| पमायठाणइ | आ. | प्रमादस्थानानि | પ્રમાદસ્થાનાનિ | આ અને 'પમાયઠાણ' એક છે. |
| पमायप्पमाय | आ. | प्रमादाप्रमाद | પ્રમાદાપ્રમાદ | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. તે પ્રમાદની પ્રતિકૂળ અસરો યા પરિણામોનું અને અપ્રમાદની અનુકૂળ અસરો યા પરિણામોનું નિરૂપણ કરે છે. તે હાલ અસ્તિત્વમાં નથી, નાશ પામ્યો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| पमुह | दे.ज. | *प्रमुख* | પ્રમુખ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| १. पम्ह | भौ. | *पक्ष्मन्* | પક્ષ્મન્ | મહાવિદેહનો એક પ્રદેશ. તે મંદરપર્વતની પશ્ચિમે અને સીતોદા નદીની દક્ષિણે આવેલો છે. તેની રાજધાની 'આસપુરા' છે. |
| २. पम्ह | दे.भौ. | *पक्ष्मन्* | પક્ષ્મન્ | બ્રહ્મલોકમાં આવેલ સ્વર્ગીયવાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય નવ સાગરોપમ વર્ષનું છે, તેમને નવ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે અને નવ પખવાડિયે એક વાર તેઓ શ્વાસ લે છે. |
| ३. पम्ह | भौ. | *पक्ष्मन्* | પક્ષ્મન્ | અંકાવતી પર્વતના ચાર શિખરોમાંનું એક. |
| पम्हकंत | दे.भौ. | *पक्ष्मकान्त* | પક્ષ્મકાન્ત | પક્ષ્મ જેવું સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पम्हकूड | भौ. | *पक्ष्मकूट* | પક્ષ્મકૂટ | મહાવિદેહમાં નીલવંત પર્વતની દક્ષિણે, સીતાનદી ની ઉત્તરે, મહાકચ્છની પૂર્વે, કચ્છાવતીની પશ્ચિમે આવેલો વક્ષસ્કાર પર્વત. તેને ચાર શિખરો છે — સિદ્ધાયતનકૂડ, પક્ષ્મકૂડ, મહાકચ્છ અને કચ્છા-વતી. તે પક્ષ્મકૂડ દેવનું વાસસ્થાન છે, તેથી તે પણ તે નામે ઓળખાય છે. |
| २. पम्हकूड | दे. | *पक्ष्मकूट* | પક્ષ્મકૂટ | પક્ષ્મકૂડનો અધિષ્ઠાતા દેવ. |
| ३. पम्हकूड | भौ. | *पक्ष्मकूट* | પક્ષ્મકૂટ | પક્ષ્મકૂડના ચાર શિખરોમાંનું એક. |
| ४. पम्हकूड | भौ. | *पक्ष्मकूट* | પક્ષ્મકૂટ | મહાવિદેહમાં આવેલા વિદ્યુત્પ્રભ નામના વક્ષસ્કાર પર્વતનાં ચાર શિખરોમાંનું એક. |
| ५. पम्हकूड | दे.भौ. | *पक्ष्मकूट* | પક્ષ્મકૂટ | પક્ષ્મ(૨) જેવું સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पम्हगावइ | भौ. | *पक्ष्मकावती* | પક્ષ્મકાવતી | મહાવિદેહનો એક પ્રદેશ. તે મંદર પર્વતની પશ્ચિમે અને સીતોદા નદીની દક્ષિણે આવેલો છે. તેની રાજધાની વિજયપુરા છે. |
| २. पम्हगावइ | भौ. | *पक्ष्मकावती* | પક્ષ્મકાવતી | પમ્હાવઈ પર્વતના ચાર શિખરોમાંનું એક. |
| पम्हज्झय | दे.भौ. | *पक्ष्मध्वज* | પક્ષ્મધ્વજ | પક્ષ્મ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पम्हप्पभ | दे.भौ. | *पक्ष्मप्रभ* | પક્ષ્મપ્રભ | પક્ષ્મ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पम्हलेस्स | दे.भौ. | *पक्ष्मलेश्य* | પક્ષ્મલેશ્ય | પક્ષ્મ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पम्हवण्ण | दे.भौ. | *पक्ष्मवर्ण* | પક્ષ્મવર્ણ | પક્ષ્મ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पम्हसिंग | दे.भौ. | *पक्ष्मशृङ्ग* | પક્ષ્મશૃઙ્ગ | પક્ષ્મ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पम्हसिट्ठ | दे.भौ. | *पक्ष्मसृष्ट* | પક્ષ્મસૃષ્ટ | પક્ષ્મ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पम्हावइ | भौ. | *पक्ष्मावती* | પક્ષ્માવતી | સીતોદા નદીની દક્ષિણે અને મંદર પર્વતની પશ્ચિમે આવેલ એક વક્ષસ્કાર પર્વત. તે મહાવિદેહના બે પ્રદેશો મહાપક્ષ્મ અને પક્ષ્મગાવઈને જુદા પાડે છે. તેને ચાર શિખરો છે– સિદ્ધાયતનકૂડ, પમ્હાવઈ, મહાપક્ષ્મ અને પક્ષ્મગાવઈ. |
| २. पम्हावइ | भौ. | *पक्ष्मावती* | પક્ષ્માવતી | પમ્હાવઈ ના ચાર શિખરોમાંનું એક. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. पम्हावइ | ऐ. | पक्ष्मावती | પક્ષ્માવતી | મહાવિદેહ ક્ષેત્રના રમ્યગ પ્રદેશની રાજધાની. |
| पम्हावती | भौ. | पक्ष्मावती | પક્ષ્માવતી | જુઓ 'પમ્હાવઈ'. |
| पम्हावत्त | दे.भौ. | पक्ष्मावर्त | પક્ષ્માવર્ત | પમ્હ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पम्हुत्तरवडिंसग | दे.भौ. | पक्ष्मोत्तरावतंसक | પક્ષ્મોત્તરાવતંક | પમ્હ (૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पयंग | दे. | पतङ्ग | પતઙ્ગ | આ અને 'પયગ' એક છે. |
| १. पयग | दे. | पतग | પતગ | વાણવ્યંતર દેવોનો વર્ગ. પયગ અને પયગવતી તે દેવોના બે ઈન્દ્રો છે. |
| २. पयग | दे. | पतग | પતગ | દક્ષિણના પયગ દેવોનો ઇંદ્ર. |
| पयगवइ | दे. | पतगपति | પતગપતિ | ઉત્તરના પયગ દેવોનો ઇંદ્ર. |
| पयल्ल | दे.ज. | प्रकल्प | પ્રકલ્પ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| पयाउस | भौ. | | | આ અને 'પઉસ' એક છે. |
| पयाग | ऐ. | प्रयाग | પ્રયાગ | એક તીર્થસ્થાન. આ સ્થાન નજીક પુષ્પભદ્ર નગર પાસે ગંગાનદી પાર કરતા શિષ્યો સાથે આચાર્ય અર્ણિકાપુત્ર ડૂબ્યા હતા. ત્યાં જ તે બધાને કેવળ–જ્ઞાન થયું, બધા મોક્ષ પામ્યા. દેવોએ ત્યાં પ્રસંગ ઊજવ્યો. તેથી આ સ્થાન તીર્થ ગણાવા લાગ્યું. |
| १. पयावइ | क.च. | प्रजापति | પ્રજાપતિ | પોતનપુરના રાજા રિપુપ્રતિશત્રુનું બીજું નામ. તેની રાણી ભદ્રાએ અચલ અને મૃગાવતીને જન્મ આપ્યો હતો. તે પોતાની જ પુત્રી મૃગાવતીને પરણ્યો તેથી લોકો તેને પ્રજાપતિ નામે ઓળખતા. ભ૦ મહાવીર એક પૂર્વભવમાં વાસુદેવ ત્રીપૃષ્ઠ હતા, ત્યારે રાજા પ્રજાપતિ અને મૃગાવતી રાણીનો પુત્ર હતા. |
| २. पयावइ | दे.ज. | प्रजापति | પ્રજાપતિ | રોહિણી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| ३. पयावइ | दे. | प्रजापति | પ્રજાપતિ | સ્થાવરકાય જીવોના પ અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ४. पयावइ | अ. | प्रजापति | પ્રજાપતિ | કેટલાકના મતે પ્રજાપતિ બ્રહ્મા જગતનો સ્રષ્ટા છે. |
| ५. पयावइ | स. | प्रजापति | પ્રજાપતિ | દિવસરાતના ત્રીસ મુહૂર્તમાંનું એક મુહૂર્ત. તેને 'પાયાવચ્ચ' પણ કહેવામાં આવે છે. |
| परमाधम्मिय | दे.न. | परमाधार्मिक | પરમાધાર્મિક | જુઓ 'પરમાધાર્મિક'. |
| परमाहंमिय | दे.न. | परमाधार्मिक | પરમાધાર્મિક | જુઓ 'પરમાધાર્મિક'. |
| परमाहम्मिय | दे.न. | परमाधार्मिक | પરમાધાર્મિક | પાપી વલણવાળા દેવોનો વર્ગ. આ દેવો નરકપાલો (નરકોના રક્ષકો) તરીકે પણ જાણીતા છે. તેમના પંદર પ્રકારો છે. તેઓ નારકીઓને વિવિધ રીતે ત્રાસ આપે છે. અસુરકુમાર દેવોનો જે પેટાભેદ છે તે પેટાભેદના તેઓ છે. |
| परमहंस | अ.ता. | परमहंस | પરમહંસ | પરિવ્રાજક સાધુઓનો તે વર્ગ જે નદીના કિનારે યા સંગમસ્થાને રહેતો તેમજ ચીંથરાં અને ફેંકી દીધેલા કપડાં પહેરતો. |

| | | | | |
|---|---|---|---|---|
| परसुराम | क. | परशुराम | પરશુરામ | જમદગ્નિ ઋષિ અને રેણુકાના પુત્ર. તેમનું મૂળ નામ રામ હતું પણ અસરકારક હથિયાર રૂપે પરસુ નો ઉપયોગ કરવાની કળામાં તેમની નિપુણતાના કારણે પરસુરામ તરીકે પ્રસિદ્ધ થયા. એક વાર રેણુકાએ પોતાના બનેવી રાજા અનંતવીર્ય સાથે સંભોગનો આનંદ માણ્યો અને તેને પુત્ર જન્મ્યો. આથી પરસુરામ અત્યંત ક્રોધે ભરાયા અને તેમણે પોતાની માતાને, નવજાત બાળકને અને અનંત વીર્યને ત્રણેને હણી નાખ્યા. |
| परासर | अ.ता. | पराशर | પરાશર | એક બ્રાહ્મણ ઋષિ અને તેના અનુયાયીઓ. |
| परिकम्म | आ. | परिकर्मन् | પરિકર્મન્ | દૃષ્ટિવાદના પાંચ વિભાગોમાંનો એક વિભાગ. તે વિભાગના સાત પેટાવિભાગો હતા જે પરિકર્મ (શુદ્ધિ)ના સાત પ્રકારોનું નિરૂપણ કરતા હતા. |
| परिणाम | आ. | परिणाम | પરિણામ | પ્રજ્ઞાપનાનું તેરમું પદ (પ્રકરણ). |
| परिवायय | अ.ता. | परिव्राजक | પરિવ્રાજક | જુઓ પરિવ્વાયગ. |
| परिव्वायग | अ.ता. | परिव्राजक | પરિવ્રાજક | સમણોના પાંચ સંપ્રદાયોમાંનો એક. ગેરુય તેનું બીજું નામ છે |
| परिसडियकंदमूल-पंडुपत्तपुप्फफला-हार | अ.ता. | परिशटितकन्दमूल –पाण्डुपत्रपुष्प– फलाहार | પરિશટિતકન્દ-મૂલપાંડુપત્ર-પુષ્પફલાહાર | વાનપ્રસ્થ તાપસોનો વર્ગ જે તૂટી પડેલાં, સૂકાં, કોચાયેલાં, કન્દમૂળ, પાંદડાં, ફૂલો અને ફળો ઉપર જીવે છે. |
| परिसण | अ.भौ. | परिसण | પરિસણ | ઈરાન દેશ અને ઈરાની લોકો, જુઓ પારસ. |
| परिसा | आ. | परिषद् | પરિષદ્ | ભગવતીના ત્રીજા શતકનો દસમો ઉદ્દેશક. |
| परीसह | आ. | परीषह | પરીષહ | ઉત્તરાધ્યયનનું બીજું અધ્યયન. |
| १. पलंब | दे.ज. | प्रलंब | પ્રલંબ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| २. पलंब | दे.भौ. | प्रलंब | પ્રલંબ | પ્રાણત કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૯ સાગરોપમ છે, તેઓ ૧૯ પખવાડિયે એક વાર શ્વાસ લે છે ને ૧૯૦૦૦ વર્ષે એક વાર તેમને ભૂખ લાગે છે. |
| ३. पलंब | स. | प्रलंब | પ્રલંબ | આ અને બલવ નામનું મુહૂર્ત એક છે. |
| ४. पलंब | भौ. | प्रलंब | પ્રલંબ | રુચક(૧) પર્વતના પૂર્વ ભાગનું શિખર. |
| १. पलास | दे. | पलाश | પલાશ | લોકપાલ વરુણની આજ્ઞામાં રહેલા દેવોનો પ્રકાર. |
| २. पलास | आ. | पलाश | પલાશ | ભગવતીના અગિયારમા શતકનો ત્રીજો ઉદ્દેશક |
| पलासय | भौ. | पलाशक | પલાશક | ભદ્રશાલવનમાં આવેલો દિગ્હસ્તીકૂડ. |
| पल्लतेतिय | आ. | | | અંતકૃદ્દશાનું નવમું અધ્યયન. હાલ તે અસ્તિત્વમાં નથી, નાશ પામ્યું છે. |
| पल्लव | भौ. | पल्लव | પલ્લવ | એક અનાર્ય દેશ. તેને પલ્હગ કે પલ્હવ પણ કહે છે |
| पल्हाअ | च. | प्रहलाद | પ્રહ્લાદ | આ અને 'પહરાઅ'(૨) એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| पवयण | आ. | प्रवचन | પ્રવચન | પવયણ એટલે જિનનો ઉપદેશ અને દ્વાદશાંગ. તે અને જિનશાસન તેમજ (ચતુર્વિધ) સંઘ પણ એકાર્થક છે. તેમની મૌલિકતા અને માંગલિકતાના કારણે જિનોપદેશોને યા જિનવચનોને પવયણ (પ્રવચન) કહેવામાં આવે છે. જુઓ સુય, આગમ. |
| पवियारणा | आ. | प्रविचारणा | પ્રવિચારણા | પ્રજ્ઞાપનાનું ચોત્રીસમું પદ (પ્રકરણ). |
| पव्वतिंद | भौ. | पर्वतेन्द्र | પર્વતેન્દ્ર | મંદર પર્વતના અનેક નામોમાંનું એક. |
| पव्वतेय | भौ. | पार्वतेय | પાર્વતેય | કાલિકેય સમાન દેશ. |
| पव्वपेच्छइ | अ. | पर्वप्रेक्षकिन् | પર્વપ્રેક્ષકિન્ | કાસવ(૧) ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| पव्वयअ | च.श्र. | पर्वतक | પર્વતક | બીજા વાસુદેવ દ્વિપૃષ્ઠનો પૂર્વભવ. તેમના ગુરુ સુભદ્ર હતા. પર્વતકે કનગવસ્તુમાં નિદાન કર્યું કે તે પોતાના પછીના જન્મમાં વાસુદેવ તરીકે જન્મ લે, આ નિયાણું કરવાનું કારણ હતું ચોપાટની રમત |
| पव्वयराय | भौ. | पर्वतराज | પર્વતરાજ | મંદર પર્વતના અનેક નામોમાંનું એક. |
| पव्वा | दे. | पर्वा | પર્વા | ચમર આદિ દેવોના કેટલાક પેટા વિભાગોના ઈન્દ્રો ની બાહ્ય સભા. |
| पव्वाण | दे. | प्रम्लान | પ્રમ્લાન | વૈશ્રમણ લોકપાલની આજ્ઞામાં રહેલા દેવોનો એક પ્રકાર. |
| पसण्णचंद | श्र. | प्रसन्नचन्द्र | પ્રસન્નચંદ્ર | પોતનપુર નગરના રાજા. તે સોમચંદ્ર અને ધારિણી ના પુત્ર હતા. તે પોતાના સગીર પુત્રને રાજ્ય સોંપી દઈ શ્રમણ બની ગયા. પરિણામે તેમને કેવળજ્ઞાન થયું અને તે મહાવીરની ઉપસ્થિતિમાં મોક્ષ પામ્યા. |
| १. पसेणइ | आ. | प्रसेनजित् | પ્રસેનજિત્ | અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું નવમું અધ્યયન. |
| २. पसेणइ | श्र. | प्रसेनजित् | પ્રસેનજિત્ | બારવઈના રાજા અંધગવૃષ્ણી અને રાણી ધારિણી ના પુત્ર. તેમને તીર્થંકર અરિષ્ટનેમિએ દીક્ષા આપી હતી. તે બાર વર્ષનું શ્રામણ્ય પાળી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યા. |
| ३. पसेणइ | अ. | प्रसेनजित् | પ્રસેનજિત્ | શ્રાવસ્તી નગરીનો રાજા. |
| ४. पसेणइ | अ. | प्रसेनजित् | પ્રસેનજિત્ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા પાંચમા કુલકર. 'ચક્ખુતા' તેમની પત્ની હતી. તેમની ઊંચાઈ છસો ધનુષ હતી. |
| ५. पसेणइ | श्रा. | प्रसेनजित् | પ્રસેનજિત્ | કુસગ્ગપુરના રાજા. તે રાજા શ્રેણિકના પિતા, રાજ–ગૃહીના સ્થાપક અને તીર્થંકરપાર્શ્વના અનુયાયી . |
| पसेणइय | श्रा. | प्रसेनजित् | પ્રસેનજિત્ | જુઓ પસેણઈ(૩). |
| पह | अ. | प्रभ | પ્રભ | આ અને પ્રભાશ(૨) એક છે. |
| १. पहराअ | च. | पथराज | પથરાજ | ભરત ક્ષેત્રના પાંચમા ભાવિ પ્રતિશત્રુ. |

| | | | | |
|---|---|---|---|---|
| २. पहराअ | च. | *प्रह्लाद* | પ્હ્લાદ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થયેલા સાતમા પ્રતિશત્રુ. તે દત્ત વડે હણાયા હતા. |
| पहलिअ | भौ. | *पहलिक* | પહ્લિક | આ અને બહલીય એક છે. |
| पहराइया | अ. | *प्रभाराजिका* | પ્રભારાજિકા | અઢાર બ્રાહ્મી લિપિઓમાંની એક. |
| पहास | अ.ता. | *प्रभास* | પ્રભાસ | તેને એક તીર્થ ગણવામાં આવેલ છે પરંતુ અન્યમત વાદી તેને કુતીર્થ રૂપે સ્વીકારેલ છે, જુઓ પ્રભાસ. |
| पहासा | दे. | *प्रहासा* | પ્રહાસા | પંચશેલ દ્વીપના યક્ષ વિદ્યુંન્માલીની બે પત્નીઓ માંની એક. તેણે ચંપા નગરના અનંગસેનને પોતાના દ્વીપમાં નિમંત્રણ આપી બોલાવ્યો હતો. |
| पाइण | अ. | *प्राचीन* | પ્રાચીન | ભદ્રબાહુના ગોત્રનું નામ. |
| पाउस | भौ. | *प्रकुश* | પ્રકુશ | આ અને 'પઉસ' એક છે. |
| पागसासण | दे. | *पाकशासन* | પાકશાસન | શક્રનું બીજું નામ. |
| पाडल | ऐ. | *पाटल* | પાટલ | આ અને પાડલિપુત્ર એક છે. |
| पाडलपुत्त | ऐ. | *पाटलपुत्र* | પાટલપુત્ર | આ અને પાડલિપુત્ત એક છે. |
| पाडलसंड | ऐ. | *पाटणखण्ड* | પાટણખણ્ડ | જે નગરમાં ઉદ્યાન આવેલું હતું તે નગર. તેમાં યક્ષ ઉંબરદત્તનું ચૈત્ય હતું. સિદ્ધાર્થ રાજ કરતા હતા. |
| पाडलि | ऐ. | *पाटलि* | પાટલિ | આ અને પાડલિપુત્ત એક છે. |
| पाडलिपुत्त | ऐ. | *पाटलिपुत्र* | પાટલિપુત્ર | રાજા ઉદાઈએ ગંગા નદીના કિનારે પાડલિ વૃક્ષની ફરતે વસાવેલું યા સ્થાપેલું નગર. આ નગરમાં આ વૃક્ષની પૂજા થશે એવું ભવિષ્ય તીર્થંકર મહાવીરે ભાખેલુ. રાજા નંદ, ચંદ્રગુત્ત, બિંદુસાર, અસોકશ્રી અને મુરુંદે અહીં રાજ કર્યું. |
| पाडलिसंड | ऐ. | *पाटलिखंड* | પાટલિખંડ | આ અને પાડલસંડ એક છે. |
| पाढ | ऐ. | *पाढ* | પાઢ | મહાવીરના સમયના સોળ દેશોમાંનો એક દેશ. |
| पाढी | आ. | *पाढी* | પાઢી | ભગવતીના શતક ૨૩નો વર્ગ ૪. ૧૦ અધ્યયનો છે |
| पाणजंभग | दे. | *पाणजृंभक* | પાણજૃંભક | જૃંભગ દેવોનો દસ પ્રકારોમાંનો એક પ્રકાર. |
| पाणत | दे.भौ. | *प्राणत* | પ્રાણત | આ અને પ્રાણત એક છે. |
| १. पाणय | दे.भौ. | *प्राणत* | પ્રાણત | દસમું કલ્પ. તેમાં ૯૦૦ યોજન ની ઊંચાઈવાળા ૪૦૦ વાસસ્થાનો (આનત ક્ષેત્રના વાસસ્થાનો સહિત) છે. આ સ્વર્ગીય ક્ષેત્રમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય અનુક્રમે વીસ અને ઓગણીસ સાગરોપમ છે. મહાવીરનો આત્મા આ કલ્પમાંથી ચ્યવી દેવાનંદા ની કૂખમાં આવ્યો હતો. |
| २. पाणय | दे.भौ. | *प्राणत* | પ્રાણત | આનત કલ્પમાં આવેલું સ્થાન,જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૯ સાગરોપમ છે. તેઓ ૧૯ પક્ષે એક વાર શ્વાસ લે છે અને તેમને ૧૯૦૦૦ વર્ષે એક વાર ભોજન લેવાની ઇચ્છા થાય છે |

| | | | | |
|---|---|---|---|---|
| पाणवह | आ. | *प्राणवध* | પ્રાણવધ | ભગવતીસૂત્રના વીસમા શતકનો ત્રીજો ઉદ્દેશક. |
| पाणाइवाय | आ. | *प्राणातिपात* | પ્રાણાતિપાત | ભગવતીસૂત્રના અઢારમા શતકનો ચોથો ઉદ્દેશક. |
| पाणाउ | आ. | *प्राणायुष्* | પ્રાણાયુષ્ | બારમો પૂર્વ ગ્રન્થ. તેર અધ્યયનોમાં વિભક્ત હતો. |
| पाणिणि | अ. | *पाणिनि* | પાણિનિ | જેમનાં સૂત્રો દશવૈકાલિકચુર્ણિમાં ઉદ્ધૃત કરવામાં આવ્યા છે તે વૈયાકરણી, કહેવાય છે કે તેમણે પ્રાકૃતલક્ષણ નામનું પ્રાકૃત વ્યાકરણ રચ્યું હતું પણ તે હાલ અસ્તિત્વમાં નથી. |
| पायावच्च | दे.ज. | *प्राजापत्य* | પ્રાજાપત્ય | આ અને 'પ્રજાપતિ'(૫) એક છે. |
| पारस | भौ. | *पारस* | પારસ | એક અનાર્ય દેશ. આચાર્ય કાલગ ત્યાં ગયા હતા અને છન્નુ રાજાઓ સાથે પાછા આવ્યા હતા. |
| पारसकूल | भौ. | *पारसकूल* | પારસકૂલ | આ અને પારસ એક છે. |
| पारसदीव | भौ. | *पारसद्वीप* | પારસદ્વીપ | વેપાર કરવા વેપારીઓ જે દેશ જતા તે દેશ. આ દેશ અને પારસ એક છે. |
| १. पारासर | श्र. | *पाराशर* | પારાશર | એક ઋષિ યા અજૈન સાધુ જે કાચું પાણી, ફળ, વનસ્પતિ આદિ ઉપયોગ કરવા છતાં મોક્ષ પામ્યા . |
| २. पारासर | क. | *पाराशर* | પારાશર | આ અને 'કિસિપારાસર' એક છે. |
| ३. पारासर | अ. | *पाराशर* | પારાશર | વસિટ્ઠ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| पारिहदगिरि | ऐ. | *पारिहृदगिरि* | પારિહૃદગિરિ | જ્યાં આચાર્ય વજ્રએ સંલેખના કરી હતી તે ડુંગર. |
| पाल | आ. | *पाल* | પાલ | ભગવતીના ત્રીજા શતકનો સાતમો ઉદ્દેશક. |
| पालअ | क. | *पालक* | પાલક | જુઓ પાલગ(૨). |
| पालक | क. | *पालक* | પાલક | જુઓ પાલગ(૧). |
| पालक्क | क. | *पालक* | પાલક | જુઓ પાલગ(૧). |
| १. पालग | क. | *पालक* | પાલક | કુંભકારકડ નગરના રાજા દંડગિના પુરોહિત. તે ક્રિયાવાદમાં માનતા ન હતા. જ્યારે તેમણે કેટલાક જૈન શ્રમણોનું અપમાન કર્યું ત્યારે ધાર્મિક વાદમાં શ્રાવસ્તીના રાજા સ્કંદકે તેમને હરાવેલા. તેમણે સ્કંદક અને તેમના ૫૦૦શિષ્યોને છળકપટ કરી ઘાણીએ ઘાલી પીલી નાખ્યા. |
| २. पालग | क. | *पालक* | પાલક | અવંતી અથવા ઉજ્જેનીના રાજા. જે રાત્રિએ મહાવીર નિર્વાણ પામ્યા તે જ રાત્રિએ તેમનો રાજ્યાભિષેક થયો હતો. તેમણે ૬૦ વર્ષ રાજ્ય કર્યું. તે પ્રદ્યોતના પુત્ર, ગોપાલકના ભાઈ તથા અવંતિવર્ધણ અને રષ્ટ્રવર્ધનના પિતા હતા. |
| ३. पालग | अ. | *पालक* | પાલક | કૃષ્ણનો પુત્ર જે અભવ્ય (સદા મોક્ષને માટે અયોગ્ય) જીવ હતો. |
| ४. पालग | दे. | *पालक* | પાલક | શક્ર(૩)નું પ્રવાસ માટેનું વિમાન. તેનો વિસ્તાર એક લાખ યોજનનો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ५. पालग | दे. | पालक | પાલક | પાલગ(૪)નો અર્થાત્ શક્ર(૩)ના પ્રવાસ માટેના વિમાનનો વ્યવસ્થાપક દેવ. |
| ६. पालग | क.ती. | पालक | પાલક | સુમંગલાથી વિહાર કરી મહાવીર જે ગામ આવ્યા હતા તે ગામ. પ્રવાસે નીકળતા 'વાઈલે' તેમને જોયેલા. તેમના મોઢાનું દર્શન તે અપશુકન માનતો હતો એટલે તેણે મહાવીર ઉપર તલવારથી હૂમલો કર્યો. પરંતુ સિદ્ધાર્થ દેવ વચ્ચે પડ્યા અને શ્રેષ્ઠીનું માથુ કાપી ધડથી જુદુ કરી નાખ્યુ. |
| ७. पालग | क. | पालक | પાલક | કાલસોયરિયનો પુત્ર, અભઅનો મિત્ર. જુઓ સુલસ |
| पालय | क.ती. | पालक | પાલક | જુઓ પાલગ(૬). |
| पालासअ | दे. | पालाशक | પાલાશક | જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલી વસાહત. આ સ્થાનના ૩૩ વેપારીઓ તપસ્યા કરી મૃત્યુ પામ્યા અને ચમરના આધિપત્ય નીચેના ત્રાયસ્ત્રિંશક દેવો તરીકે પુનર્જન્મ પામ્યા. |
| पालित्त | श्र. | पादलिप्त | પાદલિપ્ત | રાજા મુરુંડના સમકાલીન આચાર્ય. જ્યારે બધા વૈદ્યો નિષ્ફળ ગયા ત્યારે પાલિત્તે મંત્રબળે રાજા મુરુંડનું તીવ્ર શિરદર્દ મટાડ્યું. તે શાસ્ત્રો અને વિદ્યાઓમાં નિષ્ણાત હતા ને આશ્ચર્યજનક કાર્યો પાર પાડતા કે કરતા. |
| पालित्तग/पालित्तय | श्र. | पादलिप्तक | પાદલિપ્તક | જુઓ પાલિત્ત. |
| पालिय | श्रा. | पालित | પાલિત | ચંપા નગરીના શ્રેષ્ઠી. તે શ્રાવક હતા અને તેમને સમુદ્રપાલ નામનો પુત્ર હતો. |
| पावसमणिज्ज | आ. | पापश्रमणीय | પાપશ્રમણીય | ઉત્તરાધ્યયનનું સત્તરમું અધ્યયન. |
| १. पावा | ऐ. | पापा | પાપા | ભંગી દેશની રાજધાની. |
| २. पावा | ऐ.ती. | पापा | પાપા | મહાવીર આ સ્થળે નિર્વાણ પામ્યા હતા. મહાપદ્મ પણ આ સ્થળે મોક્ષ પામશે,<br>આ સ્થળ પાવામજ્ઝિમાથી જુદું ગણાય છે. |
| पावामज्झिमा | ऐ.ती. | पापामध्यमा | પાપામધ્યમા | જે શહેરનો ઉલ્લેખ 'મજ્ઝિમા, મજ્ઝિમાનયરી અને મજ્ઝિમા પાવા' તરીકે થયેલો છે તે.<br>કેવલજ્ઞાન થયા પછી મહાવીર અહી આવ્યા હતા, આ નગરના મહાસેનવન ઉદ્યાનમાં રહ્યા હતા. તે વખતે બ્રાહ્મણ સોમિલ મોટો યજ્ઞ કરતો હતો. મહાવીરનું બીજું સમવસરણ અહીં રચાયું હતું. અહીં તેમણે પ્રથમ(બીજી) દેશના (પ્રવચન) આપેલ. તેઓ ધર્મવરચક્રવર્તિન્ ની પ્રતિષ્ઠા પામ્યા. અહીં ઈન્દ્રભૂતિ અને બીજા દસ બ્રાહ્મણોને દીક્ષા આપી અને તેમને ગણધર રૂપે સ્થાપ્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| १. पास | ती. | पार्श्व | પાર્શ્વ | વર્તમાન અવસર્પિણીમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા તેવીસમાં તીર્થંકર. તેમના પૂર્વભવમાં તે સુદર્શન હતા. વાણારસી નગરના રાજા અશ્વસેન અને તેમની રાણી વામાના તે પુત્ર હતા. તેમની ઊંચાઈ નવ રત્નિ હતી. ચૈત્ર મહિનાના કૃષ્ણપક્ષ ની ચોથે જ્યારે ચંદ્ર વિશાખા નક્ષત્ર સાથે સંલગ્ન હતો ત્યારે તે પ્રાણત સ્વર્ગમાંથી ચ્યવી વામાની કૂક્ષીમાં આવ્યા. તે વખતે તેમને ત્રણ જ્ઞાનો હતા. પોષ મહિનાના કૃષ્ણપક્ષની દસમે વામાએ સંપૂર્ણ તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો, જેનું નામપાર્શ્વ પાડવામાં આવ્યું. તેમનો વર્ણ નીલ હતો. તે ૩૦ વર્ષ ગૃહસ્થ તરીકે જીવ્યા. પછી તે ત્રણસો ગૃહસ્થો સાથે શ્રમણાવસ્થામાં પ્રવેશ્યા. આ પ્રસંગે તેમણે વિસાલા(૩) પાલખીનો ઉપયોગ કર્યો. |
| २. पास | भौ. | पाश | પાશ | આ અને માસ દેશ એક છે. |
| ३. पास | श्र.प्र. | पार्श्व | પાર્શ્વ | તીર્થંકર પાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| पासणया | आ. | पश्यत्ता | પશ્યત્તા | પ્રજ્ઞાપનાનું ત્રીસમું પદ (પ્રકરણ). |
| पासमिय | दे. | पाशमृग | પાશમૃગ | જેનું ચૈત્ય સાકેત નગરના ઉત્તરકુરુ ઉદ્યાનમાં આવેલું હતું તે યક્ષ. |
| पाहुणिअ/पाहुणि | दे.ज. | प्राघुणिक | પ્રાઘુણિક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| पिइ/पिउ | दे.ज. | पितृ | પિતૃ | મઘા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| पिउदत्त | अ. | पितृदत्त | પિતૃદત્ત | શ્રાવસ્તીનો ગૃહસ્થ.<br>તેની પત્નીનું નામ શ્રીભદ્રા હતું |
| पिउसेणकण्ह | आ. | पितृसेनकृष्ण | પિતૃસેનકૃષ્ણ | નિરયાવલિકાનું નવમું અધ્યયન. |
| १. पिउसेणकण्हा | आ. | पितृसेनकृष्णा | પિતૃસેનકૃષ્ણા | અંતકૃદ્દશાના આઠમા વર્ગનું નવમું અધ્યયન. |
| २. पिउसेणकण्हा | श्र. | पितृसेनकृष्णा | પિતૃસેનકૃષ્ણા | ચંપાનગરીના રાજાશ્રેણિકની પત્ની. તેને મહાવીરે દીક્ષા આપી હતી. તે સોળ વર્ષનું શ્રામણ્ય પાળી ઉગ્ર તપસ્યા પછી મોક્ષ પામી. |
| पिंग | श्र.प्र. | पिङ्ग | પિંગ | જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે તે બ્રાહ્મણ ઋષિ.તે તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થઈ ગયા |
| पिंगल | दे.ज. | पिङ्गल | પિંગલ | આ અને પિંગલઅ એક છે. |
| १. पिंगलअ | श्र. | पिङ्गलक | પિંગલક | મહાવીરના અનુયાયી શ્રમણ. તે શ્રાવસ્તી નગરના હતા. તેમણે લોકના સ્વરૂપ વિશે કેટલાક પ્રશ્નો સ્કંદક પરિવ્રાજકને પૂછ્યા હતા પણ સ્કંદક ઉત્તર આપી શક્યા ન હતા. |
| २. पिंगलअ | दे.ज. | पिङ्गलक | પિંગલક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. पिंगलअ | अ.ता. | पिङ्गलक | પિંગલક | પોતાના જ સૂચનનો શિકાર બનનાર પરિવ્રાજક યા મુનિ. |
| पिंगला | च. | पिङ्गला | પિંગલા | ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| पिंगलायण | अ. | पिङ्गलायन | પિંગલાયન | કોચ્છ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| पिंगायण | अ.ज. | पिङ्गायन | પિંગાયન | મઘા નક્ષત્રનું ગોત્રનામ. |
| पिंडणिज्जुत्ति | आ. | पिण्डनिर्युक्ति | પિંડનિર્યુક્તિ | દશવૈકાલિકના પાંચમાં અધ્યયન ઉપરની ગાથા–બદ્ધ ટીકા. તેનો ઉલ્લેખ દશવૈકાલિકચુણ્ણિ, ઉત્તરજ્–ઝયણચુણ્ણિ વગેરેમાં આવે છે. મલયગિરિ પોતાની તેના ઉપરની ટીકામાં પોતાની ટીકા પહેલાં તેના ઉપર રચાયેલી વધુ પ્રાચીન કેટલીક સંસ્કૃત ટીકાઓનો ઉલ્લેખ કરે છે. |
| पिंडेसणा | आ. | पिण्डेषणा | પિંડેષણા | (૧) દશવૈકાલિકનું પાંચમું અધ્યયન તેમજ (૨) આચાર અંગસૂત્રના બીજા શ્રુતસ્કન્ધનું પહેલું અધ્યયન. |
| पिक्खुर | अ. | पिक्खुर | પિક્ખુર | એક અનાર્ય લોકો, જે સિંધુનદીની પશ્ચિમે વસતા હતા. તેમને ભરતના સેનાપતિ સુસેણે જીત્યા |
| पिट्ठचंपा | ऐ. | पृष्ठचंपा | પૃષ્ઠચંપા | જ્યાં મહાવીરે પોતાનો ચોથો વર્ષાવાસ ગાળ્યો હતો તે સ્થાન. આ સ્થાનના રાજા શાલે મહાવીર પાસે દીક્ષા લઈ શ્રામણ્ય સ્વીકાર્યું હતું. તે ચંપાની પશ્ચિમે રાજગૃહી તરફ જતા માર્ગ ઉપર આવેલું હતું. |
| पिट्ठिचंपा | ऐ. | पृष्ठचंपा | પૃષ્ઠચંપા | જુઓ પૃષ્ઠચંપા. |
| १. पिट्ठिमाइअ | आ. | पृष्ठिमातृक | પૃષ્ઠિમાતૃક | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩ નું અધ્યયન ૭. |
| २. पिट्ठिमाइअ | श्र. | पृष्ठिमातृक | પૃષ્ઠિમાતૃક | વાણિજ્યગ્રામની ભદ્રા સાર્થવાહીનો પુત્ર. તેને ભ૦ મહાવીરે દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તે સર્વાર્થ–સિદ્ધ  વિમાનમાં દેવ તરીકે જન્મ પામ્યો. ભાવિમાં તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે. |
| पिट्ठीचंपा | ऐ. | पृष्ठीचंपा | પૃષ્ઠીચંપા | જુઓ પૃષ્ઠચંપા. |
| पिढर | अ. | पिठर | પિઠર | કંપિલ્લપુર નગરના રાજા. તે રાણી 'જસવઈ'ના પતિ અને રાજકુમાર ગાગલિના પિતા હતા. |
| १. पियंगु | क. | प्रियङ्गु | પ્રિયઙ્ગુ | ચંપા નગરીના રાજા મિત્રપ્રભના મંત્રી ધર્મઘોષ ની પત્ની. તે તે જ નગરીના શ્રેષ્ઠી ધણમિત્ર ના રૂપાળા પુત્ર સુજાત પ્રત્યે ખૂબ આકર્ષાઈ હતી. |
| २. पियंगु | अ. | प्रियङ्गु | પ્રિયઙ્ગુ | વર્ધમાનપુરના શ્રેષ્ઠી ધનદેવની પત્ની અને અંજૂ ની માતા હતી. |
| पियकारिणी | ती. | प्रियकारिणी | પ્રિયકારિણી | તીર્થંકર મહાવીરની માતા ત્રિશલાનું બીજું નામ. |
| पियचंद | अ. | प्रियचन्द्र | પ્રિયચંદ્ર | કનગપુરના રાજા, સુભદ્રાના પતિ અને વૈશ્રમણના પિતા. |

| | | | | |
|---|---|---|---|---|
| १. पियदंसण | दे. | प्रियदर्शन | પ્રિયદર્શન | ધાતકીખંડના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| २. पियदंसण | दे.भौ. | प्रियदर्शन | પ્રિયદર્શન | પાંચમું ગ્રૈવેયક સ્વર્ગીય વાસસ્થાન. |
| ३. पियदंसण | भौ. | प्रियदर्शन | પ્રિયદર્શન | મંદર પર્વતનું બીજું નામ. |
| पियदंसणा | ती.श्र. | प्रियदर्शना | પ્રિયદર્શના | મહાવીર અને તેમની પત્ની જસોદાની પુત્રી, જમાલિની પત્ની અને 'જસવઈ'ની માતા. ભ૦ મહાવીરે તેને દીક્ષા આપી હતી. તેનું બીજું નામ અનવદ્યા હતું. પોતાના પતિ તરફની આસક્તિના કારણે તેના સંઘભેદક મતને સ્વીકારતી હતી પણ પછીથી તે મહાવીરના સંઘમાં પુનઃપ્રવેશી.એક વાર તેણે શ્રાવસ્તીમાં કુંભાર ઢંકના ઘેર વાસ કર્યો હતો. |
| पियदरिसण | दे.भौ. | प्रियदर्शन | પ્રિયદર્શન | જુઓ પિયદંસણ(૨). |
| १. पियमित्त | ती.श्र. | प्रियमित्र | પ્રિયમિત્ર | મહાવીરનો પૂર્વભવ. અવરવિદેહ ક્ષેત્રમાં આવેલા મૂકા નગરના રાજા ધનંજય અને રાણી ધારિણી ના પુત્ર તે હતા. તે પોતાના સમયના ચક્રવર્તી હતા. તેમણે પુટ્ટિલ પાસે દીક્ષા લીધી હતી. |
| २. पियमित्त | च. | प्रियमित्र | પ્રિયમિત્ર | છઠ્ઠા વાસુદેવ પુરિસપુંડરીઅનો પૂર્વભવ. તેમના ગુરુ હતા આચાર્ય ગંગદત્ત. કાકંદીમાં તેમણે નિદાન (તીવ્ર ઈચ્છા) કર્યું અને તેનું કારણ હતું તેમની પોતાની પત્નીમાં તેમની અત્યંત આસક્તિ. |
| पियसेण | क. | प्रियसेन | પ્રિયસેન | ઉજ્ઝિતકનો ઉત્તરભવ. તે ઇંદ્રપુરની ગણિકાનો પુત્ર હતો. તેને બાળપણમાં નપુંસક યા વંધ્ય બનાવી દેવામાં આવેલો. |
| पिया | अ. | प्रिया | પ્રિયા | રાજગૃહીના શ્રેષ્ઠી સુદર્શનની પત્ની, ભૂતાની |
| पिसाय | दे. | पिशाच | પિશાચ | વાણવ્યંતર દેવોનો એક વર્ગ. રત્નપ્રભા નરકભૂમિ ના રત્નકાંડના ઉપરના ભાગના ૧૦૦ યોજન અને નીચેના ભાગના ૧૦૦ યોજન છોડી તે કાંડ ના બાકીના ભાગમાં તેઓ વસે છે.<br>તેમના બે ઇન્દ્રો કાલ અને મહાકાલ છે. |
| पिहुंड | ऐ. | पिहुण्ड | પિહુણ્ડ | એક નગર. ચંપાનગરનો મહાવીરનો ઉપાસક શ્રેષ્ઠી પાલિત વેપાર કરવા વહાણમાં ત્યાં ગયો હતો. ત્યાં તે શ્રેષ્ઠીની પુત્રીને પરણ્યો અને ઘરે પાછો આવ્યો. |
| पीइगम | दे. | प्रीतिगम | પ્રીતિગમ | મહાશુક્ર સ્વર્ગીય ક્ષેત્રના ઇંદ્રના યાત્રા માટેના પ્રીતિગમ વિમાનના વ્યવસ્થાપક દેવ. |
| पीइवद्धण | स. | प्रीतिवर्धन | પ્રીતિવર્ધન | કાર્તિક મહિનાનું અસામાન્ય નામ. |
| पीढ | अ. | पीठ | પીઠ | પુંડરીગિણી નગરીના રાજા વજ્રસેણનો પુત્ર. તેનો મોટો ભાઈ વજ્રનાભ (ઋષભનો પૂર્વભવ) આ ક્ષેત્રનો ચક્રવર્તી હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| पीढर | अ. | पीठर | પીઠર | જુઓ 'પિઢર'. |
| पीतिमण | दे. | प्रीतिमनस् | પ્રીતિમનસ્ | મહાશુક્ર સ્વર્ગીય ક્ષેત્રના ઇંદ્રનું યાત્રા માટેનું વિમાન. પ્રીતિગમ તેનો વ્યવસ્થાપક દેવ છે. |
| पुंख | दे.भौ. | पुङ्ख | પુङ्ख | કંબુ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पुंड | दे.भौ. | पुण्ड्र | પુણ્ડ્ર | કંબુ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| २. पुंड | दे. | पुण्ड्र | પુણ્ડ્ર | શક્રના લોકપાલ વરુણના તાબામાં રહેલા દેવોમાં ના દેવોનો એક પ્રકાર. |
| ३. पुंड | भौ. | पुण्ड्र | પુણ્ડ્ર | જેની રાજધાની શતદ્વાર હતી તે જનપદ. કૃષ્ણ નો આત્મા અમમ તીર્થંકર તરીકે અહીં જન્મ લેશે. |
| पुंडरिअ | श्रा.श्र. | पुण्डरीक | પુણ્ડરીક | જુઓ પુંડરીય(૪). |
| पुंडरिगिणी | ऐ. | पुण्डरीकिनी | પુણ્ડરીકિની | જુઓ પુંડરીગિણી. |
| पुंडरीआ | दे. | पुण्डरिका | પુણ્ડરિકા | રુચક પર્વતના ઉત્તરભાગે આવેલ શિખર 'સવ્વરયણ' ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| पुंडरीग | दे. | पुण्डरीक | પુણ્ડરીક | જુઓ પુંડરીય(૫). |
| पुंडरीगिणी | ऐ. | पुण्डरीकिणी | પુણ્ડરીકિણી | મહાવિદેહના પુષ્કલાવતી પ્રદેશ–વિજય ૨૩ ની રાજધાની. તે ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી છે. ઋષભ તેમના એક પૂર્વભવમાં વજ્રસેન ના પુત્ર ચક્રવર્તી વજનાભ તરીકે આ નગરમાં જન્મ્યા હતા. |
| १. पुंडरीय | दे.भौ. | पुण्डरीक | પુણ્ડરીક | સહસ્રારકલ્પે આવેલું વિમાન જે પદ્મ સમાન છે. |
| २. पुंडरीय | क. | पुण्डरीक | પુણ્ડરીક | સાકેતના રાજા. પોતાના નાના ભાઈ કંડરીકની પત્ની જસભદ્દાને વશ કરવા તેણે કંડરીકને મારી નાખ્યો, પણ જસભદ્દા શ્રાવસ્તી ભાગીને શ્રમણી બની ગયા. તે વખતે પુંડરીકનો મંત્રી જયસંધ હતો. |
| ३. पुंडरीय | आ. | पुण्डरीक | પુણ્ડરીક | (૧) જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કન્ધનું ૧૯ મું અધ્યયન તેમજ (૨) સૂત્રકૃત્ નું સાતમું અધ્યયન. |
| ४. पुंडरीय | श्रा.श्र. | पुण्डरीक | પુણ્ડરીક | જંબૂદ્વીપમાં મહાવિદેહના પુષ્કલાવતીમાં આવેલી પુંડરીકિણીનો રાજા મહાપદ્મ અને રાણી પદ્માવતી નો પુત્ર. તે શ્રાવક બન્યો, તેનો નાનો ભાઇ કંડરીક શ્રમણ બન્યો. કંડરીક શ્રમણાચારનું પાલન ન કરી શક્યો,ક્રમશઃ જગતના વિષયો પ્રતિ આસક્તિ વધતી ચાલી. એટલે પુંડરીકે રાજ કંડરીકને સોંપી દીધું અને તેના ભાઈ પાસેથી શ્રમણના ઉપકરણો લઈ પોતે શ્રમણ બન્યા. શ્રમણજીવનમાં પુંડરીક ઘણા રોગોથી પીડાતા હતા તો પણ શ્રમણાચારના પાલનમાં અડગ અને ચુસ્ત રહ્યા. મૃત્યુ પછી તે સર્વાર્થસિદ્ધ સ્વર્ગીય વિમાનમાં દેવ તરીકે જન્મ્યા. કાળક્રમે તે મોક્ષ પામશે. |

| | | | | |
|---|---|---|---|---|
| ५. पुंडरीय | दे. | पुण्डरीक | પુણ્ડરીક | પુષ્કરવરદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ६. पुंडरीय | भौ. | पुण्डरीक | પુણ્ડરીક | જ્યાં થાવચ્ચાપુત્રે સંલેખના કરી હતી તે પર્વત. તે શત્રુંજયનું બીજું નામ છે. |
| ७. पुंडरीय | भौ. | पुण्डरीक | પુણ્ડરીક | જંબૂદ્વીપના શીખરી પર્વત ઉપર આવેલું સરોવર. સુવર્ણકૂલા, રત્તા અને રત્તાવઈ નદી અનુક્રમે તેની દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ બાજુથી નીકળે છે. સરોવરની લંબાઈ ૧૦૦૦ યોજન છે. તે લચ્છીદેવીનું વાસ–સ્થાન છે. અભિષેક માટે દેવો તેનું પાણી લે છે. |
| ८. पुंडरीय | दे. | पुण्डरीक | પુણ્ડરીક | ક્ષીરવર દ્વીપના અધિષ્ઠાતા બે દેવોમાંનો એક. |
| ९. पुंडरीय | दे.भौ. | पुण्डरीक | પુણ્ડરીક | જુઓ 'પોંડરીઅ'. |
| पुंडरीयगुम्म | दे.भौ. | पुण्डरीकगुल्म | પુણ્ડરીકગુલ્મ | સહસ્રારકલ્પનું એક વિમાન જે પદ્મ સમાન છે. |
| पुक्खरदंत | दे. | पुष्करदन्त | પુષ્કરદન્ત | ખીરવર દ્વીપના અધિષ્ઠાતા બે દેવોમાંનો એક. |
| पुक्खरद्ध | भौ. | पुष्करार्ध | પુષ્કરાર્ધ | આ અને પુષ્કરવરદ્વીપદ્ધ એક છે. |
| पुक्खरवर | भौ. | पुष्करवर | પુષ્કરવર | કાલોદ સમુદ્રને ઘેરી વળેલો વલયાકાર દ્વીપ. વલય ના બધા બિંદુઓએ તેની પહોળાઈ એકસરખી ૧૬ લાખ યોજન છે. તેનો પરિઘ ૧૯૨૮૯૮૯૪ યોજન છે. તેને ૧૪૪ સૂર્યો, ૧૪૪ ચન્દ્રો, ૪૦૩૨ નક્ષત્રો, ૧૨૬૭૨ ગ્રહો, ૯૬૪૪૪૦૦ કોટાકોટિ તારાઓ છે. તે વર્તુળાકાર માણુસુત્તર પર્વતથી બે અડધા ભાગ માં વહેંચાઈ ગયો છે. આ બે અર્ધ ભાગો અભિંતર પુક્ખરદ્ધ અને બાહિરપુક્ખરદ્ધ તરીકે જાણીતા છે. |
| पुक्खरवरदीव | भौ. | पुष्करवरद्वीप | પુષ્કરવરદ્વીપ | જુઓ પુષ્કરવર. |
| पुक्खरवरदीवड्ढ | भौ. | पुष्करवरद्वीपार्ध | પુષ્કરવરદ્વીપાર્ધ | પુષ્કરવર દ્વીપનો ભ્યંતર અર્ધો ભાગ. પુષ્કરવર–દ્વીપાર્ધના પૂર્વ ખંડને અને પશ્ચિમખંડને પોતપોતા ના ક્ષેત્રો, ઉપક્ષેત્રો, પર્વતો, નદી વગેરે છે |
| पुक्खरसारिया | अ. | पुष्करसारिका | પુષ્કરસારિકા | અઢાર બ્રાહ્મી લિપિમાંની એક. તેનો 'ખરસાવિયા' તરીકે પણ ઉલ્લેખ છે. |
| पुक्खरोद | भौ. | पुष्करोद | પુષ્કરોદ | પુષ્કરવરદ્વીપને ઘેરી રહેલો વલયાકાર સમુદ્ર. તેનો વિસ્તાર અને પરિઘ સંખ્યાત હજાર યોજન છે. તેના પાણીને રસોદય કહેવામાં આવે છે, તે શુદ્ધ, સ્વાસ્થ્ય વર્ધક, સ્ફટિક જેવુ સ્વચ્છ છે. આ સમુદ્રને ઘેરીને વરુણવર દ્વીપ આવેલો છે. તેને સંખ્યાત ચન્દ્રો અને કોટાકોટિ તારાઓ વગેરે છે. |
| १. पुक्खल | भौ. | पुष्कल | પુષ્કલ | કદાચ આ અને 'પક્કણ' એક છે. |
| २. पुक्खल | दे. | पुष्कल | પુષ્કલ | પુષ્કલાવર્ત્ત વિજયનો અધિષ્ઠાતા દેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| पुक्खलवट्टअ | अ. | पुष्करवर्तक | પુષ્કરવર્તક | પુષ્કરસંવર્તક એવું વાદળ કે જે એક વાર વરસે તો ૧૦૦૦૦ વર્ષ સુધી પાક ઊગ્યા કરે. ઉત્સર્પિણી ના બીજા આરાને આરંભે આ વાદળ વરસે છે. |
| १. पुक्खलावइ | भौ. | पुष्कलावती | પુષ્કલાવતી | મહાવિદેહના ઉપક્ષેત્ર પૂર્વવિદેહમાં આવેલ એક વિજય. તે નીલવંત પર્વતની દક્ષિણે, સીતા નદીની ઉત્તરે, એકશૈલ પર્વતની પૂર્વે અને સીતામુહ વનના ઉત્તર ભાગની પશ્ચિમે આવેલો છે. |
| २. पुक्खलावइ | भौ. | पुष्कलावती | પુષ્કલાવતી | ૫૦૦ યોજન ઊંચાઈવાળું એકશૈલ પર્વતનું શિખર. |
| ३. पुक्खलावइ | दे. | पुष्कलावती | પુષ્કલાવતી | પુષ્કલાવતી(૧) પ્રદેશનો અધિષ્ઠાતા દેવ. |
| पुक्खलावती | भौ. | पुष्कलावती | પુષ્કલાવતી | જુઓ પુષ્કલાવતી. |
| १. पुक्खलावत्त | भौ. | पुष्कलावर्त | પુષ્કલાવર્ત | નીલવંતપર્વતની દક્ષિણે, સીતા નદીની ઉત્તરે, પંકાવતીની પૂર્વે, એકશૈલની પશ્ચિમે મહાવિદેહમાં આવેલ પ્રદેશ. તે કચ્છ વિજય સમાન છે. તેનો અધિષ્ઠાતા દેવ 'પુક્ખલ'(૨) છે. આ પ્રદેશની રાજધાની 'ઓસહિ' છે. |
| २. पुक्खलावत्त | भौ. | पुष्कलावर्त | પુષ્કલાવર્ત | ૫૦૦ યોજન ઊંચાઈવાળું એકશૈલપર્વતનું શિખર. |
| पुच्छार | अ. | पुच्छकार | પુચ્છકાર | ચામર આદિ બનાવનારાઓનું ઔદ્યોગિક ધંધાદારી આર્ય મંડળ. |
| पुट्टसाल | अ.ता. | पोट्टशाल | પોટ્ટશાલ | જુઓ પોટ્ટસાલ. |
| १. पुट्टिल | श्र. | पुट्टिल | પુટ્ટિલ | જે તીર્થંકર મહાવીરનો પૂર્વભવ હતો તે ચક્રવર્તી પિયમિત્ત(૧)ને દીક્ષા આપનાર આચાર્ય. |
| २. पुट्टिल | श्र. | पुट्टिल | પુટ્ટિલ | જે આચાર્ય પાસે રાજકુમાર નંદને (જે તીર્થંકર મહાવીરનો પૂર્વભવ હતો) દીક્ષા લીધેલી તે આચાર્ય. |
| ३. पुट्टिल | श्र.ती. | पुट्टिल | પુટ્ટિલ | ભરત ક્ષેત્રના ચોથા ભાવિ તીર્થંકર સ્વયંપ્રભનો પૂર્વભવ. તે મહાવીરના સંઘમાં શ્રમણ હતા. |
| पुट्टिला | श्रा.श्र. | पुट्टिला | પુટ્ટિલા | જુઓ પોટ્ટિલા. |
| १. पुट्ठिल | आ. | प्रोष्ठिल | પ્રોષ્ઠિલ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩નું અધ્યયન ૯. |
| २. पुट्ठिल | श्र. | प्रोष्ठिल | પ્રોષ્ઠિલ | હસ્તિનાપુરની ભદ્રા સાર્થવાહીનો પુત્ર. તેણે મહા–વીર પાસે શ્રામણ્ય સ્વીકાર્યું હતું અને મૃત્યુ પછી સર્વાર્થસિદ્ધસ્વર્ગમાં તે દેવ થયેલો. મહાવિદેહ માં મોક્ષ પામશે. તે પોટ્ટિલ નામે પણ જાણીતો હતો |
| १. पुढवी | दे. | पृथिवी | પૃથિવી | ઇશાનેન્દ્રના ચાર લોગપાલોમાંના દરેકને ચાર ચાર મુખ્ય પત્નીઓ છે જેમાંની એકનું આ નામ છે. |
| २. पुढवी | आ. | पृथिवी | પૃથિવી | ભગવતીના શતક ૧નો ઉદ્દેશક ૫, શતક ૬નો ઉદ્દેશક ૮, શતક ૧૨નો ઉદ્દેશક ૩, શતક ૧૩નો ઉદ્દેશક ૧ અને ૪, શતક ૧૭ ઉદ્દેશક ૬ અને ૭ અને શતક ૧૯ ઉદ્દેશક ૩. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. पुढवी | दे. | पृथिवी | પૃથિવી | જુઓ 'પુહઈ'. |
| पुढवीवडेंसअ | ऐ. | पृथिव्यवतंसक | પૃથિવ્યવતંસક | રોહીતક નગરમાં આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ ધરણ નું ચૈત્ય આવેલું હતું. |
| पुढवीसिरी | क. | पृथ्वीश्री | પૃથ્વીશ્રી | ઇંદ્રપુરની ગણિકા. તે અંજૂશ્રીનો પૂર્વભવ હતી. |
| पुणणंद | ती. | पूर्णनन्द | પૂર્ણનંદ | આ અને 'પુણ્ણનંદ' એક છે. |
| १. पुणव्वसु | दे.ज. | पुनर्वसु | પુનર્વસુ | અઠ્ઠાવીસ નક્ષત્ર માંનું એક. તેનો અધિષ્ઠાતા દેવ 'અઇઈ' છે. વાસિટ્ઠ તેનું ગોત્રનામ છે. |
| २. पुणव्वसु | ती. | पुनर्वसु | પુનર્વસુ | દસમા તીર્થંકર શીતલને પ્રથમ ભિક્ષા આપનારો રિષ્ઠપુર નગરનો ગૃહસ્થ. |
| ३. पुणव्वसु | श्र.च. | पुनर्वसु | પુનર્વસુ | આઠમા વાસુદેવ નારાયણનો પૂર્વભવ. તેના ગુરુ હતા આચાર્ય સમુદ્ર. તેણે મિથિલાપુરીમાં નિદાન કર્યું, તેનું કારણ હતું બીજાઓની ચમત્કારી ઋદ્ધિ |
| १. पुण्ण | आ. | पूर्ण | પૂર્ણ | પુષ્પિકાનું પાંચમું અધ્યયન. |
| २. पुण्ण | स. | पूर्ण | પૂર્ણ | પખવાડિયાનો પાંચમો, દસમો, પંદરમો દિવસ |
| ३. पुण्ण | दे. | पूर्ण | પૂર્ણ | દક્ષિણના દ્વીપકુમાર દેવોનો ઇંદ્ર. તેને છ મુખ્ય પત્નીઓ છે, તેમના નામ અને ધરણની છ મુખ્ય પત્નીઓના નામ એકસરખા છે. |
| ४. पुण्ण | भौ. | पूर्ण | પૂર્ણ | મહાવિદેહના કચ્છપ્રદેશમાં આવેલા વૈતાઢ્ય પર્વતનું શિખર. |
| ५. पुर्ण | दे. | पूर्ण | પૂર્ણ | આ અને પૂર્ણભદ્ર એક છે. |
| पुण्णकलस | अ.भौ. | पूर्णकलश | પૂર્ણકલશ | તીર્થંકર મહાવીરના મુખને અપશુકનિયાળ માનતા બે ચોરો. બે ચોરોએ પોતાની તલવારથી મહાવીર ઉપર આક્રમણ કર્યું પણ શક્રએ તેમને મારી નાખ્યા અને મહાવીરને બચાવ્યા. અનાર્ય લોકોના લાઢ દેશમાં આવેલા એક ગામ તરીકે પણ પૂર્ણકલસનો ઉલ્લેખ આવે છે. તે ગામના બે ચોરોએ મહાવીર ઉપર હૂમલો કર્યો પણ સિદ્ધાર્થદેવ વચ્ચે આવ્યા અને તેમણે બે ચોરોને હણી નાખ્યા. |
| पुण्णघोस | ती. | पूर्णघोष | પૂર્ણઘોષ | ઐરાવત ક્ષેત્રના દસમા ભાવિ તીર્થંકર. |
| पुण्णणंद | ती. | पूर्णनन्द | પૂર્ણનંદ | આ અને નંદ એક છે. |
| १. पुण्णभद्द | आ. | पूर्णभद्र | પૂર્ણભદ્ર | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું અગિયારમું અધ્યયન. |
| २. पुण्णभद्द | श्र. | पूर्णभद्र | પૂર્ણભદ્ર | તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લેનાર અને વિપુલ પર્વત ઉપર મોક્ષે જનાર વાણિજ્યગામનો શ્રેષ્ઠી. |
| ३. पुण्णभद्द | ऐ. | पूर्णभद्र | પૂર્ણભદ્ર | ચંપા નગરીની ઉત્તરપૂર્વમાં આવેલું ચૈત્ય. ત્યાં પાર્શ્વ, મહાવીર અને સુધર્મ તથા જંબૂ આવ્યા હતા. તે તે જ નામના યક્ષનું ચૈત્ય હતું. |

| | | | | |
|---|---|---|---|---|
| **४. पुण्णभद्द** | दे. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | યક્ષ દેવોના બે ઇન્દ્રોમાંનો એક. જ્યારે તીર્થંકર મહાવીર ચાર મહિના ચંપા નગરીમાં હતા ત્યારે તે દરરોજ રાતે તેમની પૂજા કરતો હતો. તે લોકપાલ વૈશ્રમણ(૯)ના આધિપત્ય નીચે છે. |
| **५. पुण्णभद्द** | भौ. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | ભરતમાં આવેલા વૈતાઢ્ય પર્વતનું શિખર. તે સુવર્ણનું છે. |
| **६. पुण्णभद्द** | भौ. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | મહાવિદેહમાં આવેલા માલ્યવંત પર્વતનું શિખર. |
| **७. पुण्णभद्द** | दे. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | પૂર્ણભદ્ર શિખરના અધિષ્ઠાતા દેવ. |
| **८. पुण्णभद्द** | दे. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | સૌધર્મકલ્પમાં આવેલા પૂર્ણભદ્ર સ્વર્ગીય વાસ–સ્થાનનો દેવ. તેણે તીર્થંકર મહાવીર સમક્ષ બત્રીસ પ્રકારના નાટકો ભજવ્યા હતા. તેના પૂર્વભવમાં તે મણિવઇયા નગરીમાં આ જ નામ ધરાવતો શ્રેષ્ઠી હતો. તે શ્રમણ બન્યો હતો અને શ્રામણ્ય પાળ્યુ હતુ. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| **९. पुण्णभद्द** | दे.भौ. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | સૌધર્મકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. |
| **१०. पुण्णभद्द** | दे. | *पूर्णभद्र* | પૂર્ણભદ્ર | ખોદોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| **पुण्णभद्दकूड** | भौ. | *पूर्णभद्रकूट* | પૂર્ણભદ્રકૂટ | આ અને પૂર્ણભદ્ર(૬) એક છે. |
| **पुण्णरक्ख** | दे. | *पूर्णरक्ष* | પૂર્ણરક્ષ | લોકપાલ વૈશ્રમણના આધિપત્યમાં રહેલો દેવ. |
| **१. पुण्णसेण** | आ. | *पूर्णसेन* | પૂર્ણસેન | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૨નું અધ્યયન ૧૩. |
| **२. पुण्णसेण** | श्र. | *पूर्णसेन* | પૂર્ણસેન | રાજગૃહી નગરના રાજા શ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. સંસાર ત્યાગી, તીર્થંકર મહાવીરનો શિષ્ય બન્યો. ૧૬ વર્ષનું શ્રામણ્ય પાળી, મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાન માં દેવ તરીકે પુનર્જન્મ પામ્યો. તે પછી તે એક ભવ કરી મોક્ષ પામશે. |
| **१. पुण्णा** | दे. | *पूर्णा* | પૂર્ણા | યક્ષ દેવેંદ્ર પૂર્ણભદ્રની ચાર રાણીઓમાંની એક નું નામ. માણિભદ્રની એક રાણીનું નામ પણ આ છે. |
| **२. पुण्णा** | श्र. | *पूर्णा* | પૂર્ણા | નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી. તે પરણી ન હતી. તેણે તીર્થંકર પાર્શ્વ પાસે શ્રામણ્ય સ્વીકાર્યું હતું અને તે શ્રમણી પુષ્પચૂલાની શિષ્યા બની. મૃત્યુ પછી તે યક્ષ દેવેદ્રની રાણી બની જે અને પૂર્ણા એક જ છે. |
| **३. पुण्णा** | आ. | *पूर्णा* | પૂર્ણા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું નવમું અધ્યયન. |
| **पुत्थी** | च. | *पुस्ती?* | પુસ્તી? | ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| **१. पुप्फ** | दे.ज. | *पुष्प* | પુષ્પ | આ અને પુષ્પકેતુ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| २. पुप्फ | दे.भौ. | पुष्प | પુષ્પ | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૨૦સાગરોપમ વર્ષનું હોય છે, તેઓ વીસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને વીસ હજાર વર્ષે એક વાર ભૂખનો અનુભવ કરે છે. |
| १. पुप्फअ | दे.भौ. | पुष्पक | પુષ્પક | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| २. पुप्फअ | दे. | पुष्पक | પુષ્પક | ઈસાન કલ્પના ઇંદ્ર માટે યાત્રા કરવા માટેનું એક વિમાન. |
| ३. पुप्फअ | दे. | पुष्पक | પુષ્પક | ઈશાન સ્વર્ગીય ક્ષેત્રના ઇંદ્રના યાત્રા માટેના વિમાન પુષ્પક નો વ્યવસ્થાપક દેવ. |
| पुप्फकंत | दे.भौ. | पुष्पकान्त | પુષ્પકાન્ત | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पुप्फकरंडअ | ऐ. | पुष्पकरंडक | પુષ્પકરંડક | હસ્તીશીર્ષ નગરના ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ 'કયવણમાલપિય'નું ચૈત્ય આવેલું હતું. |
| २. पुप्फकरंडअ | ऐ. | पुष्पकरंडक | પુષ્પકરંડક | રાજગૃહી નગરનું ઉદ્યાન. રાજકુમાર વિશ્વભૂતિ અને વિશાખાનંદી વચ્ચે આ ઉદ્યાનમાં ઝઘડો થયો હતો. |
| पुप्फकरंडग | ऐ. | पुष्पकरंडक | પુષ્પકરંડક | જુઓ 'પુષ્પકરંડઅ'(૨). |
| १. पुप्फकेउ | दे.ज. | पुष्पकेतु | પુષ્પકેતુ | ૮૮ ગ્રહમાંનો એક. તે પુષ્પ તરીકે પણ જાણીતો છે |
| २. पुप्फकेउ | क. | पुष्पकेतु | પુષ્પકેતુ | પુષ્પભદ્ર નગરનો રાજા. તે પુષ્પસેન પણ કહેવાતો તેને પુષ્પચૂલ નામનો પુત્ર અને પુષ્પચૂલા નામની પુત્રી રાણી પુષ્પવતીથી થયા હતા. તેણે તે બંનેને એકબીજા સાથે પરણાવ્યા હતા. |
| ३. पुप्फकेउ | ती. | पुष्पकेतु | પુષ્પકેતુ | ઐરાવત ક્ષેત્રના સાતમા ભાવિ તીર્થંકર. |
| पुप्फकेतु | दे.ज. | पुष्पकेतु | પુષ્પકેતુ | જુઓ પુષ્પકેતુ(૧). |
| १. पुप्फचूल | श्र. | पुष्पचूल | પુષ્પચૂલ | પુષ્પપુર નગરનો રાજા. તે પુષ્પકેતુ અને રાણી પુષ્પવતીનો પુત્ર હતો. તે પોતાની બેન પુષ્પચૂલા ને પરણ્યો હતો. સંસાર ત્યાગી શ્રમણ બન્યો હતો. |
| २. पुप्फचूल | अ. | पुष्पचूल | પુષ્પચૂલ | ચંપાનગરીનો રાજા અને ચક્રવર્તી બ્રહ્મદત્તનો મિત્ર. |
| १. पुप्फचूला | श्र. | पुष्पचूला | પુષ્પચૂલા | તેવીસમા તીર્થંકરપાર્શ્વની મુખ્ય શિષ્યા. |
| २. पुप्फचूला | श्र. | पुष्पचूला | પુષ્પચૂલા | પુષ્પભદ્ર નગરના રાજા પુષ્પકેતુ અને તેની રાણી પુષ્પવતીની પુત્રી. તેના પિતાની ઈચ્છાથી પોતાના ભાઈ પુષ્પચૂલ સાથે પરણી હતી. તેની માતાને તે ન ગમ્યું, તેણે સંસારનો ત્યાગ કર્યો. તે મૃત્યુ પછી દેવી તરીકે જન્મી. પુષ્પચૂલાએ તે આચાર્ય પાસે શ્રામણ્ય સ્વીકાર્યું. એક શરતે કે તે તેના પિતાના ઘરેથી ભિક્ષા લેશે. કાળક્રમે તેને કેવળજ્ઞાન થયું. |
| ३. पुप्फचूला | अ. | पुष्पचूला | પુષ્પચૂલા | હસ્તીશીર્ષના રાજા અદીનશત્રુના પુત્ર રાજકુમાર સુબાહુની પત્ની. |
| ४. पुप्फचूला | आ. | पुष्पचूला | પુષ્પચૂલા | આ અને પુષ્પચૂલિયા એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| पुप्फचूलिया | आ. | पुष्पचूलिका | પુષ્પચૂલિકા | અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. તે ઉપાંગના વર્ગમાં આવે છે. તેમાં આ પ્રમાણે ૧૦ અધ્યયનો છે. (૧) શ્રી, (૨) હિરી, (૩) ધિતિ, (૪) કિત્તિ બુદ્ધિ, (૬) લચ્છી, (૭) ઈલાદેવી, (૮) સુરા દેવી, (૯) રસદેવી અને (૧૦) ગંધદેવી. |
| पुप्फजंभग | दे. | पुष्पजृम्भक | પુષ્પજૃમ્ભક | જૃંભગ દેવોનો દસ પ્રકારોમાંનો એક પ્રકાર. |
| पुप्फज्झय | दे.भौ. | पुष्पध्वज | પુષ્પધ્વજ | પુષ્પ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पुप्फदंत | ती. | पुष्पदन्त | પુષ્પદન્ત | વર્તમાન અવસર્પિણી ના નવમા તીર્થંકર. તે તેમના પૂર્વભવમાં જુગબાહુ હતા. તે સુવિધિ નામે પણ જાણીતા છે. કાકંદીના રાજા સુગ્રીવ તેમના પિતા હતા અને રાણી રામા તેમના માતા હતા. તેમની ઊંચાઈ ૧૦૦ ધનુષ હતી. તેમનો વર્ણ ચંદ્ર જેવો ચમકતો ધવલ હતો. તેમણે ૧૦૦૦ પુરુષો સાથે શ્રામણ્ય સ્વીકાર્યું. |
| २. पुप्फदंत | दे. | पुष्पदन्त | પુષ્પદન્ત | ઈશાનેન્દ્રના ગજદળનો સેનાપતિ. |
| पुप्फदत्त | श्र. | पुष्पदत्त | પુષ્પદત્ત | 'ઉસુયાર' નગરના શ્રેષ્ઠી ઋષભદત્ત પાસેથી ભિક્ષા સ્વીકારનાર શ્રમણ. |
| पुप्फपभ | दे.भौ. | पुष्पप्रभ | પુષ્પપ્રભ | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पुप्फपुर | भौ. | पुष्पपुर | પુષ્પપુર | આ અને પુષ્પભદ્ર નગર એક છે. |
| पुप्फलजंभग | दे. | पुष्पफलजृम्भक | પુષ્પફલજૃમ્ભક | જૃંભગ દેવોનો દસ પ્રકારોમાંનો એક પ્રકાર. |
| पुप्फभद्द | ऐ. | पुष्पभद्र | પુષ્પભદ્ર | ગંગા નદીના કિનારા ઉપર આવેલું નગર. પુષ્પપુર નામે પણ જાણીતું હતું. રાજા પુષ્પકેતુ અને તેમની રાણી પુષ્પવતી અહીં રાજ કરતા હતા. તેમને પુષ્પ ચૂલ નામે પુત્ર અને પુષ્પચૂલાનામે પુત્રી હતી. |
| पुप्फमाला | दे. | पुष्पमाला | પુષ્પમાલા | અધોલોકની મુખ્ય દિસાકુમારી દેવી. ઠાણ અનુસાર તે ઊર્ધ્વલોકની દિસાકુમારી છે. |
| पुप्फलेस | दे.भौ. | पुष्पलेश्य | પુષ્પલેશ્ય | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पुप्फवइ | श्र. | पुष्पवती | પુષ્પવતી | જુઓ પુષ્પવતી. |
| पुप्फवण्ण | दे.भौ. | पुष्पवर्ण | પુષ્પવર્ણ | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. पुप्फवती | ती. | पुष्पवती | પુષ્પવતી | વીસમા તીર્થંકર મુનિસુવ્રતના મુખ્ય શિષ્યા. |
| २. पुप्फवती | ऐ. | पुष्पवती | પુષ્પવતી | તુંગિયા નગરની ઉત્તરપશ્ચિમે આવેલું ચૈત્ય. |
| ३. पुप्फवती | ती. | पुष्पवती | પુષ્પવતી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું ચોવીસમું અધ્યયન. |
| ४. पुप्फवती | श्र. | पुष्पवती | પુષ્પવતી | પુષ્પપુર અથવા પુષ્પભદ્ર નગરના રાજા પુષ્પકેતુ અથવા પુષ્પસેનની રાણી. તેણે સંસારનો ત્યાગ કર્યો અને મૃત્યુ પછી દેવી તરીકે જન્મી. તેણે તેની પુત્રી પુષ્પચૂલાને ડરાવીને સન્માર્ગે વાળવા, બોધ પમાડવા સ્વપ્નમાં સ્વર્ગ–નરક ના દ્રશ્યો દેખાડ્યા |

| | | | | |
|---|---|---|---|---|
| ५. पुप्फवती | श्र. | पुष्पवती | પુષ્પવતી | નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી. તેણે તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી. બાકી બધું પૂર્ણા જેવું છે. |
| ६. पुप्फवती | दे. | पुष्पवती | પુષ્પવતી | કિંપુરીસ દેવોના ઇંદ્ર સત્પુરુષની જ મુખ્યપત્નીઓ માંની એક. તેના પૂર્વભવમાં તે નાગપુરના શ્રેષ્ઠીની પુષ્પવતી નામની પુત્રી હતી. મહાપુરુષની એક મુખ્ય પત્નીનું નામ પણ પુષ્પવતી જ છે. |
| १. पुप्फसाल | अ. | पुष्पशाल | પુષ્પશાલ | વસંતપુરનો પ્રસિદ્ધ ગાયક. તે જ નગરના શ્રેષ્ઠીની પત્ની ભદ્રા તેના સંગીતમાં એટલી બધી તલ્લીન બની ગઈ હતી કે તે પોતાની જાતને સાવ ભૂલી ગઈ અને ઉપરના માળેથી નીચે પડી મરી ગઈ. |
| २. पुप्फसाल | अ. | पुष्पशाल | પુષ્પશાલ | ગોબ્બરગામના શ્રેષ્ઠી. |
| ३. पुप्फसाल | श्र.प्र. | पुष्पशाल | પુષ્પશાલ | જુઓ પુષ્પસાલપુત્ત. |
| पुप्फसालपुत्त | श्र.प्र. | पुष्पशालपुत्र | પુષ્પશાલપુત્ર | અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| पुप्फसालसुअ | क. | पुष्पशालसुत | પુષ્પશાલસુત | ગોબ્બરગામના શ્રેષ્ઠી પુષ્પસાલનો પુત્ર. નમ્ર,વિનયી અને પરોપકારી હતો. જ્યારે ભ૦ મહાવીરે રજોહરણ થી પોતાની સેવા કરવાનું કહ્યું |
| पुप्फसिंग | दे.भौ. | पुष्पशृङ्ग | પુષ્પશૃઙ્ગ | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पुप्फसिद्ध (सिट्ठ) | दे.भौ. | पुष्पसिद्ध(सृष्ट) | પુષ્પસિદ્ધ(સૃષ્ટ) | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पुप्फसेण | क. | पुष्पसेन | પુષ્પસેન | પુષ્પકેતુ(૨)નું બીજું નામ. |
| पुप्फाराम | ऐ. | पुष्पाराम | પુષ્પારામ | રાજગૃહી નગરની બહાર આવેલું ઉદ્યાન. |
| पुप्फावत्त | दे.भौ. | पुष्पावर्त | પુષ્પાવર્ત | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पुप्फाहार | अ.ता. | पुष्पाहार | પુષ્પાહાર | ફૂલોનો જ આહાર લઈજીવતા વાનપ્રસ્થ તાપસો. |
| पुप्फिया | आ. | पुष्पिका | પુષ્પિકા | અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. તે ઉપાંગનો ભાગ છે. તેમાં આ દસ અધ્યયનો છે–(૧) ચંદ, (૨)સૂર, (૩) સુક્ક, (૪) બહુપુત્તિયા, (૫) પુણ્ણ, (૬) માણિભદ્ર, (૭) દત્ત, (૮) સિવ, (૯) બલ, (૧૦) અણાઢિય. |
| पुप्फुत्तर | दे.भौ. | पुष्पोत्तर | પુષ્પોત્તર | એક સ્વર્ગીય વાસસ્થાન. મહાવીરનો આત્મા આ સ્વર્ગીય વાસસ્થાનમાંથી ચ્યવીને દેવાનંદાની કૂખમાં આવ્યો હતો. તેનું બીજું નામ મહાવિજય છે. |
| पुप्फुत्तरवडिंसग | दे.भौ. | पुष्पोत्तरावतंसक | પુષ્પોત્તરાવતંસક | જુઓ પુપ્ફુત્તરવડેંસઅ. |
| पुप्फुत्तरवडेंसअ | दे.भौ. | पुष्पोत्तरावतंसक | પુષ્પોત્તરાવતંસક | પુષ્પ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| पुरंदर | दे. | पुरन्दर | પુરન્દર | જુઓ શક્ર(૩). |
| पुरंदरजसा | श्र. | पुरन्दरयशा | પુરન્દરયશા | રાજા જિતશત્રુ ની પુત્રી, સ્કંદકની બહેન અને રાજા ડંડગિની પત્ની. તેને વીસમા તીર્થંકર મુનિસુવ્રતે દીક્ષા આપી હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| पुराण | अ. | पुराण | પુરાણ | અન્યમતવાદીઓનું (અજૈનનું) શાસ્ત્ર. |
| पुरिमताल / पुरिमयाल | ऐ.भौ. | पुरिमताल | પુરિમતાલ | જે નગરની ઉત્તરપૂર્વમાં અમોઘદર્શન ઉદ્યાન આવેલું હતું તે નગર. તે ઉદ્યાનમાં અમોઘદર્શીસિ યક્ષનું ચૈત્ય આવેલું હતું. ત્યાં તીર્થંકર મલ્લિનું પ્રાચીન મંદિર હતું. તીર્થંકર મહાવીર પુરિમતાલ નગરમાં આવ્યા હતા. |
| पुरिया | ऐ. | पुरिका | પુરિકા | બાર વર્ષના દુકાળ દરમ્યાન આચાર્ય વજ્ર(૨) જે નગરમાં આવ્યા હતા તે નગર. બૌદ્ધ રાજા અહીં રાજ કરતા હતા. જીવંત તીર્થંકરની મૂર્તિ અહીં હતી. |
| पुरिवट्ट | भौ. | पुरिवर्त | પુરિવર્ત | સાડી પચીસ આર્ય દેશોમાંનો એક દેશ જેની રાજધાની માસપુરી હતી. આ અને 'વટ્ટ' એક છે. |
| पुरिस | आ. | पुरुष | પુરુષ | ભગવતીના નવમા શતકનો ચોત્રીસમો ઉદ્દેશક. |
| पुरिसपुंडरीअ | च. | पुरुषपुण्डरीक | પુરુષપુણ્ડરીક | વર્તમાન અવસર્પિણી ના ભરતક્ષેત્રના છઠ્ઠા વાસુ–દેવ. તે છઠ્ઠા બલદેવ આનંદના ભાઈ હતા. ચક્રપુર ના રાજા મહશિવ અને રાણી લચ્છિતિના પુત્ર હતા. તેમણે તેમના પ્રતિશત્રુ બલિને હણ્યા હતા. તે ૬૫૦૦૦ વર્ષ જીવ્યા અને મરીને છઠ્ઠી નરકે ગયા. |
| पुरिसपुर | ऐ. | पुरुषपुर | પુરુષપુર | ગંધારદેશની રાજધાની. નગ્ગઈ તેનો રાજા હતો. પાડલિનગરના રાજા મુરુંડે આ નગરમાં પોતાનો રાજદૂત મોકલ્યો હતો. આ નગરમાં રક્ત પટધારી બૌદ્ધ ભિક્ષુઓ વારંવાર આવતા જતા રહેતા. તેની એકતા પેશાવર સાથે સ્થાપવામાં આવી છે. |
| पुरिसविज्जा | आ. | पुरुषविद्या | પુરુષવિદ્યા | જુઓ 'ખુડ્ડગનિયંઠિજ્જ'. |
| पुरिससीह | च. | पुरुषसिंह | પુરુષસિંહ | વર્તમાન અવસર્પિણી કાલચક્રના ભરત ક્ષેત્રના નવ વાસુદેવોમાંના પાંચમાં. તે સુદર્શનના ભાઈ હતા. તે અશ્વપુરના રાજા શિવ અને રાણી અમૃતાના પુત્ર હતા. ધર્મ તીર્થંકર તેમના સમકાલીન હતા. તેમણે પોતાના પ્રતિશત્રુ નિસુંભને હણ્યો હતો. મરીને તે છઠ્ઠા નરકમા પડ્યા. |
| १. पुरिससेण | आ. | पुरुषसेन | પુરુષસેન | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧ નું અધ્યયન ૪. |
| २. पुरिससेण | श्र. | पुरुषसेन | પુરુષસેન | રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. તેને તીર્થંકર મહાવીરે દીક્ષા આપેલી. મરણ પછી તે અનુત્તરવિમાનમાં દેવ તરીકે જન્મ્યો. એક ભવ વધુ કરીને તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે. |
| ३. पुरिससेण | आ. | पुरुषसेन | પુરુષસેન | અંતકૃદ્દશાના ચોથા વર્ગનું ચોથું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| ४. पुरिससेण | श्र. | *पुरुषसेन* | પુરુષસેન | બારવઈના રાજા વસુદેવ અને તેમની રાણી ધારિણી નો પુત્ર. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી અને સોળ વર્ષના શ્રમણજીવન પછી શત્રુંજય પર્વત ઉપર તે મોક્ષ પામ્યા હતા. |
| पुरिसुत्तम | च. | *पुरुषोत्तम* | પુરુષોત્તમ | વર્તમાન અવસર્પિણી માં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા ચોથા વાસુદેવ. તે સુપ્રભના ભાઈ હતા. તે બારવઈના રાજા સોમ અને રાણી સીતાના પુત્ર હતા પુરિસુત્તમે તેમના પ્રતિશત્રુ મહુકેઢવનો વધ કરેલો . |
| पुलअ | भौ. | *पुलक* | પુલક | રત્નપ્રભાના પ્રથમ કાંડનો સાતમો ભાગ. તેનો વિસ્તાર ૧૦૦૦ યોજન છે. |
| पुलंद/पुलिंद | अ.भौ. | *पुलिन्द्र* | પુલિન્દ્ર | એક અનાર્ય દેશ અને તેના લોકો. |
| पुव्व | आ. | *पूर्व* | પૂર્વ | આ અને 'પૂર્વગય' એક છે. |
| पुव्वंग | स. | *पूर्वांग* | પૂર્વાંગ | પખવાડિયાનો પહેલો દિવસ. |
| पुव्वगत | आ. | *पूर्वगत* | પૂર્વગત | જુઓ પૂર્વગય. |
| पुव्वगय | आ. | *पूर्वगत* | પૂર્વગત | દૃષ્ટિવાદનો ત્રીજો વિભાગ. તે વિભાગના ૧૪ ઉપ વિભાગો હતા, તેને પૂર્વો કહે છે– (૧) ઉપ્પાય, (૨) અગ્ગાણીય, (૩) વીરિય, (૪) અત્થિણત્થિ પ્પવાય, (૫) ણાણપ્પવાય, (૬) સચ્ચપ્પવાય, (૭) ખાયપ્પવાય, (૮) કર્મપ્પવાય, (૯) પચ્ચ–ક્ખાણપ્પવાય, (૧૦) વિજ્જાઅણુપ્પવાય, (૧૧) અવંઝપ્પવાય, (૧૨) પાણાઉ, (૧૩) કિરિયા વિસાલ અને (૧૪) બિંદુસાર. તે ચૌદનો સમૂહ ચઉદ્દસપૂર્વ તરીકે જાણીતો છે. |
| पुव्वफग्गुणी | दे.ज. | *पूर्वफाल्गुनी* | પૂર્વફાલ્ગુની | આ અને પુવ્વાફગ્ગુણી એક છે. |
| पुव्वभद्दवया | दे.ज. | *पूर्वभाद्रपदा* | પૂર્વભાદ્રપદા | આ અને પુવ્વાભદ્દવયા એક છે. |
| १. पुव्वविदेह | भौ. | *पूर्वविदेह* | પૂર્વવિદેહ | જંબૂદ્વીપમાં આવેલા મહાવિદેહના ૪ ઉપક્ષેત્રોમાંનું એક. તે મંદરપર્વતની ઉત્તરે છે. તેવો જ પૂર્વવિદેહ ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપમાં છે. જુઓ મહાવિદેહ |
| २. पुव्वविदेह | भौ. | *पूर्वविदेह* | પૂર્વવિદેહ | આ અને પૂર્વવિદેહકૂડ એક છે. |
| १. पुव्वविदेहकूड | भौ. | *पूर्वविदेहकूट* | પૂર્વવિદેહકૂટ | નીષધ પર્વતનું શિખર. |
| २. पुव्वविदेहकूड | भौ. | *पूर्वविदेहकूट* | પૂર્વવિદેહકૂટ | નીલવંત પર્વતનું શિખર. |
| पुव्वापोट्ठवया | दे.ज. | *पूर्वाप्रोष्ठप्रदा* | પૂર્વાપ્રોષ્ઠપ્રદા | આ અને 'પૂવ્વાભદ્દવયા' એક છે. |
| पुव्वाफग्गुणी | दे.ज. | *पूर्वाफाल्गुनी* | પૂર્વાફાલ્ગુની | ૨૮ નક્ષત્રમાંનું એક. તેનું ગોત્રનામ ગોવલ્લાયણ છે |
| पुव्वाभद्दवया | दे.ज. | *पूर्वाभाद्रपदा* | પૂર્વાભાદ્રપદા | અઠ્ઠાવીસ નક્ષત્રોમાંનું એક. અજ તેનો અધિષ્ઠાતા દેવ છે અને જાતુકર્ણ તેનું ગોત્રનામ છે. |
| पुव्वासाढा | दे.ज. | *पूर्वाषाढा* | પૂર્વાષાઢા | ૨૮ નક્ષત્રમાંનું એક. 'અપ્' તેનો અધિષ્ઠાતા દેવ છે અને 'વજ્ઝિયાયણ' તેનું ગોત્રનામ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. पुस्स | दे.ज. | पुष्य | પુષ્ય | ૨૮ નક્ષત્રમાંનું એક. બૃહસ્પતિ તેનો અધિષ્ઠાતા દેવ છે. 'ઓમજ્ઝાયણ' પુષ્યનું ગોત્રનામ છે. |
| २. पुस्स | ती. | पुष्य | પુષ્ય | નવમા તીર્થંકર પુષ્પદંતને સૌપ્રથમ ભિક્ષા આપનારો શ્વેતપુરનો ગૃહસ્થ. |
| ३. पुस्स | दे.ज. | पुष्य | પુષ્ય | જુઓ પૂસ(૧). |
| पुस्सदेवय | अ. | पुष्यदैवत | પુષ્યદૈવત | એક અજૈન મતવાદનો ગ્રન્થ. |
| पुस्सभूति | श्र. | पुष्यभूति | પુષ્યભૂતિ | આ અને પૂસભૂતિ એક છે. |
| पुस्समित्त | श्र. | पुष्यमित्र | પુષ્યમિત્ર | જુઓ પુષ્યમિત્ર. |
| पुस्सायण | अ.ज. | पुष्यायन | પુષ્યાયન | રેવતી નક્ષત્રનું ગોત્રનામ. |
| १. पुहइ | ती. | पृथिवी | પૃથિવી | સુપાર્શ્વની માતા અને રાજા પ્રતિષ્ઠ ની પત્ની. |
| २. पुहइ | च. | पृथिवी | પૃથિવી | ત્રીજા વાસુદેવ સયંભૂની માતા. |
| ३. पुहइ | अ.ग. | पृथिवी | પૃથિવી | મહાવીરના પહેલા ત્રણ ગણધરોની માતા અને વસુભૂતિની પત્ની. |
| ४. पुहइ | क. | पृथिवी | પૃથિવી | રાજા શાલવાહનની પત્ની. એક વાર તેણે પોતાના પતિનો વેશ પહેરી તેની જેમ કામ અને વર્તન કર્યું. |
| ५. पुहइ | दे. | पृथिवी | પૃથિવી | રુચક પર્વતના પશ્ચિમ ભાગના હિમવત શિખર પર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| पूतणा/पूयणा | दे. | पूतना | પૂતના | બાળકોની હત્યા કરનારી કુખ્યાત વ્યંતર દેવી. |
| १. पूरण | अ. | पूरन | પૂરણ | વિતશોકા નગરીના રાજા મહબ્બલના છ મિત્રોમાં નો એક. |
| २. पूरण | आ. | पूरन | પૂરણ | અંતકૃદ્દશાના બીજા વર્ગનું સાતમું અધ્યયન. |
| ३. पूरण | श्र. | पूरन | પૂરણ | બારવઈના રાજા અંધગવૃષ્ણી અને રાણી ધારિણી નો પુત્ર. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી. તે ૧૬વર્ષનું શ્રામણ્ય પાળી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યા. |
| ४. पूरण | श्र. | पूरन | પૂરણ | બેભેલ સંનિવેશના શ્રેષ્ઠી. તે સંસાર ત્યાગી શ્રમણ બન્યા હતા. મૃત્યુ પછી તે ચમરચંચામાં ચમર ઈંદ્ર તરીકે જન્મ્યા હતા. |
| १. पूस | दे.ज. | पुष्य | પુષ્ય | રેવઈ(૪) નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| २. पूस | क. | पुष्य | પુષ્ય | એક હસ્તિસામુદ્રિકજ્ઞ જેણે તીર્થંકર મહાવીરના પગલાની છાપમાં ચક્રવર્તીના લક્ષણો જોઈ મહાવીર પાસેથી બક્ષિસ મળવાની આશાએ ભ૦ મહાવીરની સેવા કરવાનું વિચાર્યું.<br>મહાવીરના પગલાની છાપને અનુસરતો તે થૂનાગ સંનિવેશ પહોંચ્યો અને તેણે જોયું મહાવીર તો સંસારત્યાગી કેવળ શ્રમણ હતા. તે નિરાશ થયો અને હસ્તસામુદ્રિક શાસ્ત્રની ખરાઈ અને ચોકસાઈ વિશે તેને શંકા થઈ. |
| पूसणंदी | अ. | पुष्यनन्दी | પુષ્યનન્દી | રોહીડઅ નગરના રાજા વૈશ્રમણદત્ત અને રાણી શ્રીદેવીનો પુત્ર તથા તે જ નગરના શ્રેષ્ઠી દત્તની પુત્રી દેવદત્તાનો પતિ. |
| पूसभूति | श्र. | पुष्यभूति | પુષ્યભૂતિ | આચાર્ય પુષ્યમિત્રના ગુરુ. તે ધ્યાનમાં નિપુણ હતા. તેમણે સિંબવર્ધન નગરના રાજા મુંડિઅ ને પ્રબુદ્ધ કર્યો હતો. તે અને વસુભૂતિ એક છે. |
| पूसमाणग | दे.ज. | पुष्यमाणक | પુષ્યમાણક | કેવળ ઠાણમાં ઉલ્લિખિત ગ્રહ. |
| १. पूसमित्त | श्र. | पुष्यमित्र | પુષ્યમિત્ર | પૂષ્યભૂતિના શિષ્ય જે વસુભૂતિ નામે પણ જાણીતા હતા. પૂસભૂતિએ આદરેલા ઊંડા ધ્યાનનાં બાહ્ય ચિહ્નો સમજનાર એકમાત્ર તે જ હતા. |
| २. पूसमित्त | ती. | पुष्यमित्र | પુષ્યમિત્ર | મહાવીરનો પૂર્વભવ. તે થૂણા સંનિવેશના હતા. |
| ३. पूसमित्त | श्र. | पुष्यमित्र | પુષ્યમિત્ર | જે આચાર્ય અન્ય સાત આચાર્યો સાથે વ્યાવહારિક આચારનિયમોના પાલનમાં માનતા હતા તે. |
| ४. पूसमित्त | श्र. | पुष्यमित्र | પુષ્યમિત્ર | આચાર્ય પક્ખિયને ૩ શિષ્યો હતા જેમના નામના છેડે પુષ્યમિત્ર શબ્દ આવતો હતો. તેવા ત્રણ હતા ઘયપુષ્યમિત્ર, પોત્તપુષ્યમિત્ર, દુબ્બલિયપુષ્યમિત્ર |
| पूससमाणग | दे.ज. | पुष्यसमानक | પુષ્યસમાનક | કેવળ ઠાણમાં આપવામાં આવેલી ગ્રહોની યાદીમાં તેનો સમાવેશ છે |
| पूसा | अ. | पुष्या | પુષ્યા | કંપિલ્લપુર નગરના શ્રેષ્ઠી કુંડકોલિયની પત્ની. |
| १. पेढाल | क.ता. | पेढाल | પેઢાલ | એક પરિવ્રાજક જેમને અનેક અલૌકિક વિદ્યા સિદ્ધ હતી. તે એવી કોઈ યોગ્ય વ્યક્તિની શોધમાં હતા કે જેને તે આ વિદ્યાઓ આપી શકે. અલૌકિક શક્તિ થી તેમણે તેમનું વીર્ય સુજ્યેષ્ઠા સાધ્વીની કૂક્ષીમાં મૂકી પુત્ર પેદા કર્યો. આ રીતે જન્મેલ બાળકનું નામ સત્યકી રાખ્યુ. પેઢાલની હત્યા તેના વડે થઈ. |
| २. पेढाल | ऐ. | पेढाल | પેઢાલ | દ્રઢભૂમિની બહાર આવેલું ઉદ્યાન. તેમાં પોલાસ નામનું ચૈત્ય હતું. તીર્થંકર મહાવીર અહીં આવ્યા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| **पेढालग्गाम** | **भौ.** | *पेढालग्राम* | પેઢાલગ્રામ | દ્રઢભૂમિમાં આવેલું ગામ. તીર્થંકર મહાવીર આ ગામમાં આવ્યા હતા. |
| **१. पेढालपुत्त** | **ती.** | *पेढालपुत्र* | પેઢાલપુત્ર | ભરત ક્ષેત્રના આઠમા ભાવિ તીર્થંકર. તે તેમના પૂર્વભવમાં નંદ(૮) હતા. |
| **२. पेढालपुत्त** | **श्र.** | *पेढालपुत्र* | પેઢાલપુત્ર | ઉદઅ(૩)નું બીજું નામ. |
| **३. पेढालपुत्त** | **आ.** | *पेढालपुत्र* | પેઢાલપુત્ર | અનુત્તરોપપાતિકદશા સૂત્રના ત્રીજા વર્ગનું આઠમું અધ્યયન. |
| **४. पेढालपुत्त** | **श्र.** | *पेढालपुत्र* | પેઢાલપુત્ર | વાણિજ્યગ્રામની સાર્થવાહી ભદ્રાનો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે શ્રામણ્યની દીક્ષા લીધી હતી અને તે મરીને સર્વાર્થસિદ્ધ સ્વર્ગીય વાસસ્થાનમાં (વિમાનમાં) દેવ તરીકે જન્મ્યો હતો. મહાવિદેહમાં તે મોક્ષ પામશે. |
| **पेयकाइय** | **दे.** | *प्रेतकायिक* | પ્રેતકાયિક | લોકપાલ યમના આધિપત્ય નીચેના દેવોનો એક પ્રકાર. |
| **पेयदेवकाइय** | **दे.** | *प्रेतदेवकायिक* | પ્રેતદેવકાયિક | લોકપાલ યમ(૨)ના આધિપત્ય નીચેના દેવોનો એક પ્રકાર. |
| **१. पेल्लअ** | **श्र.** | *प्रेरक* | પેરક | રાજગૃહીની સાર્થવાહી ભદ્રાનો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે શ્રામણ્યની દીક્ષા લીધી હતી. મરીને તેનો જન્મ સર્વાર્થસિદ્ધ (વિમાનમાં) દેવ તરીકે થયો. તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| **२. पेल्लअ** | **आ.** | *प्रेरक* | પેરક | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩ નું અધ્યયન ૪ |
| **पोंडरीय** | **दे.भौ.** | *पुण्डरीक* | પુણ્ડરીક | મહાશુક્રમાં આવેલુ પદ્મ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન |
| **१. पोंडरीगिणी** | **भौ.** | *पुण्डरीकिणी* | પુણ્ડરીકિણી | નંદીશ્વરદ્વીપમાં આવેલ દક્ષિણના અંજનગ પર્વતની ચાર દિશાઓમાંથી એક દિશામાં આવેલું સરોવર. તેની લંબાઈ ૧ લાખ યોજન, પહોળાઈ ૫૦૦૦૦ યોજન છે. તેની ઊંડાઈ ૧૦૦૦ યોજન છે. |
| **२. पोंडरीगिणी** | **भौ.** | *पुण्डरीकिणी* | પુણ્ડરીકિણી | જુઓ પુંડરીકિણી. |
| **पोंडरीय** | **आ.** | *पुण्डरीक* | પુણ્ડરીક | જુઓ પુંડરીય. |
| **पोक्कण** | **अ.** | *प्रोक्षन* | પ્રોક્ષન | આ અને 'વોક્કાણ' એક છે. |
| **पोक्खलपाल** | **अ.च.** | *पुष्कलपाल* | પુષ્કલપાલ | પુષ્કલાવતી વિજયમાં આવેલ પુંડરીકિણીના ચક્રવર્તી વજ્રસેનનો પુત્ર. |
| **पोक्खलावइ** | **भौ.** | *पुष्कलावती* | પુષ્કલાવતી | જુઓ પુષ્કલાવતી. |
| **पोक्खलि** | **श्र.** | *पुष्कलिन्* | પુષ્કલિન્ | તીર્થંકર મહાવીરનો શ્રાવક અને શંખ નો સાથી. તે શ્રાવસ્તી નગરીનો હતો. |
| **१. पोग्गल** | **आ.** | *पुद्गल* | પુદ્ગલ | ભગવતીના શતક ૮નો ઉદ્દેશક ૧, શતક ૧૨નો ઉદ્દેશક ૪, અને શતક ૧૪નો ચોથો ઉદ્દેશક. |

| | | | | |
|---|---|---|---|---|
| २. पोग्गल | श्र. | पुद्गल | પુદ્ગલ | આલભિયા નગરના શ્રેષ્ઠી, જે તીર્થંકર મહાવીરના શિષ્ય બન્યા હતા. |
| पोट्ट | क.ता. | पोट्ट | પોટ્ટ | આ અને પોટ્ટસાલ એક છે. |
| पोट्टसाल | क.त | पोट्टशाल | પોટ્ટશાલ | જંબૂદ્વીપમાં પોતાને અજેય વિદ્વાન મનાવવાનો ઢોંગ કરતો પરિવ્રાજક. પોતાના વિશાળ જ્ઞાનથી પોતાનું પેટ ફાટી જ્ઞાન બહાર નીકળી ન જાય એટલા ખાતર જ્ઞાનને સાચવી રાખવા તે પોતાના પેટ ફરતે લોઢાનો પટ્ટો બાંધતો હતો. રોહગુત્તએ તેને પડકાર આપ્યો અને હરાવ્યો. |
| १. पोट्टिल | ती. | पोट्टिल | પોટ્ટિલ | ભરતક્ષેત્રના નવમા ભાવિ તીર્થંકર અને સુનંદનો ભાવિ જન્મ. |
| २. पोट्टिल | ती.श्र. | पोट्टिल | પોટ્ટિલ | મહાવીરનો છઠ્ઠો પૂર્વભવ. તેણે એક કરોડ વર્ષનું શ્રામણ્ય પાળ્યુ. તે અને પુષ્યમિત્ર એક જણાય છે. |
| ३. पोट्टिल | दे. | पोट्टिल | પોટ્ટિલ | તે દેવ જે તેના પૂર્વભવમાં મંત્રી તેતલિપુત્તની પત્ની પોટ્ટિલા હતો. |
| ४. पोट्टिल | श्र. | पोट्टिल | પોટ્ટિલ | એક શ્રમણ અને સયંપભ(૩)નો પૂર્વભવ. તે મહાવીર ના તીર્થમાં હતા. |
| ५. पोट्टिल | श्र. | पोट्टिल | પોટ્ટિલ | જુઓ 'પુટ્ઠિલ'(૨). |
| पोट्टिल | श्र. | पोट्टिल | પોટ્ટિલ અણગાર | આ અને પોટ્ટિલ(૪) એક છે. |
| पोट्टिला | क.श्र. | पोट्टिला | પોટ્ટિલા | તેતલિપુરના સોની કલાદ અને તેની પત્ની ભદ્રા ની રૂપવતી પુત્રી. મંત્રી તેતલિપુત્ર તેને પરણ્યો. વખત જતા મંત્રીનો તેના પ્રત્યેનો પ્રેમ ઓસરી ગયો એટલે તેણે તેને દાનભિક્ષા આપવાના કામમાં નીમી. તે શ્રમણીઓના સંપર્કમાં આવી અને તેણે તેતલિપુત્તનું હૃદય જીતી લેવા માટે તે શ્રમણીઓને મંત્ર કે ઔષધિનો ઉપયોગ શીખવવા વિનંતી કરી. શ્રમણીઓએ તો ઊલટું તેને ધર્મોપદેશ આપ્યો. પછી તે શ્રાવિકા થઈ ગઈ. સમય પસાર થતાં તે દીક્ષા લઈ શ્રમણી બની, મૃત્યુ પછી સ્વર્ગે ગઈ. |
| पोट्टिल्ल | श्र. | पोट्टिल्ल | પોટ્ટિલ | આ અને પુટ્ઠિલ એક છે. |
| पोट्ठवइ/पोट्ठवया | दे.ज. | प्रोष्ठप्रदा | પ્રોષ્ઠપદા | એક નક્ષત્ર. |
| पोट्ठिल | श्र. | पोट्ठिल | પોટ્ઠિલ | આ અને પુટ્ઠિલ એક છે. |
| पोतण | ऐ. | पोतन | પોતન | જુઓ પોતનપુર. |
| पोतणपुर | ऐ. | पोतनपुर | પોતનપુર | જુઓ પોતનપુર. |
| पोत्तपूसमित्त | श्र. | पोतपुष्यमित्र | પોતપુષ્યમિત્ર | આચાર્ય રક્ષિત ના શિષ્ય. તેમની પાસે એવી અલૌકિક શક્તિ હતી કે તે પોતાની ઇચ્છાથી જ ધારે તે વસ્ત્રો પેદા કરી શકતા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| **पोत्तिय** | अ.ता. | *पौतिक* | પૌતિક | વસ્ત્રો પહેરતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| **पोयण** | ऐ. | *पोतन* | પોતન | જુઓ પોતનપુર. |
| **पोयणपुर** | ऐ. | *पोतनपुर* | પોતનપુર | જે દસાર્હોમાં પ્રથમ તેમજ પ્રથમ વાસુદેવ હતા તે ત્રીપૃષ્ઠ જ્યાં જન્મ્યા હતા તે નગર. તેમના પિતા રાજા પ્રજાપતિ હતા અને તેમની માતા રાણી મૃગાવતીહતી. ચોથા વાસુદેવ તેમના પૂર્વભવમાં નિદાન સાથે અહીં મૃત્યુ પામ્યા હતા. |
| **पोरिसीमंडल** | आ. | *पौरुषीमण्डल* | પૌરુષીમંડલ | રાત દિવસની પોરિસીનું  વર્ણન કરતું ઉત્કાલિક આગમસૂત્ર. તે હાલ અસ્તિત્વમાં નથી. |
| **१. पोलास** | ऐ. | *पोलास* | પોલાસ | સેયવિયા નગરની બહાર આવેલું ઉદ્યાન. આચાર્ય આસાઢ વિહાર કરી અહીં આવ્યા હતા અને આ ઉદ્યાનમાં તેમનું મૃત્યુ થયુ હતુ. કંઈક ગેરસમજના કારણે તેમના શિષ્યોએ તેમના નામે ખોટા સિદ્ધાંતની સ્થાપના કરી સંઘભેદ(નિહ્નવ) કર્યો. |
| **२. पोलास** | ऐ. | *पोलास* | પોલાસ | પેઢાલગ્ગામમાં આવેલું ચૈત્ય. તીર્થંકર મહાવીર વિહાર કરતાં અહીં આવ્યા હતા, એક રાત ગાળી હતી અને મહાપ્રતિમા ધારણ કરી હતી. |
| **पोलासपुर** | ऐ. | *पोलासपुर* | પોલાસપુર | જ્યાં તીર્થંકર મહાવીર આવ્યા હતા તે નગર. તે નગરમાં સાહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું. રાજા જિતશત્રુ ત્યાં રાજ કરતા હતા. |
| **पोलिंदी** | अ. | *पौलिन्दी* | પૌલિન્દી | અઢાર બ્રાહ્મી લિપિઓમાંની એક. |
| **फग्गु** | ती.श्र. | *फल्गु* | ફલ્ગુ | બીજા તીર્થંકર અજિતના પ્રથમ શિષ્યા. |
| **फग्गुणी** | श्रा. | *फाल्गुनी* | ફાલ્ગુની | ભ૦ મહાવીરના શ્રાવક અને શ્રાવસ્તીના સાલિહી–પિતાની પત્ની. |
| **फग्गुमित्त** | श्र. | *फल्गुमित्र* | ફલ્ગુમિત્ર | પૂષ્યગિરિના શિષ્ય અને આચાર્ય ધનગિરિના ગુરુ. તે ગૌતમ  ગોત્રના હતા. |
| **फग्गुरक्खिय** | श्र. | *फल्गुरक्षित* | ફલ્ગુરક્ષિત | દશપુરના બ્રાહ્મણ સોમદેવનો પુત્ર અને આચાર્ય રક્ષિતનો નાનો ભાઈ. રક્ષિતના ઉપદેશથી તે સાધુ થઈ ગયા. |
| **फग्गुसिरी** | श्रा. | *फल्गुश्री* | ફલ્ગુશ્રી | વર્તમાન અવસર્પિણી કાલચક્રની છેલ્લી શ્રાવિકા. |
| **फरसुराम** | क. | *परशुराम* | પરશુરામ | આ અને પરસુરામ એક છે. |
| **फलजंभग** | दे. | *फलजृम्भक* | ફલજૃમ્ભક | જૃંભગ દેવોના દસ ભેદોમાંનો એક ભેદ. |
| **फलहिमल्ल** | क. | *फलहिमल्ल* | ફલહિમલ્લ | આ અને ફલિહમલ્લ એક છે. |
| **१. फलाहार** | अ.ता. | *फलाहार* | ફલાહાર | ફળો ખાઈને જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| **२. फलाहार** | अ. | *फलाहार* | ફલાહાર | હિમવંતપર્વત પર તપશ્ચર્યા કરતા કાલ્પનિક ઋષિ. |
| **फलिह** | भौ. | *स्फटिक* | સ્ફટિક | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો પંદરમો ભાગ. તેનો વિસ્તાર એક હજાર યોજન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| फलिहकूड | भौ. | स्फटिककूट | સ્ફટિકકૂટ | ગંધમાદન પર્વતનું શિખર. તેનો અધિષ્ઠાતા દેવ ભોગનિકર છે. |
| फलिहमल्ल | क. | फलिहमल्ल | ફલિહમલ્લ | પ્રસિદ્ધ મલ્લ. પહેલાં તે ભરૂચ પાસેના દૂરલ્લકૂવિઅ ગામનો મજબૂત બાંધાવાળો ખેડૂત હતો. સોપારગના મચ્છિયમલ્લને હરાવવા માટે ઉજ્જેની નો અટ્ટન મલ્લ તેને પોતાની સાથે લઈ ગયો. |
| फलिहवडिंसय | दे.भौ. | स्फटिकावतंसक | સ્ફટિકાવતંસક | ઇશાન કલ્પ માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. |
| फालअंबडपुत्त | आ. | फालअम्बडपुत्र | ફાલઅમ્બડપુત્ર | અંતકૃદ્દશા સૂત્રનું દસમું અધ્યયન . તે હાલ અસ્તિત્વમાં નથી. |
| फास | दे.ज. | स्पर्श | સ્પર્શ | ઠાણમાં કાસ સાથે ઉલ્લેખાયેલો ગ્રહ. સૂર્યપ્રજ્ઞપ્તિ માં તે બેને એક ગણેલ છે, તે એકનું નામ કામફાસ છે. |
| फासुग | आ. | प्रासुक | પ્રાસુક | ભગવતીના આઠમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક. |
| फूडा | दे. | स्फुटा | સ્ફુટા | અઈકાય અને મહાકાય જે મહોરગ વ્યંતર દેવોના ઈન્દ્રો છે તેમની દરેકની જે ચાર ચાર મુખ્ય પત્ની છે તેમાંથી એક એકનું આ નામ છે. અપરાજિતા નામે પણ તેનો ઉલ્લેખ આવે છે. |
| फेणमालिणी | भौ. | फेनमालिनी | ફેનમાલિની | મંદર પર્વતની પશ્ચિમે અને સિતોદા નદીની ઉત્તરે વહેતી નદી. |
| बउस | अ.भौ. | बकुश | બકુશ | એક અનાર્ય દેશ અને તેના લોકો. આ દેશમાંથી લાવવામાં આવેલી કન્યાઓ રાજાઓના અન્તઃપુરોમાં દાસી તરીકે કામ કરતી. જુઓ પઉસ. |
| बंध | आ. | बन्ध | બન્ધ | ભગવતીના શતક ૮ નો ઉદ્દેશક ૯ તેમજ શતક ૨૦નો ઉદ્દેશક ૭. પ્રજ્ઞાપનાનું પદ ૨૪ તેમજ પદ ૨૬ અને બંભદસાનું અધ્યયન ૧. |
| बंधदसा | आ. | बन्धदशा | બન્ધદશા | દસ દશાસૂત્રોમાંનુ એક. તે હાલ અસ્તિત્વમાં નથી. તેમાં દસ અધ્યયનો હતા– (૧) બંધ, (૨) મોક્ખ, (૩) દેવદ્ધિ, (૪) દસારમંડલ, (૫) આયરિય વિપ્પડિવત્તિ, (૬) ઉવજ્ઝાયવિપ્પડિવત્તિ, (૭) ભાવણા, (૮) વિમુત્તિ, (૯) સાત, (૧૦) કર્મ. |
| बंधुमइ | अ. | बन्धुमती | બન્ધુમતી | જુઓ બંધુમતી(૩). |
| १. बंधुमती | ती.श्र. | बन्धुमती | બન્ધુમતી | તીર્થંકર મલ્લિની મુખ્ય શિષ્યા. |
| २. बंधुमती | क. | बन्धुमती | બન્ધુમતી | રાજગૃહીના અર્જુન માળીની પત્ની. |
| ३. बंधुमती | अ. | बन्धुमती | બન્ધુમતી | ગોબ્બરગામના ખેડૂત ગોસંખિની પત્ની. |
| बंधुय | भौ. | बन्धुक | બન્ધુક | એક અનાર્ય દેશ, કદાચ આ અને 'ચંચુય' એક છે. |
| बंधुवती | ती.श्र. | बन्धुवती | બન્ધુવતી | આ અને બંધુમતી(૧) એક છે. |
| बंधुसिरी | अ. | बन्धुश्री | બન્ધુશ્રી | મથુરાના રાજા શ્રીદામની રાણી અને રાજકુમાર નંદિવર્ધનની માતા. |

| | | | | |
|---|---|---|---|---|
| १. बंभ | अ.च. | ब्रह्मन् | બ્રહ્મન્ | કંપિલ્લપુર નગરના રાજા, ચક્રવર્તી બ્રહ્મદત્તના પિતા, રાણીઓ– ઇંદસિરી, ઇંદજસા, ઇંદુવસુ અને ચુલણી(૨)ના પતિ તથા રાજાઓ કડઅ, કણેરુદત્ત, પુષ્પચૂલ(૨) અને દીહના મિત્ર. |
| २. बंभ | च. | ब्रह्मन् | બ્રહ્મન્ | ચક્રવર્તી બ્રહ્મદત્તનો મહેલ. |
| ३. बंभ | स. | ब्रह्मन् | બ્રહ્મન્ | રાત–દિવસના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| ४. बंभ | च.अ. | ब्रह्मन् | બ્રહ્મન્ | બીજા વાસુદેવ દ્વિપૃષ્ઠના પિતા તેમજ બીજા બલદેવ વિજયના પણ પિતા. તે બારવઈના રાજા અને ઉમા(૧) તથા સુભદ્રા(૮)ના પતિ હતા. |
| ५. बंभ | दे. | ब्रह्मन् | બ્રહ્મન્ | બ્રહ્મલોકનો ઇંદ્ર. તેના સ્વર્ગીય વિમાનનું નામ નંદ્યાવર્ત્ત છે. |
| ६. बंभ | दे.भौ. | ब्रह्मन् | બ્રહ્મન્ | લાંતકનું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અગિયાર સાગરોપમ વર્ષનું છે. |
| ७. बंभ | भौ. | ब्रह्मन् | બ્રહ્મન્ | ઈસિપબ્ભારાનું બીજું નામ. |
| ८. बंभ | दे. | ब्रह्मन् | બ્રહ્મન્ | આવશ્યકમાં જે દેવની સ્તુતિ કરવામાં આવી છે તે. |
| बंभकंत | दे.भौ. | ब्रह्मकान्त | બ્રહ્મકાન્ત | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभकप्प | दे.भौ. | ब्रह्मकल्प | બ્રહ્મકલ્પ | આ અને બ્રહ્મલોક એક છે. |
| बंभकूड | दे.भौ. | ब्रह्मकूट | બ્રહ્મકૂટ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभचारि | ती.ग. | ब्रह्मचारिन् | બ્રહ્મચારિન્ | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરમાંના એક. |
| बंभचेर | आ. | ब्रह्मचर्य | બ્રહ્મચર્ય | આચાર અંગસૂત્રના શ્રુતસ્કન્ધ ૧ના અધ્યયનોનું સમૂહવાચક નામ. |
| बंभचेरसमाहिठाण | आ. | ब्रह्मचर्यसमाधिस्थान | બ્રહ્મચર્યસમાધિ-સ્થાન | ઉત્તરાધ્યયન સૂત્રનું અધ્યયન ૧૬. તે 'કેવળ–સમાહિઠાણ' નામે પણ જાણીતું છે. |
| बंभज्झय | दे.भौ. | ब्रह्मध्वज | બ્રહ્મધ્વજ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभणगाम | ऐ. | ब्राह्मणग्राम | બ્રાહ્મણગ્રામ | મહાવીર જે ગામ ગયા હતા તે ગામ. તેઓ તે ગામ સુવર્ણખલથી ગયા હતા. તે ગામમાં નંદે મહાવીરને અને તેના ભાઈ ઉપનંદે ગોસાલને ભિક્ષા આપેલી. |
| बंभणागाम | ऐ. | ब्राह्मणग्राम | બ્રાહ્મણગ્રામ | જુઓ બંભણગામ. |
| बंभथल | ऐ. | ब्रह्मस्थल | બ્રહ્મસ્થલ | છઠ્ઠા ભ૦પદ્મપ્પભે સૌ પ્રથમ પાર ણું કરેલું તે |
| १. बंभदत्त | च. | ब्रह्मदत्त | બ્રહ્મદત્ત | વર્તમાન અવસર્પિણી કાલચક્રના બારમા ચક્રવર્તી. તે તેવીસમા તીર્થંકરપાર્શ્વના પહેલાં અને બાવીસમાં તીર્થંકર અરિષ્ટનેમિના પછી રાજ કરતા હતા. પંચાલ દેશની રાજધાની કંપિલ્લપુરના રાજા બંભ અને તેમની રાણી ચુલણીના તે પુત્ર હતા. તેમની ઊંચાઈ સાત ધનુષ હતી. તેમને અનેક રાણીઓ હતી. સાતસો વર્ષનું આયુષ્ય ભોગવ્યા પછી મરીને તે સાતમાં નરકમાં જન્મ્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| २. बंभदत्त | अ.ती. | *ब्रह्मदत्त* | બ્રહ્મદત્ત | અયોધ્યાનો ગૃહસ્થ. તેણે બીજા તીર્થંકર અજિતને સૌપ્રથમ ભિક્ષા આપી હતી. |
| ३. बंभदत्त | अ.ती. | *ब्रह्मदत्त* | બ્રહ્મદત્ત | રાજગૃહીનો ગૃહસ્થ. તેણે વીસમા તીર્થંકર મુનિ–સુવ્રતને સૌપ્રથમ ભિક્ષા આપી હતી. તેનો ઉલ્લેખ ઋષભસેન નામે પણ થયો છે. |
| ४. बंभदत्त | अ. | *ब्रह्मदत्त* | બ્રહ્મદત્ત | જે પોતાના નસીબ ઉપર જ વિશ્વાસ રાખતો હતો તે રાજકુમાર. |
| बंभदत्तहिंडी | अ. | *ब्रह्मदत्तहिंडी* | બ્રહ્મદત્તહિંડી | ચક્રવર્તી બ્રહ્મદત્તના જીવનચરિત્રને આલેખતો ગ્રંથ |
| बंभदत्तिहिंडी | अ. | *ब्रह्मदत्तीहिंडी* | બ્રહ્મદત્તીહિંડી | આ અને બ્રહ્મદત્તહિંડી એક છે. |
| बंभदीव | भौ. | *ब्रह्मद्वीप* | બ્રહ્મદ્વીપ | અચલપુર પાસેનો તથા કૃષ્ણા અને બેન્ના વચ્ચેનો આભીર(૧) દેશમાં આવેલો પ્રદેશ. |
| बंभदीविया | अ.श्र. | *ब्रह्मद्वीपिका* | બ્રહ્મદ્વીપિકા | આચાર્ય સમિત દ્વારા શરૂ કરાયેલી શ્રમણશાખા. તેમણે બ્રહ્મદ્વીપના તાપસોનું ધર્મપરિવર્તન કરાવી પોતાના શિષ્યો બનાવી દીધા. તેથી તે જૂથની બ્રહ્મદીપિકા શ્રમણશાખા બની. |
| बंभदीवा | अ.श्र. | *ब्रह्मद्वीपा* | બ્રહ્મદ્વીપા | આ અને બંભદીવિયા એક છે. |
| बंभद्दीव | भौ. | *ब्रह्मद्वीप* | બ્રહ્મદ્વીપ | જુઓ બંભદીવ. |
| बंभप्पभ | दे.भौ. | *ब्रह्मप्रभ* | બ્રહ્મપ્રભ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभयारि | ती.ग. | *ब्रह्मचारिन्* | બ્રહ્મચારિન્ | જુઓ બંભચારિ. |
| बंभलेस्स | दे.भौ. | *ब्रह्मलेश्य* | બ્રહ્મલેશ્ય | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभलोअ/बंभलोग | दे.भौ. | *ब्रह्मलोक* | બ્રહ્મલોક | જેના ઇંદ્ર 'બંભ'છે તે સ્વર્ગીય ક્ષેત્ર યા ભૂમિ. તેમાં ચાર લાખ સ્વર્ગીય વાસસ્થાનો છે. તેમની ઊંચાઈ ૭૦૦ યોજન છે. તેના ઇંદ્રને ૬૦૦૦૦ સામાનિક દેવો, ૨૪૦૦૦૦ આત્મરક્ષક દેવો છે. તેમાં જન્મેલ દેવોનું જઘન્ય આયુ સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુ ૧૦ સાગરોપમ વર્ષ છે. બધી સ્વર્ગભૂમિઓ માં આ સૌથી શ્રેષ્ઠ સ્વર્ગભૂમિ છે એવું મનાય છે. લોકાંતિક દેવો આ સ્વર્ગીય ક્ષેત્રમાં આવેલા અચ્ચિ, રિટ્ઠ(૭) વગેરે વાસસ્થાનોમાં રહે છે. બ્રહ્મલોક આ છ કાણ્ડોમાં વિભક્ત છે– 'અરઅ, વિરઅ, ણીરઅ, ણિમ્મલ, વિતિમિર, વિસુદ્ધ'. |
| बंभलोगवडिंसग | दे.भौ. | *ब्रह्मलोकावतंसक* | બ્રહ્મલોકાવતંસક | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૦ સાગરોપમ વર્ષ છે. |
| बंभवडिंसय | भौ. | *ब्रह्मावतंसक* | બ્રહ્માવતંસક | ઈસિપબ્ભારાનું બીજું નામ. |
| बंभवण्ण | दे.भौ. | *ब्रह्मवर्ण* | બ્રહ્મવર્ણ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभसिंग | दे.भौ. | *ब्रह्मशृङ्ग* | બ્રહ્મશૃઙ્ગ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बंभसिट्ठ | दे.भौ. | *ब्रह्मसृष्ट* | બ્રહ્મસૃષ્ટ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |

| | | | | |
|---|---|---|---|---|
| बंभण | दे. | ब्रह्मन् | બ્રહ્મન્ | જૈનધર્મને ન માનનારાઓના દેવ. જુઓ ઉમા(૩). |
| बंभावत्त | दे.भौ. | ब्रह्मावर्त | બ્રહ્માવર્ત | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. बंभी | श्र.ती. | ब्राह्मी | બ્રાહ્મી | તીર્થંકર ઋષભની તેમની પત્ની સુમંગલાથી જન્મેલી પુત્રી. તેની ઊંચાઈ ૫૦૦ ધનુષ હતી.તેના પિતાએ તેને સૌપ્રથમ લેખનકલા શિખવેલી, તેથી લિપિનું નામ બ્રાહ્મી પડ્યું. ઋષભ પાસે દીક્ષા લેનારી તે સૌપ્રથમ સ્ત્રી હતી. આ કારણે ૩ લાખ શ્રમણીઓના સમૂહની નાયિકા હતી. સુંદરી સાથે તેને ઋષભે બાહુબલિ પાસે બાહુબલિને સન્માર્ગ દેખાડવા મોકલી હતી. ચોરાશી લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને તે મોક્ષ પામી હતી. |
| २. बंभी | अ. | ब्राह्मी | બ્રાહ્મી | એક લિપિ જેના ૧૮ પ્રકાર છે– (૧) બ્રાહ્મી, (૨) જવણાણિયા, (૩) દોસાપુરિયા, (૪) ખરોટ્ઠી, (૫) પુક્ખરસારિયા, (૬) ભોગવઈયા, (૭) પહારાઈયા, (૮) અંતક્ખરિયા (ઉચ્ચત્તરિઆ), (૯) અક્ખર પુટ્ઠિયા, (૧૦) વેણઈયા, (૧૧) નિણ્હઈયા, (૧૨) અંકલિવિ, (૧૩) ગણિયલિવિ, (૧૪) ગંધવ્વલિવિ (ભૂયલિવિ), (૧૫) આયંસ લિવિ, (૧૬) માહેસરી, (૧૭) દામિલી (૧૮) પોલિંદી. પિતા ઋષભે પોતાની પુત્રી બ્રાહ્મીને સૌપ્રથમ લેખનકલા શિખવી હતી એ કારણે લિપિ બ્રાહ્મી નામે જાણીતી થઈ. તે લિપિમાં છેતાલીસ માતૃકા–ક્ષરો અથવા માતૃકાપદો છે. |
| बंभुत्तरवडिंसग | दे.भौ. | ब्रह्मोत्तरावतंसक | બ્રહ્મોત્તરાવતંસક | બંભ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| बकुस | अ.भौ. | बकुस | બકુસ | આ અને બઉસ એક છે. |
| बद्धसुय | आ. | बद्धश्रुत | બદ્ધશ્રુત | દુવાલસંગનું બીજું નામ. |
| बब्बर | अ.भौ. | बर्बर | બર્બર | એક અનાર્ય દેશ અને તેના લોકો. ચક્રવર્તી ભરતે આ દેશ જીતેલો, તે સિંધુ નદીની પેલે પાર આવેલ. |
| बम्हदेवया | अ.ज. | ब्रह्मदेवता | બ્રહ્મદેવતા | અભિઈ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| बम्हथलय | ऐ. | ब्रह्मस्थल | બ્રહ્મસ્થલ | આ અને બંભથલ એક છે. |
| बम्हा | दे. | ब्रह्म | બ્રહ્મ | જુઓ બ્રહ્મદેવયા. |
| बरदाम | भौ. | बरदाम | બરદામ | આ અને વરદામ એક છે. |
| १. बल | श्र. | बल | બલ | હસ્તિનાપુરના શ્રેષ્ઠી. તેમણે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. તે મરીને દેવ તરીકે જન્મ્યા હતા. |
| २. बल | श्र. | बल | બલ | વિતશોકા નગરીના રાજા. તેમને ૧૦૦૦ રાણીઓ હતી. તેમાં ધારિણી મુખ્ય હતી.<br>બલરાજાએ પોતાનું રાજ મહબ્બલ પુત્ર મહબ્બલને સોંપી શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. बल | अ. | *बल* | બલ | મહાપુરના રાજા, સુભદ્રાના પતિ, મહાબલના પિતા |
| ४. बल | क. | *बल* | બલ | હસ્તિનાપુરના રાજા, પ્રભાવતીના પતિ, મહબ્બલ (૧)ના પિતા. |
| ५. बल | अ.ग. | *बल* | બલ | મહાવીરના અગિયારમા ગણધર પ્રભાસના પિતા. |
| ६. बल | अ.ती. | *बल* | બલ | એક બ્રાહ્મણ જેમનો બહુલ સાથે અભેદ કરાયો છે. મહાવીરને સૌ પ્રથમ ભિક્ષા આપનાર તે હતા. જુઓ બહુલ(૨). |
| ७. बल | क. | *बल* | બલ | આ અને હરિએસબલ એક છે. |
| ८. बल | अ.ता. | *बल* | બલ | એક ક્ષત્રિય પરિવ્રાજક. |
| ९. बल | आ. | *बल* | બલ | પુષ્પિકાનું નવમું અધ્યયન. |
| १०. बल | दे. | *बल* | બલ | નંદનવનમાં આવેલા બલકૂડનો અધિષ્ઠાતા દેવ. |
| ११. बल | दे. | *बल* | બલ | એક યક્ષ દેવ જે તેના પૂર્વભવમાં સર્પ હતો. |
| १२. बल | च. | *बल* | બલ | બલદેવ(૨) નામનો સંક્ષેપ. |
| बलकूड | भौ. | *बलकूट* | બલકૂટ | મંદરપર્વતની ઉત્તર–પૂર્વ ભાગે આવેલા નંદનવન માં આવેલુ શિખર.<br>તેની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. તળેટી આગળ પણ તેનો વિસ્તાર ૧૦૦૦ યોજન છે.<br>બલ(૧૧) તેનો અધિષ્ઠાતા દેવ છે. |
| १. बलकोट्ट | क. | *बलकोष्ट* | બલકોષ્ટ | આ જ નામના હરિએસ સમાજના મુખી, હરિએસ–બલ નો પિતા, અને ગોરી તથા ગંધારીનો પતિ. |
| २. बलकोट्ट | अ. | *बलकोष्ट* | બલકોષ્ટ | હરિએસ સમાજ કે કોમ. |
| १. बलदेव | च.ती. | *बलदेव* | બલદેવ | ભરતક્ષેત્રમાં થયેલા વર્તમાન અવસર્પિણી કાલચક્ર ના નવમા અર્થાત્ છેલ્લા બલદેવ.<br>તે વસુદેવ અને રોહિણીના પુત્ર તથા વાસુદેવ કૃષ્ણના મોટા ભાઈ હતા. તે ગૌતમગોત્રના હતા.<br>તે બલભદ્ર નામે જાણીતા હતા બારવઈ ના રાજા હતા. તેને ધારિણી અને રેવતી પત્ની હતી.<br>ભાઈના મૃત્યુથી શોકસંતપ્ત બલદેવે અરિષ્ટ નેમિના વિદ્યાધર શિષ્ય પાસે શ્રમણત્વ સ્વીકાર્યું.<br>તેમણે તુંગિકાગિરિ ઉપર તપશ્ચર્યા કરી. મૃત્યુ પછી તેમનો આત્મા બ્રહ્મલોકના પદ્મોત્તર સ્વર્ગીય વાસ સ્થાનમાં દેવ થયો.<br>તે ભરતક્ષેત્રમાં ચૌદમા ભાવિ તીર્થંકર નિષ્કસાયરૂપે જન્મ ધારણ કરશે.<br>જુઓ રામ(૧). |

| | | | | |
|---|---|---|---|---|
| २. बलदेव | च. | बलदेव | બલદેવ | આ જાતિવાચક નામ છે. બલદેવ વાસુદેવના મોટા ભાઈ હોય છે. તે બલ નામે પણ જાણીતા હોય છે. તે અર્ધ ભરતક્ષેત્રના રાજા હોય છે. તે હળ, મુશળ અને તીર ધારણ કરે છે. તેમનો વર્ણ શ્વેત હોય છે. તે ૧૦૮ શુભ લક્ષણો ધરાવે છે અને તેમનામાં અલૌકિક શક્તિઓ હોય છે. બલદેવો કદી નીચ કુળમાં જન્મ લેતા નથી. તેમની માતાઓ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ ચાર સ્વપ્નને દેખે છે. જંબૂદ્વીપમાં ઓછામાં ઓછા ચાર અને વધુમાં વધુ ત્રીસ બલદેવો થાય છે. ભરત તેમજ ઐરાવતક્ષેત્રો માં દરેક કાલચક્રમાં નવ બલદેવો થાય છે અને તે પણ દુસ્સમસુસમા અરમાં. સામાન્ય રીતે તેઓ મોક્ષ પામે છે. તેઓ લીલા રંગના વસ્ત્રો પહેરે છે. |
| १. बलदेवघर | ऐ. | बलदेवगृह | બલદેવગૃહ | આવર્ત ગામની નજીક આવેલું ચૈત્ય જ્યાં મહાવીર ધ્યાન કરવા રોકાયા હતા. બલદેવનું ચૈત્ય હશે એવું લાગે છે, તે દિવસોમાં તે પૂજાતા હશે. |
| २. बलदेवघर | ऐ. | बलदेवगृह | બલદેવગૃહ | 'મદ્દણા' ગામ નજીક આવેલું ચૈત્ય જ્યાં મહાવીર ધ્યાન કરવા માટે રોકાયા હતા. જુઓ બલદેવઘર |
| १. बलभद्द | अ. | बलभद्र | બલભદ્ર | સુગ્રીવ નગરનો રાજા, 'મિયા'નો પતિ અને બલશ્રીનો પિતા. |
| २. बलभद्द | श्र. | बलभद्र | બલભદ્ર | ચક્રવર્તી ભરત પછી મોક્ષ પ્રાપ્ત કરનાર આઠ મહા–પુરુષોમાંનો એક મહાપુરુષ. તે મહાબલનામે પણ જાણીતો હતો. તે અઈજસનો પુત્ર હતો. |
| ३. बलभद्द | अ. | बलभद्र | બલભદ્ર | વિતશોકાના રાજા મહબ્બલ અને તેમની રાણી કમલસિરીનો પુત્ર. |
| ४. बलभद्द | श्र. | बलभद्र | બલભદ્ર | રાજગૃહીમાં મૌર્ય રાજવંશનો રાજા. તે વીરનિર્વાણ સંવત ૨૧૪માં જીવિત હતો. તે શ્રમણોપાસક હતો અને જેમણે અવ્યક્તનો સિદ્ધાંત સ્થાપ્યો હતો તે આચાર્ય આસાઢના શિષ્યોને તેણે પાઠ ભણાવેલો. |
| ५. बलभद्द | अ. | बलभद्र | બલભદ્ર | ૫૦૦ ચોરની ટોળીનો સરદાર. જુઓ કવિલ. |
| ६. बलभद्द | च. | बलभद्र | બલભદ્ર | આ અને બલદેવ એક છે. |
| ७. बलभद्द | च. | बलभद्र | બલભદ્ર | ભરત ક્ષેત્રના સાતમા ભાવિ વાસુદેવ. |
| बलभाणु | श्र. | बलभानु | બલભાનુ | ઉજ્જૈનીના બલમિત્ત અને ભાનુમિત્રની બેન ભાનુશ્રીનો પુત્ર. આચાર્ય કાલગએ તેને દીક્ષા આપી હતી. |
| १. बलमित्त | क. | बलमित्र | બલમિત્ર | ઉજ્જૈની નગરીનો રાજા. ભાનુમિત્ર, તેનો નાનો ભાઈ હતો અને ભાનુશ્રી તેની બેન હતી. કેટલાક તેને કાલગની બેનનો પુત્ર ગણે છે |
| २. बलमित्त | श्र. | बलमित्र | બલમિત્ર | તીર્થંકર મલ્લિ પાસે દીક્ષા લેનાર એક રાજકુમાર. |

| | | | | |
|---|---|---|---|---|
| बलमेत्त | श्र. | बलमित्र | બલમિત્ર | આ અને 'બલમિત્ત' એક છે. |
| बलव | स.ज. | बलव | બલવ | ત્રીસ મુહૂર્તમાંનું એક. 'પલંબ'(૩) તેનું બીજું નામ સમવાયમાં મળે છે. |
| बलवीरिअ | अ. | बलवीर्य | બલવીર્ય | આ અને બલવીરિય એક છે. |
| बलवीरिय | अ. | बलवीर्य | બલવીર્ય | તેયવીરિયનું બીજું નામ. તે બલભદ્રનો પુત્ર હતો. |
| १. बलसिरी | अ. | बलश्री | બલશ્રી | વીરપુરના રાજકુમાર સુજાતની મુખ્ય પત્ની. |
| २. बलसिरी | अ. | बलश्री | બલશ્રી | અંતરંજિયા નગરનો રાજા. વીર નિર્વાણ સંવત ૫૪૪ માં બલશ્રી રાજાની રાજસભામાં શ્રીગુપ્ત આચાર્ય ના શિષ્ય રોહગુપ્તને પોટ્ટસાલ સાથે વાદ થયો હતો. |
| ३. बलसिरी | श्र. | बलश्री | બલશ્રી | સુગ્રીવનગરના રાજા બલભદ્ર અને રાણી મૃગાનો પુત્ર. તે મૃગાપુત્ર નામે પણ જાણીતો હતો. સંસાર નો ત્યાગ કરી મોક્ષ પામ્યો હતો. |
| बलायालोअ | भौ. | बलाकालोक | બલાકાલોક | સિંધુ નદીની પેલે પાર આવેલો એક અનાર્ય દેશ. તેને ચક્રવર્તી ભરતે જીત્યો હતો. |
| बलाहका | दे. | बलाहका | બલાહકા | આ અને 'બલાહયા' એક છે. |
| १. बलाहया | दे. | बलाहका | બલાહકા | મહાવિદેહમાં આવેલા વિદ્યુત્પ્રભ પર્વતના સૌવાસ્તિક કૂડની અધિષ્ઠાત્રિ દેવી. |
| २. बलाहया | दे. | बलाहका | બલાહકા | નંદનવનમાં આવેલા વજ્ર શિખરની અધિષ્ઠાત્રિ મુખ્ય દિસાકુમારી. |
| ३. बलाहया | दे. | बलाहका | બલાહકા | ઊર્ધ્વલોકની મુખ્ય દિસાકુમારી. આ અને બલાહયા એક છે. |
| १. बलि | श्र.ती. | बलिन् | બલિન્ | આ અને બાહુબલિ એક છે. |
| २. बलि | आ. | बलिन् | બલિન્ | ભગવતીના સોળમા શતકનો નવમો ઉદ્દેશક. |
| ३. बलि | च. | बलिन् | બલિન્ | જમ્બુદ્ધીપના ભરતક્ષેત્રના છટ્ઠા પ્રતિશત્રુ. તેમને છટ્ઠા વાસુદેવ પુરિસપુંડરીકે હણ્યા હતા. |
| ४. बलि | दे. | बलिन् | બલિન્ | ઉત્તર દિશાના અસુરકુમાર દેવોનો ઇંદ્ર.તેનું બીજું નામ 'વઈરોયણ'(૨) છે.<br>તેના તાબામાં ૬૦૦૦૦ સામાનિક દેવો, ૨૪૦૦૦૦ આત્મરક્ષક દેવો, વગેરે છે. તેની રાજધાની બલિચંચા છે. |
| बलिचंचा | ऐ. | बलिचञ्चा | બલિચંચા | બલિ(૪)ની રાજધાની. |
| बलिस्सह | श्र. | बलिस्सह | બલિસ્સહ | બહુલાનો જોડિયો ભાઈ અને મહાગિરિનો શિષ્ય. તે કૌશિક ગોત્રનો હતો. તે સ્વાતીનો ગુરુ હતો. |
| बव | अ.ज. | बव | બવ | અગિયાર કરણોમાંનું એક કરણ. (કરણો એ દિવસના વિભાગો છે.) |
| बहल | अ.भौ. | बहल | બહલ | આ અને બહલી એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **बहली/बहलीय** | अ.भौ. | *बहलीक* | બહલીક | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. તીર્થંકર ઋષભ આ દેશ ગયા હતા. તે વખતે ત્યાં બાહુબલિ રાજ કરતા હતા અને તેની રાજધાની તક્ષશિલા હતી. |
| **बहस्सइ** | दे.ज. | *बृहस्पति* | બૃહસ્પતિ | અઠ્યાવીસ ગ્રહમાંનો એક. એક જ્યોતિષ દેવ. જુઓ બૃહસ્પતિ(૨). |
| **बहस्सइचरिय** | अ. | *बृहस्पतिचरित* | બૃહસ્પતિચરિત | બૃહસ્પતિ ગ્રહની ગતિ વગેરેનું નિરૂપણ કરતો ગ્રન્થ |
| **बहस्सइदत्त** | अ. | *बृहस्पतिदत्त* | બૃહસ્પતિદત્ત | જુઓ બૃહસ્પતિદત્ત. |
| **बहस्सति** | दे.ज. | *बृहस्पति* | બૃહસ્પતિ | જુઓ 'બહસ્સઈ'. |
| **बहुउदग** | अ.ता. | *बहूदक* | બહૂદક | પરિવ્રાજકોનો એક વર્ગ. તેઓ એક રાત ગામડામાં અને પાંચ રાત નગરમાં રહેતા. |
| **१. बहुपुत्तिय** | अ. | *बहुपुत्रिक* | બહુપુત્રિક | નાગપુરનો એક વેપારી યા શ્રેષ્ઠી. |
| **२. बहुपुत्तिय** | ऐ. | *बहुपुत्रिक* | બહુપુત્રિક | વિસાલા નગરમાં આવેલું ચૈત્ય. મહાવીર તેમાં રોકાયા હતા. |
| **बहुपुत्तियसिरी** | अ. | *बहुपुत्रिकश्री* | બહુપુત્રિકશ્રી | નાગપુરના 'બહુપુત્તિય'(૧)ની પત્ની. |
| **१. बहुपुत्तिया** | दे. | *बहुपुत्रिका* | બહુપુત્રિકા | યક્ષ દેવોના ઇંદ્ર પૂર્ણભદ્રની ચાર રાણીઓમાંની એક રાણી. તે પોતાના પૂર્વભવમાં નાગપુરના વેપારીની પુત્રી હતી. જુઓ 'બહુપુત્તિયા'(૫). |
| **२. बहुपुत्तिया** | आ. | *बहुपुत्रिका* | બહુપુત્રિકા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું દસમું અધ્યયન. |
| **३. बहुपुत्तिया** | दे. | *बहुपुत्रिका* | બહુપુત્રિકા | સૌધર્મ દેવલોકની એક દેવી. તે તેના પૂર્વ ભવમાં ભદ્ર(૮) શ્રેષ્ઠીની પત્ની સુભદ્રા(૧) હતી. તે તેના પછીના જન્મમાં બ્રાહ્મણની પુત્રી સોમા(૨) થઈ. |
| **४. बहुपुत्तिया** | आ. | *बहुपुत्रिका* | બહુપુત્રિકા | દીર્ઘદશાનું સાતમું અધ્યયન. |
| **५. बहुपुत्तिया** | श्र. | *बहुपुत्रिका* | બહુપુત્રિકા | નાગપુરના બહુપુત્રિક શ્રેષ્ઠી, બહુપુત્રિકશ્રી શેઠાણી ની પુત્રી. તેણે તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી અને તે સાધ્વી પુષ્પચૂલાની શિષ્યા બની. મરણ પછી તે પૂર્ણભદ્રની રાણી બની. જુઓ 'બહુપુત્તિયા'. |
| **६. बहुपुत्तिया** | आ. | *बहुपुत्रिका* | બહુપુત્રિકા | પુષ્પિકાનું ચોથું અધ્યયન. |
| **बहुपुत्ती** | आ. | *बहुपुत्री* | બહુપુત્રી | જુઓ બહુપુત્તિયા(૪). |
| **बहुबीयग** | आ. | *बहुबीजक* | બહુબીજક | ભગવતીના બાવીસમા શતકનો ત્રીજો ઉદ્દેશક. |
| **बहुभंगिय** | आ. | *बहुभङ्गिक* | બહુભઙ્ગિક | દૃષ્ટિવાદના બીજા વિભાગનો ત્રીજો ઉપવિભાગ. |
| **बहुरय** | अ.नि. | *बहुरत* | બહુરત | તીર્થંકર મહાવીરના સમયના પ્રથમ નિહ્નવ જમાલિ (૧)એ પ્રતિપાદિત કરેલો સિદ્ધાન્ત. તે સિદ્ધાન્ત અનુસાર એક કાર્ય કરવા માટે ઘણી ક્ષણો લાગે છે. એક ક્ષણમાં કાર્ય થતું નથી. તીર્થંકર મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચૌદ વર્ષે શ્રાવસ્તીમાં આ સિદ્ધાન્ત અસ્તિત્વમાં આવ્યો. |

| | | | | |
|---|---|---|---|---|
| १. बहुरुवा | श्र. | बहुरुपा | બહુરૂપા | નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી. તેણે તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી અને તે પુષ્પચૂલા શ્રમણીની શિષ્યા બની. મૃત્યુ પછી તેણે ઇંદ્ર સુરૂપની પત્ની તરીકે જન્મ લીધો. |
| २. बहुरुवा | आ. | बहुरुपा | બહુરૂપા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું છઠ્ઠું અધ્યયન. |
| ३. बहुरुवा | दे. | बहुरुपा | બહુરૂપા | ભૂત દેવોના એક ઇંદ્ર સુરૂપની ચાર પટ્ટરાણીઓમાં ની એક. પ્રતિરૂપની રાણીનું પણ આ જ નામ છે. જુઓ 'બહુરૂવા'(૧). |
| १. बहुल | श्र. | बहुल | બહુલ | આચાર્ય મહાગિરિના બે મુખ્ય શિષ્યોમાંનો એક. તે બલિસ્સહનો જોડિયો ભાઈ હતો. |
| २. बहुल | अ.ती. | बहुल | બહુલ | કોલ્લાગ સન્નિવેશનો રહેવાસી. મહાવીરને સૌ–પ્રથમ ભિક્ષા તેણે આપી હતી. જુઓ બલ(૬). |
| ३. बहुल | आ. | बहुल | બહુલ | દૃષ્ટિવાદના બીજા વિભાગનો તેરમો ઉપવિભાગ. |
| ४. बहुल | अ.ती. | बहुल | બહુલ | કોલ્લાગ સન્નિવેશનો રહેવાસી. ભ૦ મહાવીરને ચોથા માસખમણના પારણે તેણે ભિક્ષા આપેલી. |
| बहुला | श्रा. | बहुला | બહુલા | આલભિયા નગરના શ્રેષ્ઠી ચુલ્લશતકની પત્ની અને મહાવીરની ઉપાસિકા. |
| १. बहुलिया | अ. | बहुलिका | બહુલિકા | સાનુલષ્ઠી ગામના આનંદશ્રેષ્ઠીની નોકરાણી. |
| २. बहुलिया | अ. | बहुलिका | બહુલિકા | જુઓ બહુલી. |
| बहुली | अ. | बहुली | બહુલી | ઇંદપુરના ચાર ગુલામ છોકરાઓમાંનો એક. |
| बहुवत्तव्व | आ. | बहुवक्तव्य | બહુવક્તવ્ય | પ્રજ્ઞાપનાનું ત્રીજું પદ (પ્રકરણ). |
| बहुसच्च | स.ज. | बहुसत्य | બહુસત્ય | ત્રીસ મુહૂર્તમાંનું એક. આ અને સચ્ચ એક છે. |
| बहुसालग | ऐ. | बहुशालक | બહુશાલક | મહાવીરે આ ગામની મુલાકાત લીધી હતી. આ ગામમાં સાલવન નામનું ઉદ્યાન હતું. અહીં શાલાર્યા દેવીએ મહાવીરની પૂજા કરી હતી. |
| बहुसालय | ऐ. | बहुशालक | બહુશાલક | માહણકુંડગ્ગામના પાદરમાં આવેલું ચૈત્ય. મહાવીર અહીં રોકાયા હતા. અહીં તેમણે ઘણી વ્યક્તિઓને દીક્ષા આપી હતી. |
| बहुसुयपुज्ज | आ. | बहुश्रुतपूज्य | બહુશ્રુતપૂજ્ય | ઉત્તરાધ્યયનનું અગિયારમું અધ્યયન. |
| बहुसुयपुजा | आ. | बहुश्रुतपूजा | બહુશ્રુતપૂજા | જુઓ બહુસુયપુજ્જ. |
| बहुस्सुतपुज्ज | आ. | बहुश्रुतपूज्य | બહુશ્રુતપૂજ્ય | જુઓ બહુસુયપુજ્જ. |
| बाणारसी | ऐ.ती. | वाराणसी | વારાણસી | તીર્થંકરપાર્શ્વનું જન્મસ્થાન. તેમના પિતા અશ્વસેન ત્યાં રાજ કરતા હતા. જુઓ વાણારસી. |
| बायालिससुमिण | आ. | द्वाचत्वारिंशत्स्वप्न | દ્વાચત્વારિંશત્સ્વપ્ન | દોગિદ્ધિદસાનું પાંચમું અધ્યયન. |
| बारमती | ऐ. | द्वारवती | દ્વારવતી | જુઓ બારવઈ. |

| | | | | |
|---|---|---|---|---|
| **बारवइ/बारवती** | **ऐ.** | *द्वारवती* | દ્વારવતી | સુરાષ્ટ્ર દેશની રાજધાની. તેની ઉત્તરપૂર્વમાં રેવતક પર્વત આવેલો હતો. તે નગર ૧૨ યોજન લાંબું અને ૯ યોજન પહોળું હતું. વૈશ્રમણે તેની સ્થાપના કરી હતી. તેનો કોટ સોનાનો હતો. જે નંદનવન ઉદ્યાન નગરથી દૂર ન હતું તેમાં યક્ષ સુરપ્રિયનું ચૈત્ય હતું. |
| **बारसभिक्खुपडिमा** | **आ.** | *द्वादशभिक्षुप्रतिमा* | દ્વાદશભિક્ષુપ્રતિમા | આચારદશાનું સાતમું અધ્યયન. |
| **बाल** | **आ.** | *बाल* | બાલ | ભગવતીના પહેલાં શતકનો આઠમો ઉદ્દેશક. |
| **बालचंदाणण** | **ती.** | *बालचन्द्रानन* | બાલચન્દ્રાનન | ઐરાવતક્ષેત્રમાં થયેલા, ઋષભ ના સમકાલીન પ્રથમ તીર્થંકર. તે ચંદ્રાનન નામે પણ પ્રસિદ્ધ છે. |
| **बालव** | **अ.ज.** | *बालव* | બાલવ | અગિયાર કરણોમાંનું ત્રીજું કરણ.<br>આવતી ઉત્સર્પિણી તેનાથી શરૂ થશે. |
| **बावत्तरिसव्व सुमिण** | **आ.** | *द्वासप्ततिसर्व स्वप्न* | દ્વાસપ્તતિસર્વ-સ્વપ્ન | દોગિદ્ધિદસાનું સાતમું અધ્યયન. |
| **बाहिरपुक्खरद्ध** | **भौ.** | *बाह्यपुष्करार्ध* | બાહ્યપુષ્કરાર્ધ | પુષ્કરવર દ્વીપનો બહારની તરફનો અડધો ભાગ. વિગત માટે જુઓ 'પુષ્કરવર'. |
| **बाहु** | **श्र.ती. च.** | *बाहु* | બાહુ | પૂર્વવિદેહના પુષ્કલાવતીના ચક્રવર્તી વજ્રનાભનો ભાઈ, વજ્રસેન તીર્થંકરનો પુત્ર. તેના પૂર્વ ભવોમાં તે ઋષભનો મિત્ર અને પછી ભાઈ હતો. ત્યારબાદ તે ઋષભના સૌથી મોટા પુત્ર ચક્રવર્તી ભરત તરીકે જન્મ લે છે. બાહુનું બીજું નામ કનગનાભ હતું. |
| **बाहुअ** | **अ.प्र.** | *बाहुक* | બાહુક | એક અજૈન ઋષિ. તે કાચું પાણી વાપરતા છતાં મોક્ષ પામ્યા હતા. તે અરિષ્ટનેમિના તીર્થમાં થઈ ગયા. તેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારેલ છે. |
| **बाहुपसिण** | **आ.** | *बाहुप्रश्न* | બાહુપ્રશ્ન | પ્રશ્નવ્યાકરણદસાનું દસમું અધ્યયન. હવે તેનું અસ્તિત્વ નથી. |
| **बाहुबलि** | **श्र.ती.** | *बाहुबलिन्* | બાહુબલિન્ | સુનંદાથી થયેલો તીર્થંકર ઋષભનો બીજો પુત્ર અને સુંદરીનો જોડિયો ભાઈ. તે બલિ નામે પ્રસિદ્ધ હતો. જેની રાજધાની તક્ષશિલા હતી તે દેશ, બહલીના રાજા તરીકે તે અભિષિક્ત થયેલો. તેણે તેના મોટા ભાઈ ભરતનું આધિપત્ય ન સ્વીકાર્યું ત્યારે ભરતે તેના ઉપર આક્રમણ કર્યું. દ્રષ્ટિદ્વન્દ્વ, વાગ્દ્વન્દ્વ, મલ્લદ્વન્દ્વ, મુષ્ટિદ્વન્દ્વમાં બાહુબલિએ ભરતને હરાવ્યો. હારેલો ભરત દંડરત્નની મદદ લેવા તૈયાર થયો ત્યારે પોતાના ભાઈને મહાત કરવા સમર્થ હોવા છતાં, દુન્યવી વસ્તુઓની અસારતાનો વિચાર આવતા પોતાનું રાજ ભરતને આપી દઈને તેમણે સંસારનો ત્યાગ કરી શ્રમણત્વ ધારણ કર્યું. કાયોત્સર્ગ મુદ્રામાં તે ધ્યાનમાં મગ્ન થયા. |

| | | | | |
|---|---|---|---|---|
| **बाहुमुणि** | श्र. | *बाहुमुनि* | બાહુમુનિ | આ અને બાહુબલિ એક છે, તે વંદનીય પુરૂષ છે. |
| **१. बिंदुसार** | आ. | *बिन्दुसार* | બિન્દુસાર | ચૌદ પૂર્વ સૂત્રોમાંનો છેલ્લો. તે લોકબિંદુસાર નામથી પણ જાણીતો છે. |
| **२. बिंदुसार** | क. | *बिन्दुसार* | બિન્દુસાર | ચંદ્રગુપ્તનો પુત્ર. અસોગનો પિતા અને કુણાલનો પિતામહ. |
| **बिजडि** | दे.ज. | *द्विजटिन्* | દ્વિજટિન્ | આ અને 'દુજડિ' એક છે. |
| **बिण्णा** | भौ. | *बेन्ना* | બેન્ના | જુઓ 'બેણ્ણા'(૨). |
| **बिण्णागयड** | ऐ. | *बेन्नाकतट* | બેન્નાકતટ | જુઓ 'બિણ્ણાતડ'. |
| **बिण्णातड / बिण्णायड** | ऐ. | *बेन्नातट* | બેન્નાતટ | જે નગરે શ્રેણિક એક વાર નાસી ગયો હતો તે નગર. મંડિત નામક ચોર અહીંનો હતો. મૂલદેવ અહીં રાજ કરતો હતો. તે નગર બેન્ના નદીના કિનારે આવેલું. |
| **बिभीसण** | च. | *बिभीषण* | બિભીષણ | એક વાસુદેવ. અવરવિદેહમાં આવેલા વીતસોકા નગરના રાજા જિતશત્રુ અને તેની રાણી કેકયીનો પુત્ર. તે અચલ બલદેવનો ભાઈ પણ હતો. |
| **बिभेलग** | अ. | *बिभेलक* | બિભેલક | બેભલ સન્નિવેશનો રહેવાસી. |
| **बियडि** | दे.ज. | *द्विजटिन्* | દ્વિજટિન્ | આ અને દુજડિ એક છે. |
| **बिलवासि** | अ.ता. | *बिलवासिन्* | બિલવાસિન્ | બિલમાં અર્થાત્ ગુફાઓમાં કે ખાડાઓમાં વસતા વાનપ્રસ્થોનો એક વર્ગ. |
| **बिल्लल** | अ.भौ. | *बिल्वल* | બિલ્વલ | એક અનાર્યદેશ અને તેની પ્રજા. તેનો ચિલ્લલ તરીકે પણ ઉલ્લેખ છે. આ લહિયાની ભૂલ લાગે છે. |
| **बिहेलग** | ऐ. | *बिभीतक* | બિભીતક | ગામાગ સન્નિવેશમાં આવેલું ઉદ્યાન. ત્યાં મહાવીર ગયા હતા. ત્યાં યક્ષે તેની પૂજા કરી હતી. |
| **बीतीभय** | भौ. | *वीतभय* | વીતભય | જુઓ વીયભય. |
| **बीयाहार** | अ.ता. | *बीजाहार* | બીજાહાર | બીજ ઉપર જીવતા વાનપ્રસ્થ મુનિઓનો વર્ગ. |
| **बुक्कस** | अ. | *बुक्कस* | બુક્કસ | જુઓ બોક્કસ(૨). |
| **१. बुद्ध** | अ.ता. | *बुद्ध* | બુદ્ધ | બૌદ્ધ ધર્મના સ્થાપક. તે સુદ્ધોદણના પુત્ર હતા. |
| **२. बुद्ध** | दे.ज. | *बुद्ध* | બુદ્ધ | આ અને બુહ(૨) એક છે. |
| **बुद्धवयण** | अ. | *बुद्धवचन* | બુદ્ધવચન | વિધર્મીશાસ્ત્ર. તેમાં બુદ્ધનો ઉપદેશ સંગૃહીત છે |
| **बुद्धसासण** | अ. | *बुद्धशासन* | બુદ્ધશાસન | એક વિધર્મી ઉપદેશ. તેની એકતા બુદ્ધવયણ સાથે સ્થાપવામાં આવી છે. |
| **१. बुद्धि** | आ. | *बुद्धि* | બુદ્ધિ | પુષ્પચૂલિકાનું પાંચમું અધ્યયન. |
| **२. बुद्धि** | दे. | *बुद्धि* | બુદ્ધિ | તીર્થંકર મહાવીર સમક્ષ નાટ્યપ્રયોગ કરનાર દેવી. તેના પૂર્વભવમાં તે શ્રેષ્ઠીની દીકરી હતી. તેણે સંસાર ત્યાગ કરી તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી અને તે શ્રમણી પુષ્પચૂલાની શિષ્યા બની |
| **३. बुद्धि** | भौ. | *बुद्धि* | બુદ્ધિ | રુપ્પિ પર્વતનું શિખર. |

| | | | | |
|---|---|---|---|---|
| बुध | दे.ज. | बुध | બુધ | આ અને બુહ(૨) એક છે. |
| १. बुह | दे. | बुध | બુધ | લોકપાલ સોમના આધિપત્યમાં રહેલો એક જ્યોતિષ્ક દેવ. તે અને બુહ(૨) એક લાગે છે. |
| २. बुह | दे.ज. | बुध | બુધ | અઠ્યાસી ગ્રહોમાંનો એક. |
| बेण्ण | भौ. | बेन्न | બેન્ન | જુઓ બેણ્ણા(૨). |
| १. बेण्णा | भौ. | बेन्ना | બેન્ના | જે નદીના કિનારે બેન્નાતટ નગર આવેલું તે નદી. |
| २. बेण्णा | भौ. | बेन्ना | બેન્ના / વેન્ના | આભીર દેશમાં વહેતી નદી. બેન્ના અને કણ્હા બ્રહ્મ દ્વીપની સીમાઓ બનાવતી હતી. આયલપુર તેની નજીક હતું. |
| बेण्णातड /यड | भौ. | बेन्नातट | બેન્નાતટ | જુઓ 'બિણ્ણાતડ'. |
| बेभेल | ऐ. | बेभेल | બેભેલ | વિંઝગિરિની તળેટીમાં આવેલ સંનિવેશ. ગૃહસ્થ પૂરણઆ સંનિવેશનો હતો. જુઓ વિભેલ. |
| १. बोक्कस | अ.भौ. | बोक्कस | બોક્કસ | એક અનાર્ય પ્રજા અને તેમનો દેશ. |
| २. बोक्कस | अ. | बोक्कस | બોક્કસ | નિષાદ પુરુષ અને અમ્બષ્ઠ યા શૂદ્ર સ્ત્રીથી જન્મેલ સંકર પ્રજા. જુઓ બુક્કસ. |
| बोटिक | अ.नि. | बोटिक | બોટિક | નિહ્નવ શિવભૂતિએ વીરનિર્વાણ સંવત ૬૦૯ માં રથવીરપુરમાં સ્થાપેલો એક સંપ્રદાય. તે શ્રમણોની નગ્નતામાં માને છે. કૌડીન્ય અને કોટ્ટવીર બન્ને આ સંપ્રદાયના હતા. |
| बोलिंदी | अ. | बोलिन्दी | બોલિન્દી | પોલિંદીનું પાઠાન્તર. |
| भंगी | भौ. | भङ्गी | ભઙ્ગી | જેની રાજધાની પાવા હતી તે આર્ય દેશ. |
| भंडवेयालिय | अ. | भाण्डवैचारिक | ભાણ્ડવૈચારિક | અનાજ–કરિયાણાના વેપારીઓનું ધંધાદારી આર્ય મંડળ યા જૂથ. |
| भंडार | अ. | भाण्डकार | ભાણ્ડકાર | વાસણો બનાવનારાઓનું ઔદ્યોગિક આર્ય મંડળ |
| भंडिरवडेंसिय | ऐ. | भण्डिरावतंसक | ભણ્ડિરાવતંસક | જુઓ ભંડીરવડેંસિઅ. |
| भंडीर | ऐ. | भण्डीर | ભણ્ડીર | જેમાં યક્ષ સુદર્શન(૨૦)નું ચૈત્ય આવેલું હતું તે મથુરા (૧)માં આવેલું ઉદ્યાન. મહાવીર ત્યાં આવ્યા હતા. જુઓ ભંડીરવડેંસિઅ. |
| भंडीरवड | ऐ. | भण्डीरवट | ભણ્ડીરવટ | જુઓ ભંડીરવડેંસિઅ. |
| भंडीरवडेंसिअ | ऐ. | भण्डीरावतंसक | ભણ્ડીરાવતંસક | મથુરામાં આવેલું ભંડીર ઉદ્યાનગત ચૈત્ય. તે યક્ષ સુદર્શનનું ચૈત્ય હતું. ત્યાં લોકો જાત્રા કરવા જતા. |
| भंभसार | श्रा.ती. | भम्भसार | ભમ્ભસાર | શ્રેણિક રાજાનું બીજું નામ. |
| भंभिसार | श्रा.ती. | भम्भिसार | ભમ્ભિસાર | આ અને ભંભસાર એક છે. |
| भंभीय | अ. | भम्भीय | ભમ્ભીય | નીતિશાસ્ત્ર ઉપરનો ગ્રન્થ. |
| भक्खराभ | अ. | भास्कराभ | ભાસ્કરાભ | ગૌતમ ગોત્રની સાત શાખાઓમાંની એક. |

| | | | | |
|---|---|---|---|---|
| भगवइ | आ. | भगवती | ભગવતી | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિને આ વિશેષણ લગાડાતું હતું. જેમ ક્યારેક આચાર અને સૂત્રકૃત્ને લગાવવામાં આવતું હતું. આ વિશેષણ આદર–પૂજ્ય ભાવ દર્શાવે છે. |
| भगवती | आ. | भगवती | ભગવતી | આ અને ભગવઈ એક છે |
| भगालि | आ. | भगाली | ભગાલી | અંતકૃદ્દશાનું અધ્યયન ૭. હાલ અસ્તિત્વમાં નથી |
| भग्गइ | अ.ता. | भग्नजित् | ભગ્નજિત્ | એક ક્ષત્રિય પરિવ્રાજક અને તેના અનુયાયીઓ. |
| भग्गवेस | अ.ज. | भार्गवेश | ભાર્ગવેશ | ભરણી નક્ષત્રનું ગોત્રનામ. |
| भट्टा | क. | भट्टा | ભટ્ટા | આ અને અચ્ચંકારિયભટ્ટા એક છે. |
| भडग | अ.भौ. | भटक | ભટક | એક મિલિક્ખુ (અનાર્ય) દેશ અને તેની પ્રજા. |
| भत्तपरिण्णा | आ. | भक्तपरिज्ञा | ભક્તપરિજ્ઞા | અન્નત્યાગવિષયક આગમસૂત્ર. તે ૧૭૨ ગાથાઓ નો બનેલો છે. તે વીરભદ્ર રચિત છે. જુઓ પ્રકીર્ણક |
| १. भद्द | श्र. | भद्र | ભદ્ર | રાજકુમાર મહાકાલનો પુત્ર, રાજા શ્રેણિકનો પૌત્ર. તેણે શ્રમણત્વ સ્વીકાર્યું અને ચાર વર્ષ શ્રમણત્વનું પાલન કરી મરીને સનતકુમારકલ્પે દેવ રૂપે જન્મ્યો |
| २. भद्द | दे.भौ. | भद्र | ભદ્ર | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું હોય છે. |
| ३. भद्द | श्र. | भद्र | ભદ્ર | જેમની આજ્ઞામાં ૫૦૦ શ્રમણીઓ હતા તે આચાર્ય. |
| ४. भद्द | श्र. | भद्र | ભદ્ર | આર્ય શિવભૂતિના શિષ્ય, સ્થવિર નક્ષત્રના ગુરુ |
| ५. भद्द | श्र. | भद्र | ભદ્ર | આર્ય કાલગના શિષ્ય અને સ્થવિર વુદ્ધના ગુરુ. |
| ६. भद्द | श्र. | भद्र | ભદ્ર | શ્રાવસ્તીના રાજા જિતશત્રુનો પુત્ર. તેણે શ્રમણત્વ સ્વીકાર્યું હતું. કાંટાળા ઘાસના સ્પર્શથી થતી પીડા તેમણે શાંતચિત્તે સહન કરી હતી. |
| ७. भद्द | श्र. | भद्र | ભદ્ર | આ અને સ્થૂલભદ્ર એક છે. |
| ८. भद्द | अ. | भद्र | ભદ્ર | જે સુભદ્રા(૧)નો પતિ હતો તે વાણારસીનો શ્રેષ્ઠી. |
| ९. भद्द | स. | भद्र | ભદ્ર | પખવાડિયાની બીજ, સાતમ અને બારસ. |
| १०. भद्द | आ. | भद्र | ભદ્ર | કલ્પવતંસિકાનું ત્રીજું અધ્યયન. |
| ११. भद्द | च. | भद्र | ભદ્ર | આ ભાવિ વાસુદેવઅને  બલભદ્ર(૭) સમાન છે |
| १२. भद्द | च. | भद्र | ભદ્ર | ભરત(૨) ક્ષેત્રના ભાવિ ત્રીજા બલદેવ(૪). |
| १३. भद्द | च. | भद्र | ભદ્ર | ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલ વાસુ–દેવ સયંભૂના ભાઈ, ત્રીજા બલદેવ. તે બારવઈ ના રાજા સોમ અને રાણી સુપ્રભાના પુત્ર હતા. ઊંચાઈ ૬૦ ધનુષ. ૬૫ લાખ વર્ષ આયુ હતા. મોક્ષે ગયા. |
| १४. भद्द | दे.भौ. | भद्र | ભદ્ર | નવ ગ્રૈવેયક સ્વર્ગીય વાસસ્થાનોમાંનું પ્રથમ. |
| भद्दकण्णगा | क. | भद्रकन्यका | ભદ્રકન્યકા | અસગડાનું બીજું નામ. |
| भद्दगमहिसी | अ. | भद्रकमहिषी | ભદ્રકમહિષી | એક સ્ત્રી જે રાણી જણાય છે. |
| भद्दगुत्त | श्र. | भद्रगुप्त | ભદ્રગુપ્ત | જે આચાર્યે ઉજ્જૈનીમાં આર્ય વજ્રને દૃષ્ટિવાદ ભણાવેલો તે આચાર્ય. |

| | | | | |
|---|---|---|---|---|
| भद्दजस | ती.ग. | भद्रयशस् | ભદ્રયશસ્ | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરમાંના એક. સમવાય સૂત્રમાં તેમનું નામ કેવળ જસ આવે છે. |
| १. भद्दणंदी | आ. | भद्रनन्दी | ભદ્રનન્દી | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું બીજું પ્રકરણ. |
| २. भद्दणंदी | क. | भद्रनन्दी | ભદ્રનન્દી | ઋષભપુરના રાજા ધનાવહ અને રાણી સરસ્વતીનો પુત્ર. તે ૫૦૦ રાજકુમારીઓને પરણ્યો હતો. તેમાં શ્રીદેવી મુખ્ય હતી. તે પૂર્વભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા પુંડરીગિણી નગરનો રહેવાસી હતો. ત્યાં તેણે તીર્થંકર જુગબાહુને ભિક્ષા આપી હતી જેના પરિણામે તે રાજકુમાર ભદ્રનંદીનો જન્મ પામ્યો. તે મહાવિદેહમાં એક ભવ વધુ કરીને મોક્ષ પામશે. |
| ३. भद्दणंदी | आ. | भद्रनन्दी | ભદ્રનન્દી | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું આઠમું પ્રકરણ. |
| ४. भद्दणंदी | क. | भद्रनन्दी | ભદ્રનન્દી | સુઘોસ નગરના રાજા અર્જુન અને રાણી તત્તવતીનો પુત્ર. તેના લગ્ન ૫૦૦ રાજકુમારીઓ સાથે થયેલા. શ્રીદેવી તેની મુખ્ય પત્ની. પૂર્વભવમાં મહાઘોસ નગરનો શ્રેષ્ઠી ધર્મઘોસ. ધર્મસીહ શ્રમણને ભિક્ષા આપેલી, પરિણામે રાજકુમાર ભદ્રનંદી રૂપે જન્મ. તીર્થંકર મહાવીર પાસે દીક્ષા. મહાવિદેહે મોક્ષ. |
| भद्दबाहु | श्र. | भद्रबाहु | ભદ્રબાહુ | આચાર્ય યશોભદ્રના બે મુખ્ય શિષ્યોમાંના એક. તે પ્રાચીન ગોત્રના હતા. સંભૂતિવિજયના શિષ્ય થૂલ ભદ્ર તેમની પાસે દૃષ્ટિવાદ ભણવા નેપાલ ગયેલા. ભદ્રબાહુએ તેમને ચૌદ પૂર્વ ભણાવ્યા. દસા, કલ્પ, વવહાર સૂત્ર ભદ્રબાહુ ની રચના છે. તેમના પછી અનવસ્થાપ્ય અને પારાંચિત પ્રાયશ્ચિત્તનો લોપ થયો. તે નિર્યુક્તિઓના પણ કર્તા છે. |
| भद्दबाहहुस्सामि | श्र. | भद्रबाहुस्वामिन् | ભદ્રબાહુસ્વામિન્ | આ અને ભદ્રબાહુ એક છે. |
| भद्दसालवण | भौ. | भद्रशालवन | ભદ્રશાલવન | મંદરપર્વતની તળેટીમાં આવેલું વન. તે સોમનસ, વિજ્જુપ્પહા, ગંધમાદન અને માલ્યવંત એ ચાર વક્ષસ્કાર પર્વતો અને સીતા તથા સીતોદા નદીથી આઠ ભાગમાં વિભક્ત છે. મંદરપર્વતની પૂર્વ તેમજ પશ્ચિમમાં ૨૨૦૦૦ યોજન વિસ્તરેલું છે. મંદરપર્વત ની દક્ષિણ તેમજ ઉત્તરે ૨૫૦ યોજન વિસ્તરેલું છે. તે વનમાં સિદ્ધાયતનો આવેલાં છે. મંદર પર્વતથી પચાસ યોજનના અંતરે ઉત્તરપૂર્વમાં, દક્ષિણપૂર્વમાં, દક્ષિણપશ્ચિમમાં અને ઉત્તરપશ્ચિમમાં ક્રમશઃ પદ્મા, પદ્મપ્પભા, કુમુદા અને કુમુદપ્પભા; ઉપ્પલગુમ્મા, ણલિણા, ઉપ્પલા, ઉપ્પલુજ્જલા;ભિંગા,ભિંગણિભા, અંજણા, અંજણપ્પભા; શ્રીકંતા, શ્રીચંદા વગેરે પુષ્કરિણીઓ છે. તે વનમાં ૮ દિગ્ગહસ્તીકૂડ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. भद्दसेण | दे. | *भद्रसेन* | ભદ્રસેન | ધરણના પાયદળનો સેનાપતિ. તે રુદ્રસેન નામે પણ ઓળખાતો હતો. |
| २. भद्दसेण | क. | *भद्रसेन* | ભદ્રસેન | વાણારસીનો શ્રેષ્ઠી. તે નંદાનો પતિ અને શ્રીદેવી નો પિતા હતો. તે જિર્ણશ્રેષ્ઠી તરીકે જાણીતો હતો. |
| १. भद्दा | श्र. | *भद्रा* | ભદ્રા | તગરાનગરના શ્રેષ્ઠી દત્તની પત્ની, અરહન્નકની |
| २. भद्दा | अ.च. | *भद्रा* | ભદ્રા | પોતનપુરના રાજા પ્રજાપતિ રિપુપ્રતિશત્રુની પ્રથમ પત્ની અને બલદેવ અચલની માતા. દક્ષિણાપથમાં મહેશ્વરી નગરીની સ્થાપના આ ભદ્રાએ કરી હતી. |
| ३. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | છત્રગ્ગા નગરના રાજા જિતશત્રુ(૩૪)ની રાણી અને રાજકુમાર નંદન(૬)ની માતા. |
| ४. भद्दा | क. | *भद्रा* | ભદ્રા | વસંતપુરનો જે શ્રેષ્ઠી ધન કમાવા માટે પરદેશ ગયો હતો તેની પત્ની. તે પુષ્પસાલના સંગીતમાં એટલી તો લીન થઈ ગઈ હતી કે તે તેને સ્વપ્નમાં મળવા માટે દોડી અને ઉપલા માળેથી પડીને મૃત્યુ પામી. |
| ५. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | રાજગૃહીના ધનાવહની પત્ની, કૃતપુણ્ય ની માતા. |
| ६. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | કાકંદીના ધન્ય અને સુનક્ષત્રની માતા. |
| ७. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | રાજગૃહીના 'ઈસિદાસ અને પેલ્લઅ'ની માતા. |
| ८. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | સાએયના રામપુત્ત(૨) અને ચંદિમા(૨)ની માતા. |
| ९. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | વાણિજ્યગ્રામના પેઢાલપુત્તઅને પિટ્ઠિમાઈઅ(૨) ની માતા. |
| १०. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | હસ્તિનાપુરના પુટ્ઠિલ(૨)ની માતા. |
| ११. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | સાહંજણી નગરના શ્રેષ્ઠી સુભદ્ર(૨)ની પત્ની. તે સગડ (૨)ની માતા હતી. |
| १२. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | વિજયપુરના રાજા વાસવદત્તના પુત્ર રાજકુમાર સુવાસવ(૨)ની પટરાણી. |
| १३. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | રાજગૃહીના શ્રેષ્ઠી ધન્ય(૧)ની પત્ની અને સુંસુમા તથા તેના પાંચ ભાઈઓની માતા. |
| १४. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | ચંપાના શ્રેષ્ઠી જિનદત્ત(૨)ની પત્ની, સાગર(૪) ની માતા. |
| १५. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | ચંપાના શ્રેષ્ઠી સાગરદત્ત(૨)ની પત્ની અને સુકુમાલિયા ની માતા. |
| १६. भद्दा | क. | *भद्रा* | ભદ્રા | રાજગૃહીના શ્રેષ્ઠી ધન્યની પત્ની અને દેવદિન્ન ની માતા. તેને પુત્રપ્રાપ્તિ માટે નાગદેવ, ભૂતદેવ, યક્ષદેવ વગેરેની મૂર્તિઓની પૂજા કરતી હતી. |
| १७. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | રાજગૃહીના ધન્યની પત્ની. તેને ચાર પુત્રો હતા. |
| १८. भद्दा | अ. | *भद्रा* | ભદ્રા | તેતલિપુરના સોની કલાદની પત્ની અને પોટ્ટિલાની માતા. |

| | | | | |
|---|---|---|---|---|
| १९. भद्दा | अ. | भद्रा | ભદ્રા | તેતલિપુરના મંત્રી તેતલિની પત્ની. તેતલિપુત્ર તેમનો પુત્ર હતો. |
| २०. भद्दा | अ. | भद्रा | ભદ્રા | વાણારસીના ચુલણીપિતાની માતા. |
| २१. भद्दा | श्र. | भद्रा | ભદ્રા | રાજગૃહીના રાજા શ્રેણિકની પત્ની. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી હતી અને તે મોક્ષ પામી હતી. |
| २२. भद्दा | अ.च. | भद्रा | ભદ્રા | ચિત્રસેનકની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની |
| २३. भद्दा | क. | भद्रा | ભદ્રા | વાણારસીના રાજા કોસલિયની પુત્રી. રાજાએ તેને પોતાના પુરોહિત (રુદ્રદેવ) સાથે પરણાવી હતી. તેને શ્રમણ હરિકેશબલ માટે ઘણો આદર હતો. |
| २४. भद्दा | च.अ. | भद्रा | ભદ્રા | દ્વિતીય ચક્રવર્તી સગરની મુખ્ય પત્ની. |
| २५. भद्दा | च.अ. | भद्रा | ભદ્રા | રાજા સમુદ્રવિજય(૨)ની પત્ની અને ચક્રવર્તી મઘવા (૧)ની માતા. |
| २६. भद्दा | क. | भद्रा | ભદ્રા | પુરિમતાલના શ્રેષ્ઠી વગ્ગુરની પત્ની. ભ૦ મલ્લિના પુરાણા મંદિર નજીક વસતા વ્યન્તર દેવની કૃપાથી તેને પુત્રપ્રાપ્તિ થઈ હતી. પછી તેણે પોતે કરેલી પ્રતિજ્ઞા મુજબ તે મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. |
| २७. भद्दा | क.गो. | भद्रा | ભદ્રા | શતદ્વારઅના રાજા સંમુઈની પત્ની. તેના પુત્ર મહાપદ્મ તરીકે ગોસાલક જન્મ લેશે. સંમુઈ(૨)ની પત્ની અને મહાપદ્મની માતાનું નામ પણ ભદ્રા છે. |
| २८. भद्दा | क.गो. | भद्रा | ભદ્રા | મંખલિની પત્ની અને ગોસાલકની માતા. તે સુભદ્રા (૧૦) નામે પણ જાણીતી હતી. |
| २९. भद्दा | क. | भद्रा | ભદ્રા | અસગડાનું બીજું નામ. |
| ३०. भद्दा | स. | भद्रा | ભદ્રા | પખવાડિયાની બીજ, સાતમ અને બારસના દિવસો. આ અને ભદ્ર(૯) એક છે. |
| ३१. भद्दा | आ. | भद्रा | ભદ્રા | અંતકૃદ્દશાના સાતમાં વર્ગનું નવમું અધ્યયન. |
| ३२. भद्दा | भौ. | भद्रा | ભદ્રા | નંદીશ્વરવર દ્વીપમાં આવેલા દક્ષિણ અંજનગ પર્વત ઉપર આવેલી પુષ્કરિણી. ૧૦૦૦ યોજન લાંબી, ૫૦૦૦૦ યોજન પહોળી, ૧૦૦૦ યોજન ઊંડી છે. |
| ३३. भद्दा | दे. | भद्रा | ભદ્રા | પશ્ચિમ રુચક પર્વતના સુદર્શન શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| ३४. भद्दा | अ. | भद्रा | ભદ્રા | ધન શ્રેષ્ઠીની પત્ની અને ભટ્ટાની માતા. |
| ३५. भद्दा | श्र. | भद्रा | ભદ્રા | ઉજ્જેનીની સાર્થવાહી. અવંતિસુકુમાલ તેનો પુત્ર હતો. ભદ્રાએ આચાર્ય સુહસ્તી પાસે દીક્ષા લીધેલી |
| ३६. भद्दा | श्रा. | भद्रा | ભદ્રા | ચંપાના શ્રેષ્ઠી કામદેવ(૨)ની પત્ની. |
| ३७. भद्दा | अ. | भद्रा | ભદ્રા | જિનપાલિય અને જિનરક્ષિતની માતા. |
| भद्दिया | ऐ.भौ. | भद्रिका | ભદ્રિકા | તે નગર જ્યાં મહાવીરે બે ચોમાસા કર્યા હતા. |
| भद्दियायरिअ | श्र. | भद्रिकाचार्य | ભદ્રિકાચાર્ય | એક આચાર્ય. |

| | | | | |
|---|---|---|---|---|
| भद्दिलपुर | ऐ. | भद्रिलपुर | ભદ્રિલપુર | એક આર્યદેશ મલયની રાજધાની. તેની ઉત્તરપૂર્વ માં શ્રીવન ઉદ્યાન હતું. અહીં રાજા જિતશત્રુ રાજ્ય કરતો હતો. તે તીર્થંકર શીતલનું જન્મસ્થાન હતું. |
| भद्दिला | अ.ग. | भद्रिला | ભદ્રિલા | ભ૰ મહાવીરના પાંચમા ગણધર સુધર્મની માતા, કોલ્લાગસન્નિવેશના બ્રાહ્મણ ધર્મિલની પત્ની. |
| भदुत्तरवडिंसग | ऐ.भौ. | भद्रोत्तरावतंसक | ભદ્રોત્તરાવતંસક | ભદ્ર જેવું જ મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન |
| भमर | अ.भौ. | भ्रमर | ભ્રમર | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. |
| भयंतमित्त | अ. | भदन्तमित्र | ભદન્તમિત્ર | એક બૌદ્ધ ભિક્ષુ જેમને કુણાલ સમેત, ભરૂચમાં વાદસભામાં વાદમાં આચાર્ય જિનદેવે હરાવેલા. |
| १. भयालि | ती. | भयालि | ભયાલિ | ભરત ક્ષેત્રમાં થનારા ઓગણીસમા ભાવિ તીર્થંકર સંવર(૨)નો પૂર્વભવ. |
| २. भयालि | श्र.प्र. | भयालि | ભયાલિ | અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા અને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયેલા એક અજૈન ઋષિ. |
| भरणी | दे.ज. | भरणी | ભરણી | અઠ્ઠાવીસ નક્ષત્રમાંનું એક. તેનો અધિષ્ઠાતા દેવ યમ(૩) છે. તેનું ગોત્રનામ ભગ્ગવેસ છે. |
| भरध | च. | भरत | ભરત | આ અને ભરત(૨) એક છે. |
| १. भरह | च. | भरत | ભરત | ભરત ક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી. તેમની રાજધાની વિનીતા હતી. તે સુમંગલા રાણીથી થયેલો તીર્થંકર ઋષભનો પ્રથમ પુત્ર હતો. ભરતની ઊંચાઈ ૫૦૦ ધનુષ હતી. ૭૭ લાખ પૂર્વ વર્ષો પછી તે વિનીતાના રાજા થયા હતા. જ્યારે ઋષભને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે ભરતચક્રરત્નના સ્વામી બન્યા. પોતાના સજ્જા ખંડમાં ભરતને કેવલજ્ઞાન થતાની સાથે જ તેણે સંસારનો ત્યાગ કરી દીધો. એક લાખ પૂર્વ વર્ષ પછી તે અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષ પામ્યા. તેમનું કુલ આયુ ૮૪ લાખ પૂર્વ વર્ષ હતું. જ્યાં ઋષભનું નિર્વાણ થયું હતું ત્યાં અષ્ટાપદ પર્વત ઉપર ભરતે ચૈત્ય નિર્માણ કર્યું. |
| २. भरह | भौ. | भरत | ભરત | આ ક્ષેત્ર અને ભારહવાસ એક છે. |
| ३. भरह | अ. | भरत | ભરત | જેને અતિ બુદ્ધિશાળી રોહગ નામે પુત્ર હતો તે નટ. |
| ४. भरह | अ. | भरत | ભરત | નાટ્યશાસ્ત્ર ઉપરનો ગ્રન્થ જે ભરતનાટ્યશાસ્ત્ર નામે પ્રસિદ્ધ છે. |
| ५. भरह | भौ. | भरत | ભરત | ચુલ્લહિમવંત પર્વતનું એક શિખર. |
| ६. भरह | श्र. | भरत | ભરત | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં જન્મ લેવાના છે તે ભાવિ તીર્થંકર મહાપદ્મનો એક શિષ્ય. |
| ७. भरह | च. | भरत | ભરત | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં જન્મ લેવાના છે તે ભાવિ પ્રથમ ચક્રવર્તી. |
| ८. भरह | दे. | भरत | ભરત | ભારહવાસના અધિષ્ઠાતા દેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| भरहग | अ. | भरतक | ભરતક | જુઓ ભરત. |
| भरहखेत्त | भौ. | भरतक्षेत्र | ભરતક્ષેત્ર | આ અને ભારહવાસ એક છે. |
| भरहवास | भौ. | भरतवर्ष | ભરતવર્ષ | જુઓ ભારહવાસ. |
| भरहेसर | च. | भरतेश्वर | ભરતેશ્વર | આ અને ભરત(૧) એક છે. |
| भरु | अ.भौ. | भृगु | ભૃગુ | એક મિલિક્ખુ (અનાર્ય) દેશ અને તેની પ્રજા. આ અને 'રુરુ' કદાચ એક છે. |
| भरुअच्छ | भौ. | भृगुकच्छ | ભૃગુકચ્છ | એક નગર જ્યાં જમીનમાર્ગે અને દરિયાઈ માર્ગે બન્ને રીતે જવાતુ હતુ. તે નગરમાં કોરંટગ ઉદ્યાન હતું. |
| भव | दे.भौ. | भव | ભવ | સૌધર્મકલ્પનું એક સ્થાન,જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક સાગરોપમ છે. તેઓ પક્ષમાં એક વાર શ્વાસ લે, તેમને ૧૦૦૦ વર્ષે એક વાર ભૂખ લાગે |
| भवण | आ. | भवन | ભવન | ભગવતીના શતક ૧૯નો ઉદ્દેશક ૭. |
| भवणवइ | दे. | भवनपति | ભવનપતિ | આ અને ભવનવાસિ એક છે. |
| भवणवासि | दे. | भवनवासिन् | ભવનવાસિન્ | દેવોના ચાર મુખ્ય વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગના દેવોના દસ પેટા ભેદો છે– અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર દરેક પેટાભેદને બે ઈન્દ્રો છે– એક ઇંદ્ર દક્ષિણનો, બીજો ઇંદ્ર ઉત્તરનો. ભવનવાસિ દેવોનું જઘન્યઆયુ ૧૦૦૦૦ વર્ષ છે, ઉત્કૃષ્ટ આયુ સાધિક એક લાખ સાગરોપમ વર્ષ છે. ઊંચાઈ સાત રત્નિ છે. |
| भविअ | आ. | भव्य | ભવ્ય | (અ) ભગવતીના છઠ્ઠા શતકનો છઠ્ઠો ઉદ્દેશક. તેમજ (આ) અઢારમા શતકનો નવમો ઉદ્દેશક. |
| भसअ | श्र. | भसक | ભસક | વાણારસીના રાજા જિતશત્રુનો પુત્ર, જરાકુમાર નો પૌત્ર. તેને એક ભાઈ સસક હતો, બેન સુકુમાલિયા નામે હતી. તે બધાએ શ્રમણત્વ સ્વીકાર્યું હતું. |
| भागवं | अ. | भागवत | ભાગવત | અજૈન શાસ્ત્ર. |
| भागवत | आ. | भागवत | ભાગવત | એક અજૈન સંપ્રદાય અને તેના અનુયાયી. |
| भाणु | ती. | भानु | ભાનુ | પંદરમા તીર્થંકર ધર્મના પિતા. |
| १. भाणुमित्त | श्र. | भानुमित्र | ભાનુમિત્ર | તીર્થંકર મલ્લિ ૦. પાસે દીક્ષા લેનાર રાજકુમાર. |
| २. भाणुमित्त | अ. | भानुमित्र | ભાનુમિત્ર | ઉજ્જૈનીના રાજા બલમિત્રનો નાનો ભાઈ. તેમણે આચાર્ય કાલગને નગરની બહાર કાઢી મૂક્યા હતા કારણ કે કાલગે બલભાનુને દીક્ષા આપી હતી. |
| भाणुसिरी | अ. | भानुश्री | ભાનુશ્રી | ઉજ્જૈનીના બલમિત્ર(૧) અને ભાનુમિત્ર(૨)ની બેન અને બલભાનુની માતા. |
| १. भारद्दाज | अ.गो. | भारद्वाज | ભારદ્વાજ | ગોસાલે જેના મૃત શરીરમાં પ્રવેશીને પાંચમો પઉટ્ટ પરિહાર (પરકાયપ્રવેશ) કર્યો હતો તે વ્યક્તિ. |
| २. भारद्दाय | दे.ज. | भारद्वाज | ભારદ્વાજ | મૃગશિર નક્ષત્રનું ગોત્રનામ. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. भारद्दाय | ती. | भारद्वाज | ભારદ્વાજ | સેયવિયાનો બ્રાહ્મણ. તે મહાવીરનો પૂર્વભવ હતો. |
| ४. भारद्दाय | अ.श्र. | भारद्वाज | ભારદ્વાજ | ગૌતમ ગોત્રની સાત શાખાઓમાંની એક. મહાવીર ના ચોથા ગણધર વ્યક્ત અને આચાર્ય મહાશ્રમણ આ શાખાના હતા. |
| भारहवास | भौ. | भारतवर्ष | ભારતવર્ષ | જંબૂદ્વીપમાં આવેલા સાત ક્ષેત્રોમાંનું એક ક્ષેત્ર. તે ભરત અને ભારહ નામે પણ જાણીતું છે. તે ચુલ્લ-હિમવંત પર્વતની દક્ષિણે, ક્રમશઃ પૂર્વ લવણસમુદ્ર, ઉત્તર લવણસમુદ્ર અને પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, ઉત્તરે અને પશ્ચિમે આવેલ છે. ઉત્તરમાં તેનો આકાર પલંગ જેવો છે જ્યારે દક્ષિણમાં ધનુપૃષ્ઠ જેવો છે. તેનો વિસ્તાર આખા જમ્બૂદ્વીપનો ૧/૧૦૦ છે. તેનો વિષ્કમ્ભ ૫૨૬/૬-૧૯ યોજન છે. તેની જીવાનું માપ ૧૪૪૭૧/૬-૧૯ યોજન છે. |
| १. भारिया | आ. | भार्या | ભાર્યા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું બારમું અધ્યયન. |
| २. भारिया | श्र. | भार्या | ભાર્યા | નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી, શ્રમણી પુષ્પચૂલા ની શિષ્યા બની. મરણ પછી યક્ષ દેવોના ઇંદ્રની ચાર રાણીઓમાંની એક રાણી તરીકે જન્મ લીધો. બીજા સૂત્રોમાં તેને તારગા કહેવામાં |
| भाव | दे.ज. | भाव | ભાવ | અઠ્યાસી ગ્રહમાંનો એક. જુઓ ભાવકેતુ. |
| भावकेउ/भावकेतु | दे.ज. | भावकेतु | ભાવકેતુ | અઠ્યાવીસ ગ્રહમાંનો એક. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ ભાવ અને કેતુ એમ બે જુદા ગ્રહો તરીકે ઉલ્લેખ કરે છે. |
| १. भावणा | आ. | भावना | ભાવના | બંધદસાનું સાતમું અધ્યયન. |
| २. भावणा | आ. | भावना | ભાવના | આચારના બીજા શ્રુતસ્કન્ધની ત્રીજી ચૂલા . |
| भाविअ | दे.भौ. | भावित | ભાવિત | મહાશુક્રનું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે, તેઓ સત્તર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સત્તર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| भाविअप्पा | स.ज. | भावितात्मन् | ભાવિતાત્મન્ | દિવસ અને રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| भास | दे.ज. | भास्मन् | ભાસ્મન્ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| भासरासि | दे.ज. | भस्मराशि | ભસ્મરાશિ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| भासा | आ. | भाषा | ભાષા | પ્રજ્ઞાપનાનું અગિયારમું પદ (પ્રકરણ) તેમજ ભગવતીના તેરમા શતકનો સાતમો ઉદ્દેશક. |
| भासाविचय/ भासावियय | आ. | भाषाविचय | ભાષાવિચય | દૃષ્ટિવાદનું બીજું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| भासुर | दे.भौ. | भासुर | ભાસુર | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું છે, તેઓ સાત પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સાત હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| भिउ | श्र. | भृगु | ભૃગુ | એક અજૈન ઋષિ. જુઓ ભિગુ. |
| भिउच्च | अ.ता. | भृगुअपत्य/भार्गव | ભૃગુઅપત્ય/ભાર્ગવ | ભૃગુના અનુયાયી પરિવ્રાજકોનો વર્ગ. |
| भिंगणिभा | भौ. | भृङ्गनिभा | ભૃङ्गનિભા | મંદર પર્વતની દક્ષિણપશ્ચિમે આવેલું સરોવર. |
| भिंगप्पभा | भौ. | भृङ्गप्रभा | ભૃङ्गપ્રભા | જંબૂ વૃક્ષની દક્ષિણપશ્ચિમે આવેલું સરોવર. |
| भिंगा | भौ. | भृङ्गा | ભૃङ्गા | મંદર પર્વતની દક્ષિણપશ્ચિમે આવેલું સરોવર. |
| भिंभिसार | श्रा.ती. | बिंबिसार | બિંબિસાર | આ અને ભંભસાર એક છે. |
| भिकुंडी | अ. | भिकुण्डी | ભિકુંડી | ચક્રવર્તી બ્રહ્મદત્તનો સમકાલીન રાજા. |
| भिक्खोंड | अ.ता. | भिक्षोण्ड | ભિક્ષોણ્ડ | કેવળ ભિક્ષા ઉપર જ જીવતા પરિવ્રાજકોનો વર્ગ. તેમને બૌદ્ધ કહેવામાં આવતા હતા. |
| भिगु | श्र. | भृगु | ભૃગુ | રાજા ઈસુકારનો પુરોહિત. તેને પુત્ર ન હતો. એક વાર કેટલાક શ્રમણોએ ભવિષ્ય ભાખ્યુ કે તેને બે પુત્રો થશે જે સંસારનો ત્યાગ કરશે. બન્ને પુત્રોએ સંસારનો ત્યાગ કરી દીધો. તેમની સાથે તેમના માતાપિતાએ તેમજ રાજા અને રાણી કમલાદેવી એ પણ દીક્ષા લીધી. પછી બધા જ મોક્ષ પામ્યા. |
| भित्तिल | दे.भौ. | | | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે. તેઓ વીસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને વીસ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| भिल्ल | अ. | भिल्ल | ભિલ્લ | એક અનાર્ય જાતિ. |
| १. भिसग | श्र.ती. | भीष्मक | ભીષ્મક | ૧૯મા તીર્થંકર મલ્લિના મુખ્ય શિષ્ય. સમવાય અનુસાર મલ્લિના પ્રથમ શિષ્ય ઈંદ(૩) હતા. |
| २. भिसग | श्र. | भीष्मक | ભિસક | આ અને ભસઅ એક છે. |
| १. भीम | अ.च. | भीम | ભીમ | ભરતમાં ભાવિમાં જન્મનાર બલભદ્ર(૭)નો ભાવિ સાતમો પ્રતિશત્રુ. |
| २. भीम | क. | भीम | ભીમ | હસ્તિનાપુરનો કૂટગ્રાહ– પ્રાણીને ફસાવી પકડનાર વિવિધ પ્રાણીઓનું માંસ ખાવા માટેનો પોતાની ગર્ભવતી પત્ની ઉત્પલાનો દોહદ તેણે પૂરો કર્યો. ઉત્પલાએ પછી ગોત્રાસને જન્મ આપ્યો હતો. |
| ३. भीम | दे. | भीम | ભીમ | દક્ષિણના રાક્ષસ દેવોનો ઇંદ્ર. તેને ચાર રાણીઓ છે — પદ્મા, પદ્માવતી, કણગા અને રયણપ્પભા. |
| ४. भीम | श्र. | भीम | ભીમ | જુઓ ભીમસેન(૧). |

| | | | | |
|---|---|---|---|---|
| १. भीमसेन | श्र. | भीमसेन | ભીમસેન | હસ્તિનાપુરના પંડુરાયનો પુત્ર અને યુધિષ્ઠિર, અર્જુન વગેરેનો ભાઈ. તેણે સંસારનો ત્યાગ કરી, આચાર્ય સુસ્થિતની આજ્ઞામાં રહી શ્રમણત્વનું પાલન કર્યુ. તેણે ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ અને તે શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યા. |
| २. भीमसेन | अ. | भीमसेन | ભીમસેન | અતીત અવસર્પિણી અથવા અતીત ઉત્સર્પિણીના દસ કુલકરમાંના છઠ્ઠા કુલકર. જુઓ કુલકર. |
| भीमा | ऐ. | भीमा | ભીમા | વસંતપુરની સીમા ઉપર આવેલી એક પલ્લી. તેના રહેવાસીઓ ભિલ્લ હતા. તેઓ વસંતપુર ના પ્રદેશમાં ચોરી અને લૂંટ કરી ત્રાસ ફેલાવતા હતા. |
| भीमासुरुक्क/ भीमासुरुत्त | अ. | भीमासुरोक्त | ભીમાસુરોક્ત | એક અજૈન લૌકિક ગ્રન્થકૃતિ (જેના કર્તા હતા ભીમાસુર). |
| भुअवर | भौ. | भुजवर | ભુજવર | એક વલયાકાર દ્વીપ. |
| भुयंग | अ. | भुजङ्ग | ભુજङ्ग | નાગપુરનો એક શ્રેષ્ઠી. તેની પત્ની ભુજંગશ્રી હતી, તેમની પુત્રી હતી ભુયંગા. |
| भुयंगवइ/ भुयंगवती | दे. | भुजङ्गवती | ભુજङ्गવતી | મહોરગ દેવોના ઇંદ્ર અતિકાયની ચાર પટરાણીઓ માંની એક. તેના પૂર્વભવમાં તે એક શ્રેષ્ઠીની પુત્રી હતી. મહાકાયની એક રાણીનું નામ પણ આ જ છે. |
| भुयंगसिरी | अ. | भुजङ्गश्री | ભુજङ्गશ્રી | નાગપુરના ભુયંગ શ્રેષ્ઠીની પત્ની, ભુયંગાની માતા |
| भुयंगा | दे. | भुजङ्गा | ભુજङ्गા | મહોરગ દેવોના ઇંદ્ર અતિકાયની ચાર પટરાણીઓ માંની એક. તે પોતાના પૂર્વભવમાં નાગપુરના શ્રેષ્ઠી ભુયંગ અને તેમની પત્ની ભુયંગસિરીની પુત્રી હતી. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી અને શ્રમણી પુષ્પચૂલાની શિષ્યા |
| भुयग | अ. | भुजग | ભુજગ | જુઓ ભુયંગ. |
| भुयगवइ | दे. | भुजगपति | ભુજગપતિ | વાણવ્યંતર દેવોના જે આઠ ભેદો છે તેમાંનો એક. તે અને મહોરગ એક છે. |
| भुयगवती | दे. | भुजगवती | ભુજગવતી | જુઓ ભુયંગવતી. |
| भुयगवर | भौ. | भुजगवर | ભુજગવર | રુચકખંડ પછી આવેલ અસંખ્ય સમુદ્રો અને દ્વીપો ની પેલે પાર આવેલો દ્વીપ. |
| भुयगा | श्र. | भुजगा | ભુજગા | જુઓ ભુયંગા. |
| भूइल | अ. | भूतिल | ભૂતિલ | તોસલિ ગામમાં એક દેવના ત્રાસમાંથી મહાવીર ને બચાવનાર જાદુગર. |
| भूतगुह | ऐ. | भूतगृह | ભૂતગૃહ | જુઓ ભુયગુહ. |
| भूतगुहा | ऐ. | भूतगृहा | ભૂતગૃહા | મથુરા પાસે આવેલી ગુફા. તેમાં વાણવ્યંતર દેવનું ચૈત્ય હતું. અહીં આર્ય રક્ષિત આવ્યા હતા. |
| भूततलाग | भौ. | भूततडाग | ભૂતતડાગ | જુઓ ભરૂચ. |

| | | | | |
|---|---|---|---|---|
| भूतभद्द | दे. | भूतभद्र | ભૂતભદ્ર | ભૂત દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| भूतमहाभद्द | दे. | भूतमहाभद्र | ભૂતમહાભદ્ર | ભૂત દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| भूतमहावर | दे. | भूतमहावर | ભૂતમહાવર | ભૂતોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| भूतवर | भौ. | भूतवर | ભૂતવર | ભૂતોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| भूतोद | भौ. | भूतोद | ભૂતોદ | ભૂત દ્વીપને ઘેરીને રહેલો સમુદ્ર. આ સમુદ્રને ઘેરીને વલયાકારે આવેલો દ્વીપ સયંભૂરમણ છે. સમુદ્ર ના અધિષ્ઠાતા બે દેવો ભૂતવર અને ભૂતમહાવર છે. |
| भूमह | स.ज. | भूमह | ભૂમહ | જુઓ ભોમ. |
| भूमि | आ. | भूमि | ભૂમિ | ભગવતીના વીસમા શતકનો આઠમો ઉદ્દેશક. |
| भूमितुंडक | भौ. | भूमितुण्डक | ભૂમિતુણ્ડક | કાલિકેય સમાન દેશ. |
| १. भूय | भौ. | भूत | ભૂત | યક્ષોદ સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. તે બધી બાજુથી ભૂતોદ સમુદ્રથી ઘેરાયેલો છે. તેના બે અધિષ્ઠાતા દેવો ભૂતભદ્ર અને ભૂતમહાભદ્ર છે. |
| २. भूय | दे. | भूत | ભૂત | વાણવ્યંતર દેવોનો એક વર્ગ. સુરૂપ અને પ્રડિરૂપ તેમના બે ઈન્દ્રો છે. જુઓ વાણવ્યંતર. |
| भूयगिह | ऐ. | भूतगृह | ભૂતગૃહ | આ અને ભૂયગુહ એક છે. |
| भूयगुह | ऐ. | भूतगृह | ભૂતગૃહ | અંતરંજિયા નગરમાં આવેલું ચૈત્ય. આચાર્ય શ્રીગુત્ત ત્યાં ગયા હતા. તેમના શિષ્ય રોહગુત્ત (૧)એ તેરાસિય(૧) સિદ્ધાંતનું અહીં પ્રતિપાદન કર્યું હતું. |
| भूयणंद | दे. | भूतनन्द | ભૂતનંદ | જુઓ ભૂતાનંદ. |
| १. भूयदिण्ण | श्र. | भूतदिन्न | ભૂતદિન્ન | નાગાર્જુનના શિષ્ય અને લોહિત્યના ગુરુ. |
| २. भूयदिण्ण | अ. | भूतदिन्न | ભૂતદિન્ન | વાણારસીના ચાંડાલ સંભૂતનો પિતા. |
| १. भूयदिण्णा | श्र. | भूतदिन्ना | ભૂતદિન્ના | સ્થૂલભદ્રની સાત બહેનોમાંની એક. તે બધી સંભૂઈ વિજયની શિષ્યાઓ હતા. |
| २. भूयदिण्णा | आ. | भूतदिन्ना | ભૂતદિન્ના | અંતકૃદ્દશાના સાતમાં વર્ગનું તેરમું અધ્યયન. |
| ३. भूयदिण्णा | श्र. | भूतदिन्ना | ભૂતદિન્ના | રાજગૃહીના રાજા શ્રેણિકની પત્ની. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી, વીસ વર્ષ શ્રમણત્વ પાળ્યું અને મોક્ષ પ્રાપ્ત કર્યો. |
| भूयलिवि | अ. | भूतलिपि | ભૂતલિપિ | બ્રાહ્મી લિપિના અઢાર પ્રકારોમાંનો એક. તે ગંધર્વ લિપિ તરીકે પણ જાણીતો છે. |
| भूयवडेंसा | भौ. | भूतावतंसा | ભૂતાવતંસા | રઈકરગ પર્વતની દક્ષિણપશ્ચિમે આવેલું સ્થળ. ઇંદ્ર શક્રની રાણી અપ્સરાની તે રાજધાની છે. |
| भूयवाअ | आ. | भूतवाद | ભૂતવાદ | આ અને ભૂતવાદ એક છે. |
| भूयवाइय | दे. | भूतवादिक | ભૂતવાદિક | વાણવ્યંતર દેવોને એક વર્ગ જેમના બે ઈન્દ્રો ઈશ્વર અને મહેશ્વર છે. |
| भूयवादिय | | भूतवादिक | ભૂતવાદિક | આ અને ભૂતવાઈય એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| भूयवाय | आ. | भूतवाद | ભૂતવાદ | દૃષ્ટિવાદનું બીજું નામ. |
| भूयसिरी | अ. | भूतश्री | ભૂતશ્રી | ચંપાનગરીના બ્રાહ્મણ સોમદત્તની પત્ની. |
| १. भूया | श्र. | भूता | ભૂતા | રાજગૃહીના શ્રેષ્ઠી સુદર્શનની પુત્રી. તે સંસાર ત્યાગી તીર્થંકરપાર્શ્વની મુખ્ય શિષ્યા શ્રમણી પુષ્પચૂલાની શિષ્યા બની. |
| २. भूया | श्र. | भूता | ભૂતા | સ્થૂલભદ્રની સાત બહેનોમાંની એક. તે બધી સંભૂતિવિજયની શિષ્યા હતા. |
| ३. भूया | भौ. | भूता | ભૂતા | રઈકરગપર્વતના દક્ષિણપશ્ચિમ ભાગે આવેલ સ્થાન તે શક્રની એક મુખ્ય પત્ની અમલાની રાજધાની છે. |
| १. भूयाणंद | दे. | भूतानन्द | ભૂતાનંદ | ઉત્તરના નાગકુમાર દેવોના ઇંદ્ર. તેમને છ પટરાણી ઓ છે. ભૂતાનંદને ચાલીસ લાખ ભવનો છે. |
| २. भूयाणंद | अ.प्र. | भूतानन्द | ભૂતાનંદ | કૂણિક રાજાના બે મુખ્ય હાથીઓમાંનો એક. તે તેના પૂર્વભવમાં અસુરકુમાર દેવ હતો. તે ભવિષ્ય માં મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે. |
| भूलिस्सर | ऐ. | भोलेश्वर | ભોલેશ્વર | આ જ નામના એક વાણવ્યંતરનું આનંદપુર નગર માં આવેલું મંદિર. |
| भेसग | अ. | भीष्मक | ભીષ્મક | કોડિન્યનો રાજા. તેને રુપ્પિ નામનો પુત્ર અને રુક્મિણી નામની પુત્રી હતી. |
| भेसगसुय | अ. | भीष्मकसुत | ભીષ્મકસુત | કોડિન્ય નગરના રાજા ભેસગનો પુત્ર રુપ્પિ(૧) અને આ એક જ છે. |
| भोग् | अ. | भोग | ભોગ | એક આર્ય કુળ. |
| भोगंकर | दे. | भोगङ्कर | ભોગઙ્કર | 'ફલિહકૂડ'નો અધિષ્ઠાતા દેવ. |
| भोगंकरा | दे. | भोगङ्करा | ભોગઙ્કરા | અધોલોકની એક મુખ્ય દિસાકુમારી. બીજી સાત સાથે તે તીર્થંકરના જન્મોત્સવમાં ભાગ લે છે. |
| भोगकड | ऐ.भौ. | भोगकट | ભોગકટ | આ અને ભોગપુર એક છે. |
| भोगपुर | ऐ.भौ. | भोगपुर | ભોગપુર | મહાવીર જ્યાં ગયા હતા તે નગરોમાંનું એક નગર. મહાવીર સુંસુમારપુરથી ભોગપુર અને ભોગપુરથી નંદિગ્રામ ગયા હતા. ભોગપુરમાં ક્ષત્રિય માહેન્દ્ર ખજુરીના તીક્ષ્ણ કાંટાથી મહાવીરને ત્રાસ આપવા ઇચ્છતો હતો પણ દેવેન્દ્ર સનતકુમારે તેને અટકાવ્યો, તેની પાછળ પડી તેને ભગાડી મૂક્યો. |
| १. भोगमालिणी | दे. | भोगमालिनी | ભોગમાલિની | માલ્યવંત પર્વતના રચય શિખરની અધિષ્ઠાત્રિ દેવી |
| २. भोगमालिणी | दे. | भोगमालिनी | ભોગમાલિની | અધોલોકની એક પ્રધાન દિસાકુમારી. |
| भोगराय | अ. | भोगराज | ભોગરાજ | રાજીમતીના પિતા ઉગ્ગસેણનો વંશ. |
| १. भोगवइया | अ. | भोगवतिका | ભોગવતિકા | બ્રાહ્મી લિપિના અઢાર પ્રકારોમાંનો એક પ્રકાર. |
| २. भोगवइया | अ. | भोगवतिका | ભોગવતિકા | રાજગૃહીના શ્રેષ્ઠી ધનદેવ(૧)ની પત્ની. |

| | | | | |
|---|---|---|---|---|
| १. भोगवइ | स. | भोगवती | ભોગવતી | પખવાડિયાની બીજ, સાતમ અને બારસની રાતો. |
| २. भोगवइ | दे. | भोगवती | ભોગવતી | ભોગંકરા જેવી અધોલોકની એક મુખ્ય દિસાકુમારી. |
| भोगवतिया | अ. | भोगवतिका | ભોગવતિકા | જુઓ ભોગવઈયા. |
| भोगवयता | अ. | भोगवतिका | ભોગવતિકા | આ અને ભોગવઈયા(૧) એક છે. |
| भोम | स. | भौम | ભૌમ | રાત–દિવસના ત્રીસ મુહૂર્તમાંનું એક. ‘ભૂમહ’ તેનું બીજું નામ છે. |
| मइ | श्र. | मति | મતિ | પંડુમથુરાના રાજા પંડુસેનની પુત્રી. જે સ્થળે તે મોક્ષ પામી હતી તે સ્થળને લવણ સમુદ્રના અધિષ્ઠાતા દેવે રોશનીથી ઝળહળતું કરી દીધું હતું અને તેથી તે સ્થળ પ્રભાસ(૫) નામે પ્રસિદ્ધ થયું. |
| मउंद | | मुकुन्द | મુકુન્દ | જુઓ ‘મુગુંદમહ’. |
| १. मंकाइ | आ. | मङ्काति | મઙ્કાતિ | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું પહેલું અધ્યયન. |
| २. मंकाइ | श्र. | मङ्काति | મઙ્કાતિ | રાજગૃહીનો એક શ્રેષ્ઠી. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી. તે અગિયાર અંગ સૂત્રો ભણ્યો. તેણે સોળ વર્ષ શ્રમણત્વનું પાલન કર્યું અને તે વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યો. |
| १. मंखलि | अ.गो. | मङ्खलि | મંખલિ | ગોસાલના પિતા અને ભદ્રા(૨૮)ના પતિ. |
| २. मंखलि | अ.प्र. | मङ्खलि | મંખલિ | જુઓ મંખલિપુત્ત(૨). |
| १. मंखलिपुत्त | अ.गो. | मङ्खलिपुत्र | મંખલિપુત્ર | મંખલિ(૧)ના પુત્ર ગોસાલનું બીજું નામ. |
| २. मंखलिपुत्त | श्र.प्र. | मङ्खलिपुत्र | મંખલિપુત્ર | પ્રત્યેકબુદ્ધ તરીકે જેમને સ્વીકારાયેલ તે, અરિષ્ટનેમિ ના તીર્થમાં થયેલા અજૈન ઋષિ. |
| मंगला | ती. | मङ्गला | મંગલા | પાંચમાં તીર્થંકર સુમતિની માતા. કોસલપુરના રાજા મેઘ તેના પતિ હતા. |
| १. मंगलावइ | भौ. | मङ्गलावती | મંગલાવતી | માયંજણ પર્વતની પશ્ચિમે આવેલો પ્રદેશ. તે મહા–વિદેહમાં આવેલ છે. તેની રાજધાની રત્નસંચયા છે |
| २. मंगलावइ | भौ. | मङ्गलावती | મંગલાવતી | મહાવિદેહમાં આવેલા સોમનસ(૫) પર્વતનું શિખર. તે પાંચસો યોજન ઊંચું છે. |
| ३. मंगलावइ | दे. | मङ्गलावती | મંગલાવતી | મંગલાવઈ(૨) શિખરની અધિષ્ઠાત્રી દેવી. |
| ४. मंगलावइ | अ. | मङ्गलावती | મંગલાવતી | દશાર્ણપુરના રાજા દશાર્ણભદ્રની રાણી. |
| ५. मंगलावइ | अ. | मङ्गलावती | મંગલાવતી | વજ્રસેનની પત્ની અને વજ્રનાભની માતા. તેનું બીજું નામ ધારિણી(૮) હતું. |
| मंगलावती | अ. | मङ्गलावती | મંગલાવતી | જુઓ મંગલાવઈ. |
| १. मंगलावत्त | भौ. | मङ्गलावर्त | મંગલાવર્ત | મહાવિદેહમાં આવેલા નલિનકૂડ પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચસો યોજન છે. |
| २. मंगलावत्त | भौ. | मङ्गलावर्त | મંગલાવર્ત | મહાવિદેહ માં આવેલ પ્રદેશ. તે નીલવંત પર્વતની દક્ષિણે, સીતાનદીની ઉત્તરે, નલિનકૂડપર્વતની પૂર્વે અને પંકાવઈ સરોવરની પશ્ચિમે આવેલો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. मंगलावत्त | दे. | मङ्गलावर्त | મંગલાવર્ત | મંગલાવર્ત્ત(૨)નો અધિષ્ઠાતા દેવ. |
| ४. मंगलावत्त | दे.भौ. | मङ्गलावर्त | મંગલાવર્ત | બ્રહ્મલોકમાં આવેલ સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગરોપમ વર્ષનું છે, તેઓ દસ પખવાડિયે એક જ વાર શ્વાસ લે છે અને તેમને દસ હજાર વર્ષે એક જ વાર ભૂખ લાગે છે. |
| मंगु | श्र. | मङ्गु | મङ्गु | એક વિદ્વાન આચાર્ય. ભોજનના લોભના કારણે મથુરામાં મરણ પછી તે યક્ષ થયા. |
| मंजुघोसा | दे. | मञ्जुघोषा | મંજુઘોષા | દિસાકુમાર દેવોના તેમજ ઉત્તરના વાણવ્યંતર દેવો ના ઘંટનું નામ. |
| मंजुस्सरा | दे. | मञ्जुस्वरा | મંજુસ્વરા | અગ્નિકુમાર દેવોના તેમજ દક્ષિણના વાણવ્યંતર દેવોના ઘંટનું નામ. |
| मंजूसा | ऐ. | मञ्जूषा | મંજૂષા | મંગલાવર્ત્તની રાજધાની. |
| मंड | ती.ग. | मण्ड | મંડ | મંડિતનું બીજું નામ. |
| मंडलपवेस | आ. | मण्डलप्रवेश | મંડલપ્રવેશ | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. જે હાલ અસ્તિત્વમાં નથી. |
| मंडलि | अ. | मंडलिन् | મંડલિન્ | કોચ્છ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| मंडव | अ. | माण्डव्य | માંડવ્ય | મૂળના સાત ગોત્રોમાંનું એક. |
| मंडव्वायण | अ.ज. | माण्डव्यायन | માંડવ્યાયન | અસ્સેસા નક્ષત્રનું ગોત્રનામ. |
| मंडिकुच्छि | ऐ. | मण्डिकुक्षि | મંડિકુક્ષિ | આ અને મંડિયકુચ્છિ એક છે. |
| १. मंडित/मंडिय | क. | मण्डित | મંડિત | બેન્નાતટનો નામચીન લૂંટારો. તે વણકર હોવાનો ઢોંગ કરી ત્યાં રહેતો હતો. ઘણા વખત પછી વેશ પલટો કરી નગરચર્યાનું નિરીક્ષણ કરવા નીકળેલા રાજા મૂલદેવે પોતે જ તેનું છૂપુ સ્થાન શોધી કાઢ્યું. |
| २. मंडिय | ती.ग. | मण्डित | મંડિત | તીર્થંકર મહાવીરના છઠ્ઠા ગણધર. તે વાસિટ્ઠ ગોત્ર ના ધણદેવ અને વિજયદેવાના પુત્ર હતા. તે મોરિય સંનિવેશના હતા. તેમના નાના ભાઈનું નામ હતુ મોર્યપુત્ર. તેમણે પાવામજ્ઝિમામાં મહાવીર પાસે પોતાના ૩૫૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. તે સમયે તેમની ઉંમર ૫૩ વર્ષની હતી. ૧૪વર્ષ પછી તેમને કેવલજ્ઞાન થયું અને ૮૩ વર્ષની ઉંમરે મોક્ષ પામ્યા. તેમણે મહાવીર સાથે કેટલીક દાર્શનિક સમસ્યાઓ ચર્ચી હતી. જુઓ મંડિયપુત્ત. |
| मंडियकुच्छि | ऐ.गो. | मण्डितकुक्षि | મંડિતકુક્ષિ | રાજગૃહી નગરની બહાર આવેલું ચૈત્ય. ગોસાલે પોતાનો પ્રથમ પઉટ્ટપરિહાર (પરકાયપ્રવેશ) અહીં કર્યો હતો. ગોસાલે ઉદાયિ(૧)ના શરીરને છોડીને એણેજ્જગ(૧)ના મૃત શરીરમાં પ્રવેશ કર્યો હતો. આ ચૈત્યે રાજાશ્રેણિક(૧) આવ્યા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| मंडियपुत्त | ती.ग. | मण्डितपुत्र | મંડિતપુત્ર | મંડિતનું બીજું નામ. |
| मंडुअ | अ. | मण्डुक | મંડુક | શેલગપુરના રાજા શેલગનો પુત્ર. તેની માતા પદ્મા–વતી હતી. |
| मंडुक्क | आ. | माण्डूक्य | માંડૂક્ય | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું તેરમું અધ્યયન |
| मंडुक्कलिय | श्र. | मण्डूक्कि | માંડૂકિક | ભિક્ષા માટે નીકળેલ જેમણે ચાલતા ચાલતા દેડકા ને કચરી નાખવા છતા તે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યુ ન હતુ તે આચાર્ય. |
| मंढियगाम | ऐ. | मेण्ढिकग्राम | મેંઢિકગ્રામ | જુઓ મેંઢિયગામ. |
| १. मंदर | ती.श्र. | मन्दर | મન્દર | તેરમા તીર્થંકર વિમલનો પ્રથમ શિષ્ય. |
| २. मंदर | आ. | मन्दर | મન્દર | દીર્ઘદશાનું સાતમું અધ્યયન. |
| ३. मंदर | | मन्दर | મન્દર | એક વિશિષ્ટ પર્વત. તે જંબૂદ્વીપના કેન્દ્રમાં આવ્યો છે. તે ઉત્તરકુરુની દક્ષિણે, દેવકુરુની ઉત્તરે, અવર વિદેહની પૂર્વે અને પૂર્વવિદેહની પશ્ચિમે આવેલ છે. તેની ઊંચાઈ ૯૯૦૦૦ યોજન છે, ઊંડાઈ ૧૦૦૦ યોજન છે. જમીન નીચે તળિયે તેની પહોળાઈ અને તેનો ઘેરાવો અનુક્રમે ૧૦૦૯૦/૧૦–૧૧ અને ૩૧૯૧૦/૮–૧૧ યોજન છે. તે જમીનની સપાટી એ તેની પહોળાઈ અને ઘેરાવો ક્રમશઃ ૧૦૦૦૦ યોજન અને ૩૧૬૨૩ યોજન છે. મધ્યભાગે તેની પહોળાઈ અને ઘેરાવો ક્રમશઃ ૧૦૦૦ યોજન અને સાધિક ૩૧૬૨ યોજનથી છે. ટોચનું તળ ૧૦૦ યોજન પહોળું. પર્વતનો આકાર ગાયના પૂંછડા જેવો છે. વલયાકાર દ્વીપોમાં આ મંદર પર્વત જેવા મંદરપર્વતો છે, તેમની ઊંચાઈ કેવળ ૮૪ યોજન છે |
| ४. मंदर | भौ. | मन्दर | મન્દર | પશ્ચિમ રુચક પર્વતનું એક શિખર. પ્રધાન દિસા–કુમારી પદ્માવતી તેના ઉપર વસે છે. |
| ५. मंदर | भौ. | मन्दर | મન્દર | મંદર પર્વતનું એક શિખર. તે નંદણવનમાં આવેલું છે. તેની અધિષ્ઠાત્રિ દેવીનું તેમ જ તે દેવીની રાજધાનીનું નામ 'મેહવઈ' છે. |
| ६. मंदर | ऐ. | मन्दर | મન્દર | આ અને મંદિર સંનિવેશ એક છે. |
| मंदरकूड | भौ. | मन्दरकूट | મન્દરકૂટ | આ અને મંદર(૫) એક છે. |
| मंदरचूलिआ | भौ. | मन्दरचूलिका | મન્દરચૂલિકા | મંદરનું કેન્દ્રવર્તી શિખર. તે વર્તુળાકાર પંડગવનના કેન્દ્રમાં આવેલું છે. તેની ઊંચાઈ ચાલીસ યોજન છે. તળિયે તેની પહોળાઈ બાર યોજન છે, મધ્યમાં તેની પહોળાઈ આઠ યોજન છે અને ઉપરના ભાગે તેની પહોળાઈ ચાર યોજન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. मंदिर | ऐ. | मंदिर | મંદિર | જ્યાં મહાવીર પોતાના પૂર્વભવમાં અગ્નિભૂતિ બ્રાહ્મણ તરીકે જન્મ્યા હતા તે સંનિવેશ. |
| २. मंदिर | ऐ. | मंदिर | મંદિર | તીર્થંકર સંતિએ પ્રથમ ભિક્ષા લીધી હતી તે સ્થળ. |
| मगध | भौ. | मगध | મગધ | જુઓ મગ્રહ. |
| मगधा | भौ. | मगधा | મગધા | આ અને મગ્રહ એક છે. |
| मगर | दे.ज. | मकर | મકર | રાહુનું બીજું નામ. |
| मगसिर | दे.ज. | मृगशिरस् | મૃગશિરસ્ | અઠ્ઠાવીસ નક્ષત્રમાંનું એક. ભારદ્વાજ તેનું ગોત્ર નામ છે. તેનો અધિષ્ઠાતા દેવ સોમ છે. |
| मगह | भौ. | मगध | મગધ | ૧૬ જનપદોમાંનું એક. સાડી પચીસ આર્ય દેશોમાં નો એક દેશ. તેની રાજધાની રાજગૃહી હતી. |
| मगहसिरि | अ. | मगधश्री | મગધશ્રી | રાજગૃહીના રાજા જરાસંધની બે મુખ્ય ગણિકાઓમાં ની એક. |
| मगहसुंदरी | अ. | मगधसुन्दरी | મગધસુન્દરી | રાજગૃહીના રાજા જરાસંધની બે મુખ્ય ગણિકાઓમાં ની એક. |
| १. मगहसेणा | क. | मगधसेना | મગધસેના | એક પ્રેમકથા. ધર્મોપદેશમાં એક દ્રષ્ટાંત તરીકે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. |
| २. मगहसेणा | अ. | मगधसेना | મગધસેના | જરાસંધના શાસનકાળમાં રાજગૃહી નગરની એક વેશ્યા. સૂઝ–બુદ્ધિવાળા એક શ્રેષ્ઠી તરફનું તેનું આકર્ષણ તદ્દન નિષ્ફળ પૂરવાર થયું. |
| मगहा | भौ. | मगधा | મગધા | આ અને મગ્રહ એક છે. |
| मगहापुर | ऐ. | मगधापुर | મગધાપુર | મગ્રહદેશની રાજધાની.આ રાજગૃહીનું બીજું નામ છે |
| मग्ग | आ. | मार्ग | માર્ગ | સૂત્રકૃત્ ના પ્રથમ શ્રુતસ્કન્ધનું અધ્યયન ૧૧. |
| मग्गर | अ.भौ. | मुद्गर | મુદ્ગર | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. તેનું બીજું નામ મદ્દુર જણાય છે કારણ કે પ્રશ્નવ્યાકરણ માં મુદ્ગર ના સ્થાને તેનો ઉલ્લેખ થયો છે. |
| मघव | च. | मघवन् | મઘવન્ | જુઓ મઘવા. |
| १. मघवा | च. | मघवन् | મઘવન્ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ત્રીજા ચક્રવર્તી. શ્રાવસ્તીના રાજા સમુદ્રવિજય અને તેમની રાણી ભદ્રા(૨૫)ના તે પુત્ર હતા. |
| २. मघवा | अ. | मघवन् | મઘવન્ | આઠમા તીર્થંકર ચંદ્રપ્રભનો સમકાલીન રાજા. |
| ३. मघवा | दे. | मघवन् | મઘવન્ | શક્ર(૩)નું બીજું નામ. |
| १. मघा | अ.न. | मघा | મઘા | છઠ્ઠી નરકભૂમિ ‘તમા’નું ગોત્રનામ. |
| २. मघा | दे.ज. | मघा | મઘા | અઠ્ઠાવીસ નક્ષત્રમાંનું એક. પિતૃ તેનો અધિષ્ઠાતા દેવ છે. પિંગાયણ તેનું ગોત્રનામ છે. |
| १. मच्छ | ऐ.भौ. | मत्स्य | મત્સ્ય | સાડી પચીસ આર્ય દેશોમાંનો એક. ‘વઈરાડ’ તેની રાજધાની હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| २. मच्छ | दे.ज. | मत्स्य | મત્સ્ય | રાહુનું બીજું નામ. |
| मच्छियमल्ल | अ. | मात्सिक्यमल्ल | માત્સિક્યમલ્લ | સોપારગ નગરનો મલ્લ. તે ઉજ્જૈની નગરના મલ્લ અટ્ટણનો હરીફ હતો. તેને ફલિહમલ્લે હરાવ્યો હતો. |
| मज्झदेस | भौ. | मध्यदेश | મધ્યદેશ | શ્રમણોનો અત્યંત માનીતો દેશ. આ દેશમાં સાત કુલકર જન્મ લે છે. કેવલજ્ઞાનપ્રાપ્ત ચક્રવર્તી ભરત આ દેશમાંથી પસાર થઈને અષ્ટાપદ પહોંચેલ અને ત્યાં મોક્ષ પ્રાપ્ત કર્યો. |
| मज्झमिया | ऐ.भौ. | माध्यमिका | માધ્યમિકા | જ્યાં રાજા મેઘરથ રાજ કરતો હતો તે નગર. |
| मज्झिमउवरिम-गेविज्जग | भौ.दे. | मध्यमउपरिम–ग्रैवेयक | મધ્યમઉપરિમ-ગ્રૈવેયક | આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુ ૨૭ અને ઉત્કૃષ્ટ આયુ ૨૮ સાગરોપમ છે. જુઓ 'ગ્રૈવેયક'. |
| मज्झिमगेविज्ज | भौ.दे. | मध्यमग्रैवेयक | મધ્યમગ્રૈવેયક | મધ્યનો ગ્રૈવેયક થર. તેના ત્રણ ભાગ છે– મજ્ઝિમ હિટ્ઠિમ, મજ્ઝિમમજ્ઝિમ, મજ્ઝિમ–ઉવરિમ. |
| मज्झिममज्झिम-गेविज्जग | भौ.दे. | मध्यममध्यम–ग्रैवेयक | મધ્યમમધ્યમ-ગ્રૈવેયક | આ સ્વર્ગીય વાસસ્થાનના દેવોનું જઘન્ય–ઉત્કૃષ્ટ આયુ ક્રમશ ૨૬–૨૭ સાગરોપમ છે. જુઓ ગ્રૈવેયક |
| मज्झिमहिट्ठिम-गेविज्जग | भौ.दे. | मध्यमहेट्ठीम–ग्रैवेयक | મધ્યમહેઠ્ઠીમ-ગ્રૈવેયક | આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે ૨૫ અને ૨૬ સાગરોપમ વર્ષનું છે. જુઓ ગ્રૈવેયક. |
| मज्झिमहेट्ठिम-गेविज्जग | भौ.दे. | मध्यमहेट्ठीम–ग्रैवेयक | મધ્યમહેઠ્ઠીમ-ગ્રૈવેયક | આ અને મજ્ઝિમહિટ્ઠિમગ્રૈવેયક એક છે. |
| मज्झिमा | ऐ. | मध्यमा | મધ્યમા | જે રાત્રે તીર્થંકર મહાવીરને કેવલજ્ઞાન થયું. તે જ રાત્રે મહાવીર જૃંભિકગામથી જ્યાં ગયા હતા તે નગર. જૃંભિકગામથી ૧૨ યોજનના અંતરે આવેલું હતું. આ અને પાવામજ્ઝિમા એક છે. |
| मज्झिमाणयरी | भौ. | मध्यमानगरी | મધ્યમાનગરી | આ અને 'મજ્ઝિમા' એક છે. |
| मज्झिमापावा | ऐ. | मध्यमापापा | મધ્યમાપાપા | જે નગરમાં સિદ્ધાર્થ શેઠે ખરઅ વૈદ્ય પાસે તીર્થંકર મહાવીરના કાનોમાં મારવામાં આવેલા વાંસના ખીલાઓને બહાર કઢાવી નાખ્યા હતા તે નગર. આ અને પાવામજ્ઝિમા એક છે. |
| मणग | श्र. | मनक | મનક | રાજગૃહીના શય્યંભવ બ્રાહ્મણનો પુત્ર. તેના પિતા સંસાર છોડી આચાર્ય પ્રભવના શિષ્ય બન્યા તે પછી તેનો જન્મ થયો હતો. આઠ વર્ષની ઉંમરે મનકપોતે પણ સંસારનો ત્યાગ કરી શ્રમણ બન્યા. તેનું આયુષ્ય છ મહિના જ બાકી રહ્યું હતું તેથી તે મનકના કલ્યાણાર્થે શય્યંભવઆચાર્યે દશવૈકાલિક આગમસૂત્રની રચના કરી. |
| मणिकंचण | भौ. | मणिकञ्चन | મણિકંચન | રુક્મી પર્વતનું શિખર. |

| | | | | |
|---|---|---|---|---|
| मणिचूड | श्र. | मणिचूड | મણિચૂડ | ગંધાર દેશમાં આવેલા રયણાવહનો વિદ્યાધર રાજા. તેણે પોતાની રાણી કમલાવતીથી થયેલા પુત્ર મણિપ્રભને રાજ આપી સંસારનો ત્યાગ કર્યો હતો. |
| मणिणाअ | ऐ. | मणिनाग | મણિનાગ | રાજગૃહી પાસે આવેલું યક્ષનું ચૈત્ય. |
| मणिदत्त | दे. | मणिदत्त | મણિદત્ત | જેનું ચૈત્ય રોહીતકના મેઘવર્ણ ઉદ્યાનમાં આવેલું હતું તે યક્ષ. |
| मणिपुर | ऐ. | मणिपुर | મણિપુર | જે નગરમાં ગૃહસ્થ નાગદત્ત વસતો હતો તે નગર. |
| १. मणिप्पभ | क. | मणिप्रभ | મણિપ્રભ | ઉજ્જૈનીના રાજા પાલકનો પૌત્ર અને રાજકુમાર રાષ્ટ્રવર્ધનનો પુત્ર. વિશેષ માટે જુઓ અજિતસેન. |
| २. मणिप्पभ | क. | मणिप्रभ | મણિપ્રભ | 'રયણાવહ'ના રાજા મણિચૂડ અને રાણી કમલા વતીનો પુત્ર. તે યુગબાહુની પત્ની મદણરેખા ના રૂપથી મોહીત થયો હતો. પરંતુ જે શ્રમણ બની ગયા હતા તે તેના પિતાએ તેને બોધ આપ્યો અને પરિણામે તે તેને બેન ગણવા લાગ્યો. |
| मणिरह | क. | मणिरथ | મણિરથ | અવંતી દેશના સુદર્શનપુરનો રાજા. તેણે પોતાના નાના ભાઈ યુગબાહુની રૂપાળી પત્ની મદણરેખા ને પોતાની કરવા માટે યુગબાહુનો વધ કરી નાખ્યો. તે મરીને નરકમાં ગયો. |
| मणिवइया | ऐ. | मणिमतिका | મણિમતિકા | જ્યાં શ્રેષ્ઠી પૂર્ણભદ્ર વસતા હતા તે નગર. કદાચ આ અને 'મણિવયા' એક છે. |
| मणिवया | ऐ. | मणिमया | મણિમયા | જે નગરમાં શ્રમણ સંભૂતને રાજા મિત્રએ ભિક્ષા આપી હતી તે નગર. જુઓ 'મણિવઈયા'. |
| मणु | दे.भौ. | मनु | મનુ | સૌધર્મમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમ વર્ષનું છે. તે પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને એક હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| मणुअ | दे. | मनुज | મનુજ | એક યક્ષ. |
| मणुपुव्वग | भौ. | मनुपूर्वक | મનુપૂર્વક | કાલિકેય જેવો દેશ. |
| मणुअलोअ | भौ. | मनुजलोक | મનુજલોક | આ અને 'મનુષ્યક્ષેત્ર' એક છે. |
| मणुस्सखेत्त | भौ. | मनुष्यक्षेत्र | મનુષ્યક્ષેત્ર | તે ક્ષેત્ર જ્યાં ત્રણ પ્રકારના મનુષ્યો વસે છે. તે ત્રણ પ્રકાર આ– કર્મભૂમગ, અકર્મભૂમગ અને અંતર દીવગ. આ ક્ષેત્ર બહાર ક્યાંય મનુષ્યનું અસ્તિત્વ ન હોવાથી તેને મનુષ્યક્ષેત્ર કહેવામાં આવે છે. તેમાં અઢી દ્વીપો આવેલા છે. તેને સમયક્ષેત્ર પણ કહેછે. તેમાં બે સમુદ્ર છે — લવણ અને કાલોદ. |
| १. मणोरम | दे.भौ. | मनोरम | મનોરમ | મહાઘોસ(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| २. मणोरम | भौ. | मनोरम | મનોરમ | મંદર(૩) પર્વતના સોળ નામોમાંનું એક નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. मणोरम | दे. | मनोरम | મનોરમ | સહસ્રારકલ્પ ના ઇંદ્રના વિમાનનો વ્યવસ્થાપક દેવ |
| ४. मणोरम | दे. | मनोरम | મનોરમ | રુચક દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક દેવ. |
| ५. मणोरम | ऐ. | मनोरम | મનોરમ | વીરપુરમાં આવેલું ઉદ્યાન. |
| १. मणोरमा | श्रा. | मनोरमा | મનોરમા | એક સદ્‌ગુણી સ્ત્રી. |
| २. मणोरमा | भौ. | मनोरमा | મનોરમા | શક્રની એક પટરાણી અંજૂની રાજધાની. તે રઈકરગ પર્વત ઉપર આવેલ છે. |
| ३. मणोरमा | ती. | मनोरमा | મનોરમા | મલ્લિના સંસારત્યાગના પ્રસંગ ઉપર ભ૦ મલ્લિએ ઉપયોગમાં લીધેલી પાલખી. |
| १. मणोरह | ऐ. | मनोरथ | મનોરથ | નાલંદામાં આવેલું ઉદ્યાન. |
| २. मणोरह | स. | मनोरथ | મનોરથ | પખવાડિયાનો ત્રીજનો દિવસ. |
| मणोसिल/ मणोसिलय | दे.भौ. | मन:शिलक | મન:શિલક | ૪ વેલંધરનાગરાજ દેવોમાંનો એક. તેનું વાસસ્થાન લવણ સમુદ્રમાં આવેલા દગસીમ પર્વત ઉપર છે. |
| मणोसिला/ मणोसिलिया | ऐ. | मन:शिला | મન:શિલા | મનોસિલય દેવની રાજધાની. તે દગસીમ પર્વત ઉપર આવેલી છે. |
| मणोहरा | ती. | मनोहरा | મનોહરા | સંસારત્યાગના પ્રસંગે તીર્થંકર મુનિસુવ્રત(૧)એ ઉપયોગમાં લીધેલી પાલખી. |
| मणोहरी | श्र. | मनोहरी | મનોહરી | જિતશત્રુની બે રાણીઓમાંની એક. પોતે પોતાના દીકરા બલદેવ અચલને બોધ પમાડશે એવી શરતે તેને સંસારનો ત્યાગ કરી શ્રમણી બનવાની રજા આપવામાં આવી હતી. |
| मति | | मति | મતિ | જુઓ 'મઈ'. |
| मत्तजला | भौ. | मत्तजला | મત્તજલા | વત્સાવતી અને રમ્યક પ્રદેશો વચ્ચે વહેતી નદી. તે મંદરપર્વતની પૂર્વે, સીતા નદીની દક્ષિણે આવેલ છે |
| मत्तियावइ | ऐ. | मृत्तिकावती | મૃત્તિકાવતી | આર્ય દેશ દશાર્ણની રાજધાની. |
| मथुरा | ऐ.भौ. | मथुरा | મથુરા | જુઓ મથુરા(૧). |
| मथुराकोट्टइल्लग | अ. | मथुराकोट्टैल्लक | મથુરાકોટ્ટૈલ્લક | ઉદાચીમારકનો ઢોંગ કરતી વ્યક્તિ જેનો આશય કળવો મુશ્કેલ હતો. |
| १. मदणा | दे. | मदना | મદના | અસુરકુમાર દેવોના બે ઇન્દ્રોમાંના એક ઇંદ્ર બલિની પાંચ પટરાણીઓમાંની એક. તે તેના પૂર્વ ભવમાં શ્રાવસ્તીના એક શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| २. मदणा | दे. | मदना | મદના | સૌધર્મ કલ્પ ના ઇંદ્ર શક્રના સોમ, યમ, વરુણ, વૈશ્રમણ એ ચાર લોકપાલમાંથી દરેકને આ નામ વાળી એક એક પટરાણી છે. |
| ३. मदणा | आ. | मदना | મદના | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના બીજા વર્ગનું પાંચમું અધ્યયન. |
| मद्दण | ऐ. | मर्दन | મર્દન | એક ગામ. તીર્થંકર મહાવીર તે ગામ ગયા હતા અને ત્યાં બલદેવઘરમાં ધ્યાન કર્યું હતું. |

| | | | | |
|---|---|---|---|---|
| **मद्दणा** | ऐ. | *मर्दना* | મર્દના | જુઓ 'મદ્દણા'. |
| **मद्दुअ** | श्रा. | *मद्दुक* | મદ્દુક | તીર્થંકર મહાવીરનો શ્રાવક ભક્ત અને રાજગૃહીનો રહેવાસી. તેણે મહાવીરના કેટલાક ઉપદેશો અંગે કાલોદાયિને જે શંકાઓ હતી તેમને દૂર કરી દીધી. |
| **मधुरा** | ऐ.भौ. | *मथुरा* | મથુરા | જુઓ મથુરા. |
| **मधुरायण** | श्र.प्र. | *मधुराजन्* | મધુરાજન્ | પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયેલ એક અજૈન ઋષિ જે અરિષ્ટનેમિના તીર્થમાં થઈ ગયા. |
| **मम्मण** | क. | *मम्मण* | મમ્મણ | રાજગૃહીનો લોભી શ્રેષ્ઠી. બહુ ધનવાન હતો. સુવર્ણ અને રત્નોનો બનેલો એક બળદ તેની પાસે હતો. રાજા શ્રેણિક પણ તેટલો કીંમતી બીજો બળદ મેળવી શક્યો ન હતો. |
| **मयंग** | श्र.प्र. | *मातङ्ग* | માતઙ્ગ | જુઓ માતંગ. |
| **मयंगतीर** | ऐ. | *मृतगङ्गातीर* | મૃતગઙ્ગાતીર | ગંગાના તીર ઉપર આવેલું સ્થળ જ્યાં ચિત્ર અને સંભૂત તેમના પૂર્વભવમાં હંસ તરીકે જન્મ્યા હતા. ચાંડાલ બલ પણ અહીં હરિકેશકોમમાં જન્મેલા. |
| **मयंगतीरद्दह** | ऐ. | *मृतगङ्गातीरद्रह* | મૃતગઙ્ગાતીરદ્રહ | વાણારસીની ઉત્તરપૂર્વે ગંગા નદીમાં આવેલો ઊંડો ધરો. |
| **मयगंगा** | ऐ. | *मृतगङ्गा* | મૃતગઙ્ગા | જુઓ મયંગતીર. |
| **मयणमंजरी** | अ. | *मदनमञ्जरी* | મદનમંજરી | કંપિલ્લપુરના રાજા દુર્મુખની પુત્રી. તેને ઉજ્જેનીના રાજા પ્રદ્યોત સાથે પરણાવવામાં આવી હતી. |
| **मयणरेहा** | श्रा.श्र. | *मदनरेखा* | મદનરેખા | એક સદ્‌ગુણી સ્ત્રી. તેના પતિ યુગબાહુને તેના જ મોટાભાઈ મણિરથે મારી નાખ્યો ત્યારે તે ગર્ભવતી હોવા છતા શીલ રક્ષણ માટે જંગલમાં ભાગી ગઈ. જંગલમાં તેણે પુત્રને જન્મ આપ્યો. વિદ્યાધર મણિપ્રભે મદનરેખાનું અપહરણ કર્યું પણ પછીથી તેને તે બેન ગણવા લાગ્યો. મદનરેખાએ મિથિલા માં સંસારનો ત્યાગ કર્યો. |
| **मयणा** | दे. | *मदना* | મદના | જુઓ 'મદણા'(૨). |
| **१. मयालि** | आ. | *मयालि* | મયાલિ | અંતકૃદ્દશાના ચોથા વર્ગનું બીજું અધ્યયન. |
| **२. मयालि** | श्र. | *मयालि* | મયાલિ | રાજા વસુદેવ અને રાણી ધારિણીનો પુત્ર. તેના જીવનપ્રસંગો જાલિના જીવનપ્રસંગો જેવા જ છે |
| **३. मयालि** | आ. | *मयालि* | મયાલિ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧ નું અધ્યયન ૨. |
| **४. मयालि** | श्र. | *मयालि* | મયાલિ | રાજગૃહીના રાજાશ્રેણિક અને રાણી ધારિણીનો પુત્ર તે મહાવીરનો શિષ્ય થયો. ૧૬વર્ષ શ્રામણ્ય પાળ્યા પછી મરીને વેજયંત અણુત્તર વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| **मयूरंक** | अ. | *मयूराङ्क* | મયૂરાઙ્ક | એક રાજા. |

| | | | | |
|---|---|---|---|---|
| **मरणविभत्ति** | आ. | *मरणविभक्ति* | મરણવિભક્તિ | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. તેનો મુખ્ય વિષય મરણ છે. તેમાં કુલ ૬૬૩ ગાથાઓ છે. તેનું બીજું નામ મરણસમાહિ છે. પહેલાં આ નામે જુદો જ ગ્રન્થ હતો. |
| **मरणविसोहि** | आ. | *मरणविशोधि* | મરણવિશોધિ | મરણનો વિષય ધરાવતું એક આગમસૂત્ર. હાલ તેનું અસ્તિત્વ નથી. |
| **मरणसमाहि** | आ. | *मरणसमाधि* | મરણસમાધિ | 'મરણવિભત્તિ'નું બીજું નામ. તેને 'સંલેખનાસૂત્ર' નામ પણ અપાયું છે. તેનો વિષય આઠેક સૂત્રોમાં થી લેવાયો છે. તે સૂત્રો આ છે– મરણવિભત્તિ, મરણવિસોહિ, મરણસમાહિ, સંલેહણાસુય, ભત્ત–પરિણ્ણા, આઉરપચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ, આરાહણપઈણ્ણ. પહેલાં આ નામનો જુદો જ ગ્રન્થ હતો. જુઓ પ્રકીર્ણક. |
| **मरहट्ट / मरहट्ठ** | भौ. | *महाराष्ट्र* | મહારાષ્ટ્ર | એક મિલિક્ખુ દેશ જેને રાજા સંપઈએ શ્રમણોના વિહાર માટે યોગ્ય બનાવેલ હતો. |
| **मरिइ** | ती. | *मरीचि* | મરીચિ | જુઓ મરીઈ. |
| **मरीइ** | | *मरीचि* | મરીચિ | ચક્રવર્તી ભરત અને તેની પત્ની વમ્મા(૨)નો પુત્ર, તીર્થંકર ઋષભનો પૌત્ર અને તીર્થંકર મહાવીરનો પૂર્વભવ. તેના શરીરમાંથી કિરણો જેવો પ્રકાશ નીકળતો હોવાથી તેનું નામ મરીચિ પાડેલ હતું. તેણે તીર્થંકર ઋષભ પાસે દીક્ષા લીધી, ૧૧ અંગ આગમસૂત્રો ભણ્યા, પણ ચુસ્તપણે સમ્યગ્માર્ગનું પાલન કરી ન શક્યો અને એક પાખંડી જેવું જીવન જીવ્યો. તીર્થંકર ઋષભે ભાવિ ભાખેલું કે મરીચિ વાસુદેવ ત્રિપૃષ્ઠ તરીકે, ચક્રવર્તી પ્રિયમિત્ર તરીકે અને છેલ્લે તીર્થંકર મહાવીર તરીકે જન્મ લેશે. |
| **मरीचि** | ती. | *मरीचि* | મરીચિ | જુઓ મરીઈ. |
| **मरु** | अ.भौ. | *मरु* | મરુ | આ અને મરુય એક છે. |
| **मरुअ** | अ.भौ. | *मरुक* | મરુક | જુઓ મરુય. |
| **मरुंड** | अ. | *मुरुण्ड* | મુરુણ્ડ | પાડલિપુત્રનો એક રાજા. |
| **मरुग** | अ.भौ. | *मुरुक* | મુરુક | જુઓ મરુય. |
| **१. मरुदेव** | ती | *मरुदेव* | મરુદેવ | વર્તમાન અવસર્પિણી માં ઐરાવત ક્ષેત્રમાં થયેલા ૧૯મા તીર્થંકર. ભ૦ મલ્લિ તેના સમકાલીન હતા |
| **२. मरुदेव** | अ. | *मरुदेव* | મરુદેવ | વર્તમાન અવસર્પિણી માં ભરત ક્ષેત્રમાં થયેલા સાત કુલકરમાંના છઠ્ઠા અથવા પંદર કુલકરમાં તેરમા કુલકર. તેમની પત્ની શ્રીકંતા હતી. તેમની ઊંચાઈ ૫૫૦ ધનુષ હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| १. मरुदेवा | ती. | मरुदेवा | મરુદેવા | આ અને મરુદેવી એક છે. |
| २. मरुदेवा | आ. | मरुदेवा | મરુદેવા | અંતકૃદ્દશાના સાતમા વર્ગનું આઠમું અધ્યયન. |
| ३. मरुदेवा | श्र. | मरुदेवा | મરુદેવા | રાજગૃહીના રાજા શ્રેણિકની પત્ની. ભ૦ મહાવીરે તેને દીક્ષા આપી હતી. વીસ વર્ષ શ્રામણ્ય પાળ્યા પછી તે મોક્ષ પામી. |
| मरुदेवी | ती. | मरुदेवी | મરુદેવી | કુલકર નાભિની પત્ની, તીર્થંકર ઋષભના માતા. ભ૦ ઋષભે તીર્થ સ્થાપના કરી તે પહેલાં પોતાના પૌત્ર ભરત સાથે ઋષભને જોવા હાથી પર બેસીને જતા મરુદેવીને કેવળજ્ઞાન થયું, તે મોક્ષ પામ્યા. |
| मरुय | अ.भौ. | मरुत | મરુત | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. વીતીભયથી ઉજ્જૈનીના માર્ગમાં આ દેશ આવતો હતો. આ દેશમાં પાણીની તંગી હતી. આ દેશ અત્યંત રેતાળ હતો અને મુસાફરોને માર્ગદર્શન માટે જમીનમા લાકડાના ખૂંટાઓ ખોડેલા હતા. |
| १. मलय | अ.भौ. | मलय | મલય | એક આર્ય દેશ અને તેની પ્રજા. તેની રાજધાની હતી ભદ્દિલપુર. |
| २. मलय | अ.भौ. | मलय | મલય | એક અનાર્ય જાતિ અને તેના વસવાટનો પ્રદેશ. |
| ३. मलय | ऐ. | मलय | મલય | એક ગામ જ્યાં મહાવીર ગયા હતા. |
| १. मलयवइ | अ.च. | मलयवती | મલયવતી | કંપિલ્લની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| २. मलयवइ | क. | मलयवती | મલયવતી | એક કથા જેને ધર્મકથા, લોકોત્તરકથા અને આખ્યામિકા એમ વિવિધરૂપે વર્ણવાયેલમાં છે. |
| मल्ल | दे.भौ. | माल्य | માલ્ય | આરણમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન, જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૧ સાગરોપમ હોય છે, તેઓ એકવીસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને એકવીસ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| मल्लइ | अ. | मल्लकिन् | મલ્લકિન્ | એક કુળ. આ કુળના નવ ગણ રાજ્યોના રાજાએ નવ લેચ્છઈ રાજાઓ અને કાસી તથા કોસલ સાથે મળીને મહાસિલાકંટકના યુદ્ધમાં કૂણિક રાજા સામે ચેડગના પક્ષમાં લડવા માટે એક સંઘની રચના કરી હતી. તીર્થંકર મહાવીરના નિર્વાણ પ્રસંગ ઉપર પાવામજ્ઝિમામાં આ નવ મલ્લઈ રાજાઓ પણ હતા |
| मल्लदिण्ण | क.ती. | मल्लदत्त | મલ્લદત્ત | તીર્થંકર મલ્લિનો નાનો ભાઈ. એક વાર તેણે ચિત્રકારોને તેમની સુંદર કલાકૃતિઓથી પોતાની ચિત્રશાળાને શણગારવા કહ્યું. એક ચિત્રકારને એવી કુદરતી બક્ષિસ હતી કે કોઈ પણ વ્યક્તિના શરીરના કેવળ એક ભાગને જોઈને તે આખી વ્યક્તિના શરીરનું નખશિખ ચિત્ર દોરી શકતો હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| मल्लदिण्णअ | क.ती. | मल्लदत्तक | મલ્લદત્તક | જુઓ મલ્લદિન્ન. |
| मल्लमंडिय | अ.गो. | मल्लमण्डित | મલ્લમંડિત | અંગમંદિરમાં ગોસાલે કરેલો ત્રીજો પઉટ્ટપરિહાર (પરકાયપ્રવેશ). |
| मल्लराम | अ.गो. | मल्लराम | મલ્લરામ | ગોસાલનો બીજો પઉટ્ટપરિહાર (પરકાયપ્રવેશ). |
| १. मल्लि | ती. | मल्लि | મલ્લિ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થયેલા ઓગણીસમા તીર્થંકર. તે ઐરાવતમાં થયેલા મરુદેવના સમકાલીન હતા. પોતાના પૂર્વ ભવમાં મલ્લિ મહાવિદેહમાં આવેલા વિતશોકા નગરના મહબ્બલ રાજા હતા અને મિથિલાના રાજા કુંભ અને તેમની રાણી પ્રભાવતીની પુત્રી મલ્લિ તરીકે જન્મ્યા હતા. |
| २. मल्लि | आ. | मल्लि | મલ્લિ | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું આઠમું અધ્યયન |
| ३. मल्लि | ती.ग. | मल्लि | મલ્લિ | વીસમા તીર્થંકર મુનિસુવ્રતના એક ગણધર. તે કુંભ નામે પણ જાણીતા હતા. |
| मल्लिजिणाययण | ऐ. | मल्लिजिनायतन | મલ્લિજિનાયતન | તીર્થંકર મલ્લિની પ્રતિમા ધરાવતું ચૈત્ય. પુરિમતાલ નગરના શકટમુખ ઉદ્યાનમાં આવેલું હતું. ભદ્રા એ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. |
| मल्लिणाय | आ. | मल्लिज्ञात | મલ્લિજ્ઞાત | આ અને મલ્લિ(૨) એક છે. |
| मसारगल्ल | भौ.न. | | | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો પાંચમો ભાગ. તે એક હજાર યોજન સુધી વિસ્તરેલો છે. |
| महकप्पसुय | आ. | महाकल्पश्रुत | મહાકલ્પશ્રુત | જુઓ મહાકલ્પસુય. |
| महकाली | दे. | महाकाली | મહાકાલી | એક દેવી. |
| १. महचंद | अ. | महाचन्द्र | મહાચંદ્ર | સોગંધિકા નગરીના રાજા અપ્રતિહત અને રાણી સુકર્ણાનો પુત્ર. તે અર્હદત્તાનો પતિ અને જિનદાસ નો પિતા હતો. |
| २. महचंद | अ. | महाचन्द्र | મહાચંદ્ર | સાહંજણી નગરનો રાજા. તેનો મંત્રી સુસેણ હતો. |
| ३. महचंद | आ. | महाचन्द्र | મહાચંદ્ર | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું નવમું અધ્યયન. |
| ४. महचंद | क. | महाचन्द्र | મહાચંદ્ર | ચંપાના રાજા દત્ત અને રાણી રક્તવતીનો પુત્ર. તેને ૫૦૦ પત્નીઓ હતી પણ શ્રીકંતા મુખ્ય હતી . તે તેના પૂર્વભવમાં તિગિંછી નગરનો રાજા જિતશત્રુ હતો જેણે શ્રમણ ધર્મવીર્યને ભિક્ષા આપી હતી. |
| ५. महचंद | ती. | महाचन्द्र | મહાચંદ્ર | ઐરાવત(૧) ક્ષેત્રના આઠમા ભાવિ તીર્થંકર. |
| महच्चंद | आ. | महाचन्द्र | મહાચંદ્ર | જુઓ મહચંદ. |
| महजक्ख | दे. | महायक्ष | મહાયક્ષ | એક યક્ષ દેવ. |
| महजाला | दे. | महाज्वाला | મહાજ્વાલા | એક દેવી. |
| महज्झयण | आ. | महाध्ययन | મહાધ્યયન | સૂત્રકૃત્ સૂત્રના શ્રુતસ્કન્ધ ૨ ના સાત અધ્યયનો મહાધ્યયનો તરીકે પ્રસિદ્ધ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| महदुम | दे. | महाद्रुम | મહાદ્રુમ | બલિના પાયદળનો સેનાપતિ. |
| महपच्चखाण | आ. | महाप्रत्याख्यान | મહાપ્રત્યાખ્યાન | જુઓ મહાપચ્ચક્ખાણ. |
| महपीढ | श्र.ती. | महापीठ | મહાપીઠ | પૂર્વવિદેહના પુષ્કલાવતી પ્રદેશના નગર પુંડરી–ગિણીના રાજા વજ્રસેનનો પુત્ર. તીર્થંકર ઋષભના પૂર્વભવ વજ્રનાભનો તે ભાઈ હતો. |
| महप्पभ | दे. | महाप्रभ | મહાપ્રભ | જુઓ મહાપભ(૨). |
| महबाहु | च. | महाबाहु | મહાબાહુ | જુઓ મહાબાહુ(૨). |
| १. महब्बल | श्र. | महाबल | મહાબલ | હસ્તિનાપુરના રાજા બલ અને રાણી પ્રભાવતી નો પુત્ર. વાણિજ્યગ્રામના સુદર્શન શ્રેષ્ઠીનો તે પૂર્વભવ હતો. તેના લગ્ન આઠ રાજકુમારીઓ સાથે થયા હતા તીર્થંકર વિમલની પરંપરાના આચાર્ય ધર્મઘોસ પાસે તેણે દીક્ષા લીધી, ચૌદ પૂર્વ ભણી તેમનું જ્ઞાન મેળવ્યું, બાર વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું અને મરીને બ્રહ્મલોક કલ્પમાં દેવ તરીકે જન્મ લીધો. |
| २. महब्बल | ती.श्र. | महाबल | મહાબલ | તીર્થંકર મલ્લિનો પૂર્વભવ. વિતશોકા નગરના રાજા બલ અને રાણી ધારિણીનો તે પુત્ર હતો. તેને ૫૦૦ પત્નીઓ હતી પણ તેમાં કમલશ્રી મુખ્ય હતી. તેણે પોતાના મિત્રો'અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રમણ અને અભિચંદ સાથે સંસારનો ત્યાગ કર્યો.<br>માયા આચરવાના કારણે તેણે તીર્થંકરનામ ગોત્રકર્મ સાથે સાથે સ્ત્રીનામગોત્રકર્મ પણ બાંધ્યુ. |
| ३. महब्बल | क.ती. | महाबल | મહાબલ | ઋષભનો પૂર્વભવ. ગંધસમૃદ્ધ નગરના રાજા અતીબલનો પુત્ર અને રાજા શતબલનો પૌત્ર. સ્વયંબુદ્ધ તેનો મિત્ર તેમજ મંત્રી હતો. મૃત્યુ પછી તે લલિતાંગ દેવ તરીકે જન્મ્યો. |
| ४. महब्बल | च. | महाबल | મહાબલ | ભરત ક્ષેત્રના છઠ્ઠા ભાવિ વાસુદેવ. |
| ५. महब्बल | ती. | महाबल | મહાબલ | મહબ્બલ ઐરાવત ક્ષેત્રના તેવીસમા ભાવિ તીર્થંકર. |
| ६. महब्बल | श्र. | महाबल | મહાબલ | આ અને મહાબલ(૧) એક છે. |
| ७. महब्बल | अ. | महाबल | મહાબલ | સાગેઅનો રાજા. તેની પાસે બે કલાકારો હતા. વિમલ (૫) અને પ્રભાસ(૨). |
| ८. महब्बल | क. | महाबल | મહાબલ | પુરિમતાલ નગરનો રાજા. તેણે છળકપટથી અભગ્ન સેનને ગિરફતાર કરી ક્રૂર રીતે મારી નાખ્યો હતો. |
| ९. महब्बल | आ. | महाबल | મહાબલ | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું સાતમું અધ્યયન. |
| १०. महब्बल | श्र. | महाबल | મહાબલ | મહાપુરના રાજા બલ અને રાણી સુભદ્રાનો પુત્ર. રત્તવઈ વગેરે તેની પત્નીઓ હતી. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી. તે પોતાના પૂર્વભવમાં મણિપુરનો શ્રેષ્ઠી નાગદત્ત હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| ११. महब्बल | अ. | *महाबल* | મહાબલ | રોહીડગ નગરનો રાજા. રાણી પદ્માવતીનો પતિ અને રાજકુમાર વીરંગદનો પિતા. |
| १. महमरुया | आ. | *महामरुता* | મહામરુતા | અંતકૃદ્દશાના સાતમા વર્ગનું સાતમું અધ્યયન. |
| २. महमरुया | श्र. | *महामरुता* | મહામરુતા | રાજગૃહીના રાજાશ્રેણિકની પત્ની. તે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લઈ મોક્ષે ગઈ. |
| महमाणसिआ | दे. | *महामानसिका* | મહામાનસિકા | એક દેવી. |
| १. महया | आ. | *महती* | મહતી | અંતકૃદ્દશાના સાતમા વર્ગનું પાંચમું અધ્યયન. |
| २. महया | श्र. | *महती* | મહતી | રાજગૃહીના રાજા શ્રેણિકની પત્ની. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી અને તે મોક્ષ પામી |
| १. महल्लियाविमाणपविभत्ति | श्र. | *महती–विमान–प्रविभक्ति* | મહતી-વિમાન-પ્રવિભક્તિ | ‘સંખેવિતદસા’નું બીજું અધ્યયન. તેના પ્રથમ ભાગમાં ૪૧, બીજા ભાગમાં ૪૨, ત્રીજા ભાગમાં ૪૩, ચોથા ભાગમાં ૪૪ અને પાંચમાં ભાગમાં ૪૫અધ્યયનો હતા. તે હાલ અસ્તિત્વમાં નથી. |
| २. महल्लियाविमाणपविभत्ति | आ. | *महती–विमान–प्रविभक्ति* | મહતી-વિમાન-પ્રવિભક્તિ | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. શ્રમણજીવન ના ૧૧ વર્ષ પૂરા કરનાર સાધુને જ તે ભણવાનો અધિકાર છે. આ ગ્રન્થ મહલ્લિયાવિમાણપવિભત્તિ (૧)થી જુદો જણાતો નથી. આ ગ્રન્થનું અત્યારે અસ્તિત્વ નથી. |
| महसिव | च. | *महाशिव* | મહાશિવ | વર્તમાન કાલચક્રના વાસુદેવ પુરિસપુંડરીઅ અને બલદેવ આનંદના પિતા. તે મહાસીહ નામે પણ જાણીતા છે. |
| १. महसेण | क. | *महासेन* | મહાસેન | ઉદાયનના આધિપત્ય નીચે જે દસ રાજાઓ હતા તેમાંનો એક. આ રાજા અને પ્રદ્યોત એક છે. |
| २. महसेण | अ. | *महासेन* | મહાસેન | બારવઈના ૫૬૦૦૦ સૈનિકોનો નાયક. |
| ३. महसेण | ती. | *महासेन* | મહાસેન | આઠમા તીર્થંકર ચંદ્રપ્રભ(૧)ના પિતા. |
| ४. महसेण | ती. | *महासेन* | મહાસેન | ઐરાવત(૧) ક્ષેત્રના ચૌદમા ભાવિ તીર્થંકર. |
| ५. महसेण | अ. | *महासेन* | મહાસેન | સુપ્રતિષ્ઠ નગરનો રાજા. રાણી ધારિણી(૨૪)નો પતિ અને રાજકુમાર સીહસેન(૧)નો પિતા. |
| ६. महसेण | आ. | *महासेन* | મહાસેન | અનુત્તરોપપાતિકદશા સૂત્રના બીજા શ્રુતસ્કન્ધનું બીજું અધ્યયન. |
| ७. महसेण | श्र. | *महासेन* | મહાસેન | રાજગૃહીના રાજા શ્રેણિક અને તેમની રાણી ધારિણીનો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી. સોળ વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું અને પછી મરીને અનુત્તર સ્વર્ગીય વાસસ્થાનોમાંના એકમાં દેવ તરીકે જન્મ લીધો. ત્યાંથી તે મહાવિદેહમાં જન્મ લેશે અને ત્યાં જ મોક્ષ પામશે. |
| ८. महसेण | श्र. | *महासेन* | મહાસેન | તીર્થંકર મલ્લિ પાસે દીક્ષા લેનાર એક રાજકુમાર. |

| | | | | |
|---|---|---|---|---|
| **महसेणवण** | ऐ. | *महासेनवन* | મહાસેનવન | પાવામજ્ઝિમામાં આવેલું ઉદ્યાન, જ્યાં મહાવીર કેવલજ્ઞાન થયા પછી તરત જ ગયા હતા અને ત્યાં તેમણે ધર્મોપદેશ પણ આપ્યો હતો. |
| **महस्सव** | आ. | *महाश्रव* | મહાશ્રવ | ભગવતીના છઠ્ઠા શતકનો ત્રીજો ઉદ્દેશક. |
| **महा** | दे.ज. | *मघा* | મઘા | જુઓ મઘા(૨). |
| **महाओघस्सरा/ महाओहस्सरा** | दे. | *महौघस्वरा* | મહૌઘસ્વરા | ઇંદ્ર બલિની સભામાં આવેલો ઘંટ. |
| **महाकंद** | दे. | *महाक्रन्द* | મહાક્રન્દ | આ અને મહાકંદિય એક છે. |
| **महाकंदिय** | | *महाक्रन्दित* | મહાક્રન્દિત | વાણવ્યંતર દેવોનો એક વર્ગ. હસ્સ અને હસ્સરઈ એ બે તેમના ઈન્દ્રો છે. |
| **१. महाकच्छ** | श्र.ता. | *महाकच्छ* | મહાકચ્છ | તીર્થંકર ઋષભના પુત્ર અને વિનમિના પિતા. પોતાના ભાઈ કચ્છ સાથે તીર્થંકર ઋષભની આજ્ઞામાં તેમણે કેટલોક સમય શ્રામણ્ય પાળ્યુ પણ પછી તે પરિવ્રાજક બની ગયા. |
| **२. महाकच्छ** | भौ. | *महाकच्छ* | મહાકચ્છ | મહાવિદેહમાં આવેલો પ્રદેશ. તે નીલવંત પર્વતની દક્ષિણે, સીતા નદીની ઉત્તરે, પક્ષ્મકૂડ પર્વતની પશ્ચિમે અને ગાહાવઈ નદીની પૂર્વે આવેલો છે. તેની રાજધાની રિટ્ઠા(૩) છે. |
| **३. महाकच्छ** | दे. | *महाकच्छ* | મહાકચ્છ | મહાવિદેહમાં આવેલા મહાકચ્છ પ્રદેશનો અધિ–ષ્ઠાતા દેવ. |
| **४. महाकच्छ** | भौ. | *महाकच्छ* | મહાકચ્છ | મહાવિદેહમાં આવેલા પર્વત પક્ષ્મકૂડનું શિખર. |
| **१. महाकच्छा** | आ. | *महाकच्छा* | મહાકચ્છા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું સત્તાવીસમું અધ્યયન. |
| **२. महाकच्छा** | श्र. | *महाकच्छा* | મહાકચ્છા | નાગપુરના એક શ્રેષ્ઠીની પુત્રી. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી. મૃત્યુ પછી તે વાણવ્યંતર મહોરગ દેવોના ઇંદ્ર અતિકાય ની રાણી બની.<br>મહાકાયની રાણીનું પણ આ જ નામ છે. |
| **१. महाकण्ह** | आ. | *महाकृष्ण* | મહાકૃષ્ણ | નિરયાવલિકાનું છઠ્ઠું અધ્યયન. |
| **२. महाकण्ह** | क. | *महाकृष्ण* | મહાકૃષ્ણ | રાજગૃહીના રાજાશ્રેણિકનો પુત્ર. તેનું વર્ણન કાલના વર્ણન જેવું જ છે. |
| **१. महाकण्हा** | आ. | *महाकृष्णा* | મહાકૃષ્ણા | અંતકૃદ્દશાના આઠમા વર્ગનું છઠ્ઠું અધ્યયન. |
| **२. महाकण्हा** | श्र. | *महाकृष्णा* | મહાકૃષ્ણા | શ્રેણિક રાજાની પત્ની. ચંપા નગરીમાં તીર્થંકર મહાવીરે તેને દીક્ષા આપી હતી. તેર વર્ષનું શ્રમણ જીવન પાળી તે મોક્ષે ગઈ હતી. |
| **महाकप्पसुत** | आ. | *महाकल्पसूत्र* | મહાકલ્પસૂત્ર | આ અને મહાકલ્પસુય એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **१. महाकप्पसुय** | **आ.** | *महाकल्पश्रुत* | મહાકલ્પશ્રુત | છેદસૂત્રમાં સમાવેશ પામેલ એક કાલિક આગમસૂત્ર આજે તે અસ્તિત્વમાં નથી. બધા ટીકાકારોએ તેને એક છેદસૂત્ર કલ્પથી અર્થાત્ જેની બૃહત્ કલ્પસૂત્ર નામથી પ્રસિદ્ધિ છે તે ગ્રન્થથી જુદો વધારાનો ગ્રન્થ ગણી ગણતરીમાં લીધો છે. |
| **२. महाकप्पसुय** | **आ.** | *महाकल्पश्रुत* | મહાકલ્પશ્રુત | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. આ ગ્રન્થ પણ આજે અસ્તિત્વમાં નથી. આ ગ્રન્થ મહાકલ્પસુય (૧)થી જુદો ગણાવો જોઈએ કારણ કે આ ગ્રન્થ ઉત્કાલિક છે જ્યારે બીજો કાલિક છે. અથવા તો બન્ને ગ્રન્થને એક જ ગણવા જોઈએ કારણ કે કેટલાક આ સૂત્રોને પણ કાલિક ગણે છે જ્યારે કેટલાક તેને ઉત્કાલિક ગણે છે. |
| **महाकाय** | **दे.** | *महाकाय* | મહાકાય | મહોરગ દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેને ત્રણ રાણીઓ છે — ભુયંગવતી, મહાકચ્છા અને ફુડા. |
| **१. महाकाल** | **आ.** | *महाकाल* | મહાકાલ | નિરયાવલિકાનું ત્રીજું અધ્યયન. |
| **२. महाकाल** | **क.** | *महाकाल* | મહાકાલ | રાજગૃહીના રાજાશ્રેણિકનો પુત્ર. તેનું વર્ણન કાલ (૧)ના વર્ણન જેવું જ છે. |
| **३. महाकाल** | **अ.** | *महाकाल* | મહાકાલ | શ્રમણ અવંતિસુકુમાલની સ્મૃતિમાં તેમના પુત્રે ઉજ્જેનીમાં બંધાવેલું મંદિર. |
| **४. महाकाल** | **दे.भौ.** | *महाकाल* | મહાકાલ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ છે, તેઓ અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે, તેમને ૧૮૦૦૦ વર્ષે એક જ વાર ભૂખ લાગે છે. |
| **५. महाकाल** | **भौ.न.** | *महाकाल* | મહાકાલ | તમતમપ્પભા નામની સાતમી નરકમાં આવેલા પાંચ મહાભયંકર વાસસ્થાનોમાંનું એક. |
| **६. महाकाल** | **दे.** | *महाकाल* | મહાકાલ | કાલોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| **७. महाकाल** | **दे.** | *महाकाल* | મહાકાલ | વેલંબ(૧) અને પભંજણ(૩) વાઉકુમાર દેવોના બે ઇન્દ્રોમાંથી દરેક ઇંદ્રના આધિપત્ય નીચેના લોકપાલનું નામ. |
| **८. महाकाल** | **दे.** | *महाकाल* | મહાકાલ | પિશાચ દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેને કમલા (૧), કમલપ્પભા(૧), ઉપ્પલા(૪), સુદર્શના (૪) રાણીઓ છે. જુઓ કાલ(૪). |
| **९. महाकाल** | **दे.** | *महाकाल* | મહાકાલ | કેતુઅ(૨)નો અધિષ્ઠાતા દેવ. |
| **१०. महाकाल** | **दे.ज.** | *महाकाल* | મહાકાલ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| **११. महाकाल** | **दे.** | *महाकाल* | મહાકાલ | શક્રના લોકપાલ જમના આધિપત્ય નીચે રહેલો એક દેવ. તે દેવોના પરમાધાર્મિક વર્ગનો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. महाकाली | आ. | महाकाली | મહાકાલી | અંતકૃદ્દશાના આઠમા વર્ગનું ત્રીજું અધ્યયન. |
| २. महाकाली | श्र. | महाकाली | મહાકાલી | શ્રેણિક રાજાની પત્ની. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી અને તે દસ વર્ષ શ્રામણ્ય પાળી મોક્ષે ગઈ હતી. |
| महाकासव | श्र.प्र. | महाकाश्यप | મહાકાશ્યપ | પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયેલ એક અજૈન ઋષિ તે અરિષ્ટનેમિના તીર્થમાં થઈ ગયા. |
| महाकिण्हा | भौ. | महाकृष्णा | મહાકૃષ્ણા | રત્તા(૧) નદીને મળતી નદી. |
| महाकुमुद | दे.भौ. | महाकुमुद | મહાકુમુદ | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે. તેઓ સત્તર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સત્તર હજાર વર્ષે એક જ વાર ભૂખ લાગે છે. |
| महागह | दे.ज. | महाग्रह | મહાગ્રહ | મહાગ્રહનો અર્થ ગ્રહ છે. અઠ્યાસી ગ્રહો છે. મહાગ્રહ નું બીજું નામ ગ્રહ છે. |
| महागिरि | श्र. | महागिरि | મહાગિરિ | આચાર્ય સ્થૂલભદ્રના મુખ્ય શિષ્ય. તે એલાપત્ય ગોત્રના હતા. તેમને આઠ શિષ્ય હતા. આ આઠમાં નિહ્નવ અશ્વમિત્રના ગુરુ કૌડિન્ય હતા અને નિહ્નવ ગંગના ગુરુ ધનગુપ્ત પણ હતા. સ્થૂલભદ્રના બીજા શિષ્ય સુહસ્તિને કાર્યભાર સોંપીને તે જિનકલ્પી બની ગયા. |
| १. महाघोस | दे.भौ. | महाघोष | મહાઘોષ | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગરોપમ છે, તેઓ દસ પખવાડિયે એક જ વાર શ્વાસ લે છે અને તેમને દસ હજાર વર્ષે એક જ વાર ભૂખ લાગે છે. |
| २. महाघोस | दे.भौ. | महाघोष | મહાઘોષ | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ છે, તેઓ છ પખવાડિયે એક વાર શ્વાસ લે છે, તેમને ૬૦૦૦ વર્ષે એક વાર ભૂખ લાગે છે. આ વાસસ્થાન સયંભૂ(૪) જેવું જ છે. |
| ३. महाघोस | ऐ. | महाघोष | મહાઘોષ | જે નગરના ધર્મઘોસ(૯) શ્રેષ્ઠી હતા તે નગર. |
| ४. महाघोस | दे. | महाघोष | મહાઘોષ | ઉત્તરના સ્તનિતકુમાર દેવોના ઇંદ્ર. તેને છ રાણીઓ છે જેમના નામ અને ભૂતાનંદની રાણીઓના નામ એકસરખાં છે. જુઓ ઘોસ(૧). |
| ५. महाघोस | दे.न. | महाघोष | મહાઘોષ | શક્રના લોકપાલ જમ(૨)ના આધિપત્ય નીચેનો એક દેવ. તે પરમાધાર્મિક દેવ છે. |
| ६. महाघोस | अ. | महाघोष | મહાઘોષ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થઈ ગયેલા સાતમા કુલગર. જુઓ કુલકર. |
| ७. महाघोस | ती. | महाघोष | મહાઘોષ | ઐરાવત ક્ષેત્રના અગિયારમા ભાવિ તીર્થંકર. |

| | | | | |
|---|---|---|---|---|
| **महाघोसा** | दे. | *महाघोषा* | મહાઘોષા | ઈશાન, માહેન્દ્ર, લાંતક, સહસ્રાર અને અચ્યુય સ્વર્ગીય ક્ષેત્રો(કલ્પો)ના ઈન્દ્રોની સભાનો ઘંટ. |
| **महाचंद** | ती. | *महाचन्द्र* | મહાચંદ્ર | જુઓ મહચંદ(૫). |
| **१. महाजस** | श्र. | *महायशस्* | મહાયશસ્ | ચક્રવર્તી ભરત પછી મોક્ષે જનાર ૮ મહાપુરુષોમાં નો એક. તે આદિત્યયશનો પુત્ર અને અતીબલનો પિતા હતો. |
| **२. महाजस** | ती. | *महायशस्* | મહાયશસ્ | જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રના ચોથા ભાવિ તીર્થંકર. |
| **महाणइ** | भौ. | *महानदी* | મહાનદી | જંબૂદ્વીપ અને પુષ્કરવરદ્વીપાર્ધ સુધી બીજા દ્વીપો ની મોટી નદીઓ. રોહિઆ, રોહિઅંસા, હરિકંતા, હરિ, સીતોદા, ગંગા અને સિંધુ. આવી નદીઓ છે જે મંદર પર્વતની દક્ષિણમાં છે જ્યારે સીઆ, ણારી કંતા, ણરકંતા, રુપ્યકૂલા, સુવર્ણકુલા, રત્તા અને રત્તાવઈ મંદર પર્વતની ઉત્તરમાં છે. |
| **१. महाणंदिआवत्त** | दे.भौ. | *महानन्द्यावर्त* | મહાનન્દ્યાવર્ત | મહાશુક્ર(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું છે, તેઓ સોળ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સોળ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| **२. महाणंदिआवत्त** | दे. | *महानन्द्यावर्त* | મહાનન્દ્યાવર્ત | સ્તનિતકુમાર દેવોના ઘોસ(૧) અને મહાઘોસ(૪) એ બે ઈન્દ્રોમાંથી દરેક ઇંદ્રનો એક એક લોકપાલ. |
| **महाणलिण** | दे.भौ. | *महानलिन* | મહાનલિન | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ છે અને તેઓ સત્તર પખવાડિયે એક વાર શ્વાસ લે છે, સત્તર હજાર વર્ષે એક વાર તેમને ભૂખ લાગે છે. |
| **महाणियंठिज्ज** | आ. | *महानिर्ग्रन्थीय* | મહાનિર્ગ્રન્થીય | આ અને ‘ણિયંઠિજ્જ’ એક છે. |
| **महाणिरय** | भौ.न. | *महानरक* | મહાનરક | અત્યંત ભયંકર નારકીય વાસસ્થાન. રત્નપ્રભા નરકભૂમિમાં આવા છ વાસસ્થાન છે– લોલ, લોલુઅ, ઉદ્દઙ્ઢ, ણિદઙ્ઢ, જરય અને પજ્જરય. પંકપ્રભા નરકભૂમિમાં નીચે જણાવેલ મહાનિરયો છે — આર, વાર, માર, રોર, રોરુય અને ખાડખડ. તમતમપ્પભા નરકભૂમિમાં આવા પાંચ અણુત્તર– મહાનિરય છે. તેઓ છે — કાલ, મહાકાલ(૬), રોરુય(૨), મહારોરુય અને અપ્પતિટ્ઠાણ. |
| **महाणिसीह** | आ. | *महानिशीथ* | મહાનિશીથ | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. ગચ્છાચારની રચનામાં તેનો આધાર લેવામાં આવ્યો છે. મહાનિશીથમાં છ અધ્યયનો અને બે ચૂલિકા છે. |
| **महाणीला** | भौ. | *महानीला* | મહાનીલા | રત્તા નદીને મળનારી નદી. |

| | | | | |
|---|---|---|---|---|
| महातवस्सि | ती. | महातपस्विन् | મહાતપસ્વિન્ | તીર્થંકર મહાવીરનું એક નામ. |
| महातवोवतीर | ऐ. | महातपोपतीर | મહાતપોપતીર | વેભાર ગિરિની તળેટીમાં રાજગૃહી નજીક આવેલા ગરમ પાણીના ઝરા. તેમનું પાણી પાંચસો ધનુષના વિસ્તારવાળા મોટા તળાવમાં એકઠું થાય છે. |
| महातीरा | भौ. | महातीरा | મહાતીરા | રત્તા નદીને મળનારી નદી. |
| महादामड्ढि | दे. | महादामर्द्धि | મહાદામર્દ્ધિ | ઈશાનના ઈંદ્રનો બળદોના દળનો સેનાપતિ. |
| १. महादुम | दे.भौ. | महाद्रुम | મહાદ્રુમ | સહસ્રારકલ્પનું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે, તેઓ અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને અઢાર હજાર વર્ષે એક જ વાર ભૂખ લાગે છે. |
| २. महादुम | | महाद्रुम | મહાદ્રુમ | ઈંદ્ર બલિના પાયદળનો સેનાપતિ. |
| १. महादुमसेण | आ. | महाद्रुमसेन | મહાદ્રુમસેન | અનુત્તરોપપાતિકદશાના બીજા વર્ગનું નવમું અધ્યયન. |
| २. महादुमसेण | श्र. | महाद्रुमसेन | મહાદ્રુમસેન | શ્રેણિક રાજા અને ધારિણી રાણીનો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી. મરીને તે અણુત્તર વિમાનમાં દેવ થયો. ભવિષ્યમાં તે મહા–વિદેહમાં મોક્ષ પામશે. |
| १. महाधणु | आ. | महाधनुष | મહાધનુષ | વૃષ્ણીદશાનું નવમું અધ્યયન. |
| २. महाधणु | क. | महाधनुष | મહાધનુષ | બારવઈના બલદેવ અને રેવતીનો પુત્ર. |
| महाधायइरुक्ख | भौ. | महाधातकीवृक्ष | મહાધાતકીવૃક્ષ | ધાતકીખંડમાં આવેલું વૃક્ષ. જુઓ ધાતકીખંડ. |
| १. महापउम | दे.भौ. | महापद्म | મહાપદ્મ | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે, તેઓ સત્તર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સત્તર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| २. महापउम | क. | महापद्म | મહાપદ્મ | સુકાલ(૪) અને મહાપદ્માનો પુત્ર. |
| ३. महापउम | च. | महापद्म | મહાપદ્મ | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રના નવમા ભાવિ ચક્રવર્તી |
| ४. महापउम | च. | महापद्म | મહાપદ્મ | વર્તમાન અવસર્પિણીમાં જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં થયેલા નવમા ચક્રવર્તી.<br>તે પદ્મનાભ નામે પણ પ્રસિદ્ધ છે. તેમની રાજધાની વાણારસી હતી. તે તીર્થંકર મુનિસુવ્રતના સમકાલીન હતા. |
| ५. महापउम | श्र. | महापद्म | મહાપદ્મ | મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીગિણી નગરનો રાજા.<br>તેમણે શ્રામણ્ય સ્વીકાર્યું અને મૃત્યુ પછી મહાશુક્ર સ્વર્ગીય ક્ષેત્રમાં દેવ થયા અને તે પછી તેમનો જન્મ તેતલિપુત્ર તરીકે થયો. |
| ६. महापउम | आ. | महापद्म | મહાપદ્મ | કલ્પવતંસિકાનું બીજું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| ७. महापउम | श्र. | महापद्म | મહાપદ્મ | મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીગિણી નગરનો રાજા. તે પુંડરીય અને કંડરીયના પિતા અને રાણી પદ્માવતીના પતિ હતા. તેમણે શ્રામણ્ય સ્વીકાર્યું અને તે મોક્ષે ગયા. |
| ८. महापउम | अ. | महापद्म | મહાપદ્મ | નંદ વંશનો નવમો રાજા. તેમનો મંત્રી સગડાલ હતો |
| ९. महापउम | अ.गो. | महापद्म | મહાપદ્મ | ગોસાલકનો ભાવિ જન્મ. તે પંડ દેશના રાજા સમ્મુઈ અને રાણી ભદ્રાનો પુત્ર થશે. તેના બીજા બે નામ હશે — દેવસેન અને વિમલવાહન. |
| १०. महापउम | ती. | महापद्म | મહાપદ્મ | રાજાશ્રેણિકનો ભાવિ જન્મ, જંબૂદ્વીપના ભરત ક્ષેત્રના પ્રથમ ભાવિ તીર્થંકર. તે વૈતાઢ્ય ગિરિની તળેટીમાં આવેલા પુંડ દેશના શતદ્વાર નગરે કુલકર સમ્મુઈ અને ભદ્રાના પુત્ર તરીકે જન્મ લેશે. તેના બીજા બે નામ હશે– દેવસેન અને વિમલવાહન. |
| महापउमद्दह | भौ. | महापद्मद्रह | મહાપદ્મદ્રહ | મહાહિમવંત પર્વતની મધ્યમાં આવેલું વિશાળ સરોવર. તેની લંબાઈ બે હજાર યોજન છે, પહોળાઈ એક હજાર યોજન છે અને ઊંડાઈ દસ યોજન છે. |
| महापउमरुक्ख | भौ. | महापद्मवृक्ष | મહાપદ્મવૃક્ષ | પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્ધમાં આવેલું એક પવિત્ર વૃક્ષ. તે પુંડરીયદેવનું વાસસ્થાન છે. આ દેવ મહાપોંડરીય નામે પણ જાણીતો છે. |
| महापउमा | अ. | महापद्मा | મહાપદ્મા | સુકાલની રાણી અને મહાપદ્મ(૨)ની માતા. |
| महापच्चक्खाण | आ. | महाप्रत्याख्यान | મહાપ્રત્યાખ્યાન | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. જુઓ પ્રકીર્ણક. |
| महापण्णवणा | आ. | महाप्रज्ञापना | મહાપ્રજ્ઞાપના | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર, જેનું આજે અસ્તિત્વ નથી. |
| महापदुम | अ. | महापद्म | મહાપદ્મ | જુઓ મહાપદ્મ(૮). |
| १. महापभ | दे.भौ. | महाप्रभ | મહાપ્રભ | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ સાત સાગરોપમ છે, તેઓ સાત પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને ૭૦૦૦ વર્ષે એક વાર ભૂખ લાગે છે. આ વાસસ્થાન સમ સમાન છે. |
| २. महापभ | दे. | महाप्रभ | મહાપ્રભ | ખોદવરના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. महापम्ह | भौ. | महापक्ष्मन् | મહાપક્ષ્મન્ | મહાવિદેહમાં સીતોદા નદીની દક્ષિણે આવેલો વિજય. તેની રાજધાની મહાપુરા છે. |
| २. महापम्ह | भौ. | महापक्ष्मन् | મહાપક્ષ્મન્ | પમ્હાવઈ પર્વતનું એક શિખર. |
| महापरिण्णा | आ. | महापरिज्ञा | મહાપરિજ્ઞા | આચાર અંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધનું સાતમું અધ્યયન. હાલ તેનું અસ્તિત્વ નથી. આર્યવજ્રને આ અધ્યયનમાંથી આગાસગામિનીવિદ્યાવિશે જાણવા મળ્યું હતું. |

| | | | | |
|---|---|---|---|---|
| महापाताल | भौ. | महापाताल | મહાપાતાલ | આ અને મહાપાતાલકળશ એક છે. |
| महापायालकलस | भौ. | महापातालकलश | મહાપાતાલકલશ | લવણ સમુદ્રની વચ્ચે મોટા કલશ સમાન દેખાતી રચના. આવા કલશો ચાર દિશામાં ચાર છે. તેમના નામ છે — વલયામુહ, કેતુઅ, જૂયઅ અને ઈસર . તેઓ જંબૂદ્વીપથી પંચાણુ હજાર યોજન દૂર આવેલા છે. તેઓ એક લાખ યોજન ઊંડા છે. |
| महापीढ | श्र.ती. | महापीठ | મહાપીઠ | જુઓ મહાપીઢ. |
| महापुंख | दे.भौ. | महापुङ्ख | મહાપુङ्ख | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષનું છે, તેઓ બાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને બાર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| महापुंड | दे.भौ. | महापुण्ड्र | મહાપુણ્ડ્ર | મહાપુંખ સમાન સ્વર્ગીય વાસસ્થાન. |
| महापुंडरीय | भौ. | महापुण्डरीक | મહાપુણ્ડરીક | રુપ્પિ પર્વત ઉપર આવેલું વિશાળ સરોવર. તેની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ મહાપદ્મદહની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ જેટલી જ છે. નરકંતા અને રુપ્પકૂલા નદીઓ ક્રમશઃ તેના દક્ષિણ અને ઉત્તર દ્વારોમાંથી નીકળે છે. |
| महापुर | भौ. | महापुर | મહાપુર | જ્યાં બલ રાજા રાજ કરતો હતો તે નગર. તેના પુત્ર મહબ્બલને તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. આ નગરમાં રત્તાસોગ નામનું ઉદ્યાન હતું જેમાં યક્ષ 'રત્તપાઅ'નું ચૈત્ય હતું. |
| महापुरा | ऐ. | महापुरी | મહાપુરી | મહાવિદેહમાં મહાપક્ષ્મ વિજયનું પાટનગર. |
| महापुरिस | दे. | महापुरुष | મહાપુરુષ | ઉત્તરના કિંપુરિસ દેવોનો ઇંદ્ર. તેને ચાર મુખ્ય પત્ની છે — રોહિણી, નવમિયા, હિરી, પુષ્પવતી. |
| १. महापोंडरीय | दे.भौ. | महापुण्डरीक | મહાપુણ્ડરીક | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે, તેઓ સત્તર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સત્તર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| २. महापोंडरीय | दे. | महापुण्डरीक | મહાપુણ્ડરીક | મહાપદ્મરુક્ખમાં વસતો દેવ. |
| ३. महापोंडरीय | भौ. | महापुण्डरीक | મહાપુણ્ડરીક | આ અને મહાપુંડરીય સરોવર એક છે. |
| १. महाबल | श्र. | महाबल | મહાબલ | ચક્રવર્તી ભરત પછી જે આઠ મહાન રાજાઓ મોક્ષ પામ્યા તેમાંનો એક. તે બલભદ્ર નામે પણ જાણીતો છે. તે અઈજસનો પુત્ર હતો. |
| २. महाबल | च. | महाबल | મહાબલ | જુઓ મહબ્બલ. |
| ३. महाबल | ती. | महाबल | મહાબલ | જુઓ મહબ્બલ(૫). |
| १. महाबाहु | च. | महाबाहु | મહાબાહુ | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાલચક્રમાં થનારા ચોથા ભાવિ વાસુદેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| २. महाबाहु | च. | महाबाहु | મહાબાહુ | અવરવિદેહમાં થયેલા એક વાસુદેવ. |
| महाभद्द | दे.भौ. | महाभद्र | મહાભદ્ર | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું છે, તેઓ સોળ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સોળ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| महाभाग | ती. | महाभाग | મહાભાગ | ભ૰ મહાવીરનું એક વિશેષણ. જુઓ મહાવીર. |
| १. महाभीम | दे. | महाभीम | મહાભીમ | ઉત્તરના રાક્ષસ દેવોનો ઇંદ્ર. તેને ચાર મુખ્ય પત્ની છે– પદ્મા, પદ્માવતી, કણગા, રત્નપ્રભા. |
| २. महाभीम | च. | महाभीम | મહાભીમ | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાલચક્રમાં થનારા આઠમા ભાવિ પ્રતિશત્રુ. |
| महाभीमसेण | अ. | महाभीमसेन | મહાભીમસેન | જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અતીત અવસર્પિણી કે ઉત્સર્પિણીમાં થયેલા સાતમા કુલગર. જુઓ કુલગર |
| महाभूइल | अ. | महाभूतिल | મહાભૂતિલ | આ અને ભૂઈલ એક છે. |
| महाभेरव | ऐ. | महाभैरव | મહાભૈરવ | મજ્ઝિમપાવામાં આવેલું ઉદ્યાન જ્યાં વૈદ્ય ખરઅ એ તીર્થંકર મહાવીરના કાનમાંથી વાંસના ખીલા બહાર કાઢી નાખ્યા હતા. |
| महाभोया | भौ. | महाभोगा | મહાભોગા | જંબૂદ્વીપમાં રત્તાવતી નદીને મળતી પાંચ નદીઓ–માંની આ એક છે. |
| महामाढर | दे. | महामाठर | મહામાઠર | ઈશાન કલ્પના ઇંદ્રના આધિપત્ય નીચે રથદળના સેનાપતિ. |
| महामुणि | ती. | महामुनि | મહામુનિ | ભ૰ મહાવીરનું એક વિશેષણ |
| महायारकहा | आ. | महाचारकथा | મહાચારકથા | દશવૈકાલિકનું છઠ્ઠું અધ્યયન. |
| महारह | च. | महारथ | મહારથ | વાસુદેવ(૨) કૃષ્ણ(૧)નું બીજું નામ. |
| महारोरुय | भौ.न. | महारौरुक | મહારૌરુક | તમતમપ્પભા નામની સાતમી નરકભૂમિના પાંચ મહાભયંકર મહાનિરય વાસસ્થાનોમાંનું એક. |
| महालिया-विमाण-पविभत्ति | आ. | महती–विमान–प्रविभक्ति | મહતી-વિમાન-પ્રવિભક્તિ | જુઓ મહલ્લિયાવિમાણપવિભત્તિ. |
| महालिया-विमाण-विभत्ति | आ. | महती–विमान–विभक्ति | મહતી-વિમાન-વિભક્તિ | જુઓ મહલ્લિયાવિમાણપવિભત્તિ. |
| महालोहिअक्ख | दे. | महालोहिताक्ष | મહાલોહિતાક્ષ | ઇંદ્ર બલિના આધિપત્ય નીચેનો સેનાપતિ. તે આખલાઓના દળનો નાયક હતો. |
| महावच्छ | भौ. | महावत्स | મહાવત્સ | મહાવિદેહમાં આવેલો પ્રદેશ જેનું મુખ્ય મથક અપરાજિતા છે. તેની પૂર્વમાં તપ્તજલા નદી વહે છે. |
| १. महावप्प | भौ. | महावप्र | મહાવપ્ર | જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આવેલો પ્રદેશ જેનું પાટનગર જયંતી છે. |
| २. महावप्प | भौ. | महावप्र | મહાવપ્ર | મહાવિદેહમાં આવેલા પર્વત સૂરનું શિખર. |
| महावाउ | दे. | महावायु | મહાવાયુ | ઈશાન સ્વર્ગીય ક્ષેત્રના ઇંદ્રના આધિપત્ય નીચેનો સેનાપતિ. તે હયદળનો નાયક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| महाविजय | दे.भौ. | *महाविजय* | મહાવિજય | એક પુષ્કુત્તર સમાન સ્વર્ગીય વાસસ્થાન (વિમાન) |
| १. महाविदेह | भौ. | *महाविदेह* | મહાવિદેહ | જંબૂદ્વીપના કેન્દ્રમાં આવેલું ક્ષેત્ર. તે નીલવંત પર્વત ની દક્ષિણે, નિષધ પર્વતની ઉત્તરે, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે અને પૂર્વ લવણ સમુદ્રની પશ્ચિમે આવેલ છે. તે પલંગાકાર છે. બે છેડે લવણસમુદ્ર ને સ્પર્શે છે. તેની લંબાઈ ૩૩૭૬૭–૭/૧૯ યોજન છે. તેની પહોળાઈ ૩૩૬૮૪–૪/૧૯ યોજન છે. જેના બન્ને છેડા સમુદ્રોને સ્પર્શે છે એવી તેની જીવા એક લાખ યોજન છે અને તેની ધનુપૃષ્ઠ બન્ને તરફ ૧૫૮૧૧૩–૧૬/૧૯ યોજનથી કંઈક વધુ છે. તેના અધિષ્ઠાતા દેવ મહાવિદેહના નામ ઉપરથી તેનું નામ પણ મહાવિદેહ પડ્યું છે. |
| २. महाविदेह | दे. | *महाविदेह* | મહાવિદેહ | મહાવિદેહ ક્ષેત્રનો અધિષ્ઠાતા દેવ. |
| महावीर | ती. | *महावीर* | મહાવીર | વર્તમાન અવસર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થયેલા છેલ્લા તીર્થંકર.પાર્શ્વના નિર્વાણ પછી ૨૫૦ વર્ષે તેમનો જન્મ થયો હતો. તે તેમના પૂર્વભવમાં નંદન હતા. ઐરાવત ક્ષેત્રમાં થયેલા તીર્થંકર વારિસેણના તે સમકાલીન હતા. તેમની ઊંચાઈ સાત રત્નિ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણના વર્ણ જેવો હતો. તે જ્ઞાત કુળના હતા. |
| महावीरथूइ | आ. | *महावीरस्तुति* | મહાવીરસ્તુતિ | સૂત્રકૃત્ નું છઠ્ઠું અધ્યયન. |
| महावीरभासिय | आ. | *महावीरभाषित* | મહાવીરભાષિત | પ્રશ્નવ્યાકરણદશાનું પાંચમું અધ્યયન જે હાલ અસ્તિત્વમાં નથી. |
| महासउणि | अ. | *महाशकुनि* | મહાશકુનિ | જેની દીકરી પૂતના હતી તે વિદ્યાધરી. |
| महासउणिपूतणा | अ. | *महाशकुनिपूतना* | મહાશકુનિપૂતના | વિદ્યાધરી મહાસકુનીની પુત્રી પૂતના. |
| १. महासयअ | आ. | *महाशतक* | મહાશતક | ઉવાસગદસાનું આઠમું અધ્યયન. |
| २. महासयअ | श्रा. | *महाशतक* | મહાશતક | રાજગૃહીના એક શ્રેષ્ઠી. તેમને રેવતી વગેરે ૧૩ પત્ની હતી. તે તીર્થંકર મહાવીરનો ઉપાસક બન્યો. ચૌદ વર્ષ પછી તે પૌષધશાળાએ ગયો અને ધર્મક્રિયામાં પરોવાઈ ગયો. વખત જતા મહાસતક સંલેખણામાં લાગી ગયો, તેને અવધિજ્ઞાન થયું. મરીને સૌધર્મ કલ્પે દેવ થયા. ભાવિમાં તે મહાવિદેહે મોક્ષ પામશે |
| महासव | आ. | *महास्रव* | મહાસ્રવ | ભગવતીના ઓગણીશમા શતકનો ચોથો ઉદ્દેશક. |
| महासामाण | दे.भौ. | *महासामान* | મહાસામાન | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે, તેઓ સત્તર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને સત્તર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. महासाल | श्र. | *महाशाल* | મહાશાલ | પૃષ્ઠચંપાના રાજા સાલનો ભાઈ. તીર્થંકર મહાવીર નો શિષ્ય બન્યો હતો. |
| २. महासाल | श्र.प्र. | *महाशाल* | મહાશાલ | અરુણ(૫)ના પિતા. |
| महासिलाकंटअ | क. | *महाशिलाकण्टक* | મહાશિલાકણ્ટક | વજ્જિ–વિદેહપુત્ત કોણિય અને રાજા ચેડગ વચ્ચે થયેલું યુદ્ધ. નવ મલ્લઈ અને નવ લેચ્છઈ ગણ–રાજાઓ અને કાસી અને કોસલના અઢાર મિત્ર રાજાઓએ ચેડગને સહાય કરી. તીર્થંકર મહાવીરને આ યુદ્ધનું જ્ઞાન હતું. કોણિયનો વિજય થયો અને ચેડગ અને તેના મિત્ર રાજાઓના સંઘની હાર થઈ. આ યુદ્ધમાં ચોરાસી લાખ લોકો માર્યા ગયા. આ યુદ્ધને મહાસિલાકંટઅ કહેવામાં આવે છે. |
| महासीह | च. | *महासिंह* | મહાસિંહ | વર્તમાન અવસર્પિણીના છઠ્ઠા બલદેવ અને છઠ્ઠા વાસુદેવના પિતા. જુઓ મહસિવ. |
| १. महासीहसेण | आ. | *महासिंहसेन* | મહાસિંહસેન | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૨ નું અધ્યયન ૧૨. |
| २. महासीहसेण | श्र. | *महासिंहसेन* | મહાસિંહસેન | શ્રેણિક રાજા અને રાણી ધારિણીનો પુત્ર. તે ભ૦ મહાવીરનો શિષ્ય બન્યો. મહાવિદેહમાં મોક્ષે જશે |
| १. महासुक्क | दे.भौ. | *महाशुक्र* | મહાશુક્ર | લાંતક દેવલોકની ઉપર આવેલું સ્વર્ગીય ક્ષેત્ર. તેમાં ૪૦૦૦૦ ભવનો છે. દરેકની ઊંચાઈ ૮૦૦ યોજન છે. આ ક્ષેત્રના ઇંદ્રનું નામ પણ મહાશુક્ર જ છે. |
| २. महासुक्क | दे.भौ. | *महाशुक्र* | મહાશુક્ર | મહાસામાણ જેવું જ મહાશુક્રમાં આવેલું સ્વર્ગીયક્ષેત્ર |
| महासुमिणभावणा<br>महासुविणभावणा | आ. | *महास्वप्नभावना* | મહાસ્વપ્નભાવના | અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. જે આજે અસ્તિત્વ માં નથી. |
| महासुव्वया | ती.श्रा. | *महासुव्रता* | મહાસુવ્રતા | તીર્થંકર અરિષ્ટનેમિની પ્રધાન ઉપાસિકા. |
| महासेण | श्र. | *महासेन* | મહાસેન | જુઓ મહસેણ. |
| १. महासेणकण्ह | आ. | *महासेनकृष्ण* | મહાસેનકૃષ્ણ | નિરયાવાલિકાનું દસમું અધ્યયન. |
| २. महासेणकण्ह | क. | *महासेनकृष्ण* | મહાસેનકૃષ્ણ | રાજા શ્રેણિકનો પુત્ર અને નંદન(૫)નો પિતા. |
| १. महासेणकण्हा | आ. | *महासेनकृष्णा* | મહાસેનકૃષ્ણા | અંતકૃદ્દશાના આઠમા વર્ગનું દસમું અધ્યયન. |
| २. महासेणकण्हा | श्र. | *महासेनकृष्णा* | મહાસેનકૃષ્ણા | રાજા શ્રેણિકની પત્ની. તેને મહાવીરે દીક્ષા આપી હતી. વખત જતા તે મોક્ષ પામી હતી. |
| महासेय | दे. | *महाश्वेत* | મહાશ્વેત | વાણવ્યંતર વર્ગના ઉત્તરના કોહંડ દેવોનો ઇંદ્ર. |
| महासोयाम | दे. | *महासौदामन* | મહાસૌદામન | ઇંદ્ર બલિના હયદળનો સેનાપતિ. |
| महाहरि | च. | *महाहरि* | મહાહરિ | દસમા ચક્રવર્તી હરિસેણના પિતા. |
| १. महाहिमवंत | दे. | *महाहिमवन्त* | મહાહિમવન્ત | મહાહિમવંત પર્વતનો અધિષ્ઠાતા દેવ. |
| २. महाहिमवंत | भौ. | *महाहिमवन्त* | મહાહિમવન્ત | મહાહિમવંત પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચ સો યોજન છે. તેના અગ્રભાગથી પર્વતની તળેટીએ આવેલા ભાગ સુધીનું અંતર સાતસો યોજન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. महाहिमवंत | भौ. | महाहिमवन्त | મહાહિમવન્ત | જંબૂદ્વીપમાં આવેલો પર્વત. તે હરિવાસની દક્ષિણે, હેમવંત ની ઉત્તરે, પૂર્વ લવણ સમુદ્રની પશ્ચિમે અને પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે આવેલો છે. તેની ઊંચાઈ બસો યોજન છે, ઊંડાણ ૫૦ યોજન છે. પહોળાઈ ૪૨૧૦–૧૦/૧૯ છે લંબાઈ ૯૧૭૬–૧/૨ યોજન છે. તેની જીવા ઉત્તરમાં ૫૩૯૩૧ –૧૬/૧૯ યોજનથી કંઈક અધિક છે અને તેનું ધનુપૃષ્ઠ દક્ષિણમાં ૫૭૨૯૩–૧૦/૧૯ યોજન છે. |
| महाहिलोगबल | ती. | महाधिलोकबल | મહાધિલોકબલ | ઐરાવત ક્ષેત્રના સાતમા તીર્થંકર. તે ભરતક્ષેત્ર ના કુંથુના સમકાલીન હતા. સમવાયમાં તેમનું નામ મહાહિલોગબલના સ્થાને અતિપાસ છે. |
| १. महिंद | दे.भौ. | महेन्द्र | મહેન્દ્ર | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષનું છે. તેઓ બાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને બાર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| २. महिंद | भौ. | महेन्द्र | મહેન્દ્ર | એક પર્વત. |
| ३. महिंद | दे. | महेन्द्र | મહેન્દ્ર | શક્રનું બીજું નામ. |
| ४. महिंद | ती. | महेन्द्र | મહેન્દ્ર | સાતમા તીર્થંકર સુપાર્શ્વ ને ભિક્ષા આપનાર સૌ પ્રથમ વ્યક્તિ. તે વ્યક્તિ પાડલિસંડની હતી. |
| महिंदकंत | दे.भौ. | महेन्द्रकान्त | મહેન્દ્રકાન્ત | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચૌદ સાગરોપમ વર્ષનું હોય છે, તેઓ ચૌદ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને ચૌદ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| महिंदज्झय | दे.भौ. | महेन्द्रध्वज | મહેન્દ્રધ્વજ | મહિંદ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| महिंदुत्तरवडिंसग | दे.भौ. | महेन्द्रोत्तरावतंसक | મહેન્દ્રોત્તરાવતંસક | મહિંદકંત જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| महिय | दे.भौ. | महित | મહિત | અચ્ચુતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ બાવીસ સાગરોપમ વર્ષનું છે. |
| महिला | ऐ. | मिथिला | મિથિલા | આ અને મિથિલા એક છે. |
| १. महिस्सर | दे. | महेश्वर | મહેશ્વર | ભૂતવાદિય દેવોના બે ઈન્દ્રોમાંનો એક. |
| २. महिस्सर | क. | महेश्वर | મહેશ્વર | પરિવ્રાજક પેઢાલે સાધ્વી સુજ્યેષ્ઠાની યોનિમાં મૂકેલ વીર્ય થી જન્મેલો પુત્ર. તેનું સત્યકી નામ રખાયું. તેણે મહારોહિણીવિદ્યા પ્રાપ્ત કરી જે વિદ્યાએ તેના કપાળની વચ્ચે છિદ્ર કરી તેના શરીરમાં પ્રવેશ કર્યો. આ છિદ્રને દેવોએ તેના ત્રીજા નેત્ર તરીકે વર્ણવ્યું. તેણે પેઢાલ અને કાલસંદીપને હણ્યા. |
| मही | भौ. | मही | મહી | પાંચ મોટી નદીઓમાંની એક છે અને તે ગંગા નદીને મળે છે. |
| महु | श्र.प्र. | मधु | મધુ | જુઓ મધુરાયણ. |

| | | | | |
|---|---|---|---|---|
| महुकेढव | च. | मधुकैटभ | મધુકૈટભ | વર્તમાન અવસર્પિણી માં ભરત ક્ષેત્રમાં થયેલા ચોથા પ્રતિશત્રુ. તે પુરિસુત્તમ વડે હણાયા હતા. |
| १. महुर | अ.भौ. | मधुर | મધુર | એક અનાર્ય અથવા મિલિક્ખ દેશ અને તેની પ્રજા. તેને મગ્ગર નામે પણ ઓળખવામાં આવતો હતો. |
| २. महुर | श्र. | माथुर | માથુર | મથુરાનો શ્રમણ. |
| १. महुरा | भौ. | मथुरा | મથુરા | સૂરસેણ નામના આર્ય દેશનું પાટનગર. તેનું બીજું નામ ઉત્તરમથુરા છે. ત્યાં એક જૈન સ્તૂપ હતો. ત્યાં ભંડીરવડેંસિઅ નામનું ઉદ્યાન હતું. તીર્થંકર પાર્શ્વ આ ઉદ્યાનમાં આવ્યા હતા. |
| २. महुरा | भौ.ऐ. | मथुरा | મથુરા | દક્ષિણ ભારતનું એક નગર. પ્રતિષ્ઠાનના રાજા શાલીવાહને તેને જીત્યુ હતુ. આ નગરના અને મથુરા ના રહેવાસીઓ વચ્ચે લગ્નવ્યવહારનો સંબંધ હતો. તેનું બીજું નામ દક્ખિણમથુરા છે. |
| महेसर | दे. | महेश्वर | મહેશ્વર | ઉત્તરના ભૂતવાદિત દેવોનો ઇંદ્ર. |
| महेसरदत्त | क. | महेश्वरदत्त | મહેશ્વરદત્ત | સવ્વઓભદ્ર નગરના રાજા જિતશત્રુનો પુરોહિત. તે રાજાના વિજય માટે ચારે વર્ણના બાળકોને મરાવી તેમના શરીરોમાંથી તેમના હૃદયો કઢાવી તેમના માંસપિંડોની આહુતિવાળા યજ્ઞો તે કરતો. મરણ પછી તે કૌશાંબીમાં પુરોહિત સોમદત્ત ના પુત્ર બૃહસ્પતિદત્ત તરીકે જન્મ્યો. |
| महेसरी | ऐ. | माहेश्वरी | માહેશ્વરી | વિંધ્યગિરિની તળેટીમાં આવેલું નગર. તે નગર દક્ષિણાપથમાં અચલ અને તેની માતા ભદ્રા એ વસાવ્યુ હતુ. આચાર્ય વજ્ર આ નગરમાં આવેલા |
| महेस्सर | क. | महेश्वर | મહેશ્વર | આ અને મહિસ્સર એક છે. |
| महोरग | दे. | महोरग | મહોરગ | વાણવ્યંતર દેવોના આઠ વર્ગોમાંનો એક. અતિકાય અને મહાકાય એ બે તેમના ઈન્દ્રો છે. |
| मागंदिय | आ. | माकन्दिक | માકન્દિક | ભગવતીના અઢારમા શતકનો ત્રીજો ઉદ્દેશક. |
| मागंदियपुत्त | श्र. | माकन्दिकपुत्र | માકન્દિકપુત્ર | તીર્થંકર મહાવીરના શિષ્ય. ભ૦ મહાવીર સાથે તેને કેટલાક દાર્શનિક સંવાદો થયા હતા |
| १. मागंदी | आ. | माकन्दी | માકન્દી | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૯ |
| २. मागंदी | अ. | माकन्दी | માકન્દી | ચંપા નગરનો શ્રેષ્ઠી. તેને બે પુત્રો હતા — જિનપાલિય અને જિનરક્ષિત. |
| मागह | अ. | मागध | માગધ | ક્ષત્રિય સ્ત્રી અને વૈશ્ય પુરુષથી જન્મેલી વ્યક્તિ. |
| मागहतित्थ | भौ. | मागधतीर्थ | માગધતીર્થ | ભરતક્ષેત્રમાં પૂર્વમાં અને ગંગા નદીની દક્ષિણે સમુદ્રના કિનારા ઉપર આવેલું તીર્થસ્થાન. ચક્રવર્તી ભરતે તે જીત્યું હતુ. તિર્થંકરોના અભિષેક વખતે આ તીર્થસ્થાનની માટી અને પાણી વપરાય છે. |
| मागहतित्थकुमार | दे. | मागधतीर्थकुमार | માગધતીર્થકુમાર | માગ્રહતીર્થનો અધિષ્ઠાતા દેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| माघवइ | अ.न. | माघवती | માઘવતી | સાતમી નરકભૂમિ તમતમાનું ગોત્રનામ. |
| १. माढर | अ. | माठर | માઠર | યશોભદ્રના શિષ્ય આચાર્ય સંભૂતનું ગોત્ર. |
| २. माढर | दे. | माठर | માઠર | શક્રના રથદળનો સેનાપતિ. |
| ३. माढर | अ. | माठर | માઠર | એક મિથ્યાશ્રુતગ્રન્થ. આ જ નામના એક જૈનેતરે રચેલો ગ્રન્થ. |
| माणव | भौ. | मानव | માનવ | કાલિકેય દેશ સમાન દેશ. |
| १. माणवअ | दे. | मानवक | માનવક | શક્રની સુધર્મા સભાની બેઠક ઉપર આવેલો પવિત્ર સ્તમ્ભ. |
| २. माणवअ | दे.ज. | मानवक | માનવક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| माणवग | च. | मानवक | માનવક | જુઓ માણવક. |
| माणवगण | श्र. | मानवगण | માનવગણ | તીર્થંકર મહાવીરની આજ્ઞામાં રહેલા શ્રમણોના નવ ગણોમાંનો એક ગણ. |
| माणवी | दे. | मानवी | માનવી | એક દેવી. |
| माणसिआ | दे. | मानसिका | માનસિકા | એક દેવી. |
| माणि | भौ. | मानिन् | માનિન્ | મહાવિદેહના પ્રત્યેક વિજય માં આવેલા વૈતાઢ્ય પર્વતનું સામાન્ય નામ. |
| १. माणिभद्द | दे. | माणिभद्र | માણિભદ્ર | ઉત્તરના યક્ષ દેવોના ઇંદ્ર. તે લોકપાલ વૈશ્રમણ ના આધિપત્ય નીચે છે. તેને ચાર મુખ્ય પત્નીઓ છે — પૂર્ણા, બહુપુત્તિયા, ઉત્તમા અને તારયા. |
| २. माणिभद्द | ऐ. | माणिभद्र | માણિભદ્ર | મિથિલાની ઉત્તરપૂર્વમાં આવેલું ચૈત્ય જ્યાં મહાવીરે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિનો ઉપદેશ આપ્યો |
| ३. माणिभद्द | ऐ. | माणिभद्र | માણિભદ્ર | પુષ્પિકાનું છઠ્ઠું અધ્યયન. |
| ४. माणिभद्द | ऐ. | माणिभद्र | માણિભદ્ર | માણિભદ્ર નામના યક્ષ દેવનું ચૈત્ય. જે વર્ધમાનપુર ના વિજયવર્ધમાન ઉદ્યાનમાં આવેલું હતું. |
| ५. माणिभद्द | भौ. | माणिभद्र | માણિભદ્ર | જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા વૈતાઢ્ય પર્વતનું શિખર. |
| ६. माणिभद्द | दे.भौ. | माणिभद्र | માણિભદ્ર | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| ७. माणिभद्द | दे. | माणिभद्र | માણિભદ્ર | રાજગૃહીમાં વિચરતા તીર્થંકર મહાવીરને વંદનાર્થે આવનાર દેવ. તે પોતાના પૂર્વભવમાં આ જ નામ ધરાવતો શ્રેષ્ઠી હતો. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષે જશે. આ અને માણિભદ્ર એક જણાય છે. |
| ८. माणिभद्द | दे. | माणिभद्र | માણિભદ્ર | ક્ષોદોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| माणिभद्दकूड | भौ. | माणिभद्रकूट | માણિભદ્રકૂટ | આ અને માણિભદ્ર(૫) એક છે. |
| माणुसखेत्त | भौ. | मानुषक्षेत्र | માનુષક્ષેત્ર | આ અને મનુષ્યક્ષેત્ર એક છે. |
| माणुसणग | भौ. | मानुषनग | માનુષનગ | આ અને માણુસુત્તર એક છે. |
| माणुसलोय | भौ. | मानुषलोक | માનુષલોક | આ અને મનુષ્યક્ષેત્ર એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| माणुसुत्तर | भौ. | मानुषोत्तर | માનુષોત્તર | માણુસનગ નામે પણ જાણીતો ગોળાકાર પર્વત. તે પુષ્કરવરદ્વીપની મધ્યે આવેલ છે જેથી પુષ્કરવર દ્વીપના બે અડધા ભાગ થઈ જાય છે. આ પર્વતની પેલે પાર મનુષ્ય વસતી નથી. તેથી તેને માણુસુત્તર કહેવામાં આવે છે. તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. તેનું જમીનમાં ઊંડાણ ૪૩૦ ક્રોશ છે. તળિયે તેની પહોળાઈ ૧૦૨૨ યોજન છે, મધ્યમાં ૭૨૩ યોજન છે અને ટોચે ૪૨૪ યોજન છે. |
| माणुसोत्तर | दे.भौ. | मानुषोत्तर | માનુષોત્તર | સૌધર્મમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમ વર્ષનું છે. તે પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને એક હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| १. मातंग | आ. | मातङ्ग | માતઙ્ગ | અંતકૃદ્દશાનું બીજું અધ્યયન. તે હાલ અસ્તિત્વમાં નથી. |
| २. मातंग | भौ. | मातङ्ग | માતઙ્ગ | કાલિકેય દેશ જેવો જ દેશ. |
| ३. मातंग | श्र.प्र. | मातङ्ग | માતઙ્ગ | તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ. તેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| ४. मातंग | दे. | मातङ्ग | માતઙ્ગ | એક યક્ષ. |
| मातंजण | भौ. | मात्राञ्जन | માત્રાંજન | જુઓ માયંજણ. |
| मायंग | श्र.प्र. | मातङ्ग | માતઙ્ગ | જુઓ માતંગ(૩). |
| मायंजण | भौ. | मात्राञ्जन | માત્રાંજન | મહાવિદેહના મંગલાવતી અને રમણિય વિજયો વચ્ચે આવેલો એક વક્ષસ્કાર પર્વત. તે મંદરપર્વત ની પૂર્વે અને સીતા નદીના દક્ષિણ કાંઠા ઉપર આવેલો છે. |
| मायंडिय | आ. | माकन्दिक | માકન્દિક | આ અને માગંદિય એક છે. |
| मायंदी | आ. | माकन्दी | માકન્દી | જુઓ માગંદી. |
| मार | भौ.न. | मार | માર | પંકપ્રભા નરકભૂમિમાં આવેલ એક મહાનિરય. |
| मालंकार | दे. | मालङ्कार | માલઙ્કાર | ઇંદ્ર બલિના ગજદળનો સેનાપતિ. |
| मालय | भौ. | मालव | માલવ | જુઓ માલવ. |
| मालव | भौ. | मालव | માલવ | મહાવીરના સમયના સોળ જનપદોમાંનું એક. તેનો અનાર્ય દેશ તરીકે ઉલ્લેખ છે. માલવ ચોરો બાળકો ઉઠાવી જતા. |
| मालवग | भौ. | मालवक | માલવક | એક પર્વત. |
| १. मालवंत | भौ. | माल्यवत् | માલ્યવત્ | મહાવિદેહમાં આવેલો એક વક્ષસ્કાર પર્વત. તે મંદર પર્વતની ઉત્તરપૂર્વે, નીલવંત પર્વતની દક્ષિણે, ઉત્તર કુરુની પૂર્વે અને વચ્છની પશ્ચિમે આવેલ છે. તેને નવ શિખરો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| २. मालवंत | भौ. | माल्यवत् | માલ્યવત્ | માલ્યવંત પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચસો યોજન છે. |
| ३. माल्यवंत | दे. | माल्यवत् | માલ્યવત્ | માલ્યવંત પર્વતના અધિષ્ઠાતા દેવ. તે તે પર્વતના માલ્યવંત શિખર ઉપર વસે છે. |
| ४. माल्यवंत | ऐ. | माल्यवत् | માલ્યવત્ | ઉત્તરકુરુમાં આવેલું સરોવર. |
| ५. मालवंत | भौ. | माल्यवत् | માલ્યવત્ | આ અને માલ્યવંતપર્યાય એક છે. |
| मालवंतपरिआअ | भौ. | माल्यवत्पर्याय | માલ્યવત્પર્યાય | હૈરણ્યવંત ક્ષેત્રના મધ્યમાં આવેલો વૃત્તવૈતાઢ્ય પર્વત. તે સુવર્ણકુલા નદીની પશ્ચિમે, રુપ્યકૂલાની પૂર્વે આવેલો છે. પ્રભાસ દેવ તેનો અધિષ્ઠાતા છે. |
| मालुका | अ. | मालुका | માલુકા | ઉજ્જૈનીના અંબરિસની પત્ની. |
| मालुज्जेणि | भौ. | मालउज्ञेणी | માલઉજ્જેની | આ અને ઉજ્જૈની એક છે. |
| मालुयाकच्छ | ऐ. | मालुकाकच्छ | માલુકાકચ્છ | મેંઢિયગામની ઉત્તરપૂર્વમાં આવેલું વન. મહાવીર પિત્તજ્વરથી પીડાય છે એ સમાચાર સાંભળી આ વનમાં શ્રમણ સીહરડી પડ્યા હતા. |
| मास | अ.भौ. | माष | માષ | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. આ અને 'પાસ' એક છે. |
| मासपुरी | ऐ. | माषपुरी | માષપુરી | આર્ય દેશ વટ્ટનું પાટનગર. |
| मासवण्णिवल्ली | आ. | माषपर्णिवल्लि | માષપર્ણિવલ્લિ | ભગવતીના શતક ૨૩ નો વર્ગ ૫. તેમાં દસ અધ્યયન છે. |
| १. माहण | अ. | ब्राह्मण | બ્રાહ્મણ | માહણ અને સમણ એ ક્રમશઃ વૈદિક અને અવૈદિક એવી પ્રાચીન ભારતની બે મુખ્ય પરંપરામાંની એક. |
| २. माहण | आ. | ब्राह्मण | બ્રાહ્મણ | કર્મવિપાકદશાનું પાંચમું અધ્યયન. વર્તમાનમાં આ અધ્યયનનું નામ 'બહસ્સઈ' છે. |
| माहणकुंडगाम/ माहडकुंडग्गाम | भौ.ती. | ब्राह्मणकुण्डग्राम | બ્રાહ્મણકુણ્ડગ્રામ | કુંડગ્ગામના બે ભાગમાંનો એક ભાગ જ્યાં રહેતા બ્રાહ્મણ ઋષભદત્તની પત્ની દેવાનંદાની કૂખમાં ચ્યવીને તીર્થંકર મહાવીર પ્રવેશ્યા હતા. |
| माहणकुंडपुर | भौ.ती. | ब्राह्मणकुण्डपुर | બ્રાહ્મણકુણ્ડપુર | આ અને માહણકુંડગ્ગામ એક છે. |
| माहणकुंडपुर-संनिवेश | भौ.ती. | ब्राह्मणकुण्डपुर–सन्निवेश | બ્રાહ્મણકુણ્ડપુર-સન્નિવેશ | જુઓ માહણકુંડપુર. |
| १. माहिंद | अ. | महेन्द्र | મહેન્દ્ર | ભોગપુરમાં ભ૦ મહાવીરને ત્રાસ આપવાનો પ્રયત્ન કરનારો એક ક્ષત્રિય. |
| २. माहिंद | स.ज. | महेन्द्र | મહેન્દ્ર | દિવસ અને રાત્રિના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| ३. माहिंद | दे.भौ. | महेन्द्र | મહેન્દ્ર | ઈશાનની ઉપર આવેલું ચોથું સ્વર્ગીય ક્ષેત્ર (કલ્પ) તેમાં છસ્સો યોજનની ઊંચાઈ ધરાવતા આઠ લાખ ભવનો છે. તેમાં વસતા દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમશઃ બે સાગરોપમથી કંઈક અધિક અને સાત સાગરોપમ વર્ષનું છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **४. माहिंद** | दे. | *महेन्द्र* | મહેન્દ્ર | માહેન્દ્ર કલ્પનો ઇંદ્ર. તેને તેના પોતાના સામાણિક દેવો વગેરે છે. |
| **५. माहिंद** | ती. | *महेन्द्र* | મહેન્દ્ર | આ અને માહેન્દ્ર એક છે. |
| **माहिंदर** | ती. | *माहेन्द्र* | માહેન્દ્ર | તીર્થંકર અનંતનો પૂર્વભવ. |
| **माहिस्सर** | क. | *माहेश्वर* | માહેશ્વર | જુઓ મહિસ્સર. |
| **माहिस्सरी** | ऐ. | *माहेश्वरी* | માહેશ્વરી | જુઓ મહેસ્સરી. |
| **माहेसरिपुरी** | ऐ. | *माहेश्वरीपुरी* | માહેશ્વરીપુરી | જુઓ મહેસરી. |
| **१. माहेसरी** | अ. | *माहेश्वरी* | માહેશ્વરી | એક પ્રકારની બ્રાહ્મી લિપિ. |
| **२. माहेसरी** | ऐ. | *माहेश्वरी* | માહેશ્વરી | આ અને મહેસરી એક છે. |
| **माहेस्सर** | क. | *माहेश्वर* | માહેશ્વર | જુઓ મહેસર. |
| **माहेस्सरी** | ऐ. | *माहेश्वरी* | માહેશ્વરી | જુઓ મહેસરી. |
| **माहुर** | क. | *माथुर* | માથુર | દ્રશ્ય ચીજો પ્રત્યેની વધુ પડતી આસક્તિના કારણે જે હણાયો હતો તે મથુરાનો શ્રેષ્ઠી. |
| **मिंढियगाम** | भौ. | *मेण्ढिकग्राम* | મેણ્ઢિકગ્રામ | જુઓ મેંઢિયગ્ગામ. |
| **मिगकोट्ठग** | ऐ. | *मृगकोष्ठक* | મૃગકોષ્ઠક | જ્યાં રાજા જિતશત્રુ રાજ કરતો હતો તે નગર. આ નગરમાં જમદગ્નિ આવ્યા હતા. |
| **मिगदेवी** | अ. | *मृगादेवी* | મૃગાદેવી | આ અને મિયા(૨) એક છે. |
| **मिगपुत्तिज्ज** | आ. | *मृगापुत्रक* | મૃગાપુત્રક | આ અને મિયાપુત્તિજ્જ એક છે. |
| **मिगवण** | ऐ. | *मृगवन* | મૃગવન | સેયવિયા નગરની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. |
| **मिगसिर** | दे.न. | *मृगशिरस्* | મૃગશિરસ્ | આ અને મગસિર એક છે. |
| **मिगावइ/मिगावती** | श्र. | *मृगावती* | મૃગાવતી | જુઓ મૃગાવતી અને મિયા. |
| **मितकेसी** | दे. | *मितकेशी* | મિતકેશી | જુઓ મિસ્સકેસી. |
| **१. मित्त** | स.ज. | *मित्र* | મિત્ર | દિવસ અને રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| **२. मित्त** | दे.ज. | *मित्र* | મિત્ર | અનુરાધા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| **३. मित्त** | क. | *मित्र* | મિત્ર | વાણિજ્યગામનો રાજા. તેની રાણી શ્રીદેવી હતી. વિગત માટે જુઓ 'ઉજ્ઝિયઅ'(૨). |
| **४. मित्त** | अ. | *मित्र* | મિત્ર | નંદિપુરનો રાજા. તેનો મુખ્ય રસોઈયો હતો શ્રીક. |
| **५. मित्त** | श्र. | *मित्र* | મિત્ર | મણિવયા નગરનો રાજા. તેને શ્રમણ સંભૂતિવિજયે દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તે કનગપુરમાં વૈશ્રમણ રૂપે જન્મ્યો. તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| **मित्तगा** | दे. | *मित्रका* | મિત્રકા | આ અને મીણગા એક છે. |
| **मित्तणंदी** | अ. | *मित्रनन्दी* | મિત્રનન્દી | તેની રાણી શ્રીકંતા હતી. વરદત્ત નામે પુત્ર હતો. |
| **मित्तदाम** | अ. | *मित्रदामन्* | મિત્રદામન્ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા પ્રથમ કુલગર. જુઓ 'કુલગર'. |
| **मित्तपभ** | अ. | *मित्रप्रभ* | મિત્રપ્રભ | ચંપા નગરનો રાજા. ધારિણી તેની રાણી હતી અને ધર્મઘોસ(૩) તેનો મંત્રી હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| मित्तवती | क. | मित्रवती | મિત્રવતી | ચંપા નગરના શ્રેષ્ઠી સુદર્શનની પત્ની. તેનું બીજું નામ મનોરમા પણ છે. |
| मित्तवाहण | अ. | मित्रवाहन | મિત્રવાહન | આગામી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થનારા પ્રથમ કુલગર. તેમને મિયવાહણ પણ કહેવામાં આવે છે. |
| मित्तवीरिय | अ. | मित्रवीर्य | મિત્રવીર્ય | તીર્થંકર સંભવના સમયનો એક રાજા. |
| मित्तसिरी | श्रा.नि. | मित्रश्री | મિત્રશ્રી | આમલકપ્પા નગરનો શ્રાવક. તેણે નિહ્નવ તિષ્ય–ગુપ્તને ભાન કરાવ્યું કે તેનો સિદ્ધાંત ખોટો છે. |
| मित्तिय | अ. | मैत्रेय | મૈત્રેય | વચ્છગોત્રની સાત શાખાઓમાંની એક. |
| मित्तियावइ | ऐ. | मृत्तिकावती | મૃત્તિકાવતી | આ અને મત્તિયાવઈ એક છે. |
| मिथिला | ऐ. | मिथिला | મિથિલા | આ અને 'મિહિલા' એક છે. |
| मियगाम/ मियग्गाम | ऐ. | मृगग्राम | મૃગગ્રામ | એક નગર જેની ઉત્તરપૂર્વમાં ચંદનપાદપ ઉદ્યાન હતું. ત્યાં સુધર્મ યક્ષ નું ચૈત્ય હતું. ત્યાં વિજયરાજા રાજ કરતો હતો. તેને મૃગારાણી થી મૃગાપુત્ર નામે એક પુત્ર હતો. ભ૦મહાવીર આ નગરમાં આવેલા. |
| मियचारिया | आ. | मृगचारिका | મૃગચારિકા | ઉત્તરાધ્યયનનું ઓગણીસમું અધ્યયન. |
| मियलुद्ध | अ.ता. | मृगलुब्ध | મૃગલુબ્ધ | જુઓ 'મિયલુદ્ધય'. |
| मियलुद्धय | अ.ता. | मृगलुब्धक | મૃગલુબ્ધક | પ્રાણીઓના માંસ પર જીવતા વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ. |
| मियवण | ऐ. | मृगवन | મૃગવન | વીતીભય નગરની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. |
| १. मियवाहण | ती. | मृगवाहन | મૃગવાહન | આગામી ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થનારા પ્રથમ ભાવિ તીર્થંકર. |
| २. मियवाहण | अ. | मित्रवाहन | મિત્રવાહન | 'મિત્તવાહણ'નું બીજું નામ. |
| मियसिर | दे.ज. | मृगशिरस् | મૃગશિરસ્ | જુઓ મગસિર. |
| १. मिया | अ. | मृगा | મૃગા | મૃગગામના રાજા વિજયની રાણી અને રાજકુમાર મૃગાપુત્રની માતા. |
| २. मिया | अ. | मृगा | મૃગા | સુગ્રીવ નગરના રાજા બલભદ્રની પત્ની અને રાજકુમાર બલશ્રીની માતા. |
| मियादेवी | अ. | मृगादेवी | મૃગાદેવી | આ અને મિયા(૧) એક છે. |
| १. मियापुत्त | आ. | मृगापुत्र | મૃગાપુત્ર | વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું પ્રથમ અધ્યયન. |
| २. मियापुत्त | क. | मृगापुत्र | મૃગાપુત્ર | મિયગામના રાજા વિજય અને રાણી મૃગા(૧)નો અતિ દુઃખી પુત્ર. તે મહત્વના અંગો અને ઈન્દ્રિયો થી વંચિત હતો, તે હાથ, પગ, કાન, આંખ, નાકથી રહિત હતો. અનેક રોગોથી પીડાતો હતો. ભોંયરામાં છૂપાવી રાખવામાં આવતો હતો. આખા શરીરમાંથી દુર્ગંધ નીકળતી હતી. પૂર્વભવમાં ઈક્કાઈરટ્ઠકૂડ નામનો અત્યંત ક્રૂર રાજા હતો. અનેક જન્મ અને મરણ પછી તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. मियापुत्त | क. | मृगापुत्र | મૃગાપુત્ર | સુગ્રીવ નગરના રાજા બલભદ્ર અને રાણી મિયાના પુત્ર બલશ્રીનું બીજું નામ. |
| मियापुत्तिज्ज | आ. | मृगापुत्रीय | મૃગાપુત્રીય | ઉત્તરાધ્યયનનું ઓગણીસમું અધ્યયન. આ અને 'મિયચારિયા' એક જ છે. |
| १. मियावइ | श्र. | मृगावती | મૃગાવતી | કૌશાંબીના રાજા શતાનિકની પત્ની, વૈશાલીના રાજા ચેટકની પુત્રી અને ઉદાયન રાજકુમારની માતા. ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતે મૃગાવતીને વશ કરી તેની સાથે લગ્ન કરવા માટે શતાનિક પર આક્રમણ કર્યું. પરંતુ પોતાના સગીર વયના પુત્ર ઉદાયનને મૂકી શતાનિક તો મૃત્યુ પામ્યા. તેણીએ તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લઈ લીધી. તેણે ચંદનાની આજ્ઞામાં રહી શ્રામણ્યનું પાલન કર્યું. તેણીને પશ્ચાત્તાપ થકી આવરણરૂપ કર્મો નાશ પામી ગયા અને તે જ રાતે તેને કેવલજ્ઞાન થયું. |
| २. मियावइ | अ.च. | मृगावती | મૃગાવતી | પોતનપુરના રાજા રિપુપ્રતિશત્રુની પુત્રી અને પત્ની અને વાસુદેવ ત્રિપૃષ્ઠની માતા. જુઓ પ્રજાપતિ. |
| मियावती | अ.च. | मृगावती | મૃગાવતી | જુઓ મૃગાવતી. |
| मिरिइ | ती. | मरीचि | મરીચિ | જુઓ મરીઈ. |
| मिरियि | ती. | मरीचि | મરીચિ | જુઓ મરીઈ. |
| मिरीइ | ती. | मरीचि | મરીચિ | જુઓ મરીઈ. |
| मिलक्खु | अ. | म्लेच्छ | મ્લેચ્છ | આ અને મિલિક્ખુ એક છે. |
| मिलिक्खु | अ. | म्लेच्छ | મ્લેચ્છ | આ અને અનાર્યનો અર્થ એક જ છે. |
| मिस्सकेसी | दे. | मिश्रकेशी | મિશ્રકેશી | ઉત્તર રુચકપર્વતના શિખરની અધિષ્ઠાત્રી મુખ્ય દિસાકુમારી. |
| मिहिलपुरी | ए.भौ. | मिथिलपुरी | મિથિલપુરી | જુઓ મિથિલા. |
| मिहिला | ए.भौ. | मिथिला | મિથિલા | વિદેહ દેશનું પાટનગર. તેમાં 'અગ્ગુજ્ઞાણ' નામનું ઉદ્યાન હતું. ૧૯ મા તીર્થંકર મલ્લિઆ નગરમાં રાજા કુંભગ અને રાણી પભાવતીની પુત્રી રૂપે જન્મેલા. |
| मीणगा | दे. | मेनका | મેનકા | ઇંદ્ર બલિની આજ્ઞામાં રહેલા લોકપાલ સોમ ની મુખ્ય પત્ની. જુઓ સોમ(૪). |
| मुंजइ | अ. | मौञ्जकिन् | મૌંજકિન્ | કાસવ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| मुंजपाउयार | अ. | मुञ्जपादुकाकार | મુંજપાદુકાકાર | મુંજ ઘાસમાંથી પગરખા બનાવનાર કારીગરોનું એક આર્ય ઔદ્યોગિક મંડળ. |
| मुंडिअंबय | श्रा. | मुण्डिकाम्रक | મુણ્ડિકામ્રક | આ અને મુંડિંબગ એક છે. |
| मुंडिंबग/मुंडिंबय | श्रा. | मुण्डिकाम्रक | મુણ્ડિકામ્રક | સિંબવર્ધણનો રાજા. પૂષ્યભૂતિએ તેને શ્રાવક તરીકેની દીક્ષા આપી હતી. |
| मुंडिवअ/मुंडिवग | श्रा. | मुण्डिंबक | મુણ્ડિંબક | આ અને મુંડિંબગ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| मुगुंदमह | अ. | मुकुन्दमह | મુકુન્દમહ | મુકુન્દ અર્થાત્ વાસુદેવ અથવા બલદેવના માનમાં ઉજવાતો ઉત્સવ. |
| मुक्खगइ | आ. | मोक्षगति | મોક્ષગતિ | આ અને 'મોક્ખમગ્ગગઇ' એક છે. |
| मुग्गरपाणि | दे. | मुद्गरपाणि | મુદ્ગરપાણિ | એક યક્ષ જે અર્જુનગનો કુલદેવતા હતો. તેનું ચૈત્ય રાજગૃહીના પુષ્પારામ ઉદ્યાનમાં આવેલું હતું. આ યક્ષે અર્જુનગને પરાભૂત કર્યો હતો. |
| मुग्गसेल | ऐ. | मुद्गशैल | મુદ્ગશૈલ | મુદ્ગસેલપુર પાસે આવેલો ડુંગર. શ્રમણ કાલવેસિયે અન્ન ત્યાગ કરીને આ ડુંગર પર સંલેખના લીધી હતી જ્યાં શિયાળ તેમને ખાઈ ગયું હતું. |
| मुग्गसेलपुर | ए.भौ. | मुद्गशैलपुर | મુદ્ગશૈલપુર | રાજા 'હયસત્તુ' રાજ કરતો હતો તે નગર. શ્રમણ કાલવેસિય મથુરાથી આ નગરમાં આવેલા. |
| मुग्गिल्लगिरि | ऐ. | मुद्गलगिरि / मौद्गल्यगिरि | મુદ્ગલગિરિ/ મૌદ્ગલ્યગિરિ | જ્યાં સુકોસલ અને સિદ્ધાર્થ મોક્ષ પામ્યા હતા તે ડુંગર. |
| मुट्ठिअ | अ.भौ. | मौष्टिक | મૌષ્ટિક | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. |
| १. मुणिचंद | अ. | मुनिचन्द्र | મુનિચંદ્ર | તે વ્યક્તિ જેણે કોઈક શ્રમણને રાજગૃહીમાં અત્યંત ત્રાસ આપ્યો હતો. |
| २. मुणिचंद | श्र. | मुनिचन्द्र | મુનિચંદ્ર | સાકેતના રાજા ચંદ્રાવતંસક અને રાણી ધારિણીના બે પુત્રોમાંનો એક. તેને ઉજ્જૈનીનો સૂબો નીમવામાં આવ્યો હતો. તેના ભાઈ ગુણચંદ ઉજ્જૈની નગરમાં આવ્યા અને તેમણે મુનિચંદના પુરોહિતના પુત્ર સાથે મુનિચંદના પુત્રને પણ શિષ્ય બનાવ્યો. |
| ३. मुणिचंद | श्र. | मुनिचन्द्र | મુનિચંદ્ર | તીર્થંકર પાર્શ્વની પરંપરાના એક આચાર્ય. જ્યારે તે કુમારક સન્નિવેશમાં હતા ત્યારે કુવણઅ નામના મદિરા પીધેલા કુંભારે તેમને ચોર ગણી તેમનું ગળું દબાવી મારી નાખ્યા હતા. આચાર્ય મોક્ષ પામ્યા. |
| ४. मुणिचंद | श्र. | मुनिचन्द्र | મુનિચંદ્ર | ચંદ્રાવતંસક અને ધારિણીનો પુત્ર. સાકેતનો રાજા હતો. પોતાના પુત્રને રાજગાદી સોંપી સંસારનો ત્યાગ કર્યો અને તે સાગરચંદ્રનો શિષ્ય બન્યો. |
| १. मुणिसुव्वय | ती. | मुनिसुव्रत | મુનિસુવ્રત | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા વીસમા તીર્થંકર. તે તેમના પૂર્વભવમાં સીહગિરિ હતા. તે રાજગૃહીના રાજા સુમિત્ર અને રાણી પદ્માવતીના પુત્ર હતા. તેમની ઊંચાઈ વીસ ધનુષ હતી, તેમનો વર્ણ ઘેરો નીલ હતો. તેમની ઉંમર ૨૨૫૦૦ વર્ષની હતી ત્યારે તેમણે એક હજાર પુરુષો સાથે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. તે વખતે તેમણે મણોહરા પાલખીનો ઉપયોગ કર્યો હતો. |
| २. मुणिसुव्वय | ती. | मुनिसुव्रत | મુનિસુવ્રત | ભરતક્ષેત્રના અગિયારમા ભાવિ તીર્થંકર અને દેવકીનો ભાવિ જન્મ. |

| | | | | |
|---|---|---|---|---|
| **३. मुणिसुव्वय** | ती. | *मुनिसुव्रत* | મુનિસુવ્રત | વલયાકાર દ્વીપ ધાતકીખંડના એક તીર્થંકર. |
| **मुणिसुव्वयथूभ** | अ. | *मुनिसुव्रतस्तूप* | મુનિસુવ્રતસ્તૂપ | તીર્થંકર મુનિસુવ્રતના નામનો વૈશાલીમાં બાંધવામાં આવેલો સ્તૂપ. |
| **मुणिसेण** | श्र. | *मुनिषेण* | મુનિષેણ | જે શ્રમણને જંગલમાં ચક્રવર્તી વજ્રજંઘ અને તેની રાણી શ્રીમતી મળ્યા હતા તે શ્રમણ. તે શ્રમણે તેમને નિમંત્રણ આપી બોલાવ્યા હતા. |
| **मुत्तालय** | भौ. | *मुक्तालय* | મુક્તાલય | ઈસિપબ્ભારાના બાર નામોમાંનું એક. |
| **मुत्ति** | भौ. | *मुक्ति* | મુક્તિ | ઈસિપબ્ભારાના બાર નામોમાંનું એક. |
| **मुरंड** | अ.भौ. | *मुरुण्ड* | મુરુણ્ડ | જુઓ મુરુંડ. |
| **मुरिय** | अ. | *मौर्य* | મૌર્ય | આ અને મુરિયવંસ એક છે. |
| **मुरियवंस** | अ. | *मौर्यवंश* | મૌર્યવંશ | એક રાજવંશ. તેનું નામ પડવાનું કારણ એ હતું કે વંશનો સ્થાપક રાજા ચંદગુત્ત મોરપોસક (= મયૂર પાલક)નો પુત્ર હતો. |
| **१. मुरुंड** | अ.भौ. | *मरुण्ड* | મરુણ્ડ | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. |
| **२. मुरुंड** | क. | *मरुण्ड* | મરુણ્ડ | કુસુમપુરનો રાજા. તેણે તેની વિધવા બહેનને દીક્ષા અપાવી શ્રમણી બનાવી. એક વાર શિરદર્દથી અત્યંત પીડાતો હતો ત્યારે આચાર્ય પાલિત્તે તેનો રોગ દૂર કર્યો હતો. કાળના સાપેક્ષ મૂલ્ય અંગે તેને ખુડ્ડગણિ સાથે ચર્ચા થઈ હતી. |
| **मुहुत्त** | स.ज. | *मुहूर्त* | મુહૂર્ત | કાલનો એક વિભાગ. ૭૭ લવ બરાબર છે. દિવસ અને રાતના કુલ ત્રીસ મુહૂર્ત છે. તેમના નામ આ પ્રમાણે છે– 'રુદ્દ, સત્ત અથવા સેઅ, મિત્ત , વાઉ, સુપીઅ/સુગીઅ/સુબીઅ, અભિચંદ, માહેન્દ્ર, બલવ/પલંબ, બંભ, બહુસચ્ચ/સચ્ચ, આનંદ, વિજય, વિસ્સસેણ, પ્રજાપતિ, ઉવસમ, ઇશાન, તટ્ઠ, ભાવિઅપ્પા, વૈશ્રમણ, વરુણ, સયવસહ, ગંધવ્વ, અગ્નિવેસ, આયવ, તટ્ઠવ/અણવ, આવત્ત/અમમ, ભીમ, વસહ, સવ્વટ્ઠ અને રાક્ષસ |
| **मूढ** | अ.भौ. | *मूढ* | મૂઢ | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. સંભવતઃ આ અને મોંઢ એક છે. |
| **मूय** | श्र. | *मूक* | મૂક | કૌશાંબીનો એક શ્રમણ. |
| **मूया** | ऐ. | *मूका* | મૂકા | જંબૂદ્વીપમાં આવેલા અવરવિદેહનું પાટનગર. મહાવીર પોતાના પૂર્વભવમાં ચક્રવર્તી પિયમિત્ત તરીકે અહીં રાજ કરતા હતા. |
| **मूल** | अ.ज. | *मूल* | મૂલ | ૨૮ નક્ષત્રમાંનું એક. તેનું ગોત્રનામ કચ્ચાયણ છે. નિરતિ તેની અધિષ્ઠાત્રિ દેવી છે. |
| **१. मूलदत्ता** | आ. | *मूलदत्ता* | મૂલદત્તા | અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું દસમું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| २. मूलदत्ता | श्र. | मूलदत्ता | મૂલદત્તા | શાંબની પત્ની. તેને તીર્થંકર અરિષ્ટનેમિએ દીક્ષા આપી હતી. |
| मूलदेव | क. | मूलदेव | મૂલદેવ | ધૂર્તાખ્યાનકની કથાનું મુખ્ય પાત્ર, બીજા ત્રણ ધૂર્તો હતા — સસ, એલાસાઢ અને ખંડા. મંડિત ચોરની કથામાં તે બેન્નાતટના રાજા તરીકે આવે છે. ચોરને પકડી પાડે છે, તેની બહેન જોડે લગ્ન કરે છે, ચોરે લૂંટેલું બધું ધન લઈ પછી ચોરને મૃત્યુદંડ દે છે. |
| मूलवीरिय | भौ. | मूलवीर्य | મૂલવીર્ય | કાલિકેય દેશ જેવો દેશ. |
| १. मूलसिरि | आ. | मूलश्री | મૂલશ્રી | અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું નવમું અધ્યયન. |
| २. मूलसिरि | श्र. | मूलश्री | મૂલશ્રી | શાંબની પત્ની. તેને તીર્થંકર અરિષ્ટનેમિએ દીક્ષા આપી હતી. |
| मूला | अ. | मूला | મૂલા | કૌશાંબીના ધનાવહ શ્રેષ્ઠીની પત્ની. તેણે ચંદના ને કેદ કરી રાખી હતી અને તેને ત્રાસ આપતી હતી. |
| मूलाहार | अ.ता. | मूलाहार | મૂલાહાર | મૂળ ખાઈને જીવતા વાનપ્રસ્થોનો વર્ગ. |
| मूलिगा | अ. | मूलिका | મૂલિકા | આ અને મૂલા એક છે. |
| मेंढमुह | भौ. | मेण्ढमुख | મેણ્ઢમુખ | એક અંતરદ્વીપ. |
| मेंढियगाम | ऐ. | मेण्ढिकग्राम | મેણ્ઢિકગ્રામ | આ તે સ્થાન છે જ્યાં ગોવાળે તીર્થંકર મહાવીરને ત્રાસ આપ્યો હતો. આ સ્થાને ચમર દેવ મહાવીરને વંદન કરવા આવ્યા હતા. રેવતી અહીંની હતી. |
| मेघंकरा | दे. | मेघङ्करा | મેઘઙ્કરા | જુઓ 'મેહંકરા'. |
| मेघमाला | श्र. | मेघमाला | મેઘમાલા | તીર્થંકર વાસુપુજ્યના સંઘની શ્રમણી. માનસિક નિર્બળતાના કારણે મૃત્યુ પછી તેને નરકમાં જન્મ લેવો પડ્યો હતો. |
| मेघमालिणी | दे. | मेघमालिनी | મેઘમાલિની | જુઓ મેહમાલિણી. |
| मेघवती | दे. | मेघवती | મેઘવતી | જુઓ મેહવઈ. |
| मेघस्सरा | दे. | मेघस्वरा | મેઘસ્વરા | નાગકુમાર દેવોના ઇંદ્ર ધરણનો ઘંટ. |
| मेच्छ | अ. | म्लेच्छ | મ્લેચ્છ | મિલિક્ખનું બીજું નામ. જુઓ અનાર્ય. |
| मेढगमुह | अ. | मेढ्रकमुख | મેઢ્રકમુખ | એક અનાર્ય પ્રજા. આ અને મેંઢમુહ એક છે. |
| मेत | अ.भौ. | मेद | મેદ | જુઓ મેય. |
| मेतज्ज/मेतिज्ज | ती.ग. | मेतार्य | મેતાર્ય | જુઓ મેયજ્જ. |
| मेतेज्ज भयालि | श्र.प्र. | मैत्रेय भयालि | મૈત્રેય ભયાલિ | જુઓ ભયાલિ(૨). |
| मेय | अ.भौ. | मेद | મેદ | એક અનાર્ય જાતિ અને તેનો દેશ. મેય પ્રજાનો ઉલ્લેખ શિકારીઓ તરીકે થયો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. मेयज्ज | ती.ग. | *मेतार्य* | મેતાર્ય | તીર્થંકર મહાવીરના દસમા ગણધર. તુંગિયસન્નિવેશ માં વસતા દત્ત અને તેની પત્ની વરુણદેવાના પુત્ર હતા. તેમને સ્વર્ગ, નરકના અસ્તિત્વ અંગે શંકા હતી. ભગવંત મહાવીરે શંકા દૂર કરી અને તેમના ૩૦૦ શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બની ગયા. ૪૬ વર્ષની ઉંમરે તેમને કેવલજ્ઞાન થયું ૬૨ વર્ષની ઉંમરે ભ૦ મહાવીરની ઉપસ્થિતિમાં મોક્ષપામ્યા |
| २. मेयज्ज | अ. | *मेतार्य* | મેતાર્ય | શ્રમણ 'ઉદઅ'નું ગોત્ર. |
| ३. मेयज्ज | श्र. | *मेतार्य* | મેતાર્ય | રાજગૃહીના શ્રમણ. પોતાના પ્રાણના ભોગે પણ તે અહિંસાવ્રતના ચુસ્ત પાલનમાં અચલ રહ્યા. |
| मेरअ | च. | *मेरक* | મેરક | વર્તમાન અવસર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થયેલા ત્રીજા પ્રતિશત્રુ. તે સયંભૂ વડે હણાયા હતા. |
| मेरा | च. | *मेरा* | મેરા | બારમા ચક્રવર્તી હરિસેણની માતા. |
| मेरु | भौ. | *मेरु* | મેરુ | મંદરપર્વતનું બીજું નામ. |
| मेरुप्पभ | अ.प्रा. | *मेरुप्रभ* | મેરુપ્રભ | વિંધ્યગિરિ પ્રદેશમાં ગંગા નદીના દક્ષિણ કાંઠા ઉપર જન્મેલા હાથી તરીકેનો મેઘનો પૂર્વભવ. દાવાનળ લાગ્યો ત્યારે તેને વૈતાઢ્યગિરિની ખીણમાં જન્મેલા સુમેરુપ્રભ નામક હાથી તરીકે પૂર્વભવ યાદ આવ્યો |
| १. मेह | श्र. | *मेघ* | મેઘ | રાજગૃહીના રાજા શ્રેણિક, રાણી ધારિણીનો પુત્ર. તે જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારે તેને મેઘનો દોહદ થયો હતો તેથી તેનું નામ મેઘ રાખ્યું. તે ૮ રાજ–કન્યાઓને પરણ્યો હતો. સંસાર ત્યાગ કરી દીક્ષા લીધી, તે મહાવીરનો શિષ્ય બન્યા. મહાવીરે તેને કહ્યું કે પૂર્વભવમાં હાથીના જન્મમાં તેણે કેટલા સંકટો સહન કર્યા હતા જેના ફળરૂપે તે માનવભવ પામ્યો. મેઘને સત્ય સમજાયું અને તે શ્રામણ્યને વળગી રહ્યો. મૃત્યુ પછી તેણે અનુત્તરવિમાનના વિજયમાં દેવ તરીકે જન્મ ધારણ કર્યો. ભવિષ્યમાં તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે. |
| २. मेह | आ. | *मेघ* | મેઘ | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું ચૌદમું અધ્યયન. |
| ३. मेह | श्र. | *मेघ* | મેઘ | મહાવીર પાસે દીક્ષા લઈ, શ્રામણ્યનું પાલન કરી, વિપુલ પર્વત ઉપર મોક્ષે જનારા રાજગૃહીના શ્રેષ્ઠી. |
| ४. मेह | अ. | *मेघ* | મેઘ | આમલકપ્પા નો શ્રેષ્ઠી. મેઘશ્રી તેની પત્ની હતી. |
| ५. मेह | ती. | *मेघ* | મેઘ | પાંચમાં તીર્થંકર સુમતિ(૭)ના પિતા. |
| ६. मेह | अ. | *मेघ* | મેઘ | મહાવીર અને ગોસાલને દોરડાથી બાંધી બંધનમાં રાખનાર કાલહસ્તીનો મોટો ભાઈ. પછીથી તે બન્નેને મુક્ત કરી દીધા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| मेहंकरा | दे. | मेघङ्करा | મેઘङ्करा | નંદનવન વનમાં આવેલા શિખર નંદનવનકૂડની અધિષ્ઠાત્રી દેવી એવી મુખ્ય દિસાકુમારી. |
| १. मेहकुमार | दे. | मेघकुमार | મેઘકુમાર | વરસાદ વરસાવનાર દેવ. |
| २. मेहकुमार | दे. | मेघकुमार | મેઘકુમાર | આ અને મેહ(૧) એક છે. |
| मेहमालिणी | दे. | मेघमालिनी | મેઘમાલિની | નંદનવનમાં આવેલા શિખર હેમવંતની અધિષ્ઠાત્રિ દેવી એવી મુખ્ય દિસાકુમારી. |
| १. मेहमुह | भौ.अ. | मेघमुख | મેઘમુખ | એક અંતરદ્વીપ અને તેની પ્રજા. |
| २. मेहमुह | दे. | मेघमुख | મેઘમુખ | એક પ્રકારના નાગકુમાર દેવો. તે આવાડ લોકોના કુળદેવો હતા. |
| १. मेहरह | ती. | मेघरथ | મેઘરથ | સોળમા તીર્થંકર સંતિનો પૂર્વભવ. |
| २. मेहरह | क. | मेघरथ | મેઘરથ | જિનદાસનો પૂર્વભવ. તે મજ્ઝમિયા નગરનો રાજા હતો. તેણે શ્રમણ સુધર્મને ભિક્ષા આપી હતી. |
| ३. मेहरह | अ.च. | मेघरथ | મેઘરથ | વિદ્યાધરશ્રેણીનો વિદ્યાધર રાજા. તેની પુત્રી પદ્મશ્રી ચક્રવર્તી સુભૂમની પત્ની હતી. |
| मेहवइ | दे. | मेघवती | મેઘવતી | નંદનવનમાં આવેલા શિખર મંદરની અધિષ્ઠાત્રિ દેવી એવી મુખ્ય દિસાકુમારી. તેના પાટનગરનું નામ પણ આ જ છે. |
| मेहवण्ण | ऐ. | मेघवर्ण | મેઘવર્ણ | રોહીડઅ નગરમાં આવેલું ઉદ્યાન. તેમાં મણિદત્ત યક્ષનું ચૈત્ય હતું. |
| मेहसिरी | अ. | मेघश्री | મેઘશ્રી | આમલકપ્પા નગરના શ્રેષ્ઠી મેઘની પત્ની. |
| मेहा | दे. | मेघा | મેઘા | અસુરકુમાર દેવોના ઇંદ્ર ચમરની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં આમલકપ્પા નગરના શ્રેષ્ઠી મેઘ ની પુત્રી હતી. |
| मेहिल | श्र. | मैथिल | મૈથિલ | તીર્થંકરપાર્શ્વની પરંપરાના એક આચાર્ય. તુંગિયા નગરના શ્રાવકોએ સંયમ અને તપના ફળ અંગે તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. |
| मोअ | दे. | मोद | મોદ | વરુણના કુટુંબનો સભ્ય. જુઓ મોએજ્જઅ. |
| मोउद्देसअ | आ. | मोकोद्देशक | મોકોદ્દેશક | ભગવતીના ત્રીજા શતકનો પ્રથમ ઉદ્દેશક. |
| मोअेज्जअ | दे. | मोचक | મોચક | શક્રના લોકપાલ વરુણના આજ્ઞાવર્તી એક દેવ. |
| मोंढ | अ.भौ. | मोण्ढ=मुण्ढ=मु | મોણ્ઢ=મુણ્ઢ=મુણ્ડ | એક અનાર્ય પ્રજા અને તેનો દેશ. |
| मोक्ख | आ. | मोक्ष | મોક્ષ | બંધદસાનું બીજું અધ્યયન. |
| मोक्खमग्गगइ | आ. | मोक्षमार्गगति | મોક્ષમાર્ગગતિ | ઉત્તરાધ્યયનનું અઠ્યાવીસમું અધ્યયન. |
| १. मोग्गरपाणि | आ. | मुद्गरपाणि | મુદ્ગરપાણિ | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું ત્રીજું અધ્યયન. |
| २. मोग्गरपाणि | दे. | मुद्गरपाणि | મુદ્ગરપાણિ | જુઓ મુગ્ગરપાણિ. |
| मोग्गल | अ.ता. | मौद्गल | મૌદ્ગલ | બુદ્ધનો એક અનુયાયી. આ અને પાલી સાહિત્યના મહા મોગ્ગલ્લાન એક જણાય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| मोग्गलसेल | ऐ. | मौद्गलशैल | મૌદ્ગલશૈલ | જુઓ મુગ્ગલસેલ. |
| १. मोग्गलायण | अ.ज. | मौद्गल्यायन | મૌદ્ગલ્યાયન | અભિઈ નક્ષત્રનું ગોત્રનામ. |
| २. मोग्गलायण | अ. | मौद्गल्यायन | મૌદ્ગલ્યાયન | કોચ્છ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| मोग्गल्लसेल | ऐ. | मौद्गल्यशैल | મૌદ્ગલ્યશૈલ | જુઓ મુગ્ગસેલ. |
| १. मोया | आ. | मोका | મોકા | ભગવતીના ત્રીજા શતકનો પહેલો ઉદ્દેશક. આ અને મોઉદ્દેસઅ એક છે. |
| २. मोया | ऐ. | मोका | મોકા | જેની ઉત્તરપૂર્વે નંદન નું ચૈત્ય હતું તે શહેર. |
| मौराअ | भौ. | मोराक | મોરાક | જે સન્નિવેશમાં મહાવીર ગયા હતા તે સન્નિવેશ. |
| १. मोरिअ | अ.ग. | मौर्य | મૌર્ય | મહાવીરના સાતમા ગણધર મૌર્યપુત્રના પિતા. તે કાસવ ગોત્રના હતા. તેની પત્ની વિજયદેવા હતી. |
| २. मोरिअ | ती.ग. | मौर्य | મૌર્ય | આ અને મૌર્યપુત્ર(૧) એક છે. |
| ३. मोरिअ | भौ. | मोर्य | મૌર્ય | તે સન્નિવેશ જ્યાં મોરિઅ(૨) અને મંડિય(૨) નામના બે ભાઇઓ જન્મ્યા હતા. |
| १. मोरियपुत्त | ती.ग. | मौर्यपुत्र | મૌર્યપુત્ર | તીર્થંકર મહાવીરના સાતમા ગણધર. તેમને ૩૫૦ શિષ્યો હતા. તે મૌર્ય સન્નિવેશના હતા. તેના ભાઈ નું નામ મંડિત હતું. તેમના પિતા મૌર્ય હતા માતા વિજયાદેવી હતા. ૬૫ વર્ષની ઉંમરે તેમને મહાવીરે દીક્ષા આપી હતી, ૯૫ વર્ષની ઉંમરે તે મોક્ષ પામ્યા |
| २. मोरियपुत्त | अ.ता. | मौर्यपुत्र | મૌર્યપુત્ર | તામલિનું બીજું નામ. |
| मोलि | भौ. | मौलि/मल्लकि | મૌલિ / મલ્લકિ | મહાવીરના સમયના સોળ જનપદોમાંનું એક. તેનો ઉલ્લેખ વજ્જ, કાસી અને કોસલ સાથે થયો છે. |
| मोसलि | भौ. | मोसलि | મોસલિ | જે સન્નિશના સુમાગધે ભ૦ મહાવીરને બંધનમાંથી છોડાવેલાતે સન્નિવેશ. મહાવીર અહીં આવ્યા હતા. |
| मोहरिअ | अ.ता. | मौखरिक | મૌખરિક | લોકોને અસંબદ્ધ, વાહિયાત, હાસ્યાસ્પદ વાતો કહીને તેમનું મનોરંજન કરી પોતાની આજીવિકા મેળવતા સમણ પરિવ્રાજકોનો એક પ્રકાર. |
| रइ | श्र.ती. | रति | રતિ | છઠ્ઠા તીર્થંકર પદ્મપ્પભની પ્રથમ શિષ્યા. |
| रइकर | भौ. | रतिकर | રતિકર | આ અને રઈકરગ એક છે. |
| रइकरग | भौ. | रतिकरक | રતિકરક | નંદીશ્વરદ્વીપની મધ્યમાં ચાર વિદિશાઓમાંની દરેક માં એક એમ ચાર પર્વતો આ નામવાળા છે. તેની ઊંચાઈ ૧૦૦૦ યોજન, ઊંડાઈ ૧૦૦૦ ગવ્યૂતિ, પહોળાઈ ૧૦૦૦૦ યોજન છે. તેઓ વર્તુળાકાર છે. |
| रइकरगपव्वय | भौ. | रतिकरकपर्वत | રતિકરપર્વત | આ અને રઈકરગ એક છે. |
| रइपिया/रइप्पिया | दे. | रतिप्रिया | રતિપ્રિયા | આ અને રઈપ્પભા એક છે. |
| रइप्पभा | दे. | रतिप्रभा | રતિપ્રભા | જુઓ રતિપ્પભા. |
| रइवक्क | आ. | रतिवाक्य | રતિવાક્ય | દશવૈકાલિકની બે ચૂલિકાઓમાંની એક ચૂલિકા. |

| | | | | |
|---|---|---|---|---|
| रइसेणा | दे. | रतिसेना | રતિસેના | કિન્નર દેવોના બે ઇન્દ્રો કિન્નર અને કિંપુરિસમાંથી દરેકની એક એક મુખ્ય પત્નીનું નામ. બીજે સ્થાને તેનું નામ વજસેના આપવામાં આવ્યું છે. |
| १. रंभा | दे. | रम्भा | રમ્ભા | અસુરકુમાર દેવોના ઇંદ્ર બલિની મુખ્ય ૫ પત્નીમાં ની એક. |
| २. रंभा | आ. | रम्भा | રમ્ભા | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૨ નું અધ્યયન ૩. |
| रक्ख | दे. | रक्ष | રક્ષ | વૈશ્રમણના આધિપત્ય નીચેનો એક દેવ. |
| रक्खतिया | क. | रक्षिता | રક્ષિતા | રાજગૃહીના શ્રેષ્ઠી ધન્યના પુત્ર ધનગોપની પત્ની. |
| १. रक्खस | दे. | राक्षस | રાક્ષસ | વાણવ્યંતર દેવોનો એક પેટાભેદ. ભીમ(૩) અને મહાભીમ(૧) તેમના ઇન્દ્રો છે. |
| २. रक्खस | स.ज. | राक्षस | રાક્ષસ | રાત અને દિવસના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| रक्खिज्ज | श्र. | रक्षितार्य | રક્ષિતાર્ય | આ અને રક્ષિત એક છે. |
| रक्खित | श्र. | रक्षित | રક્ષિત | જુઓ રક્ષિત. |
| रक्खिय | श्र. | रक्षित | રક્ષિત | દસપુર નગરના બ્રાહ્મણ સોમદેવ અને તેની પત્ની રુદ્રસોમાનો પુત્ર. આર્ય ફલ્ગુરક્ષિત તેમના નાના ભાઈ હતા. તેમણે આચાર્ય તોસલિપુત્ત પાસે દીક્ષા લીધી, આચાર્ય વજ્ર પાસે સાધિક નવ પૂર્વ ભણ્યા. પોતાના કુટુંબના બધા સભ્યોને દીક્ષા આપી |
| रक्खियखमण | श्र. | रक्षितश्रमण | રક્ષિતશ્રમણ | આ અને રક્ષિત(૧) એક છે. |
| रक्खिया | श्र.ती. | रक्षिता | રક્ષિતા | અઢારમા તીર્થંકર અરની પ્રથમ શિષ્યા. |
| रक्खी | श्र.ती. | रक्षी | રક્ષી | આ અને 'રકિખયા' એક છે. |
| रज्जवद्धण | क. | राज्यवर्धन | રાજ્યવર્ધન | ઉજ્જૈનીના રાજા પાલકનો પુત્ર. અવંતિવર્ધન તેનો મોટો ભાઈ હતો. વધુ વિગત માટે જુઓ અજિતસેન |
| रट्ठवद्धण | क. | राष्ट्रवर्धन | રાષ્ટ્રવર્ધન | આ અને રાષ્ટ્રવર્ધન એક છે. |
| रतिकर | भौ. | रतिकर | રતિકર | જુઓ રઈકરગ. |
| रतिप्पभा | दे. | रतिप्रभा | રતિપ્રભા | કિન્નર દેવોના બે ઇન્દ્રો કિંપુરીસ અને કિન્નરમાંથી દરેકની એક એક મુખ્ય પત્નીનું નામ. તેમના પૂર્વભવમાં શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| रतिसेणा | दे. | रतिसेना | રતિસેના | જુઓ રઈસેના જે વજસેના(૨)થી ભિન્ન નથી. |
| रत्तकंबलसिला | भौ.ती. | रक्तकम्बलशिला | રક્તકમ્બલશિલા | મંદર પર્વતના પંડગવનમાં આવેલી તીર્થંકરના અભિષેકની વિધિ માટેની ચાર પવિત્ર શિલાઓમાં ની એક. તેને અતિરક્તકંબલશિલા તરીકે સ્થાન સૂત્રમાં ઉલ્લેખવામાં આવી છે. |
| रत्तकंबला | भौ.ती. | रक्तकम्बला | રક્તકમ્બલા | મંદરપર્વતના પંડગવનમાં આવેલી અભિષેક વિધિ માટેની ચાર શિલાઓમાંની એક. |
| रत्तपाअ | ऐ. | रक्तपाद | રક્તપાદ | મહાપુરના રત્તાસોગ ઉદ્યાનમાં આવેલું રત્તપાઅ યક્ષનું ચૈત્ય.૦૦...... |

| | | | | |
|---|---|---|---|---|
| १. रत्तवइ | भौ. | रक्तवती | રક્તવતી | મંદરની ઉત્તરે આવેલ પુંડરીક સરોવરથી નીકળતી, પશ્ચિમ લવણ સમુદ્રને મળતી એવી ઐરાવતમાં વહેતી નદી |
| २. रत्तवइ | भौ. | रक्तवती | રક્તવતી | શિખરી પર્વતનું શિખર. |
| ३. रत्तवइ | अ. | रक्तवती | રક્તવતી | ચંપા નગરીના રાજા દત્તની રાણી. મહચંદ તેમનો પુત્ર હતો. |
| ४. रत्तवइ | अ. | रक्तवती | રક્તવતી | મહાપુરના રાજકુમાર મહબ્બલ(૧૦)ની પત્ની. |
| रत्तवती | अ. | रक्तवती | રક્તવતી | જુઓ રક્તવતી. |
| रत्तसिला | भौ.ती. | रक्तशिला | રક્તશિલા | પાંડુકવનમાં આવેલી અભિષેકવિધિ માટેની ચાર શિલાઓમાંની એક. સ્થાન સૂત્રમાં તેનો રક્તકંબલ શિલા તરીકે ઉલ્લેખ છે. |
| रत्तसुभद्दा | क. | रक्तसुभद्रा | રક્તસુભદ્રા | અર્જુનની પત્ની સુભદ્રા(૧૨)નું બીજું નામ. તેના માટે યુદ્ધ લડાયુ હતુ. |
| १. रत्ता | भौ. | रक्ता | રક્તા | શિખરીપર્વત ઉપર આવેલા પુંડરીક સરોવરમાંથી નીકળતી અને પૂર્વ લવણ સમુદ્રને મળતી તથા ઐરાવતમાં વહેતી નદી. |
| २. रत्ता | भौ. | रक्ता | રક્તા | શિખરી(૧) પર્વતનું શિખર. |
| रत्तावइ | भौ. | रक्तावती | રક્તાવતી | આ અને રત્તવઈ(૧) એક છે. |
| रत्तासोग | ऐ. | रक्ताशोक | રક્તાશોક | મહાપુરમાં આવેલું ઉદ્યાન. તેમાં રકતપાદ યક્ષનું ચૈત્ય હતું. |
| १. रमणिज्ज | दे.भौ. | रमणीय | રમણીય | 'રમ્મ'(૧)ના જેવું સ્વર્ગીય વાસસ્થાન. |
| २. रमणिज्ज | भौ. | रमणीय | રમણીય | મહાવિદેહમાં આવેલ વિજય જેનું પાટનગર સુભા છે |
| १. रम्म | दे.भौ. | रम्य | રમ્ય | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગરોપમ વર્ષનું છે. તેઓ દર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને દસ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| २. रम्म | भौ. | रम्य | રમ્ય | મહાવિદેહમાં આવેલો વિજય(૨૩) અર્થાત્ પ્રદેશ જેનું પાટનગર અંકાવતી છે. |
| रम्मअ | दे.भौ. | रम्यक | રમ્યક | જુઓ 'રમ્મગ'. |
| १. रम्मग | दे.भौ. | रम्यक | રમ્યક | રમ્મ(૧)ના જેવું સ્વર્ગીય વાસસ્થાન. |
| २. रम्मग | भौ. | रम्यक | રમ્યક | રુપ્પિ(૪) પર્વતનું શિખર. |
| ३. रम्मग | भौ. | रम्यक | રમ્યક | નીલવંત(૧) પર્વતનું શિખર. |
| ४. रम्मग | भौ. | रम्यक | રમ્યક | મહાવિદેહમાં આવેલો વિજય(૨૩) જેનું પાટનગર પમ્હાવઈ(૩) છે. |
| ५. रम्मग | भौ. | रम्यक | રમ્યક | જંબૂદ્વીપમાં આવેલો પ્રદેશ. તે અકર્મભૂમિ છે. તે નીલવંત અને રુપ્પિ પર્વતોની વચ્ચે આવેલો છે અને પૂર્વ તથા પશ્ચિમ લવણ સમુદ્રને સ્પર્શે છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ६. रम्मग | दे. | रम्यक | રમ્યક | રમ્મગ(૫) પ્રદેશનો અધિષ્ઠાતા દેવ. |
| रम्मगकूड | भौ. | रम्यककूट | રમ્યકકૂટ | જુઓ રમ્મગ(૨) અને (૩). |
| रम्मगवास | भौ. | रम्यकवर्ष | રમ્યકવર્ષ | જુઓ રમ્મગ(૫). |
| १. रयण | भौ. | रत्न | રત્ન | માનુસોત્તર પર્વતનું શિખર. |
| २. रयण | भौ. | रत्न | રત્ન | રુચક પર્વતનું શિખર. |
| ३. रयण | भौ. | रत्न | રત્ન | ઐરાવતમાં આવેલા દીહવૈતાઢ્ય પર્વતનું શિખર. |
| ४. रयण | भौ. | रत्न | રત્ન | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો પ્રથમ ભાગ. તે બસ્સો યોજન પહોળો છે. |
| रयणदेवया | दे. | रत्नदेवता | રત્નદેવતા | એક દેવી. |
| रयणद्दीव | भौ. | रत्नद्वीप | રત્નદ્વીપ | લવણ સમુદ્રમાં આવેલો દ્વીપ. તેની અધિષ્ઠાત્રિ દેવી રયણદ્દીપદેવતા અત્યંત ક્રૂર હતી. |
| रयणद्दीवदेवया | दे. | रत्नद्वीपदेवता | રત્નદ્વીપદેવતા | લવણ સમુદ્રને સ્વચ્છ કરવા નીમવામાં આવેલી દેવી. તે રયણદ્દીપની અધિષ્ઠાત્રિ દેવી પણ છે. |
| रयणपुर | भौ.ती. | रत्नपुर | રત્નપુર | તીર્થંકર ધર્મ(૩)નું જન્મસ્થાન. આ જ સ્થાને તેમણે સંસારત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું હતું. |
| १. रयणप्पभा | दे. | रत्नप्रभा | રત્નપ્રભા | રાક્ષસ દેવોના બે ઈન્દ્રો ભીમ અને મહાભીમમાંથી દરેકની મુખ્ય પત્નીનું નામ. તેમનું બીજું નામ કનગપ્રભા(૨) પણ છે. |
| २. रयणप्पभा | भौ.न. | रत्नप्रभा | રત્નપ્રભા | પ્રથમ નરકભૂમિ. તેનું સાધારણ નામ ધમ્મા છે, પરંતુ તેનું ગોત્રનામ રત્નપ્રભા છે. તેની જાડાઈ ૧૮૦૦૦૦ યોજન છે. તેને ત્રણ કાંડ છે — ખર, પંક અને અપ્. પ્રથમ કાંડ ૧૬ ભાગમાં વહેંચાયેલો છે. રત્નપ્રભામાં ત્રીસ લાખ વાસસ્થાનો આવેલા છે. ત્યાં વસતા જીવોનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું છે જ્યારે ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમ વર્ષનું છે. રત્નપ્રભાના પ્રથમ કાંડના પ્રથમ આઠસો યોજનમાં વાણવ્યંતર દેવોના આવાસો છે. |
| रयणवइ | च. | रत्नवती | રત્નવતી | યક્ષહરિલની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| रयणवडिंसय | दे.भौ. | रत्नावतंसक | રત્નાવતંસક | ઈશાન કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. |
| १. रयणसंचय | भौ. | रत्नसञ्चय | રત્નસંચય | ઉત્તર રુચક(૧) પર્વતનું શિખર. |
| २. रयणसंचय | भौ. | रत्नसञ्चय | રત્નસંચય | માનુસોત્તર(૧) પર્વતનું શિખર. |
| १. रयणसंचया | भौ. | रत्नसञ्चया | રત્નસંચયા | મંગલાવતી વિજયનું પાટનગર |
| २. रयणसंचया | भौ.दे. | रत्नसञ्चया | રત્નસંચયા | પૂર્વોત્તર રઈકરગ પર્વત પર આવેલ સ્થળ. ઈશાનેંદ્ર ની મુખ્ય પત્ની દેવી વસુંધરાનું આશ્રયસ્થાન છે. |
| रयणा | भौ.दे. | रत्ना | રત્ના | પશ્ચિમોત્તર રઈકરગ પર્વત ઉપર આવેલું સ્થળ. તે ઈશાનના ઈંદ્રની મુખ્ય પત્ની વસુ(૬)નું આશ્રય સ્થાન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| रयणावह | भौ. | रत्नापथ | રત્નાપથ | ગંધાર દેશનું નગર. મણિચૂડ ત્યાં રાજ કરતો હતો. |
| १. रयणी | दे. | रजनी | રજની | ઈશાનેંદ્રના આધિપત્ય નીચેના ચાર લોગપાલો સોમ, જમ, વરુણ અને વૈશ્રમણમાંના દરેકની મુખ્ય પત્નીનું નામ. |
| २. रयणी | दे. | रजनी | રજની | અસુરકુમાર દેવોના ઇંદ્ર ચમરની પાંચ મુખ્ય પત્નીઓમાંની એક. તેના પૂર્વભવમાં તે આમલકપ્પા નગરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| रयणुच्चय | भौ. | रत्नोच्चय | રત્નોચ્ચય | મંદરપર્વતના સોળ નામોમાંનું એક. માનુસોત્તર પર્વતના શિખરનું પણ આ જ નામ છે. ઉત્તર રુચક પર્વતના શિખરનું પણ આ જ નામ છે. |
| रयत | भौ.न. | रजत | રજત | જુઓ રયય(૧). |
| १. रयय | भौ.न. | रजत | રજત | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો બારમો ભાગ. |
| २. रयय | भौ. | रजत | રજત | માલ્યવંત પર્વતનું શિખર જેની અધિષ્ઠાત્રિ દેવી ભોગમાલિની છે. |
| ३. रयय | भौ. | रजत | રજત | નંદનવનમાં આવેલું શિખર. |
| ४. रयय | भौ. | रजत | રજત | પૂર્વ રુચક પર્વતનું શિખર. |
| रययकूड | भौ. | रजतकूट | રજતકૂટ | આ અને રયય એક છે. |
| रवि | आ. | रवि | રવિ | ભગવતીના પાંચમાં શતકનો પહેલો ઉદ્દેશક. |
| रविगुत्त | श्र. | रविगुप्त | રવિગુપ્ત | આચાર્ય યશવર્ધનના શિષ્ય. તેમને મહાનિસીથ પ્રત્યે બહુ જ આદર હતો. |
| १. रसदेवी | आ. | रसदेवी | રસદેવી | પુષ્પચૂલા(૪)નું નવમું અધ્યયન. |
| २. रसदेवी | दे. | रसदेवी | રસદેવી | એક દેવી. તેનું વર્ણન શ્રીદેવીના વર્ણન જેવું છે. |
| रसमेह | अ. | रसमेघ | રસમેઘ | ઉત્સર્પિણી ના બીજા આરાની શરૂઆતમાં સતત સાત દિવસ વરસાદ વરસાવતું વાદળ. બધી વનસ્પતિમાં ભિન્ન ભિન્ન જાતના રસો તેના કારણે પેદા થાય છે. |
| रहणेमि | श्र.ती. | रथनेमि | રથનેમિ | સોરિયપુર ના રાજા સમુદ્રવિજય અને રાણી શિવા નો પુત્ર, તીર્થંકર અરિષ્ટનેમિનો મોટો ભાઈ. તેણે ૪૦૦ વર્ષની ઉંમરે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. એક વાર શ્રમણી રાજીમતીને ગુફામાં નગ્ન જોઈ તેને રાજીમતી માટે કામ જાગ્યો. એક વર્ષ ઉગ્ર તપસ્યા પછી રથ–નેમિને જ્ઞાન થયું, ૯૦૧ વર્ષની ઉંમરે મોક્ષ પામ્યા. |
| रहणेमिज्ज | आ. | रथनेमीय | રથનેમીય | ઉત્તરાધ્યયનનું બાવીસમું અધ્યયન. |
| रहणेमिय | आ. | रथनेमीय | રથનેમીય | આ અને રહનેમિજ્જ એક છે. |
| रहमद्दण | ऐ. | रथमर्दन | રથમર્દન | કૃષ્ણ એ જ્યાં પંડવોના રથોનો નાશ કર્યો હતો ત્યાં જ તેણે (કૃષ્ણે) બાંધેલો કિલ્લો. |

| | | | | |
|---|---|---|---|---|
| रहमुसल | क. | *रथमुसल* | રથમુસલ | જેમાં સ્વયંસંચાલિત રથ માં લાગેલ સ્વયં ચાલિત મુસલનો પ્રયોગ થયો હતો એવું કોણિક અને ચેટક વચ્ચેનું યુદ્ધ. આ યુદ્ધમાં ૯૬લાખ માણસો મરાયા. |
| रहवीरपुर | ऐ. | *रथवीरपुर* | રથવીરપુર | જે નગરમાં વીરનિર્વાણ સંવત ૬૦૯માં શિવભૂતી એ સંઘભેદ કરી બોટિક ભિન્ન સંઘ સ્થાપ્યો હતો તે નગર. તે નગરમાં દીવગ નામનું ઉદ્યાન હતું. આચાર્ય કૃષ્ણ આ નગરમાં આવ્યા હતા. |
| रहावत्त | भौ. | *रथावर्त* | રથાવર્ત | જ્યાં આચાર્ય વજ્રના એક શિષ્ય મૃત્યુ પામ્યા હતા તે પર્વત. તેમના મૃત શરીરને રથમાં ફેરવીને દેવોએ પૂજેલું તેથી તે સ્થાન રથાવર્ત નામે જાણીતુ બન્યુ |
| १. राइ | आ. | *रात्रि* | રાત્રિ | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પ્રથમ વર્ગનું બીજું અધ્યયન. |
| २. राइ | अ. | *रात्रि* | રાત્રિ | આમલકપ્પા નગરના શ્રેષ્ઠી. |
| ३. राइ | दे. | *रात्रि* | રાત્રિ | ઈશાનના ઈંદ્રના આધિપત્ય નીચેના ચાર લોકપાલ સોમ, જમ, વરુણ, વૈશ્રમણમાંથી દરેકની મુખ્ય પત્નીનું નામ. |
| ४. राइ | श्र. | *रात्रि* | રાત્રિ | ચમરની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં આમલ કપ્પા નગરના શ્રેષ્ઠી રાજીની પુત્રી હતી, જેણે તીર્થંકર પાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી. |
| राइण्ण | अ. | *राजन्य* | રાજન્ય | છ આર્યકુળોમાંનું એક. તે તીર્થંકર ઋષભે સ્થાપેલું |
| राइसिरी | अ. | *रात्रिश्री* | રાત્રિશ્રી | આમલકપ્પા નગરના શ્રેષ્ઠી રાજી(૨)ની પત્ની. |
| राइमइ | श्र.ती. | *राजीमति* | રાજીમતિ | રાજા ઉગ્રસેનની પુત્રી. વર્તમાન અવસર્પિણી ના બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિ સાથે તેના વિવાહ નક્કી થયા હતા. પરંતુ અરિષ્ટનેમિએ સંસાર નો ત્યાગ કરવાથી તેમના લગ્ન થઈ શક્યા નહી. પછી રાજીમતીએ પણ દીક્ષા લઈ શ્રામણ્ય સ્વીકાર્યું. |
| १. राम | च. | *राम* | રામ | તે જ બલદેવ છે અને કૃષ્ણના ભાઈ છે. તેમની ઊંચાઈ દસ ધનુષ હતી. તે બારસો વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા અને પછી બ્રહ્મલોકમાં દેવ તરીકે જન્મ્યા. તે આગામી ઉત્સર્પિણી માં મોક્ષ પામશે. |
| २. राम | च. | *राम* | રામ | આ રામ અને આઠમા બલદેવ પદ્મએક જ છે. તે સીતાના પતિ અને લક્ષ્મણના ભાઈ હતા. |
| ३. राम | क. | *राम* | રામ | આ અને પરસુરામ એક છે. |
| ४. राम | आ. | *राम* | રામ | દોગિદ્ધિદસાનું નવમું અધ્યયન. |
| ५. राम | अ. | *राम* | રામ | વાણારસીના શ્રેષ્ઠી. તે કૃષ્ણ અને કૃષ્ણરાજીના પિતા હતા. |
| ६. राम | अ. | *राम* | રામ | રાજગૃહીના શ્રેષ્ઠી. રામા અને રામરક્ષિતા ના પિતા |

| | | | | |
|---|---|---|---|---|
| ७. राम | अ. | राम | રામ | શ્રાવસ્તીના શ્રેષ્ઠી. વસુગુપ્તા અને વસુના પિતા. |
| ८. राम | अ. | राम | રામ | કૌશાંબીના શ્રેષ્ઠી. વસુમિત્ર અને વસુંધરાના પિતા. |
| ९. राम | अ. | राम | રામ | વાસુદેવોના મોટાભાઈ એવા બલદેવોનું સામાન્ય નામ. |
| १. रामकण्ह | आ. | रामकृष्ण | રામકૃષ્ણ | નિરયાવાલિકાનું આઠમું અધ્યયન. |
| २. रामकण्ह | क. | रामकृष्ण | રામકૃષ્ણ | રાજગૃહીના રાજા શ્રેણિકનો પુત્ર. તેનું વર્ણન કાલ ના વર્ણન જેવું જ છે. |
| १. रामकण्हा | आ. | रामकृष्णा | રામકૃષ્ણા | અંતકૃદ્દશાના આઠમા વર્ગનું આઠમું અધ્યયન. |
| २. रामकण्हा | श्र. | रामकृष्णा | રામકૃષ્ણા | રાજાશ્રેણિકની રાણી. તેણે રાજગૃહીમાં તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી. પંદર વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું અને તે જ ભવના અંતે મોક્ષ પામી. |
| १. रामगुत्त | अ.ता. | रामगुप्त | રામગુપ્ત | એક અજૈન ઋષિ જેણે અન્નનો ત્યાગ કર્યો ન હોવા છતાં મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. તે પૂર્વભવમાં એક રાજા હતા. જુઓ રામપુત્ત. |
| २. रामगुत्त | आ. | रामगुप्त | રામગુપ્ત | અંતકૃદ્દશાનું અધ્યયન ૪. હાલ અસ્તિત્વમાં નથી |
| १. रामपुत्त | आ. | रामपुत्र | રામપુત્ર | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩ નું અધ્યયન ૫. |
| २. रामपुत्त | श्र. | रामपुत्र | રામપુત્ર | સાકેતની સાર્થવાહી ભદ્રાનો પુત્ર. તે ૩૨ કન્યાઓ ને પરણ્યો હતો. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી અને મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયો. ભવિષ્યમાં તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે. |
| ३. रामपुत्त | श्र.प्र. | रामपुत्र | રામપુત્ર | તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. આ રામપુત્ત અને રામગુત્ત સંભવતઃ એક છે. |
| १. रामरक्खिया | श्र. | रामरक्षिता | રામરક્ષિતા | રાજગૃહીના શ્રેષ્ઠી રામની પુત્રી. તેને ભ૦પાર્શ્વે દીક્ષા આપેલી.મૃત્યુ પછી ઇશાનેન્દ્રની મુખ્ય પત્ની બની |
| २. रामरक्खिया | आ. | रामरक्षिता | રામરક્ષિતા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું ચોથું અધ્યયન. |
| १. रामा | आ. | रामा | રામા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું ત્રીજું અધ્યયન. |
| २. रामा | श्र. | रामा | રામા | રાજગૃહીના શ્રેષ્ઠી રામની પુત્રી. તેની બહેન રામ–રક્ષિતાની જેમ તે પણ મૃત્યુ પછી ઇશાનેન્દ્રની મુખ્ય પત્ની બની. |
| ३. रामा | ती. | रामा | રામા | નવમા તીર્થંકર સુવિધિની માતા અને કાકંદીના રાજા સુગ્રીવની પત્ની. |
| रामायण | अ. | रामायण | રામાયણ | અજૈન ગ્રન્થ. તે લોકોને બપોરે વાંચવા માટે છે. |
| राय | दे.ज. | राजन् | રાજન્ | અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ. જુઓ રાયગ્ગલ. |

| | | | | |
|---|---|---|---|---|
| रायगिह | ऐ.भौ. | *राजगृह* | રાજગૃહ | જંબૂદ્વીપના દક્ષિણાર્ધભરતમાં આવેલું નગર. તે આર્ય દેશ મગધનું પાટનગર હતું. નાલંદા તેનું ઉપનગર હતું. મગધના પ્રાચીન પાટનગર 'કુસગ્ગ પુર'થી એક ક્રોશના અંતરે રાજા પ્રસેનજિતે રાજ–ગૃહીની સ્થાપના કરી હતી. તેના ત્રણ જૂના નામો હતા– ઋષભપુર, ચણગપુર, ક્ષિતિપ્રતિષ્ઠિત. |
| रायग्गल | दे.ज. | *राजार्गल* | રાજાર્ગલ | અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ. સૂર્યપ્રજ્ઞપ્તિમાં 'રાય અને અગ્ગલ' એમ બે જુદા ગ્રહોનો ઉલ્લેખ કરે છે. |
| रायपसेणइय | आ. | *राजप्रश्नीय* | રાજપ્રશ્નીય | જુઓ રાજપ્રશ્નીય. |
| रायपसेणिअ | आ. | *राजप्रश्नीय* | રાજપ્રશ્નીય | અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. તેને અંગસૂત્ર ૩ સૂત્રકૃત્ ના આધારે રચાયેલું બીજું ઉપાંગ કહેલ છે. તેમાં રાજા પ્રદેશીના જીવનનું, તેના સૂર્યાભદેવ રુપે જન્મનું, તેની સ્વર્ગીય ભવ્યતા અને તેના ભોગોનું વિસ્તૃત વર્ણન છે. તે સૂર્યાભ દેવ ભ૦ મહાવીર સમક્ષ ઉપસ્થિત થઈ બત્રીસ પ્રકારની નાટ્યવિધિ પ્રસ્તુત કરે છે તેનું નિરૂપણ પણ તેમાં છે. |
| रायपसेणिय | आ. | *राजप्रश्नीय* | રાજપ્રશ્નીય | જુઓ રાયપસેણઇય. |
| रायपुर | ऐ. | *राजपुर* | રાજપુર | જે નગરમાં તીર્થંકર અરે પ્રથમ ભિક્ષા ગ્રહણ કરેલી |
| रायप्पसेणइज्ज | आ. | *राजप्रश्नीय/ राजप्रश्नकृत* | રાજપ્રશ્નીય/ રાજપ્રશ્નકૃત | આ અને રાયપશ્રેણિક એક છે. |
| रायप्पसेणइय | आ. | *राजप्रश्नीय* | રાજપ્રશ્નીય | જુઓ રાયપસેણઇય.. |
| रायप्पसेणीय | आ. | *राजप्रश्नीय* | રાજપ્રશ્નીય | જુઓ રાયપસેણઇય. |
| रायमइ | श्र.ती. | *राजमती* | રાજમતી | જુઓ રાજીમતી. |
| रायललिअ | श्र.च. | *राजललित* | રાજલલિત | કૃષ્ણના મોટાભાઈ બલદેવનો અર્થાત્ રામનો પૂર્વ ભવ. તે હસ્તિનાપુરના શ્રેષ્ઠીનો પુત્ર અને ગંગદત્ત નો ભાઈ હતો. તેના ગુરુ આચાર્ય દ્રુમસેન હતા. |
| रायवल्लभ | क. | *राजवल्लभ* | રાજવલ્લભ | પુરોહિતનો પુત્ર. વેશ્યા પ્રત્યેની આસક્તિને કારણે તેને મૃત્યુદંડ દેવામાં આવ્યો હતો. |
| रायाराम | अ.ता. | *राजाराम* | રાજારામ | એક ક્ષત્રિય પરિવ્રાજક અને તેના અનુયાયીઓ. |
| रायाराय | अ.ता. | *राजाराज* | રાજારાજ | એક ક્ષત્રિય પરિવ્રાજક અને તેના અનુયાયીઓ. |
| रायि | श्र. | *रात्रि* | રાત્રિ | જુઓ રાઈ(૨). |
| रावण | च. | *रावण* | રાવણ | વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા આઠમા પ્રતિશત્રુ. વાસુદેવ નારાયણએ તેમને પોતાના ચક્રથી હણ્યા હતા. |
| राहखमण | श्र. | *राधक्षमण* | રાધક્ષમણ | રાહાયરિય આચાર્યના શિષ્ય. |
| राहायरिय | श्र. | *राधाचार्य* | રાધાચાર્ય | અચલપુરના રાજકુમાર અપરાજિત(૧૦)ને દીક્ષા આપનાર આચાર્ય. રાહખમણ તેમના શિષ્ય હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| १. राहु | दे.ज. | राहु | રાહુ | ૮૮ ગ્રહમાંનો એક. રાહુ, શક્રના લોકપાલ સોમ ના આધિપત્ય નીચેના જ્યોતિષ્ક દેવ છે. તેના નવ નામો છે– 'સંઘાડય, જડિલઅ, ખંભઅ, ખરઅ, દદુર (ધક્કર), મગર, મચ્છ કચ્છભ અને કૃષ્ણસપ્પ (કણ્ણસપ્પ). જ્યારે રાહુનું વિમાન ચંદ્રના વિમાન ને કે સૂર્યના વિમાનને આંશિકપણે કે પૂર્ણ પણે આવરે છે ત્યારે ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ થાય છે. |
| २. राहु | आ. | राहु | રાહુ | ભગવતીના બારમાં શતકનો છઠ્ઠો ઉદ્દેશક. |
| रिउपडिसत्तु | अ.च. | रिपुप्रतिशत्रु | રિપુપ્રતિશત્રુ | જુઓ રિવુપડિસત્તુ. |
| रिउव्वेद/रिउव्वेय | अ. | ऋग्वेद | ઋગ્વેદ | બ્રાહ્મણોના ચાર વેદોમાંનો એક વેદ. |
| १. रिट्ठ | क. | रिष्ट | રિષ્ટ | કુલિન નગરના રાજા વૈશ્રમણદાસનો મંત્રી. તેણે શ્રમણ સીહસેનને જીવતા સળગાવી માર્યા હતા. |
| २. रिट्ठ | दे.भौ. | रिष्ट | રિષ્ટ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે. તેઓ અઢાર પખવાડિયે એકવાર શ્વાસ લે છે, તેમને ૧૮૦૦૦ વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| ३. रिट्ठ | दे. | रिष्ट | રિષ્ટ | વેલંબ(૧)ના લોકપાલનું તેમજ પભંજણ(૩)ના લોકપાલનું નામ. |
| ४. रिट्ठ | भौ. | रिष्ट | રિષ્ટ | પૂર્વ રુચક(૧) પર્વતનું શિખર. |
| ५. रिट्ठ | भौ. | रिष्ट | રિષ્ટ | રત્નપ્રભાનરકભૂમિના પ્રથમ કાંડનો સોળમો ભાગ. |
| ६. रिट्ठ | दे. | रिष्ट | રિષ્ટ | લોકાંતિક દેવોનો પેટાવિભાગ. તેમના વાસસ્થાનનું પણ આ જ નામ છે. |
| ७. रिट्ठ | दे. | रिष्ट | રિષ્ટ | ચમર(૧)ના નર્તકોના જૂથનો નાયક. |
| रिट्ठणेमि | ती. | अरिष्टनेमि | અરિષ્ટનેમિ | આ અને અરિષ્ટનેમિ એક છે. |
| रिट्ठपुर | ऐ.ती. | अरिष्टपुर | અરિષ્ટપુર | જે નગરમાં દસમા તીર્થંકર શીતલે પ્રથમ ભિક્ષા ગ્રહણ કરી હતી તે નગર. રાજા રુધિર અહીં રાજ કરતા હતા. આ અને અરિટ્ઠપુર એક છે. |
| रिट्ठपुरा/रिट्ठपुरी | भौ. | रिष्टपुरी | રિષ્ટપુરી | કચ્છગાવઈ વિજયનું પાટનગર. આ અને અરિટ્ઠપુરા એક છે. |
| १. रिट्ठा | भौ.न. | रिष्टा | રિષ્ટા | પાંચમી નરકભૂમિ. તેનું ગોત્રનામ ધૂમપ્પભા છે. |
| २. रिट्ठा | भौ. | रिष्टा | રિષ્ટા | મહાકચ્છપ્રદેશની રાજધાની. આ અરિટ્ઠ સમાન છે |
| रिट्ठाभ | दे.भौ. | रिष्टाभ | રિષ્ટાભ | લોકાંતિક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં રિટ્ઠ દેવો વસે છે. આ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૮ સાગરોપમ છે. |
| रिट्ठावइ | भौ. | रिष्टापती | રિષ્ટાપતી | આ અને અરિટ્ઠાવઈ એક છે. |
| रिवुपडिसत्तु | अ.च. | रिपुप्रतिशत्रु | રિપુપ્રતિશત્રુ | પ્રજાપતિ(૧)નું મૂળ નામ. |
| रिसभ | ती. | ऋषभ | ઋષભ | આ અને ઋષભ અને વસહ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| रिसह | ती. | ऋषभ | ઋષભ | જુઓ વસહ અને ઋષભ. |
| रिसिदत्ता | श्रा. | ऋषिदत्ता | ઋષિદત્તા | એક સતી સ્ત્રી. |
| रिसिभासित | आ. | ऋषिभाषित | ઋષિભાષિત | આ અને ઈસિભાસિય એક છે. |
| रुइल | दे.भौ. | रुचिर | રુચિર | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે. તેઓ વીસ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને વીસ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| रुइल्ल | दे.भौ. | रुचिर | રુચિર | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય નવ સાગરોપમ વર્ષનું છે. તેઓ નવ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને નવ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| रुइल्लकंत | दे.भौ. | रुचिरकान्त | રુચિરકાન્ત | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लकूड | दे.भौ. | रुचिरकूट | રુચિરકૂટ | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लज्झय | दे.भौ. | रुचिरध्वज | રુચિરધ્વજ | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लप्पभ | दे.भौ. | रुचिरप्रभ | રુચિરપ્રભ | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्ललेस | दे.भौ. | रुचिरलेश्य | રુચિરલેશ્ય | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लवण्ण | दे.भौ. | रुचिरवर्ण | રુચિરવર્ણ | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लसिंग | दे.भौ. | रुचिरशृङ्ग | રુચિરશૃઙ્ગ | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लसिट्ठ | दे.भौ. | रुचिरशिष्ट | રુચિરશિષ્ટ | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लावत्त | दे.भौ. | रुचिरावर्त | રુચિરાવર્ત | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुइल्लुत्तरवडिंसग | दे.भौ. | रुचिरोत्तरावतंसक | રુચિરોત્તરાવતંસક | રુઈલ્લ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| रुक्ख | आ. | वृक्ष | વૃક્ષ | ભગવતીના આઠમા શતકનો ત્રીજો ઉદ્દેશક. |
| १. रुक्खमूलिय | अ.ता. | वृक्षमूलिक | વૃક્ષમૂલિક | વૃક્ષના મૂળ પાસે રહેનાર પરિવ્રાજક તાપસોનો વર્ગ |
| २. रुक्खमूलिय | भौ. | वृक्षमूलिक | વૃક્ષમૂલિક | કાલિકેય દેશ જેવો જ એક દેશ. |
| १. रुद्द | दे.न. | रुद्र / रौद्र | રુદ્ર / રૌદ્ર | લોકપાલ યમના આધિપત્ય નીચેના ૧૫ પરમા–ધાર્મિક દેવોમાંનો એક દેવ. તે નારકીના શરીરોને ભાલા કે બેધારા અણિયાળા શસ્ત્રથી વીંધે છે. |
| २. रुद्द | दे. | रुद्र / रौद्र | રુદ્ર / રૌદ્ર | એક દેવ. તેના ચૈત્યો હતા. ઉત્સવોના પ્રસંગે લોકો આ ચૈત્યોમાં જતા. |
| ३. रुद्द | स.ज. | रुद्र / रौद्र | રુદ્ર / રૌદ્ર | ત્રીસ મુહૂર્તમાંનું એક મુહૂર્ત. |
| ४. रुद्द | दे.ज. | रुद्र / रौद्र | રુદ્ર / રૌદ્ર | આર્દ્રા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| ५. रुद्द | अ.च. | रुद्र / रौद्र | રુદ્ર / રૌદ્ર | વર્તમાન અવસર્પિણીના ત્રીજા વાસુદેવ અને ત્રીજા બલદેવના પિતા. |
| रुद्दअ | श्र.प्र. | रुद्रक | રુદ્રક | કોસિઅ(૪)ના બે શિષ્યોમાંનો એક. તે બહુ વિચક્ષણ હતો. તે પ્રત્યેકબુદ્ધ બન્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| रुद्दपुर | ऐ. | रुद्रपुर | રુદ્રપુર | ચક્રવર્તી બ્રહ્મદત્ત આ નગરમાં આવ્યા હતા. આ નગરના રાજા વિસાખદત્તે પોતાની પુત્રીને બ્રહ્મદત્ત સાથે પરણાવી હતી. |
| रुद्दसेण | दे. | रुद्रसेन | રુદ્રસેન | ઇંદ્ર ધરણના પાયદળનો સેનાપતિ. તે ભદ્રસેન નામે પણ જાણીતો હતો. |
| रुद्दसोमा | क. | रुद्रसोमा | રુદ્રસોમા | દસપુરના સોમદેવની પત્ની અને આચાર્ય રક્ષિત અને ફગ્ગુરક્ષિતની માતા. |
| रुप्प | दे.ज. | रूप्य | રુપ્ય | રુપ્પિ(૭) ગ્રહનું બીજું નામ. |
| रुप्पकूड | भौ. | रूप्यकूट | રુપ્યકૂટ | આ અને રુપ્પકૂલા(૧) એક છે. |
| १. रुप्पकूला | भौ. | रूप्यकूला | રુપ્યકૂલા | રુપ્પિ(૪) પર્વતનું શિખર. |
| २. रुप्पकूला | भौ. | रूप्यकूला | રુપ્યકૂલા | રુપ્પિ(૪) પર્વત ઉપર આવેલા મહાપુંડરીક સરોવર ના ઉત્તર દ્વારમાંથી નીકળતી મોટી નદી. તે પશ્ચિમ તરફ હૈરણ્યવંતમાં વહે છે. |
| ३. रुप्पकूला | भौ. | रूप्यकूला | રુપ્યકૂલા | વાચાલમાં વહેતી એક નદી. આ અને રુપ્પવાલુગા એક છે. |
| रुप्पणाभ | क. | रूप्यनाभ | રુપ્યનાભ | પબ્ભંકરા નગરના પુરોહિતનો અનન્તર ભાવિ જન્મ. તેનું બીજું નામ સુબાહુ છે. |
| रुप्पवालुगा | भौ. | रूप्यवालुका | રુપ્યવાલુકા | ઉત્તર અને દક્ષિણ વાચાલ વચ્ચે વહેતી નદી. |
| रुप्पाभास | दे.ज. | रूप्याभास | રુપ્યાભાસ | આ અને રુપ્પોભાસ એક છે. |
| १. रुप्पि | अ. | रुक्मिन् | રુક્મિન્ | કોડિન્ય(૬) નગરના રાજા ભેસગનો પુત્ર. દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા તેને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. |
| २. रुप्पि | ती. | रुक्मिन् | રુક્મિન્ | તીર્થંકર કુંથુ(૧)નો પૂર્વભવ. |
| ३. रुप्पि | श्र.ती. | रुक्मिन् | રુક્મિન્ | જેની રાજધાની શ્રાવસ્તી હતી તે કુણાલ દેશનો રાજા. તે મલ્લિસાથે લગ્નોત્સુક છમાંનો એક હતો. |
| ४. रुप्पि | भौ. | रुक्मिन् | રુક્મિન્ | જંબૂદ્વીપમાં આવેલો એક પર્વત. તે રમ્યગની ઉત્તર સીમા અને હૈરણ્યવંતની દક્ષિણ સીમા બનાવે છે. કદમાં તે મહાહિમવંત જેવડો છે. તેના ઉપર મહા–પુંડરીક સરોવર આવેલું છે. તેને આઠ શિખરો છે — સિદ્ધ, રુપ્પિ(૬), રમ્યગ(૨), ણરકંતાકૂડ, રુદ્ધિ(૩), રુપ્પકૂલા(૧), હૈરણ્યવંત(૪) અને મણિકંચણ. તેનો અધિષ્ઠાતા દેવ રુપ્પિ(૫) છે. |
| ५. रुप्पि | दे. | रुक्मिन् | રુક્મિન્ | રુપ્પિ(૪)નો અધિષ્ઠાતા દેવ. |
| ६. रुप्पि | भौ. | रुक्मिन् | રુક્મિન્ | રુપ્પિ(૪) પર્વતનું એક શિખર. |
| ७. रुप्पि | दे.ज. | रुक्मिन् | રુક્મિન્ | અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ. |

| | | | | |
|---|---|---|---|---|
| १. रुप्पिणी | श्र.च. | रुक्मिणी | રુક્મિણી | વાસુદેવ કૃષ્ણની ૧૬૦૦૦ પત્નીમાં મુખ્ય પત્ની. કોડિન્ય નગરના રાજા ભેસગની પુત્રી હતી. પ્રદ્યુમ્ન તેનો પુત્ર હતો. તેણીએ તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી અને વીસ વર્ષ શ્રામણ્ય પાળી તે મોક્ષ પામી હતી. |
| २. रुप्पिणी | आ. | रुक्मिणी | રુક્મિણી | અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું આઠમું અધ્યયન. |
| रुप्पोभास | दे.ज. | रूप्यावभास | રુપ્યાવભાસ | અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ. |
| रुयअ | भौ. | रुचक | રુચક | આ અને રુચક એક છે. |
| रुयकंता | दे. | रूपकान्ता | રુપકાન્તા | આ અને રૂચકંતા એક છે. |
| १. रुयग | भौ. | रुचक | રુચક | ત્રણ વલયાકાર પર્વતોમાંનો એક. તેને રુચકવર પણ કહે છે. તે રુચકવર દ્વીપમાં આવેલો છે. આ દ્વીપ પણ વલયાકાર હોવાથી તેમાં આવેલ વલયાકાર રુચક પર્વત આ દ્વીપને બે વલયાકાર ભાગમાં વહેંચે છે. આ પર્વત દિસાકુમારીઓનું નિવાસસ્થાન છે. આ પર્વત ચાર દિશાઓ પ્રમાણે ચાર ભાગમાં વહેંચાયેલો છે — પૂર્વ રુચક, પશ્ચિમ રુચક, ઉત્તર રુચક અને દક્ષિણ રુચક, આ ચાર ભાગમાંથી દરેકને આઠ શિખરો છે. |
| २. रुयग | भौ. | रुचक | રુચક | કુંડલવરોભાસ સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. તેને ઘેરીને રુચક સમુદ્ર આવેલો છે. રુચક દ્વીપના બે અધિષ્ઠાતા દેવો છે– સર્વાર્થ, મનોરમ |
| ३. रुयग | भौ. | रुचक | રુચક | રુચક દ્વીપને ઘેરીને આવેલો વલયાકાર સમુદ્ર. આ સમુદ્રને ઘેરીને રુચકવર દ્વીપ આવેલો છે. આ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવો છે– સુમન, સોમનસ |
| ४. रुयग | अ. | रुचक | રુચક | સ્વર્ગીય વાસસ્થાન રુચક વડિંસકમાં આવેલું સિંહાસન. |
| ५. रुयग | भौ. | रुचक | રુચક | નીષધ પર્વતનું શિખર. |
| ६. रुयग | भौ. | रुचक | રુચક | નંદનવનમાં આવેલું શિખર. વત્સમિત્રા ત્યાં વસે છે |
| ७. रुयग | भौ. | रुचक | રુચક | પશ્ચિમ રુચક પર્વતનું શિખર. |
| ८. रुयग | भौ. | रुचक | રુચક | ઉત્કૃષ્ટ કેન્દ્રવર્તી આઠ અંતિમ પ્રદેશોની બનતી જગ્યા. તે જગ્યા મંદરપર્વતના કેન્દ્રમાં છે. આ કેન્દ્ર વર્તી સ્થાન રત્નપ્રભાના બે સૌથી નાના થરોની વચ્ચે આવેલ છે. તેમાંથી જ ૧૦ દિશાઉદ્ભવે છે. |
| रुयगवडिंसअ | दे.भौ. | रुचकावतंसक | રુચકાવતંસક | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| १. रुयगवर | भौ. | रुचकवर | રુચકવર | રુચક સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. આ દ્વીપને ઘેરીને રુચકવરોદ સમુદ્ર આવેલ છે. તેના ૨ અધિષ્ઠાતા દેવો–રુચકવરભદ્ર, રુચકવરમહાભદ્ર |

| | | | | |
|---|---|---|---|---|
| २. रुयगवर | भौ. | रुचकवर | રુચકવર | રુચકવર દ્વીપમાં આવેલો પર્વત. તે રુચક નામે પણ જાણીતો છે. જુઓ રુચક(૧). |
| ३. रुयगवर | दे. | रुचकवर | રુચકવર | રુચકવરોદસમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| रुयगवरभद्द | दे. | रुचकवरभद्र | રુચકવરભદ્ર | રુચકવરદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| रुयगवरमहाभद्द | दे. | रुचकवरमहाभद्र | રુચકવરમહાભદ્ર | રુચકવર દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| रुयगवरमहावर | दे. | रुचकवरमहावर | રુચકવરમહાવર | રુચકવરોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક |
| रुयगवरावभास | भौ. | रुचकवरावभास | રુચકવરાવભાસ | જુઓ રુચકવરોભાસ. |
| रुयगवरावभासभद्द | दे. | रुचकवरावभासभ | રુચકવરાવભાસ- | રુચકવરોભાસદ્વીપના બે અધિષ્ઠાતા દેવોનો એક |
| रुयगवरावभास-महाभद्द | दे. | रुचकवरावभास–महाभद्र | રુચકવરાવભાસ-મહાભદ્ર | રુચકવરોભાસદ્વીપના બે અધિષ્ઠાતાદેવોનો એક. |
| रुयगवरावभास-महावर | भौ. | रुचकवरावभास–महावर | રુચકવરાવભાસ-મહાવર | આ અને રુચકવરોભાસમહાવર એક છે. |
| रुयगवरावभासवर | भौ. | रुचकवराव भासवर | રુચકવરાવ ભાસવર | આ અને રુચકવરોભાસવર એક છે. |
| रुयगवरोद | भौ. | रुचकवरोद | રુચકવરોદ | વલયાકાર રુચકવર દ્વીપને ઘેરીને રહેલો સમુદ્ર. તે સમુદ્રને ઘેરીને વલયાકાર દ્વીપ રુચકવરોભાસ આવેલો છે. રુચકવરોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવો છે– રુચકવર અને રુચકવરમહાવર. |
| १. रुयगवरोभास | भौ. | रुचकवरावभास | રુચકવરાવભાસ | રુચકવરોદ સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ તે દ્વીપને ઘેરી રુચકવરોભાસ સમુદ્ર આવેલો છે. આ દ્વીપના અધિષ્ઠાતા બે દેવો– રુચકવરાવ–ભાસભદ્ર અને રુચકવરાવભાસમહાભદ્ર. |
| २. रुयगवरोभास | भौ. | रुचकवरावभास | રુચકવરાવભાસ | વલયાકાર રુચકવરોભાસ દ્વીપને ઘેરીને આવેલો વલયાકાર સમુદ્ર. આ સમુદ્રને ઘેરીને વલયાકાર હારદ્વીપ છે. આ સમુદ્રના અધિષ્ઠાતા દેવો બે છે– રુચકવરાવભાસવર, રુચકવરાવભાસ–મહાવર. |
| रुयगवरोभासभद्द | दे. | रुचकवरावभास भद्र | રુચકવરાવભાસ ભદ્ર | જુઓ રુચકવરાવભાસભદ્ર. |
| रुयगवरोभास-महाभद्द | दे. | रुचकवरावभास–महाभद्र | રુચકવરાવભાસ-મહાભદ્ર | જુઓ રુચકવરાવભાસમહાભદ્ર. |
| रुयगवरोभास-महावर | दे. | रुचकवरावभास–महावर | રુચકવરાવભાસ-મહાવર | રુચકવરોભાસસમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. આ અને રુચકવરાવભાસમહાવર એક છે. |
| रुयगवरोभासवर | दे. | रुचकवराव भासवर | રુચકવરાવ-ભાસવર | રુચકવરોભાસ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. આ અને રુચકવરાવભાસવર એક છે. |
| रुयगावती | दे. | रूपकावती | રૂપકાવતી | આ અને રુચગાવતી(૨) એક છે. |
| रुयगिंद | भौ. | रुचकेन्द्र | રુચકેન્દ્ર | અરુણોદય સમુદ્રમાં આવેલો પર્વત. તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. જ્યારે અસુરકુમાર દેવોના ઇંદ્ર બલિ માણુસલોય ઉપર ઉતરતા હોય છે ત્યારે વચ્ચે તેમને રોકાવા માટેનું સ્થાન આ પર્વત છે. |

| | | | | |
|---|---|---|---|---|
| रुयगुत्तम | भौ. | रुयकोत्तम | રુચકોત્તમ | પશ્ચિમ રુચક પર્વતનું શિખર. |
| रुयगोद | भौ. | रुयकोद | રુચકોદ | આ અને રુચક(૩) એક છે. |
| रुयप्पभा | दे. | रूपप्रभा | રૂપપ્રભા | આ અને રુચપ્પભા(૨) એક છે. |
| रुया | दे. | रूपा | રૂપા | આ અને રૂચા(૧) એક છે. |
| रुरु | अ.भौ. | रुरु | રુરુ | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. જુઓ ‘ભરુ’. |
| रूअ | दे. | रूप | રૂપ | આ અને રુચ(૧) એક છે. |
| रूअगावइ | दे. | रूपकावती | રૂપકાવતી | આ અને રુચવતી એક છે. |
| रूआ | दे. | रूपा | રૂપા | આ અને રુચા(૧) એક છે. |
| रूआसिआ | दे. | रूपासिका | રૂપાસિકા | મધ્યક્ષેત્રની મુખ્ય દિસાકુમારી. |
| रूदकंत | दे. | रूपकान्त | રૂપકાન્ત | આ અને રુચકંત એક છે. |
| रूदप्पभ | दे. | रूपप्रभ | રૂપપ્રભ | આ અને રૂચપ્પભ એક છે. |
| रूपकंता | दे. | रूपकान्ता | રૂપકાન્તા | જુઓ રૂચકંતા. |
| रूपवती | दे. | रूपवती | રૂપવતી | આ અને રૂચવતી એક છે. |
| १. रूय | दे. | रूप | રૂપ | દીવકુમાર દેવોના બે ઈન્દ્રો છે– પુણ્ણ(૩) અને વિસિટ્ઠ(૨), તે બેમાંના દરેકના આધિપત્ય નીચેના લોકપાલનું નામ. |
| २. रूय | अ.भौ. | रूक | રૂક | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. |
| रूयंस | दे. | रूपांश | રૂપાંશ | દીવકુમાર દેવોના બે ઈન્દ્રો છે– પુણ્ણ(૩) અને વિસિટ્ઠ(૨)માંથી દરેકના આધિપત્ય નીચેના લોકપાલનું નામ. તેમનું બીજું નામ સુરૂચ પણ છે. |
| १. रूयंसा | आ. | रूपांशा | રૂપાંશા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ચોથા વર્ગનું ત્રીજું અધ્યયન. |
| २. रूयंसा | दे. | रूपांशा | રૂપાંશા | ઉત્તરના નાગકુમાર દેવોના ઈંદ્ર ભૂતાનંદની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં ચંપા નગરના રૂચગ શ્રેષ્ઠીની પુત્રી હતી. તેને રુચકજસા નામે પણ ઓળખવામાં આવતી હતી. |
| ३. रूयंसा | दे. | रूपांशा | રૂપાંશા | આ અને રૂઆસિઆ એક છે. |
| रूयकंत | दे. | रूपकांत | રૂપકાંત | ઈન્દ્રો પુણ્ણ(૩) અને વિસિટ્ઠ(૨)માંથી પ્રત્યેકના આધિપત્ય નીચે રહેલા લોકપાલનું નામ. |
| १. रूयकंता | दे. | रूपकान्ता | રૂપકાન્તા | ઉત્તરના નાગકુમાર દેવોના ઈંદ્ર ભૂતાનંદની મુખ્ય પત્ની. તેના પૂર્વભવમાં તે ચંપા નગરના રૂચક શ્રેષ્ઠી ની પુત્રી હતી. |
| २. रूयकंता | आ. | रूपकान्ता | રૂપકાન્તા | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૨, વર્ગ ૪ અધ્યયન ૫ |
| ३. रूयकंता | दे. | रूपकान्ता | રૂપકાન્તા | એક મુખ્ય દિસાકુમારી દેવી. |
| १. रूयग | क. | रूपक | રૂપક | ચંપા નગરના શ્રેષ્ઠી, જેને ૩ પુત્રી હતી– રૂચંસા, રૂચકંતા, રૂચગાવતી, રૂચપ્પભા, રૂચા વગેરે. |

| | | | | |
|---|---|---|---|---|
| २. रूयग | अ. | रूपक | રૂપક | જુઓ રુચક(૪) |
| रूयगा | दे. | रूपका | રૂપકા | આ અને રૂયા એક છે. |
| १. रूयगावती | आ. | रूपकावती | રૂપકાવતી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ચોથા વર્ગનું ચોથું અધ્યયન. |
| २. रूयगावती | दे. | रूपकावती | રૂપકાવતી | ઈંદ્ર ભૂતાનંદની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં ચંપા નગરના શ્રેષ્ઠી રૂયગ(૧)ની પુત્રી હતી. |
| ३. रूयगावती | दे. | रूपकावती | રૂપકાવતી | આ અને રૂયવતી એક છે. |
| रूयप्पभ | दे. | रूपप्रभ | રૂપપ્રભ | દીવકુમાર દેવોના બે ઇન્દ્રો પુણ્ણ(૩) અને વિસિટ્ઠ (૨)માંથી દરેકના લોકપાલનું નામ. |
| १. रूयप्पभा | आ. | रूपप्रभा | રૂપપ્રભા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ચોથા વર્ગનું છઠ્ઠું અધ્યયન. |
| २. रूयप्पभा | दे. | रूपप्रभा | રૂપપ્રભા | ભૂતાનંદની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં ચંપા નગરના શ્રેષ્ઠી રૂચગની પુત્રી હતી. |
| ३. रूयप्पभा | दे. | रूपप्रभा | રૂપપ્રભા | એક મુખ્ય દિસાકુમારી. |
| रूयंसा | दे. | रूपकांशा | રૂપકાંશા | આ અને રૂઆસિઆ એક છે. |
| रूयवती | दे. | रूपवती | રૂપવતી | રુચકપર્વતના મધ્યક્ષેત્રની મુખ્ય દિસાકુમારી. |
| १. रूया | दे. | रूपा | રૂપા | રુચક પર્વતના મધ્યક્ષેત્રની મુખ્ય દિસાકુમારી. |
| २. रूया | आ. | रूपा | રૂપા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ચોથા વર્ગનું પહેલું અધ્યયન. |
| ३. रूया | अ. | रूपा | રૂપા | ભૂતાનંદની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં ચંપા નગરના શ્રેષ્ઠી રૂયગ(૧)ની પુત્રી હતી. |
| रूयाणंदा | ऐ. | रूपानन्दा | રૂપાનંદા | રુચકાવતંસક સ્વર્ગીય વાસક્ષેત્રનું પાટનગર. |
| रूयावती | दे. | रूपावती | રૂપાવતી | આ અને રૂયવતી એક છે. |
| रूवंसा | दे. | रूपांशा | રૂપાંશા | જુઓ રૂયંસા. |
| रूवकंता | दे. | रूपकान्ता | રૂપકાન્તા | જુઓ રૂયકંતા. |
| रूवप्पभा | दे. | रूपप्रभा | રૂપપ્રભા | જુઓ રૂયપ્પભા. |
| १. रूववइ/रूववती | दे. | रूपवती | રૂપવતી | ભૂત દેવોના ઈંદ્ર સુરૂવની મુખ્ય પત્ની. તેના પૂર્વ ભવમાં નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. પડિરૂવની રાણીનું પણ આ જ નામ છે. |
| २. रूववती | आ. | रूपवती | રૂપવતી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું પાંચમું અધ્યયન. |
| ३. रूववती | दे. | रूपवती | રૂપવતી | જુઓ રૂયગાવતી(૨). |
| रूवा | दे. | रूपा | રૂપા | જુઓ રૂયા. |
| रेणा | श्र. | रेणा | રેણા | સ્થૂલભદ્રની સાત બહેનોમાંની તેમજ સંભૂતિવિજયની સાત શિષ્યાઓમાંની એક. |

| | | | | |
|---|---|---|---|---|
| रेणुगा | क. | रेणुका | રેણુકા | મૃગકોષ્ઠકના રાજા જિતશત્રુની પુત્રી, જમદગ્નિ ની પત્ની, પરસુરામની માતા. જુઓ અનંતવીર્ય |
| १. रेवअ | भौ. | रैवत | રૈવત | જુઓ રેવયગ. |
| २. रेवअ | ऐ. | रैवत | રૈવત | રેવયય પર્વત ઉપર આવેલું ઉદ્યાન. કમલામેલાને અહીં લાવી સાગરચંદસાથે પરણાવવામાં આવેલી |
| रेवइणक्खत्त | श्र. | रेवतीनक्षत्र | રેવતીનક્ષત્ર | આચાર્ય નાગ્રહસ્તીના શિષ્ય. અને તેમના શિષ્ય હતા સીહ. |
| १. रेवइ | श्रा.ती. | रेवती | રેવતી | તીર્થંકર મહાવીરની મુખ્ય શ્રાવિકા. તે મેંઢિયગામ ની હતી. પિત્તજ્વરથી પીડાતા મહાવીર માટે ઔષધ આપેલું, પરિણામે તે રોગમુક્ત થયા.આના કારણે રેવતીએ તીર્થંકરનામ ગોત્રકર્મ બાંધ્યું. ભાવિ માં ભરહમાં ૧૭માં તીર્થંકર ચિત્તઉત્ત રૂપે જન્મ લેશે |
| २. रेवइ | क. | रेवती | રેવતી | રાજગૃહીના શ્રેષ્ઠી મહાશતકની પત્ની. એકલીએ પોતાના પતિ સાથે ભોગ ભોગવવાના અને તેનું ધન પડાવી લેવાના ઈરાદે તેણે પોતાની બાર શોકો નું ખૂન કરી નાખ્યુ. માંસ અને મદિરાનું તેને વ્યસન થઈ ગયું. નગરમાં પશુવધ ઉપર પ્રતિબંધ હોવાથી પોતાના પિયરથી રોજ બે વાછરડાનું માંસ તેને પૂરુ પાડવામાં આવે એવો પ્રબંધ તેણે કરાવ્યો. મરણ પછી તે નરકે ગઈ. જુઓ મહાસયય(૨). |
| ३. रेवइ | अ.च. | रेवती | રેવતી | વાસુદેવ કૃષ્ણના મોટા ભાઈ બલદેવની પત્ની. |
| ४. रेवइ | दे.ज. | रेवती | રેવતી | અઠ્યાવીસ નક્ષત્ર(૧)માંનું એક. તેનો અધિષ્ઠાતા દેવ પૂસ(૧) છે અને તેનું ગોત્રનામ પુસ્સાયણ છે. |
| रेवत | भौ. | रैवत | રૈવત | જુઓ રેવઅ અને રેવયય. |
| रेवतग | भौ. | रैवतक | રૈવતક | જુઓ રેવયય. |
| रेवतय | भौ. | रैवतक | રૈવતક | જુઓ રેવયય. |
| रेवती | श्रा.ती. | रेवती | રેવતી | જુઓ રેવઈ(૧). |
| रेवयग/रेवयय | भौ. | रैवतक | રૈવતક | બારવઈની ઉત્તરપૂર્વે આવેલો પર્વત. તેની નજીક નંદનવન હતું. તીર્થંકર નેમિએ આ પર્વત ઉપરના વનમાં સંસારત્યાગ કર્યો હતો. આ પર્વતની ગુફામાં રહનેમિએ શ્રમણી રાજીમતી સમક્ષ અભદ્ર માગણી કરી તેને આકર્ષવા પ્રયત્નો કરેલા. જુઓ ઉજ્જંત. |
| रोद्दसोमा | क. | रुद्रसोमा | રુદ્રસોમા | જુઓ રુદ્દસોમા. |
| रोम | अ.भौ. | रोम | રોમ | એક અનાર્ય (અનાર્ય) દેશ અને તેની પ્રજા. |
| रोमक | अ.भौ. | रोमक | રોમક | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. ચક્કવટ્ટિ ભરતે તેને જીતી લીધો હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| रोमग | अ.भौ. | रोमक | રોમક | જુઓ રોમક. |
| रोमस | अ.भौ. | रोमश | રોમશ | રોમકનું બીજું નામ. |
| १. रोयणागिरि | भौ. | रोचनगिरि | રોચનગિરિ | ભદ્રશાલવનમાં આવેલ દિગ્હસ્તીકૂડ. |
| २. रोयणागिरि | दे. | रोचनगिरि | રોચનગિરિ | રોચનાગિરિનો અધિષ્ઠાતા દેવ. |
| रोर | भौ.न. | रौर | રૌર | ચોથી નરકભૂમિ પંકપ્રભામાં આવેલું અત્યંત ભયંકર મહાનિરય વાસસ્થાન. |
| रोरुअ/रोरुय | भौ.न. | रौरुक | રૌરુક | (અ) ચોથી નરકભૂમિ પંકપ્રભામાં આવેલું અત્યંત ભયંકર મહાનિરય વાસસ્થાન. (આ) સાતમી નરક ભૂમિ તમતમપ્રભામાં આવેલા છેલ્લા પાંચ અત્યંત ભયંકર મહાનિરય વાસસ્થાનોમાંનું એક. |
| १. रोह | श्र. | रोह | રોહ | મહાવીરના એક શિષ્ય. |
| २. रोह | अ.गो. | रोह | રોહ | ગોસાલનો ચોથો પઉટ્ટપરિહાર (પરકાયપ્રવેશ). |
| रोहग | क. | रोहक | રોહક | બજાણિયા ભરતનો પુત્ર. તે અતિ બુદ્ધિશાળી હતો. રાજાએ આ બુદ્ધિથી પ્રસન્ન થઈ મુખ્યમંત્રી બનાવ્યો |
| १. रोहगुत्त | श्र.नि. | रोहगुप्त | રોહગુપ્ત | આચાર્ય શ્રીગુપ્તનો શિષ્ય. તેને આચાર્ય મહાગિરિ નો તેમજ આચાર્ય સુહસ્તીનો શિષ્ય પણ ગણેલ છે મહાવીરના નિર્વાણ પછી ૫૪૮ વર્ષે થયેલો તે છઠ્ઠો નિહ્નવ મનાય છે. તે ઉલૂક ગોત્રનો હોવાથી અને છ મૂળભૂત પદાર્થોને માનતો હોવાથી અથવા તેણે છ સૂત્રો રચ્યા હોવાથી ષડુલૂક તરીકે જાણીતો હતો. |
| २. रोहगुत्त | अ. | रोहगुप्त | રોહગુપ્ત | પાડલિપુત્ત નગરના રાજા જિતશત્રુનો મંત્રી. |
| रोहा | अ. | रोहा | રોહા | આ નામની એક સાર્થવાહી. |
| रोहिअ | भौ. | रोहित | રોહિત | રોહિતપ્રપાતકુંડની મધ્યે આવેલ દ્વીપ.તેની લંબાઈ પહોળાઈ એકસરખી ૧૬યોજન છે. પરિમિતિ ૫૦ યોજનથી થોડી વધુ છે. તેની ઊંચાઈ બે ક્રોશ છે. |
| रोहिअप्पवायकुंड | भौ. | रोहितप्रपातकुण्ड | રોહિતપ્રપાતકુંડ | મહાહિમવંતના પર્વતાળ પ્રદેશોમાંથી નીચે તરફ વહેતી રોહિતા નદીના પાણીથી બનેલું સરોવર. રોહિત દ્વીપ આ સરોવરની મધ્યમાં આવેલો છે. |
| १. रोहिआ | भौ. | रोहिता | રોહિતા | હેમવંતની નદી. મહાહિમવંત ઉપર આવેલા મહાપદ્મદ્રહમાંથી તે નીકળે છે. પહેલા તે દક્ષિણ તરફ વહે છે અને પછી શબ્દાપાતી પર્વત પાસે તે પૂર્વ તરફ વળે છે. તે પૂર્વ લવણ સમુદ્રને મળે છે. |
| २. रोहिआ | भौ. | रोहिता | રોહિતા | મહાહિમવંત(૩) પર્વતનું શિખર. આ અને રોહિયકૂડ એક છે. |
| रोहिअंसप्पवाय | भौ. | रोहितांशप्रपात | રોહિતાંશપ્રપાત કુંડ | જુઓ રોહિઅંસાપવાયકુંડ. |
| १. रोहिअंसा | भौ. | रोहितांशा | રોહિતાંશા | રોહિઅંસાપવાયકુંડની મધ્યમાં આવેલો દ્વીપ. |
| २. रोहिअंसा | भौ. | रोहितांशा | રોહિતાંશા | પદ્મદ્રહથી નીકળતી નદી. આ રોહિતંસા સમાન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **रोहिअंसापवाय कुंड** | भौ. | *रोहितांशाप्रपात कुंड* | રોહિતાંશાપ્રપાત કુંડ | ચુલ્લહિમવંતના પર્વતાળ પ્રદેશથી મેદાન સમતળ જમીન ઉપર ઊતરતી રોહિતાંસા નદીના પાણીથી બનેલુ સરોવર. આ સરોવરની ઉત્તરની બાજુએથી નદી પુનઃ નીકળે છે અને આગળ હેમવંતમાં વહે છે. આ સરોવરની લંબાઈ પહોળાઈ એક સમાન ૧૨૦ યોજન છે. તેની પરિમિતિ ૩૮૦૨ યોજનથી થોડી ઓછી છે. તેની ઊંડાઈ ૧૦ યોજન છે. રોહિતાંસા દ્વીપ આ સરોવરની મધ્યમાં આવેલો છે. |
| **रोहिअंसाववाय कुंड** | भौ. | *रोहितांशाप्रपात कुंड* | રોહિતાંશાપ્રપાત કુંડ | આ અને રોહિઅંસાપવાયકુંડ એક છે. |
| **रोहिडअ/रोहिडग** | ऐ. | *रोहितक* | રોહિતક | જુઓ રોહીડઅ. |
| **रोहिणिय** | श्र. | *रौहिणिक* | રૌહિણિક | રાજગૃહીનો ચોર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી. |
| **रोहिणिया** | क. | *रोहिणिका* | રોહિણિકા | રાજગૃહીના શ્રેષ્ઠી ધન્યના ચોથા દીકરા ધનરક્ષિત ની પત્ની. શ્રેષ્ઠીની બધી પુત્રવધૂઓમાં તે શ્રેષ્ઠ સાબિત થઈ. |
| **१. रोहिणी** | आ. | *रोहिणी* | રોહિણી | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૭. |
| **२. रोहिणी** | ती. | *रोहिणी* | રોહિણી | ભરતક્ષેત્રના પંદરમાં ભાવિ તીર્થંકર નિષ્પુલાક નો પૂર્વભવ. |
| **३. रोहिणी** | अ. | *रोहिणी* | રોહિણી | રોહિડગ નગરની વૃદ્ધ વેશ્યા. જુઓ ધર્મરુઈ(૪) તેના ઉપરના ટિપ્પણ સાથે. |
| **४. रोहिणी** | च. | *रोहिणी* | રોહિણી | વસુદેવની પત્ની અને બલદેવની માતા. તે અરિષ્ટ પુરના રાજા રુધિરની પુત્રી હતી અને રાજકુમાર હિરણ્યનાભની બહેન હતી. |
| **५. रोहिणी** | दे. | *रोहिणी* | રોહિણી | શક્રના ચાર લોકપાલોમાંથી પ્રત્યેકની મુખ્ય પત્નીનું નામ. |
| **६. रोहिणी** | दे. | *रोहिणी* | રોહિણી | શક્રની આઠ મુખ્ય પત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં કંપિલ્લપુરના શ્રેષ્ઠીની દીકરી હતી. તે સંસારનો ત્યાગ કરીપાર્શ્વના સંઘમાં શ્રમણી બની. |
| **७. रोहिणी** | आ. | *रोहिणी* | રોહિણી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના નવમા વર્ગનું પાંચમું અધ્યયન. |
| **८. रोहिणी** | दे. | *रोहिणी* | રોહિણી | સત્પુરુષની ચાર મુખ્ય પત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં નાગપુરના શ્રેષ્ઠીની દીકરી હતી. મહાપુરુષની મુખ્ય પત્નીનું નામ પણ આ જ છે. |
| **९. रोहिणी** | आ. | *रोहिणी* | રોહિણી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું એકવીસમું અધ્યયન. |
| **१०. रोहिणी** | दे.ज. | *रोहिणी* | રોહિણી | અઠ્ઠાવીસ નક્ષત્રમાંનું એક. તેનો અધિષ્ઠાતા દેવ પ્રજાપતિ છે. તેનું ગોત્રનામ ગૌતમ(૬) છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **११. रोहिणी** | दे. | *रोहिणी* | રોહિણી | એક દેવી. |
| **रोहिता** | भौ. | *रोहिता* | રોહિતા | જુઓ રોહિઆ(૨). |
| **रोहियंसकूड** | भौ. | *रोहितांशकूट* | રોહિતાંશકૂટ | ચુલ્લહિમવંત પર્વતનું શિખર. |
| **१. रोहियंसा** | दे. | *रोहितांशा* | રોહિતાંશા | ચુલ્લહિમવંત પર્વતના રોહિતાંસ શિખરની અધિષ્ઠાત્રિ દેવી. |
| **२. रोहियंसा** | भौ. | *रोहितांशा* | રોહિતાંશા | પદ્મદ્રહના ઉત્તર દ્વારમાંથી નીકળી ઉત્તર દિશામાં વહીને, રોહિતાંસા પ્રપાતકુંડમાં પડીને, પાછી તે કુંડમાંથી નીકળી આગળ હેમવંતમાં વહેતી નદી. તે શબ્દાપાતી  પર્વત નજીક પશ્ચિમ તરફ વળે છે અને છેવટે પશ્ચિમ લવણ સમુદ્રને મળે છે. |
| **रोहियकूड** | भौ. | *रोहितकूट* | રોહિતકૂટ | મહાહિમવંતપર્વતનું શિખર. આ રોહિતા સમાન છે |
| **रोहिया** | भौ. | *रोहिता* | રોહિતા | જુઓ રોહિઆ(૨). |
| **रोहीडअ** | ऐ. | *रोहीतक* | રોહીતક | ધરણ યક્ષનું ચૈત્ય ધરાવતું પૃથ્વીવતંસક ઉદ્યાન અને મણિદત્ત યક્ષનું ચૈત્ય ધરાવતું મેઘવર્ણ ઉદ્યાન જે નગરમાં આવેલુ હતું તે નગર. તીર્થંકર મહાવીર આ નગરમાં આવ્યા હતા. |
| **लउस** | अ.भौ. | *लकुश* | લકુશ | એક અનાર્ય દેશ જ્યાંથી કન્યાઓને રાજકુળોના અન્ત:પુરોમાં દાસી તરીકે કામ કરવા લવાતી હતી. |
| **लओस** | अ.भौ. | *लवोस* | લવોસ | જુઓ લવોસ. |
| **लंकापुरी** | | *लङ्कापुरी* | લઙ્કાપુરી | રાજા રાવણની રાજધાની. સમુદ્ર પાર કરી ત્યાં પહોંચેલા હનુમંતે તેને બાળી નાખી હતી. |
| **लंतअ** | दे.भौ. | *लान्तक* | લાન્તક | છઠ્ઠો કલ્પ. તેમાં જન્મેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૪ સાગરોપમ છે, જઘન્ય આયુષ્ય દસ સાગરોપમ છે. |
| **लंतअकप्प** | दे.भौ. | *लान्तककल्प* | લાન્તકકલ્પ | આ અને લાંતક એક છે. |
| **लंतग** | दे.भौ. | *लान्तक* | લાન્તક | જુઓ લાંતક. |
| **लंतय** | दे.भौ. | *लान्तक* | લાન્તક | સિરિકંત જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. આ જ નામનું સ્વર્ગીય ક્ષેત્ર છે, તેના માટે જુઓ લાંતક. |
| **लंबुग** | ऐ. | *लम्बुक* | લમ્બુક | આ નામનું એક સ્થાન જ્યાં મહાવીર ગયા હતા. |
| **लक्खण** | च. | *लक्ष्मण* | લક્ષ્મણ | વાસુદેવ(૨) ણારાયણ(૧)નું બીજું નામ. |
| **लक्खणज्जा** | श्र. | *लक्ष्मणार्या* | લક્ષ્મણાર્યા | અતીત અવસર્પિણી કાલચક્રના ૨૨મા તીર્થંકર ના સમયની શ્રમણી. બે પંખીના જોડાને સંભોગ કરતા દેખી તેને પણ સંભોગનું આકર્ષણ થયું. તે રાજા જંબૂદાડિમ અને રાણી શ્રીયાની પુત્રી હતી. |
| **१. लक्खणा** | आ. | *लक्ष्मणा* | લક્ષ્મણા | અંતકૃદ્દશાના પાંચમા વર્ગનું ચોથું અધ્યયન. |
| **२. लक्खणा** | श्र. | *लक्ष्मणा* | લક્ષ્મણા | વાસુદેવ કૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી અને વીસ વર્ષ શ્રામણ્યનું પાલન કરી અંતે તે મોક્ષે ગઈ. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. लक्खणा | ती. | लक्ष्मणा | લક્ષ્મણા | મહસેનરાજાની રાણી, તીર્થંકર ચંદ્રપ્રભ ની માતા. |
| ४. लक्खणा | क. | लक्ष्मणा | લક્ષ્મણા | આ અને જંબૂદાડિમ રાજા અને શ્રીયા રાણીની પુત્રી લક્ષ્મણા એક છે. જુઓ 'ખંડોટ્ઠિ'. |
| लक्खमणा | श्र. | लक्ष्मणा | લક્ષ્મણા | આ અને 'લક્ખણા' એક છે. |
| लच्छइ | अ. | लक्ष्मी | લક્ષ્મી | દઢાયુની માતા. |
| १. लच्छिमइ | च. | लक्ष्मीमती | લક્ષ્મીમતી | છટ્ઠા વાસુદેવ પુરિસપુંડરીકની માતા. |
| २. लच्छिमइ | च. | लक्ष्मीमती | લક્ષ્મીમતી | ચક્રવર્તી જયની પટરાણી. |
| ३. लच्छिमइ | दे. | लक्ष्मीमती | લક્ષ્મીમતી | દક્ષિણ રુચક પર્વતના શિખર 'સસિ'(૨) ઉપર વસતી મુખ્ય આઠ દિસાકુમારીઓમાંની એક. |
| लच्छिवइ | च. | लक्ष्मीमती | લક્ષ્મીમતી | આ અને લચ્છિમઈ એક છે. |
| १. लच्छी | दे. | लक्ष्मी | લક્ષ્મી | પુંડરીક સરોવરની અધિષ્ઠાત્રિ દેવી. |
| २. लच्छी | दे. | लक्ष्मी | લક્ષ્મી | રાજગૃહીમાં મહાવીર સમક્ષ નાટકપ્રયોગ કરનાર દેવી. બાકીનું વર્ણન શ્રીદેવી(૫) મુજબ. |
| ३. लच्छी | आ. | लक्ष्मी | લક્ષ્મી | પુષ્પચૂલિકાનું છટ્ઠું અધ્યયન. |
| ४. लच्छी | भौ. | लक्ष्मी | લક્ષ્મી | પર્વત શિખરીના અગિયાર શિખરોમાંનું એક. |
| लच्छीघर | ऐ. | लक्ष्मीगृह | લક્ષ્મીગૃહ | મિથિલા નગરમાં આવેલું ચૈત્ય. આચાર્ય મહાગિરિ આ ચૈત્યમાં આવ્યા હતા. |
| १. लट्ठदंत | आ. | लष्टदन्त | લષ્ટદન્ત | અનુત્તરોપપાતિકદશાના પ્રથમ વર્ગનું સાતમું અને બીજા વર્ગનું ત્રીજું અધ્યયન. |
| २. लट्ठदंत | श्र. | लष्टदन्त | લષ્ટદન્ત | રાજગૃહીના રાજાશ્રેણિક અને તેની રાણી ધારિણી નો પુત્ર. તેને મહાવીરે દીક્ષા આપી હતી. ૧૨ વર્ષનું શ્રામણ્ય પાળી વિપુલ પર્વત ઉપર મૃત્યુ પામીને તે અપરાજિત કલ્પે દેવ રૂપે જન્મ્યો. પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને ત્યાં જ મોક્ષ પામશે. |
| ३. लट्ठदंत | श्र. | लष्टदन्त | લષ્ટદન્ત | આ અને લષ્ટદંત એક છે. પુનરુક્તિ એ તો પછીના વર્ગમાં આવતી કથાની બીજી વાચના માત્ર જણાય છે. અહીં શ્રામણ્યપાલનના વર્ષો સોળ છે અને દેવલોકમાં અપરાજિતના બદલે વેજયંત છે. |
| ४. लट्ठदंत | भौ. | लष्टदन्त | લષ્ટદન્ત | એક અંતરદીવ. |
| लट्ठबाहु | ती. | लष्टबाहु | લષ્ટબાહુ | દસમા તીર્થંકર શીતલનો પૂર્વભવ. |
| ललितंगय | ती. | ललिताङ्गक | લલિતાઙ્ગક | જુઓ લલિયંગ. |
| ललिय | च. | ललित | લલિત | પાંચમાં બલદેવ સુદર્શન(૭)નો પૂર્વભવ. તેમના ગુરુ હતા આચાર્ય કૃષ્ણ(૪). |
| ललियंग | ती. | ललिताङ्ग | લલિતાંગ | ઋષભનો પૂર્વભવ. તે ઇશાન કલ્પના શ્રીપ્રભ સ્વર્ગીય વાસસ્થાનમાં દેવ હતા. સયંપભા દેવી તેમની પટરાણી હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| ललियमित्त | च. | ललितमित्र | લલિતમિત્ર | સાતમા વાસુદેવ દત્તનો પૂર્વભવ. તેમના ગુરુ હતા આચાર્ય આસાગર. કૌશાંબી નગરમાં નિદાન કરેલું |
| लवण | भौ. | लवण | લવણ | જંબુદીવને ઘેરી રહેલો વલયાકાર સમુદ્ર. આ સમુદ્ર બીજા વલયાકાર દ્વીપ ધાતકીખંડથી ઘેરાયેલો છે. આ સમુદ્ર વલયાકાર હોઈ તેના અંદરના વર્તુળ અને બહારના વર્તુળ વચ્ચેના અંતરને તેની પહોળાઈ કહી શકીએ. આ પહોળાઈ બે લાખ યોજન છે. તેનો પરિઘ સાધિક ૧૫૮૧૧૩૯ યોજન છે. |
| लवण समुद्द | भौ. | लवण समुद्र | લવણ સમુદ્ર | જુઓ લવણ. |
| लवसत्तम | दे. | लवसप्तम | લવસપ્તમ | પાંચ અનુત્તર વિમાનોના તે દેવોનું બીજું નામ, જે દેવો તેમના છેલ્લા પૂર્વભવમાં મનુષ્ય તરીકે સાત લવ વધુ જીવ્યા હોત તો તે જ ભવમાં મોક્ષ પામ્યા હોત. તેઓ પછીના મનુષ્ય ના ભવમાં મોક્ષ પામશે |
| लवोस | अ.भौ. | लवोस | લવોસ | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. |
| लहुपरक्कम | दे. | लघुपराक्रम | લઘુપરાક્રમ | ઈશાન આદિના પાયદળનો સેનાપતિ. |
| लाट | भौ.अ. | लाट | લાટ | આ અને લાઢ એક છે. |
| लाड | अ.भौ. | लाट | લાટ | એક દેશનું નામ. આ દેશની સ્ત્રીઓ દેખાવળી કહેલ છે. મામાની દીકરી સાથે લગ્ન કરવાની આ દેશમાં છૂટ હતી. લાડ લોકો સ્વભાવમાં કપટી, ધૂર્ત અને લુચ્ચા હોવાની પ્રસિદ્ધિ હતી. |
| लाढ | अ.भौ. | राढ | રાઢ | મહાવીર જે અનાર્યદેશમાં ગયા હતા તે દેશ. ત્યાંના લોકોએ ભગવંતને ત્રાસ આપવાથી તેમણે અનેક ઉપસર્ગો સહન કર્યા હતા. તે દેશ વજ્રભૂમિ અને સુબ્ભભૂમિનો બનેલો હતો. |
| लाढावज्जभूमि | अ.भौ. | राढावज्रभूमि | રાઢાવજ્રભૂમિ | |
| लाढविसय | अ.भौ. | राढविषय | રાઢવિષય | આ અને લાઢ દેશ એક છે. |
| लास | अ.भौ. | लास | લાસ | આ અને લ્હસિય એક છે. |
| लासिय | अ.भौ. | लासिक | લાસિક | આ અને લ્હસિય એક છે. |
| लुद्धणंद | क. | लुब्धनन्द | લુબ્ધનંદ | આ અને પાડલિપુત્રના નંદ શ્રેષ્ઠી એક છે. |
| लेच्छइ | अ. | लेच्छकिन् | લેચ્છકિન્ | એક કુળનું નામ. આ કુળના નવ રાજાઓએ મલ્લકી કુળના નવ રાજાઓ અને કાસી તથા કોસલના રાજ્યો સાથે મળીને સંઘ બનાવ્યો હતો. ચેટક રાજાને તેમના રાજા કૂણિક સાથેના યુદ્ધમાં મદદ કરી હતી. તીર્થંકર મહાવીર પાવામજ્ઝિમામાં નિર્વાણ પામ્યા ત્યારે આ બધા રાજાઓ ત્યાં ઉપસ્થિત હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| लेणजंभग | दे. | लयनजृंभक | લયનજૃંભક | જૃંભગ દેવોના દસ પ્રકારોમાંનો એક પ્રકાર. આ પ્રકારના જૃંભગ દેવો ચિત્તકૂડ, વિચિત્તકૂડ અને કંચન પર્વતો ઉપર વસે છે. |
| लेप्पार | अ. | लेप्यकर | લેપ્યકર | લીંપનારા, સલ્લો દેનારા, ઘાટ આપનારા, માટી–મીણ આદિના પૂતળા–ઘાટ ઘડનારા કારીગરોનું ઔદ્યોગિક આર્ય મંડળ. |
| लेव | श्रा. | लेप | લેપ | નાલંદા નગરનો શ્રેષ્ઠી. મહાવીરનો ઉપાસક હતો. |
| लेसज्झयण | आ. | लेश्याध्ययन | લેશ્યાધ્યયન | ઉત્તરાધ્યયનનું ચોત્રીસમું અધ્યયન. |
| १. लेसा | आ. | लेश्या | લેશ્યા | જુઓ લેસ્સા. |
| २. लेसा | आ. | लेश्या | લેશ્યા | આ અને લેસજ્ઝયણ એક છે. |
| १. लेस्सा | आ. | लेश्या | લેશ્યા | ભગવતીના ઓગણીશમા શતકનો પહેલો ઉદ્દેશક. |
| २. लेस्सा | आ. | लेश्या | લેશ્યા | પ્રજ્ઞાપનાનું સત્તરમું પદ (પ્રકરણ). |
| लोअंतिअ | दे. | लोकान्तिक | લોકાન્તિક | જુઓ લોકાંતિક. |
| लोकपडिपूरणा | भौ. | लोकप्रतिपूरणा | લોકપ્રતિપૂરણા | જુઓ ઈસિપબ્ભારા. |
| लोकबिंदुसार | आ. | लोकबिन्दुसार | લોકબિન્દુસાર | ચૌદમા પૂર્વ ગ્રન્થ બિંદુસારનું બીજું નામ. |
| लोकाअेत | अ. | लोकायत | લોકાયત | જુઓ લોગાઈત. |
| १. लोग | आ. | लोक | લોક | ભગવતીના શતક ૧૧ નો ઉદ્દેશક ૧૦. શતક ૧૨ નો ઉદ્દેશક ૭ તેમજ શતક ૧૬નો ઉદ્દેશક ૮. |
| २. लोग | दे.भौ. | लोक | લોક | લાંતક કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ તેર સાગરોપમ વર્ષનું છે. તેઓ તેર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને તેર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| लोगंतिअ | दे. | लोकान्तिक | લોકાન્તિક | બ્રહ્મકલ્પમાં જન્મેલા દેવોનો વર્ગ. તિર્થંકરોના સંસાર ત્યાગના પ્રસંગે આ દેવો તિર્થંકરો પાસે આવી તેમને ધર્મતીર્થનું પ્રવર્તન કરવા વિનંતી કરે છે. બ્રહ્મકલ્પ માં રિટ્ઠ વિમાનના કાંડની નીચે અને ૮ કૃષ્ણરાજિની સમશ્રેણિમાં ૮ લોકાંતિક વાસસ્થાનો છે– અચ્ચિ, અચ્ચિમાલિ, વૈરોચણ, પભંકર, ચંદાભ, સૂરાભ, સુક્કાભ, સુપતિટ્ઠાભ. આ લોગંતિઅ દેવોના આઠ પેટાવર્ગો આ આઠ વાસસ્થાનોમાં રહે છે. કેટલાક નવમા તરીકે રિટ્ઠ(૭) ને ઉમેરે છે. આ લોકાંતિક દેવો કેવળ એક જ વધુ જન્મ લે છે. |
| लोगकंत | दे.भौ. | लोककान्त | લોકકાન્ત | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगकूड | दे.भौ. | लोककूट | લોકકૂટ | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगग्गचूलिआ | भौ. | लोकाग्रचूलिका | લોકાગ્રચૂલિકા | ઈસિપબ્ભારાનું બીજું નામ. |
| लोगणाभि | भौ. | लोकनाभि | લોકનાભિ | મંદર(૩) પર્વતનું બીજું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| लोगपडिपूरण | भौ. | *लोकप्रतिपूरण* | લોકપ્રતિપૂરણ | ઈસિપબ્ભારાનું અન્ય નામ. |
| लोगपाल | दे. | *लोकपाल* | લોકપાલ | રક્ષક દેવ યા ઇંદ્ર વતી વહીવટ ચલાવનાર દેવ. ભવનપતિ અને કલ્પોવગ દેવોના પ્રત્યેક ઇંદ્ર ને ચાર ચાર લોકપાલનું પોતાનું જૂથ છે. દરેક લોકપાલને પોતાનું વિમાન, પોતાનું પાટનગર છે. |
| लोगप्पभ | दे.भौ. | *लोकप्रभ* | લોકપ્રભ | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगबिंदुसार | आ. | *लोकबिन्दुसार* | લોકબિન્દુસાર | જુઓ લોકબિંદુસાર. |
| लोगमज्झ | भौ. | *लोकमध्य* | લોકમધ્ય | મંદર પર્વતનું અન્ય નામ. |
| लोगरूव | दे.भौ. | *लोकरूप* | લોકરૂપ | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगलेस | दे.भौ. | *लोकलेश्य* | લોકલેશ્ય | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगवण्ण | दे.भौ. | *लोकवर्ण* | લોકવર્ણ | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगविजय | आ. | *लोकविजय* | લોકવિજય | આચાર અંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધનું બીજું અધ્યયન. તે છ વિભાગોમાં વિભક્ત છે. |
| लोगसार | आ. | *लोकसार* | લોકસાર | આચાર અંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધનું પાંચમું અધ્યયન. તે છ વિભાગોમાં વિભક્ત છે. સમવાય સૂત્રમાં આ અધ્યયન આવંતિ નામે ઉલ્લેખાયું છે. |
| लोगसिंग | दे.भौ. | *लोकशृङ्ग* | લોકશૃङ्ग | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगसिट्ठ | दे.भौ. | *लोकसृष्ट* | લોકસૃષ્ટ | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगहिय | दे.भौ. | *लोकहित* | લોકહિત | સૌધર્મ કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસ સ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક સાગરોપમનું છે, તેઓ એક પખવાડિયે એક જ વાર શ્વાસ લે છે અને તેમને એક હજાર વર્ષે એક જ વાર ભૂખ લાગે છે. |
| लोगाइत | अ. | *लोकायत* | લોકાયત | એક અજૈન દર્શનશાસ્ત્ર. |
| लोगावत्त | दे.भौ. | *लोकावर्त* | લોકાવર્ત | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोगुत्तरवडिंसग | दे.भौ. | *लोकोत्तरावतंसक* | લોકોત્તરાવતંસક | લોગ(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| लोयंतिय | दे. | *लोकान्तिक* | લોકાન્તિક | જુઓ લોકાંતિક. |
| लोयणा | श्र. | *लोचना* | લોચના | ઉજ્જૈનીના રાજા દેવિલાસત્તની રાણી. જ્યારે તે ગર્ભવતી હતી ત્યારે તે શ્રમણી બની હતી. તે અને અનુરક્તલોચના એક છે. |
| लोल | भौ.न. | *लोल* | લોલ | રત્નપ્રભા નરકભૂમિમાં આવેલું એક મહાનિરય. |
| लोलुअ | भौ.न. | *लोलुप* | લોલુપ | રત્નપ્રભા નરકભૂમિમાં આવેલું એક મહાનિરય. |
| लोलुयच्चुय | भौ.न. | *लोलुपाच्युत* | લોલુપાચ્યુત | પ્રથમ નરકભૂમિ રત્નપ્રભામાં આવેલ નરક–સ્થાન |
| लोह | श्र. | *लोह* | લોહ | આ અને લોહજ્જ એક છે. |
| १. लोहग्गल | ऐ.भौ. | *लोहार्गल* | લોહાર્ગલ | પૂર્વવિદેહના પુષ્કલાવતી વિજયનું નગર. રાજા વજ્જંઘ(૧) અહીં રાજ કરતો હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| २. लोहग्गल | ऐ.भौ. | लोहार्गल | લોહાર્ગલ | બહુસાલગ પાસે આવેલું નગર. મહાવીર આ નગરમાં આવ્યા હતા. આ લોહાર્ગલ નગરમાં રાજા જિતશત્રુ રાજ કરતા હતા. |
| १. लोहजंघ | क. | लोहजङ्घ | લોહજઙ્ઘ | ઉજ્જૈનીના રાજા પ્રદ્યોત રાજાનો દૂત. તે રાજાની રાજસભાનું એક રત્ન હતું. તે દિવસમાં પચીસ યોજનનું અંતર કાપી શકતો હતો. |
| २. लोहजंघ | च. | लोहजङ्घ | લોહજઙ્ઘ | આગામી ઉત્સર્પિણી માં ભરતક્ષેત્રમાં થનારા બીજા પ્રતિશત્રુ. તે જંઘલોહ નામે પણ જાણીતા હતા. |
| लोहज्ज | श्र. | लोहार्य | લોહાર્ય | મહાવીરને કેવલજ્ઞાન થયા પછી તેમના માટે ભિક્ષા લાવતો તેમનો શિષ્ય. |
| लोहिअंक | दे.ज. | लोहितांक | લોહિતાંક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| १. लोहिच्च | श्र. | लौहित्य | લૌહિત્ય | આચાર્ય 'ભૂયદિણ્ણ'ના શિષ્ય. |
| २. लोहिच्च | अ. | लौहित्य | લૌહિત્ય | આ અને લોહિચ એક છે. |
| लोहिच्चायण | अ.ज. | लौहित्यायन | લૌહિત્યાયન | આર્દ્રા નક્ષત્રનું ગોત્રનામ. |
| लोहितंक | दे.ज. | लोहितांक | લોહિતાંક | આ અને 'લોહિઅંક' એક છે. |
| लोहितक्ख | भौ. | लोहिताक्ष | લોહિતાક્ષ | જુઓ 'લોહિયક્ખ'. |
| लोहिय | अ. | लोहित | લોહિત | કોસિય ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| लोहियंक | दे.ज. | लोहितांक | લોહિતાંક | આ અને 'લોહિઅંક' એક છે. |
| १. लोहियक्ख | भौ.न. | लोहिताक्ष | લોહિતાક્ષ | રત્નપ્રભા(૨) નરકભૂમિના ખરકાંડનો ચોથો ભાગ |
| २. लोहियक्ख | भौ. | लोहिताक्ष | લોહિતાક્ષ | જંબૂદ્વીપમાં આવેલા ગંધમાદન પર્વતનું શિખર. |
| ३. लोहियक्ख | दे. | लोहिताक्ष | લોહિતાક્ષ | ઇંદ્ર ચમરના વૃષભદળનો સેનાપતિ. |
| ४. लोहियक्ख | दे. | लोहिताक्ष | લોહિતાક્ષ | લોકપાલ સોમના કુટુંબનો સભ્ય. આ અને 'લોહિઅંક' ગ્રહ એક છે. |
| ५. लोहियक्ख | दे.ज. | लोहिताक्ष | લોહિતાક્ષ | આ અને લોહિઅંક એક છે. |
| लोही | आ. | लोही | લોહી | ભગવતીના તેવીસમા શતકનો બીજો વર્ગ. તેમાં દસ અધ્યયનો છે. |
| ल्हसिय | भौ.अ. | ल्हासिक | લ્હાસિક | એક અનાર્ય દેશ અને તેની પ્રજા. આ દેશની સ્ત્રીઓ રાજકુળના અન્તઃપુરોમાં દાસીઓ તરીકે કામ કરતી. |
| ल्हासिय | भौ.अ. | ल्हासिक | લ્હાસિક | આ અને લ્હસિય એક છે. |
| वइदिस | ऐ.भौ. | वैदिश | વૈદિશ | વિદિસા નદીની નજીક આવેલું નગર. જીવંતસ્વામિની અર્થાત્ મહાવીરની મૂર્તિને વંદન કરવા આચાર્ય મહાગિરિ અને સુહસ્તી આ નગરમાં આવ્યા હતા. |
| वइदिसि | ऐ.भौ. | विदिशा | વિદિશા | જુઓ વઈદિસ. |
| वइदेहि | क. | वैदेहिन् | વૈદેહિન્ | વિદેહના રાજા નમિનું બીજું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| १. वइर | दे.भौ. | वैर | વૈર | 'વજ્ર'(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| २. वइर | श्र. | वज्र / वैर | વજ્ર / વૈર | અવંતિ દેશના તુંબવણ સંનિવેશના શ્રેષ્ઠી ધનગિરિ ના પુત્ર. સુનંદા તેની માતા હતી અને આર્ય સમિત તેમના મામા હતા. તેમના પિતાએ સંસારનો ત્યાગ કર્યા પછી તેમનો જન્મ થયો હતો. તેમણે પોતે પણ સંસારનો ત્યાગ કર્યો હતો અને તે આચાર્ય સીહગિરિના શિષ્ય બન્યા હતા. પૂર્વભવમાં તે વૈશ્રમણ દેવ હતા. ભદ્રગુપ્ત આચાર્ય પાસે દૃષ્ટિવાદ શીખવા માટે તેમને ઉજ્જેની મોકલવામાં આવ્યા. |
| ३. वइर | भौ.न. | वज्र | વજ્ર | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો બીજો ભાગ. તે એક હજાર યોજન વિસ્તરેલો છે. |
| ४. वइर | भौ. | वज्र | વજ્ર | નંદનવનમાં આવેલું શિખર. બલાહકા દેવી તેના ઉપર વસે છે. |
| वइरकंत | दे.भौ. | वैरकान्त | વૈરકાન્ત | વજ(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वइरकूड | दे.भौ. | वैरकूट | વૈરકૂટ | વજ(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| २. वइरकूड | भौ. | वैरकूट | વૈરકૂટ | આ અને વજ(૪) એક છે. |
| १. वइरजंघ | क.ती. | वज्रजङ्घ | વજ્રજઙ્ઘ | મહાવિદેહમાં આવેલા નગર લોહાર્ગલ નો રાજા. તે પુંડરીકિણી નગરના રાજા વજ્રસેનની પુત્રી શ્રીમતી ને પરણ્યો હતો. તે ઋષભનો પૂર્વભવ હતો. તેનું બીજું નામ ધન(૩) હતું. જુઓ મુનિસેન. |
| २. वइरजंघ | च. | वज्रजङ्घ | વજ્રજઙ્ઘ | આગામી ઉત્સર્પિણી માં ભરતક્ષેત્રમાં થનારા ત્રીજા પ્રતિશત્રુ. |
| वइरणाभ | श्र.ती. | वज्रनाभ | વજ્રનાભ | આ એક ચક્રવર્તી હતા જે ઋષભના પૂર્વભવરૂપ હતા. તે પૂર્વવિદેહમાં આવેલા પુંડરીગિણીના રાજા વજસેન અને તેમની રાણી મંગલાવતી ના પુત્ર હતા. તેમને ચાર ભાઈ હતા. બાહુ, સુબાહુ, પીઢ અને મહાપીઢ. તેમણે શ્રમણત્વ સ્વીકાર્યું અને તીર્થંકરનામ–ગોત્રકર્મ બાંધ્યુ. |
| वइरप्पभ | दे.भौ. | वैरप्रभ | વૈરપ્રભ | વજ(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरभूति | श्र. | वज्रभूति | વજ્રભૂતિ | ભરૂચ નગરમાં આ આચાર્ય હતા. તે દેખાવમાં કદરૂપા હતા પણ મોટા કવિ હતા. જુઓ પદ્માવતી |
| वइरिसि | श्र. | वज्रर्षि | વજ્રર્ષિ | આ અને વજ(૨) એક છે. |
| वइररूव | दे.भौ. | वैररूप | વૈરરૂપ | વજ(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरलेस | दे.भौ. | वैरलेश्य | વૈરલેશ્ય | વજ(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरवण्ण | दे.भौ. | वैरवर्ण | વૈરવર્ણ | વજ(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरसामि | श्र. | वज्रस्वामिन् / वैरस्वामिन् | વજ્રસ્વામિન્ / વૈરસ્વામિન્ | આ અને વજ(૨) એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| वइरसिंग | दे.भौ. | वैरश्रृङ्ग | વૈરશૃઙ્ગ | વજ્ર(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरसिट्ठ | दे.भौ. | वैरसृष्ट | વૈરસૃષ્ટ | વજ્ર(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वइरसेण | ती. | वज्रसेन | વજ્રસેન | પૂર્વવિદેહમાં આવેલા પુષ્કલાવતી પ્રદેશમાં આવેલા પુંડરીગિણી નગરના રાજા, વજ્રનાભ ચક્રવર્તીના પિતા અને રાણી મંગલાવતીના પતિ. તેણે સંસાર નો ત્યાગ કર્યો અને તે પ્રદેશમાં તીર્થંકર બન્યા. |
| २. वइरसेण | च. | वज्रसेन | વજ્રસેન | મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી પ્રદેશમાં આવેલા પુંડરીકિણી નગરના ચક્રવર્તી. તેમની પત્ની હતી ગુણવતી. તેમને એક શ્રીમતી નામની દીકરી હતી. તેને લોહાર્ગલ નગરના રાજકુમાર વજ્રજંઘ સાથે પરણાવી હતી. |
| ३. वइरसेण | श्र. | वज्रसेन | વજ્રસેન | આર્ય વજ્રના પટ્ટશિષ્ય. આર્યનાઈલી નામે શ્રમણ શાખા તેમનાથી શરૂ થઈ. તેમને ચાર શિષ્ય હતા– ણાઈલ(૧), પામિલ, જયંત(૧) અને તાવસ(૩). |
| १. वइरसेणा | आ. | वज्रसेना | વજ્રસેના | જ્ઞાતાધર્મકથા શ્રુતસ્કન્ધ ૨, વર્ગ ૫, અધ્યયન૧૯ |
| २. वइरसेणा | श्र.दे. | वज्रसेना | વજ્રસેના | નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી. તેણે તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી. તે મૃત્યુ પછી કિન્નરની મુખ્ય પત્ની બની. તેનું બીજું નામ રતિસેના હતું. |
| ३. वइरसेणा | दे. | वज्रसेना | વજ્રસેના | નંદનવનમાં આવેલા સાગરચિત્ત શિખરની અધિષ્ઠાત્રિ દેવી. આ અને વારિઅસેના એક છે. |
| वइराड | ऐ.भौ. | वैराट | વૈરાટ | મચ્છ દેશનું પાટનગર. |
| वइरावत्त | भौ.दे. | वैरावर्त | વૈરાવર્ત | વજ્ર(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरुत्तरवडिंसग | भौ.दे. | वैरोत्तरावतंसक | વૈરોત્તરાવતંસક | વજ્ર(૧)ના જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वइरुट्टा | दे. | वैरोट्या | વૈરોટ્યા | રક્ષક દેવી. |
| १. वइरोयण | भौ.दे. | वैरोचन | વૈરોચન | એક લોકાંતિક સ્વર્ગીય વાસસ્થાન, જ્યાં વૃષ્ણી દેવો વસે છે. અહીં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૮ સાગરોપમ છે. આ વાસસ્થાન બ્રહ્મલોકમાં છે. |
| २. वइरोयण | दे. | वैरोचन | વૈરોચન | ઈંદ્ર બલિનું બીજું નામ. |
| वइसेसिय | अ. | वैशेषिक | વૈશેષિક | એક અજૈન દર્શનશાસ્ત્ર. તેના વિચારકો યા પ્રતિ–પાદકો પણ આ નામથી જ ઓળખાય છે. રોહગુત્તે છ વૈશેષિક સૂત્ર રચ્યા હતા. |
| वइसेसियसुत्त | अ. | वैशेषिकसूत्र | વૈશેષિકસૂત્ર | વૈશેષિક નામના અજૈન દર્શનનો છલુઅ (રોહગુત્ત) દ્વારા રચાયેલો ગ્રન્થ. તેના છ પ્રકરણો હતા. |
| वंकचूल | क. | वक्रचूड | વક્રચૂડ | એક સદ્ગુણી પુરુષ તરીકે યાદ કરાતો રાજકુમાર. |
| वंग | भौ. | बङ्ग | બઙ્ગ | એક આર્ય દેશ અને મહાવીરના સમયના સોળ જનપદોમાંનું એક જનપદ. તેનું પાટનગર તામ્ર–લિપ્તિ હતું. |

| | | | | |
|---|---|---|---|---|
| वंगचूलिया | आ. | वर्गचूलिका | વર્ગચૂલિકા | આ અને વગ્ગચૂલિયા એક છે. |
| वंतर | दे. | व्यन्तर | વ્યન્તર | આ અને વાણવ્યંતર એક છે. |
| वंतरी | दे. | व्यन्तरी | વ્યન્તરી | વાણવ્યંતર દેવી. |
| वंदण | आ. | वन्दन | વન્દન | જુઓ વંદણગ. |
| वंदणग/वंदणय | आ. | वन्दनक | વન્દનક | આવશ્યક સૂત્રનો ત્રીજો અધ્યાય. |
| वंध | दे.ज. | वन्ध्य | વન્ધ્ય | અઠ્યાસી ગ્રહમાંનો એક. તે કક્કંધ અને કાકંધ નામે પણ જાણીતો છે. |
| वंस | आ. | वंश | વંશ | વિયાહપ્રજ્ઞપ્તિનો ચોથો પેટાવિભાગ. તેમાં દસ અધ્યયનો છે. |
| वंसा | भौ.न. | वंशा | વંશા | શર્કરાપ્રભા નામક બીજી નરકભૂમિનું બીજું નામ છે. |
| वंसालय | भौ. | वंशालय | વંશાલય | કાલિકેય દેશ જેવો દેશ. |
| वक्कंति | आ. | अवक्रान्ति | અવક્રાન્તિ | પ્રજ્ઞાપનાનું છઠ્ઠું પદ (પ્રકરણ). |
| वक्कल/ वक्कलचीरि | श्र.प्र. | वल्कल / वल्कलचीरिन् | વલ્કલ / વલ્કલચીરિન્ | અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| वक्कलवासि | अ.ता. | वल्कलवासिन् | વલ્કલવાસિન્ | વૃક્ષની છાલનો વસ્ત્ર તરીકે ઉપયોગ કરનારા વાનપ્રસ્થ પરિવ્રાજક તાપસોનો વર્ગ. |
| वक्कवासि | अ.ता. | वल्कलवासिन् | વલ્કલવાસિન્ | આ અને વક્કલવાસિ એક છે. |
| वक्कसुद्धि | आ. | वाक्यशुद्धि | વાક્યશુદ્ધિ | જુઓ વક્કસોહિ |
| वक्कसोहि | आ. | वाक्यशुद्धि | વાક્યશુદ્ધિ | દશવૈકાલિકનું સાતમું અધ્યયન. |
| वक्खार / वक्खारपव्वय | भौ. | वक्षकार / वक्षकारपर्वत | વક્ષસ્કાર/ વક્ષસ્કારપર્વત | તેઓ અર્ધચન્દ્રાકાર પર્વતો છે. તેમના શિખરોનો આકાર ઘોડાની ડોક જેવો છે. મંદરપર્વત, સીતા અને સિતોદા નદીઓ નજીક આ પર્વતોની ઊંચાઈ ૫૦૦ યોજન છે, ઊંડાણ ૫૦૦ ગવ્યૂતિ છે. પરંતુ નિસધ પર્વત અને નીલવંત પર્વત નજીક તેમની ઊંચાઈ ૪૦૦ યોજન છે, ઊંડાણ ૪૦૦ ગવ્યૂતિ છે. તે મહાવિદેહમાં આવેલા છે તેમની સંખ્યા વીસ છે. |
| वग्गचूला | आ. | वर्गचूला | વર્ગચૂલા | આ અને વગ્ગચૂલિયા એક છે. |
| १. वग्गचूलिया | आ. | वर्गचूलिका | વર્ગચૂલિકા | અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. જે શ્રમણના શ્રામણ્યપાલનને અગિયાર વર્ષ પૂરા થયા હોય તે શ્રમણ આ ગ્રન્થ ભણવાનો અધિકારી છે. આ ગ્રન્થ અંતકૃદ્દશાના આઠ વર્ગોની ચૂલિકા છે. |
| २. वग्गचूलिया | आ. | वर्गचूलिका | વર્ગચૂલિકા | સંખેવિયદસાનું એક અધ્યયન. |
| वग्गसीह | अ.ती. | वर्गसिंह | વર્ગસિંહ | જુઓ વગ્ઘસીહ. |
| १. वग्गु | भौ. | वल्गु | વલ્ગુ | પશ્ચિમ મહાવિદેહની ઉત્તરમાં આવેલો વિજય. તેનું પાટનગર ચક્કપુરા છે. |
| २. वग्गु | दे. | वल्गु | વલ્ગુ | શક્રના લોકપાલ વૈશ્રમણનું સ્વર્ગીય વિમાન. |

| | | | | |
|---|---|---|---|---|
| वग्गुर | अ. | *वल्गुर* | વલ્ગુર | પુરિમતાલ નગરના શ્રેષ્ઠી. તેમની પત્ની હતી ભદ્રા આ શ્રેષ્ઠી નિત્ય મલ્લિની મૂર્તિની પૂજા કરતા. |
| वग्घमुह | भौ. | *व्याघ्रमुख* | વ્યાઘ્રમુખ | એક અંતરદીવ. |
| वग्घसीह | अ.ती. | *व्याघ્रसिंह* | વ્યાઘ્રસિંહ | આ અને 'વગ્ગસીહ' એક છે જેણે કુંથુને સૌપ્રથમ ભિક્ષા આપી હતી. |
| १. वग्घावच्च | अ. | *व्याघ्रापत्य* | વ્યાઘ્રાપત્ય | વાસિટ્ઠ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| २. वग्घावच्च | अ.ज. | *व्याघ्रापत्य* | વ્યાઘ્રાપત્ય | ઉત્તરાસાઢા નક્ષત્રનું ગોત્રનામ. |
| १. वच्छ | भौ. | *वत्स* | વત્સ | એક આર્ય દેશ જેનું પાટનગર કૌશાંબી હતું. રાજા શતાનિક ત્યાં રાજ કરતો હતો. |
| २. वच्छ | ऐ.भौ. | *वत्स* | વત્સ | જુઓ મચ્છ અને તેનું ટિપ્પણ. |
| ३. वच्छ | भौ. | *वत्स* | વત્સ | મહાવિદેહના વચ્છ પ્રદેશમાં આવેલા દીર્ઘવૈતાઢ્ય પર્વતના નવ શિખરોમાંના બે શિખરો. |
| ४. वच्छ | अ. | *वत्स* | વત્સ | આચાર્ય શય્યંભવ જે ગોત્રના હતા તે ગોત્ર. તેની સાત શાખાઓ હતી. |
| ५. वच्छ | भौ. | *वत्स* | વત્સ | મહાવિદેહનો એક પ્રદેશ. તે સીતા નદીની દક્ષિણે આવેલો છે. |
| वच्छका | भौ. | *वत्सका* | વત્સકા | જુઓ વચ્છગા. |
| वच्छकातीर | ऐ.भौ. | *वत्सकातीर* | વત્સકાતીર | વચ્છગા નદીના કાંઠે કૌશાંબી અને ઉજ્જેની વચ્ચે આવેલું શહેર. |
| वच्छगा | भौ. | *वत्सका* | વત્સકા | જે નદીના કાંઠે વચ્છગાતીર શહેર આવેલું તે નદી. |
| वच्छगावती | भौ. | *वत्सकावती* | વત્સકાવતી | આ અને વચ્છાવઈ એક છે. |
| वच्छणयरी | ऐ. | *वत्सनगरी* | વત્સનગરી | જ્યાં મહાવીરે ઘણો કઠણ અભિગ્રહ લીધો હતો તે કૌશાંબી નગરનું બીજું નામ. |
| वच्छभूमि | भौ.ऐ. | *वत्सभूमि* | વત્સભૂમિ | આ અને વચ્છ(૧) એક છે. |
| १. वच्छमित्ता | दे. | *वत्समित्रा* | વત્સમિત્રા | ઊર્ધ્વલોકમાં વસતી મુખ્ય દિસાકુમારી દેવી. સ્થાન સૂત્ર અનુસાર તે અધોલોકમાં વસે છે. |
| २. वच्छमित्ता | दे. | *वत्समित्रा* | વત્સમિત્રા | નંદનવનમાં આવેલા રુચક શિખર ઉપર વસતી દેવી. આ અને વચ્છમિત્તા(૧) એક છે. |
| ३. वच्छमित्ता | दे. | *वत्समित्रा* | વત્સમિત્રા | સોમનસ પર્વતના કંચણ શિખર ઉપર વસતી દેવી. |
| वच्छयातीर | ऐ.भौ. | *वत्सकातीर* | વત્સકાતીર | આ અને વચ્છગાતીર એક છે. |
| वच्छयावती | ऐ.भौ. | *वत्सकावती* | વત્સકાવતી | આ અને વચ્છાવઈ એક છે. |
| वच्छवाली | अ. | *वत्सपाली* | વત્સપાલી | વયગ્ગામની વૃદ્ધા. તેણે મહાવીરને ભિક્ષા આપેલી |
| वच्छा | भौ. | *वत्सा* | વત્સા | આ અને વચ્છ(૬) પ્રદેશ એક છે. |
| वच्छाभूमि | भौ. | *वत्सभूमि* | વત્સભૂમિ | આ અને વચ્છ(૧) એક છે. |
| वच्छावइ | ऐ.भौ. | *वत्सावती* | વત્સાવતી | મહાવિદેહની એક વિજય તેનું પાટનગર પભંકરા છે |

| | | | | |
|---|---|---|---|---|
| **वच्छी** | अ.च. | *वत्सा* | વત્સા | ચારુદત્તની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| **१. वज्ज** | दे.भौ. | *वज्र* | વજ્ર | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેર સાગરોપમ વર્ષનું છે, તેઓ તેર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને તેર હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| **२. वज्ज** | ऐ.भौ. | *वज्र* | વજ્ર | મહાવીરના સમયના સોળ જનપદોમાંનું એક. |
| **३. वज्ज** | भौ. | *वज्र* | વજ્ર | લાઢ દેશનો એક વિભાગ. આ અને વજભૂમિ એક છે. જુઓ લાઢ. |
| **वज्जंकुसी** | दे. | *वज्राङ्कुशी* | વજ્રાङ્કુશી | એક દેવી. |
| **वज्जकंत** | दे.भौ. | *वज्रकान्त* | વજ્રકાન્ત | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जकूड** | दे.भौ. | *वज्रकूट* | વજ્રકૂટ | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जणाभ** | श्र.ती. | *वज्रनाभ* | વજ્રનાભ | ચોથા તીર્થંકર અભિનંદનના પ્રથમ શિષ્ય. |
| **वज्जप्पभ** | दे.भौ. | *वज्रप्रभ* | વજ્રપ્રભ | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जपाणि** | दे. | *वज्रपाणि* | વજ્રપાણિ | જુઓ શક્ર(૩). |
| **वज्जभूमि** | भौ. | *वज्रभूमि* | વજ્રભૂમિ | લાઢ દેશનો એક વિભાગ. મહાવીર ત્યાં પધારેલા. |
| **वज्जरूव** | दे.भौ. | *वज्ररूप* | વજ્રરૂપ | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जलाढ** | भौ. | *वज्रराढ* | વજ્રરાઢ | આ અને લાઢ દેશનો વિભાગ વજ્ર એક છે. અહીં ગોસાલકને માર મરાયેલો. જુઓ લાઢ, વજ્રભૂમિ. |
| **वज्जलेस** | दे.भौ. | *वज्रलेश्य* | વજ્રલેશ્ય | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जवण्ण** | दे.भौ. | *वज्रवर्ण* | વજ્રવર્ણ | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जसिंखला** | दे. | *वर्जश्रृङ्खला* | વજ્રશૃङ્ખલા | એક દેવી. |
| **वज्जसिंग** | दे.भौ. | *वज्रश्रृङ्ग* | વજ્રશૃङ્ગ | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जसिट्ठ** | दे.भौ. | *वज्रसृष्ट* | વજ્રસૃષ્ટ | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जसेणा** | आ. | *वज्रसेना* | વજ્રસેના | આ અને વઈરસેણા એક છે. |
| **१. वज्जा** | क. | *वज्रा* | વજ્રા | 'કટ્ઠ' શ્રેષ્ઠીની પત્ની. તે બ્રાહ્મણ દેવશર્મા ના પ્રેમમાં પડી હતી. |
| **२. वज्जा** | भौ. | *वज्रा* | વજ્રા | આ અને વજ્રભૂમિ એક છે. |
| **वज्जावत्त** | दे.भौ. | *वज्रावर्त* | વજ્રાવર્ત | વજ્ર(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **वज्जि** | दे. | *वज्रिन्* | વજ્રિન્ | ઇંદ્ર શક્રનું બીજું નામ અથવા કોણિકની માતા ચેલ્લણા વજ્જિગણના પ્રદેશની હોવાથી વજ્જિ નામે જાણીતી હતી તેથી કોણિકના વિશેષણ તરીકે વજ્જિ શબ્દ વપરાતો હતો. |
| **वज्जियपुत्त** | श्र.प्र. | *वज्रियपुत्र* | વજ્જિયપુત્ર | અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| **वज्जुत्तरवडिंसग** | दे.भौ. | *वज्रोत्तरावतंसक* | વજ્રોત્તરાવતંસક | વજ્ર જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |

| | | | | |
|---|---|---|---|---|
| वज्झ | भौ. | वज्र | વજ્ર | આ અને વજ્ર(૩) એક છે. |
| वज्झार | अ. | वर्ध्रकार | વર્ધ્રકાર | ચામડાની વાધરી બનાવનાર કારીગરોનું આર્ય ઔદ્યોગિક મંડળ. |
| वज्झियायण | अ.ज. | वध्यायन | વધ્યાયન | પુવ્વાસાઢા નક્ષત્રનું ગોત્રનામ. |
| वट्ट | ऐ.भौ. | वर्त | વર્ત | સાડી પચીસ આર્ય દેશોમાંનો એક દેશ જેનું પાટ–નગર માસપુરી હતું. |
| वट्टवेयड्ढ | भौ. | वृत्तवैताढ्य | વૃત્તવૈતાઢ્ય | જુઓ વૈતાઢ્ય(૧). |
| वडथलग | ऐ. | वटस्थलक | વટસ્થલક | આ સ્થળે ચક્રવર્તી બ્રહ્મદત્ત આવ્યા હતા. |
| वडपुर | ऐ. | वटपुर | વટપુર | શ્રાવસ્તી નજીક આવેલું શહેર. અહીં ચક્રવર્તી બ્રહ્મદત્ત આવ્યા હતા. |
| १. वडिंस | भौ. | अवतंस | અવતંસ | ભદ્રશાલવનમાં આવેલ દિગ્હસ્તીકૂડ. આ જ નામનો દેવ અહીં વસતો હતો. |
| २. वडिंस | भौ. | अवतंस | અવતંસ | મંદરપર્વતના ૧૬ નામોમાંનું એક. આ અને વડેંસ એક છે. |
| वडेंस | भौ. | अवतंस | અવતંસ | મંદર પર્વતનું એક નામ. આ અને વડિંસ એક છે. |
| १. वडेंसा | आ. | अवतंसा | અવતંસા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું સત્તરમું અધ્યયન. |
| २. वडेंसा | दे. | अवतंसा | અવતંસા | ઇંદ્ર કિન્નરની મુખ્ય પત્ની. તે તેના પૂર્વભવમાં નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| वड्ढमाण | ती. | वर्धमान | વર્ધમાન | મહાવીરનું મૂળ નામ. |
| वणमाल | दे.भौ. | वनमाल | વનમાલ | મહિય જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वणराइ | अ.च. | वनराजि | વનરાજિ | સિંધુદત્તની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| वणवासी | ऐ. | वनवासी | વનવાસી | ભરત ક્ષેત્રના અડધા ભાગમાં આવેલું નગર. જરા કુમારના પુત્ર જિતશત્રુ રાજા અહીં રાજ કરતા હતા. |
| वणसंड | ऐ. | वनखण्ड | વનખણ્ડ | પાડલસંડના સીમાડે આવેલું ઉદ્યાન. યક્ષ ઉંબરદત્ત તેમાં રહેતા હતા. |
| वणिज्ज | अ.ज. | वाणिज्य | વાણિજ્ય | અગિયાર કરણમાંનું એક કરણ (દિનવિભાગ). |
| वणिय | अ.ज. | वणिज | વણિજ | આ અને વણિજ્જ એક છે. |
| १. वण्हि | क. | वृष्णि | વૃષ્ણિ | બારાવઈનો યાદવ રાજા. સંભવતઃ તે અંધ હતો અને તેથી તે અંધગવૃષ્ણી કહેવાતો. તેની પત્ની ધારિણી હતી. તેને દસ પુત્રો હતા. બીજા ઉલ્લેખ મુજબ તેને આઠ પુત્રો હતા. |
| २. वण्हि | अ. | वृष्णि | વૃષ્ણિ | હરિવંશમાંથી ઊતરી આવેલું કુળ. તે યાદવકુળ છે. અંધગવૃષ્ણી તેનું બીજું નામ છે. |
| ३. वण्हि | दे. | वृष्णि | વૃષ્ણિ | લોકાંતિક દેવોના નવ ભેદોમાંનો એક ભેદ. |
| वण्हिआ | आ. | वह्निका | વહ્નિકા | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. |

| | | | | |
|---|---|---|---|---|
| वण्हिदसा | आ. | वृष्णिदशा | વૃષ્ણિદશા | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર જે અંધગવૃષ્ણી દશા નામે પણ જાણીતો છે. તેમાં વૃષ્ણીકુળના ૧૨ રાજકુમારોનું જીવનવૃત્તાન્ત છે. તેથી તેમાં ૧૨ અધ્યયનો છે. આ સૂત્ર પાંચમાં ઉપાંગ રુપે પ્રસિદ્ધ છે. તેની ગણતરી બારમાં ઉપાંગ રુપે થાય છે. |
| वत्थका | भौ. | वत्सका | વત્સકા | જુઓ વચ્છગા. |
| वत्थजंभग | दे. | वस्त्रजृम्भक | વસ્ત્રજૃમ્ભક | જૃંભગ દેવોના દસ ભેદોમાંનો એક ભેદ. |
| वत्थपुस्समित्त | श्र. | वस्त्रपुष्यमित्र | વસ્ત્રપુષ્યમિત્ર | આ અને પોત્તપુષ્યમિત્ર એક છે. |
| वत्थवालथेरी | अ. | वस्त्रपालस्थविरा | વસ્ત્રપાલસ્થવિરા | વયગ્ગામની વૃદ્ધા. છ મહીનાના પરીષહો પછી મહાવીરને આ વૃદ્ધા પાસેથી ભિક્ષા મળી હતી. |
| वत्थाभूमि | भौ. | वत्सभूमि | વત્સભૂમિ | આ અને વચ્છ(૧) એક છે. |
| १. वद्धमाण | ती. | वर्धमान | વર્ધમાન | આ અને 'વદ્ધમાણ' એક છે જે તીર્થંકર મહાવીરનું મૂળ નામ છે. |
| २. वद्धमाण | ती.ऐ. | वर्धमान | વર્ધમાન | ચૌદમા તીર્થંકર અનંતને જે શહેરમાં સૌપ્રથમ ભિક્ષા મળી હતી તે શહેર. તેનું મૂળ નામ 'અટ્ઠિયગામ' હતું. મહાવીર અહીં આવ્યા હતા. |
| ३. वद्धमाण | श्र.प्र. | वर्धमान | વર્ધમાન | તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| १. वद्धमाणग | दे.ज. | वर्धमानक | વર્ધમાનક | અઠ્યાસી ગહોમાંનો એક. |
| २. वद्धमाणग | ती.ऐ. | वर्धमानक | વર્ધમાનક | આ અને વર્ધમાન(૨) એક છે. |
| वद्धमाणपुर | ऐ.गो. | वर्धमानपुर | વર્ધમાનપુર | જે નગરમાં વિજયવર્ધમાન નામક ઉદ્યાન આવેલું હતું તે નગર. તે નગરમાં યક્ષ માણિભદ્રનું ચૈત્ય હતું. ત્યાં રાજા વિજયમિત્ત(૧) રાજ કરતા હતા. |
| वद्धमाणय | ती.ऐ. | वर्धमानक | વર્ધમાનક | આ અને વર્ધમાન(૨) એક છે. |
| वद्धमाणसामि | ती. | वर्धमानस्वामिन् | વર્ધમાનસ્વામિન્ | આ અને વર્ધમાન અથવા મહાવીર એક છે. |
| वद्धमाणा | ती. | वर्धमाना | વર્ધમાના | શાશ્વતી જિનપ્રતિમા. |
| १. वप्प | भौ. | वप्र | વપ્ર | પશ્ચિમ મહાવિદેહનો પ્રદેશ જેનું પાટનગર વિજય છે. ચંદ નામનો વક્ષસ્કાર પર્વત તેમાં આવેલો છે. |
| २. वप्प | भौ. | वप्र | વપ્ર | મહાવિદેહમાં આવેલા ચંદ પર્વતનું શિખર. |
| १. वप्पगा | ऐ.च. | वप्रका | વપ્રકા | (રયણપુરમાં આવેલું) ઉદ્યાન જ્યાં તીર્થંકર ધર્મ એ સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| २. वप्पगा | अ. | वप्रका | વપ્રકા | આ અને વપ્પા એક છે. |
| वप्पगावती | भौ. | वप्रकावती | વપ્રકાવતી | આ અને વપ્પાવઈ એક છે. |
| वप्पयावइ | भौ. | वप्रकावती | વપ્રકાવતી | જુઓ વપ્પાવઈ. |
| १. वप्पा | अ.च. | वप्रा | વપ્રા | અગિયારમાં ચક્રવર્તી જયની માતા. અને રાજા વિજયની પત્ની. |

| | | | | |
|---|---|---|---|---|
| २. वप्पा | ती. | *वप्रा* | વપ્રા | એકવીસમા તીર્થંકર નમિની માતા અને મિથિલા ના રાજા વિજયની પત્ની. |
| ३. वप्पा | भौ. | *वप्रा* | વપ્રા | આ અને 'વપ્પ' એક છે. |
| १. वप्पावइ | भौ. | *वप्रावती* | વપ્રાવતી | મહાવિદેહનો એક પ્રદેશ, જેની રાજધાની અપરાજિતા છે. |
| २. वप्पावइ | भौ. | *वप्रावती* | વપ્રાવતી | 'સૂર' પર્વતનું શિખર. |
| १. वम्मा | ती. | *वामा* | વામા | જુઓ વામા. |
| २. वम्मा | अ.च. | *वर्मा* | વર્મા | ભરતની પત્ની અને મરીચીની માતા. |
| वयगाम | भौ. | *वज्रगाम* | વજ્રગામ | ગોવાળિયાઓનો સંનિવેશ. મહાવીર સિદ્ધાર્થપુરથી અહીં આવ્યા હતા. |
| वयधारि | ती. | *व्रतधारिन्* | વ્રતધારિન્ | ભ૦ પદ્મપ્રભના સમકાલીન ઐરાવત ક્ષેત્રના છઠ્ઠા તીર્થંકર. તેમને વવહારિ નામે પણ ઓળખાય છે. |
| वयर | दे. | *वज्र / वैर* | વજ્ર / વૈર | જુઓ વજ્ર. |
| वर | ती. | *वर* | વર | જુઓ ધર(૧). |
| वरणा | ऐ. | *वरणा* | વરણા | આર્ય દેશ અચ્છ(૨)નું પાટનગર. |
| १. वरदत्त | आ. | *वरदत्त* | વરદત્ત | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું દસમું અધ્યયન. |
| २. वरदत्त | श्र. | *वरदत्त* | વરદત્ત | સાકેતના રાજા મિત્રનંદી અને રાણી શ્રીકંતાનો પુત્ર તેને ૫૦૦ પત્નીઓ હતી, તેમાં મુખ્ય હતી વરસેણા તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી અને મૃત્યુ પછી તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ બન્યો. |
| ३. वरदत्त | ती.ग. | *वरदत्त* | વરદત્ત | બાવીસમાં તીર્થંકર અરિષ્ટનેમિના પ્રથમ શિષ્ય. ભ૦ અરિષ્ટનેમિને સૌપ્રથમ ભિક્ષા આપનાર. |
| वरदा | भौ. | *वरदा* | વરદા | એક નદી. તેના કાંઠે વસતા લોકો એકબીજાને 'હલે' કહી બોલાવતા. |
| वरदाम | ऐ. | *वरदाम* | વરદામ | ભરત ક્ષેત્રના દક્ષિણના છેડાના બિંદુએ આવેલું પવિત્રસ્થાન જ્યાં ભરતક્ષેત્ર લવણસમુદ્રને મળે છે. આ જ નામનું પવિત્ર સ્થાન ઐરાવત અને મહા–વિદેહમાં પણ છે. |
| वरदामतित्थ | ऐ. | *वरदामतीर्थ* | વરદામતીર્થ | જુઓ વરદામ. |
| वरदिण्ण | ती.ग. | *वरदत्त* | વરદત્ત | આ અને વરદત્ત(૪) એક છે. |
| वरधणु | अ.च. | *वरधनुष्* | વરધનુષ્ | કંપિલ્લપુરના રાજા બંભના મંત્રી ધનુનો પુત્ર. તે અત્યંત બુદ્ધિમાન હતો. બાળપણથી જ તે ચક્રવર્તી બ્રહ્મદત્તનો મિત્ર હતો. પછી તે તેમનો મંત્રી બન્યો. |
| वरधणु(ग) | अ.च. | *वरधनुष्क* | વરધનુષ્ક | આ અને વરધણુ એક છે. |
| वरभूति | श्र. | *वरभूति* | વરભૂતિ | આ અને વજ્રભૂતિ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| वररुइ | क. | वररुचि | વરરુચિ | નંદ વંશના રાજા મહાપદ્મની પ્રશંસા કરવા ટેવાયેલો બ્રાહ્મણ. તે કારણે તેને રાજા તરફથી દરરોજ ૧૦૮ સુવર્ણમહોરો મળતી. તે પાટલિપુત્રની ગણિકા ઉપકોશાના પ્રેમમાં હતો. પછીથી તે સગડાલ નો દુશ્મન બની ગયો હતો. જુઓ 'સગડાલ'. |
| वरसेणा | अ. | वरसेना | વરસેના | રાજકુમાર વરદત્તની પાંચસો પત્નીઓમાં મુખ્ય. |
| वराह | ती.ग. | वराह | વરાહ | નવમાં તીર્થંકર સુવિધિના પ્રથમ ગણધર. |
| वरिट्ठ | च. | वरिष्ठ | વરિષ્ઠ | ભરત ક્ષેત્રના બારમા ભાવિ ચક્રવર્તી. |
| १. वरिसकण्ह | अ. | वर्षकृष्ण | વર્ષકૃષ્ણ | કાસવ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| २. वरिसकण्ह | श्र.प्र. | वर्षकृष्ण | વર્ષકૃષ્ણ | આ અને વરિસવકૃષ્ણ એક છે. |
| वरिसवकण्ह | श्र.प्र. | वर्षकृष्ण | વર્ષકૃષ્ણ | અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| वरुट्ट | अ. | वरुट्ट | વરુટ્ટ | નેતરકામ કરનાર કારીગરોનું આર્ય ઔદ્યોગિક મંડળ |
| १. वरुण | दे. | वरुण | વરુણ | શક્રનો લોકપાલ. તેનું વિમાન 'સયંજલ' નામે જાણીતું છે. વરુણનું આયુષ્ય બે પલ્યોપમ વર્ષોથી કંઈક ઓછું છે. |
| २. वरुण | दे. | वरुण | વરુણ | ઈશાનેન્દ્રનો લોકપાલ. તેના વિમાનનું નામ સુવલ્ગુ છે. |
| ३. वरुण | दे. | वरुण | વરુણ | ચમરનો લોકપાલ તેમજ બલિનો લોકપાલ. |
| ४. वरुण | दे. | वरुण | વરુણ | લોકાંતિક દેવોનો એક પ્રકાર. |
| ५. वरुण | दे.ज. | वरुण | વરુણ | શતભિસજા ગ્રહનો અધિષ્ઠાતા દેવ. |
| ६. वरुण | दे. | वरुण | વરુણ | વરુણવર દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ७. वरुण | दे. | वरुण | વરુણ | પશ્ચિમ દિશાનો દેવ. |
| ८. वरुण | श्रा. | वरुण | વરુણ | વૈશાલી નગરનો શ્રમણોપાસક. તેણે પોતાના ઉપર હૂમલો ન કરનારને ન હણવાનું વ્રત લીધું હતું. રથમુશલ યુદ્ધમાં પણ તેણે આ વ્રતનું ચુસ્તપણે પાલન કર્યું હતું. મૃત્યુ પછી સૌધર્મકલ્પે દેવ થયા. |
| ९. वरुण | स.ज. | वरुण | વરુણ | દિનરાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| १०. वरुण | श्र.प्र. | वरुण | વરુણ | મહાવીરના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| वरुणकाइय | दे. | वरुणकायिक | વરુણકાયિક | શક્રના લોકપાલ વરુણના તાબામાં રહેલો દેવવર્ગ. |
| वरुणदीव | भौ. | वरुणद्वीप | વરુણદ્વીપ | આ અને વરુણવર એક છે. |
| वरुणदेवकाइय | दे. | वरुणदेवकायिक | વરુણદેવકાયિક | શક્રના લોકપાલ વરુણના તાબામાં રહેલો એક દેવવર્ગ. |
| वरुणदेवा | अ.ग. | वरुणदेवा | વરુણદેવા | મહાવીરના દસમા ગણધર મેતાર્ય ની માતા. |
| वरुणप्पभ | दे. | वरुणप्रभ | વરુણપ્રભ | વરુણવર દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |

| | | | | |
|---|---|---|---|---|
| **वरुणप्पभसेल** | **भौ.** | *वरुणप्रभशैल* | વરુણપ્રભશૈલ | વલયાકાર ગંજાવર કુંડલવર પર્વતની અંદરના ભાગે આવેલ પર્વત. શક્રના લોકપાલ વરુણનું રહેઠાણ. |
| **वरुणवर** | **भौ.** | *वरुणवर* | વરુણવર | પુષ્કરવર સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ જે વલયાકાર વરુણોદ સમુદ્રથી વર્તુળાકારે ઘેરા–યેલો છે. વરુણવર દ્વીપના બે અધિષ્ઠાતા દેવો છે — વરુણ અને વરુણપ્પભ. |
| **वरुणोद** | **भौ.** | *वरुणोद* | વરુણોદ | વલયાકાર વરુણવરને વર્તુળાકારે ઘેરીને આવેલો વલયાકાર સમુદ્ર જે ખુદ વલયાકાર ખીરવર દ્વીપથી વર્તુળાકારે ઘેરાયેલો છે. તેનું પાણી સ્વાદમાં મદિરા જેવું છે. આ વરુણોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવતા છે — વારુણી અને વારુણિકંત. |
| **१. वरुणोववाय** | **आ.** | *वरुणोपपात* | વરુણોપપાત | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. શ્રામણ્યપાલનના ૧૨ વર્ષ પૂરા કર્યા હોય તેને આ સૂત્ર ભણવાનો અધિકાર છે. આ સૂત્ર હવે અસ્તિત્વમાં નથી. |
| **२. वरुणोववाय** | **आ.** | *वरुणोपपात* | વરુણોપપાત | ‘સંખેવિયદસા’નું સાતમું અધ્યયન. આ અને ‘વરુણોવવાય’ એક લાગે છે. |
| **वलयामुह** | **भौ.** | *वडवामुख* | વડવામુખ | લવણ સમુદ્રમાં આવેલા ૪ મહાપાતાલકળશમાંનો એક. તેના અધિષ્ઠાતા દેવ કાલ(૧૧) છે. |
| **वल्लहीपुर** | **ऐ.** | *वलभीपुर* | વલભીપુર | જે નગરમાં વીરનિર્વાણ સંવત ૯૮૦ યા ૯૯૩માં દેવર્ધિગણિની અધ્યક્ષતામાં જૈન આગમોને લેખન બદ્ધ કરવામાં આવ્યા તે નગર. |
| **वल्ली** | **आ.** | *वल्ली* | વલ્લી | ભગવતીના શતક ૨૨ નો ઉદ્દેશક ૬. તેમાં દશ અધ્યયનો છે. |
| **ववहार** | **आ.** | *व्यवहार* | વ્યવહાર | આ અંગબાહ્ય કાલિક આગમસૂત્ર છે. છ છેદસૂત્ર માં તેની ગણના થાય છે. તેમાં દસ ઉદ્દેશ છે. તેમાં શ્રમણાચારના નિયમો અને વિવિધ પ્રાયશ્ચિત્તોનું નિરૂપણ છે. તેમાં આચાર્ય, ઉપાધ્યાયાદિ પદવી–ધારીઓની આવશ્યક યોગ્યતાઓ જણાવવામાં આવી છે. શ્રમણીઓ માટે અલગ નિયમો અપાયા છે. દસમા ઉદ્દેશના અંતે શ્રમણોનો અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમ પ્રમાણે નવદીક્ષિતને માટે અભ્યાસક્રમ પૂરો કરવા વીસ વર્ષનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે.<br>આ આગમસૂત્ર પચ્ચખાણપ્રવાદ નામના એક પૂર્વ સૂત્ર ઉપર આધારિત છે અને ગચ્છાચારની રચનામાં પણ આ આગમસૂત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે. |
| **ववहारचुण्णि** | **आ.** | *व्यवहारचूर्णि* | વ્યવહારચૂર્ણિ | વવહાર ઉપરની એક પ્રકારનું ગદ્ય વિવેચન. |

| | | | | |
|---|---|---|---|---|
| ववहारणिज्जुत्ति | आ. | व्यवहारनिर्युक्ति | વ્યવહારનિર્યુક્તિ | વવહાર ઉપરની એક પ્રકારની ગાથાબદ્ધ ટીકા. તેની રચના ભદ્રબાહુ(૨)એ કરી છે. |
| ववहारभास | आ. | व्यवहारभाष्य | વ્યવહારભાષ્ય | વવહાર અને તેની નિર્યુક્તિ પરની ગાથાબદ્ધ ટીકા. કલ્પ, નિસીથ, દશાશ્રુતસ્કંધ (આચારદશા) અને ઓઘનિર્યુક્તિના ભાષ્યો રચાયા પછી આ ભાષ્ય રચાયું છે. તેમાં તિત્થોગાલીનો પણ ઉલ્લેખ છે. |
| ववहारि | ती. | व्यवहारिन् | વ્યવહારિન્ | જંબૂદ્વીપના ઐરાવતક્ષેત્રના છઠ્ઠા તીર્થંકર. જુઓ વચધારિ. |
| १. वसंतपुर | ऐ. | वसंतपुर | વસંતપુર | મગધનું એક ગામ. સામાયિકશ્રેષ્ઠી અહીંના હતા. |
| २. वसंतपुर | ऐ.भौ. | वसंतपुर | વસંતપુર | અવરવિદેહ(૧)માં આવેલું નગર. |
| ३. वसंतपुर | भौ. | वसंतपुर | વસંતપુર | જે નગરમાં જિતશત્રુ(૨૬), જિતશત્રુ(૪૦) અને અજિતસેન(૩) રાજ કરતા હતા તે નગર. |
| १. वसह | स.ज. | वृषभ | વૃષભ | દિનરાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| २. वसह | अ. | वृषभ | વૃષભ | આ શબ્દના અન્ય રૂપો છે રિસહ અને ઋષભ(૪). |
| १. वसिट्ठ | दे. | वशिष्ठ | વશિષ્ઠ | સોમનસ પર્વતના વસિષ્ટકૂડ શિખરનો અધિષ્ઠાતા દેવ. |
| २. वसिट्ठ | ती.ग. | वशिष्ठ | વશિષ્ઠ | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરોમાંના એક. |
| ३. वसिट्ठ | दे. | वशिष्ठ | વશિષ્ઠ | ઉત્તરના દ્વીપકુમાર દેવોના ઇંદ્ર. તેમને છ મુખ્ય પત્નીઓ છે. તેમના નામ ભૂતાનંદની પત્નીઓના નામ સમાન છે. |
| वसिट्ठकूड | भौ. | वशिष्ठकूट | વશિષ્ઠકૂટ | સોમનસ પર્વતનું શિખર. ત્યાં વસિટ્ઠ દેવ વસે છે. |
| १. वसु | श्र. | वसु | વસુ | રાજા મહબ્બલનો મિત્ર જેની સાથે તેણે સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| २. वसु | दे. | वसु | વસુ | ધનિષ્ઠા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| ३. वसु | श्र. | वसु | વસુ | નિહ્નવ તિષ્યગુપ્તના ગુરુ. તે ચૌદ પૂર્વસૂત્રોના ધારક હતા. |
| ४. वसु | क. | वसु | વસુ | એક જ વાર અસત્ય બોલવાના કારણે જે રાજાને નરકમાં જન્મ લેવો પડ્યો તે રાજા. |
| ५. वसु | अ.ग. | वसु | વસુ | મહાવીરના નવમા ગણધર અચલભ્રાતાના પિતા. |
| ६. वसु | दे. | वसु | વસુ | ઈશાનેન્દ્રની ઇન્દ્રાણી. તે તેના પૂર્વભવમાં શ્રાવસ્તીના શ્રેષ્ઠી રામ(૭)ની પુત્રી હતી. |
| १. वसुंधरा | दे. | वसुन्धरा | વસુન્ધરા | દક્ષિણ રુચકવર પર્વતના વેરુલિઅ(૨) શિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી. |
| २. वसुंधरा | च. | वसुन्धरा | વસુન્ધરા | વર્તમાન અવસર્પિણી કાલચક્રના નવમા ચક્રવર્તી મહાપદ્મની મુખ્ય પત્ની. |
| ३. वसुंधरा | दे. | वसुन्धरा | વસુન્ધરા | ચમરેંદ્રના ૪ લોકપાલ સોમ, જમ, વરુણ, વૈશ્રમણ માંથી પ્રત્યેકની પત્નીનું નામ. જુઓ સોમ(૩). |

| | | | | |
|---|---|---|---|---|
| ४. वसुंधरा | दे. | वसुन्धरा | વસુન્ધરા | ઈશાન સ્વર્ગીય ક્ષેત્રના ઇંદ્રની રાણી. તે તેના પૂર્વ ભવમાં કૌશાંબીના શ્રેષ્ઠી રામ(૮)ની પુત્રી હતી. |
| ५. वसुंधरा | आ. | वसुन्धरा | વસુન્ધરા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું આઠમું અધ્યયન. |
| १. वसुगुत्ता | दे. | वसुगुप्ता | વસુગુપ્તા | ઈશાન સ્વર્ગીય ક્ષેત્રના ઇંદ્રની રાણી. તે તેના પૂર્વ ભવમાં શ્રાવસ્તીના શ્રેષ્ઠી રામ(૭)ની પુત્રી હતી. |
| २. वसुगुत्ता | आ. | वसुगुप्ता | વસુગુપ્તા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું છઠ્ઠું અધ્યયન. |
| वसुदत्ता | अ. | वसुदत्ता | વસુદત્તા | કૌશાંબીના પુરોહિત સોમદત્ત(૪)ની પત્ની. તેમને બૃહસ્પતિદત્ત નામનો પુત્ર હતો. |
| वसुदेव | क.च. | वसुदेव | વસુદેવ | શૌર્યપુરના રાજા. તે રાજા અંધગવૃષ્ણીના પુત્ર, રામ અને કેસવના પિતા અને રોહિણી તેમજ દેવઈના પતિ હતા. તેમને બીજી ઘણી પત્નીઓ અને ઘણા પુત્રો હતા. જ્યારે બારવઈ આગમાં બળી ત્યારે તે મૃત્યુ પામ્યા. તેમના પૂર્વભવ માટે નંદિસેન જુઓ. |
| वसुदेवचरिय | अ. | वसुदेवचरित | વસુદેવચરિત્ર | વસુદેવના જીવનવૃત્તનું નિરૂપણ કરતો ગ્રન્થ. આ કૃતિ વસુદેવહિંડીથી ભિન્ન જણાતી નથી. |
| वसुदेवहिंडी | अ. | वसुदेवहिण्डी | વસુદેવહિણ્ડી | વસુદેવના જીવનનું સંપૂર્ણપણે નિરૂપણ કરતો ગ્રન્થ. તે સઙ્ઘદાસગણિની રચના છે. |
| वसुपुज्ज | ती. | वसुपूज्य | વસુપૂજ્ય | ચંપાનગરના રાજા, તીર્થંકર વાસુપૂજ્યના પિતા અને રાણી જયાના પતિ. |
| १. वसुभूइ | अ.ग. | वसुभूति | વસુભૂતિ | તીર્થંકર મહાવીરના પ્રથમ ત્રણ ગણધર ઇંદભૂઈ, અગ્નિભૂતિ અને વાયુભૂઈના પિતા. પુહવી(૩) તેમની પત્ની હતી. તે ગોબ્બરગામ(૧)ના હતા. |
| २. वसुभूइ | श्रा. | वसुभूति | વસુભૂતિ | પાડલિપુત્તના શ્રેષ્ઠી. તે આ ચાર્ય સુહસ્તીના |
| ३. वसुभूइ | श्र. | वसुभूति | વસુભૂતિ | એક વિદ્વાન આચાર્ય. તે મહાધ્યાની હતા. પુષ્ય-મિત્ર (૨) તેમના મુખ્ય શિષ્ય હતા. વસુભૂઈ અને પૂસભૂતિ એક છે. |
| वसुभूति | श्रा. | वसुभूति | વસુભૂતિ | જુઓ વસુભૂઈ(૨). |
| १. वसुमइ | श्र. | वसुमति | વસુમતિ | ચંદનાનું બીજું નામ. |
| २. वसुमइ | आ. | वसुमति | વસુમતિ | જ્ઞાતાધર્મકથા શ્રુતસ્કન્ધ ૨ વર્ગ ૫ અધ્યયન ૧૪ |
| ३. वसुमइ | दे. | वसुमति | વસુમતિ | રાક્ષસ દેવોના બે ઇન્દ્રો ભીમઅને મહાભીમમાંથી પ્રત્યેકની રાણીનું નામ. તે બેમાંથી દરેક તેના પૂર્વ ભવમાં નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| वसुमित्त | अ. | वसुमित्र | વસુમિત્ર | કૂકડા લડાવવાની રમતનો શોખીન શ્રેષ્ઠી. |
| १. वसुमित्ता | दे. | वसुमित्रा | વસુમિત્રા | ઈશાનકલ્પ ના ઇંદ્રની રાણી. તેના પૂર્વભવ માં તે કૌશાંબીના શ્રેષ્ઠી રામ(૮)ની પુત્રી હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| २. वसुमित्ता | आ. | *वसुमित्रा* | વસુમિત્રા | જ્ઞાતાધર્મકથા શ્રુતસ્કન્ધ ૨ વર્ગ ૧૦ અધ્યયન ૭. |
| १. वह | क. | *बृह* | બૃહ | નિષધ(૧) અને આ સમાન છે. |
| २. वह | आ. | *बृह* | બૃહ | વૃષ્ણીદશાનું ત્રીજું અધ્યયન. |
| वहसइ | दे.ज. | *बृहस्पति* | બૃહસ્પતિ | જુઓ બૃહસ્પતિ(૨). |
| वहसति | दे.ज. | *बृहस्पति* | બૃહસ્પતિ | જુઓ બૃહસ્પતિ(૨). |
| १. वहस्सइ | आ. | *बृहस्पति* | બૃહસ્પતિ | વિપાકશ્રુતના શ્રુતસ્કન્ધ ૧નું અધ્યયન ૫. |
| २. वहस्सइ | दे.ज. | *बृहस्पति* | બૃહસ્પતિ | અઠ્યાસી ગહોમાંનો એક. જુઓ બહસ્સઈ(૧). |
| ३. वहस्सइ | दे. | *बृहस्पति* | બૃહસ્પતિ | શક્રના લોકપાલ સોમના આધિપત્ય નીચેનો દેવ. |
| ४. वहस्सइ | दे. | *बृहस्पति* | બૃહસ્પતિ | પુસ્સ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| वहस्सइदत्त | क. | *बृहस्पतिदत्त* | બૃહસ્પતિદત્ત | કૌશાંબીના પુરોહિત સોમદત્તનો પુત્ર. તે ઉદાયન રાજાનો મિત્ર તેમજ પ્રધાન રાજપુરોહિત હતો. તે રાજાનો અતિ વિશ્વાસુ હતો તેથી અન્તઃપુરમાં પણ બેરોકટોક જઈ શકતો. એક વાર રાણી પદ્માવતી સાથે પ્રેમ થઈ ગયો, તેણે તેની સાથે સંભોગસુખ માણ્યું. રાજાએ તેને કામક્રીડા કરતા પકડી પાડ્યો અને તેને અનેક પ્રકારનો ત્રાસ આપી ફાંસીએ ચડાવ્યો . તેના પૂર્વભવ માટે જુઓ મહેસરદત્ત. |
| वाइल | अ. | *वातुल* | વાતુલ | તીર્થંકર મહાવીર ઉપર હૂમલો કરનાર, પાલગ(૬) ગામનો શ્રેષ્ઠી. |
| १. वाउ | दे.ज. | *वायु* | વાયુ | સાઈ(૨) નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| २. वाउ | दे. | *वायु* | વાયુ | શક્ર(૩)ના હયદળનો સેનાપતિ. |
| ३. वाउ | आ. | *वायु* | વાયુ | ભગવતીના સત્તરમાં શતકમાં આ નામના ત્રણ ઉદ્દેશકો છે — દસમું, અગિયારમું અને સોળમું. |
| ४. वाउ | स.ज. | *वायु* | વાયુ | ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| ५. वाउ | श्र.प्र. | *वायु* | વાયુ | તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| वाउकुमार | दे. | *वायुकुमार* | વાયુકુમાર | ભવનવાસી દેવોનો એક ભેદ. વાયુકુમાર દેવોના છન્નુ લાખ ભવનો છે. તેમના બે ઈન્દ્રો છે– વેલંબ અને પ્રભંજન. વાયુકુમાર દેવો અને દેવીઓ શક્ર ના લોકપાલ સોમના આધિપત્ય નીચે છે. |
| वाउत्तरवडिंसग | दे.भौ. | *वातोत्तरावतंसक* | વાતોત્તરાવતંસક | સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાંચ સાગરોપમ વર્ષનું છે, તે દેવો પાંચ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને પાંચ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. આ વાસસ્થાન 'વાય'(૨) જેવું જ છે. |
| वाउभक्खि | अ.ता. | *वायुभक्षिन्* | વાયુભક્ષિન્ | આ અને 'વાયુભકિખ' એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **वाउभूइ** | **ती.ग.** | *वायुभूति* | વાયુભૂતિ | તીર્થંકર મહાવીરના ત્રીજા ગણધર. તે વસુભૂઈ ના પુત્ર અને ઇંદભૂઈ તેમજ અગ્નિભૂતિના ભાઈ હતા. તે આત્મા અને શરીરનો આત્યંતિક અભેદ માનતા હતા. ભ૦ મહાવીરે તેમની ખોટી માન્યતા દૂર કરી. વાયુભૂતિ પોતાના પાંચસો શિષ્યો સાથે મહાવીર ના શિષ્ય બની ગયા. સિત્તેર વર્ષનું આયુષ્ય ભોગવી તે મહાવીરની ઉપસ્થિતિમાં મોક્ષ પામ્યા. |
| **वाउवासि** | **अ.ता.** | *वायुवासिन्* | વાયુવાસિન્ | જ્યાં વાયુ મુક્તપણે વાતો હોય તેવા સ્થાનોમાં રહેતા વાનપ્રસ્થ તાપસ પરિવ્રાજકોનો વર્ગ. |
| **वाकवासि** | **अ.ता.** | *वायुवासिन्* | વાયુવાસિન્ | સંભવતઃ આ અને વાઉવાસિ એક છે. |
| **वागलचीरि** | **श्र.प्र.** | *वल्कलचीरिन्* | વલ્કલચીરિન્ | જુઓ વક્કલચીરિ. |
| **वाचाल** | **भौ.** | *वाचाल* | વાચાલ | એક જ નામ ધરાવતા બે સંનિવેશો હતા. દક્ષિણ વાચાલ અને ઉત્તરવાચાલ. રુપ્યકૂલા અને સુવર્ણ કુલા બે નદીઓ આ બે વાચાલને અલગ કરે છે. |
| **वाणमंतर** | **दे.** | *वाणव्यन्तर* | વાણવ્યન્તર | દેવોના ચાર પ્રકારોમાંનો એક પ્રકાર. આ પ્રકારના દેવો વૈશ્રમણ ના આધિપત્ય નીચે છે. રત્નપ્રભા નરકભૂમિના ૧૦૦૦ યોજનના વિસ્તારવાળા રયણ કાંડના સૌથી ઉપરના અને સૌથી નીચેના એક એક સો યોજન છોડી બાકીના ૮૦૦ યોજન ના ક્ષેત્રમાં આ દેવો વસે છે. આ દેવોનો વાસ મનુષ્ય ક્ષેત્રમાં પર્વત ગુફાઓમાં, જંગલોમાં, વૃક્ષોમાં, વસવાટ વિનાના ઉજ્જડ મકાનો વગેરે સ્થાનોમાં પણ હોય છે તેમનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમ વર્ષનું, જઘન્ય આયુ ૧૦૦૦૦ વર્ષ છે. તેમની ઊંચાઈ સાત રત્નિ છે. તેમના પિસાચ આદિ આઠ પેટાભેદો છે. |
| **वाणमंतरी** | **दे.** | *वाणव्यन्तरी* | વાણવ્યન્તરી | આ અને વંતરી એક છે. |
| **वाणारसी** | **ऐ.** | *वाराणसी* | વારાણસી | આર્ય દેશ કાશીનું પાટનગર. તેમાં તેંદુય ઉદ્યાન હતું વાણારસીની ઉત્તરપૂર્વમાં ગંગા નદીમાં મયંગતીર દ્રહ હતું. સુપાર્શ્વ, જેવા તીર્થંકર અહીં જન્મ્યા હતા. |
| **वाणियगाम / वाणियग्गाम** | **ऐ.** | *वाणिजग्राम* | વાણિજગ્રામ | વૈશાલીનું ઉપનગર. તેમાં દૂતિપલાસ ઉદ્યાન હતું. ઉદ્યાનમાં યક્ષ સુધર્મનું ચૈત્ય હતું. તીર્થંકર મહાવીર વાણિયગામ અને વૈશાલીમાં બાર ચોમાસા કર્યા તે આ ચૈત્યમાં વારંવાર આવતા અને રોકાતા. |
| **वाणीर** | **अ.च.** | *वानीर* | વાનીર | સિંધુસેનની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની |
| **वामा** | **ती.** | *वामा* | વામા | વાણારસીના અશ્વસેન ની પત્ની અને તેવીસમા તીર્થંકરપાર્શ્વની માતા. તેનું બીજું નામ વમ્મા હતું. |
| **१. वाय** | **आ.** | *वाद* | વાદ | દોગિદ્ધિદસાનું પહેલું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| २. वाय | दे.भौ. | *वात* | વાત | સનતકુમાર તેમજ માહેન્દ્ર કલ્પે આવેલ સ્વર્ગીય વાસસ્થાન. ત્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાંચ સાગરોપમ વર્ષનું છે, તેઓ પાંચ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને પાંચ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે. |
| वायकंत | दे.भौ. | *वातकान्त* | વાતકાન્ત | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायकूड | दे.भौ. | *वातकूट* | વાતકૂટ | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायज्झय | दे.भौ. | *वातध्वज* | વાતધ્વજ | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायप्पभ | दे.भौ. | *वातप्रभ* | વાતપ્રભ | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायभक्खि | अ.ता. | *वातभक्षिन्* | વાતભક્ષિન્ | હવા ખાઈને જીવનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ |
| वायलेस | दे.भौ. | *वातलेश्य* | વાતલેશ્ય | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायवण्ण | दे.भौ. | *वातवर्ण* | વાતવર્ણ | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायसिंग | दे.भौ. | *वातशृङ्ग* | વાતશૃઙ્ગ | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायसिट्ठ | दे.भौ. | *वातसृष्ट* | વાતસૃષ્ટ | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वायावत्त | दे.भौ. | *वातावर्त* | વાતાવર્ત | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वायु | आ. | *वाउ* | વાઉ | જુઓ વાઉ(૩). |
| २. वायु | श्र.प्र. | *वाउ* | વાઉ | જુઓ વાઉ. |
| वायुकुमार | दे. | *वाउकुमार* | વાઉકુમાર | જુઓ વાઉકુમાર. |
| वायुभक्खि | अ.ता. | *वायुभक्षिन्* | વાયુભક્ષિન્ | જુઓ વાયભક્ખિ. |
| वायुभूति | ती.ग. | *वायुभूति* | વાયુભૂતિ | જુઓ વાઉભૂઈ. |
| वार | भौ.न. | *वार* | વાર | પંકપ્રભા નરકમાં આવેલું મહાનિરય. |
| वारत्त | श्र.प्र. | *वारत्त* | વારત્ત | જુઓ વારત્તગ અને વારત્તય. |
| १. वारत्तग | आ. | *वारत्तक* | વારત્તક | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું નવમું અધ્યયન. |
| २. वारत्तग | श्र. | *वारत्तक* | વારત્તક | રાજગૃહીના શ્રેષ્ઠી. તેમણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી અને વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યા. |
| ३. वारत्तग | श्र. | *वारत्तक* | વારત્તક | વારત્તપુરના રાજા અભગ્નસેનના મંત્રી. તેમને આચાર્ય ધર્મઘોષે દીક્ષા આપી. પછી તેમના પુત્રે તેમની પ્રતિમા બનાવડાવી મંદિરમાં પ્રતિષ્ઠિત કરી |
| वारत्तगपुर | ऐ.भौ. | *वारत्तकपुर* | વારત્તકપુર | જુઓ વારત્તપુર. |
| वारत्तपुर | ऐ.भौ. | *वारत्तपुर* | વારત્તપુર | જે શહેરમાં રાજા અભયસેન રાજ કરતા હતા તે શહેર. વારત્તગ(૩) તે રાજાના મંત્રી હતા. |
| वारत्तय | श्र.प्र. | *वारत्तक* | વારત્તક | તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| वाराणसी | भौ. | *वाणारसी* | વારાણસી | જુઓ વાણારસી. |
| वाराह | अ.च. | *वाराह* | વારાહ | ભરત ક્ષેત્રના છઠ્ઠા બલદેવ આનંદનો પૂર્વ ભવ. તેમના ગુરુ ગંગદત્ત હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| १. वारिसेण | आ. | *वारिषेण* | વારિષેણ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧નું અધ્યયન ૫. |
| २. वारिसेण | श्र. | *वारिषेण* | વારિષેણ | રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણીનો પુત્ર. તેણે મહાવીર પાસે દીક્ષા લીધી. સોળ વર્ષનું શ્રામણ્ય પાળી મરણ પછી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તે દેવ તરીકે જન્મ્યો. તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| ३. वारिसेण | आ. | *वारिषेण* | વારિષેણ | અંતકૃદ્દશાના ચોથા વર્ગનું પાંચમું અધ્યયન. |
| ४. वारिसेण | श्र. | *वारिषेण* | વારિષેણ | રાજા વાસુદેવ અને રાણી ધારિણીનો પુત્ર. તેને અરિષ્ટનેમિએ દીક્ષા આપી હતી. બાકીનું જીવન વૃત્તાંત જાલિ(૨) સમાન જાણવું. |
| ५. वारिसेण | ती. | *वारिषेण* | વારિષેણ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં જંબૂદ્વીપના ઐરાવત  ક્ષેત્રમાં થયેલા ચોવીસમા તીર્થંકર. તે મહાવીર ના સમકાલીન હતા. |
| १. वारिसेणा | ती. | *वारिषेणा* | વારિષેણા | તીર્થંકર વારિસેણની પ્રતિમા. આવી પ્રતિમાઓ જુદા જુદા સ્થાનોમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. |
| २. वारिसेणा | भौ. | *वारिषेणा* | વારિષેણા | રક્તવતી નદીને મળતી પાંચ નદીઓમાંની એક. |
| ३. वारिसेणा | दे. | *वारिषेणा* | વારિષેણા | ઊર્ધ્વલોકની મુખ્ય દિસાકુમારી. તે અને નંદનવન માં આવેલ સાગરચિત્ત શિખરની અધિષ્ઠાત્રિ દેવી વજ્રસેના એક છે. સ્થાન સૂત્ર તેનો ઉલ્લેખ અધો–લોકવાસિની દેવી તરીકે કરે છે. |
| ४. वारिसेणा | दे. | *वारिषेणा* | વારિષેણા | મહાવિદેહમાં આવેલા વિદ્યુત્પ્રભ પર્વતના કનગ શિખરની અધિષ્ઠાત્રિ દેવી. |
| १. वारुण | स.ज. | *वारुण* | વારુણ | જુઓ વરુણ. |
| २. वारुण | भौ. | *वारुण* | વારુણ | આ અને વરુણોદ એક છે. |
| ३. वारुण | दे. | *वारुण* | વારુણ | આ અને વારુણી(૪) એક છે. |
| वारुणिकंत | दे. | *वारुणीकान्त* | વારુણીકાન્ત | વરુણોદનો અધિષ્ઠાતા દેવ. |
| वारुणिवर | भौ. | *वारुणीवर* | વારુણીવર | વલયાકાર વરુણવર દ્વીપ અને આ એક છે. |
| १. वारुणी | ती.श्र. | *वारुणी* | વારુણી | તીર્થંકર સુવિધિના પ્રથમ શિષ્યા. |
| २. वारुणी | अ.ग. | *वारुणी* | વારુણી | બ્રાહ્મણ ધનમિત્રની પત્ની અને ગણધર વ્યક્તની માતા. |
| ३. वारुणी | दे. | *वारुणी* | વારુણી | ઉત્તર રુચકપર્વતના રત્નસંચય શિખરની અધિષ્ઠાત્રિ મુખ્ય દિસાકુમારી. |
| ४. वारुणी | दे. | *वारुणी* | વારુણી | વરુણોદની અધિષ્ઠાત્રિ દેવી. |
| वारुणोद | भौ. | *वारुणोद* | વારુણોદ | જુઓ વરુણોદ. |
| वाल | अ. | *वाल* | વાલ | કાસવ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| वालवासिन् | अ.ता. | *व्यालवासिन्* | વ્યાલવાસિન્ | વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ. સંભવતઃ આ અને બિલવાસિ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| वालु | दे.न. | *वालु* | વાલુ | શક્રના લોકપાલ યમના આધિપત્ય નીચેનો પરમાધાર્મિક દેવ. |
| वालुग | दे.न. | *वालुक* | વાલુક | આ અને વાલુ એક છે. |
| वालुय | ऐ. | *वालुक* | વાલુક | આ અને વાલુયગ્ગામ એક છે. |
| वालुयग्गाम | ऐ. | *वालुकग्राम* | વાલુકગ્રામ | મહાવીર જ્યાં ગયા હતા તે ગામ. |
| वालुयप्पभा | भौ.न. | *वालुकाप्रभा* | વાલુકાપ્રભા | ત્રીજી નરકભૂમિ. તે ૧૨૮૦૦૦ યોજન લાંબી છે. સૌથી ઉપર અને નીચેના એક એક હજાર યોજન છોડ્યા પછી વચ્ચેના ૧૨૬૦૦૦ યોજનમાં પંદર લાખ ભવનો છે. તેમાં વસતા નારકી જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું છે અને જઘન્ય આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષુનું છે. |
| वालुया | ऐ. | *वालुका* | વાલુકા | આ અને વાલુયગ્ગામ એક છે. |
| वासगण | भौ. | *वासगण* | વાસગણ | એક અનાર્ય દેશ. આ દેશમાંથી કન્યાઓને રાજ અન્ત:પુરોમાં દાસી તરીકે લાવવામાં આવતી હતી. |
| वासधर | भौ. | *वर्षधर* | વર્ષધર | જુઓ વાસહર. |
| वासवदत्त | अ. | *वासवदत्त* | વાસવદત્ત | વિજયપુરનો રાજા, રાણી કણ્હા(૫)નો પતિ અને રાજકુમાર સુવાસવ(૨)નો પિતા. |
| वासवदत्ता | क. | *वासवदत्ता* | વાસવદત્તા | ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતની પુત્રી. જુઓ ઉદાયન(૨) |
| वासहर | भौ. | *वर्षधर* | વર્ષધર | જુદા જુદા ક્ષેત્રોની સીમા ઊભી કરતા પર્વતનો વર્ગ. જંબૂદ્વીપમાં સાત વાસહર પર્વતો છે– ચુલ્લહિમવંત, મહાહિમવંત,નિષધ, નીલવંત, રુપ્પિ, શિખરી મંદર |
| वासहरकूड | भौ. | *वर्षधरकूट* | વર્ષધરકૂટ | વાસહર પર્વતોના શિખરો. તેમની ઊંચાઈ પાંચસો યોજન છે. |
| वासहरपव्वय | भौ. | *वर्षधरपर्वत* | વર્ષધરપર્વત | આ અને વાસહર એક છે. |
| वासिइण | भौ. | *वासिकिन* | વાસિકિન | આ અને વાસગણ એક છે. |
| वासिट्ठ | अ. | *वाशिष्ठ* | વાશિષ્ઠ | એક મુખ્ય ગોત્ર. ત્રિશલા, મંડિયપુત્ર, ધનગિરિ, જસાઆ ગોત્રના હતા. તેની સાત શાખા હતી. |
| १. वासुदेव | च. | *वासुदेव* | વાસુદેવ | એક પ્રકારનો રાજા જે હંમેશા બલદેવનો ભાઈ અને ભરતદેશના અર્ધભાગનો સાર્વભૌમ રાજા, સોળ હજાર રાજાનો રાજાધિરાજ છે. તે કેસવ નામે પણ પ્રસિદ્ધ છે. શંખ, ચક્ર, ગદા, શક્તિ, નંદક, ખડ્ગને ધારણ કરે છે. તે પૌરુષ અને શક્તિમાં અજેય છે. વર્ણ નીલ છે. ૧૦૮ શુભલક્ષણો ધરાવે છે. ભરત અને ઐરાવતક્ષેત્રમાં દરેક કાલચક્રના દુસ્સમસુસમા અરમાં નવ વાસુદેવો થાય છે. દરેક વાસુદેવને પોતાનો એક શત્રુ હોય છે જેને પ્રતિશત્રુ કહેવામાં આવે છે, જેવાસુદેવના હાથે હણાય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **२. वासुदेव** | **च.** | *वासुदेव* | વાસુદેવ | કૃષ્ણનું બીજું નામ. |
| **वासुदेवघर** | **ऐ.** | *वासुदेवगृह* | વાસુદેવગૃહ | જ્યાં મહાવીર વિહારમાં રોકાયા હતા તે કુંદાગ સંનિવેશ, નંગલ ગામમાં આવેલ વાસુદેવના ચૈત્યો |
| **वासुपुज्ज** | **ती.** | *वासुपूज्य* | વાસુપૂજ્ય | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થયેલા બારમા તીર્થંકર અને ઐરાવતમાં થયેલા સેજ્જંસના સમકાલીન. તે ચંપાનગરના રાજા વાસુ-પુજ્ય અને રાણી જયાના પુત્ર હતા. તેમની ઊંચાઈ સિત્તેર ધનુષ હતી. વર્ણ રક્ત હતો. સંસારત્યાગ વખતે અગ્નિ(૩) પાલખીનો ઉપયોગ કર્યો હતો. |
| **विअडावइ** | **भौ.** | *विकटापातिन्* | વિકટાપાતિન્ | હરિ નદીની પશ્ચિમે, હરિકંતા નદીની પૂર્વે અને હરિવાસની મધ્યમાં આવેલો વૃત્તવૈતાઢ્ય પર્વત. તેના ઉપર અરુણ  દેવનો વાસ છે. |
| **विआलअ** | **दे.ज.** | *विकालक* | વિકાલક | આ અને વિયાલઅ એક છે. |
| **विआवत्त** | **दे.भौ.** | *व्यावर्त* | વ્યાવર્ત | જુઓ વિયાવત્ત(૩). |
| **१. विउ** | **आ.** | *विद्* | વિદ્ | અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું ચોથું અધ્યયન. |
| **२. विउ** | **श्र.** | *विद्* | વિદ્ | બારવઈના રાજા વસુદેવ અને તેની રાણી દેવઈનો પુત્ર. ભદ્દિલપુરના શ્રેષ્ઠી નાગ અને તેની પત્ની સુલસાએ તેને ઉછેર્યો હતો. તેનું બાકીનું જીવનવૃત્ત અનીયસ(૨) જેવું જ છે. |
| **विउल** | **भौ.** | *विपुल* | વિપુલ | જુઓ વિપુલ. |
| **१. विउलवाहण** | **च.** | *विपुलवाहन* | વિપુલવાહન | ભરતક્ષેત્રના અગિયારમા ભાવિ ચક્રવર્તી. |
| **२. विउलवाहण** | **अ.** | *विपुलवाहन* | વિપુલવાહન | ઐરાવતક્ષેત્રના બીજા ભાવિ કુલગર. જુઓ કુલગર. |
| **१. विंझ** | **भौ.** | *विन्ध्य* | વિન્ધ્ય | જુઓ વિંઝગિરિ. |
| **२. विंझ** | **श्र.** | *विन्ध्य* | વિન્ધ્ય | આચાર્ય રક્ષિતના શિષ્ય. |
| **विंझगिरि** | **भौ.** | *विन्ध्यगिरि* | વિન્ધ્યગિરિ | જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલો પર્વત. |
| **विंझाडवी** | **भौ.** | *विन्ध्याटवी* | વિન્ધ્યાટવી | જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલું જંગલ. તે જંગલી પ્રાણીઓથી ભરપૂર હતું. શ્રમણ મુનિચંદ્ર આ જંગલમાં ભૂલા પડ્યા હતા. |
| **विगतसोग** | **दे.ज.** | *विगतशोक* | વિગતશોક | જુઓ વીતસોગ(૨). |
| **विगयभया** | **श्र.** | *विगतभया* | વિગતભયા | વિણયવઈના શ્રમણી ગુરુ. |
| **विचित्त** | **दे.** | *विचित्र* | વિચિત્ર | સુવર્ણકુમાર દેવોના બે ઇન્દ્રો વેણુદેવ અને વેણુ દાલિમાંથી દરેકના લોકપાલનું નામ. |
| **विचित्तकूड** | **भौ.** | *विचित्रकूट* | વિચિત્રકૂટ | દેવકુરુમાં આવેલો પર્વત. તેની એક બાજુ સીતોદા નદી અને બીજી બાજુ ચિત્રકૂટ છે. તેની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. તેના પર જૃંભગદેવોનો વાસ છે. |
| **विचित्तपक्ख** | **दे.** | *विचित्रपक्ष* | વિચિત્રપક્ષ | વેણુદાલિ અને વેણુદેવ એ બે ઇન્દ્રોમાંથી દરેકના લોકપાલનું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| **विचित्तपव्वय** | **भौ.** | *विचित्रपर्वत* | વિચિત્રપર્વત | આ અને વિચિત્તકૂડ એક છે. |
| **विचित्ता** | **दे.** | *विचित्रा* | વિચિત્રા | અધોલોક કે ઊર્ધ્વલોકની મુખ્ય દિસાકુમારી. |
| **१. विजय** | **स.** | *विजय* | વિજય | આશ્વિન મહિનાનું અસામાન્ય નામ. |
| **२. विजय** | **स.ज.** | *विजय* | વિજય | દિનરાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| **३. विजय** | **अ.** | *विजय* | વિજય | મૃગગામના રાજા, મૃગાના પતિ, મૃગાપુત્રના પિતા. |
| **४. विजय** | **अ.** | *विजय* | વિજય | પોલાસપુરના રાજા, શ્રીના પતિ અને અતિમુક્ત (૧) ના પિતા. |
| **५. विजय** | **क.** | *विजय* | વિજય | રાજગૃહીના શ્રેષ્ઠી. મહાવીરે પોતાના પ્રથમ એક માસના ઉપવાસનું પારણું તેમના ઘરે કર્યુ હતુ. આના કારણે પાંચ દિવ્યો પ્રગટ થયેલા હતા. |
| **६. विजय** | **च.** | *विजय* | વિજય | રાજગૃહીના અગિયારમા ચક્રવર્તી જયના પિતા. |
| **७. विजय** | **ती.** | *विजय* | વિજય | ભરતક્ષેત્રના ૨૧મા ભાવિ તીર્થંકર અને કૃષ્ણનો ભાવિ જન્મ. તેમનું બીજું નામ વિવાગ છે. |
| **८. विजय** | **ती.** | *विजय* | વિજય | નમિ(૧)ના પિતા. |
| **९. विजय** | **ती.अ.** | *विजय* | વિજય | વર્ધમાન(૨) નગરનો રહેવાસી જેણે ચૌદમા તીર્થંકર અનંતને સૌપ્રથમ ભિક્ષા આપી હતી. |
| **१०. विजय** | **च.** | *विजय* | વિજય | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા નવ બલદેવોમાંથી બીજા બલદેવ. તે બારવઈના રાજા બંભ અને તેમની રાણી સુભદ્રાના પુત્ર હતા અને દ્વિપૃષ્ઠના ભાઈ હતા. |
| **११. विजय** | **च.** | *विजय* | વિજય | ભરતક્ષેત્રના બીજા ભાવિ બલદેવ. |
| **१२. विजय** | **अ.** | *विजय* | વિજય | રાજગૃહીનો વતની ચોર. જુઓ ધન્ય(૧૦). |
| **१३. विजय** | **अ.** | *विजय* | વિજય | રાજગૃહીની દક્ષિણે આવેલી સીહગુહામાં રહેતો ચોરોનો સરદાર. |
| **१४. विजय** | **क.** | *विजय* | વિજય | પુરિમતાલ નગરની ઉત્તરપૂર્વમાં આવેલા શાલા નામના કોતરમાં વસતા ચોરોનો સરદાર. તે સ્કંધશ્રીનો પતિ અને અભગ્ગસેણનો પિતા હતો. |
| **१५. विजय** | **श्र.** | *विजय* | વિજય | ભરૂચથી ઉજ્જેનીનો વિહાર કરનાર શ્રમણ. |
| **१६. विजय** | **दे.** | *विजय* | વિજય | જંબૂદ્વીપના વિજયદ્વારનો અધિષ્ઠાતા દેવ. તેનું પાટનગર વિજયા નામે જાણીતું છે. આ નામકદેવો બીજા દ્વીપોના આના જેવા દ્વારોના અધિષ્ઠાતા છે. |
| **१७. विजय** | **भौ.** | *विजय* | વિજય | જંબૂદ્વીપના ચાર દ્વારોમાંનું એક દ્વાર. તે સીતા નદી ઉપર અને મેરુ પર્વતથી ૪૫૦૦૦ યોજન ના અંતરે પૂર્વમાં આવેલું છે. તેની ઊંચાઈ આઠ યોજન છે. તેની જાડાઈ ચાર યોજન છે. પહોળાઈ પણ ચાર યોજન છે. તેનો અધિષ્ઠાતા દેવ વિજય છે. |
| **१८. विजय** | **भौ.** | *विजय* | વિજય | ઉત્તર રુચક પર્વતનું એક શિખર. |

| | | | | |
|---|---|---|---|---|
| **१९. विजय** | दे.भौ. | *विजय* | વિજય | પહેલું અનુત્તર વિમાન. અહીં વસતા આ જ નામ ધરાવતા દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુ અનુક્રમે તેંત્રીસ અને એકત્રીસ સાગરોપમ વર્ષનું છે. |
| **२०. विजय** | अ. | *विजय* | વિજય | આ અને વિજયમિત્ર એક છે. |
| **२१. विजय** | भौ. | *विजय* | વિજય | મહાવિદેહમાં બત્રીસ વિજયો છે. |
| **विजयांकुसी** | दे. | *विजयाङ्कुशी* | વિજયાङ्कुશી | એક દેવી. |
| **विजयंत** | दे. | *विजयन्त* | વિજયન્ત | જુઓ વેજયંત. |
| **विजयकुमार** | क. | *विजयकुमार* | વિજયકુમાર | ભદ્રનંદીનો પૂર્વભવ. |
| **विजयगंधहत्थि** | अ.प्रा. | *विजयगन्धहस्तिन्* | વિજયગંધહસ્તિન્ | વાસુદેવ કૃષ્ણનો હાથી.૦. |
| **विजयघोस** | श्र. | *विजयघोष* | વિજયઘોષ | વાણારસીના જયઘોસના ભાઈ. તેમના ભાઈએ તેમને સન્માર્ગ દેખાડ્યો અને તેમને શ્રામણ્યનો સ્વીકાર કરાવ્યો. |
| **विजयदेवा** | अ.ग. | *विजयदेवी* | વિજયદેવી | તીર્થંકર મહાવીરના છઠ્ઠા અને સાતમા ગણધર મંડિયપુત્ત અને મૌર્યપુત્રની માતા. તેને મંડિયપુત્ત તેના પહેલા પતિ ધનદેવથી થયો હતો, જ્યારે મૌર્યપુત્ર તેને તેના બીજા પતિ મોર્યથી થયો હતો. આ વિજયદેવાનું જ બીજું નામ વીરદેવી છે. |
| **विजयपुर** | ऐ. | *विजयपुर* | વિજયપુર | એક નગર જ્યાં મહાવીર ગયા હતા. અહીં કનગરથ અને વાસવદત્ત રાજ કરતા હતા. આ નગરમાં નંદન વન નામે ઉદ્યાન હતું જેમાં અસોગયક્ષનું ચૈત્ય હતું. |
| **विजयपुरा** | भौ. | *विजयपुरी* | વિજયપુરી | પક્ષ્મગાવઈનું પાટનગર. |
| **१. विजयमित्त** | अ. | *विजयमित्र* | વિજયમિત્ર | વર્ધમાનપુરનો રાજા. તે અંજુને પરણ્યો હતો. |
| **२. विजयमित्त** | अ. | *विजयमित्र* | વિજયમિત્ર | વાણિજ્યગ્રામનો સાર્થવાહ. તે સુભદ્રાનો પતિ હતો અને ઉજ્ઝિતકનો પિતા હતો. |
| **१. विजयवद्धमाण** | ऐ. | *विजयवर्धमान* | વિજયવર્ધમાન | વર્ધમાનપુરમાં આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ માણિભદ્ર નું ચૈત્ય હતું. |
| **२. विजयवद्धमाण** | ऐ. | *विजयवर्धमान* | વિજયવર્ધમાન | શતદ્વારની દક્ષિણપૂર્વમાં આવેલું ગામ. તેનો શાસક (રાષ્ટ્રકૂડ) ઈક્કાઇ હતો. |
| **१. विजया** | स.ज. | *विजया* | વિજયા | પખવાડિયાની સાતમની રાત. |
| **२. विजया** | अ. | *विजया* | વિજયા | કૌશાંબીના રાજા શતાનિકની દાસી. તે રાણી મૃગાવતીની સેવા કરતી. |
| **३. विजया** | च.अ. | *विजया* | વિજયા | પાંચમાં બલદેવ સુદર્શનની માતા. તે અશ્વ પુરના રાજા શિવની પત્ની હતી. |
| **४. विजया** | ती.च. | *विजया* | વિજયા | પાંચમાં ચક્રવર્તી તેમજ સોળમાં તીર્થંકર સંતિની મુખ્ય પત્ની. |
| **५. विजया** | ती. | *विजया* | વિજયા | બીજા તીર્થંકર અજિયની માતા. |

| | | | | |
|---|---|---|---|---|
| ६. विजया | ती. | विजया | વિજયા | સંસારત્યાગના પ્રસંગે પાંચમાં તીર્થંકર સુમતિએ ઉપયોગમાં લીધેલી પાલખી. |
| ७. विजया | अ. | विजया | વિજયા | કૂવિય સંનિવેશમાં પકડીને બંદી બનાવેલા મહાવીર ને છોડાવવામાં સહાય કરનાર સ્ત્રી. |
| ८. विजया | भौ. | विजया | વિજયા | મહાવિદેહના વપ્ર પ્રદેશનું પાટનગર. |
| ९. विजया | भौ. | विजया | વિજયા | જંબૂદ્વીપના વિજય દ્વારના અધિષ્ઠાતાદેવ વિજયનું પાટનગર. તે ૧૨૦૦૦ યોજન લાંબુ અને ૧૨૦૦૦ યોજન પહોળું છે. કોટની ઊંચાઈ ૩૭ યોજન છે. |
| १०. विजया | दे. | विजया | વિજયા | બલિના આધિપત્ય નીચેના લોકપાલ સોમની મુખ્ય પત્ની. |
| ११. विजया | दे. | विजया | વિજયા | રુચક પર્વતના મધ્ય ભાગની એક વિદિશામાં વસતી મુખ્ય દિસાકુમારી. |
| १२. विजया | दे. | विजया | વિજયા | પૂર્વ રુચકપર્વતના દિસાસૌવસ્તિક શિખરની અધિષ્ઠાત્રી મુખ્ય દિસાકુમારી. |
| १३. विजया | दे. | विजया | વિજયા | પ્રત્યેક ગ્રહ, પ્રત્યેક નક્ષત્ર અને પ્રત્યેક તારાને ચાર મુખ્ય પત્નીઓ છે જેમાં એકનું નામ આ છે. |
| १४. विजया | ऐ. | विजया | વિજયા | નંદીશ્વર દ્વીપમાં આવેલા ઉત્તર અંજનગ પર્વત ઉપર આવેલું તળાવ. |
| १५. विजया | अ. | विजया | વિજયા | શ્રાવસ્તી, હસ્તિનાપુર વગેરે નગરોના જે શ્રેષ્ઠી વિવિધ પદ્મો હતા તેમની પત્નીઓનું નામ. આ બધી પદ્મા, શિવા વગેરેની માતાઓ હતી. |
| विज्जाचरण-विणिच्छय | आ. | विद्याचरण–विनिश्चय | વિદાચરણ-વિનિશ્ચય | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર જે હાલ અસ્તિત્વમાં નથી. |
| विज्जाजंभग | दे. | विद्याजृम्भक | વિદ્યાજૃમ્ભક | જૃંભગ દેવોના દસ પ્રકારોમાંનો એક. |
| विज्जाणुप्पवाय | आ. | विद्यानुप्रवाद | વિદ્યાનુપ્રવાદ | ચૌદ પૂર્વ સૂત્રોમાંનો દસમો. તે પંદર વિભાગોમાં વિભક્ત હતો. તે અનુપ્રવાદ નામે પણ જાણીતો છે |
| विज्जाहरसेढि | भौ. | विद्याधरश्रेणि | વિદ્યાધરશ્રેણિ | વૈતાઢ્ય પર્વતની બે પર્વતમાળાનું આ નામ છે જ્યાં વિદ્યાધરો વસે છે. આ બે પર્વતમાળાઓ ભરતક્ષેત્ર માં આવેલા વૈતાઢ્ય પર્વતની બન્ને બાજુએ દશ યોજનની ઊંચાઈએ આવેલી છે. |
| १. विज्जु | दे. | विद्युत् | વિદ્યુત્ | ઇંદ્ર ઇસાણના લોકપાલ સોમ(૨)ની મુખ્ય પત્ની. જુઓ સોમ(૨). |
| २. विज्जु | दे. | विद्युत् | વિદ્યુત્ | ચમર(૧)ની પાંચ મુખ્ય પત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં આમલકપ્પાના શ્રેષ્ઠી વિજ્જુ(૩)ની પુત્રી હતી. |
| ३. विज्जु | अ. | विद्युत् | વિદ્યુત્ | આમલકપ્પાના શ્રેષ્ઠી. તેમને આ જ નામની એક પુત્રી હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| ४. विज्जु | भौ. | विद्युत् | વિદ્યુત્ | જંબૂદ્વીપમાં આવેલા વિદ્યુત્પ્રભ પર્વતનું શિખર. આ અને વિદ્યુત્પ્રભકૂડ એક છે. |
| ५. विज्जु | आ. | विद्युत् | વિદ્યુત્ | ભગવતીના સત્તરમાં શતકનો પંદરમો ઉદ્દેશક |
| ६. विज्जु | दे. | विद्युत् | વિદ્યુત્ | ઈશાનેન્દ્રના સોમ, જમ, વૈશ્રમણ અને વરુણ આ ચાર લોકપાલમાંથી પ્રત્યેક લોકપાલની રાણીનું નામ. આ અને 'વિજ્જુ'(૧) એક છે. |
| विज्जुकुमार | दे. | विद्युत्कुमार | વિદ્યુત્કુમાર | ભવનવાસી દેવોનો એક પ્રકાર. તેમના ભવનોની સંખ્યા ૭૬ લાખ છે. તેમના ઈન્દ્રો બે છે હરિકંત, હરિસ્સહ. તે બેમાંથી દરેકને ચાર ચાર લોકપાલ છે. |
| विज्जुकुमार-महत्तरिया | दे. | विद्युत्कुमार–महत्तरिका | વિદ્યુત્કુમાર-મહત્તરિકા | ચિત્તા, ચિત્તકનગા, સતેરા અને સોદામણી એ ચાર મુખ્ય વિદ્યુત્કુમાર દેવીઓ. તેઓ રુચક પર્વતની વિદિશાઓમાં રહે છે અને મુખ્ય દિસાકુમારીઓ તરીકે પણ જાણીતી છે. તિત્થંકરોના જન્મ પ્રસંગને તેઓ હાથમાં દીપિકાઓ ધારણ કરીને દીપાવે છે. |
| विज्जुदंत | भौ.अ. | विद्युद्दन्त | વિદ્યુદ્દન્ત | એક અંતરદીવ અને તેના લોકો. |
| १. विज्जुप्पभ | भौ.दे. | विद्युत्प्रभ | વિદ્યુત્પ્રભ | જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં આવેલા મંદર પર્વત ની દક્ષિણપશ્ચિમે આવેલો એક વક્ષસ્કાર પર્વત. તેને પાંચ શિખરો છે. આ પર્વતનો અધિષ્ઠાતા દેવ આ જ નામનો છે. |
| २. विज्जुप्पभ | भौ. | विद्युत्प्रभ | વિદ્યુત્પ્રભ | જંબૂદ્વીપથી ૪૫૦૦૦ યોજનના અંતરે લવણ સમુદ્ર માં આવેલો પર્વત. આ પર્વત અનુવેલંધરનાગરાજ નું વાસસ્થાન છે. તેનો અધિષ્ઠાતા દેવ કર્દમ છે. |
| विज्जुप्पभकूड | भौ. | विद्युत्प्रभकूट | વિદ્યુત્પ્રભકૂટ | આ અને વિજ્જુ(૪) એક છે. |
| विज्जुप्पभद्दह | ऐ. | विद्युत्प्रभद्रह | વિદ્યુત્પ્રભદ્રહ | દેવકુરુમાં આવેલું તળાવ. સિતોદા નદી તેમાં થઈને પસાર થાય છે. |
| १. विज्जुमइ | अ.च. | विद्युन्मती | વિદ્યુન્મતી | ચિત્રની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| २. विज्जुमइ | क. | विद्युन्मती | વિદ્યુન્મતી | સીહની દાસી. જ્યારે ભ૦ મહાવીર ગોસાલક સાથે કાલાય સંનિવેશમાં આવ્યા ત્યારે રાતના સમયે આ દાસીએ સીહ સાથે સંભોગસુખ માણ્યુ હતુ. |
| ३. विज्जुमइ | अ. | विद्युन्मती | વિદ્યુન્મતી | એક સ્ત્રી જેના માટે એક મત મુજબ રાજા કોણિકે બીજામત મુજબ રાજા ચિત્રસેને યુદ્ધ કર્યું હતું. |
| विज्जुमाला | अ.च. | विद्युन्माला | વિદ્યુન્માલા | ચિતત્રની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| विज्जुमालि | दे. | विद्युन्मालिन् | વિદ્યુન્માલિન્ | પંચશેલ દ્વીપનો યક્ષ દેવ. તેને બે પત્નીઓ હતી — હાસા(૨) અને પહાસા. |
| विज्जुमुह | भौ.अ. | विद्युन्मुख | વિદ્યુન્મુખ | એક અંતરદીવ અને તેના લોકો. |
| १. विज्जुया | दे. | विद्युता | વિદ્યુતા | ધરણેન્દ્રની છ મુખ્યપત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં વાણારસીના શ્રેષ્ઠીની પુત્રી હતી.બીજે તેનો ઉલ્લેખ ઘનવિદ્યુતા નામે કરવામાં આવ્યો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| २. विज्जुया | आ. | विद्युता | વિદ્યુતા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું એક અધ્યયન. |
| विज्जुसिरी | अ. | विद्युच्छ्री | વિદ્યુચ્છ્રી | આમલકપ્પાના શ્રેષ્ઠી વિજ્જુ(૩)ની પત્ની. |
| विट्ठि | अ.ज. | विष्टि | વિષ્ટિ | અગિયાર કરણ માંથી સાતમું કરણ. |
| विणमि | अ. | विनमि | વિનમિ | મહાકચ્છનો પુત્ર અને ઋષભનો પૌત્ર. જુઓ નમિ. |
| विणय | दे.भौ. | विनत | વિનત | આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૯સાગરોપમ છે. |
| विणयवइ | दे.भौ. | विनयवती | વિનયવતી | વિગયભયાના શિષ્યા. |
| विणयसमाहि | आ. | विनयसमाधि | વિનયસમાધિ | દશવૈકાલિકનું નવમું અધ્યયન. |
| विणयसुत्त | आ. | विनयसूत्र | વિનયસૂત્ર | જુઓ 'વિણયસુય'. |
| विणयसुय | आ. | विनयश्रुत | વિનયશ્રુત | ઉત્તરાધ્યયનનું પ્રથમ અધ્યયન. |
| विणीअ | ऐ.भौ. | विनीत | વિનીત | આ અને વિનીતા એક છે. |
| विणीआ/विणीता | ऐ.भौ. | विनीता | વિનીતા | આ અને વિનીતા એક છે. |
| विणीय | ऐ.भौ. | विनीत | વિનીત | આ અને વિનીતા એક છે. |
| विणीयभूमि | ऐ.भौ. | विनीतभूमि | વિનીતભૂમિ | આ અને વિનીતા એક છે. |
| विणीया | ऐ.भौ. | विनीता | વિનીતા | જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલું નગર. તે વૈતાઢ્ય પર્વતની દક્ષિણે, લવણસમુદ્રની ઉત્તરે, વૈતાઢ્યથી તથા લવણથી ૧૧૪/૧૧-૧૯ યોજનના અંતરે આવેલું છે. વળી, તે ગંગાનદીની પશ્ચિમે, સિંધુ નદી ની પૂર્વે અને દક્ષિણભરતની મધ્યમાં આવેલું છે. તેની લંબાઈ બાર યોજન છે પહોળાઈ નવ યોજન છે. શક્રની આજ્ઞાથી દેવ ધણવઈ(૧) અપર નામ વૈશ્રમણ(૨)એ તેની સ્થાપના કરી હતી. |
| विण्णायड | ऐ.भौ. | बेन्नातट | બેન્નાતટ | જુઓ બેન્નાતટ. |
| १. विण्हु | ती. | विष्णु | વિષ્ણુ | અગિયારમાં તીર્થંકર સિજ્જંસ(૧)ના પિતા. |
| २. विण्हु | ती. | विष्णु | વિષ્ણુ | અગિયારમાં તીર્થંકર સિજ્જંસ(૧)ની માતા. |
| ३. विण्हु | आ. | विष्णु | વિષ્ણુ | અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું દસમું અધ્યયન. |
| ४. विण्हु | श्र. | विष्णु | વિષ્ણુ | બારવઈના રાજા અંધગવૃષ્ણી અને રાણી ધારિણી ના પુત્ર. તેમણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી અને તે શત્રુંજય પર્વત પર મોક્ષ પામ્યા. |
| ५. विण्हु | श्र. | विष्णु | વિષ્ણુ | મથુરા(૧)ના શ્રમણ. |
| ६. विण्हु | दे. | विष्णु | વિષ્ણુ | ભારહ વગેરે સૂત્રોમાં વર્ણવાયેલા પ્રધાનદેવોના એક |
| ८. विण्हु | श्र. | विष्णु | વિષ્ણુ | આ અને વિણ્હુકુમાર એક છે. |
| ९. विण्हु | दे.ज. | विष्णु | વિષ્ણુ | શ્રવણ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| विण्हुकुमार | श्र. | विष्णुकुमार | વિષ્ણુકુમાર | ઉદ્ધત અને અભિમાની રાજાને પાઠ ભણાવનાર શ્રમણ. |

| | | | | |
|---|---|---|---|---|
| विण्हुसिरी | श्र. | विष्णुश्री | વિષ્ણુશ્રી | વર્તમાન અવસર્પિણી ના છેલ્લા ભાવિ શ્રમણી. |
| वितत | दे.ज. | वितत | વિતત | જુઓ વિવત્ત જે એક ગ્રહ છે. |
| वितत्थ | दे.ज. | वित्रस्त/वितथ्य | વિત્રસ્ત/વિતથ્ય | જુઓ વિવત્ત અને વિવત્થ. |
| वितत्था | भौ. | वितस्ता | વિતસ્તા | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વહેતી સિંધુ નદીને મળતી એક નદી. |
| वितिभय | ऐ. | वीतभय | વીતભય | જુઓ વીયભય. |
| वितिमिर | भौ. | वितिमिर | વિતિમિર | બ્રહ્મલોકના છ કાંડમાંનો એક. |
| वित्त/वित्त तारायण | श्र.प्र. | वित्त/वित्त तारायण | વિત્ત/ વિત્ત તારાયણ | એક અજૈન ઋષિ જે મહાવીરના તીર્થમાં થયા અને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયા. |
| विदब्भ | श्र.ती. | विदर्भ | વિદર્ભ | સાતમાં તીર્થંકર સુપાર્શ્વના પ્રથમ શિષ્ય. |
| विदिसा | भौ. | विदिशा | વિદિશા | વેદિસ નગર પાસે વહેતી નદી. |
| विदु | श्र.प्र. | विदु | વિદુ | એક અજૈન ઋષિ જે અરિષ્ટનેમિના તીર્થમાં થયા અને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયા. |
| विदुर | अ. | विदुर | વિદુર | હસ્તિનાપુરના રાજકુમાર જેમને દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા નિમંત્રવામાં આવ્યા હતા. |
| १. विदेह | भौ. | विदेह | વિદેહ | આ અને મહાવિદેહ ક્ષેત્ર એક છે. ઋષભ પોતાના એક પૂર્વભવમાં વૈદ્ય સુવિધિના પુત્ર કેસવ તરીકે અહીં જન્મ્યા હતા. |
| २. विदेह | भौ.ऐ. | विदेह | વિદેહ | એક આર્ય દેશ જેનું પાટનગર મિથિલા હતું વૈશાલી આ દેશમાં આવેલું હતું. રાજા કુંભગ, તીર્થંકર મલ્લિ, તીર્થંકર નમિ અને રાજા નમિ આ દેશના હતા. |
| ३. विदेह | भौ. | विदेह | વિદેહ | નિષધ પર્વતનું શિખર. |
| ४. विदेह | भौ. | विदेह | વિદેહ | નીલવંત પર્વતનું શિખર. |
| ५. विदेह | अ.ता. | विदेह | વિદેહ | એક ક્ષત્રિય પરિવ્રાજક. |
| ६. विदेह | अ. | विदेह | વિદેહ | એક આર્ય જાતિ. |
| विदेहजंबू | भौ. | विदेहजम्बू | વિદેહજમ્બૂ | જંબૂદ્વીપમાં આવેલા પવિત્ર જંબૂ વૃક્ષનું બીજું નામ |
| विदेहजच्च | ती. | विदेहजात्य/ विदेहजार्च | વિદેહજાત્ય/ વિદેહજાર્ચ | મહાવીરનું બીજું નામ. |
| विदेहजा | ती. | विदेहजा | વિદેહજા | મહાવીરની માતા ત્રિશલાનું બીજું નામ. |
| विदेहदिण्ण | ती. | विदेहदत्त | વિદેહદત્ત | મહાવીરનું બીજું નામ. |
| विदेहदिण्णा | ती. | विदेहदत्ता | વિદેહદત્તા | મહાવીરની માતા ત્રિશલાનું બીજું નામ. |
| विदेहपुत्त | श्रा. | विदेहपुत्र | વિદેહપુત્ર | કોણિકનું બીજું નામ. |
| विदेहसुमाल | ती. | विदेहसुकुमार | વિદેહસુકુમાર | મહાવીરનું બીજું નામ. |
| विधाय | ती. | विधातृ | વિધાતૃ | 'પુણવણ્ણિય' વાણવ્યંતર દેવોનો ઇંદ્ર. |
| विपुल | भौ. | विपुल | વિપુલ | રાજગૃહી ન ગર પાસે આવેલો પર્વત. ભ૦ મહાવીર ના શિષ્યો સ્કંદક, મેહકુમારે અહી સલેખના કરેલી |

| | | | | |
|---|---|---|---|---|
| विपुलवाहण | च. | विपुलवाहन | વિપુલવાહન | જુઓ વિઉલવાહણ(૧). |
| विभासा | भौ. | विभाषा | વિભાષા | જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વહેતી સિંધુ નદીને મળતી નદી. |
| विभीसण | च. | विभीषण | વિભીષણ | જુઓ બિભીષણ. |
| विभेल | भौ. | विभेल | વિભેલ | વિંઝગિરિની તળેટીમાં આવેલો સંનિવેશ. બહુ–પુત્રિકા દેવી અહીં સોમા તરીકે પુનર્જન્મ પામશે. જુઓ બેભેલ. |
| १. विमल | ती. | विमल | વિમલ | વર્તમાન અવસર્પિણીના તેરમા તીર્થંકર. કંપિલ્લપુર ના રાજા કૃતવર્મ અને તેમની રાણી શામાના પુત્ર હતા. તેમની ઊંચાઈ સાઠ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. તેમણે એક હજાર પુરુષો સાથે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. તે પ્રસંગે તેમણે સુપ્રભા(૪) પાલખીનો ઉપયોગ કર્યો હતો. |
| २. विमल | ती. | विमल | વિમલ | ભરતક્ષેત્રના ૨૨ મા ભાવિ તીર્થંકર અને નારદનો ભાવિ જન્મ. |
| ३. विमल | ती. | विमल | વિમલ | ઐરાવત ક્ષેત્રના એકવીસમા ભાવિ તીર્થંકર. |
| ४. विमल | ती. | विमल | વિમલ | બીજા તીર્થંકર અજિતનો પૂર્વભવ. |
| ५. विमल | अ. | विमल | વિમલ | સાકેત નગરનો ચિત્રકાર. તેની કલા માટે પ્રખ્યાત હતો. રાજા મહબ્બલે તેની કલાની કદર કરી હતી. |
| ६. विमल | दे.ज. | विमल | વિમલ | અઠ્યાસી ગ્રહમાંનો એક. મલયગિરિ સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપરની પોતાની ટીકામાં ગ્રહોની યાદીમાં તેને સ્થાન આપતા નથી. |
| ७. विमल | दे. | विमल | વિમલ | આનત અને પ્રાણત સ્વર્ગીય ક્ષેત્રોના ઇન્દ્રોનું વિમાન. તેના વ્યવસ્થાપક દેવનું નામ પણ આ છે. |
| ८. विमल | दे.भौ. | विमल | વિમલ | મહિય જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| ९. विमल | दे.भौ. | विमल | વિમલ | સમ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १०. विमल | भौ. | विमल | વિમલ | જંબૂદ્વીપમાં આવેલા સોમનસ પર્વતનું શિખર. સુવચ્છા (૩) દેવી અહીં વસે છે. |
| ११. विमल | दे. | विमल | વિમલ | ક્ષીરોદ સમુદ્રના અધિષ્ઠાતા બે દેવોમાંનો એક દેવ. |
| विमलघोस | अ. | विमलघोष | વિમલઘોષ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થયેલા પાંચમાં કુલગર. જુઓ કુલગર. |
| विमलप्पभ | दे. | विमलप्रभ | વિમલપ્રભ | ખીરોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. विमलवाहण | क. | विमलवाहन | વિમલવાહન | શતદ્વાર નગરનો રાજા. તેણે શ્રમણ ધર્મરુચીને ભિક્ષા આપી હતી. મૃત્યુ પછી તે સાકેતના વરદત્ત રાજકુમાર તરીકે જન્મ્યો. |
| २. विमलवाहण | च. | विमलवाहन | વિમલવાહન | ભરતક્ષેત્રના દસમા ભાવિ ચક્રવર્તી. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. विमलवाहण | अ.गो. | *विमलवाहन* | વિમલવાહન | ગોસાલકનો ભાવિ ભવ. જુઓ મહાપદ્મ(૯). |
| ४. विमलवाहण | ती. | *विमलवाहन* | વિમલવાહન | રાજા શ્રેણિકનો ભાવિ ભવ. જુઓ મહાપદ્મ(૧૦). |
| ५. विमलवाहण | ती. | *विमलवाहन* | વિમલવાહન | ત્રીજા તીર્થંકર સંભવનો પૂર્વભવ. |
| ६. विमलवाहण | अ. | *विमलवाहन* | વિમલવાહન | વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા પ્રથમ કુલકર. તે સુસમદુસમા આરાના છેલ્લા ભાગમાં જન્મ્યા હતા. તેમની ઊંચાઈ ૯૦૦ ધનુષ હતી. ચંદ્રયશા તેમની પત્ની હતી. |
| ७. विमलवाहण | अ. | *विमलवाहन* | વિમલવાહન | ભરત ક્ષેત્રના પાંચમાં ભાવિ કુલગર. જુઓ કુલગર |
| ८. विमलवाहण | अ. | *विमलवाहन* | વિમલવાહન | ઐરાવતક્ષેત્રના પ્રથમ ભાવિ કુલગર. જુઓ કુલગર. |
| ९. विमलवाहण | अ. | *विमलवाहन* | વિમલવાહન | ભરત ક્ષેત્રના પ્રથમ ભાવિ કુલગર. જુઓ કુલગર. |
| १. विमला | आ. | *विमला* | વિમલા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું તેરમું અધ્યયન. |
| २. विमला | दे. | *विमला* | વિમલા | ગંધર્વદેવોના બે ઈન્દ્રો ગીતરઈ અને ગીતજસ માંથી દરેકની મુખ્ય પત્નીનું નામ. તેમના પૂર્વભવ માં તે બન્ને નાગપુરમાં જન્મી હતી. |
| ३. विमला | दे. | *विमला* | વિમલા | ધરણેન્દ્રદના આધિપત્ય નીચેના કાલવાલ, કોલ વાલ, સેલવાલ અને સંખવાલ એ ચાર લોગપાલો માંથી પ્રત્યેકની મુખ્ય પત્નીનું નામ. |
| विमाणपविभत्ति | आ. | *विमानप्रविभक्ति* | વિમાનપ્રવિભક્તિ | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. તે અસંક્ષિપ્ત અને સંક્ષિપ્ત બન્ને રૂપમાં મળે છે. તેનું અસંક્ષિપ્ત રૂપ છે — 'મહલ્લિયાવિમાણપવિભત્તિ' અને તેનું સંક્ષિપ્ત રૂપ છે—'ખુડ્ડિયવિમાણપવિભત્તિ'. |
| विमाणवासि | दे. | *विमानवासिन्* | વિમાનવાસિન્ | આ અને વેમાણીય એક છે. |
| १. विमुत्ति | आ. | *विमुक्ति* | વિમુક્તિ | આચાર અંગસૂત્રના શ્રુતસ્કન્ધ ૨ ની ચોથી ચૂલા. |
| २. विमुत्ति | आ. | *विमुक्ति* | વિમુક્તિ | બંધદસાનું આઠમું અધ્યયન. વર્તમાનમાં તે અસ્તિત્વમાં નથી. |
| विमोक्ख | आ. | *विमोक्ष* | વિમોક્ષ | આચાર અંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધનું આઠમું અધ્યયન. તે આઠ વિભાગોમાં વિભક્ત છે. |
| वियड | दे.ज. | *विकट* | વિકટ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| वियडावाइ | भौ. | *विकटापातिन्* | વિકટાપાતિન્ | જુઓ વિઅડાવઈ. |
| १. वियत्त | ती.ग. | *व्यक्त* | વ્યક્ત | ભ૦ મહાવીરના ચોથા ગણધર. કોલ્લાગસંનિવેશના ધનમિત્રબ્રાહ્મણના પુત્ર હતા.માતાનું નામ વારુણી હતું. તે પોતાના ૫૦૦ શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બની ગયા. તેમને તેમના મનમાં પૃથ્વી આદિ પાંચ ભૌતિક તત્વો અંગે શંકા હતી. તેમને ૬૨ વર્ષની ઉંમરે કેવલજ્ઞાન થયું અને તે ૮૦વર્ષની ઉંમરે મોક્ષ પામ્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| २. वियत्त | दे.भौ. | व्यक्त | વ્યક્ત | જુઓ વિવત્ત. |
| १. वियालअ | दे.भौ. | विकालक | વિકાલક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| २. वियालअ | दे. | विकालक | વિકાલક | શક્રના લોકપાલ સોમના આધિપત્ય નીચેનો દેવ. સંભવતઃ આ અને વિયાલઅ(૧) એક છે. |
| वियालग | दे.भौ. | विकालक | વિકાલક | આ અને વિયાલઅ એક છે. |
| १. वियावत्त | दे. | व्यावर्त्त | વ્યાવર્ત્ત | સ્તનિતકુમાર દેવોના ઘોષ અને મહાઘોષ એ બે ઇન્દ્રોમાંથી પ્રત્યેકના લોકપાલનું નામ. |
| २. वियावत्त | दे.भौ. | व्यावर्त्त | વ્યાવર્ત્ત | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું છે. |
| वियाह | आ. | व्याख्या | વ્યાખ્યા | આ અને ભગવતી એક છે. |
| वियाहचूला | आ. | व्याख्याचूला | વ્યાખ્યાચૂલા | જુઓ વિયાહચૂલિયા. |
| १. वियाहचूलिया | आ. | व्याख्याचूलिका | વ્યાખ્યાચૂલિકા | ભગવતીનું પરિશિષ્ટ. એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર તરીકે તેની સ્વતંત્ર ગણના કરવામાં આવી છે. જે શ્રમણનો શ્રામણ્યપાલન કાળ ૧૧ વર્ષ પૂરો થયો હોય તેને આ ગ્રન્થ ભણાવી શકાય. |
| २. वियाहचूलिया | आ. | व्याख्याचूलिका | વ્યાખ્યાચૂલિકા | સંખેવિતદસાનું એક અધ્યયન. આ અને વિયાહ–ચૂલિયા અભિન્ન લાગે છે. |
| वियाहपण्णत्ति | आ. | व्याख्याप्रज्ञप्ति | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | ૧૨ અંગ આગમ સૂત્રોમાંનું પાંચમુ અંગ આગમસૂત્ર અભયદેવસૂરિએ વૃત્તિમાં આ નામની વ્યાખ્યા અનેક રીતે કરી છે. આ અંગસૂત્ર ૪૧ શતકોમાં વિભક્ત છે. પંદરમાં શતક સિવાયના બાકીના બધા શતકો ઉદ્દેશકોમાં વિભક્ત છે. એકવીસમા શતકમાં આવા આઠ ઉદ્દેશકો છે. સમવાય અનુસાર ભગવતીમાં એકસો થી અધિક અધ્યયનો છે, દસ હજાર ઉદ્દેશો છે, દસ હજાર સમુદ્દેશો છે, છત્રીસ હજાર વ્યાકરણો છે અને ચોરાશી હજાર પદો છે. નંદી અનુસાર પદોની સંખ્યા બે લાખ અઠ્યાસી હજાર છે. અભયદેવસૂરિ નંદીના મત સાથે સંમત છે. આ અંગનું બીજું નામ ભગવતીસૂત્ર લોક પ્રસિદ્ધ છે. તેના બીજા નામો વિવાહ, વિવાહપ્રજ્ઞપ્તિ, પ્રજ્ઞપ્તિ. જુઓ 'વિયાહ'. |
| १. विरअ | दे.भौ. | विरजस् | વિરજસ્ | ૮૮ ગ્રહમાંનો એક. તેનો ઉલ્લેખ સ્થાનસૂત્રમાં નથી. |
| २. विरअ | भौ. | विरजस् | વિરજસ્ | બ્રહ્મલોકના છ કાંડમાંનો એક. |
| विरति | आ. | विरति | વિરતિ | ભગવતીનું બીજું અધ્યયન. |
| विराडणगर | भौ. | विराटनगर | વિરાટનગર | જ્યાં રાજા કીચગ રાજ કરતો હતો તે નગર. આ અને વઈરાડ એક છે. |
| विरिअ | आ. | वीर्य | વીર્ય | જુઓ વીરિઅ (૧). |

| | | | | |
|---|---|---|---|---|
| **विलायलोय** | भौ. | *विलातलोक* | વિલાતલોક | જુઓ બલાયાલોઅ અને તેનું ટિપ્પણ. |
| **विवच्छा** | भौ. | *विवत्सा* | વિવત્સા | આ અને વિતત્થા એક છે. |
| **विवत्त** | दे.ज. | *विवर्त्त* | વિવર્ત્ત | ૮૮ ગ્રહમાંનો એક. તેનો ઉલ્લેખ વિતત, વિતત્ત, વિતત્થ અને વિયત્ત(૨) નામોથી પણ થયો છે. |
| **विवत्थ** | दे.ज. | *विवस्त्र* | વિવસ્ત્ર | ૮૮ ગ્રહમાંનો એક. તેનો ઉલ્લેખ વિતત્થ નામે પણ થયો છે. |
| **विवागदसा** | आ. | *विपाकदशा* | વિપાકદશા | વિપાકશ્રુતનું બીજું નામ. |
| **विवागसुय** | आ. | *विपाकश्रुत* | વિપાકશ્રુત | ૧૨ અંગ આગમસૂત્રોમાંનો ૧૧ મું અંગ આગમસૂત્ર તેમાં બે શ્રુતસ્કન્ધો છે — પહેલો દુખવિપાક અને બીજો સુખવિપાક. દુખવિપાકના અધ્યયનોમાં પૂર્વભવોમાં કરેલા પાપકર્મોના ફળોનું નિરૂપણ છે જ્યારે સુખવિપાક ના અધ્યયનોમાં પૂર્વભવોમાં કરેલા પુણ્યકર્મોના ફળોનું નિરૂપણ છે. |
| **विवाय** | आ. | *विवाद* | વિવાદ | દોગિદ્ધિદસાનું બીજું અધ્યયન. |
| **विवाह** | आ. | *व्याख्या* | વ્યાખ્યા | આ અને વિવાહપ્રજ્ઞપ્તિ એક છે. |
| **विवाहचूलिया** | आ. | *व्याख्याचूलिका* | વ્યાખ્યાચૂલિકા | જુઓ વિયાહચૂલિયા. |
| **विवाहपण्णत्ति** | आ. | *व्याख्याप्रज्ञप्ति* | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | જુઓ ભગવતી. |
| **विविड्ढि** | दे.ज. | *विवृद्धि* | વિવૃદ્ધિ | આ અને અહિવડ્ઢિ એક છે. |
| **विसंढि** | दे.ज. | *विसन्धि* | વિસન્ધિ | આ અને વિસંધિકલ્પ એક છે. |
| **विसंधिकप्प** | दे.ज. | *विसन्धिकल्प* | વિસન્ધિકલ્પ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| **विसंधिकप्पेल्लअ** | दे.ज. | *विसन्धिकल्पक* | વિસન્ધિકલ્પક | આ અને વિસંધિકલ્પ એક છે. |
| **विसा** | क. | *विषा* | વિષા | રાજગૃહીના શ્રેષ્ઠી સાગરપોતની પુત્રી અને દામન્નગ ની પત્ની. |
| **विसाय** | दे.भौ. | *विसात* | વિસાત | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે. |
| **१. विसाल** | दे.ज. | *विशाल* | વિશાલ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| **२. विसाल** | दे. | *विशाल* | વિશાલ | ઉત્તરના કંદિય દેવોનો ઇંદ્ર. |
| **३. विसाल** | दे.भौ. | *विशाल* | વિશાલ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમ છે. |
| **१. विसाला** | ऐ.भौ. | *विशाला* | વિશાલા | દક્ષિણ અંજનગ પર્વત ઉપર આવેલું તળાવ. |
| **२. विसाला** | भौ. | *विशाला* | વિશાલા | જંબુસુદર્શના વૃક્ષનું બીજું નામ. |
| **३. विसाला** | ती. | *विशाला* | વિશાલા | સંસારત્યાગના પ્રસંગે તીર્થંકરપાર્શ્વ એ ઉપયોગ માં લીધેલી પાલખી. |
| **विसालि** | ऐ.भौ. | *वैशालि* | વૈશાલિ | જુઓ વેસાલિ. |
| **विसाह** | आ. | *विशाख* | વિશાખ | ભગવતીના અઢારમા શતકનો બીજો ઉદ્દેશક. |

| | | | | |
|---|---|---|---|---|
| विसाहगणि | श्र. | विशाखगणिन् | વિશાખગણિન્ | નિશીથના કર્તા. |
| विसाहणंदी | क. | विशाखनन्दी | વિશાખનન્દી | રાજગૃહીના રાજા વિશ્વનંદીનો પુત્ર અને વિશ્વભૂતિ નો પિતરાઈ ભાઈ હતો. |
| विसाहदत्त | अ. | विशाखदत्त | વિશાખદત્ત | રુદ્રપુરનો રાજા અને ચક્રવર્તી બ્રહ્મદત્તનો સસરો. |
| विसाहभूइ / विसाहभूति | क. | विशाखभूति | વિશાખભૂતિ | રાજગૃહીના રાજા વિશ્વનંદીનો નાનો ભાઈ. પત્નીનું નામ ધારિણી હતું. તેનો પુત્ર હતો વિશ્વભૂતિ. |
| १. विसाहा | दे.ज. | विशाखा | વિશાખા | એક નક્ષત્ર. તેનો અધિષ્ઠાતા દેવ ઇન્દ્રાગ્નિ છે. સુંગાયણ તેનું ગોત્રનામ છે. |
| २. विसाहा | ऐ.भौ. | विशाखा | વિશાખા | જેમાં બહુપત્તિય(૨) નામનું ચૈત્ય હતું તે નગર. મહાવીર આ નગરમાં આવ્યા હતા. |
| १. विसिट्ठ | भौ. | विशिष्ट | વિશિષ્ટ | સોમનસ પર્વતનું શિખર. આ અને વિશિષ્ટકૂડ એક છે. |
| २. विसिट्ठ | दे. | विशिष्ट | વિશિષ્ટ | દ્વીપકુમાર દેવોના બે ઇન્દ્રોમાંનો એક. આ અને વશિષ્ટ(૩) એક છે. |
| विसिट्ठकूड | भौ. | विशिष्टकूट | વિશિષ્ટકૂટ | આ અને વિસિટ્ઠ(૧) એક છે. |
| विसुद्ध | भौ. | विशुद्ध | વિશુદ્ધ | બ્રહ્મલોકના છ કાંડમાંનો એક. |
| विसूहिय | दे.भौ. | विष्वगृहित | વિષ્વગૃહિત | મહિય જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| विसेस | आ. | विशेष | વિશેષ | પ્રજ્ઞાપનાનું પાંચમું પદ . |
| विस्स | दे.ज. | विश्व | વિશ્વ | ઉત્તરાસાઢા નક્ષત્રના અધિષ્ઠાતા દેવ. |
| विस्सणंदी | क. | विश्वनन्दी | વિશ્વનન્દી | રાજગૃહીના રાજા, વિશાખાભૂતિના મોટા ભાઈ, વિશાખ નંદીના પિતા અને બલદેવ અચલ(૬)નો પૂર્વભવ તેમને આચાર્ય સંભૂય એ દીક્ષા આપેલી. |
| विस्सभूइ / विस्सभूति | क.च. | विश्वभूति | વિશ્વભૂતિ | પ્રથમ વાસુદેવ ત્રીપૃષ્ઠનો પૂર્વભવ. તે રાજગૃહી ના રાજા વિશ્વનંદીના નાના ભાઈ વિશાખભૂતિના પુત્ર હતા. તે બહુ શક્તિશાળી હતા. આચાર્ય સંભૂતે તેમને દીક્ષા આપી હતી. મથુરામાં ગાયે તેમને પછાડ્યા હતા. આ કારણે ક્રોધિત થઈને તેમણે શીંગડા પકડીને ગાયને નીચે પાડી દીધી હતી. ભાવિ જન્મમાં પોતાના પિતરાઈ ભાઈ વિશાખાનંદીને હણવાનો સંકલ્પ તેમણે કર્યો હતો. |
| विस्सवाइयगण | अ.श्र. | विश्ववादिकगण | વિશ્વવાદિકગણ | તીર્થંકર મહાવીરની આજ્ઞામાં રહેલા નવ શ્રમણ ગણોમાંનો એક. |
| १. विस्ससेण | ती. | विश्वसेन | વિશ્વસેન | તીર્થંકર સંતિના પિતા. તે ગયપુરના રાજા હતા અને અઇરાના પતિ હતા. |
| २. विस्ससेण | ती.अ. | विश्वसेन | વિશ્વસેન | મિથિલા(૧)નો વતની, તીર્થંકર મલ્લિ(૧)ને ભિક્ષા આપનાર તે સૌ–પ્રથમ હતા. |
| ३. विस्ससेण | | विश्वसेन | વિશ્વસેન | દિવસ રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |

| | | | | |
|---|---|---|---|---|
| विहप्फइ | | बृहस्पति | બૃહસ્પતિ | એક ગ્રહ. |
| १. विहल्ल | श्र. | विहल्ल | વિહલ્લ | રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ચેલ્લણાનો પુત્ર અને કૂણિકનો નાનો ભાઈ. રાજા શ્રેણિકે તેને શ્રેષ્ઠ કંઠહાર આપ્યો. વિહલ્લે ભ૦ મહાવીર પાસે દીક્ષા લીધી, ૧૨ વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું, મૃત્યુ પછી જયંત વિમાનમાં જન્મ લીધો. પછી તે મહાવિદેહમાં મોક્ષે જશે. |
| २. विहल्ल | आ. | विहल्ल | વિહલ્લ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧નું અધ્યયન ૮. |
| ३. विहल्ल | श्र. | विहल्ल | વિહલ્લ | રાજગૃહી નગરનો રહેવાસી. તેને મહાવીરે દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. ત્યાંથી મહાવિદેહ માં જન્મ લેશે અને મોક્ષ પામશે. |
| ४. विहल्ल | आ. | विहल्ल | વિહલ્લ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩નું અધ્યયન ૧૦. |
| विहस्सति | दे.ज. | बृहस्पति | બૃહસ્પતિ | જુઓ વિહસ્સઈ. |
| विहाय | दे. | विधाय | વિધાય | જુઓ વિધાય. |
| विहारकप्प | आ. | विहारकल्प | વિહારકલ્પ | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર, જે હાલ અસ્તિત્વમાં નથી. |
| विहारगिह / विहारगेह | ऐ. | विहारगृह | વિહારગૃહ | જે ઉદ્યાનમાં તીર્થંકર વાસુપુજ્યે સંસારત્યાગ કર્યો હતો તેમજ જે ઉદ્યાનમાં તેમને કેવલજ્ઞાન થયું હતું તે ચંપા નગરમાં આવેલું ઉદ્યાન. |
| वीभय | ऐ.भौ. | वीभय | વીભય | જુઓ વીયભય. |
| वीतभय | ऐ.भौ. | वीतभय | વીતભય | જુઓ વીયભય. |
| १. वीतसोग | दे. | वीतशोक | વીતશોક | અરુણ દ્વીપોના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| २. वीतसोग | दे.ज. | वीतशोक | વીતશોક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| वीतसोगा | ऐ.भौ. | वीतशोका | વીતશોકા | જુઓ વિતશોકા. |
| वीतिभय | ऐ.भौ. | वीतभय | વીતભય | જુઓ વીયભય. |
| वीतिसोगा | ऐ.भौ. | वीतशोका | વીતશોકા | જુઓ વિતશોકા. |
| वीतीभय | ऐ.भौ. | वीतभय | વીતભય | આ અને વીયભય એક છે. |
| वीयकम्ह | अ. | वीतकश्म | વીતકશ્મ | વચ્છ(૪) ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| वीयभय | ऐ.भौ. | वीतभय | વીતભય | જ્યાં રાજા ઉદાયન રાજ કરતો હતો તે સિંધુસોવીરનું પાટનગર. તેની ઉત્તરપૂર્વે મૃગવન ઉદ્યાન આવેલું હતું. કહેવાય છે કે તીર્થંકર મહાવીર ત્યાં ગયા હતા અને ઉદાયનને દીક્ષા આપી હતી. |
| वीयरागसुअ | आ. | वीतरागश्रुत | વીતરાગશ્રુત | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર, જે વર્તમાનમાં અસ્તિત્વમાં નથી. |
| वीयसोग | दे.ज. | वीतशोक | વીતશોક | જુઓ વીતસોગ |

| | | | | |
|---|---|---|---|---|
| वीयसोगा | ऐ.भौ. | वीतशोका | વીતશોકા | અવરવિદેહમાં નલિનાવતિ પ્રદેશનું પાટનગર. બલદેવ અચલ, વાસુદેવ બિભીસણ અને રાજા મહબ્બલ આ નગરના હતા. |
| १. वीर | ती. | वीर | વીર | તીર્થંકર મહાવીરનું બીજું નામ. |
| २. वीर | श्र. | वीर | વીર | તગરા નગર ગયેલા એક શ્રમણાચાર્ય. |
| ३. वीर | दे.भौ. | वीर | વીર | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ છ સાગરોપમ છે. તે સયંભૂ(૪) જેવું જ છે. |
| वीरअ | क. | वीरक | વીરક | બારવઈનો વણકર જે વાસુદેવ કૃષ્ણનો ભક્ત હતો. |
| १. वीरंगय | श्र. | वीराङ्गक | વીરાઙ્ગક | મહાવીરે દીક્ષા આપેલા આઠ રાજાઓમાંનો એક. |
| २. वीरंगय | श्र. | वीराङ्गक | વીરાઙ્ગક | રોહીડગના રાજા મહબ્બલ અને રાણી પદ્માવતીનો પુત્ર. તે બત્રીસ રાજકુંવરીઓને પરણ્યો હતો. તેણે આચાર્ય સિદ્ધાર્થ પાસે દીક્ષા લીધી, પિસ્તાલીસ વર્ષ શ્રામણ્યનું પાલન કરી મરીને બ્રહ્મલોક કલ્પે દેવ તરીકે તે જન્મ્યો. ત્યાંથી બારવઈમાં બલદેવના પુત્ર તરીકે તેનો જન્મ થયો. |
| ३. वीरंगय | अ. | वीराङ्गक | વીરાઙ્ગક | વૈશાલીના રાજા ચેટકનો સારથિ. |
| वीरकंत | दे.भौ. | वीरकान्त | વીરકાન્ત | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वीरकण्ह | आ. | वीरकृष्ण | વીરકૃષ્ણ | નિરયાવાલિકાનું સાતમું અધ્યયન. રાજાશ્રેણિકના વીરકૃષ્ણ નામક પુત્રના જીવનવૃત્તનું નિરૂપણ છે. |
| २. वीरकण्ह | अ. | वीरकृष्ण | વીરકૃષ્ણ | જુઓ વીરકૃષ્ણમિત્ર. |
| वीरकण्हमित्त | अ. | वीरकृष्णमित्र | વીરકૃષ્ણમિત્ર | વીરપુરના રાજા. રાણી શ્રીદેવીના પતિ અને રાજ–કુમાર સુજાતના પિતા. |
| १. वीरकण्हा | आ. | वीरकृष्णा | વીરકૃષ્ણા | અંતકૃદ્દશાના આઠમા વર્ગનું સાતમું અધ્યયન. |
| २. वीरकण्हा | श्र. | वीरकृष्णा | વીરકૃષ્ણા | રાજા શ્રેણિકની પત્ની. તેને ચંપાનગરીમાં મહાવીરે દીક્ષા આપેલી. ૧૪વર્ષશ્રામણ્ય પાળી મોક્ષ પામી. |
| वीरकूड | दे.भौ. | वीरकूट | વીરકૂટ | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरगय | दे.भौ. | वीरगत | વીરગત | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरघोस | अ. | वीरघोष | વીરઘોષ | મોરાગ સન્નિવેશમાં રહેતો સુથાર. |
| वीरजस | श्र. | वीरयशस् | વીરયશસ્ | મહાવીર દ્વારા દીક્ષિત આઠ રાજાઓમાંનો એક. |
| वीरज्झय | दे.भौ. | वीरध्वज | વીરધ્વજ | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरत्थुइ | आ. | वीरस्तुति | વીરસ્તુતિ | આ અને મહાવીરથુઈ એક છે. |
| वीरदेवी | अ.ग. | वीरदेवी | વીરદેવી | મંડિયપુત્ર અને મૌર્યપુત્રની માતા. આ અને વિજય દેવા એક છે. |
| वीरपुर | ऐ.भौ. | वीरपुर | વીરપુર | જ્યાં વીરકૃષ્ણમિત્ર રાજ કરતા હતા તે નગર. આ નગરના મનોરમ ઉદ્યાનમાં તીર્થંકર મહાવીરે રાજકુમાર સુજાતને દીક્ષા આપી હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| वीरप्पभ | दे.भौ. | वीरप्रभ | વીરપ્રભ | વીર જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वीरभद्द | दे. | वीरभद्र | વીરભદ્ર | જેનું ચૈત્ય કનગપુરના સેયાસોય ઉદ્યાનમાં આવેલું હતું તે યક્ષ. |
| २. वीरभद्द | श्र. | वीरभद्र | વીરભદ્ર | ચઉસરણના કર્તા. તે ભત્તપરિણ્ણાના પણ કર્તા છે |
| वीरलेस | दे.भौ. | वीरलेश्य | વીરલેશ્ય | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरवण्ण | दे.भौ. | वीरवर्ण | વીરવર્ણ | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरवर | ती. | वीरवर | વીરવર | તીર્થંકર મહાવીરનું બીજું નામ. |
| वीरसिंग | दे.भौ. | वीरशृङ्ग | વીરશૃઙ્ગ | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरसिट्ठ | दे.भौ. | वीरसृष्ट | વીરસૃષ્ટ | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वीरसेण | दे. | वीरसेन | વીરસેન | જેનું ચૈત્ય સુઘોષ નગરના દેવરમણ ઉદ્યાનમાં આવેલું હતું તે યક્ષ. |
| २. वीरसेण | अ.च. | वीरसेन | વીરસેન | બારવઈમાં વાસુદેવ કૃષ્ણના ૨૧૦૦૦ સૈનિકોમાં મુખ્ય. |
| वीरसेणिय | दे.भौ. | वीरश्रेणिक | વીરશ્રેણિક | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीरावत्त | दे.भौ. | वीरावर्त्त | વીરાવર્ત્ત | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. वीरिअ | आ. | वीर्य | વીર્ય | સૂત્રકૃત્ નું આઠમું અધ્યયન. |
| २. वीरिअ | आ. | वीर्य | વીર્ય | ચૌદ પૂર્વ સૂત્રોમાંનો ત્રીજો પૂર્વ ગ્રન્થ. |
| ३. वीरिअ | ती.ग. | वीर्य | વીર્ય | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરોમાંના એક. તેમનો ઉલ્લેખ વીરભદ્ર નામથી પણ થયો છે. |
| वीरिय | ती.ग. | वीर्य | વીર્ય | જુઓ વીરિઅ. |
| वीरियप्पवाय | आ. | वीर्यप्रवाद | વીર્યપ્રવાદ | આ અને વીરિઅ(૨) એક છે. |
| वीरुत्तरवडिंसग | दे.भौ. | वीरोत्तरावतंसक | વીરોત્તરાવતંસક | વીર(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| वीस-असमाहिट्ठाण | आ. | विंशति–असमाधिस्थान | વિંશતિ-અસમાધિસ્થાન | આચારદશાનું એક અધ્યયન. |
| वीसत्था | क. | विश्वस्ता | વિશ્વસ્તા | આનંદપુરના રાજા જિતારિની પત્ની, રાજકુમાર અનંગની માતા. તેણે પોતાના પુત્રમાં કામાસક્ત થઈ તેની સાથે આડો સંબંધ બાંધ્યો હતો. |
| १. वीससेण | च. | विश्वसेन | વિશ્વસેન | વાસુદેવ કૃષ્ણનું બીજું નામ. તેમની ગણના શ્રેષ્ઠ યોદ્ધા તરીકે થતી હતી. |
| २. वीससेण | ती. | विश्वसेन | વિશ્વસેન | જુઓ વિસ્સસેણ. |
| वुड्ढवाइ | श्र. | वृद्धवादिन् | વૃદ્ધવાદિન્ | જેને મહાનિશીથ માટે ખૂબ આદર હતો તે આચાર્ય |
| वुड्ढि | दे.ज. | वृद्धि | વૃદ્ધિ | આ અને અહિવડ્ઢિ એક છે. |
| वेअड्ड | भौ. | वैताढ्य | વૈતાઢ્ય | જુઓ વૈતાઢ્ય. |
| वेअड्ढ | भौ. | वैताढ्य | વૈતાઢ્ય | જુઓ વૈતાઢ્ય. |
| वेअड्ढगिरिकुमार | दे. | वैताढ्यगिरिकुमार | વૈતાઢ્યગિરિકુમાર | જુઓ વૈતાઢ્યગિરિકુમાર. |

| | | | | |
|---|---|---|---|---|
| वेअड्ढपव्वय | भौ. | वैताढ्यपर्वत | વૈતાઢ્યપર્વત | જુઓ વૈતાઢ્ય. |
| वेंदग | अ. | वेदङ्ग | વેદઙ્ગ | એક આર્ય જાતિ. |
| वेगवइ | भौ. | वेगवती | વેગવતી | જેના કાંઠે અટ્ઠિયગ્ગામ આવેલું હતું તે નદી. |
| १. वेजयंत | दे.भौ. | वैजयन्त | વૈજયન્ત | બીજું અનુત્તર વિમાન અને તેના દેવો. |
| २. वेजयंत | दे.भौ. | वैजयन्त | વૈજયન્ત | જંબૂદ્વીપ વગેરેનું દક્ષિણ દ્વાર. તેનો અધિષ્ઠાતા દેવ વેજયંત છે. |
| ३. वेजयंत | दे. | वैजयन्त | વૈજયન્ત | જંબૂદ્વીપ વગેરેના વેજયંત દ્વારનો અધિષ્ઠાતા દેવ. |
| ४. वेजयंत | भौ. | वैजयन्त | વૈજયન્ત | ઉત્તર રુચક(૧) પર્વતનું શિખર. |
| वेजयंता | भौ. | वेजयन्ता | વેજયન્તા | જંબૂદ્વીપના વેજયંત દ્વારના અધિષ્ઠાતા દેવ વેજ–યન્તનું પાટનગર. |
| १. वेजयंती | अ.च. | वेजयन्ती | વેજયન્તી | છઠ્ઠા બલદેવ આનંદની માતા અને ચક્કપુર ના રાજા મહશિવની પત્ની. |
| २. वेजयंती | ती.अ. | वेजयन्ती | વેજયન્તી | સંસારત્યાગના પ્રસંગે તીર્થંકર પદ્મપ્રભ દ્વારા ઉપયોગમાં લેવાયેલી પાલખી. |
| ३. वेजयंती | स. | वेजयन्ती | વેજયન્તી | પખવાડિયાની આઠમની રાત. |
| ४. वेजयंती | दे. | वेजयन्ती | વેજયન્તી | રુચક પર્વતના મધ્યક્ષેત્રની એક વિદિશામાં વસતી એક મુખ્ય દિસાકુમારી દેવી. |
| ५. वेजयन्ती | दे. | वेजयन्ती | વેજયન્તી | પૂર્વ રુચક(૧)ના પલંબ(૪) શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી દેવી. |
| ६. वेजयन्ती | ऐ. | वेजयन्ती | વેજયન્તી | ઉત્તર અંજનગ પર્વત ઉપર આવેલું તળાવ. |
| ७. वेजयन्ती | ऐ. | वेजयन्ती | વેજયન્તી | મહાવિદેહના સુવપ્પ(૧) પ્રદેશનું પાટનગર. |
| ८. वेजयन्ती | दे. | वेजयन्ती | વેજયન્તી | ગ્રહો, નક્ષત્રો અને તારાઓમાંથી દરેકની જે ચાર મુખ્ય પત્નીઓ છે તેમાંની એકનું નામ. |
| वेणइया | अ. | वचनत्रिका | વચનત્રિકા | બ્રાહ્મી લિપિઓમાંની એક. |
| वेणा | श्र. | वेणा | વેણા | આચાર્ય સ્થૂલભદ્રની સાત બહેનોમાંથી એક. તે સંભૂતિવિજયના શિષ્યા હતા. |
| वेणुदालि | दे. | वेणुदालि | વેણુદાલિ | ઉત્તરના સુવર્ણકુમાર દેવોના ઇંદ્ર. તેમને છ મુખ્ય પત્નીઓ છે. તેમના નામ ભૂતાનંદની છ મુખ્ય પત્નીઓ જેવા જ છે. |
| १. वेणुदेव | दे. | वेणुदेव | વેણુદેવ | દક્ષિણના સુવર્ણકુમાર દેવોના ઇંદ્ર. તેમને છ મુખ્ય પત્ની છે. તેમના નામ ધરણની છ મુખ્ય પત્નીના નામ જેવા જ છે. વેણુદેવને પણ વેણુદાલિ જેમ ચાર લોકપાલ છે. |
| २. वेणुदेव | दे. | वेणुदेव | વેણુદેવ | જુઓ ગરુલવેણુદેવ. |
| वेण्णा | भौ. | वेन्ना | વેન્ના | જુઓ બેન્ના(૨). |
| वेण्णातड | भौ. | बेन्नातट | બેન્નાતટ | બેણ્ણા(૨) નદીના કાંઠે આવેલું નગર. |

| | | | | |
|---|---|---|---|---|
| **वेण्णायड** | भौ. | *बेन्नातट* | બેન્નાતટ | મૂલદેવ આ નગરનો રાજા હતો. આ અને 'બિણ્ણાતડ' એક છે. |
| **वेतड्ढ** | भौ. | *वैताढ्य* | વૈતાઢ્ય | જુઓ વૈતાઢ્ય. |
| **वेतरणी** | भौ. | *वैतरणी* | વૈતરણી | જુઓ વેયરણી. |
| **वेतालिअ** | आ. | *वैतालिय* | વૈતાલિય | જુઓ વેયાલિઅ. |
| **वेदअ** | आ. | *वेदक* | વેદક | પ્રજ્ઞાપનાનું પચ્ચીસમું પદ. |
| **वेदणा** | आ. | *वेदना* | વેદના | પ્રજ્ઞાપનાનું પાંત્રીસમું પદ. |
| **वेदबंधअ** | आ. | *वेदबंधक* | વેદબંધક | પ્રજ્ઞાપનાનું છવ્વીસમું પદ . જુઓ બંધ. |
| **वेदब्भी** | श्र. | *वैदर्भी* | વૈદર્ભી | પ્રદ્યુમ્નની પત્ની અને અનિરુદ્ધની માતા. |
| **वेदरहस्स** | अ. | *वेदरहस्य* | વેદરહસ્ય | આયુર્વેદ ઉપરનો ગ્રન્થ. |
| **वेदिस** | ऐ.भौ. | *वैदिश* | વૈદિશ | જુઓ વઈદિસ. |
| **वेदेहि** | क. | *वैदेहिन्* | વૈદેહિન્ | જુઓ વઈદેહિ. |
| **वेभार** | ऐ.भौ. | *वैभार* | વૈભાર | રાજગૃહીની ઉત્તરપૂર્વમાં આવેલો ડુંગર. ઝવેરી નંદ (૧૧)એ આ ડુંગર પાસે નંદા(૧૧) તળાવનું નિર્માણ કરાવવા બધો ખર્ચો પોતે કર્યો હતો. |
| **वेभारगिरि** | ऐ.भौ. | *वैभारगिरि* | વૈભારગિરિ | આ અને વેભાર એક છે. |
| **वेमाणिय** | दे. | *वैमानिक* | વૈમાનિક | દેવોના ચાર પ્રકારોમાંનો એક પ્રકાર. તેના બે પેટાભેદો છે — કલ્પોવગ અને કપ્પાતીત. |
| **वेय** | अ. | *वेद* | વેદ | 'રિઉવ્વેય, જઉવ્વેય, સામવેય અને અથવ્વણવેય' આ ચારનું સમૂહવાચક નામ. પરિવ્રાજકો તેમના જ્ઞાતા ગણાય છે. |
| **१. वेयड्ढ** | भौ. | *वैताढ्य* | વૈતાઢ્ય | પર્વતોનો એક પ્રકાર. તેના બે પેટાભેદો છે — વૃત્ત વૈતાઢ્ય અને દીર્ઘવૈતાઢ્ય. જંબૂદ્વીપમાં ચાર વૃત્ત–વૈતાઢ્ય પર્વતો છે. તેમની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે, ઊંડાઈ ૧૦૦૦ ગવ્યૂતિ છે, પહોળાઈ ૧૦૦૦ યોજન છે. જંબૂદ્વીપમાં ૩૪ દીર્ઘવૈતાઢ્ય પર્વતો છે. |
| **२. वेयड्ढ** | भौ. | *वैताढ्य* | વૈતાઢ્ય | ભરતક્ષેત્રનો એક પર્વત જે દીર્ઘવૈતાઢ્ય નામે પણ જાણીતો છે. તે જંબૂદ્વીપના ભરતક્ષેત્રની મધ્યમાં આવેલો છે, ભરતક્ષેત્રને બે ભાગમાં વહેંચી દે છે — દક્ષિણાર્ધ ભરત અને ઉત્તરાર્ધ ભરત. તે પૂર્વથી પશ્ચિમ વિસ્તરેલો છે. તેની ઊંચાઈ પચીસ યોજન છે અને પહોળાઈ પચાસ યોજન છે. |
| **१. वेयड्ढकूड** | भौ. | *वैताढ्यकूट* | વૈતાઢ્યકૂટ | પ્રત્યેક દીર્ઘવૈતાઢ્ય પર્વતનું એક શિખર. |
| **२. वेयड्ढकूड** | भौ. | *वैताढ्यकूट* | વૈતાઢ્યકૂટ | ભરત ક્ષેત્રના વૈતાઢ્ય પર્વતનું એક શિખર. |
| **वेयड्ढगिरि** | भौ. | *वैताढ्यगिरि* | વૈતાઢ્યગિરિ | આ અને વૈતાઢ્ય(૨) એક છે. |
| **वेयड्ढगिरिकुमार** | दे. | *वैताढ्यगिरिकुमार* | વૈતાઢ્યગિરિ કુમાર | ભરતમાં આવેલા વૈતાઢ્યપર્વતનો અધિષ્ઠાતા દેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| वेयड्ढपव्वय | भौ. | वैताढ्यपर्वत | વૈતાઢ્યપર્વત | જુઓ વૈતાઢ્ય(૨). |
| वेयणापय | आ. | वेदनापद | વેદનાપદ | જુઓ વેદણા. |
| १. वेयरणी | अ. | वैतरणी | વૈતરણી | બારવઈનો વૈદ્ય. |
| २. वेयरणी | भौ. | वैतरणी | વૈતરણી | નરકમાં આવેલી નદી. |
| ३. वेयरणी | दे.न. | वैतरणी | વૈતરણી | શક્રના લોકપાલ યમના આધિપત્ય નીચેનો પરમાધાર્મિક દેવ. |
| वेयवेयअ | आ. | वेदवेदक | વેરવેદક | પ્રજ્ઞાપનાનું સત્તાવીસમું પદ. |
| वेयालिय | आ. | वैतालिक | વૈતાલિક | સૂત્રકૃત્ ના પ્રથમ શ્રુતસ્કન્ધનું બીજું અધ્યયન. તેનો ઉપદેશ ભ૦ ઋષભે આપ્યો હતો. |
| १. वेरुलिअ | भौ.न. | वैडूर्य | વૈડૂર્ય | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો ત્રીજો ભાગ. |
| २. वेरुलिअ | भौ. | वैडूर्य | વૈડૂર્ય | દક્ષિણ રુચક પર્વતનું શિખર. |
| ३. वेरुलिअ | भौ. | वैडूर्य | વૈડૂર્ય | જંબૂદ્વીપમાં આવેલા પર્વત મહાહિમવંતનું શિખર. |
| वेलंधर / वेलंधरणागराय | दे. | वेलन्धर / वेलन्धरनागराज | વેલન્ધર / વેલન્ધરનાગરજ | જંબૂદ્વીપને ઘેરીને રહેલા લવણસમુદ્રના કિનારાનું રક્ષણ કરતા નાગકુમાર દેવોના ઇંદ્ર. આવા ઇન્દ્રો ચાર છે — ગોથૂભ, સિવઅ, શંખ, મણોસિલઅ. |
| १. वेलंधरोववाय | आ. | वेलन्धरोपपात | વેલન્ધરોપપાત | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. જે હાલ અસ્તિત્વમાં નથી. |
| २. वेलंधरोववाय | आ. | वेलन्धरोपपात | વેલન્ધરોપપાત | સંખેવિતદસાનું એક અધ્યયન. આ અને વેલંધરો–વવાય એક જણાય છે. |
| १. वेलंब | दे. | वैलम्ब | વૈલમ્બ | વાઉકુમાર દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેની નીચે તેને ચાર લોકપાલ છે — કાલ(૧), મહાકાલ(૮), અંજણ (૫) અને રિટ્ઠ(૪). |
| २. वेलंब | दे. | वैलम्ब | વૈલમ્બ | એક 'મહાપાયલકલસ જૂવઅ'નો અધિષ્ઠાતા દેવ. |
| वेलावासि | अ.ता. | वेलावासिन् | વેલાવાસિન્ | સમુદ્રના કે નદીના કિનારે રહેનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| १. वेसमण | स.ज. | वैश्रमण | વૈશ્રમણ | દિવસ રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| २. वेसमण | श्र. | वैश्रमण | વૈશ્રમણ | કનગપુરના રાજા પિયચંદ અને રાણી સુભદ્રાનો રાજકુમાર પુત્ર. તેની પત્ની શ્રીદેવી હતી. તેણે પોતાના પુત્ર ધનપતિને રાજસિંહાસન ઉપર સ્થાપી સંસારત્યાગ કર્યો અને તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી. તે તેના પૂર્વભવમાં મણિવયા નગરનો રાજા મિત્ર હતો. |
| ३. वेसमण | श्र. | वैश्रमण | વૈશ્રમણ | વિતશોકા નગરના રાજા મહબ્બલના છ મિત્ર રાજાઓમાંનો એક. તેણે પણ મહબ્બલ સાથે સંસાર ત્યાગ કર્યો અને વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરી. મૃત્યુ પછી તેણે 'કુરુ' ના રાજા અદીનશત્રુ તરીકે જન્મ લીધો. |

| | | | | |
|---|---|---|---|---|
| ४. वेसमण | दे. | वैश्रमण | વૈશ્રમણ | ઈશાન ક્ષેત્રના ઇંદ્રના આધિપત્ય નીચેનો લોકપાલ. તેની મુખ્ય પત્નીઓ ચાર છે — પુઢવી, રાઈ, રયણી અને વિજ્જુ. |
| ५. वेसमण | दे. | वैश्रमण | વૈશ્રમણ | બલિના આધિપત્ય નીચેનો લોકપાલ. તેની પત્નીઓ ચાર છે– મીણગા, સુભદ્રા, વિજયા, અસણી. |
| ६. वेसमण | दे. | वैश्रमण | વૈશ્રમણ | ચમર(૧)ના આધિપત્ય નીચેનો લોકપાલ. તેને ચાર મુખ્ય પત્નીઓ છે — કણગા, કણગલયા, ચિત્તગુત્તા અને વસુંધરા. |
| ७. वेसमण | भौ. | वैश्रमण | વૈશ્રમણ | જંબૂદ્વીપમાં આવેલા ચુલ્લહિમવંત પર્વતનું શિખર. |
| ८. वेसमण | भौ. | वैश्रमण | વૈશ્રમણ | દક્ષિણ રુચક પર્વતનું શિખર. |
| ९. वेसमण | दे. | वैश्रमण | વૈશ્રમણ | શક્રનો એક લોકપાલ. તેમનું દિવ્ય વિમાન વલ્ગુ છે |
| १०. वेसमण | भौ. | वैश्रमण | વૈશ્રમણ | જંબૂદ્વીપમાં આવેલા પ્રત્યેક દીર્ઘવૈતાઢ્ય પર્વતનું એક શિખર. |
| ११. वेसमण | दे. | वैश्रमण | વૈશ્રમણ | ઉત્તર દિશાનો દેવ. |
| १२. वेसमण | श्र.प्र. | वैश्रमण | વૈશ્રમણ | મહાવીરના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે. |
| वेसमणकाइय | दे. | वैश्रमणकायिक | વૈશ્રમણકાયિક | લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નીચે રહેલા એક પ્રકારના દેવો. |
| १. वेसमणकूड | भौ. | वैश्रमणकूट | વૈશ્રમણકૂટ | મેરુ પર્વતની પૂર્વમાં સીતા નદીની દક્ષિણ બાજુએ આવેલો એક વક્ષસ્કાર પર્વત. |
| २. वेसमणकूड | भौ. | वैश्रमणकूट | વૈશ્રમણકૂટ | જુઓ વૈશ્રમણ. |
| वेसमणदत्त | अ. | वैश्रमणदत्त | વૈશ્રમણદત્ત | રોહીતકના રાજા, રાણી શ્રીદેવીના પતિ અને રાજકુમાર પૂષ્યનંદીના પિતા. |
| वेसमणदास | अ. | वैश्रमणदास | વૈશ્રમણદાસ | કુલાણ નગરમાં રાજ કરનારો રાજા. |
| वेसमणदेवकाइअ | दे. | वैश्रमणदेवकायिक | વૈશ્રમણદેવકાયિક | લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નીચેના એક પ્રકારના દેવો. |
| वेसमणपभ | भौ. | वैश्रमणप्रभ | વૈશ્રમણપ્રભ | કુંડલ દ્વીપમાં આવેલા બે પર્વતો — એક ઉત્તરમાં આવેલો છે અને બીજો દક્ષિણમાં આવેલો છે. |
| वेसमणभद्द | श्र. | वैश्रमणभद्र | વૈશ્રમણભદ્ર | કૌશાંબી નગરમાં આવનારો એક શ્રમણ. તેને ધનપાલ(૨)એ ભિક્ષા આપી હતી. |
| १. वेसमणोववाय | आ. | वैश्रमणोपपात | વૈશ્રમણોપપાત | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. શ્રામણ્યપાલનના ૧૨ વર્ષ પૂરા કર્યા હોય તેને આ ગ્રન્થ ભણાવી શકાય. આ ગ્રન્થ વર્તમાનમાં અસ્તિત્વમાં નથી. |
| २. वेसमणोववाय | आ. | वैश्रमणोपपात | વૈશ્રમણોપપાત | સંખેવિતદસાનું અધ્યયન. આ અને વેસમણો–વવાય એક જણાય છે. |
| वेसाणिय | भौ.अ. | वैषाणिक | વૈષાણિક | એક અંતરદીવ અને તેના લોકો. |
| वेसालिअ | ती. | वैशालिक | વૈશાલિક | મહાવીરનું બીજું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| वेसाली | ऐ.भौ. | वैशाली | વૈશાલી | જ્યાં ચેટક રાજ કરતા હતા તે નગર. હલ્લ અને વિહલ્લ બન્ને ભાઈઓએ ચંપા નગર છોડી પોતાના માતામહ ચેટકનો આશ્રય લીધો હતો. તીર્થંકર મહાવીર પોતે વેસાલિઅ કહેવાતા. તેમણે બાર ચોમાસા વૈશાલી અને વાણિજ્યગામમાં કર્યા હતા. |
| वेसियायण | अ.ता. | वैश्यायन | વૈશ્યાયન | એક જડ તાપસ. ગોબ્બરગામના ગોસંખિ નામના ખેડૂતે દત્તક લીધેલો પુત્ર. તેને સંસાર પ્રત્યે ધૃણા થાય છે, પરિણામે તે સંસારનો ત્યાગ કરી તાપસ સાધુ બની જાય છે. |
| वेसेसिय | अ. | वैशेषिक | વૈશેષિક | જુઓ વઈસેસિય. |
| १. वेहल्ल | आ. | वेहल्ल | વેહલ્લ | વૃષ્ણીદશાનું ચોથું અધ્યયન. |
| २. वेहल्ल | श्र. | वेहल्ल | વેહલ્લ | નિષધના સમાન. |
| ३. वेहल्ल | श्र. | वेहल्ल | વેહલ્લ | જુઓ વિહલ્લ અને હલ્લ. |
| १. वेहास | आ. | वेहास | વેહાસ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧ નું અધ્યયન ૯. |
| २. वेहास | श्र. | वेहास | વેહાસ | રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ચેલ્લણાનો પુત્ર. તે વિહલ્લ(૧) નામે પણ જાણીતો હતો. |
| वोक्काण | अ.भौ. | वोक्काण | વોક્કાણ | એક અનાર્ય દેશ અને તેના લોકો. આ અને પક્કણ એક છે. |
| १. सइ | दे.श्र. | शची | શચી | શક્રની આઠ પત્નીઓમાંની એક. તેના પૂર્વભવમાં તે હસ્તિનાપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. તે તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની. તેનું બીજું નામ સેયા છે. |
| २. सइ | आ. | शची | શચી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના નવમાં વર્ગનું ત્રીજું અધ્યયન. |
| सउणरुय | अ. | शकुनरुत | શકુનરુત | શુકન અને પશુપક્ષીના વિભિન્ન અવાજો (ભાષા) વિશેનું લૌકિક શાસ્ત્ર. |
| १. सउणि | अ. | शकुनि | શકુનિ | રાજકુમારી દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા જેને નિમંત્રણ મોકલવામાં આવેલું તે હસ્તિનાપુરનો રાજકુમાર. |
| २. सउणि | अ.ज. | शकुनि | શકુનિ | અગિયાર કરણમાંનું એક કરણ. |
| संकरिसण | च. | सङ्कर्षण | સઙ્કર્ષણ | ભરત ક્ષેત્રના નવમા ભાવિ બલદેવ. |
| संकुलिकण्ण | भौ.अ. | शष्कुलिकर्ण | શષ્કુલિકર્ણ | એક અંતરદીવ અને તેના લોકો. |
| १. संख | श्र. | शङ्ख | શંખ | મહાવીરે જે આઠ રાજાઓને દીક્ષા આપી હતી તેમાંનો એક. |
| २. संख | आ. | शङ्ख | શંખ | ભગવતીના બારમા શતકનો પહેલો ઉદ્દેશક. |
| ३. संख | दे.ज. | शङ्ख | શંખ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| ४. संख | ती. | शङ्ख | શંખ | તીર્થંકર અરિષ્ટનેમિનો પૂર્વભવ. |
| ५. संख | अ. | शङ्ख | શંખ | ગજપુરનો શ્રેષ્ઠી, જેને સર્વાંગસુંદરી નામે પુત્રી હતી |

| | | | | |
|---|---|---|---|---|
| ६. संख | क. | शङ्ख | શંખ | કાશીદેશનો રાજા. તે મલ્લિને પરણવા ઇચ્છતો હતો |
| ७. संख | श्र. | शङ्ख | શંખ | મથુરાનો રાજકુમાર. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બન્યો હતો અને તેણે ગયપુરમાં પુરોહિતના પુત્રને દીક્ષા આપી હતી. |
| ८. संख | श्रा. | शङ्ख | શંખ | તીર્થંકર મહાવીરનો ઉપાસક શ્રાવક. તે શ્રાવસ્તીનો હતો. તેની પત્ની ઉપ્પલા(૨) હતી. મૃત્યુ પછી ઈસિભદ્રપુત્તની જેમ તે પણ દેવ તરીકે જન્મ્યો. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| ९. संख | ती. | शङ्ख | શંખ | ભરત ક્ષેત્રના સાતમા ભાવિ તીર્થંકર ઉદયનો પૂર્વભવ. તેણે મહાવીરના જીવનકાળ દરમિયાન તીર્થંકરનામકર્મ બાંધ્યુ હતુ. વૃત્તિકાર અભયદેવ–સૂરિ તેને અને સંખ(૮) ને એક બતાવે છે. |
| १०. संख | अ. | शङ्ख | શંખ | રાજા સિદ્ધાર્થનો મિત્ર. તે વૈશાલીનો મિત્ર રાજા હતો. એક વાર તેણે મહાવીરની પૂજા કરી હતી. |
| ११. संख | अ.ता. | साङ्ख्य | સાઙ્ખ્ય | પરિવ્રાજકોનો એક વર્ગ. તેઓ સાંખ્યદર્શનના અનુયાયીઓ છે. |
| १२. संख | भौ. | शङ्ख | શંખ | વેલંધરનાગરાય દેવોના આશ્રયસ્થાનરૂપ પર્વત. તે જંબૂદ્વીપથી બેતાલીસ હજાર યોજનના અંતરે પશ્ચિમ લવણ સમુદ્રમાં આવેલો છે. |
| १३. संख | दे. | शङ्ख | શંખ | સંખ(૧૨) પર્વત ઉપર વસતા ચાર વેલંધર–નાગરાય દેવોમાંનો એક. |
| १४. संख | भौ. | शङ्ख | શંખ | મહાવિદેહમાં આવેલો એક વિજય તેનું પાટનગર 'અવરાઈઆ' છે. |
| १५. संख | भौ. | शङ्ख | શંખ | આસીવિસ(૨) વક્ષસ્કાર પર્વતનું શિખર. |
| संखड | ऐ. | शङ्खड | શંખડ | એક ગામ. |
| संखणाभ | दे.ज. | शङ्खनाभ | શંખનાભ | ૮૮ ગ્રહમાંનો એક. આ અને સંખવણ્ણ એક છે. |
| संखधमग | अ.ता. | शङ्खधमक | શંખધમક | વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ. આ તાપસો ભોજન કરતા પહેલાં લોકોને દૂર રાખવા શંખ ફૂંકતા હતા. |
| संखवण | ऐ. | शङ्खवन | શંખવન | આલભિયા નગરની બહાર આવેલું વન. આ વનમાં મહાવીર આવ્યા હતા. |
| संखवण्ण | दे.ज. | शङ्खवर्ण | શંખવર્ણ | જુઓ સંખણાભ. |
| संखवण्णाभ | दे.ज. | शङ्खवर्णाभ | શંખવર્ણાભ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| संखवाल | दे. | शङ्खपाल | શંખપાલ | ધરણના લોકપાલનું નામ તેમજ ભૂયાનંદના લોકપાલનું નામ. આ બન્ને લોકપાલ શક્ર(૩)ના લોકપાલ વરુણ(૧)ના આધિપત્ય નીચે છે. |
| १. संखवालअ | अ. | शङ्खपालक | શંખપાલક | રાજગૃહી નગરનો અજૈન મતવાદી યા પાખંડી. |

| | | | | |
|---|---|---|---|---|
| २. संखवालअ | अ.गो. | *शङ्खपालक* | શંખપાલક | ગોસાલના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક. આ અને સંખવાલઅ એક જણાય છે. |
| ३. संखवालअ | अ. | *शङ्खपालक* | શંખપાલક | વરુણના કુટુંબનો સભ્ય. |
| संखा | आ. | *सङ्ख्या* | સઙ્ખ્યા | પ્રશ્નવ્યાકરણદસાનું બીજું અધ્યયન. જે આજે અસ્તિત્વમાં નથી. |
| संखायण | अ.ज. | *साङ्ख्यायन* | સાઙ્ખ્યાયન | શ્રવણ નક્ષત્રનું ગોત્રનામ. |
| संखार | अ. | *शङ्खकार* | શંખકાર | શંખકામ કરનાર કારીગરોનું આર્ય મંડળ. |
| संखेवितदसा | आ. | *सङ्क्षेपितदशा* | સઙ્ક્ષેપિતદશા | દસ દશા સૂત્રોમાંનો એક. તે હાલ ઉપલબ્ધ નથી. તેમાં આ દસ અધ્યયનો છે–(૧) ખુડ્ડિયાવિમાણ પવિભત્તિ, (૨) મહલ્લિયાવિમાણપવિભત્તિ, (૩) અંગચૂલિકા, (૪) વર્ગચૂલિકા, (૫) વિવાહ ચૂલિકા, (૬) અરુણોવવાય, (૭) વરુણોવવાય, (૮) ગરુલોવવાય, (૯) વેલંધરોવવાય અને (૧૦) વેસમણોવવાય. |
| संगतअ | श्र. | *सङ्गतक* | સઙ્ગતક | ઉજ્જેનીના રાજા દેવલાસુઅનો સેવક. તેણે રાજા સાથે શ્રામણ્ય સ્વીકાર્યું. |
| १. संगम | दे. | *सङ्गम* | સઙ્ગમ | આ અને દેવસંગમઅ એક છે. જુઓ સંગમઅ. |
| २. संगम | अ. | *सङ्गम* | સઙ્ગમ | ભરત ક્ષેત્રના ત્રીજા ભાવિ કુલગર. જુઓ કુલગર. |
| संगमअ | दे. | *सङ्गमक* | સઙ્ગમક | જ્યારે શક્ર એ તીર્થંકર મહાવીરના અક્ષુબ્ધ શુદ્ધ સ્થિર ધ્યાનની પ્રશંસા કરી ત્યારે તે સાંભળી મહાવીરની ઈર્ષા કરનારો દેવ.<br>મહાવીરને ચલિત કરવા માટે સતત છ મહિના ઘણી બધી મુશ્કેલીઓ તેણે સરજી. પરંતુ મહાવીર જરા પણ ડગ્યા નહિ. |
| संगमथेर | श्र. | *सङ्गमस्थविर* | સઙ્ગમસ્થવિર | એક શ્રમણાચાર્ય જે પોતાની વૃદ્ધાવસ્થાના કારણે સદા કોલ્લઈર નગરમાં જ રહ્યા. |
| संगामिया | अ. | *सङ्ग्रामिका* | સઙ્ગ્રામિકા | વાસુદેવ(૧) કૃષ્ણ(૧)નું નગારું. |
| संघपालिय | श्र. | *सङ्घपालित* | સઙ્ઘપાલિત | આચાર્ય વુડ્ઢના શિષ્ય અને આચાર્ય હત્થિના ગુરુ. |
| संघाड | आ. | *सङ्घात* | સઙ્ઘાત | જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કન્ધનું બીજું અધ્યયન |
| संजइज्ज | आ. | *संयतीय* | સંયતીય | ઉત્તરાધ્યયનનું અઢારમું અધ્યયન. |
| १. संजम | आ. | *संयम* | સંયમ | પ્રજ્ઞાપનાનું બત્રીસમું પદ (પ્રકરણ). |
| २. संजम | ती. | *संयम* | સંયમ | ઐરાવત ક્ષેત્રના ચૌદમાં તીર્થંકર અને તીર્થંકર અનંતના સમકાલીન. સમવાય અનુસાર તેમનું નામ અનંતય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. संजय | श्र. | संजय | સંજય | કંપિલ્લપુરનો રાજા. તે કેસરવનમાં શિકાર કરવા ગયા. ત્યાં તે હરણ પાછળ પડ્યા અને તેમણે તેને મારી નાખ્યુ. તેનું મૃત શરીર શ્રમણ પાસે જોયું. તે શ્રમણનું નામ હતું ગર્દભાલિ.રાજા શ્રમણ પાસે જઈ ક્ષમા માગવા લાગ્યો. શ્રમણના ઉપદેશથી રાજા પ્રભાવિત થયો. રાજ્યનો ત્યાગ કરી શ્રમણદીક્ષા ગ્રહણ કરી. |
| २. संजय | आ. | संजय | સંજય | ભગવતીના સત્તરમા શતકનો બીજો ઉદ્દેશક. |
| ३. संजय | श्र. | संजय | સંજય | મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરનાર આઠ રાજાઓ માંનો એક. |
| ४. संजय | श्र.प्र. | संजय | સંજય | મહાવીરના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે. |
| संझप्पभ | दे. | सन्ध्याप्रभ | સન્ધ્યાપ્રભ | શક્રના આધિપત્યના લોકપાલ સોમનું વિમાન. |
| १. संडिल्ल | श्र. | शाण्डिल्य | શાણ્ડિલ્ય | આચાર્ય સામના શિષ્ય, આચાર્ય જીતધરના ગુરુ. |
| २. संडिल्ल | अ. | शाण्डिल्य | શાણ્ડિલ્ય | કાસવ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| ३. संडिल्ल | अ. | शाण्डिल्य | શાણ્ડિલ્ય | દસપુરનો બ્રાહ્મણ. |
| ४. संडिल्ल | ऐ.भौ. | शाण्डिल्य | શાણ્ડિલ્ય | એક આર્યદેશ જેનું પાટનગર નંદિપુર હતું. |
| संडेल्ल | अ. | शाण्डिल्य | શાણ્ડિલ્ય | આ અને સંડિલ્લ(૩) એક છે. |
| संणिहिय | दे. | सन्निधिक | સન્નિધિક | અણપન્નિય વાણવ્યંતર દેવોના બે ઇન્દ્રોનો એક. |
| संता | दे. | शान्ता | શાન્તા | એક દેવી. |
| संति | ती.च. | शान्ति | શાન્તિ | ભરત ક્ષેત્રમાં અવસર્પિણી માં થયેલા સોળમા તીર્થંકર તેમજ પાંચમાં ચક્રવર્તી. ઐરાવત ક્ષેત્રના તીર્થંકર દીહસેણતેમના સમકાલીન હતા. સંતિ તેમના પૂર્વભવમાં મેઘરથ હતા. ગયપુરના રાજા વિશ્વસેન અને રાણી અચીરા તેમના પિતા–માતા હતા. વિજયાતેમની પટરાણી હતી. તેમની ઊંચાઈ ૪૦ ધનુષ હતી. ૪૦૦૦૦ વર્ષની તેમની ઉંમર હતી ત્યારે તે ચક્રવર્તી બન્યા. તેમનો વર્ણ તપ્પ સુવર્ણ જેવો હતો. ૭૫૦૦૦ વર્ષ ઉંમર હતી ત્યારે તેમણે ૧૦૦૦ પુરુષો સાથે સંસાર નો ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું હતું. ૧ વર્ષ પછી હસ્તિનાપુરના સહસ્રામ્ર ઉદ્યાનમાં તેમને કેવળજ્ઞાન થયું હતું. |
| संतुक | भौ. | सन्तुक | સન્તુક | કાલિકેય જેવો દેશ. મલયગિરિ તેનો ઉલ્લેખ સંબુક્ક નામે કરે છે. |
| संथारग | अ. | संस्तारक | સંસ્તારક | શ્રમણને યોગ્ય મૃત્યુ અંગેના નિયમોનું નિરૂપણ કરતું આગમસૂત્ર. તેમાં ૧૨૩ ગાથાઓ છે. જુઓ પ્રકીર્ણક. |

| | | | | |
|---|---|---|---|---|
| संदिब्भ | ऐ.भौ. | संदिग्ध | સંદિગ્ધ | આ અને સંડિલ્લ(૫) એક છે. |
| संपइ | क. | सम्प्रति | સમ્પ્રતિ | કુણાલનો પુત્ર, અસોકનો પૌત્ર અને ચંદ્રગુપ્ત નો પ્રપૌત્ર. તે બધામાં તે સૌથી બળવાન હતો. તે ઉજ્જૈનીમાં રાજ કરતો હતો અને તેણે ઉજ્જૈનીથી શરૂ કરી સમગ્ર દક્ષિણાપથને જીતી લીધું હતું. અનેક સ્થળોએ મંદિરો નિર્માણ કરાવ્યા. તે આચાર્ય સુહસ્તીનો ઉપાસક શ્રાવક હતો. |
| संपक्खाल | अ.ता. | सम्प्रक्षाल | સમ્પ્રક્ષાલ | શરીર પર માટી લગાવી સ્નાન કરનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| संपुल | अ. | सम्पुल | સમ્પુલ | ચંપા નગરના રાજા દધિવાહનનો કંચુકી. |
| १. संब | आ. | साम्ब | સામ્બ | અંતકૃદ્દશાના ચોથા વર્ગનું સાતમું અધ્યયન. |
| २. संब | श्र. | साम्ब | સામ્બ | બારવઈના રાજા વાસુદેવ કૃષ્ણ અને તેમની રાણી જંબવઈનો પુત્ર. કૃષ્ણના ૬૦૦૦૦ વીર યોદ્ધામાં તે મુખ્ય હતા. તે વૃષ્ણી વંશના નાશનું કારણ બન્યો. બાકીનું તેનું જીવનવૃત્ત જાલિ(૨) જેવું જ છે. |
| संबल | दे. | सम्बल | સમ્બલ | એક નાગકુમાર દેવ. જુઓ કંબલ. |
| १. संबुक्क | भौ.अ. | शम्बूक | શમ્બૂક | વિદ્યાધરશ્રેણીમાં આવેલી વિદ્યાધરોની સોળ વસાહતોમાંની એક. આ વસાહતમાં વસતા વિદ્યાધરો આ જ નામની વિદ્યાના ધારકો હતા. |
| २. संबुक्क | | शम्बूक | શમ્બૂક | અવંતિ દેશમાં આવેલું ગામ. બ્રાહ્મણ સુજ્ઞશિવ આ ગામના હતા. |
| संभव | ती. | सम्भव | સમ્ભવ | વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા ત્રીજા તીર્થંકર. ઐરાવત ક્ષેત્રના તીર્થંકર અગ્નિસેન તેમના સમકાલીન હતા. તીર્થંકર સંભવ શ્રાવસ્તીના રાજા જિતારિ અને રાણી સેનાના પુત્ર હતા. તેમની ઊંચાઈ ૪૦૦ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. ૫૯ લાખ પૂર્વ અને ચાર પૂર્વાંગ વર્ષની ઉંમરે તેમણે ૧૦૦૦ પુરુષો સાથે સંસારત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું. |
| संभिण्णसोत | अ. | सम्भिन्नस्रोत | સમ્ભિન્નસ્રોત | ગંધસમૃદ્ધ નગરના રાજા મહબ્બલના મંત્રી. તે અજ્ઞેયવાદી હતા. |
| संभूअ | क. | संभूत | સંભૂત | જુઓ સંભૂય(૨). |
| संभूत/ संभूतविजय | श्र. | संभूत/ संभूतविजय | સંભૂત/ સંભૂતવિજય | જુઓ સંભૂય(૧). |
| संभूति/ संभूतिविजय | श्र. | संभूति/ संभूतिविजय | સંભૂતિ/ સંભૂતિવિજય | આ અને સંભૂય(૧) એક છે. |
| १. संभूय | श्र. | सम्भूत | સમ્ભૂત | જે આચાર્યે વિશ્વભૂતિને દીક્ષા આપેલી તે આચાર્ય. |

| | | | | |
|---|---|---|---|---|
| २. संभूय | क. | सम्भूत | સમ્ભૂત | વાણારસીના ચાંડાલ ભૂતદિન્નનો પુત્ર. તે ચિત્તનો ભાઈ હતો. તે ચક્રવર્તી બ્રહ્મદત્તનો પૂર્વભવ હતો. તેણે પછીના જન્મમાં ચક્રવર્તી બનવાનું નિદાન હસ્તિનાપુરમાં કરેલ હતું. |
| ३. संभूय | श्र. | सम्भूत | સમ્ભૂત | જેમને મણિપદા નગરના રાજા મિત્રએ ભિક્ષા આપી હતી તે શ્રમણ. |
| ४. संभूय | श्र. | सम्भूत | સમ્ભૂત | આચાર્ય યશોભદ્રના બે શિષ્યોમાંના એક. સંભૂત માઢર ગોત્રના હતા. તેમને ૧૨ શિષ્યો હતા. તે સંભૂતિ કે સંભૂતિવિજય નામે પણ જાણીતા હતા. |
| संभूयविजय | श्र. | संभूतविजय | સંભૂતવિજય | જુઓ સંભૂય(૪). |
| संमज्जग | अ.ता. | सम्मज्ज्ञक | સમ્મજ્જક | અનેકવાર પાણીમાં ડૂબકી મારી સ્નાન કરનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| १. संमुइ | क.गो. | सम्मुचि | સમ્મુચિ | શતદ્વાર નગરના ભાવિ રાજા. ગોસાલક તેમના મહાપદ્મનામના પુત્ર તરીકે જન્મ લેશે અને તે મહાપદ્મ સંમુઈની રાણી ભદ્રાની કૂખે જન્મ લેશે. |
| २. संमुइ | ती.अ. | सम्मुचि | સમ્મુચિ | ભરત ક્ષેત્રમાં શતદ્વારમાં થનારા ભાવિ છેલ્લા કુલગર અને પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ ના પિતા. તેમની પત્ની હતી ભદ્રા. |
| ३. संमुइ | अ. | सम्मुचि | સમ્મુચિ | ભરત ક્ષેત્રના છઠ્ઠા ભાવિ કુલગર. સ્પષ્ટતા માટે જુઓ કુલગર. |
| संमेत/संमेय | भौ.ऐ. | सम्मेत | સમ્મેત | આ અને સમ્મેય એક છે. |
| संलेहणसुय / संलेहणासुय | आ. | संलेखनाश्रुत | સંલેખનાશ્રુત | એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. જે વર્તમાન માં અસ્તિત્વમાં નથી. તે વિચ્છિન્ન થયેલ મરણ–સમાહિથી અભિન્ન હતો. વર્તમાનમાં આ અસ્તિત્વ ધરાવતી કૃતિ મરણસમાહિનું બીજું નામ છે. |
| १. संवर | ती. | संवर | સંવર | તીર્થંકર અભિનંદનના પિતા. |
| २. संवर | ती. | संवर | સંવર | ભરતક્ષેત્રના ૧૯ મા ભાવિ તીર્થંકર, ભયાલિનો ભાવિ ભવ. |
| संविह | अ.गो. | संविध | સંવિધ | ગોસાલના બાર ઉપાસકોમાંનો એક. |
| संवुडअणगार | आ. | संवृतअनगार | સંવૃતઅનગાર | ભગવતીના દસમા શતકનો બીજો ઉદ્દેશક. |
| संसिट्ठ | आ. | संश्लिष्ट | સંશ્લિષ્ટ | ભગવતીના એક શતકનો સાતમો ઉદ્દેશક. |
| सक | अ.भौ. | शक | શક | આ અને સગ(૧) એક છે. |
| १. सक्क | अ. | शाक्य | શાક્ય | ભ૦બુદ્ધનું બીજું નામ. તેની માતાનું નામ માયા હતું |
| २. सक्क | अ. | शाक्य | શાક્ય | શક્રનો અનુયાયી. તેનો ઉલ્લેખ અજૈન મતવાદી યા તરીકે થયો છે. શાક્યો પાંચ સમણ ધર્મપરંપરાઓ ની એક ધર્મપરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ લાલ રંગનું વસ્ત્ર પહેરતા. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सक्क | दे. | शक्र | શક્ર | સૌધર્મ કલ્પના ઇંદ્ર. તેમના બીજા નામો મઘવા, પાગસાસણ, સયક્કઉ, સહસ્સક્ખ, વજ્રપાણિ અને પુરંદર છે. તે જંબૂદ્વીપના દક્ષિણાર્ધનો સ્વામી છે. તેમના આધિપત્યમાં ૩૨ લાખ વિમાનો, ચોરાસી હજાર સામાનિક દેવો વગેરે છે. આઠ પત્નીઓ છે. |
| सक्कमय | अ. | शाक्यमत | શાક્યમત | બૌદ્ધમત કે બૌદ્ધમતનો ગ્રન્થ. |
| सक्कमह | अ. | शक्रमह | શક્રમહ | હિંદુ દેવ ઇંદ્ર શક્રનો ઉત્સવ. આ ઉત્સવના સર્વ–સામાન્ય લક્ષણો મદ્યપાન અને બલિદાન હતા. |
| सक्करप्पभा | भौ.न. | शर्कराप्रभा | શર્કરાપ્રભા | આ અને શર્કરાભા એક છે. |
| सक्करा | भौ.न. | शर्करा | શર્કરા | આ અને શર્કરાભા એક છે. |
| सक्कराभ | अ. | शर्कराभ | શર્કરાભ | ગૌતમ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| सक्कराभा | भौ.न. | शर्कराभा | શર્કરાભા | બીજી નરકભૂમિ. તેનું નામ વંશ અને ગોત્રનામ શર્કરાપ્રભા છે. |
| सक्कस्स अग्गमहिसी | आ. | शक्रस्य अग्रमहिषी | શક્રસ્ય અગ્રમહિષી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધનો નવમો વર્ગ. તેમાં આઠ અધ્યયનો છે. |
| १. सक्का | दे. | शक्रा | શક્રા | એક વિદ્યુતકુમારિ મહત્તરિકા દેવી. |
| २. सक्का | दे. | शक्रा | શક્રા | ધરણેન્દ્રની છ મુખ્ય પત્નીઓમાંની એક. |
| सक्कुलिकण्ण | भौ.अ. | शष्कुलिकर्ण | શષ્કુલિકર્ણ | આ અને સંકુલિકણ્ણ એક છે. |
| सग | भौ.अ. | शक | શક | એક અનાર્ય દેશ અને તેના લોકો. |
| १. सगड | आ. | शकट | શકટ | વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું ચોથું અધ્યયન. |
| २. सगड | क. | शकट | શકટ | સાહંજણી નગરના શ્રેષ્ઠી સુભદ્ર અને ભદ્રાનો પુત્ર. તેના પૂર્વભવમાં તે છણિય હતો. પોતાના માબાપ ના મૃત્યુ પછી સગડ ગણિકા સુદર્શના સાથે રહેવા લાગ્યો. થોડા વખત પછી મંત્રી સુસેણે ગણિકા સુદર્શનાને પોતાના ઘરમાં રાખી અને સગડને એકલો છોડી દીધો. ગણિકામાં આસક્ત હોવાના કારણે સગડે યુક્તિ કરી ગમે તે રીતે મંત્રીના ઘરમાં પ્રવેશ મેળવ્યો. પરંતુ સગડ અને સુદર્શના કામસુખ ભોગવતા પકડાઈ ગયા. તે બન્નેને મૃત્યુદંડ દેવામાં આવ્યો. ભાવિ જન્મમાં તે બન્ને જોડિયા ભાઈ–બહેન તરીકે જન્મ્યા પણ પતિ–પત્ની રુપેજીવ્યા |
| ३. सगड | आ. | शकट | શકટ | કર્મવિવાગદસાનું ચોથું અધ્યયન. આ અને સગડ એક છે. |
| सगडभद्दिआ | अ. | शकटभद्रिका | શકટભદ્રિકા | એક લૌકિક શાસ્ત્રનો ગ્રન્થ. |
| सगडमुह | ऐ. | शकटमुख | શકટમુખ | પુરિમતાલ નગરના પરિસરમાં આવેલું ઉદ્યાન. ઋષભને તેમાં કેવલજ્ઞાન થયું હતું. |

| | | | | |
|---|---|---|---|---|
| सगडाल | क. | शकटाल | શકટાલ | પાડલિપુત્તના રાજા મહાપદ્મનો મંત્રી. રાજ્યના ઉત્કર્ષ અને કલ્યાણમાં તેમને ઉત્કટ રસ હતો. તેમને બે પુત્રો હતા– સ્થૂલભદ્ર અને શ્રીયક. યક્ષા, યક્ષદિન્ના, ભૂયા, ભૂતદિન્ના, સેણા, વેણા, રેણા આ સાત તેમની પુત્રીઓ હતી. બ્રાહ્મણ કવિ વરરુઈને સગડાલ સાથે દુશ્મનાવટ થઈ, તેથી તેણે સગડાલ ના આખા કુટુંબનો નાશ કરવા ષડયંત્ર રચ્યું. |
| सगर | च.श्र. | सगर | સગર | બાર ચક્રવર્તીમાંના બીજા. ભદ્રા તેમની પત્ની હતી. તે અયોધ્યાના પુત્ર હતા. તેમની ઊંચાઈ ૪૫૦ ધનુષ હતી. તીર્થંકર અજિતના સમકાલીન હતા. તે ૭૧ લાખ પૂર્વ વર્ષની ઉમરે સંસારત્યાગ કરી શ્રમણ થયા અને એક લાખ પૂર્વ વર્ષો પછી મોક્ષ પામ્યા. |
| सच्च | स.ज. | सत्य | સત્ય | દિવસ રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. તેનો ઉલ્લેખ 'બહુસચ્ચ' નામે પણ થયો છે. |
| १. सच्चइ | ती.क. | सत्यकि | સત્યકિ | મહિશ્વરનું મૂળ નામ. આવતા ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં બારમા તીર્થંકર સવ્વભાવવિઉ તરીકે તેમનો જન્મ થશે. |
| २. सच्चइ | ती. | सत्यकि | સત્યકિ | ઐરાવતક્ષેત્રમા થયેલા, ભ૦ શીતલના સમકાલીન તીર્થંકર. સમવાય અનુસાર તેનું નામ શિવસેન છે. |
| सच्चग | अ. | सत्यक | સત્યક | જેમને જંગલમાં રાત પસાર કરવી પડી હતી તે ચાર યાદવ રાજકુમારોમાંનો એક. |
| १. सच्चणेमि | आ. | सत्यनेमि | સત્યનેમિ | અંતકૃદ્દશાના ચોથા વર્ગનું નવમું અધ્યયન. |
| २. सच्चणेमि | श्र. | सत्यनेमि | સત્યનેમિ | બારવઈના રાજા સમુદ્રવિજય અને રાણી શિવાનો પુત્ર અને અરિષ્ટનેમિનો નાનો ભાઈ. તેણે સંસાર ત્યાગ કરી સોળ વર્ષ શ્રામણ્યનું પાલન કરી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પ્રાપ્ત કર્યો. |
| सच्चप्पवाय | आ. | सत्यप्रवाद | સત્યપ્રવાદ | ચૌદ પૂર્વ સૂત્રોમાંનો છટ્ઠો. તેમાં બે વિભાગો હતા. |
| १. सच्चभामा | श्र. | सत्यभामा | સત્યભામા | મથુરાના રાજા ઉગ્રસેનની પુત્રી. સોળ વર્ષના હતા ત્યારે વાસુદેવ કૃષ્ણને તેની સાથે પરણાવવામાં આવ્યા હતા. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, વીસ વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું અને પછી મોક્ષ પ્રાપ્ત કર્યો. |
| २. सच्चभामा | आ. | सत्यभामा | સત્યભામા | અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું સાતમું અધ્યયન. |
| सच्चवइ | अ. | सत्यवती | સત્યવતી | દંતપુરના રાજા દંતવક્રની પત્ની. |
| १. सच्चसिरी | श्र. | सत्यश्री | સત્યશ્રી | જેમને મહાનિશીથ પ્રત્યે ખૂબ આદર હતો તે વિદ્વાન આચાર્ય. |
| २. सच्चसिरी | श्रा. | सत्यश्री | સત્યશ્રી | તે છેલ્લી શ્રાવિકા થશે. |

| | | | | |
|---|---|---|---|---|
| सच्चसेण | ती. | सत्यसेन | સત્યસેન | ઐરાવત ક્ષેત્રના બારમા ભાવિ તીર્થંકર. |
| सजल | ऐ. | सजल | સજલ | વિદ્યુત્પ્રભ પર્વતનું ઉદ્યાન. તે અને સયજ્જલ એક છે |
| सज्जंभव | श्र. | शय्यम्भव | શય્યમ્ભવ | આ અને સેજ્જંભવ એક છે. |
| सज्झगिरि | भौ. | सह्यगिरि | સહ્યગિરિ | એક પર્વત. |
| सट्ठाण | आ. | सस्थान | સસ્થાન | અનુત્તરોપપાતિકદશાનું પાંચમું અધ્યયન. તે હાલ અસ્તિત્વમાં નથી. |
| सट्ठितंत | अ. | षष्टितन्त्र | ષષ્ટિતન્ત્ર | કપિલના નામે ચડેલો અજૈન મતનો ગ્રન્થ. તેનો સમાવેશ મિથ્યાશ્રુતશાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. |
| सड्ढइ | अ.ता. | श्राद्धकिन् | શ્રાદ્ધકિન્ | પિતૃઓને પિંડદાન કરી શ્રાદ્ધ કરનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| १. सणंकुमार | दे.भौ. | सनत्कुमार | સનત્કુમાર | ત્રીજી સ્વર્ગભૂમિ જેમાં બાર લાખ ભવનો છે. અહીં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમનું છે અને જઘન્ય આયુષ્ય બે સાગરોપમ વર્ષનું છે. |
| २. सणंकुमार | दे. | सनत्कुमार | સનત્કુમાર | સ્વર્ગભૂમિના ઇંદ્ર. તેને તેના આધિપત્ય નીચે બાર લાખ ભવનો, બોતેર હજાર સામાનિક દેવો વગેરે છે. જ્યારે શક્રઅને ઇશાનેન્દ્ર વચ્ચે વિવાદ ઊભો થાય છે ત્યારે તે લવાદ તરીકે કામ કરે છે. |
| ३. सणंकुमार | च.श्र. | सनत्कुमार | સનત્કુમાર | વર્તમાન અવસર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થયેલા બાર ચક્રવર્તીઓમાંના ચોથા. તે તીર્થંકર સંતિ પહેલા અને ધર્મ પછી થયા. હસ્તિનાપુર ના રાજા અશ્વસેન અને રાણી સહદેવીના પુત્ર હતા. જયા(૨) તેમની મુખ્ય પત્ની હતી. તેમણે સંસારનો ત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું. મૃત્યુ પછી તે સનતકુમાર દેવલોકમાં દેવ તરીકે જન્મ્યા. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| सणंकुमारवडिंसग | दे.भौ. | सनत्कुमारावतंसक | સનત્કુમારાવતંસક | સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૭ સાગરોપમ વર્ષનું છે. તે 'સમ' જેવું જ છે. |
| सणिचारि | अ. | शनिश्चारिन् | શનિશ્ચારિન્ | અવસર્પિણી કાલચક્રમાં સુસમસુસમા આરા વખતે જીવનારા લોકોનો વર્ગ. મહાવિદેહ ક્ષેત્રના ઉપક્ષેત્રો દેવકુરુ અને ઉત્તરકુરુમાં પણ આવા લોકો જીવે છે. |
| सणिच्चर | दे.ज. | शनैश्चर | શનૈશ્ચર | આ અને 'સણિચ્છર' એક છે. |
| सणिच्छर | दे.ज. | शनैश्चर | શનૈશ્ચર | અઠ્યાસી ગ્રહમાંનો એક. તે શક્રના લોકપાલ સોમ(૧)ના આધિપત્ય નીચે છે. |
| सण्णा | आ. | संज्ञा | સંજ્ઞા | પ્રજ્ઞાપનાનું આઠમું પદ. |
| १. सण्णि | अ. | संज्ञिन् | સંજ્ઞિન્ | વાસિટ્ઠ ગોત્રની એક શાખા. |
| २. सण्णि | आ. | संज्ञिन् | સંજ્ઞિન્ | પ્રજ્ઞાપનાનું એકત્રીસમું પદ . |

| | | | | |
|---|---|---|---|---|
| सण्णिहिय | दे. | सन्निधिक | સન્નિધિક | જુઓ 'સંણિહિય'. |
| १. सतक | ती. | शतक | શતક | જુઓ સતય. |
| २. सतक | ती. | शतक | શતક | ભગવતીસૂત્રમાં અધ્યયનને સ્થાને વપરાતો શબ્દ. |
| सतदुवार | ऐ. | शतद्वार | શતદ્વાર | જુઓ શયદુવાર. |
| सतदु | भौ. | शतद्रु | શતદ્રુ | સિંધુ નદીને મળતી એક નદી. |
| सतधणु | अ. | शतधनु | શતધનુ | જુઓ 'સયધણુ'. |
| सतय | ती. | शतक | શતક | સયકિત્તિનો પૂર્વભવ. તેણે તીર્થંકર મહાવીરના તીર્થમાં તીર્થંકરનામ ગોત્રકર્મ બાંધ્યું. |
| सतरिसभ | स.ज. | शतऋषभ | શતઋષભ | દિવસ રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. તે અને સયવસહ એક છે. |
| सताणिक/णिय | क. | शतानीक | શતાનીક | આ અને શતાનિક એક છે. |
| १. सतेरा | दे. | शतेरा | શતેરા | રુચકપર્વતની વિદિશામાં વસતી એક દિસાકુમારી. |
| २. सतेरा | आ. | शतेरा | શતેરા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધનો ત્રીજા વર્ગનું એક અધ્યયન. |
| ३. सतेरा | दे. | शतेरा | શતેરા | ધરણની છ મુખ્ય પત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં વાણારસીના એક શ્રેષ્ઠીની પુત્રી હતી. ભગવતી તેનો ઉલ્લેખ સદારા નામે કરે છે. |
| ४. सतेरा | दे. | शतेरा | શતેરા | એક વિદ્યુતકુમારી મહત્તરિકા દેવી. તે એક મુખ્ય દિશાકુમારી તરીકે જાણીતી છે. |
| सत्त | स.ज. | सत्त्व | સત્ત્વ | દિવસ રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. તેનો સેઅ(૩) નામે પણ ઉલ્લેખ છે. |
| सत्तकित्ति | ती. | शतकीर्ति | શતકીર્તિ | જુઓ સયકિત્તિ. |
| १. सत्तधणु | आ. | सप्तधनुष | સપ્તધનુષ | વૃષ્ણીદશાનું દસમું અધ્યયન. |
| २. सत्तधणु | श्र. | सप्तधनुष | સપ્તધનુષ | બલદેવ અને રેવઈનો પુત્ર. તેને અરિષ્ટનેમિએ દીક્ષા આપી હતી. |
| सत्तसत्तिकया | आ. | सप्तसप्तैकका | સપ્તસપ્તૈકકા | આ અને સત્તિક્કગા એક છે. |
| सत्तिक्कगा | आ. | सप्तैकका | સપ્તૈકકા | આચારના બીજા શ્રુતસ્કન્ધની બીજી ચૂલા. |
| सत्तुंजअ | ऐ.भौ. | शत्रुञ्जय | શત્રુંજય | જુઓ સત્તુંજય. |
| १. सत्तुंजय | ऐ.भौ. | शत्रुञ्जय | શત્રુંજય | યાત્રા માટે પવિત્ર એવો એક ડુંગર. ભીમે આ પર્વત ઉપર સલ્લેખના કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. પંડવ ભાઈઓ પણ અહી મોક્ષ પામ્યા હતા. ગૌતમ(૬) અને તેમના ભાઈઓ તથા સમુદ્ર(૩), સારણ(૨), સુમુહ(૧), પુરિસસેણ(૪) વગેરે પણ તેના ઉપર મોક્ષ પામ્યા હતા. |
| २. सत्तुंजय | अ. | शत्रुञ्जय | શત્રુંજય | સાકેતના રાજા. તે મહાવીરને મળ્યા હતા. |
| १. सत्तुसेण | आ. | शत्रुसेन | શત્રુસેન | અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું છઠ્ઠું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सत्तुसेण | श्र. | शत्रुसेन | શત્રુસેન | વસુદેવ અને તેમની પત્ની દેવઈનો પુત્ર. તેનું જીવનવૃત્ત અનીયસના જીવનવૃત્ત સમાન છે. |
| सत्तपरिण्णा | आ. | शस्त्रपरिज्ञा | શસ્ત્રપરિજ્ઞા | આચાર અંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધનું પ્રથમ અધ્યયન. તેમાં સાત ઉદ્દેશકો છે. |
| सदारा | दे. | सदारा | સદારા | જુઓ સતેરા(૩). |
| सद्द | आ. | शब्द | શબ્દ | ભગવતીના પાંચમાં શતકનો ચોથો ઉદ્દેશક. |
| १. सद्दालपुत्त | श्रा. | सद्दालपुत्र | સદ્દાલપુત્ર | મહાવીરના દસ મુખ્ય ઉપાસકોમાંનો એક. પોલાસ પુરનો ધનવાન કુંભાર હતો. પહેલા તે ગોસાલકનો અનુયાયી હતો, પછી તે મહાવીર નો ચુસ્ત સમર્થક બની ગયો. તેની પત્ની અગ્નિમિત્રા પણ મહાવીર ની ઉપાસિકા હતી. |
| २. सद्दालपुत्त | आ. | सद्दालपुत्र | સદ્દાલપુત્ર | ઉવાસગદસાનું સાતમું અધ્યયન. |
| १. सद्दावइ | भौ. | शब्दापातिन् | શબ્દાપાતિન્ | હેમવંત ક્ષેત્રમાં આવેલો વૃત્તવૈતાઢ્ય પર્વત. તે રોહિતા નદીની પશ્ચિમે અને રોહિતંસાની પૂર્વે આવેલો છે. શબ્દાપાતી દેવ તેનો અધિષ્ઠાતા છે. |
| २. सद्दावइ | दे. | शब्दापातिन् | શબ્દાપાતિન્ | આ જ નામના પર્વત ઉપર વસતો દેવ. તેનો સાઈ (૧) નામે પણ ઉલ્લેખ છે. |
| सपएस | आ. | सप्रदेश | સપ્રદેશ | ભગવતીના છઠ્ઠા શતકનો ચોથો ઉદ્દેશક. |
| सप्प | दे. | सर्प | સર્પ | આસિલેસા નક્ષત્રના અધિષ્ઠાતા દેવ. |
| सप्पुरिस | दे. | सत्पुरुष | સત્પુરુષ | દક્ષિણના કિંપુરિસ(૩) દેવોનો ઇંદ્ર. તેને ચાર મુખ્ય પત્નીઓ છે — રોહિણી(૮), નવમિકા(૪), હિરી(૫) અને પુષ્પવતી(૬). |
| सबर | भौ.अ. | शबर | શબર | એક અનાર્ય દેશ અને તેના લોકો. તેમને અસંસ્કારી યા અનાર્ય કહેવામાં આવેલ છે. રાજ–અન્ત:પુરોમાં આ દેશની કન્યાઓ દાસી તરીકે સેવા કરતી. |
| १. सबल | दे.न. | शबल | શબલ | યમ(૨)ના આધિપત્ય નીચેનો પરમાધાર્મિક દેવ. |
| २. सबल | अ.प्रा. | शबल | શબલ | એક બળદ, જેણે ઉપવાસ કર્યા, પ્રાણ છોડ્યા. તેનો જન્મ નાગકુમાર દેવ તરીકે થયો જેણે તીર્થંકર મહાવીરને નદીમાં ડૂબતા બચાવ્યા. જુઓ કંબલ. |
| सभा | आ. | सभा | સભા | ભગવતીના દસમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક. |
| १. सभिक्खु | आ. | सद्भिक्षु | સદ્‌ભિક્ષુ | દશવૈકાલિકનું દસમું અધ્યયન. |
| २. सभिक्खु | आ. | सद्भिक्षु | સદ્‌ભિક્ષુ | ઉત્તરાધ્યયનનું પંદરમું અધ્યયન. |
| सभिक्खुग | आ. | सद्भिक्षुक | સદ્‌ભિક્ષુક | આ અને સભિક્ખુ(૨) એક છે. |
| सम | भौ.दे. | सम | સમ | સનતકુમાર અને માહેન્દ્રમાં આવેલ સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું છે. |

| | | | | |
|---|---|---|---|---|
| समक | भौ. | समक | સમક | વિદ્યાધરોનો દેશ જે કાલિકેય દેશ જેવો જ છે. તે વૈતાઢ્ય(૨)ના ક્ષેત્રમાં આવેલો છે. |
| समक्कसा | भौ. | समुत्कर्षा | સમુત્કર્ષા | જુઓ વૈશ્રમણપભ. |
| १. समण | श्र. | श्रमण | શ્રમણ | પ્રાચીન ભારતની બે મુખ્ય ધર્મપરંપરાઓ સમણ અને માહણમાંની એક. શ્રમણ પરંપરાની પાંચ શાખાઓનો ઉલ્લેખ છે. તે પાંચ શાખાઓ આ પ્રમાણે છે — નિર્ગ્રંથ, શાક્ય, તાપસ, ગેરુય અથવા પરિવ્રાજક અને આજીવિય. તેઓ તપ કરતા હતા એટલે તેઓ સમણ કહેવાયા. |
| २. समण | ती. | श्रमण | શ્રમણ | તીર્થંકર મહાવીરના ત્રણ સૂચક નામોમાંનું એક. |
| समणय | श्र. | श्रमणक | શ્રમણક | અચલગ્રામનો ગૃહસ્થ. તેનું જીવનવૃત્ત સચદેવના જીવનવૃત્ત જેવું જ છે. |
| समणा | ऐ. | समना | સમના | શક્રની રાણી પદ્મા(૫)નું પાટનગર. તે દક્ષિણ–પૂર્વ રઈકરગ પર્વત ઉપર આવેલું છે. |
| समप्पभ | दे.भौ. | समप्रभ | સમપ્રભ | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષનું છે. |
| १. समय | आ. | समय | સમય | ભગવતી સૂત્રના બીજા શતકનો આઠમો ઉદ્દેશક. |
| २. समय | आ. | समय | સમય | સૂત્રકૃત્ ના પ્રથમ શ્રુતસ્કન્ધનું પ્રથમ અધ્યયન. તે વિવિધ દાર્શનિક સિદ્ધાંતોનું નિરૂપણ કરે છે. |
| समयखित्त | भौ. | समयक्षेत्र | સમયક્ષેત્ર | જુઓ સમયખેત્ત. |
| समयखेत्त | भौ. | समयक्षेत्र | સમયક્ષેત્ર | મનુષ્યક્ષેત્રનું બીજું નામ. |
| समवाय | आ. | समवाय | સમવાય | ચોથું અંગસૂત્ર. જુદી જુદી સંખ્યા ધરાવતા બધી જાતના બધા વિષયો યા પદાર્થોનું તેમની સંખ્યાના ક્રમ પ્રમાણે તે નિરૂપણ કરે છે. જુદા જુદા પદાર્થોની ગણના ચડતી સંખ્યા ધરાવતા વર્ગોના ક્રમમાં કરવામાં આવી છે અર્થાત્ ૧ થી ૧૦૦, ૧૫૦, ૨૦૦, ૨૫૦ ઈત્યાદિ. આ ગણનાયુક્ત નિરૂપણ પછી ૧૨ અંગસૂત્રોનું વર્ણન આવે છે. તેથી આગળ તે કુલગરો, તિત્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો(૨) વગેરેના નામો વગેરે નોંધે છે. |
| समाण | दे.भौ. | समान | સમાન | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમવર્ષ છે. |
| समाहारा | दे. | समाहारा | સમાહારા | દક્ષિણ રુચક પર્વતના કનક શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| १. समाहि | ती. | समाधि | સમાધિ | ભરત ક્ષેત્રના અઢારમા ભાવિ તીર્થંકર. જે સચાલિ નો ભાવિ ભવ છે. |
| २. समाहि | आ. | समाधि | સમાધિ | સૂત્રકૃત્ નુ દસમું અધ્યયન. |

| | | | | |
|---|---|---|---|---|
| समाहिठाण | आ. | समाधिस्थान | સમાધિસ્થાન | ઉત્તરાધ્યયનનું સોળમું અધ્યયન. તેનું બીજું નામ બંભચેરસમાહિઠાણ છે. |
| समाहिठाणाइं | आ. | समाधिस्थानानि | સમાધિસ્થાનાનિ | આ અને સમાહિઠાણ એક છે. |
| समिइ | आ. | समिति | સમિતિ | ઉત્તરાધ્યયનનું ચોવીસમું અધ્યયન. |
| समितीओ | आ. | समितयः | સમિતયઃ | આ અને સમિઈ એક છે. |
| समिद्ध | दे. | समृद्ध | સમૃદ્ધ | શક્રના વૈશ્રમણ(૯)ના આધિપત્ય નીચેનો દેવ. |
| समिय | श्र. | समित | સમિત | સીહગિરિના શિષ્ય આચાર્ય વજ્ર(૨)ના મામા તેમજ બંભદીવિયા શાખાના સ્થાપક. |
| समिया | दे. | समिता | સમિતા | ચમર, બલિ, ધરણ વગેરે ઇન્દ્રોની ત્રણ સભાઓમાંની એક. |
| समुग्घाय | आ. | समुद्घात | સમુદ્ઘાત | પ્રજ્ઞાપનાનું છત્રીસમું પદ (પ્રકરણ). |
| समुच्छेय | अ.नि. | समुच्छेद | સમુચ્છેદ | નિહ્નવ અશ્વમિત્રે સ્થાપેલો ક્ષણિકવાદનો સિદ્ધાંત. |
| समुट्ठाणसुअ | आ. | समुत्थानश्रुत | સમુત્થાનશ્રુત | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. શ્રામણ્યના તેર વર્ષ પૂરા થયા હોય તે શ્રમણ તે ભણવાનો અધિકારી છે. વર્તમાનમાં તે અસ્તિત્વમાં નથી. |
| समुत | अ. | समुत | સમુત | મંડવ કુળની શાખાઓમાંની એક. |
| १. समुद्द | श्र. | समुद्र | સમુદ્ર | સંડિલ્લ(૧)ના શિષ્ય અને મંગુના ગુરુ. તે અને સાગર(૫) એક જણાય છે. |
| २. समुद्द | श्र. | समुद्र | સમુદ્ર | આઠમા બલદેવ(૨) પદ્મ(૬)ના પૂર્વભવના તથા આઠમા વાસુદેવ નારાયણના પૂર્વભવના ગુરુ. જુઓ પુનવ્વસુ(૩) અને અપરાજિત(૮). |
| ३. समुद्द | श्र. | समुद्र | સમુદ્ર | બારવઈના વૃષ્ણી અને તેમની પત્ની ધારિણીનો પુત્ર. તેણે અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, બાર વર્ષ શ્રામણ્યપાલન કર્યું, શત્રુંજય પર્વત પર મોક્ષે ગયા. |
| ४. समुद्द | श्र. | समुद्र | સમુદ્ર | તેનું જીવનવૃત્ત સમુદ્રના જીવનવૃત્ત જેવું જ છે, ફર્ક માત્ર એ કે આ સમુદ્દે ૧૬ વર્ષ શ્રામણ્યપાલન કર્યું . |
| ५. समुद्द | आ. | समुद्र | સમુદ્ર | અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું બીજું અધ્યયન. |
| ६. समुद्द | आ. | समुद्र | સમુદ્ર | અંતકૃદ્દશાના વર્ગ ૨નું ત્રીજું અધ્યયન. આ પ્રથમ વર્ગના બીજા અધ્યયનની પુનરુક્તિ જણાય છે. |
| १. समुद्ददत्त | अ. | समुद्रदत्त | સમુદ્રદત્ત | શૌર્યપુરનો માછીમાર. તેની પત્ની સમુદ્રદત્તા હતી. તેમને સોરિયદત્ત(૨) નામનો પુત્ર હતો. |
| २. समुद्ददत्त | च. | समुद्रदत्त | સમુદ્રદત્ત | ચોથા વાસુદેવ પુરિસુત્તમનો પૂર્વભવ. સમુદ્રદત્ત ના ગુરુ હતા શ્રેયાંસ. સમુદ્રદત્તે પોતનપુરમાં નિદાન કર્યું હતો અને તેનું કારણ એક સ્ત્રી હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| **३. समुद्दत्त** | अ. | *समुद्रदत्त* | સમુદ્રદત્ત | સાકેતના અસોગદત્તનો પુત્ર અને સાગરદત્તનો ભાઈ. ગજપુરના શ્રેષ્ઠી શંખ(૬)ની પુત્રી સવ્વંગ સુંદરી તેની પત્ની હતી. |
| **समुद्दत्ता** | अ. | *समुद्रदत्ता* | સમુદ્રદત્તા | શૌર્યપુરના માછીમાર સમુદ્રદત્તની પત્ની અને શૌર્યદત્ત(૨)ની માતા. |
| **समुद्दपाल** | श्र. | *समुद्रपाल* | સમુદ્રપાલ | ચંપા નગરના શ્રાવક પાલિયનો પુત્ર. સમુદ્રમાં તેનો જન્મ થયો હોવાથી તેનું નામ સમુદ્રપાલ પાડવામાં આવ્યું હતું. તેના પિતાએ રૂપવતી કન્યા સાથે તેને પરણાવ્યો હતો. એક વાર મૃત્યુદંડ પામેલ માણસ ને ફાંસી માટે પહેરાવાતા વેશમાં ફાંસીના સ્થળે લઈ જવાતો જોયો. જગત પ્રત્યે ઘૃણા થઈ. તરત જ સંસારનો ત્યાગ કર્યો અને તે અનગાર બની ગયો. કર્મોનો નાશ કરી તે મોક્ષ પામ્યો. |
| **समुद्दपालिज्ज** | आ. | *समुद्रपालीय* | સમુદ્રપાલીય | ઉત્તરાધ્યયનનું એકવીસમું અધ્યયન. |
| **१. समुद्दविजय** | क. | *समुद्रविजय* | સમુદ્રવિજય | વાસુદેવ કૃષ્ણના આધિપત્ય નીચેના ૧૦માનનીય રાજામાંનો મુખ્ય રાજા. તે વૃષ્ણીનો પુત્ર, વસુદેવનો મોટો ભાઈ, સિવા(૨)નો પતિ અને અરિષ્ટનેમિ, રહણેમિ, સચ્ચણેમિ તેમજ દ્રઢણેમિનો પિતા હતો. પહેલા તે સોરિયપુર(૧)માં રાજ કરતો હતો. |
| **२. समुद्दविजय** | च. | *समुद्रविजय* | સમુદ્રવિજય | શ્રાવસ્તીનો રાજા અને રાણી ભદ્રા(૨૫)નો પતિ. તેમનો પુત્ર હતો ચક્રવર્તી મઘવા(૧). |
| **समोसरण** | आ. | *समवसरण* | સમવસરણ | સૂત્રકૃત્ નું બારમું અધ્યયન. |
| **सम्मति** | अ. | *सन्मति* | સન્મતિ | અતિ મહત્વનો ગ્રન્થ. તે સિદ્ધસેનની કૃતિ છે. તે સન્મતિતર્કપ્રકરણના શીર્ષકથી પ્રકાશિત થયો છે. |
| **१. सम्मत्त** | आ. | *सम्यक्त्व* | સમ્યક્ત્વ | આચાર અંગસૂત્રના શ્રુતસ્કન્ધ ૧નું અધ્યયન ૪. |
| **२. सम्मत्त** | आ. | *सम्यक्त्व* | સમ્યક્ત્વ | પ્રજ્ઞાપનાનું ઓગણીસમું પદ (પ્રકરણ). |
| **सम्मत्तपरक्कम** | आ. | *सम्यक्त्वपराक्रम* | સમ્યક્ત્વપરાક્રમ | ઉત્તરાધ્યયનનું ઓગણત્રીસમું અધ્યયન. તેને 'અપ્પમાય' નામે પણ વર્ણવવામાં આવે છે. |
| **सम्मावाय** | आ. | *सम्यग्वाद* | સમ્યગ્વાદ | દૃષ્ટિવાદના દસ નામોમાંનું એક. |
| **सम्मेय** | ऐ.भौ. | *सम्मेत* | સમ્મેત | ચોવીસ તિત્થંકરોમાંથી મહાવીર, નેમિ, વાસુપુજ્ય અને ઋષભ એ ચાર સિવાયના બાકીના વીસ તિત્થંકરો જ્યાં મોક્ષ પામ્યા તે પવિત્ર પર્વત. |
| **सम्मेयसेल** | ऐ.भौ. | *सम्मेतशैल* | સમ્મેતશૈલ | આ અને સમ્મેય પર્વત એક છે. |
| **सम्मेयसेलसिहर** | ऐ.भौ. | *सम्मेतशैलशिखर* | સમ્મેતશૈલશિખર | સમ્મેય પર્વતનું શિખર. |
| **सयंजय** | स. | *शतञ्जय* | શતંજય | પખવાડિયાનો તેરસનો દિવસ. |
| **१. सयंजल** | अ. | *शतञ्जल* | શતંજલ | આ અને સયજ્જલ(૧) એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **२. सयंजल** | अ. | *शतञ्जल* | શતંજલ | અતીત અવસર્પિણી માં ભરત ક્ષેત્રમાં થયેલા દસ કુલગરમાંના પ્રથમ. સ્પષ્ટતા માટે જુઓ કુલગર. |
| **३. सयंजल** | दे.भौ. | *शतञ्जल* | શતંજલ | શક્ર(૩)ના આધિપત્ય નીચેના લોકપાલ વરુણ(૧)નું સ્વર્ગીય વિમાન. |
| **१. सयंपभ** | अ. | *स्वयंप्रभ* | સ્વયંપ્રભ | આગામી ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત(૨) ક્ષેત્રમાં જન્મ લેનાર ચોથા ભાવિ કુલગર. |
| **२. सयंपभ** | अ. | *स्वयंप्रभ* | સ્વયંપ્રભ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત(૨) ક્ષેત્રમાં થઈ ગયેલા ચોથા કુલગર. |
| **३. सयंपभ** | ती. | *स्वयंप्रभ* | સ્વયંપ્રભ | જંબૂદ્વીપના ભરત(૨) ક્ષેત્રના ચોથા ભાવિ તીર્થંકર જે પોટ્ટિલ(૪)નો ભાવિ ભવ છે. |
| **४. सयंपभ** | भौ. | *स्वयंप्रभ* | સ્વયંપ્રભ | મંદર(૩) પર્વતના સોળ નામોમાંનું એક. |
| **५. सयंपभ** | दे.ज. | *स्वयंप्रभ* | સ્વયંપ્રભ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| **सयंपभा** | क. | *स्वयंप्रभा* | સ્વયંપ્રભા | લલિયંગ દેવની રાણી. તે શ્રીમઈ(૩) તરીકે પુન–ર્જન્મ પામી હતી. |
| **१. सयंबुद्ध** | श्र. | *स्वयंबुद्ध* | સ્વયંબુદ્ધ | જુઓ પ્રત્યેકબુદ્ધ. |
| **२. सयंबुद्ध** | अ. | *स्वयंबुद्ध* | સ્વયંબુદ્ધ | ગંધસમિદ્ધ નગરના રાજા મહબ્બલ(૩)નો મંત્રી અને મિત્ર. |
| **१. सयंभू** | च. | *स्वयंभू* | સ્વયંભૂ | નવ વાસુદેવ(૧)માં ત્રીજા વાસુદેવ અને ભદ્ર(૧૩)ના ભાઈ. તે બારવઈના રાજા રુદ્દ(૫) અને તેમની રાણી પુહઈ(૨)ના પુત્ર હતા. તેમની ઊંચાઈ સાઠ ધનુષ હતી. તેમણે પોતાના પ્રતિશત્રુ મેરઅને હણ્યો હતો. તેમનું આયુષ્ય સાઠ લાખ વર્ષનું હતું. મૃત્યુ પછી તે છઠ્ઠી નરકે ગયા. |
| **२. सयंभू** | ती.ग. | *स्वयंभू* | સ્વયંભૂ | કુંથુ(૧)ના પ્રથમ શિષ્ય. |
| **३. सयंभू** | अ. | *स्वयंभू* | સ્વયંભૂ | જગતના કર્તા. |
| **४. सयंभू** | दे.भौ. | *स्वयंभू* | સ્વયંભૂ | સનતકુમાર(૧) અને માહેન્દ્ર(૩)માં આવેલ સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ વર્ષનું છે. |
| **१. सयंभूरमण** | भौ. | *स्वयम्भूरमण* | સ્વયંભૂરમણ | છેલ્લો વલયાકાર દ્વીપ જે સયંભૂરમણ સમુદ્રથી ઘેરાયેલો છે. |
| **२. सयंभूरमण** | भौ. | *स्वयम्भूरमण* | સ્વયંભૂરમણ | સયંભૂરમણ વલયાકાર દ્વીપને ઘેરીને આવેલો વલયાકાર છેલ્લો સમુદ્ર. |
| **३. सयंभूरमण** | दे.भौ. | *स्वयम्भूरमण* | સ્વયંભૂરમણ | સયંભૂ(૪) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ વર્ષનું છે. |
| **सयंभूरमणभद्द** | दे. | *स्वयम्भूरमणभद्र* | સ્વયંભૂરમણભદ્ર | સયંભૂરમણ દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |

| | | | | |
|---|---|---|---|---|
| सयंभूरमण महाभद्द | दे. | स्वयम्भूरमण महाभद्र | સ્વયંભૂરમણ-મહાભદ્ર | સયંભૂરમણદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| सयंभूरमणमहावर | दे. | स्वयम्भूरमण महावर | સ્વયંભૂરમણ-મહાવર | સયંભૂરમણસમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| सयंभूरमणवर | दे. | स्वयम्भूरमणवर | સ્વયંભૂરમણવર | સયંભૂરમણસમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| सयंभूरमणोद | भौ. | स्वयम्भूरमणोद | સ્વયંભૂરમણોદ | આ અને સયંભૂરમણ(૨) એક છે. |
| सयकित्ति | ती. | शतकीर्ति | શતકીર્તિ | ભરત(૨) ક્ષેત્રના દસમા ભાવિ તીર્થંકર. |
| सयकेउ | दे. | शतकेतु | શતકેતુ | શક્ર(૩)નું બીજું નામ. |
| सयग | श्रा.ती. | शतक | શતક | તીર્થંકર મહાવીરનો શ્રાવક. તે શ્રાવસ્તીનો હતો. આગામી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં તે તીર્થંકર તરીકે જન્મ લેશે. |
| १. सयज्जल | अ. | शतज्वल | શતજ્વલ | સયંજલ(૨)નું બીજું નામ. જુઓ સયંજલ(૨). |
| २. सयज्जल | भौ. | शतज्वल | શતજ્વલ | વિદ્યુત્પ્રભ પર્વતનું શિખર. આ અને સજલ એક છે. |
| सयज्जला | दे. | शतज्वला | શતજ્વલા | સયજ્જલ શિખર પર વસતી દેવી. |
| सयणजंभग | दे. | शयनजृम्भक | શયનજૃમ્ભક | જૃંભગ દેવોના દસ પ્રકારોમાંનો એક પ્રકાર. |
| सयदुवार | ऐ.भौ. | शतद्वार | શતદ્વાર | વિંધ્યગિરિની તળેટીમાં આવેલા પુંડ્રદેશની રાજધાની |
| सयदेव | श्र. | शतदेव | શતદેવ | અચલગ્રામનો ગૃહસ્થ. તેણે જસહર(૧) પાસે દીક્ષા ગ્રહણ કરી હતી અને તેનો પુનર્જન્મ પંડવ તરીકે થયો હતો. |
| १. सयधणु | अ. | शतधनुष | શતધનુષ | ભરત ક્ષેત્રના દસ ભાવિ કુલગરમાંના છેલ્લા કુલકર. |
| २. सयधणु | अ. | शतधनुष | શતધનુષ | ઐરાવત ક્ષેત્રના સાતમાંથી પાંચમાં કુલકર અને ભાવિ દસમાંથી આઠમાં કુલકર. જુઓ કુલગર. |
| ३. सयधणु | आ. | शतधनुष | શતધનુષ | વૃષ્ણીદશાનું બારમું અધ્યયન. |
| ४. सयधणु | श्र. | शतधनुष | શતધનુષ | બલદેવઅને તેમની પત્ની રેવતી(૩)નો પુત્ર. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. |
| सयबल | अ. | शतबल | શતબલ | ગંધસમૃદ્ધ નગરના રાજા મહબ્બલ(૩)ના દાદા. |
| सयभिसया | दे.ज. | शतभिषज् | શતભિષજ્ | એક નક્ષત્ર. તેનો અધિષ્ઠાતા દેવ વરુણ(૫) છે. કણ્ણલોયણ એ આ નક્ષત્રનું ગોત્રનામ છે. |
| १. सयरह | अ. | शतरथ | શતરથ | અતીત અવસર્પિણી કાલચક્રમાં ભરત(૨) ક્ષેત્રમાં થયેલા દસમાં કુલગર. જુઓ કુલગર. |
| २. सयरह | अ. | शतरथ | શતરથ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા દસમા કુલગર. સ્પષ્ટતા માટે જુઓ કુલગર. |
| सयरिसह | स.ज. | शतऋषभ | શતઋષભ | જુઓ સતરિસભ. |

| | | | | |
|---|---|---|---|---|
| **सयवसह** | स.ज. | *शतवृषभ* | શતવૃષભ | એક મુહૂર્ત. આ અને સતરિસભ એક છે. |
| **१. सयाउ** | अ. | *शतायुष्* | શતાયુષ્ | અતીત ઉત્સર્પિણી કાલચક્રના બીજા કુલગર. જુઓ કુલગર. |
| **२. सयाउ** | अ. | *शतायुष्* | શતાયુષ્ | અતીત અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા બીજા કુલગર. જુઓ કુલગર. |
| **३. सयाउ** | ती. | *शतायुष्* | શતાયુષ્ | ભ૰ સુવિધિ સમકાલીન, ઐરાવતક્ષેત્રના નવમા તીર્થંકર. જુઓ અજ્જિયસેન(૪). |
| **सयाजला** | भौ. | *सदाजला* | સદાજલા | અધોલોકની નદી. |
| **सयाणिअ** | क. | *शतानीक* | શતાનીક | જુઓ શતાનિક. |
| **सयाणिय** | क. | *शतानीक* | શતાનીક | જુઓ શતાનિક. |
| **सयाणीअ** | क. | *शतानीक* | શતાનીક | જુઓ શતાનિક. |
| **सयाणीय** | क. | *शतानीक* | શતાનીક | કૌશાંબી નગરનો રાજા, રાણી મૃગાવતીનો પતિ, રાજકુમાર ઉદાયનનો પિતા, રાજકુમારી જયંતીનો ભાઈ. તેના પિતા હતા સહસ્સાણીય. એક વાર શતાનિકે ચંપાના રાજા દધિવાહન ઉપર આક્રમણ કર્યું હતુ. ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતે રાણી મૃગાવતીને મેળવવા માટે શતાનિક ઉપર આક્રમણ કર્યું હતું. |
| **सयालि** | ती. | *शतालि* | શતાલિ | ભરતક્ષેત્રના અઢારમા ભાવિ તીર્થંકર 'સમાહિ'નો પૂર્વભવ. |
| **सरऊ** | भौ. | *सरयू* | સરયૂ | ગંગા નદીને મળતી પાંચ મુખ્ય નદીઓમાંની એક. |
| **सरपाहुड** | आ. | *स्वरप्राभृत* | સ્વરપ્રાભૃત | (૧) પૂર્વગતનું એક અધ્યયન તેમજ (૨) તેના આધારે રચાયેલી એક સ્વતંત્ર કૃતિ. |
| **सरवण** | ऐ.गो. | *शरवन* | શરવન | એક સંનિવેશ, જ્યાં ગોસાલ ગોબહુલની ગૌશાળા માં જન્મ્યો હતો. |
| **१. सरस्सइ** | अ. | *सरस्वती* | સરસ્વતી | ઋષભપુરના રાજા ધનાંવહ(૨)ની પત્ની અને રાજકુમાર ભદ્રનંદી(૨)ની માતા. |
| **२. सरस्सइ** | क.श्र. | *सरस्वती* | સરસ્વતી | આચાર્ય કાલગની બહેન. જુઓ કાલગ(૧). |
| **३. सरस्सइ** | भौ. | *सरस्वती* | સરસ્વતી | યાત્રા માટે પવિત્ર નદી. આનંદપુરના લોકો ત્યાં ઉત્સવો ઊજવતા. |
| **४. सरस्सइ** | आ. | *सरस्वती* | સરસ્વતી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું બત્રીસમું અધ્યયન. |
| **५. सरस्सइ** | दे. | *सरस्वती* | સરસ્વતી | ગંધર્વ દેવોના બે ઇન્દ્રો છે–ગીયજસ અને ગીયરઈ. ગીતજસને ચાર પત્નીઓ છે. તેમાંથી એકનું નામ સરસ્સઈ છે. તેવી જ રીતે ગીતરઈને પણ ચાર પત્નીઓ છે અને તેમાંથી એકનું નામ સરસ્સઈ છે. |
| **१. सरीर** | आ. | *शरीर* | શરીર | ભગવતીના ચૌદમા શતકનો ત્રીજો ઉદ્દેશક. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सरीर | आ. | शरीर | શરીર | પ્રજ્ઞાપનાનું બારમું પદ (પ્રકરણ). |
| सरूवा | अ. | सरूपा | સરૂપા | કુલગર જસમની પત્ની. આ અને સુરૂવા એક છે. |
| सलिलावइ | भौ. | सलिलावती | સલિલાવતી | પશ્ચિમ મહાવિદેહમાં સીતોદા નદીની દક્ષિણે આવેલો વિજય. તે અને નલિનાવઈ એક છે. |
| सल्लज्जा | दे. | शालार्या | શાલાર્યા | એક વાણવ્યંતર દેવી જે બહુસાલગ ગામમાં શાલ–વન માં રહેલા તીર્થંકર મહાવીરને વંદના કરવા ગઈ. |
| सवक्कसुद्धि | आ. | स्ववाक्यशुद्धि | સ્વવાક્યશુદ્ધિ | દશવૈકાલિકનું સાતમું અધ્યયન. તે અને વક્કસુદ્ધિ એક જ છે. |
| सवण | दे.ज. | श्रवण | શ્રવણ | એક નક્ષત્ર. તેનો અધિષ્ઠાતા દેવ વિણ્હુ(૧૦) છે. 'સંખાયણ' તેનું ગોત્રનામ છે. |
| सविट्ठा | दे.ज. | श्रविष्ठा | શ્રવિષ્ઠા | જુઓ ધણિટ્ઠા. |
| सविय | दे.ज. | सवितृ | સવિતૃ | હસ્ત નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |
| १. सव्वओभद्द | दे.भौ. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | ઈશાનેન્દ્રના લોકપાલ યમનું સ્વર્ગીય વાસસ્થાન. |
| २. सव्वओभद्द | दे.भौ. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું છે. |
| ३. सव्वओभद्द | दे. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | આરણ–અચ્ચુત કલ્પોના ઈન્દ્રોનું સ્વર્ગીય વિમાન |
| ४. सव्वओभद्द | दे. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | આરણ અને અચ્ચુત કલ્પોના ઈન્દ્રોના વિમાનનો વ્યવસ્થાપક દેવ. |
| ५. सव्वओभद्द | आ. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | દૃષ્ટિવાદનો પેટાવિભાગ. |
| ६. सव्वओभद्द | ऐ.भौ. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | જ્યાં રાજા જિતશત્રુ રાજ કરતા હતા તે નગર. અંજુ અહીં પુનર્જન્મ પામશે. |
| सव्वंगसुंदरी | क. | सवाङ्गसुन्दरी | સર્વાङ્ગસુન્દરી | ગજપુરના શ્રેષ્ઠી શંખની પુત્રી અને સાકેતના શ્રેષ્ઠી અસોગદત્તના પુત્ર સમુદ્રદત્તની પહેલી પત્ની. તે તેના પૂર્વભવમાં ધનશ્રી હતી. |
| सव्वकाम | दे. | सर्वकाम | સર્વકામ | શક્રના લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નો દેવ. |
| सव्वकामसमिद्ध | स. | सर्वकामसमृद्ध | સર્વકામસમૃદ્ધ | પખવાડિયાની છઠ્ઠનો દિવસ. |
| सव्वगा | दे. | सर्वगा | સર્વગા | જુઓ 'સવ્વપ્પભા'. |
| सव्वजस | दे. | सर्वयशस् | સર્વયશસ્ | શક્રના લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નીચેના દેવોનો એક પ્રકાર. |
| १. सव्वट्ठ | दे.भौ. | सर्वार्थ | સર્વાર્થ | મહાશુક્ર કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન |
| २. सव्वट्ठ | दे.भौ. | सर्वार्थ | સર્વાર્થ | જુઓ સર્વાર્થસિદ્ધ. |
| ३. सव्वट्ठ | स. | सर्वार्थ | સર્વાર્થ | દિવસ રાતના ત્રીસ મુહૂર્તમાંનું એક. |
| ४. सव्वट्ठ | दे. | सर्वार्थ | સર્વાર્થ | રુચક(૨) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. सव्वट्ठसिद्ध | दे.भौ. | सर्वार्थसिद्ध | સર્વાર્થસિદ્ધ | ઈસિપબ્ભારાની નીચે આવેલું પાંચમું અણુત્તર વિમાન. તે વિસ્તારમાં એક લાખ યોજન છે. ત્યાં વસતા દેવોનું આયુ ૩૩ સાગરોપમ છે. તે દેવો પછીના જન્મમાં મનુષ્ય રૂપે જન્મી મોક્ષ પામે છે. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सव्वट्ठसिद्ध | दे.भौ. | सर्वार्थसिद्ध | સર્વાર્થસિદ્ધ | આ અને સવ્વટ્ઠ(૩) એક છે. |
| सव्वतोभद्द | ऐ.भौ. | सर्वतोभद्र | સર્વતોભદ્ર | જુઓ 'સવ્વઓભદ્દ. |
| सव्वपाणभूअ-जीवसत्तसुहावह | आ. | सर्वप्राणभूतजीव–सत्त्वसुखावह | સર્વપ્રાણભૂત-જીવસત્વસુખાવહ | દૃષ્ટિવાદના દસ નામોમાંનું એક નામ. |
| सव्वप्पभा | दे. | सर्वप्रभा | સર્વપ્રભા | ઉત્તર રુચકપર્વતના વેજયંત શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. સ્થાન સૂત્ર તેનો ઉલ્લેખ સવ્વગા નામે કરે છે |
| सव्वभावविउ | ती. | सर्वभावविद् | સર્વભાવવિદ્ | ભરત ક્ષેત્રના બારમા ભાવિ તીર્થંકર જે સત્યકી નો ભાવિ ભવ છે. તે સવ્વભાવવિહંજણ નામે પણ જાણીતા છે. |
| सव्वमित्त | श्र. | सर्वमित्र | સર્વમિત્ર | દસ પૂર્વના છેલ્લા જ્ઞાતા (છેલ્લા દસપૂર્વધર). આવશ્યકચુણિણ અનુસાર આચાર્ય વજ્ર(૨) છેલ્લા દસપૂર્વધર હતા. |
| १. सव्वरयण | भौ. | सर्वरत्न | સર્વરત્ન | માનુસોત્તર પર્વતનું શિખર. |
| २. सव्वरयण | भौ. | सर्वरत्न | સર્વરત્ન | ઉત્તર રુચક પર્વતનું શિખર. |
| सव्वरयणा | ऐ.भौ. | सर्वरत्ना | સર્વરત્ના | ઈશાનેન્દ્રની રાણીનું પાટનગર. તે રઈકરગ પર્વતની ઉત્તરપશ્ચિમે આવેલું છે. |
| सव्वसिद्धा | स. | सर्वसिद्धा | સર્વસિદ્ધા | પખવાડિયાની ચોથ, નોમ, ચૌદસની રાત્રિઓ. |
| सव्वाण | | सव्यान | સવ્યાન | શક્રના લોકપાલ વૈશ્રમણ(૯)ના આધિપત્ય નીચેનો દેવ. |
| सव्वाणंद | ती. | सर्वानन्द | સર્વાનંદ | ઐરાવત(૧) ક્ષેત્રના પંદરમાં ભાવિ તીર્થંકર. |
| १. सव्वाणुभूइ | ती. | सर्वानुभूति | સર્વાનુભૂતિ | ભરત ક્ષેત્રના પાંચમાં ભાવિ તીર્થંકર જે દઢાઉ નો ભાવિ ભવ છે. |
| २. सव्वाणुभूइ | श्र. | सर्वानुभूति | સર્વાનુભૂતિ | મહાવીરના શિષ્ય જેમને ગોસાલે તેજોલેશ્યાનો પ્રયોગ કરી બાળીને મારી નાખ્યા હતા. |
| सस | क. | शश | શશ | આ અને સસઅ(૧) એક છે. |
| १. ससअ | क. | शशक | શશક | ઉજ્જૈની નગર પાસે આવેલા ઉપવનમાં રહેતા મૂલદેવ વગેરે ચાર ધૂતારાઓમાંનો એક. |
| २. ससअ | क. | शशक | શશક | ભસઅનો ભાઈ. જુઓ 'ભસઅ'. |
| ससग | क. | शशक | શશક | જુઓ સસઅ. |
| ससरक्ख | अ.ता. | सरजस्क | સરજસ્ક | જેના શરીરે ખૂબ ધૂળ લાગેલી છે તે શ્રમણ. |
| १. ससि | ती. | शशिन् | શશિન્ | આઠમા તીર્થંકર ચંદ્રપ્રભનું બીજું નામ. |
| २. ससि | भौ. | शशिन् | શશિન્ | દક્ષિણ રુચક પર્વતનું શિખર. લચ્છિવઈ(૩) દેવી |
| ३. ससि | दे.ज. | शशिन् | શશિન્ | આ અને ચંદ(૧) એક છે. |
| ससिगुत्त | अ. | शशिगुप्त | શશિગુપ્ત | ચંદગુત્તનું બીજું નામ. |
| ससिहार | अ.ता. | शशिधार | શશિધાર | એક ક્ષત્રિય પરિવ્રાજક. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सहदेव | श्र. | सहदेव | સહદેવ | હસ્તિનાપુરના રાજા પંડુના પાંચ પુત્રોમાંનો એક. |
| २. सहदेव | अ. | सहदेव | સહદેવ | રાજગૃહીના રાજા જરાસિંધુનો પુત્ર. રાજકુમારી દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા તેને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. |
| सहदेवी | च. | सहदेवी | સહદેવી | ચક્રવર્તી સનતકુમારની માતા અને હસ્તિનાપુરના રાજા અશ્વસેન(૧)ની પત્ની. |
| १. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | હસ્તિનાપુરની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. આ ઉદ્યાન માં મુનિસુવ્રત આવ્યા હતા. તેમણે ગંગદત્ત અને કાર્તિકને અહીં દીક્ષા આપી હતી. |
| २. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | ઋષભ, વાસુપુજ્ય, ધર્મ, મુનિસુવ્રત,પાર્શ્વ અને મહાવીર આ છ તિર્થંકરો સિવાયના બાકીના અઢાર તિર્થંકરો માંથી પ્રત્યેકના જન્મસ્થાન માં આવેલા ઉદ્યાનનું આ જ નામ છે. |
| ३. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | કાગંદીમાં આવેલું ઉદ્યાન. |
| ४. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | મિથિલામાં આવેલું ઉદ્યાન. આ ઉદ્યાનમાં તીર્થંકર મલ્લિએ સંસાર ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| ५. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | રૈવતક પર્વત ઉપર આવેલું આમ્રવન જ્યાં નેમિને કેવલજ્ઞાન થયું હતું. વાસુદેવ કૃષ્ણની રાણી પદ્માવતીએ આ આમ્રવનમાં સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| ६. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | પોલાસપુરમાં આવેલું ઉદ્યાન. |
| ७. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | કંપિલ્લપુરમાં આવેલું ઉદ્યાન. મહાવીર અહીં આવેલા |
| ८. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | પંડુમથુરામાં આવેલું ઉદ્યાન. |
| ९. सहसंबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | નાગપુરની નજીક આવેલું ઉદ્યાન. આ અને સહસંબ વણ(૧) એક છે. |
| सहसुद्दाहआमलय | आ. | सहस्रोदाहआम्रक | સહસ્રોદાહઆમ્રક | કર્મવિવાગદસાનું નવમું અધ્યયન. વર્તમાનમાં તે દેવદત્તાના રૂપમાં મળે છે. |
| सहस्संबवण | ऐ. | सहस्राम्रवन | સહસ્રામ્રવન | જુઓ સહસ્રામ્રવન. |
| सहस्सक्ख | दे. | सहस्राक्ष | સહસ્રાક્ષ | જુઓ શક્ર(૩). |
| सहस्साणीय | क. | सहस्रानीक | સહસ્રાનીક | કૌશાંબીના રાજા શતાનિકના પિતા. રાજકુમારી જયંતી તેની દીકરી હતી. |
| १. सहस्सार | दे. | सहस्रार | સહસ્રાર | સહસ્રારકલ્પ સ્વર્ગના ઇંદ્ર. તે ૬૦૦૦ સ્વર્ગીય વાસ સ્થાનોનો, ૩૦૦૦૦ સામાનિક દેવો વગેરેનો પ્રભુ છે. તેના વિમાનનો વ્યવસ્થાપક દેવ મનોરમ છે. તેના પાયદળનો સેનાપતિ લહુપરક્કમ છે. તેના ઘંટનું નામ મહાઘોસા છે. |
| २. सहस्सार | दे.भौ. | सहस्रार | સહસ્રાર | એક દેવલોક જે સહસ્રારકલ્પથી અભિન્ન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सहस्सारकप्प | दे.भौ. | सहस्रारकल्प | સહસ્રારકલ્પ | આઠમો દેવલોક જેમાં ૬૦૦૦ ભવનો છે. તે વાસ સ્થાનોની ઊંચાઈ ૮૦૦ યોજન છે. આઠમા સ્વર્ગ માં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમ વર્ષ છે અને જઘન્ય આયુષ્ય ૧૭ સાગરોપમ વર્ષનું છે. |
| सहस्सारवडिंसग | दे.भौ. | सहस्रारावतंसक | સહસ્રારાવતંસક | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે. |
| सहिअ | दे.ज. | सहित | સહિત | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| सहित | दे.ज. | सहित | સહિત | આ અને સહિઅ એક છે. |
| सहेमव | स. | सहेमवत् | સહેમવત્ | આ અને હેમવ એક છે. |
| १. साइ | दे. | स्वाति | સ્વાતિ | શબ્દાપાતી પર્વતની અધિષ્ઠાત્રિ દેવી. |
| २. साइ | दे.ज. | स्वाति | સ્વાતિ | એક નક્ષત્ર. તેના અધિષ્ઠાતા દેવ વાઉ(૧) છે. તેનું ગોત્રનામ ચામરચ્છાય છે. |
| ३. साइ | श्र. | स्वाति | સ્વાતિ | આચાર્ય બલિસ્સહના શિષ્ય. તે હારિયગોત્રના હતા |
| ४. साइ | अ. | स्वाति | સ્વાતિ | બુદ્ધનો અનુયાયી. તે અને સાતિપુત્ત બુદ્ધ એક જ વ્યક્તિ જણાય છે. સાતિપુત્તબુદ્ધ પાલી સાહિત્યના સારિપુત્ત છે. |
| साइदत्त | क. | स्वातिदत्त | સ્વાતિદત્ત | તીર્થંકર મહાવીરને કેટલાક પ્રશ્નો પૂછનાર એક બ્રાહ્મણ. તે ચંપા નગરનો હતો. મહાવીરે તેના ઘરમાં ચોમાસું કર્યું હતું. |
| साएय | ऐ.भौ. | साकेत | સાકેત | આ અને અયોધ્યા(૨) એક છે. તે આર્યદેશ કોસલ નું પાટનગર હતું. સાકેતની ઉત્તરપૂર્વમાં સર્પનુંચૈત્ય હતું. આ નગરમાં આવેલા ઉત્તરાકુરુ ઉદ્યાનમાં પાસમિય યક્ષનું ચૈત્ય હતું. |
| साकेअ | ऐ.भौ. | साकेत | સાકેત | જુઓ સાએય. |
| १. सागर | अ. | सागर | સાગર | ઇંદપુરના ચાર દાસપુત્રોમાંનો યા ગુલામપુત્રોમાંનો એક. |
| २. सागर | क. | सागर | સાગર | ચંપા નગરના શ્રેષ્ઠી જિનદત્ત(૨)નો પુત્ર. તે સૂમાલિયા ને પરણ્યો હતો અને પછી તેના પિતા સાગરદત્ત (૨)ની સાથે રહેતો હતો. |
| ३. सागर | श्र. | सागर | સાગર | આચાર્ય કાલગ(૩)ના પ્રશિષ્ય. તે સુવર્ણભૂમિ ગયા હતા અને ત્યાં લાંબો સમય રહ્યા હતા. કાલગ પણ ત્યાં ગયા અને તેમણે તેમને સન્માર્ગે વાળ્યા કારણ કે તેમને જ્ઞાનનું અત્યંત અભિમાન હતું. જુઓ સમુદ્ર (૧). |
| ४. सागर | भौ. | सागर | સાગર | જંબૂદ્વીપમાં આવેલા માલ્યવંત(૧) પર્વતનું શિખર. તે સુભોગા(૨) દેવીનું આશ્રયસ્થાન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ५. सागर | श्र. | सागर | સાગર | બારવઈના રાજા વૃષ્ણી અને તેમની રાણી ધારિણી નો પુત્ર. તેણે સંસારત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. તે શત્રુંજય પર્વતે મોક્ષ પામ્યા. |
| ६. सागर | श्र. | सागर | સાગર | સાગર(૫) સમાન. |
| ७. सागर | आ. | सागर | સાગર | અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું ત્રીજું અધ્યયન. |
| ८. सागर | आ. | सागर | સાગર | અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું બીજું અધ્યયન. |
| ९. सागर | दे.भौ. | सागर | સાગર | સૌધર્મ(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક સાગરોપમવર્ષ છે. |
| सागरकंत | दे.भौ. | सागरकान्त | સાગરકાન્ત | સાગર(૯) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. सागरचंद | क. | सागरचन्द्र | સાગરચંદ્ર | બારવઈના નિષધ(૧) અને પભાવતી(૨)નો પુત્ર. વધુ માહિતી માટે જુઓ કમલામેલા. |
| २. सागरचंद | श्र. | सागरचन्द्र | સાગરચંદ્ર | સાકેતના મુનિચંદ્રના ગુરુ. |
| ३. सागरचंद | श्र. | सागरचन्द्र | સાગરચંદ્ર | સાકેતના ગુણચંદ્રના ગુરુ. |
| सागरचित्त | भौ. | सागरचित्त | સાગરચિત્ત | નંદનવનમાં આવેલું મેરુ પર્વતનું શિખર. અહીં વજ્રેસણા(૩) દેવીનો વાસ છે. |
| १. सागरदत्त | अ. | सागरदत्त | સાગરદત્ત | ચંપાનગરના શ્રેષ્ઠી. તે જિનદત્તના ગાઢ મિત્ર હતા. |
| २. सागरदत्त | अ. | सागरदत्त | સાગરદત્ત | ચંપા નગરનો સાર્થવાહ. તે ભદ્રા(૧૫)નો પતિ અને સૂમાલિયા(૧)નો પિતા હતો. |
| ३. सागरदत्त | अ. | सागरदत्त | સાગરદત્ત | સાકેતના શ્રેષ્ઠી અસોગદત્તનો પુત્ર અને સમુદ્રદત્ત નો ભાઈ. |
| ४. सागरदत्त | च.श्र. | सागरदत्त | સાગરદત્ત | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા ત્રીજા બલદેવ ભદ્ર(૧૩)નો પૂર્વભવ. તેણે આચાર્ય સુદર્શન(૪) પાસે દીક્ષા લીધી હતી. |
| ५. सागरदत्त | अ. | सागरदत्त | સાગરદત્ત | પાડલસંડ નગરનો સાર્થવાહ. તે ગંગદત્તાનો પતિ અને ઉંબરદત્તનો પિતા હતો. |
| ६. सागरदत्त | अ.च. | सागरदत्त | સાગરદત્ત | ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની દીવસિહાના પિતા. |
| सागरदत्ता | ती. | सागरदत्ता | સાગરદત્તા | ધર્મએ સંસારત્યાગ કર્યો તે પ્રસંગે તેમણે ઉપયોગમાં લીધેલી પાલખી. |
| सागरपण्णत्ति | आ. | सागरप्रज्ञप्ति | સાગરપ્રજ્ઞપ્તિ | જુઓ કાલિય. |
| सागरपुत्त | अ. | सागरपुत्र | સાગરપુત્ર | રાજગૃહીના શ્રેષ્ઠી સાગરપોતનો પુત્ર. |
| सागरपोत | क. | सागरपोत | સાગરપોત | રાજગૃહીના શ્રેષ્ઠી. તે સાગરપુત્ત અને વિસાના પિતા હતા અને દામણગના સસરા હતા. પુત્રના મૃત્યુના દુઃખદ સમાચાર સાંભળી તેમણે પ્રાણત્યાગ કર્યો. |
| सागरसेण | श्र. | सागरसेन | સાગરસેન | પુંડરીગિણી નગરમાં આવેલા ઉદ્યાનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરનાર શ્રમણ. |

| | | | | |
|---|---|---|---|---|
| सागेय | ऐ.भौ. | साकेत | સાકેત | જુઓ 'સાએય'. |
| साण | अ.ता. | शान | શાન | જેનો સંપર્ક ગોસાલે કર્યો હતો તે પરિવ્રાજક. |
| साणुलट्ठि | ऐ. | सानुयष्टि | સાનુયષ્ટિ | એક ગામ જ્યાં તીર્થંકર મહાવીર ગયા હતા. |
| सात | आ. | सात | સાત | બંધદસાનું નવમું અધ્યયન. |
| सातवाहण | क. | सातवाहन | સાતવાહન | જુઓ સાયવાહણ. |
| साति | दे.ज. | स्वाति | સ્વાતિ | જુઓ સાઈ(૨). |
| सातिदत्त | क. | स्वातिदत्त | સ્વાતિદત્ત | જુઓ સાઈદત્ત. |
| सातिपुत्त बुद्ध | श्र.प्र. | स्वातिपुत्र बुद्ध | સ્વાતિપુત્ર બુદ્ધ | એક અજૈન સાધુ જે મહાવીરના તીર્થમાં થયા અને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયા. જુઓ સાઈ(૪). |
| सात्तियपुत्त | श्र.प्र. | स्वातिकपुत्र | સ્વાતિકપુત્ર | જુઓ સાતિપુત્ત બુદ્ધ. |
| सादिदत्त | क. | स्वातिदत्त | સ્વાતિદત્ત | જુઓ સાઈદત્ત. |
| साधुदासी | अ. | साधुदासी | સાધુદાસી | મથુરા નગરના શ્રેષ્ઠી જિણદાસ(૩)ની પત્ની. |
| १. साम | श्र. | श्याम | શ્યામ | આચાર્ય સાઈના શિષ્ય અને આચાર્ય બલિસ્સહના પ્રશિષ્ય. તે હારિય ગોત્રના હતા. તે સંડિલ્લના ગુરુ અને સમુદ્રના દાદાગુરુ હતા. જુઓ સામ(૨). |
| २. साम | श्र. | श्याम | શ્યામ | પ્રજ્ઞાપનાના કર્તા. સુધર્મથી શરૂ થતી મુખ્ય વાચકોની પરંપરામાં તે તેવીસમાં ગણાય છે. |
| ३. साम | अ.ता. | श्याम | શ્યામ | આ અને સામાગ એક છે. |
| ४. साम | दे.न. | श्याम | શ્યામ | શક્રના લોકપાલ જમના આધિપત્ય નીચેનો પરમાધાર્મિક દેવ. |
| सामकोट्ठ | ती. | श्यामकोष्ठ | શ્યામકોષ્ઠ | જંબૂદ્વીપમાં ઐરાવત ક્ષેત્રના એકવીસમાં તીર્થંકર. |
| सामइय | क. | सामायिक | સામાયિક | વસંતપુરનો ગૃહસ્થ. વિગતો માટે જુઓ અદ્દઅ . |
| सामज्ज | श्र. | श्यामार्य | શ્યામાર્ય | આ અને સામ(૧) એક છે. |
| १. सामण्ण | दे. | सामान्य | સામાન્ય | આ અને સામાણ(૨) એક છે. |
| २. सामण्ण | अ. | सामान्य | સામાન્ય | પોતાની પુત્રીને રાજગાદી ઉપર બેસાડનાર રાજા. |
| सामण्णपुव्वग | आ. | श्रामण्यपूर्वक | શ્રામણ્યપૂર્વક | દશવૈકાલિકનું બીજું અધ્યયન. |
| सामवेय | अ. | सामवेद | સામવેદ | ચાર વેદોમાંનો ત્રીજો વેદ. |
| १. सामहत्थि | आ. | श्यामहस्तिन् | શ્યામહસ્તિન્ | ભગવતીના દસમા શતકનો ચોથો ઉદ્દેશક. |
| २. सामहत्थि | श्र. | श्यामहस्तिन् | શ્યામહસ્તિન્ | તીર્થંકર મહાવીરનો શિષ્ય. |
| १. सामा | क. | श्यामा | શ્યામા | સુપ્રતિષ્ઠ નગરના રાજા સીહસેનની ૫૦૦પત્નીઓ માંની મુખ્ય પત્ની. જુઓ દેવદત્તા(૨). |
| २. सामा | ती. | श्यामा | શ્યામા | તીર્થંકર સંભવના પ્રથમ શિષ્યા. તે સમ્મા નામે પણ જાણીતી છે. |
| ३. सामा | ती. | श्यामा | શ્યામા | તેરમા તીર્થંકર વિમલના માતા અને રાજા કૃતવર્મ ની પત્ની. |

| | | | | |
|---|---|---|---|---|
| ४. सामा | श्रा. | *श्यामा* | શ્યામા | વાણારસીના ઉપાસક ચુલનીપિતાની પત્ની. તેના પતિની જેમ તીર્થંકર મહાવીરની ઉપાસિકા હતી. |
| सामाइअ/सामाइय | आ. | *सामायिक* | સામાયિક | આવશ્યકનું પ્રથમ અધ્યયન. |
| सामाइयणिज्जुत्ति | आ. | *सामायिकनिर्युक्ति* | સામાયિકનિર્યુક્તિ | આવશ્યકનિર્યુક્તિનો એક ભાગ અને સામાઈય ઉપરની નિર્યુક્તિ પ્રકારની ટીકા. |
| सामाग | ती.अ. | *श्यामाक* | શ્યામાક | જંભિયગામનો ગૃહસ્થ. તેના ખેતરમાં તીર્થંકર મહાવીરને કેવલજ્ઞાન થયું હતું. |
| १. सामाण | दे.भौ. | *सामान* | સામાન | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૭ સાગરોપમવર્ષ છે. |
| २. सामाण | दे. | *सामान* | સામાન | ઉત્તરના અનપન્નીય દેવોનો ઈંદ્ર. આ અને સામણ્ણ (૧) એક છે. |
| सामायारी | आ. | *सामाचारी* | સામાચારી | ઉત્તરાધ્યયનનું છવ્વીસમું અધ્યયન. |
| सामिलि | अ. | *स्वामिलिन्* | સ્વામિલિન્ | વચ્છ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| सामुच्छेइय | अ. | *सामुच्छेदिक* | સામુચ્છેદિક | નિહ્નવ અશ્વમિત્રે પ્રતિપાદિત કરેલા સમુચ્છેય સિદ્ધાંતનો (ક્ષણિકવાદનો) અનુયાયી. |
| साय | दे.भौ. | *सात* | સાત | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે. |
| सायरदत्त | अ. | *सागरदत्त* | સાગરદત્ત | આ અને સાગરદત્ત(૩) એક છે. |
| सायवाहण | क.श्र. | *सातवाहन* | સાતવાહન | પ્રતિષ્ઠાન નગરનો રાજા. તે પ્રત્યેક વર્ષે ભરૂચના રાજા નભોવાહન ઉપર આક્રમણ કરતો. સ્થાનિક કોઈ સુવિધાની દ્રષ્ટિએ તેના કહેવાથી આચાર્ય કાલગે પર્યુષણાની તિથિ ભાદરવા મહિનાના શુક્લ પક્ષની પાંચમથી બદલીને ચોથ કરી. તે શ્રાવક હતો. તેની પટ્ટરાણી પુહવી(૪) હતી. |
| १. सारण | आ. | *सारण* | સારણ | અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું સાતમું અધ્યયન. |
| २. सारण | श्र. | *सारण* | સારણ | એક યાદવ રાજકુમાર જેને દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા નિમંત્રણ મોકલવામાં આવ્યું હતું. તે બારવઈના રાજા વસુદેવ અને તેમની રાણી ધારિણી નો પુત્ર હતો. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. તે ૨૦ વર્ષ શ્રામણ્યપાલન કરી મોક્ષે ગયા. |
| सारस्सय | दे. | *सारस्वत* | સારસ્વત | લોકાંતિક દેવોનો એક પ્રકાર. |
| १. साल | दे.ज. | *शाल* | શાલ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| २. साल | दे.भौ. | *शाल* | શાલ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમવર્ષ છે. |
| ३. साल | श्र. | *शाल* | શાલ | પિટ્ઠીચંપા નગરના રાજા. તેમણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી અને મોક્ષ પામ્યા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| सालंकायण | अ. | शालङ्कायन | શાલઙ્કાયન | કોસિય(૫) ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| सालकोट्ठअ | ऐ. | शालकोष्ठक | શાલકોષ્ઠક | મેંઢિયગામમાં આવેલું ચૈત્ય. |
| सालज्जा | दे. | शालार्या | શાલાર્યા | જુઓ સલ્લજ્ઝા. |
| सालभद्द | श्र. | शालभद्र | શાલભદ્ર | જુઓ સાલિભદ્ર. |
| सालवण | ऐ. | शालवन | શાલવન | બહુસાલગમાં આવેલું ઉદ્યાન જ્યાં તીર્થંકર મહાવીર રોકાયા હતા. |
| सालवाहण | क. | शालवाहन | શાલવાહન | આ અને સાતવાહન એક છે. |
| साला | ऐ. | शाला | શાલા | પુરિમતાલ નગરની ઉત્તરપૂર્વમાં આવેલું કોતર. ત્યાં ચોરોના સરદાર વિજય(૧૬) અને તેની ટોળીનો વાસ હતો. |
| १. सालि | आ. | शालि | શાલિ | ભગવતીના છટ્ઠા શતકનો સાતમો ઉદ્દેશક. |
| २. सालि | आ. | शालि | શાલિ | ભગવતીના એકવીસમા શતકનો પ્રથમ વર્ગ. |
| सालिग्गाम | | शालिग्राम | શાલિગ્રામ | મગ્રહ દેશનું નામ. નંદિસેણ(૫) આ ગામના હતા. |
| १. सालिभद्द | श्र. | शालिभद्र | શાલિભદ્ર | રાજગૃહના શ્રેષ્ઠી ગોભદ્ર અને તેની પત્ની ભદ્રાનો પુત્ર. તેને બત્રીસ કન્યા સાથે પરણાવવામાં આવ્યો હતો. તેની સમૃદ્ધિ પૂર્વભવમાં તેણે શ્રમણને ભિક્ષા આપી હતી તેને કારણે હતી. તેણે સંસારનો ત્યાગ કર્યો, તીર્થંકર મહાવીરના શિષ્ય બન્યા. નાલંદા નજીક વેભારગિરિ પર્વત પાસે શિલા ઉપર તપશ્ચર્યા કરી મરીને અનુત્તર વિમાનમાં દેવ તરીકે જન્મ્યા. |
| २. सालिभद्द | अ. | शालिभद्र | શાલિભદ્ર | જેણે કવિલ માટે પોતાના ઘરમાં રહેવા અને જમવાની વ્યવસ્થા કરી હતી તે શ્રાવસ્તીનો શ્રેષ્ઠી. |
| ३. सालिभद्द | आ. | शालिभद्र | શાલિભદ્ર | અનુત્તરોપપાતિકદશાનું છટ્ઠું અધ્યયન. તે હાલ અસ્તિત્વમાં નથી. તેમાં સાલિભદ્ર(૧)ના જીવનવૃત્તનું નિરૂપણ હશે એમ લાગે છે. |
| ४. सालिभद्द | दे. | शालिभद्र | શાલિભદ્ર | વૈશ્રમણ(૯)ના આધિપત્ય નીચેનો દેવ. |
| सालिवाहण | क. | शालिवाहन | શાલિવાહન | આ અને સાયવાહણ એક છે. |
| सालिसीस | ऐ. | शालिशीर्ष | શાલિશીર્ષ | એક ગામ જ્યાં તીર્થંકર મહાવીર ગયા હતા. તેમણે આ ગામમાં છટ્ઠું ચોમાસું કર્યુ હતુ. અહીં કટપૂતના દેવીએ તેમને ત્રાસ આપ્યો હતો. |
| १. सालिहीपिय | आ. | शालिहीपितृ | શાલિહીપિતૃ | ઉવાસગદસાનું દસમું અધ્યયન. |
| २. सालिहीपिय | श्रा. | शालिहीपितृ | શાલિહીપિતૃ | શ્રાવસ્તીના શ્રેષ્ઠી. તેણે ભ૦ મહાવીર પાસે શ્રાવક ના વ્રતો ગ્રહણ કર્યા હતા. ફગ્ગુણી તેની પત્ની હતી. આ શ્રેષ્ઠી મૃત્યુ પછી સૌધર્મ દેવલોકમાં આવેલા અરુણકીલ સ્વર્ગીય વાસસ્થાનમાં દેવ તરીકે જન્મ્યા. તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |

| | | | | |
|---|---|---|---|---|
| **सालुय** | आ. | *सालुक* | સાલુક | ભગવતીના અગિયારમાં શતકનો બીજો ઉદ્દેશક |
| **सावज्जायरिय** | श्र. | *सावद्याचार्य* | સાવદ્યાચાર્ય | જુઓ કુવલયપ્પહ. |
| **सावत्थी** | ऐ.भौ. | *श्रावस्ती* | શ્રાવસ્તી | આર્યદેશ કુણાલનું પાટનગર. તે કયંગલા નગરથી બહુ દૂર ન હતુ. તેની ઉત્તરપૂર્વમાં તેંદુગ ઉદ્યાન પાસે કોષ્ઠક ઉદ્યાન આવેલું હતું. |
| **साहंजणी** | ऐ.भौ. | *साहञ्जनी* | સાહંજની | તે નગર જેની ઉત્તરપૂર્વમાં દેવરમણ ઉદ્યાન આવેલુ હતુ, તે ઉદ્યાનમાં અમોઘ યક્ષનું ચૈત્ય હતુ. રાજા મહચંદ ત્યાં રાજ કરતો હતો. ગણિકા સુદર્શના(૨) અને શ્રેષ્ઠી સુભદ્ર(૨) આ નગરના હતા. |
| **१. साहस्सिमल्ल** | क. | *साहस्रिमल्ल* | સાહસ્રિમલ્લ | જ્યારે ઉજ્જેનીના રાજા પ્રદ્યોતના મંત્રી ખંડકર્ણ દ્વારા કરવામાં આવેલી હિંમતની પરીક્ષામાં સાહસ્સિમલ્લ પાસ થયો ત્યારે તે મલ્લ સાહસ્સિમલ્લને એક હજાર મલ્લોને અપાતા વેતન જેટલું વેતન અપાયુંઆવ્યું. |
| **२. साहस्सिमल्ल** | क. | *साहस्रिमल्ल* | સાહસ્રિમલ્લ | રહવીરપુરના શિવભૂઈનું બીજું નામ. તે નગરના રાજાએ તેના સામર્થ્ય અને નિર્ભયતાની કસોટી કરી હતી. આ સાહસ્સિમલ્લે તે રાજાને પંડુમથુરા જીતી આપ્યું હતું. જુઓ સિવભૂઈ(૧). |
| **सिंघल** | भौ. | *सिंहल* | સિંહલ | આ અને સિંહલ એક છે. |
| **सिंघाडय** | दे.ज. | *शृङ्गाटक* | શૃઙ્ગાટક | રાહુ(૧)ના નવ નામોમાંનું એક. |
| **१. सिंधु** | | *सिन्धु* | સિન્ધુ | ભરત ક્ષેત્રમાં વહેતી નદી. ચુલ્લહિમવંત પર્વત ઉપર આવેલા પદ્મદ્રહ સરોવરમાંથી નીકળે છે. તે પશ્ચિમ તરફ વહે છે, સિંધુઆવત્તણકૂડ આગળ વળાંક લઈ પછી દક્ષિણ તરફ વહે છે, સિંધુપ્રપાતકુંડમાં પડે છે તેમાંથી દક્ષિણ બાજુએથી બહાર નીકળે છે. પછી ભરતના ઉત્તરાર્ધમાં વહે છે અને તિમિસ્રગુહા ગુફા આગળ વૈતાઢ્ય પર્વતની વીંધીને બહાર નીકળીને વળી પાછી પશ્ચિમ તરફ વહી પશ્ચિમ લવણ સમુદ્રને મળે છે. તેને મળનારી નદીઓ છે – સતદ્દુ, વિભાસા, વિત્થા, એરાવતી અને ચંદભાગા. |
| **२. सिंधु** | भौ. | *सिन्धु* | સિન્ધુ | સીતા નદીને મળતી નદી. તે મહાવિદેહના કચ્છ પ્રદેશમાં વહે છે. સિંધુકુંડની દક્ષિણ બાજુથી નીકળે છે. પહેલા કચ્છના ઉત્તરાર્ધમાં પછી દક્ષિણાર્ધમાં વહે છે છેવટે સીતા નદીને મળી તેમાં ભળી જાય છે |
| **३. सिंधु** | भौ. | *सिन्धु* | સિન્ધુ | આ અને સિંધુસોવીર એક છે. તેનો ઉલ્લેખ પૂરના કારણે 'હમેશ પાણીવાળો રહેતો પ્રદેશ' એ પ્રમાણે કરવામાં આવ્યો છે. તેના લોકો પૂરી લંબાઈવાળો પોષાક પહેરતા. અગ્નિને અહીં લોકો મંગલ કહેતા. શ્રમણો વારંવાર આ પ્રદેશની મુલાકાત લેતા. |

| | | | | |
|---|---|---|---|---|
| **सिंधुआवत्तणकूड** | **भौ.** | *सिन्धुआवर्तनकूट* | સિન્ધુઆવર્તનકૂટ | ચુલ્લહિમવંત પર્વતનું શિખર. તે પઉમદ્રહની પશ્ચિમે પાંચસો યોજનના અંતરે આવેલું છે. સિંધુ નદી તેની આગળ વળાંક લઈ પછી દક્ષિણ તરફ વહે છે. |
| **सिंधुकुंड** | **भौ.** | *सिन्धुकुण्ड* | સિન્ધુકુણ્ડ | કચ્છ પ્રદેશના ઉત્તરના અડધા ભાગમાં, માલ્યવંત પર્વતની પૂર્વમાં, ઋષભકૂડની પશ્ચિમમાં, નીલવંત પર્વતની દક્ષિણમાં આવેલું સરોવર. સિંધુ(૨) નદી તેની દક્ષિણ બાજુએથી તેમાંથી નીકળે છે. |
| **सिंधुदत्त** | **अ.च.** | *सिन्धदत्त* | સિન્ધદત્ત | વણરાઈ અને સોમા(૩)ના પિતા તથા ચક્રવર્તી બ્રહ્મદત્તના સસરા. |
| **सिंधुदेवी** | **दे.** | *सिन्धुदेवी* | સિન્ધુદેવી | સિંધુ નદીની અધિષ્ઠાત્રિ દેવી. તે સિંધુદેવીકુડ ઉપર વાસ કરે છે. |
| **सिंधुदेवीकूड** | **भौ.** | *सिन्धुदेवीकूट* | સિન્ધુદેવીકૂટ | ચુલ્લહિમવંત પર્વતનું શિખર. તેના ઉપર સિંધુદેવીનો વાસ છે. |
| **सिंधुद्दीव** | **भौ.** | *सिन्धुद्वीप* | સિન્ધુદ્વીપ | સિંધુપ્રપાતકુંડના મધ્યમાં આવેલો દ્વીપ. |
| **सिंधुप्पवायकुंड** | **भौ.** | *सिन्धुप्रपातकुण्ड* | સિન્ધુપ્રપાતકુણ્ડ | જેમાં સિંધુ નદી પડે છે તે સરોવર. તેમાંથી બહાર નીકળી તે ભરત ક્ષેત્ર તરફ વહે છે. |
| **सिंधुविसय** | **भौ.** | *सिन्धुविषय* | સિન્ધુવિષય | આ અને સિંધુ(૩) એક છે. |
| **सिंधुसेण** | **अ.च.** | *सिन्धुसेन* | સિન્ધુસેન | વાણીરના પિતા અને ચક્રવર્તી બ્રહ્મદત્તના સસરા |
| **सिंधुसोवीर** | **भौ.** | *सिन्धुसौवीर* | સિન્ધુસૌવીર | એક આર્ય દેશ. તેની રાજધાની વીતીભય હતી. રાજા ઉદાયન અહીં રાજ કરતો હતો. વધુ માહિતી માટે જુઓ સિંધુ(૩). |
| **सिंबवद्धण** | **भौ.ऐ.** | *शिम्बवर्धन* | શિમ્બવર્ધન | જ્યાં રાજા મુંડિવગ અથવા મુંડિંબગ રાજ કરતા હતા તે નગર. આચાર્ય પૂષ્યભૂતિ અને તેમના શિષ્ય પુષ્યમિત્ર(૨) આ નગરમાં આવ્યા હતા. |
| **सिंहल** | **अ.भौ.** | *सिंहल* | સિંહલ | સિંધુ નદીને પેલે પાર આવેલો એક અનાર્ય દેશ અને તેના લોકો. બબ્બય, જવણ વગેરે જેવા બીજા દેશો સાથે આ દેશ પણ ચક્રવર્તીભરતના સેનાપતિ સુસેણ(૧) એ જીત્યો હતો. |
| **सिंहलदीव** | **भौ.** | *सिंहलद्वीप* | સિંહલદ્વીપ | દરિયાઈ સફરે નીકળેલા વેપારીઓ જ્યાં રોકાતા હતા તે દ્વીપનું નામ. |
| **सिंहली** | **अ.** | *सिंहली* | સિંહલી | સિંહલથી લાવવામાં આવતી દાસી. |
| **सिज्जंभव** | **श्र.** | *शय्यम्भव* | શય્યમ્ભવ | જુઓ સેજ્જંભવ. |
| **सिज्जंस** | **ती.** | *श्रेयांस* | શ્રેયાંસ | જુઓ સેજ્જંસ. |
| **सिज्जा** | **आ.** | *शय्या* | શય્યા | આચાર અંગસૂત્રનું અગિયારમું અધ્યયન. તે બીજા શ્રુતસ્કન્ધની પેલી ચૂલિકાનું ત્રીજું (બીજું?) અધ્યયન છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **सिणपल्लि** | ऐ.भौ. | *सिनपल्लि* | સિનપલ્લિ | આ એક નાનું ગામ હતું જ્યાં કુંભારપ્રક્ષેપ નામનું નગર વસાવવામાં આવ્યું હતું. |
| **सिणवल्लि** | ऐ.भौ. | *सिनपल्लि* | સિનપલ્લિ | જુઓ સિણપલ્લિ. |
| **सिद्धकूड** | भौ. | *सिद्धकूट* | સિદ્ધકૂટ | આ અને સિદ્ધાયતનકૂડ એક છે. |
| **सिद्धजत्त** | | *सिद्धयात्र* | સિદ્ધયાત્ર | સુરભિપુરનો નાવિક. તીર્થંકર મહાવીરે તેની નાવમાં ગંગા નદી પાર કરી હતી. |
| **१. सिद्धत्थ** | ती. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | મહાવીરના પિતા અને રાણી ત્રિશલાના પતિ. તે કુંડગ્રામના ક્ષત્રિય રાજા હતા. તે કાસવ ગોત્રના હતા. તે સિજ્જંસ અને જસંસ નામે પણ જાણીતા હતા. તે તીર્થંકરપાર્શ્વની પરંપરાના અનુયાયી હતા. તે શ્રમણોપાસક તરીકે મૃત્યુ પામ્યા. મૃત્યુ પછી તે અચ્યુત સ્વર્ગમાં દેવ તરીકે જન્મ્યા. ભવિષ્યમાં તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેઈને ત્યાં જ મોક્ષ પામશે. |
| **२. सिद्धत्थ** | ती. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | ઐરાવત(૧) ક્ષેત્રના બીજા ભાવિ તીર્થંકર. |
| **३. सिद्धत्थ** | ती. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | ઐરાવત(૧) ક્ષેત્રના દસમા ભાવિ તીર્થંકર. |
| **४. सिद्धत्थ** | ती. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | ઐરાવત ક્ષેત્રના પ્રથમ ભાવિ તીર્થંકર. સમવાય તેમના બદલે અહીં સુમંગલ(૧)ના નામનો ઉલ્લેખ કરે છે. |
| **५. सिद्धत्थ** | ती.श्रा. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | મજ્ઝિમપાવાના શ્રેષ્ઠી, જેમણે જ્યારે તીર્થંકર મહાવીર તેમના ઘરે ભિક્ષા લેવા આવ્યા ત્યારે તેના મિત્ર વૈદ્ય ખરગને તીર્થંકર મહાવીરના કાનમાંથી ખીલા કાઢી નાખવા કહ્યું હતું. |
| **६. सिद्धत्थ** | अ. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | પાડલસંડ નગરના રાજા. |
| **७. सिद्धत्थ** | श्र. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | જે આચાર્ય રોહિડગ નગર ગયા હતા અને જેમણે રાજકુમાર વીરંગદને દીક્ષા આપી હતી તે આચાર્ય. |
| **८. सिद्धत्थ** | दे. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | એક વાણવ્યંતર દેવ. તે તેના પૂર્વભવમાં તીર્થંકર મહાવીરની માસીનો દીકરો હતો. જ્યાં સુધી મહાવીરને કેવલજ્ઞાન થયું ન હતું ત્યાં સુધી બાહ્ય ત્રાસ યા કષ્ટથી તેમનું રક્ષણ કરવા માટે શક્ર એ તેની નિમણૂક કરી હતી. |
| **९. सिद्धत्थ** | दे.भौ. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે. |
| **१०. सिद्धत्थ** | | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | જ્યારે બલદેવ કૃષ્ણના મરણથી અત્યંત શોક ગ્રસ્ત અને દુઃખી થઈ કૃષ્ણના મૃત દેહને ઊપાડી ભમતા હતા ત્યારે તેમને બોધ આપી પ્રબુદ્ધ કરનાર દેવ. |
| **११. सिद्धत्थ** | श्र. | *सिद्धार्थ* | સિદ્ધાર્થ | મુગ્ગિલ્લગિરિ ઉપર મોક્ષ પામનાર શ્રમણ. |
| **सिद्धत्थगाम** | ऐ.भौ. | *सिद्धार्थग्राम* | સિદ્ધાર્થગ્રામ | જુઓ સિદ્ધાર્થપુર. |

| | | | | |
|---|---|---|---|---|
| सिद्धत्थपुर | ऐ.भौ. | *सिद्धार्थपुर* | સિદ્ધાર્થપુર | ગોસાલ સાથે તીર્થંકર મહાવીર આ નગરમાં આવ્યા હતા. તે બન્ને વજ્રભૂમિથી અહીં આવ્યા હતા અને અહીંથી કુમ્મારગામ તરફ પ્રયાણ કરી ગયા હતા. એક વાર મહાવીર તોસલીથી સિદ્ધાર્થપુર આવ્યા હતા. કોસિઅ(૩) આ નગરનો હતો. તીર્થંકર સેજ્જંસે પ્રથમ ભિક્ષા આ નગરમાં લીધી હતી. |
| सिद्धत्थवण | | *सिद्धार्थवन* | સિદ્ધાર્થવન | વિનીતા નગર પાસે આવેલું વન જ્યાં તીર્થંકર ઋષભે સંસારત્યાગ કરી શ્રામણ્ય ગ્રહણ કર્યુ હતુ. |
| १. सिद्धत्था | ती. | *सिद्धार्थाः* | સિદ્ધાર્થા | તીર્થંકર અભિનંદનના માતા. |
| २. सिद्धत्था | ती. | *सिद्धार्थाः* | સિદ્ધાર્થા | તીર્થંકર સંભવે પોતાના સંસારત્યાગના પ્રસંગે ઉપયોગમાં લીધેલી પાલખી. |
| सिद्धपाहुड | आ. | *सिद्धप्राभृत* | સિદ્ધપ્રાભૃત | પૂર્વ સૂત્ર 'અગ્રાણીય'માંથી લીધેલી સામગ્રીથી નિર્માણ પામેલી કૃતિ. |
| सिद्धमणोरम | स. | *सिद्धमनोरम* | સિદ્ધમનોરમ | પખવાડિયાનો બીજનો દિવસ. |
| सिद्धसिल | ऐ. | *सिद्धशैल* | સિદ્ધશૈલ | તીર્થયાત્રાનું પવિત્ર સ્થળ. |
| सिद्धसिला | ऐ. | *सिद्धशिला* | સિદ્ધશિલા | ઉજ્જંત અને જ્ઞાતખંડ સાથે ઉલ્લેખવામાં આવેલું તીર્થયાત્રાનું પવિત્ર સ્થળ. |
| सिद्धसेण | श्र. | *सिद्धसेन* | સિદ્ધસેન | કેવલજ્ઞાનીના દર્શન અને જ્ઞાનના કાલિક સંબંધ અંગે જે પોતાનો વિશિષ્ટ મત ધરાવતા હતા તે વિદ્વાન આચાર્ય. તે કેવલજ્ઞાન અને કેવલદર્શનનો અભેદ માનતા હતા. સિદ્ધસેનનો ઉલ્લેખ ચૂર્ણિ અને અન્ય ટીકાઓમાં આવે છે. તે વૃદ્ધવાદીના શિષ્ય હતા, રાજા વિક્રમાદિત્ય ઉપર તેમનો પ્રભાવ હતો. |
| सिद्धसेणखमासमण | श्र. | *सिद्धसेनक्षमाश्रमण* | સિદ્ધસેનક્ષમાશ્રમણ | નિશીથ ઉપર ભાષ્ય લખનાર. |
| सिद्धसेणदिवायर | श्र. | *सिद्धसेनदिवाकर* | સિદ્ધસેનદિવાકર | આ અને સિદ્ધસેનએક છે. |
| सिद्धा | दे. | *सिद्धा* | સિદ્ધા | એક દેવી. |
| सिद्धायยण | भौ. | *सिद्धायतन* | સિદ્ધાયતન | જુઓ સિદ્ધાયતનકૂડ. |
| सिद्धाययणकूड | भौ. | *सिद्धायतनकूट* | સિદ્ધાયતનકૂટ | જંબૂદ્વીપમાં આવેલા છ વર્ષધાર, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય અને વીસ વક્ષસ્કાર પર્વતોમાંથી દરેક પર્વતનું શિખર જેનો અધિષ્ઠાતા દેવ સિદ્ધાયતન દેવ છે. |
| सिद्धाययणदेव | भौ. | *सिद्धायतनदेव* | સિદ્ધાયતનદેવ | સિદ્ધાયતનકૂડનો અધિષ્ઠાતા દેવ. |
| सिद्धालय | भौ. | *सिद्धालय* | સિદ્ધાલય | ઈસિપબ્ભારાના બાર નામોમાંનું એક. |
| १. सिद्धि | भौ. | *सिद्धि* | સિદ્ધિ | ઈસિપબ્ભારાના બાર નામોમાંનું એક. |
| २. सिद्धि | भौ. | *सिद्धि* | સિદ્ધિ | આ અને ણિવ્વુઈ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सिद्धिविणिच्छिय | अ. | सिद्धिविनिश्चय | સિદ્ધિવિનિશ્ચય | એક કૃતિ (ગ્રન્થ). |
| सिप्पा | भौ. | शिप्रा | શિપ્રા | ઉજ્જૈની નગર પાસે વહેતી નદી. |
| सिरि | ती.च. | श्री | શ્રી | જુઓ સિરી. |
| १. सिरिअ | क. | श्रीक | શ્રીક | નંદિપુરના રાજા મિત્રનો રસોઇયો અને 'સરિયદત્ત' નો પૂર્વભવ. તે ખૂબ ક્રૂર હતો. જુદી જુદી જાતના પ્રાણીઓને મરાવી તેમના માંસની વિવિધ વાનગી બનાવવામાં તેને ખૂબ આનંદ આવતો. તેના આ ક્રૂર કાર્યોનું ફળ તેને સરિયદત્તના ભવમાં મળ્યું. |
| २. सिरिअ | श्र. | श्रीक | શ્રીક | આ અને શ્રીયક એક છે. |
| सिरिउत्त | च. | श्रीपुत्र | શ્રીપુત્ર | ભરતક્ષેત્રના પાંચમાં ભાવિ ચક્રવર્તી. તેમનું બીજું નામ શ્રીચંદ(૨) છે. |
| सिरिकंत | दे.भौ. | श्रीकान्त | શ્રીકાન્ત | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચૌદ સાગરોપમ વર્ષનું છે. |
| १. सिरिकंता | अ. | श्रीकान्ता | શ્રીકાન્તા | પુરિમતાલ નગરના રાજા ઉદિઓદઅની રાણી. |
| २. सिरिकंता | अ. | श्रीकान्ता | શ્રીકાન્તા | સાકેત નગરના શ્રેષ્ઠીની પત્ની. |
| ३. सिरिकंता | अ. | श्रीकान्ता | શ્રીકાન્તા | કુલકર મરુદેવ(૨)ની પત્ની. |
| ४. सिरिकंता | अ. | श्रीकान्ता | શ્રીકાન્તા | ચંપા નગરના રાજકુમાર મહચંદ(૪)ની પત્ની. |
| ५. सिरिकंता | भौ. | श्रीकान्ता | શ્રીકાન્તા | જંબૂ વૃક્ષની ઉત્તરપશ્ચિમે આવેલી પુષ્કરિણી. |
| ६. सिरिकंता | अ. | श्रीकान्ता | શ્રીકાન્તા | સાકેત નગરના રાજા મિત્રનં દીની રાણી. |
| सिरीकूड | भौ. | श्रीकूट | શ્રીકૂટ | ચુલ્લહિમવંત પર્વતનું શિખર. |
| सिरिगिरि | श्र.प्र. | श्रीगिरि | શ્રીગિરિ | મહાવીરના તીર્થમાં થયેલા એક બ્રાહ્મણ પરિવ્રાજક જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| सिरिगुत्त | श्र. | श्रीगुप्त | શ્રીગુપ્ત | આચાર્ય સુહસ્તીના બાર શિષ્યોમાંના એક. હારિત ગોત્રના હતા. નિહ્નવ રોહગુત્ત(૧) તેમનો શિષ્ય હતો. શ્રીગુત્ત ચારણ ગણ(૨)ના સ્થાપક હતા. |
| १. सिरिचंद | ती. | श्रीचन्द्र | શ્રીચંદ્ર | ઐરાવત ક્ષેત્રના છઠ્ઠા ભાવિ તીર્થંકર. |
| २. सिरिचंद | च. | श्रीचन्द्र | શ્રીચંદ્ર | ભરતક્ષેત્રના પાંચમાં ભાવિ ચક્રવર્તી. જુઓ સિરિઉત્ત. |
| सिरिचंदा | भौ. | श्रीचन्द्रा | શ્રીચન્દ્રા | જંબૂ વૃક્ષની ઉત્તરપશ્ચિમે આવેલી પુષ્કરિણી. |
| सिरिणिलया | भौ. | श्रीनिलया | શ્રીનિલયા | જંબૂ વૃક્ષની ઉત્તરપશ્ચિમે આવેલી પુષ્કરિણી. |
| सिरितिलय | दे.भौ. | श्रीतिलक | શ્રીતિલક | સાતમી સ્વર્ગભૂમિમાં આવેલું વાસસ્થાન. |
| सिरिदाम | क. | श्रीदामन् | શ્રીદામન્ | મથુરાનો રાજા, બંધુશ્રીનો પતિ અને નંદિવર્ધન નો પિતા. સુબંધુ(૪) તેનો મંત્રી હતો અને ચિત્ત (૫) તેનો વાળંદ સેવક હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| सिरिदामकंड | दे.भौ. | श्रीदामकाण्ड | શ્રીદામકાંડ | શ્રીવચ્છ(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. सिरिदेवी | अ. | श्रीदेवी | શ્રીદેવી | વાણિજ્યગામના રાજા મિત્ર(૩)ની રાણી. |
| २. सिरिदेवी | अ. | श्रीदेवी | શ્રીદેવી | કનગપુરના રાજકુમાર વૈશ્રમણ(૨)ની પત્ની અને ધનપતિ(૩)ની માતા. |
| ३. सिरिदेवी | अ. | श्रीदेवी | શ્રીદેવી | વીરપુરના રાજા વીરકૃષ્ણમિત્રની પત્ની અને રાજ–કુમાર સુજાત(૪)ની માતા. |
| ४. सिरिदेवी | अ. | श्रीदेवी | શ્રીદેવી | રોહીતકના રાજા વૈશ્રમણદત્તની પત્ની અને રાજ–કુમાર પૂષ્યણંદીની માતા. |
| ५. सिरिदेवी | दे. | श्रीदेवी | શ્રીદેવી | સૌધર્મ કલ્પ ની દેવી. તેના પૂર્વભવમાં રાજગૃહીના શ્રેષ્ઠીની પુત્રી ભૂતા(૧) હતી. |
| ६. सिरिदेवी | श्र. | श्रीदेवी | શ્રીદેવી | વાણારસીના શ્રેષ્ઠી ભદ્રસેન અને તેની સ્ત્રી નંદાની પુત્રી. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકરપાર્શ્વ પાસે દીક્ષા લીધી હતી. મૃત્યુ પછી તે ચુલ્લહિમવંત પર્વત ઉપર આવેલા પદ્મદ્રહની અધિષ્ઠાત્રિ દેવી બની. |
| ७. सिरिदेवी | दे. | श्रीदेवी | શ્રીદેવી | એક દેવી. |
| ८. सिरिदेवी | आ. | श्रीदेवी | શ્રીદેવી | દીહદસાનું ચોથું અધ્યયન. |
| ९. सिरिदेवी | आ. | श्रीदेवी | શ્રીદેવી | પુષ્પચૂલિકાનું પ્રથમ અધ્યયન. |
| १०. सिरिदेवी | दे. | श्रीदेवी | શ્રીદેવી | ઉત્તર રુચક પર્વતના જયંત(૫) શિખર પર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| ११. सिरिदेवी | अ. | श्रीदेवी | શ્રીદેવી | ભદ્રનંદી(૨)ની પત્ની. |
| १२. सिरिदेवी | अ. | श्रीदेवी | શ્રીદેવી | ભદ્રનંદી(૪)ની પત્ની. |
| सिरिधर | ती.ग. | श्रीधर | શ્રીધર | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરોમાંના એક. |
| सिरिधरिय | ती.ग. | श्रीधरिक | શ્રીધરિક | આ અને સિરિધર એક છે. |
| १. सिरिप्पभ | श्र. | श्रीप्रभ | શ્રીપ્રભ | રાજા કલ્કિના સમયમાં ભવિષ્યમાં થનાર શ્રમણ. |
| २. सिरिप्पभ | दे.भौ. | श्रीप्रभ | શ્રીપ્રભ | ઇશાન સ્વર્ગમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં તીર્થંકર ઋષભ તેમના પૂર્વભવમાં લલિતાંગ દેવ તરીકે જન્મ્યા હતા. |
| सिरिभद्दा | अ.गो. | श्रीभद्रा | શ્રીભદ્રા | શ્રાવસ્તીના પિઉદત્ત શ્રેષ્ઠીની પત્ની. જીવતો પુત્ર પોતાને જન્મશે એવી આશાએ તેણે ગોસાલકને પોતાના મૃત જન્મેલા પુત્રનું માંસ ભિક્ષામાં આપેલું |
| सिरिभूइ | च. | श्रीभूति | શ્રીભૂતિ | ભરત ક્ષેત્રના છઠ્ઠા ભાવિ ચક્રવર્તી. |
| १. सिरिमइ | अ. | श्रीमति | શ્રીમતિ | કોસલાઉરના નંદ(૨) શ્રેષ્ઠીની પુત્રી અને સમુદ્રદત્ત(૩) ની બીજી પત્ની. |
| २. सिरिमइ | अ. | श्रीमति | શ્રીમતિ | લોહાર્ગલ(૬)ના વજ્જંઘ(૧)ની પત્ની. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सिरिमइ | अ. | श्रीमति | શ્રીમતિ | સ્વયંપ્રભાનો પછીનો જન્મ. આ સિરિમઈ અને સિરિમઈ (૨) એક છે. |
| सिरिमती | अ. | श्रीमति | શ્રીમતિ | જુઓ સિરિમઈ. |
| सिरिमहिअ | दे.भौ. | श्रीमहित | શ્રીમહિત | શ્રીકંત જેવું સ્વર્ગીય વાસસ્થાન. |
| सिरिमहिआ | भौ. | श्रीमहिता | શ્રીમહિતા | જંબૂ વૃક્ષની ઉત્તરપશ્ચિમે આવેલી પુષ્કરિણી. |
| सिरिमाल | ऐ. | श्रीमाल | શ્રીમાલ | અજૈન મતવાદીઓનું તીર્થયાત્રાનું સ્થળ. તેનો એક દેશ તરીકે પણ ઉલ્લેખ થયો છે. |
| सिरिमालि | अ. | श्रीमालिन् | શ્રીમાલિન્ | ઇંદપુરના રાજા ઇંદદત્ત(૯)નો સૌથી મોટો પુત્ર. |
| सिरियअ | श्र. | श्रीयक | શ્રીયક | સકટાલનો પુત્ર અને સ્થૂલભદ્રનો ભાઈ. પિતાના કહેવાથી તેણે તેમને હણ્યા હતા. સકટાલના મૃત્યુ પછી રાજાએ શ્રીયકને મંત્રી બનાવ્યો. અમુક સમય પછી તેણે સંસારનો ત્યાગ કરી સંભૂતિવિજય(૪) પાસે દીક્ષા લીધી. જુઓ સગડાલ. |
| १. सिरिया | अ. | श्रीका | શ્રીકા | જંબૂદાડિમ રાજાની પત્ની, લક્ખણા(૪)ની માતા |
| २. सिरिया | ती.च. | श्रीका | શ્રીકા | આ અને સિરી(૧) એક છે. |
| १. सिरिवच्छ | दे.भौ. | श्रीवत्स | શ્રીવત્સ | આરણમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ એકવીસ સાગરોપમ વર્ષ છે. |
| २. सिरिवच्छ | दे.भौ. | श्रीवत्स | શ્રીવત્સ | માહેન્દ્ર સ્વર્ગનું મુસાફરી કરવા માટેનું વિમાન. |
| ३. सिरिवच्छ | दे. | श्रीवत्स | શ્રીવત્સ | શ્રીવચ્છ વિમાનનો વ્યવસ્થાપક દેવ. |
| सिरिवच्छा | दे. | श्रीवत्सा | શ્રીવત્સા | એક દેવી. |
| १. सिरिवण | ऐ. | श्रीवन | શ્રીવન | ભદ્દિલપુરના ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. |
| २. सिरिवण | ऐ. | श्रीवन | શ્રીવન | પોલાસપુર પાસે આવેલું ઉદ્યાન. તીર્થંકર મહાવીર અહીં આવ્યા હતા. |
| सिरिसंभूया | स. | श्रीसंभूता | શ્રીસંભૂતા | પખવાડિયાની છઠ્ઠી રાત્રિ. |
| सिरिसोम | च. | श्रीसोम | શ્રીસોમ | ભરત ક્ષેત્રના સાતમા ભાવિ ચક્રવર્તી. |
| सिरिसोमणस | दे.भौ. | श्रीसौमनस | શ્રીસૌમનસ | શ્રીકંત જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. सिरी | ती.च. | श्री | શ્રી | જે છઠ્ઠા ચક્રવર્તી પણ છે અને સત્તરમાં તીર્થંકર પણ છે તે કુંથુની માતા. |
| २. सिरी | अ. | श्री | શ્રી | પોલાસપુરના રાજા વિજય(૫)ની પત્ની અને અતિમુક્ત (૧)ની માતા. |
| ३. सिरी | आ. | श्री | શ્રી | પુષ્પચૂલિકાનું પ્રથમ અધ્યયન. |
| ४. सिरी | दे. | श्री | શ્રી | જુઓ સિરીદેવી. |
| सिला | अ.च. | शिला | શિલા | ઋષભની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| सिलोच्चय | भौ. | शिलोच्चय | શિલોચ્ચય | મંદર(૩) પર્વતનું બીજું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सिव | अ. | शिव | શિવ | લોકોમાં પૂજાતા દેવ. તેમના માનમાં લોકો સિવમહ ઉત્સવ ઊજવતા. શિવલિંગની પૂજા પ્રચલિત હતી. |
| २. सिव | दे. | शिव | શિવ | તીર્થંકર મહાવીરને વંદન કરવા આવનાર દેવ. તેના પૂર્વભવમાં તે મિથિલા નગરના શ્રેષ્ઠી શિવ હતા. |
| ३. सिव | आ. | शिव | શિવ | ભગવતીના અગિયારમાં શતકનો નવમો ઉદ્દેશક. |
| ४. सिव | आ. | शिव | શિવ | પુષ્પિકાનું આઠમું અધ્યયન. |
| ५. सिव | स. | शिव | શિવ | પૌષ મહિનાનું અસાધારણ નામ. |
| ६. सिव | अ.च. | शिव | શિવ | પાંચમાં બલદેવ સુદર્શન(૭) તથા પાંચમાં વાસુ-દેવ પુરિસસીહના પિતા. |
| ७. सिव | श्र. | शिव | શિવ | હસ્તિનાપુરના રાજા. તેમની પત્ની હતી ધારિણી. પોતાના પુત્ર શિવભદ્રને રાજ સોંપી દિશાપ્રોક્ષિત શ્રામણ્ય સ્વીકાર્યું. પછી તીર્થંકર મહાવીરે તેમની આ મિથ્યા માન્યતા દૂર કરી અને તેમને પોતાના શ્રમણસંઘમાં પ્રવેશ આપ્યો. અંતે તે મોક્ષ પામ્યા. |
| ८. सिव | अ. | शिव | શિવ | મિથિલાનગરના શ્રેષ્ઠી, મરીને સિવ(૨) દેવ થયા |
| सिवअ | दे. | शिवक | શિવક | ઉદયભાસ પર્વત ઉપર વસતા ચાર વેલંધર નાગરાય દેવોમાંનો એક. |
| सिवकोट्ठग | श्र. | शिवकोष्ठक | શિવકોષ્ઠક | તગરા નગરમાં જે આઠ શ્રમણો હતા તેમાંના એક જેમણે વ્યવહારધર્મની સ્થાપના કરી હતી. |
| १. सिवदत्त | अ. | शिवदत्त | શિવદત્ત | એક ભવિષ્યવેત્તા જેની સલાહથી શ્રીભદ્રાએ, પોતે ભવિષ્યમાં જીવતા બાળકને જન્મ દેશે એ આશાએ ગોસાલકને પોતાના મૃત બાળકનું માંસ ભિક્ષામાં આપ્યુ હતુ. |
| २. सिवदत्त | अ.च. | शिवदत्त | શિવદત્ત | ચક્રવર્તી બ્રહ્મદત્તના સસરા. તે ઇંદપુરના હતા. |
| सिवपागारा | ऐ. | शिवप्राकारा | શિવપ્રાકારા | સોમ(૧) તથા સોમ(૨)ની રાજધાની. જુઓ સોમપ્પભ(૨). |
| सिवभद्द | अ. | शिवभद्र | શિવભદ્ર | હસ્તિનાપુરના રાજા સિવ(૭)નો પુત્ર. |
| १. सिवभूइ | श्र.नि. | शिवभूति | શિવભૂતિ | આચાર્ય કૃષ્ણના શિષ્ય. તેમનું બીજું નામ સાહ-સ્સિમલ્લ હતું. તે રહવીરપુરના વતની હતા. તીક્ષ્ણ બુદ્ધિવાળા અને ખૂબ હિંમતબાજ હતા. તે નગરના રાજાએ તેમના સામર્થ્યની પરીક્ષા કરી હતી. તેમણે શ્રામણ્ય અંગીકાર કર્યું. વસ્ત્રોનો ત્યાગ કરી નગ્નતા ધારણ કરી. આ એક મત છે. બીજા મત અનુસાર જિનકલ્પનું નિરૂપણ કરતી શાસ્ત્રની કંડિકાઓથી પ્રભાવિત થઈને તેમણે જિનકલ્પ સ્વીકાર્યો અને વસ્ત્રોનો ત્યાગ કર્યો. શિવભૂતિને બે શિષ્યો હતા — કોડિણ્ણ(૨) અને કોટ્ટવીર. જુઓ બોડિય. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सिवभूइ | श्र. | शिवभूति | શિવભૂતિ | આચાર્ય ધનગિરિના શિષ્ય. આર્ય ભદ્ર(૪) તેમના શિષ્ય હતા. તે કોચ્છ ગોત્રના હતા. |
| सिवमह | अ. | शिवमह | શિવમહ | સિવ(૧)ના માનમાં ઊજવાતો ઉત્સવ. |
| सिवरायरिसि | श्र. | शिवराजर्षि | શિવરાજર્ષિ | જુઓ સિવ(૭). |
| सिवलिंग | अ. | शिवलिङ्ग | શિવલિઙ્ગ | જુઓ સિવ(૧). |
| सिवसेण | ती. | शिवसेन | શિવસેન | જંબૂદીવના ઐરાવત ક્ષેત્રના દસમા તીર્થંકર. સિવસેનના બદલે સત્યકી(૨) અને સત્યસેનના ઉલ્લેખો પણ આવે છે. |
| १. सिवा | श्र. | शिवा | શિવા | ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતની પટરાણી. તે ચેટક ની પુત્રી હતી. તેણે અંગારવઈ સાથે સંસાર ત્યાગ કર્યો હતો અને તે તીર્થંકર મહાવીરની શિષ્યા બની હતી. |
| २. सिवा | ती. | शिवा | શિવા | રાજા સમુદ્રવિજયની પત્ની તથા રહણેમિ, અરિટ્ઠ ણેમિ, સચ્ચણેમિ અને દ્રઢણેમિની માતા. |
| ३. सिवा | ती.श्र. | शिवा | શિવા | તીર્થંકર ધર્મની પ્રથમ શિષ્યા. તે ચિરા નામે પણ જાણીતી છે. |
| ४. सिवा | दे. | शिवा | શિવા | શક્રની રાણી. તે પોતાના પૂર્વભવમાં શ્રાવસ્તીના શ્રેષ્ઠીની પુત્રી હતી. તે તીર્થંકરપાર્શ્વના સંઘમાં દીક્ષિત થઈ હતી. |
| ५. सिवा | आ. | शिवा | શિવા | જ્ઞાતાધર્મકથાના દ્વિતીય શ્રુતસ્કન્ધા નવમાં વર્ગનું બીજું અધ્યયન. |
| सिवाणंदा | श्रा. | शिवानन्दा | શિવાનંદા | વાણિજ્યગ્રામના ઉપાસક આનંદની પત્ની. તે પણ તીર્થંકર મહાવીરની ઉપાસક હતી. |
| सिसिर | स. | शिशिर | શિશિર | માઘ મહિનાનું અસાધારણ નામ. |
| सिसुपाल | क. | शिशुपाल | શિશુપાલ | સુક્તિમતિ નગરનો રાજા. તે દમઘોસનો પુત્ર હતો. તેને રાજકુમારી દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું. રુક્મિણીને પ્રાપ્ત કરવા માટે વાસુદેવ કૃષ્ણએ તેની સાથે યુદ્ધ કરેલું. |
| १. सिहरि | भौ. | शिखरिन् | શિખરિન્ | જંબૂદ્વીપમાં મેરુપર્વતની ઉત્તરે આવેલ એક વાસહર પર્વત. તે હૈરણ્યવંતની ઉત્તરે, ઐરાવતની દક્ષિણે આવેલો છે. તે પૂર્વમાં અને પશ્ચિમમાં લવણ સમુદ્ર ને સ્પર્શે છે. તેનું માપ ચુલ્લહિમવંત જેવું છે. પુંડરીક તળાવ તેના ઉપર આવેલું છે, તેને ૧૧ શિખર છે. |
| २. सिहरि | दे. | शिखरिन् | શિખરિન્ | શિખરી(૧) પર્વતનો અધિષ્ઠાતા દેવ. |
| ३. सिहरि | भौ. | शिखरिन् | શિખરિન્ | આ અને શિખરીકૂડ એક છે. |
| सिहरिकूड | भौ. | शिखरिकूट | શિખરિકૂટ | શિખરી(૧) પર્વતનું શિખર. |

| | | | | |
|---|---|---|---|---|
| सिहल | अ.भौ. | *सिंहल* | સિંહલ | જુઓ સિંહલ. |
| सीअसोआ | भौ. | *शीतस्रोता* | શીતસ્રોતા | જુઓ સીયસોઆ. |
| सीअल | ती. | *शीतल* | શીતલ | જુઓ શીતલ. |
| १. सीआ | भौ. | *सीता* | સીતા | નીલવંત પર્વત ઉપર આવેલા કેસરી સરોવરની દક્ષિણ બાજુમાંથી નીકળતી નદી. તે ઉત્તરકુરુ અને ભદ્રશાલવનમાં થઈને વહીને પૂર્વ તરફ વળે છે, વહીને પૂર્વ લવણ સમુદ્રને મળે છે. |
| २. सीआ | भौ. | *सीता* | સીતા | નીલવંત(૧) પર્વતનું શિખર. |
| ३. सीआ | भौ. | *सीता* | સીતા | માલ્યવંત(૧) પર્વતનું શિખર. |
| ४. सीआ | भौ. | *सीता* | સીતા | ઈસિપબ્ભારાનું બીજું નામ. |
| ५. सीआ | दे. | *सीता* | સીતા | પશ્ચિમ રુચક પર્વતના ચંદ(૬) શિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી. |
| ६. सीआ | | *सीता* | સીતા | ચોથા વાસુદેવ(૧) પુરિસુત્તમની માતા. |
| ७. सीआ | श्र. | *सीता* | સીતા | રામ(૨)ની પત્ની. રાવણે તેનું અપહરણ કર્યું હતું અને તેના કારણે રામ અને રાવણ વચ્ચે યુદ્ધ થયું હતું. તેની ગણના સતીઓમાં થાય છે. |
| सीआमुहवण | भौ. | *सीतामुखवन* | સીતામુખવન | મહાવિદેહના સીઆ નદીના બન્ને કાંઠા ઉપર આવેલું વન. દક્ષિણ દિશામાં આવેલું વન સીઆ નદીની દક્ષિણે, પૂર્વ લવણ સમુદ્રની પશ્ચિમે, નિષધ પર્વતની ઉત્તરે અને વચ્છ(૬) પ્રદેશની પૂર્વે છે. |
| सीओअ | भौ. | *शीतोद* | શીતોદ | માલ્યવંત(૧) પર્વતનું શિખર. |
| सीओअद्दीव | भौ. | *शीतोदद्वीप* | શીતોદદ્વીપ | શીતોદપ્રપાતકુંડમાં આવેલો દ્વીપ. |
| सीओअप्पवायकुंड | भौ. | *शीतोदप्रपातकुण्ड* | શીતોદપ્રપાતકુંડ | નિષધ પર્વત પરથી ઊતરતી સીતોદા નદીના પ્રપાતથી બનેલું તળાવ. તેના મધ્યમાં શીતોદદ્વીપ આવેલો છે. તળાવની ઉત્તર બાજુએથી સીતોદા નદી પુનઃ નીકળે છે અને દેવકુરુ તરફ વહે છે. |
| १. सीओआ | भौ. | *शीतोदा* | શીતોદા | મહાવિદેહમાં વહેતી નદી. તે નિષધ પર્વત ઉપર આવેલા તિગિંચિ સરોવરની ઉત્તર બાજુમાંથી નીકળે છે. પછી તે શીતોદપ્રપાતકુંડમાં પડી તેની ઉત્તર બાજુમાંથી પુનઃ નીકળે છે. છેલ્લે પશ્ચિમ લવણ સમુદ્રને મળે છે. |
| २. सीओआ | दे. | *शीतोदा* | શીતોદા | નિશીથ પર્વતના સીતોદાકૂડ શિખરની અધિષ્ઠાત્રિ દેવી. વિદ્યુત્પ્રભના સીતોદાકૂડ શિખરની અધિષ્ઠાત્રિ દેવીનું પણ આ જ નામ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सीओआ | भौ. | शीतोदा | શીતોદા | આ અને સીતોદાકૂડ એક છે. |
| १. सीओआकूड | भौ. | शीतोदाकूट | શીતોદાકૂટ | વિદ્યુત્પ્રભ પર્વતનું શિખર. |
| २. सीओआकूड | भौ. | शीतोदाकूट | શીતોદાકૂટ | નિષધ પર્વતનું શિખર. |
| सीओदा | भौ. | शीतोदा | શીતોદા | આ અને સીતોદા એક છે. |
| सीओसणिज्ज | आ. | शीतोष्णीय | શીતોષ્ણીય | આચાર અંગસૂત્રના શ્રુતસ્કન્ધ ૧નું અધ્યયન ૩. |
| १. सीतल | श्र. | शीतल | શીતલ | શ્રમણ થઈને મોક્ષ પ્રાપ્ત કરનાર એક રાજકુમાર. |
| २. सीतल | ती. | शीतल | શીતલ | જુઓ સીયલ. |
| सीतसोता | भौ. | शीतस्रोता | શીતસ્રોતા | આ અને સીયસોઆ એક છે. |
| सीता | भौ. | सीता | સીતા | જુઓ સીઆ. |
| सीतोता | भौ. | शीतोदा | શીતોદા | જુઓ સીઓઆ. |
| १. सीमंकर | अ. | सीमङ्कर | સીમઙ્કર | ઐરાવત ક્ષેત્રના બીજા ભાવિ કુલકર. |
| २. सीमंकर | अ. | सीमङ्कर | સીમઙ્કર | ભરત ક્ષેત્રના પ્રથમ ભાવિ કુલકર. જુઓ કુલગર. |
| ३. सीमंकर | अ. | सीमङ्कर | સીમઙ્કર | ભરત ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા પંદર કુલગરોમાંના ત્રીજા. |
| सीमंतअ | दे.भौ. | सीमन्तक | સીમન્તક | નરકનું ૪૫ લાખ યોજન વિસ્તારવાળું એક વાસ–સ્થાન. તે રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિ ના પ્રથમ કાંડમાં આવેલું છે. તે અધોલોકની ટોચ છે. |
| १. सीमंधर | अ. | सीमन्धर | સીમન્ધર | ઐરાવત ક્ષેત્રના ત્રીજા ભાવિ કુલગર. |
| २. सीमंधर | अ. | सीमन्धर | સીમન્ધર | ભરતક્ષેત્રના બીજા ભાવિ કુલગર. જુઓ કુલગર. |
| ३. सीमंधर | अ. | सीमन्धर | સીમન્ધર | ભરત ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી માં થયેલા પંદર કુલગરોમાંના ચોથા. |
| ४. सीमंधर | ती. | सीमन्धर | સીમન્ધર | મહાવિદેહક્ષેત્રના તીર્થંકર. ગંભીર શંકા થાય ત્યારે આજે પણ ઇન્દ્રો સમાધાન માટે તેમની પાસે જાય છે. આચાર્ય રક્ષિતની પ્રશંસા ભ૦સીમંધરે કરી છે. |
| ५. सीमंधर | क. | सीमन्धर | સીમન્ધર | રાજા ઉસુયારનું મૂળ નામ. |
| सीयल | ती. | शीतल | શીતલ | ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી માં થયેલા દસમા તીર્થંકર. પૂર્વભવમાં તે લટ્ઠ બાહુ હતા.<br>ઐરાવતક્ષેત્રમાં તેમના સમકાલીન તીર્થંકર સત્યકી(૨) હતા.<br>શીતલ ભદ્દિલપુરના રાજા દ્રઢરહ(૧) અને તેમની રાણી નંદા(૩)ના પુત્ર હતા. તેમની ઊંચાઈ નેવુ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. પચીસ હજાર પૂર્વ વર્ષની ઉંમરે તે રાજા થયા અને પચાસ હજાર પૂર્વ વર્ષ શાસન કર્યા પછી તેમણે સંસારનો ત્યાગ કરી એક હજાર પુરુષો સાથે સાહસ્રામ્રવનમાં દીક્ષા લીધી. |

| | | | | |
|---|---|---|---|---|
| **सीयसोआ** | भौ. | *शीतस्रोता* | શીતસ્રોતા | મંદર પર્વતની પશ્ચિમે અને સીતોદા નદીની દક્ષિણે આવેલી નદી. તે મહાવિદેહના બે પ્રદેશો પક્ષ્મગાવતિ અને શંખ વચ્ચેની સીમા બને છે. આ અને સીહસોયા એક છે. |
| **सीया** | भौ. | *सीता* | સીતા | જુઓ સીઆ(૧). |
| **सीयोया** | भौ. | *शीतोदा* | શીતોદા | આ અને સીઓઆ એક છે. |
| **सीलइ** | अ.ता. | *शीलजित्* | શીલજિત્ | એક ક્ષત્રિય પરિવ્રાજક. |
| **१. सीह** | श्र. | *सिंह* | સિંહ | તીર્થંકર મહાવીરને પિત્તજ્વર થયાના સમાચાર સાંભળી ખૂબ દુઃખી અને હતાશ થનાર શ્રમણ. મેંઢિયગામમાં રેવઈ ઉપાસિકા પાસેથી સીહ પિત્તજ્વરનું ઔષધ લઈ આવ્યા હતા. |
| **२. सीह** | श्र. | *सिंह* | સિંહ | સુવ્વય(૫) ગોત્રના આર્ય ધર્મના શિષ્ય અને કાશ્યપ. ગોત્રના આર્ય ધર્મના ગુરુ. |
| **३. सीह** | श्र. | *सिंह* | સિંહ | આચાર્ય રેવઈનક્ષત્રના શિષ્ય. તેમની દીક્ષા અચલપુરમાં થઈ હતી. |
| **४. सीह** | श्र. | *सिंह* | સિંહ | રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી. સોળ વર્ષનું શ્રામણ્ય પાળ્યા પછી મરીને તે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ થયો. પછીના જન્મમાં તે મહાવિદેહમાં જન્મશે અને ત્યાં જ મોક્ષ પામશે. |
| **५. सीह** | क.गो. | *सिंह* | સિંહ | ગામના મુખીનો દીકરો. જ્યારે ગોસાલક સાથે તીર્થંકર મહાવીર કાલાય સંનિવેશમાં રાત્રિના સમયે આવ્યા ત્યારે આ સીહ તેની નોકરડી વિજ્જુમઈ સાથે સંભોગસુખ માણી રહ્યો હતો. ગોસાલક તેની તરફ હસ્યો એટલે સીહે તેને માર માર્યો. |
| **६. सीह** | श्र. | *सिंह* | સિંહ | સંગમ થેરના શિષ્ય. |
| **७. सीह** | अ. | *सिंह* | સિંહ | અનુત્તરોપપાતિકદશાના બીજા વર્ગનું દસમું અધ્યયન. |
| **८. सीह** | दे.भौ. | *सिंह* | સિંહ | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે. |
| **सीहकंत** | दे.भौ. | *सिंहकान्त* | સિંહકાન્ત | મહાશુક્રમાં આવેલું સીહ(૮) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **सीहगइ** | दे. | *सिंहगति* | સિંહગતિ | દિસાકુમાર દેવોના બે ઇન્દ્રો અમિતગતિ અને અમિતવાહનના દરેકના એક એક લોકપાલનું નામ. |
| **१. सीहगिरि** | अ. | *सिंहगिरि* | સિંહગિરિ | છગલપુરના રાજા. |

| | | | | |
|---|---|---|---|---|
| **२. सीहगिरि** | अ. | *सिंहगिरि* | સિંહગિરિ | સોપારગ નગરના રાજા. તેને મલ્લકુસ્તીની સ્પર્ધાઓમાં આનંદ આવતો હતો. જુઓ અટ્ટણ. |
| **३. सीहगिरि** | श्र. | *सिंहगिरि* | સિંહગિરિ | આચાર્ય ધન્યના શિષ્ય. સીહગિરિને ચાર શિષ્યો હતા — ધણગિરિ, વજ્ર, સમિય અને અરિહદિણ્ણ. અનેક સંદર્ભોમાં સીહગિરિનો ઉલ્લેખ આવે છે. |
| **४. सीहगिरि** | ती. | *सिंहगिरि* | સિંહગિરિ | મુનિસુવ્રત(૧)નો પૂર્વભવ. |
| **सीहगुहा** | ऐ. | *सिंहगुहा* | સિંહગુહા | રાજગૃહીની દક્ષિણે આવેલી ચોરોને રહેવાની ગુફા. ચોરોનો સરદાર વિજય(૧૫) અહીં રહેતો હતો. |
| **सीहचंद** | श्र. | *सिंहचन्द्र* | સિંહચંદ્ર | જે શ્રમણની મૂર્તિએ હાથીને પ્રબુદ્ધ કર્યો તે શ્રમણ. |
| **सीहपुर** | ती. | *सिंहपुर* | સિંહપુર | અગિયારમાં તીર્થંકર શ્રેયાંસનું જન્મસ્થાન. ત્યાં સીહરથ રાજા રાજ કરતા હતા. તેમનો જેલર દુર્યોધન હતો. |
| **सीहपुरी** | ऐ. | *सिंहपुरी* | સિંહપુરી | મહાવિદેહના સુપક્ષ્મ પ્રદેશનું પાટનગર. |
| **सीहमुह** | भौ. | *सिंहमुख* | સિંહમુખ | એક અંતરદ્વીપ અને તેના લોકો. |
| **१. सीहरह** | अ. | *सिंहरथ* | સિંહરથ | સીહપુર નગરના રાજા. તેમનો જેલર દુર્યોધન હતો. |
| **२. सीहरह** | ती. | *सिंहरथ* | સિંહરથ | તીર્થંકર ધર્મનો પૂર્વભવ. |
| **सीहल** | भौ. | *सिंहल* | સિંહલ | જુઓ સિંહલ. |
| **सीहविक्कमगइ** | दे. | *सिंहविक्रमगति* | સિંહવિક્રમગતિ | દિસાકુમાર દેવોના બે ઇન્દ્રો અમિતગતિ અને અમિતવાહનના દરેકના એક એક લોકપાલનું નામ. |
| **सीहवीअ** | दे.भौ. | *सिंहवीत* | સિંહવીત | મહાશુક્રમાં આવેલું સીહ(૯) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **१. सीहसेण** | क. | *सिंहसेन* | સિંહસેન | સુપ્રતિષ્ઠ નગરના રાજા મહસેન અને તેમની રાણી ધારિણીનો પુત્ર. વિગત માટે જુઓ દેવદત્તા(૨). |
| **२. सीहसेण** | श्र. | *सिंहसेन* | સિંહસેન | રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. શેષ જીવનવૃત્ત સીહના જીવનવૃત્ત જેવું છે. |
| **३. सीहसेण** | आ. | *सिंहसेन* | સિંહસેન | અનુત્તરોપપાતિકદશાના બીજા વર્ગનું અગિયારમું અધ્યયન. |
| **४. सीहसेण** | ती. | *सिंहसेन* | સિંહસેન | ઐરાવતક્ષેત્રમાં થયેલા તીર્થંકર જે તીર્થંકર વિમલના સમકાલીન હતા. તેમનું બીજું નામ અસંજલ હતું. |
| **५. सीहसेण** | ती. | *सिंहसेन* | સિંહસેન | તીર્થંકર અનંતના પિતા. |
| **६. सीहसेण** | श्र.ती. | *सिंहसेन* | સિંહસેન | તીર્થંકર અજિતના પ્રથમ શિષ્ય. |
| **७. सीहसेण** | श्र. | *सिंहसेन* | સિંહસેન | રિટ્ઠ(૨)એ જેમને જીવતા બાળી મૂક્યા હતા તે શ્રમણ. સીહસેન, ઋષભસેનના શિષ્ય હતા. |
| **८. सीहसेण** | अ.प्र. | *सिंहसेन* | સિંહસેન | તે રાજા જે મૃત્યુ પછી હાથી તરીકે જન્મ્યા હતા અને તે પછી તે દેવ તરીકે જન્મ્યા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| सीहसोया | भौ. | सिंहस्रोता | સિંહસ્રોતા | જંબુદ્વવના પશ્ચિમ મહાવિદેહમાં આવેલી અને સીતોદાને મળતી નદી. |
| सुअ | श्र. | शुक | શુક | સોગંધિયા નગરનો પરિવ્રાજક. તે વેદો, ષષ્ટિતંત્ર અને સાંખ્યદર્શનમાં પારંગત હતા. સુદર્શન(૧૦) શ્રેષ્ઠી તેમના ભક્ત હતા. સુદર્શન સાથે સુક, થાવચ્ચાપુત્ત પાસે ગયા હતા અને તેમની સાથે અનેક બાબતોની ચર્ચાઓ કરી હતી. છેવટે સુક પોતાના એક હજાર શિષ્યો સાથે થાવચ્ચાપુત્તના શિષ્ય બની ગયા અને પુંડરીય(૬) પર્વત ઉપર મોક્ષ પામ્યા. |
| सुइ | ती.श्र. | शुचि | શુચિ | સોળમાં તીર્થંકર સંતિની પ્રથમ શિષ્યા. |
| सुंगायण | | शृङ्गायन | શૃઙ્ગાયન | વિશાખા નક્ષત્રનું ગોત્રનામ. |
| सुंदर | ती. | सुन्दर | સુન્દર | તીર્થંકર વિમલનો પૂર્વભવ. |
| १. सुंदरबाहु | ती. | सुन्दरबाहु | સુન્દરબાહુ | તીર્થંકર સુપાર્શ્વનો પૂર્વભવ. |
| २. सुंदरबाहु | च. | सुन्दरबाहु | સુન્દરબાહુ | ભરત ક્ષેત્રના ત્રીજા ભાવિ વાસુદેવ. 'દીહબાહુ'(૨)નું આ બીજું નામ છે. |
| सुंदरिणंद | क. | सुन्दरिनन्द | સુન્દરિનંદ | આ અને નંદ(૯) એક છે. |
| १. सुंदरी | श्र. | सुन्दरी | સુન્દરી | પત્ની સુનંદાથી જન્મેલી ઋષભની પુત્રી. તેની ઊંચાઈ ૫૦૦ ધનુષ હતી. બાહુબલિ તેનો જોડિયો ભાઈ હતો. તેની સાવકી માનો દીકરો ભરત તેને પરણવા ઇચ્છતો હતો અને તેથી તે તેને દીક્ષા લેવાની રજા આપતો ન હતો. તીર્થંકર ઋષભપાસે દીક્ષા લઈ તેમની મુખ્ય શિષ્યા બન્યા. |
| २. सुंदरी | अ. | सुन्दरी | સુન્દરી | નાસિક્યનગરના શ્રેષ્ઠી નંદ(૯)ની પત્ની. |
| सुंदरीणंद | श्र. | सुन्दरीनन्द | સુન્દરીનંદ | નંદ(૯)નું બીજું નામ. |
| सुंभ | अ. | शुम्भ | શુમ્ભ | શ્રાવસ્તીનગરના શ્રેષ્ઠી. તેને સુંભા નામે પુત્રી હતી. |
| सुंभवडेंसअ | अ. | शुम्भावतंसक | શુમ્ભાવતંસક | બલિચંચામાં આવેલો સુંભા દેવીનો મહેલ. |
| १. सुंभा | श्र. | शुम्भा | શુમ્ભા | શ્રાવસ્તી નગરના શ્રેષ્ઠી સુંભની પુત્રી. તેણે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. મૃત્યુ પછી તે બલિ(૪)ની રાણી તરીકે દેવીરૂપે જન્મી હતી. |
| २. सुंभा | आ. | शुम्भा | શુમ્ભા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધનું પહેલું અધ્યયન. |
| सुंभुत्तर | भौ. | शुम्भुत्तर | શુમ્ભુત્તર | જુઓ લાઢ. |
| १. सुंसुमा | आ. | सुंसुमा | સુંસુમા | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૧૮. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सुंसुमा | क. | सुंसुमा | સુંસુમા | રાજગૃહીના શ્રેષ્ઠી ધન્યની પુત્રી. જુઓ ધન્ય(૧). |
| सुंसुमारपुर | ऐ.भौ. | सुंसुमारपुर | સુંસુમારપુર | જે નગરમાં રાજા ધુંધુમાર રાજ કરતા હતા તે નગર. કહેવાય છે કે ઋષિ વારત્રગ(૩) આ નગરમાં આવ્યા હતા. તીર્થંકર મહાવીર વૈશાલીથી આ નગરમાં આવ્યા હતા અને પછી અહીંથી ભોગપુર જવા નીકળ્યા હતા. |
| सुकंत | दे. | सुकान्त | સુકાન્ત | ઘૃતોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. सुकच्छ | भौ. | सुकच्छ | સુકચ્છ | મહાવિદેહનો એક વિજય, જે સીતા નદીની ઉત્તરે, નીલવંત પર્વતની દક્ષિણે, ગાહાવઈ નદીની પશ્ચિમે અને ચિત્રકૂટ પર્વતની પૂર્વે આવેલો છે. તેનું પાટ–નગર ખેમપુરા છે. |
| २. सुकच्छ | अ. | सुकच्छ | સુકચ્છ | સંભવતઃ આ અને ઋષભનો પુત્ર મહાકચ્છ એક છે |
| सुकच्छकूड | भौ. | सुकच्छकूट | સુકચ્છકૂટ | મહાવિદેહના સુકચ્છ પ્રદેશમાં આવેલા પર્વત ચિત્રકૂટનું તેમજ દીર્ઘવૈતાઢ્યનું શિખર. |
| सुकण्णा | | सुकर्णा | સુકર્ણા | સોગંધિયા નગરના રાજા અપ્રતિહતની પત્ની. |
| सुकण्ह | आ. | सुकृष्ण | સુકૃષ્ણ | નિરયાવાલિકાનું પાંચમું અધ્યયન. રાજાશ્રેણિક ના પુત્ર સુકૃષ્ણનું જીવનવૃત્તાંત તેમાં છે. |
| १. सुकण्हा | श्र. | सुकृष्णा | સુકૃષ્ણા | રાજા શ્રેણિકની પત્ની. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકર મહાવીર પાસે ચંપા નગરમાં દીક્ષા લીધી હતી. અંતે તે મોક્ષ પામી. |
| २. सुकण्हा | आ. | सुकृष्णा | સુકૃષ્ણા | અંતકૃદ્દશાના આઠમાં વર્ગનું પાંચમું અધ્યયન. |
| १. सुकाल | आ. | सुकाल | સુકાલ | નિરયાવાલિકાનું બીજું અધ્યયન. |
| २. सुकाल | दे.भौ. | सुकाल | સુકાલ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે. |
| ३. सुकाल | दे. | सुकाल | સુકાલ | જેનું ચૈત્ય સોગંધિકા નગરમાં આવેલું છે તે યક્ષ. |
| ४. सुकाल | क. | सुकाल | સુકાલ | રાજાશ્રેણિક અને તેમની રાણી સુકાલીનો પુત્ર. બાકીનું જીવનવૃત્ત કાલ(૧)ના જીવનવૃત્ત જેવું છે. |
| १. सुकाली | आ. | सुकाली | સુકાલી | અંતકૃદ્દશાના આઠમાં વર્ગનું બીજું અધ્યયન. |
| २. सुकाली | श्र. | सुकाली | સુકાલી | રાજા શ્રેણિકની પત્ની અને સુકાલ(૪)ની માતા. તેણે ચંપા નગરમાં તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી અને તે મોક્ષ પામી હતી. |
| सुकिट्ठी | दे.भौ. | सुकृष्टि | સુકૃષ્ટિ | સનતકુમાર અને માહેન્દ્રમાં આવેલ સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચાર સાગરોપમ વર્ષનું છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सुकुमालिया | श्र. | सुकुमारिका | સુકુમારિકા | ચંપા નગરના શ્રેષ્ઠી સાગરદત્ત(૨)ની પુત્રી. તે તેના પૂર્વભવમાં નાગશ્રીહતી. તે દ્રૌપદી તરીકે જન્મી. સુકુમાલિયા ગોવાલિયાની શિષ્યા હતા. શ્રમણી તરીકે તેણે નિયાણું કરેલું તેથી દ્રૌપદી તરીકે પાંચ ભાઈઓને પરણી. |
| २. सुकुमालिया | श्र. | सुकुमारिका | સુકુમારિકા | રાજા જિતશત્રુ(૧૭)ની પુત્રી અને રાજા જરકુમારની પૌત્રી. સસઅ(૨) અને ભસઅ તેના ભાઈઓ હતા. તેણે પોતાના ભાઈઓ સાથે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| ३. सुकुमालिया | क. | सुकुमारिका | સુકુમારિકા | વસંતપુર(૩)ના રાજા જિતશત્રુ(૪૦)ની પત્ની. તેણે પોતાના પતિને દગો દીધો હતો. |
| १. सुकोशल | ती. | सुकोशल | સુકોશલ | આગામી ઉત્સર્પિણી કાલચક્રમાં ઐરાવત ક્ષેત્રમાં થનારા ઓગણીસમા તીર્થંકર. |
| २. सुकोसल | श्र. | सुकोशल | સુકોશલ | મુગ્ગિલ્લગિરિ ઉપર જે શ્રમણને વાઘણે ફાડી ખાધા હતા તે શ્રમણ. તે વાઘણ તેના પૂર્વભવમાં તે શ્રમણની માતા હતી. |
| १. सुक्क | दे.भौ. | शुक्र | શુક્ર | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે. |
| २. सुक्क | दे.ज. | शुक्र | શુક્ર | લોકપાલ સોમના આધિપત્ય નીચેનો એક જ્યોતિષ્ક દેવ. તેના પૂર્વભવમાં તે વાણારસીનો સોમિલ(૭) બ્રાહ્મણ હતો. |
| ३. सुक्क | आ. | शुक्र | શુક્ર | પુષ્પિકાનું આ જ નામનું ત્રીજું અધ્યયન. |
| ४. सुक्क | आ. | शुक्र | શુક્ર | પુષ્પિકાનું ત્રીજું અધ્યયન. |
| ५. सुक्क | दे.ज. | शुक्र | શુક્ર | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| सुक्का | दे. | शुक्ला | શુક્લા | ધરણ(૧)ની છ રાણીઓમાંની એક. તે સક્કા(૨) નામે પણ જાણીતી છે. |
| सुक्काभ | दे.भौ. | शुक्राभ | શુક્રાભ | એક લોકાંતિક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં અવ્યાબાધ દેવો વસે છે. |
| सुक्खित्तकसिण | आ. | सुक्षेत्रकृत्स्न | સુક્ષેત્રકૃત્સ્ન | દોગિદ્ધિદસાનું ચોથું અધ્યયન. |
| सुगीअ | स.ज. | सुगीत | સુગીત | જુઓ 'સુપીઅ'. |
| सुगुत्त | अ. | सुगुप्त | સુગુપ્ત | કૌશાંબીના રાજા શતાનિકનો મંત્રી. |
| १. सुग्गीव | च. | सुग्रीव | સુગ્રીવ | આગામી ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થનારા નવમાં પ્રતિશત્રુ. |
| २. सुग्गीव | ती. | सुग्रीव | સુગ્રીવ | તીર્થંકર સુવિધિના પિતા. તે કાગંદીના રાજા હતા. તેમની પત્ની રામા(૩) હતી. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सुग्गीव | क. | सुग्रीव | સુગ્રીવ | રામે સીતાની શોધ કરવા સુગ્રીવને કહ્યું હતું. સુગ્રીવે હનુમંતને તે માટે આજ્ઞા કરી. કિષ્કિન્ધપુર ના વિદ્યાધર રાજા આદિત્ય રથના બે પુત્રોમાંનો એક સુગ્રીવ હતો. તેની પત્ની તારા હતી. |
| ४. सुग्गीव | ऐ.भौ. | सुग्रीव | સુગ્રીવ | જે નગરમાં રાજા ભદ્રબાહુ રાજ કરતા હતા તે નગર. રાજકુમાર મિયાપુત્ત(૩) ભદ્રબાહુના પુત્ર હતા. |
| ५. सुग्गीव | दे. | सुग्रीव | સુગ્રીવ | ભૂતાનંદના હયદળનો સેનાપતિ. ઉત્તરના ભવન–પતિ દેવોના બીજા ઇન્દ્રોનું નામ. |
| १. सुघोस | अ. | सुघोष | સુઘોષ | ભરતક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં થઈ ગયેલા છટ્ઠા કુલગર. જુઓ કુલગર. |
| २. सुघोस | दे.भौ. | सुघोष | સુઘોષ | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ દસ સાગરોપમવર્ષ છે. |
| ३. सुघोस | दे.भौ. | सुघोष | સુઘોષ | સયંભૂ(૪) સમાન સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ વર્ષ છે. |
| ४. सुघोस | ऐ.भौ. | सुघोष | સુઘોષ | જે નગરમાં રાજા અર્જુન(૩) રાજ કરતા હતા તે નગર. તે નગરમાં દેવરમણ ઉદ્યાન હતું અને યક્ષ વીરસેણ(૧)નું ચૈત્ય હતું. |
| १. सुघोसा | दे. | सुघोषा | સુઘોષા | શક્રનો ઘંટ. સનતકુમાર અને પ્રાણત સ્વર્ગીય ક્ષેત્રોના ઇન્દ્રો પાસે આ નામ ધરાવતા ઘંટો છે. |
| २. सुघोसा | दे. | सुघोषा | સુઘોષા | ગંધર્વ દેવોના બે ઇન્દ્રો ગીતરઈ અને ગીતજસમાંથી દરેકની એક એક રાણીનું નામ. તે તેના પૂર્વભવમાં નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| ३. सुघोसा | आ. | सुघोषा | સુઘોષા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું ઓગણત્રીસમું અધ્યયન. |
| सुचंद | ती. | सुचन्द्र | સુચંદ્ર | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ઐરાવત ક્ષેત્રમાં થયેલા બીજા તીર્થંકર જે તીર્થંકર અજિતના સમકાલીન હતા. |
| सुच्छित्ता | ऐ. | सुक्षेत्रा | સુક્ષેત્રા | જુઓ સુચ્છેત્તા. |
| सुच्छेत्ता | ऐ. | सुक्षेत्रा | સુક્ષેત્રા | તીર્થંકર મહાવીર જે ગામમાં આવ્યા હતા તે ગામ. આ ગામથી તે મલય(૩) ગામ ગયા હતા. |
| सुछेत्ता | ऐ. | सुक्षेत्रा | સુક્ષેત્રા | જુઓ સુચ્છેત્તા. |
| १. सुजस | श्र. | सुयशस् | સુયશસ્ | ચક્રવર્તી વજ્રનાભનો સારથિ. તેનો રાજા સેજ્જંસ (૩) તરીકે પુનર્જન્મ થયો હતો. સુજસે વજ્રનાભ સાથે સંસારનો ત્યાગ કર્યો હતો. |
| १. सुजसा | ती. | सुयशा | સુયશા | ચૌદમાં તીર્થંકર અનંતની માતા. |
| २. सुजसा | ती.श्र. | सुयशा | સુયશા | તીર્થંકર શીતલની પ્રથમ શિષ્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सुजसा | | सुयशा | સુયશા | સુદર્શનપુરના શ્રેષ્ઠી સુસુનાગની પત્ની. |
| सुजाअ | आ. | सुजात | સુજાત | જુઓ સુજાત(૩). |
| १. सुजात | दे.भौ. | सुजात | સુજાત | ત્રીજું ગ્રૈવેયક વિમાન. |
| २. सुजात | क. | सुजात | સુજાત | ચંપા નગરના શ્રેષ્ઠી ધનમિત્ર(૧)નો પુત્ર. તે અત્યંત રૂપાળો હતો. ધર્મઘોષ(૩) મંત્રીએ તેને મારી નાખવા કાવતરું ઘડ્યું હતું. પરંતુ રાજા ચંડજ્ઝયે તેને પોતાની બહેન ચંડજસા પરણાવી. |
| ३. सुजात | आ. | सुजात | સુજાત | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન. |
| ४. सुजात | श्र. | सुजात | સુજાત | વીરપુરના રાજા વીરકૃષ્ણમિત્ત અને રાણી શ્રીદેવી (૩)નો પુત્ર. આ રાજકુમારને બલશ્રી(૩) આદિ પાંચસો પત્નીઓ હતી. એક વાર તેણે તીર્થંકર મહાવીર પાસેથી પોતાના ઋષભદત્ત(૨) તરીકેના પૂર્વભવનું વૃત્તાન્ત સાંભળ્યુ અને તેણે સંસારનો ત્યાગ કર્યો. તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| १. सुजाता | श्र. | सुजाता | સુજાતા | શ્રેણિકની પત્ની. તેને રાજગૃહીમાં તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. |
| २. सुजाता | आ. | सुजाता | સુજાતા | અંતકૃદ્દશાના સાતમા વર્ગનું અગિયારમું અધ્યયન |
| ३. सुजाता | दे. | सुजाता | સુજાતા | ભૂતાનંદના લોગપાલોમાંથી દરેક લોકપાલની એક રાણીનું નામ. |
| ४. सुजाता | भौ. | सुजाता | સુજાતા | જંબુસુદર્શના વૃક્ષનું બીજું એક નામ. |
| सुजाया | दे. | सुजाता | સુજાતા | જુઓ સુજાતા. |
| सुजिट्ठा | श्र. | सुज्येष्ठा | સુજ્યેષ્ઠા | જુઓ સુજ્યેષ્ઠા. |
| सुजेट्ठा | श्र. | सुज्येष्ठा | સુજ્યેષ્ઠા | રાજા ચેડગની પુત્રી, રાણી ચેલ્લણાની બહેન અને સત્યકીની માતા. સુજ્યેષ્ઠાના બદલે ચેલ્લણા રાજા શ્રેણિક સાથે ભાગી ગઈ અને તેની સાથે લગ્ન કરી લીધા. તેથી સુજ્યેષ્ઠા શ્રમણી બની ગઈ. |
| सुज्ज | दे.भौ. | सूर्य | સૂર્ય | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૯ સાગરોપમ વર્ષ છે. |
| सुज्जकंत | दे.भौ. | सूर्यकान्त | સૂર્યકાન્ત | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जकूड | दे.भौ. | सूर्यकूट | સૂર્યકૂટ | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जज्झय | दे.भौ. | सूर्यध्वज | સૂર્યધ્વજ | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जपभ | दे.भौ. | सूर्यप्रभ | સૂર્યપ્રભ | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जलेस | दे.भौ. | सूर्यलेश्य | સૂર્યલેશ્ય | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जवण्ण | दे.भौ. | सूर्यवर्ण | સૂર્યવર્ણ | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |

| | | | | |
|---|---|---|---|---|
| सुज्जवित्त | दे.भौ. | सूर्यवित्त | સૂર્યવિત્ત | સુજ્ઝ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जसिंग | दे.भौ. | सूर्यशृङ्ग | સૂર્યશૃઙ્ગ | સુજ્ઝ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जसिट्ठ | दे.भौ. | सूर्यसृष्ट | સૂર્યસૃષ્ટ | સુજ્ઝ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जसिरी | क. | सूर्यश्री | સૂર્યશ્રી | બ્રાહ્મણ સુજ્ઝસિવની પુત્રી. દારુણ દુકાળના કારણે તેના પિતાએ તેને બ્રાહ્મણ ગોવિંદને વેચી દીધી હતી. દુકાળના અંતે તેને તેના પિતા સાથે પરણાવવામાં આવી. પછી તેણે સુસઢ નામના પુત્રને જન્મ આપ્યો અને પછી મરણ પામી. |
| सुज्जसिव | क. | सूर्यशिव | સૂર્યશિવ | સંબુક્ક(૨) ગામનો બ્રાહ્મણ. સુજ્ઝશ્રી તેની પુત્રી હતી જે પછી તેની પત્ની બની. |
| सुज्जावत्त | दे.भौ. | सूर्यावर्त | સૂર્યાવર્ત | સુજ્ઝ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्जुत्तरवडिंसग | दे.भौ. | सूर्योत्तरावतंसक | સૂર્યોત્તરાવતંસક | સુજ્ઝ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुज्झ | ऐ.भौ. | सुह्म | સુહ્મ | જુઓ સુબ્ભ. |
| १. सुट्ठिय | श्र. | सुस्थित | સુસ્થિત | કવિલ(૫)ના ગુરુ. |
| २. सुट्ठिय | दे. | सुस्थित | સુસ્થિત | લવણસમુદ્રનો અધિષ્ઠાતા દેવ. વાસુદેવ કૃષ્ણ એ તેની સહાય મેળવવા તેનું ધ્યાન ધર્યુ હતુ. તે અને 'સોત્થિય'(૪) એક છે. |
| ३. सुट्ठिय | श्र. | सुस्थित | સુસ્થિત | એક શ્રમણાચાર્ય જેમણે પાંચ પંડવોને દીક્ષા આપી |
| सुट्ठिया | ऐ. | सुस्थिता | સુસ્થિતા | દેવ સુસ્થિત(૩)ની રાજધાની. |
| १. सुणंद | ती.अ. | सुनन्द | સુનંદ | ભરત ક્ષેત્રના નવમા ભાવિ તીર્થંકર પોટ્ટિલ(૧)નો પૂર્વભવ. |
| २. सुणंद | ती.अ. | सुनन्द | સુનંદ | મહાપુરનો રહેવાસી. તીર્થંકર વાસુપુજ્યને સૌપ્રથમ ભિક્ષા આપનાર તે હતો. |
| ३. सुणंद | अ. | सुनन्द | સુનંદ | હસ્તિનાપુરના રાજા. |
| ४. सुणंद | ती.श्रा. | सुनन्द | સુનંદ | તીર્થંકરપાર્શ્વનો મુખ્ય ઉપાસક. |
| ५. सुणंद | अ.ती. | सुनन्द | સુનંદ | જેના ઘરે તીર્થંકર મહાવીરે પોતાના ત્રીજા માસ-ખમણના પારણા કર્યા હતા તે રાજગૃહી નગરનો રહેવાસી. આ અને સુદર્શન(૩) એક છે. |
| ६. सुणंद | श्रा. | सुनन्द | સુનંદ | ચંપા નગરનો શ્રાવક જેનો પુનર્જન્મ કૌશાંબીના સમૃદ્ધ શ્રેષ્ઠી તરીકે થયો હતો અને જેણે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| ७. सुणंद | दे.भौ. | सुनन्द | સુનંદ | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે. |

| | | | | |
|---|---|---|---|---|
| **१. सुणंदा** | श्र. | *सुनन्दा* | સુનંદા | આચાર્ય વજ્રની માતા. તેના પતિ ધનગિરિએ તેને છોડીને શ્રામણ્ય સ્વીકારેલું. ત્યારે તે ગર્ભવતી હતી |
| **२. सुणंदा** | ती.अ. | *सुनन्दा* | સુનંદા | ભ૦ ઋષભની બે પત્નીઓમાંની એક. તે નંદા(૭) નામે પણ જાણીતી છે. બાળપણમાં તેના યુગલીક નું મૃત્યુ થવાથી તેને રાજા નાભિએ ઉછેરી હતી અને ઋષભ સાથે પરણાવી હતી. તેણે બાહુબલિ અને સુંદરીને જન્મ આપ્યો હતો. |
| **३. सुणंदा** | च. | *सुनन्दा* | સુનંદા | ચક્રવર્તી મઘવા(૧)ની મુખ્ય પત્ની. |
| **४. सुणंदा** | दे. | *सुनन्दा* | સુનંદા | ભૂતાનંદના ચાર લોગપાલોમાંથી દરેકની એક એક રાણીનું નામ. |
| **५. सुणंदा** | श्र. | *सुनन्दा* | સુનંદા | આ અને નંદા(૧) એક છે. |
| **१. सुणक्खत्त** | आ. | *सुनक्षत्र* | સુનક્ષત્ર | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩ નું અધ્યયન ૨. સ્થાન સૂત્રાનુસાર તે અનુત્તરોપપાતિકદશાના દસ અધ્યયનોમાંનું ત્રીજું અધ્યયન છે. |
| **२. सुणक्खत्त** | श्र. | *सुनक्षत्र* | સુનક્ષત્ર | કાગંદી નગરની ભદ્રા(૬) સાર્થવાહીનો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી. |
| **३. सुणक्खत्त** | श्र. | *सुनक्षत्र* | સુનક્ષત્ર | તીર્થંકર મહાવીરના શિષ્ય. તે કોસલ દેશના હતા. તેમને ગોસાલકે બાળીને ભસ્મ કરી નાખ્યા હતા. મૃત્યુ પછી તે અચ્યુત સ્વર્ગમાં દેવ તરીકે જન્મ્યા. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મુક્તિ પામશે. |
| **सुणक्खत्ता** | स. | *सुनक्षत्रा* | સુનક્ષત્રા | પખવાડિયાની બીજની રાત. |
| **सुणह** | अ. | *सुनख* | સુનખ | ભરત ક્ષેત્રના છઠ્ઠા ભાવિ કુલગર. તે સુહુમ નામે પણ જાણીતા છે. જુઓ કુલગર. |
| **सुणाभ** | अ. | *सुनाभ* | સુનાભ | અવરકંકાના રાજા પદ્મનાભ(૩)ના પુત્ર. |
| **सुतारया** | दे. | *सुतारका* | સુતારકા | એક દેવી. |
| **१. सुत्त** | आ. | *सूत्र* | સૂત્ર | જે કંઈ ઉપદેશ જિનોએ અર્થના રૂપમાં આપ્યો તેને જ ગણધરોએ સૂત્રના રૂપમાં એક સાથે વ્યવસ્થિત ગૂંથ્યો. જિનોના ઉપદેશોની પદ્ધતિસર વ્યવસ્થિત શ્રુતસ્કન્ધ, અધ્યયન વગેરેમાં રચના એ સુત્ર છે. તેને સુત્ત નામ આપવામાં આવ્યું છે કારણ કે તે જ્ઞાનને રજૂ કરે છે. સુત્ત શબ્દ ઉપદેશોના સૂત્રો યા સૂત્રાત્મક વાક્યોનો વાચક છે. અથવા તો જિનોના ઉપદેશો 'સારી રીતે કહેવાયેલા વચનો છે' એ અર્થ વાળા સૂક્ત શબ્દનો પર્યાય છે. સુત્ર અંગપ્રવિષ્ઠ અને અંગબાહ્ય સૂત્રોનું સંગઠિત સાહિત્ય છે. તેનો સામાન્ય અર્થ આગમશાસ્ત્રો છે. તેના બીજા નામો આગમ, પવયણ અને સુય પણ છે. જુઓ આગમ, પવયણ અને સુય. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सुत्त | आ. | सूत्र | સૂત્ર | દૃષ્ટિવાદના પાંચ વિભાગોમાંનો એક. |
| सुत्तकड | आ. | सूत्रकृत | સૂત્રકૃત | જુઓ સૂત્રકૃત્. |
| सुत्तगड | आ. | सूत्रकृत | સૂત્રકૃત | જુઓ સૂત્રકૃત્. |
| सुत्तवेयालिय | अ. | सूत्रवैचारिक | સૂત્રવૈચારિક | એક આર્ય ધંધાદારી વર્ગ. |
| सुत्तिअ | अ. | सौत्रिक | સૌત્રિક | એક આર્ય ધંધાદારી વર્ગ. |
| सुत्तिमइ | ऐ. | सुक्तिमती | સુક્તિમતી | આર્ય દેશ ચેદિની રાજધાની. ત્યાં દમઘોસ નો પુત્ર શિશુપાલ રાજા રાજ કરતો હતો. |
| सुत्थिया | ऐ. | सुस्थिता | સુસ્થિતા | જુઓ 'સુટ્ઠિયા'. |
| १. सुदंसण | ती. | सुदर्शन | સુદર્શન | ભરતના અઢારમાં તીર્થંકર અરના પિતા. |
| २. सुदंसण | च. | सुदर्शन | સુદર્શન | ભરત ક્ષેત્રમાં થનારા પાંચમાં ભાવિ બલદેવ(૨). |
| ३. सुदंसण | क. | सुदर्शन | સુદર્શન | આ અને સુનંદ(૫) એક છે. |
| ४. सुदंसण | श्र. | सुदर्शन | સુદર્શન | સાગરદત્ત(૪) બલદેવ (૨) ભદ્ર(૧૩)નો પૂર્વભવ અને ધણદત્ત(૧) વાસુદેવ(૧) સયંભૂ(૧)ના પૂર્વભવના ગુરુ. |
| ५. सुदंसण | ती. | सुदर्शन | સુદર્શન | તેવીસમા તીર્થંકર પાર્શ્વનો પૂર્વભવ. |
| ६. सुदंसण | ती. | सुदर्शन | સુદર્શન | અઢારમા તીર્થંકર અરનો પૂર્વભવ. |
| ७. सुदंसण | च.श्र. | सुदर्शन | સુદર્શન | પાંચમાં બલદેવ, વાસુદેવ પુરિસસીહના ભાઈ. તે અશ્વપુરના રાજા શિવ(૬) અને રાણી વિજયા(૩) ના પુત્ર હતા. તેમણે શ્રામણ્ય ધારણ કર્યું. |
| ८. सुदंसण | क. | सुदर्शन | સુદર્શન | રાજગૃહીના શ્રેષ્ઠી. અર્જુન(૧) માળીએ ભય ઊભો કર્યો હોવા છતાં તે તીર્થંકર મહાવીરને વંદન કરવા ગયા. વધુ વિગત માટે જુઓ અર્જુન(૧). |
| ९. सुदंसण | श्र. | सुदर्शन | સુદર્શન | ચંપા નગરના શ્રેષ્ઠી અને શ્રમણોપાસક. મિત્રવતી તેમની પત્ની હતી. તે નગરની રાણી અભયાને સુદર્શન તરફ ભારે આકર્ષણ હતું. |
| १०. सुदंसण | श्रा.ता. | सुदर्शन | સુદર્શન | સોગંધિયા નગરના શ્રેષ્ઠી. પહેલા તે પરિવ્રાજક સુકના ઉપાસક હતા પણ પછી તે શ્રમણ થાવચ્ચા પુત્રના ઉપાસક બની ગયા. |
| ११. सुदंसण | अ.च. | सुदर्शन | સુદર્શન | 'પુત્થી'ના પિતા અને ચક્રવર્તી બ્રહ્મદત્તના સસરા. |
| १२. सुदंसण | अ. | सुदर्शन | સુદર્શન | રાજગૃહીના ગૃહસ્થ. પ્રિયા તેની પત્ની હતી. ભૂયા(૧) તેમની પુત્રી હતી. |
| १३. सुदंसण | श्र. | सुदर्शन | સુદર્શન | વાણિજ્યગામના શ્રેષ્ઠી. તે દૂતિપલાસ ચૈત્યમાં તીર્થંકર મહાવીરને વંદન કરવા ગયા, તેમણે ભ૦ મહાવીર પાસે દીક્ષા લીધી. પાંચ વર્ષના શ્રામણ્ય પાળી તે વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| १४. सुदंसण | आ. | सुदर्शन | સુદર્શન | અંતકૃદ્દશાનું પાંચમું અધ્યયન. વર્તમાનમાં તે અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું દસમું અધ્યયન છે. |
| १५. सुदंसण | भौ. | सुदर्शन | સુદર્શન | મંદર પર્વતના અનેક નામોમાંનું એક. |
| १६. सुदंसण | दे. | सुदर्शन | સુદર્શન | ધરણેન્દ્રના ગજદળનો સેનાપતિ. |
| १७. सुदंसण | दे.भौ. | सुदर्शन | સુદર્શન | છઠ્ઠું ગ્રૈવેયક વિમાન. |
| १८. सुदंसण | भौ. | सुदर्शन | સુદર્શન | પશ્ચિમ રુચક પર્વતનું શિખર. ભદ્રા(૩૩) દેવી તેની અધિષ્ઠાત્રિ દેવી છે. |
| १९. सुदंसण | दे. | सुदर्शन | સુદર્શન | ધાતકીખંડના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| २०. सुदंसण | दे. | सुदर्शन | સુદર્શન | એક યક્ષ, જેનું ચૈત્ય મથુરાના ભંડીર ઉદ્યાનમાં આવેલું છે. |
| सुदंसणपुर | ऐ. | सुदर्शनपुर | સુદર્શનપુર | જે નગરના ગૃહસ્થ સુસુનાગ હતા તે નગર. શ્રમણ સુવ્વય(૨) સુસુનાગના પુત્ર હતા. |
| १. सुदंसणा | ती. | सुदर्शना | સુદર્શના | તીર્થંકર મહાવીરના મોટા બહેન, જમાલિની માતા. |
| २. सुदंसणा | अ. | सुदर्शना | સુદર્શના | સાહંજણી નગરની વેશ્યા. સુસેણ(૨) મંત્રીએ તેને પોતાના ઘરમાં રાખી હતી. |
| ३. सुदंसणा | च. | सुदर्शना | સુદર્શના | ચોથા બલદેવ(૨) પુરિસુત્તમની માતા. |
| ४. सुदंसणा | दे. | सुदर्शना | સુદર્શના | પિસાચ દેવોના બે ઈન્દ્રો કાલ અને મહાકાલમાંથી દરેકની એક એક રાણીનું નામ. સુદર્શના તેના પૂર્વભવમાં નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| ५. सुदंसणा | दे. | सुदर्शना | સુદર્શના | ધરણેન્દ્રના ચાર લોગપાલોમાંથી દરેકની એક એક પત્નીનું નામ. |
| ६. सुदंसणा | भौ. | सुदर्शना | સુદર્શના | પશ્ચિમ અંજનગ પર્વત ઉપર આવેલી પુષ્કરિણી. |
| ७. सुदंसणा | ती. | सुदर्शना | સુદર્શના | તીર્થંકર ઋષભના સંસારત્યાગની વિધિ પ્રસંગે તેમણે ઉપયોગમાં લીધેલી પાલખી. |
| ८. सुदंसणा | ऐ. | सुदर्शना | સુદર્શના | શક્રની રાણી રોહિણી(૬)ની રાજધાની. તે દક્ષિણ પશ્ચિમ રઈકરગ પર્વત ઉપર આવેલી છે. |
| ९. सुदंसणा | भौ. | सुदर्शना | સુદર્શના | જંબુસુદર્શના વૃક્ષનું બીજું નામ. |
| सुदत्त | श्र. | सुदत्त | સુદત્ત | આચાર્ય ધર્મઘોસ(૮)ના શિષ્ય. તે તેમના ગુરુ સાથે હસ્તિનાપુર ગયા હતા. |
| सुदरिसण | श्रा. | सुदर्शन | સુદર્શન | જુઓ સુદર્શન(૧) અને (૯). |
| सुदाढ | दे. | सुदंष्ट्र | સુદંષ્ટ્ર | જ્યારે તીર્થંકર મહાવીર નાવમાં ગંગા પાર કરી રહ્યા હતા ત્યારે તેમને ત્રાસ આપનાર એક નાગકુમાર દેવ. પોતાના એક પૂર્વભવમાં આ દેવ સિંહ હતો અને મહાવીરે ત્રિપૃષ્ઠ તરીકેના ભવમાં તે સિંહને હણ્યો હતો. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सुदाम | अ. | सुदामन् | સુદામન્ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા સાત કુલગરમાંના બીજા. જુઓ કુલગર. |
| २. सुदाम | अ. | सुदामन् | સુદામન્ | ભરત ક્ષેત્રના બીજા ભાવિ કુલગર. જુઓ કુલગર. |
| १. सुद्धदंत | च. | शुद्धदन्त | શુદ્ધદન્ત | ભરત ક્ષેત્રના ચોથા ભાવિ ચક્રવર્તી. |
| २. सुद्धदंत | भौ.अ. | शुद्धदन्त | શુદ્ધદન્ત | એક અંતરદ્વીપ અને તેના લોકો. |
| ३. सुद्धदंत | आ. | शुद्धदन्त | શુદ્ધદન્ત | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૨ નું અધ્યયન ૫. |
| ४. सुद्धदंत | श्र. | शुद्धदन्त | શુદ્ધદન્ત | રાજા શ્રેણિક અને રાણી ધારિણીનો પુત્ર. તેને તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તે અનુત્તર વિમાનમાં દેવ થયો. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| सुद्धभूमि | भौ. | शुद्धभूमि | શુદ્ધભૂમિ | આ અને સુબ્ભભૂમિ એક છે. જુઓ લાઢ. |
| सुद्धोदण | अ. | शुद्धोदन | શુદ્ધોદન | બુદ્ધ(૧)ના પિતા. |
| सुद्धोदणसुत | अ. | शुद्धोदनसुत | શુદ્ધોદનસુત | સુદ્ધોદનના પુત્ર બુદ્ધ(૧). |
| सुधम्म | ती.ग. | सुधर्मन् | સુધર્મન્ | જુઓ સુધર્મ. |
| सुधम्मा | दे.अ. | सुधर्मा | સુધર્મા | જુઓ સુધર્મા. |
| १. सुपइट्ठ | आ. | सुप्रतिष्ठ | સુપ્રતિષ્ઠ | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું તેરમું અધ્યયન. |
| २. सुपइट्ठ | श्र. | सुप्रतिष्ठ | સુપ્રતિષ્ઠ | તીર્થંકર મહાવીરે શ્રાવસ્તીના જે શ્રેષ્ઠીને દીક્ષા આપી હતી તે શ્રેષ્ઠી. તે વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યા હતા. |
| ३. सुपइट्ठ | श्रा. | सुप्रतिष्ठ | સુપ્રતિષ્ઠ | તીર્થંકરપાર્શ્વના સંઘમાં દાખલ થનાર શ્રાવસ્તી ના શ્રેષ્ઠી. મૃત્યુ પછી તે સૂર(૧) તરીકે જન્મ્યા. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| ४. सुपइट्ठ | स. | सुप्रतिष्ठ | સુપ્રતિષ્ઠ | ભાદ્રપદ મહિનાનું બીજું નામ. |
| ५. सुपइट्ठ | ऐ. | सुप्रतिष्ठ | સુપ્રતિષ્ઠ | જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આવેલું નગર. ત્યાં રાજા મહાસેણ રાજ કરતા હતા. ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧) આ નગરમાં આવ્યા હતા. |
| सुपइट्ठपुर | ऐ. | सुप्रतिष्ठपुर | સુપ્રતિષ્ઠપુર | તે નગર જ્યાં મિયાપુત્ત શ્રેષ્ઠીપુત્ર તરીકે પુનર્જન્મ પામ્યો હતો. તેની પાસે ગંગા નદી વહેતી હતી. |
| सुपइट्ठाभ | दे.भौ. | सुप्रतिष्ठाभ | સુપ્રતિષ્ઠાભ | 'અર્ચિ' જેવું જ લોકાંતિક દેવોનું સ્વર્ગીય વાસસ્થાન. |
| सुपइण्णा | दे. | सुप्रतिज्ञा | સુપ્રતિજ્ઞા | દક્ષિણ રુચક પર્વતના કંચન(૨) શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| १. सुपम्ह | दे.भौ. | सुपक्ष्मन् | સુપક્ષ્મન્ | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૯ સાગરોપમ વર્ષ છે. તે પક્ષ્મ(૨) જેવું જ છે |

| | | | | |
|---|---|---|---|---|
| २. सुपम्ह | भौ. | सुपक्ष्मन् | સુપક્ષ્મન્ | મહાવિદેહનો એક પ્રદેશ જેની રાજધાની સીહપુર છે |
| ३. सुपम्ह | भौ. | सुपक्ष्मन् | સુપક્ષ્મન્ | અંકાવતી(૨) પર્વતના ચાર શિખરોમાંનું એક. |
| सुपसिद्धा | ती. | सुप्रसिद्धा | સુપ્રસિદ્ધા | તીર્થંકર અભિનંદનના સંસારત્યાગના પ્રસંગે તેમણે ઉપયોગમાં લીધેલી પાલખી. |
| १. सुपास | ती. | सुपार्श्व | સુપાર્શ્વ | વર્તમાન અવસર્પિણી માં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં થયેલા સાતમાં તીર્થંકર. તેમના પૂર્વ ભવમાં તે સુંદરબાહુ હતા. ઐરાવત ક્ષેત્રમાં તેમના સમકાલીન તીર્થંકર સોમચંદ્ર હતા. વાણારસીના રાજા પ્રતિષ્ઠ તેમના પિતા હતા અને રાણી પૃથ્વી તેમની માતા હતી. સુપાર્શ્વની ઊંચાઇ બસો ધનુષ હતી. તેનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. તે પાંચ લાખ પૂર્વ અને વીસ પૂર્વાંગ વર્ષની ઉંમરે રાજગાદીએ બેઠા. પછી તેમણે એક હજાર પુરુષો સાથે સંસારત્યાગ કર્યો. નવ મહિના પછી તેમને કેવલજ્ઞાન થયું. |
| २. सुपास | ती. | सुपार्श्व | સુપાર્શ્વ | આગામી ઉત્સર્પિણી માં જંબૂદ્વીપના ઐરાવત (૧) ક્ષેત્રમાં થનારા ભાવિ સાતમાં તીર્થંકર. |
| ३. सुपास | ती. | सुपार्श्व | સુપાર્શ્વ | વર્તમાન અવસર્પિણી માં જંબૂદ્વીપના ઐરાવતક્ષેત્ર માં થયેલા અઢારમા તીર્થંકર. |
| ४. सुपास | ती.अ. | सुपार्श्व | સુપાર્શ્વ | ભરત ક્ષેત્રના ત્રીજા ભાવિ તીર્થંકર અને ઉદય(૫) નો ભાવિ ભવ. |
| ५. सुपास | अ. | सुपार्श्व | સુપાર્શ્વ | અતીત ઉત્સર્પિણી કાલચક્રમાં જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં થયેલા ત્રીજા કુલગર. જુઓ કુલગર. |
| ६. सुपास | ती.अ. | सुपार्श्व | સુપાર્શ્વ | તીર્થંકર મહાવીરના કાકા. તે આગામી ઉત્સર્પિણી માં ભરત ક્ષેત્રમાં સૂરદેવ નામના બીજા તીર્થંકર તરીકે જન્મ લેશે. |
| सुपासा | श्र. | सुपार्श्वा | સુપાર્શ્વા | તીર્થંકરપાર્શ્વની પરંપરાની શ્રમણી. આગામી ઉત્સર્પિણીમાં તે ચાતુર્યામ–ધર્મનો ઉપદેશ દેશે અને મોક્ષ પામશે. |
| सुपीअ | स.ज. | सुपीत | સુપીત | રાતદિવસના ત્રીસ મુહૂર્તમાંનું એક. તે 'સુગીઅ અને સુબીઅ' નામે પણ જાણીતું છે. |
| सुपुंख | दे.भौ. | सुपङ्ख | સુપઙ્ખ | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષ છે. |
| सुपुंड | दे.भौ. | सुपुण्ड्र | સુપુણ્ડ્ર | સુપુંખ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुपुप्फ | दे.भौ. | सुपुष्प | સુપુષ્પ | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષ છે. |
| सुप्पडिबुद्ध | श्र. | सुप्रतिबुद्ध | સુપ્રતિબુદ્ધ | આચાર્ય સુહસ્તીના બાર શિષ્યોમાંના એક. જુઓ સુસ્થિત–સુપ્પડિબુદ્ધ. |

| | | | | |
|---|---|---|---|---|
| सुपइट्ठाभ | दे.भौ. | सुप्रतिष्ठाभ | સુપ્રતિષ્ઠાભ | એક લોકાંતિક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં અગ્નિચ્ચ દેવો વસે છે. ત્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમ વર્ષ છે. |
| सुप्पबुद्ध | दे.भौ. | सुप्रबुद्ध | સુપ્રબુદ્ધ | આઠમું ગ્રૈવેયક વિમાન. |
| १. सुप्पबुद्धा | भौ. | सुप्रबुद्धा | સુપ્રબુદ્ધા | જંબુસુદર્શના વૃક્ષનું બીજું નામ. |
| २. सुप्पबुद्धा | दे. | सुप्रबुद्धा | સુપ્રબુદ્ધા | દક્ષિણ રુચક પર્વતના પદ્મ(૧૭) શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| १. सुप्पभ | च.श्र. | सुप्रभ | સુપ્રભ | ચોથા બલદેવ અને વાસુદેવ પુરિસુત્તમના ભાઈ, તે બારવઈ નગરના રાજા સોમ(૪) અને તેમની રાણી સુદર્શના(૩)ના પુત્ર હતા. તે પંચાવન લાખ વર્ષની ઉંમરે મોક્ષ પામ્યા. |
| २. सुप्पभ | अ. | सुप्रभ | સુપ્રભ | ભરત(૨) ક્ષેત્રના ત્રીજા ભાવિ કુલગર. |
| ३. सुप्पभ | अ. | सुप्रभ | સુપ્રભ | ભરત(૨) ક્ષેત્રના ચોથા ભાવિ બલદેવ(૨). |
| ४. सुप्पभ | ती. | सुप्रभ | સુપ્રભ | છઠ્ઠા તીર્થંકર પદ્મપ્પભનું બીજું નામ. |
| ५. सुप्पभ | दे. | सुप्रभ | સુપ્રભ | સુવણ્ણકુમારના બે ઈન્દ્રો હરિકંત અને હરિસ્સહમાંથી દરેકના લોકપાલનું નામ. |
| ६. सुप्पभ | दे. | सुप्रभ | સુપ્રભ | ખોદવર દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| सुप्पभकंत | दे. | सुप्रभकान्त | સુપ્રભકાન્ત | સુવણ્ણકુમારના બે ઈન્દ્રો હરિકંત અને હરિસ્સહમાંથી દરેકના લોકપાલનું નામ. |
| १. सुप्पभा | दे. | सुप्रभा | સુપ્રભા | ધરણેન્દ્રના ચાર લોગપાલોમાંથી દરેકની રાણીનું નામ. |
| २. सुप्पभा | ती. | सुप्रभा | સુપ્રભા | બીજા તીર્થંકર અજિત સાથે સંબંધ ધરાવતી પવિત્ર પાલખી. |
| ३. सुप्पभा | च.अ. | सुप्रभा | સુપ્રભા | ત્રીજા બલદેવ ભદ્ર(૧૩)ની માતા. |
| ४. सुप्पभा | ती. | सुप्रभा | સુપ્રભા | તીર્થંકર વિમલે પોતાના સંસારત્યાગના પ્રસંગે જેનો ઉપયોગ કર્યો હતો તે પાલખી. |
| १. सुबंधु | च.श्र. | सुबन्धु | સુબન્ધુ | બીજા બલદેવ વિજય(૧૧)નો પૂર્વભવ. તેણે આચાર્ય સુભદ્ર(૧) પાસે દીક્ષા લીધી હતી. |
| २. सुबंधु | अ. | सुबन्धु | સુબન્ધુ | ભરત ક્ષેત્રના સાતમા ભાવિ કુલગર. તે સુરૂવ(૩) નામે પણ જાણીતા છે. |
| ३. सुबंधु | क. | सुबन्धु | સુબન્ધુ | બિંદુસાર(૨)ના મંત્રી. તેણે ચાણક્યને જીવતા સળગાવી દીધા હતા. |
| ४. सुबंधु | अ. | सुबन्धु | સુબન્ધુ | મથુરા(૧)ના રાજા સિરીદામના મંત્રી. |
| सुबंभ | दे.भौ. | सुब्रह्म | સુબ્રહ્મ | બંભ(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सुबाहु | श्र. | सुबाहु | સુબાહુ | હસ્તીશીર્ષ નગરના રાજા અદીનશત્રુ અને તેમની રાણી ધારિણી(૧૪)નો પુત્ર. તેને પુષ્પચૂલા(૩) વગેરે પત્નીઓ હતી. પૂર્વભવમાં તે હસ્તિનાપુરનો સુહુમ(૩) શ્રેષ્ઠી હતો. સુબાહુને તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. |
| २. सुबाहु | श्र. | सुबाहु | સુબાહુ | વજ્રસેણનો પુત્ર અને બાહુબલિનો પૂર્વભવ. તેમનું બીજું નામ રુપ્યનાભ હતું. તે તેના પૂર્વભવમાં તીર્થંકર ઋષભનો ભાઈ હતો. |
| ३. सुबाहु | अ. | सुबाहु | સુબાહુ | શ્રાવસ્તીના રાજા રુપ્પિ અને રાણી ધારિણીનો પુત્ર |
| ४. सुबाहु | आ. | सुबाहु | સુબાહુ | સુખવિપાકનું પ્રથમ અધ્યયન. |
| सुबीअ | स.ज. | सुबीज | સુબીજ | આ અને સુપીઅ એક છે. |
| १. सुबुद्धि | श्र. | सुबुद्धि | સુબુદ્ધિ | ચંપાનગરના રાજા જિતશત્રુના મંત્રી. તેમણે જલના દ્રષ્ટાંત દ્વારા પુરવાર કર્યું કે એકની એક વસ્તુ સારો તેમજ ખરાબ સ્વાદ, સારી તેમજ ખરાબ ગંધ વગેરે પેદા કરે છે. તેમણે રાજા સાથે શ્રામણ્ય ધારણ કર્યું અને મોક્ષ પ્રાપ્ત કર્યો. |
| २. सुबुद्धि | अ. | सुबुद्धि | સુબુદ્ધિ | સાકેત નગરના રાજા પડિબુદ્ધના મંત્રી. |
| ३. सुबुद्धि | क. | सुबुद्धि | સુબુદ્ધિ | ગજપુરના શ્રેષ્ઠી. તેમને સ્વપ્ન આવ્યું કે સૂર્ય–કિરણો સૂર્યબિંબમાંથી અલગ થઈ ગયા અને પછી સેજ્જંસ (૩)એ તેમને પુનઃ સૂર્યબિંબમાં સ્થાપિત કર્યા. આવશ્યકચૂર્ણિ અનુસાર તેમણે સ્વપ્નમાં શત્રુદળો સામે યુદ્ધ કરતા એક મનુષ્યને જોયો અને શત્રુદળોનો પરાજય કરવામાં તે મનુષ્યને મદદ કરતા સેજ્જંસને જોયા. |
| ४. सुबुद्धि | अ. | सुबुद्धि | સુબુદ્ધિ | ગંધસમિદ્ધ નગરના રાજા મહબ્બલ(૩)ના મંત્રી. |
| ५. सुबुद्धि | अ. | सुबुद्धि | સુબુદ્ધિ | રાજા હરિચંદના મિત્ર. તેમણે રાજાને ધર્મોપદેશ આપ્યો હતો. |
| ६. सुबुद्धि | अ. | सुबुद्धि | સુબુદ્ધિ | ચક્રવર્તી સગરના મંત્રી. |
| ७. सुबुद्धि | क. | सुबुद्धि | સુબુદ્ધિ | ક્ષિતિપ્રતિષ્ઠીત (૨)ના રાજા જિતશત્રુ(૨૦)ના મંત્રી અને અચ્ચંકારિય ભટ્ટાના પતિ. |
| ८. सुबुद्धि | क. | सुबुद्धि | સુબુદ્ધિ | આ અને સુબંધુ(૩) એક છે. |
| सुब्भ | भौ.ऐ. | सुह्म | સુહ્મ | જુઓ સુબ્ભભૂમિ. |
| सुब्भभूमि | ऐ.भौ. | सुह्मभूमि | સુહ્મભૂમિ | લાઢ દેશનો એક ભાગ જ્યાં મહાવીર ગયા હતા. |
| १. सुभ | ती.ग. | शुभ | શુભ | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરમાંના એક. |
| २. सुभ | ती.ग. | शुभ | શુભ | તીર્થંકર નેમિના પ્રથમ શિષ્ય. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सुभ | दे.भौ. | शुभ | શુભ | સૌધર્મમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરોપમ વર્ષ છે. |
| सुभकंत | दे.भौ. | शुभकान्त | શુભકાન્ત | સૌધર્મ(૨)માં આવેલું સુભ(૩) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुभगंध | दे.भौ. | शुभगन्ध | શુભગન્ધ | સૌધર્મ(૨)માં આવેલું સુભ(૩) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. सुभगा | | शुभगा | શુભગા | ભૂત દેવોના બે ઇન્દ્રો સુરૂવ(૨) અને પ્રતિરૂપમાંના દરેકની રાણીનું નામ. પૂર્વભવમાં તે શ્રેષ્ઠીપુત્રી હતી |
| २. सुभगा | आ. | शुभगा | શુભગા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું આઠમું અધ્યયન. |
| सुभघोस | ती.ग. | शुभघोष | શુભઘોષ | આ અને ઘોસ(૪) એક છે. |
| १. सुभद्द | श्र. | सुभद्र | સુભદ્ર | બીજા બલદેવ અને વાસુદેવ એ બન્નેના પૂર્વ ભવના ધર્મગુરુ. જુઓ સુબંધુ(૧). |
| २. सुभद्द | अ. | सुभद्र | સુભદ્ર | સાહંજણી નગરના શ્રેષ્ઠી. તેમને સગડ(૨) નામ નો પુત્ર હતો. |
| ३. सुभद्द | श्र. | सुभद्र | સુભદ્ર | રાજા શ્રેણિકનો પૌત્ર અને કૃષ્ણ(૬)નો પુત્ર. તેને તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. તે મહાવિદેહ માં મોક્ષ પામશે. |
| ४. सुभद्द | श्र. | सुभद्र | સુભદ્ર | અચલગ્રામનો ગૃહસ્થ. તેણે સંસારત્યાગ કરી જસહર (૧)ની દોરવણી નીચે શ્રામણ્યનું પાલન કર્યું. મૃત્યુ પછી રાજા પંડુના પાંચ પુત્રોમાંના એક પુત્ર તરીકે જન્મ લીધો. જુઓ પંડવ. |
| ५. सुभद्द | दे. | सुभद्र | સુભદ્ર | અરુણોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ६. सुभद्द | दे.भौ. | सुभद्र | સુભદ્ર | મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષ છે. |
| ७. सुभद्द | दे.भौ. | सुभद्र | સુભદ્ર | બીજું ગ્રૈવેયક વિમાન. |
| ८. सुभद्द | आ. | सुभद्र | સુભદ્ર | કલ્પવતંસિકાનું ચોથું અધ્યયન. |
| १. सुभद्दा | श्र. | सुभद्रा | સુભદ્રા | વાણારસીના શ્રેષ્ઠી ભદ્ર(૮)ની પત્ની. નિઃસંતાન હતી. તેને શ્રમણી સુવ્રતાએ દીક્ષા આપી. શ્રમણા– ચાર વિરુદ્ધ જઈને બાળકોનું લાલનપાલન શરૂ કર્યું. સુવ્રતાએ આ અયોગ્ય પ્રવૃત્તિ ન કરવા કહ્યું. મૃત્યુ પછી તે બહુપુત્રિકા(૩) દેવી તરીકે જન્મી. |
| २. सुभद्दा | क. | सुभद्रा | સુભદ્રા | રાજા કોણિઅની પટરાણી. તે જ ધારિણી(૨) છે. |
| ३. सुभद्दा | श्र. | सुभद्रा | સુભદ્રા | રાજાશ્રેણિકની પત્ની. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી, વીસ વર્ષ શ્રામણ્યપાલન કર્યું અને મૃત્યુ પછી મોક્ષ પ્રાપ્ત કર્યો. |

| | | | | |
|---|---|---|---|---|
| ४. सुभद्दा | आ. | सुभद्रा | સુભદ્રા | અંતકૃદ્દશાના સાતમા વર્ગનું દસમું અધ્યયન |
| ५. सुभद्दा | अ. | सुभद्रा | સુભદ્રા | કનગપુરના પ્રિયચંદની પત્ની અને રાજકુમાર વૈશ્રમણ(૨)ની માતા. |
| ६. सुभद्दा | अ. | सुभद्रा | સુભદ્રા | મહાપુરના રાજા બલ(૧)ની પત્ની અને રાજકુમાર મહબ્બલ(૧૦)ની માતા. |
| ७. सुभद्दा | क. | सुभद्रा | સુભદ્રા | વાણિજ્યગામના શ્રેષ્ઠી વિજયમિત્ર(૫)ની પત્ની અને ઉજ્ઝિતક(૨)ની માતા. વહાણ ડૂબવાથી થયેલા પતિના મૃત્યુના દુઃખદ સમાચારના આઘાતથી મૃત્યુ પામી. |
| ८. सुभद्दा | च.अ. | सुभद्रा | સુભદ્રા | બીજા બલદેવ વિજય(૧)ની માતા. |
| ९. सुभद्दा | ती.च. | सुभद्रा | સુભદ્રા | ચક્રવર્તી ભરતની મુખ્ય પત્ની અને તીર્થંકર ઋષભની મુખ્ય શ્રાવિકા. વિનમિએ ભરતને ભેટ તરીકે સુભદ્રા આપી હતી. |
| १०. सुभद्दा | क.गो. | सुभद्रा | સુભદ્રા | મંખલિની પત્ની અને ગોસાલની માતા. તે અને ભદ્રા (૨૮) એક છે. |
| ११. सुभद्दा | अ. | सुभद्रा | સુભદ્રા | સોરિયપુરના શ્રેષ્ઠી ધણંજય(૧)ની પત્ની. |
| १२. सुभद्दा | अ. | सुभद्रा | સુભદ્રા | જુઓ રત્તસુભદ્રા. |
| १३. सुभद्दा | क. | सुभद्रा | સુભદ્રા | ચંપાનગરના શ્રેષ્ઠી જિનદત્ત(૨)ની પુત્રી. એકવાર તેણે શ્રમણની આંખમાં પડેલું તણખલું પોતાના હાથે દૂર કર્યું. તેના કારણે તેના કુટુંબમાં ખળભળાટ મચી ગયો. તેણે ધ્યાન કર્યું, દેવમદદથી પોતાના શીલની પવિત્રતા અંગે જાગેલી શંકાને દૂર કરવામાં સફળ થઈ. સુભદ્રાની ગણના સતીઓમાં થાય છે. |
| १४. सुभद्दा | दे. | सुभद्रा | સુભદ્રા | ભૂતાનંદ(૧)ના ચાર લોકપાલ છે, તે દરેકની રાણીનું નામ સુભદ્રા છે. |
| १५. सुभद्दा | दे. | सुभद्रा | સુભદ્રા | બલિ(૪)ના ચાર લોકપાલ છે અને દરેકની રાણીનું આ નામ છે. |
| १६. सुभद्दा | भौ. | सुभद्रा | સુભદ્રા | જંબુસુદર્શના વૃક્ષનું બીજું નામ. |
| सुभफास | दे.भौ. | शुभस्पर्श | શુભસ્પર્શ | સૌધર્મમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરોપમ વર્ષ છે. |
| सुभलेस्स | दे.भौ. | शुभलेश्य | શુભલેશ્ય | સુભફાસ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुभवण्ण | दे.भौ. | शुभवर्ण | શુભવર્ણ | સુભફાસ જેવું જ સૌધર્મમાં આવેલું સ્વર્ગીય વાસ સ્થાન. |
| १. सुभा | श्र. | शुभा | શુભા | આ અને સુંભા(૧) એક છે. |
| २. सुभा | ऐ. | शुभा | શુભા | મહાવિદેહના રમણિજ્જ(૨) પ્રદેશનું પાટનગર. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सुभूम | च. | सुभूम | સુભૂમ | બાર ચક્રવર્તીમાંના આઠમા. તે તીર્થંકર મલ્લિની પહેલા અને અરની પછી થયા . તે હસ્તિનાપુર ના રાજા કૃતવીર્ય(૧) અને તેમની રાણી તારા(૨)ના પુત્ર હતા. તેમની મુખ્ય પત્ની પદ્મશ્રી(૨) હતી. |
| २. सुभूम | ती.ग. | सुभूम | સુભૂમ | તીર્થંકર વાસુપુજ્યના ગણધર. તે સુહુમ્મ(૨) નામે પણ જાણીતા છે. |
| ३. सुभूम | अ. | सुभूम | સુભૂમ | ભરતક્ષેત્રના બીજા ભાવિ કુલગર. |
| १. सुभूमिभाग | ऐ. | सुभूमिभाग | સુભૂમિભાગ | ચંપા નગરની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. |
| २. सुभूमिभाग | ऐ. | सुभूमिभाग | સુભૂમિભાગ | શેલગપુરની પાસે આવેલું ઉદ્યાન. |
| ३. सुभूमिभाग | ऐ. | सुभूमिभाग | સુભૂમિભાગ | રાજગૃહી પાસે આવેલું ઉદ્યાન. |
| ४. सुभूमिभाग | ऐ. | सुभूमिभाग | સુભૂમિભાગ | શતદ્વાર નગર પાસે આવેલું ઉદ્યાન. |
| ५. सुभुमिभाग | ऐ. | सुभूमिभाग | સુભૂમિભાગ | સાકેત નગરનું ઉદ્યાન. |
| १. सुभोगा | दे. | सुभोगा | સુભોગા | અધોલોકની મુખ્ય દિસાકુમારી. |
| २. सुभोगा | दे. | सुभोगा | સુભોગા | માલ્યવંતપર્વતના સાગર શિખર ઉપર વસતી દેવી. |
| ३. सुभोगा | दे. | सुभोगा | સુભોગા | પ્રતિરૂવની ચાર મુખ્ય પત્નીઓમાંની એક. |
| १. सुभोम | ऐ. | सुभौम | સુભૌમ | એક ગામ જ્યાં તીર્થંકર મહાવીર ગયા હતા. |
| २. सुभोम | च. | सुभौम | સુભૌમ | જુઓ સુભૂમ(૧) અને (૩). |
| १. सुमइ | अ. | सुमति | સુમતિ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા પંદર કુલગરમાંના પ્રથમ. |
| २. सुमइ | अ. | सुमति | સુમતિ | ઐરાવત ક્ષેત્રના દસમા ભાવિ કુલગર. સ્પષ્ટતા માટે જુઓ કુલગર. |
| ३. सुमइ | अ. | सुमति | સુમતિ | પંડુસેનની પુત્રી અને મતિની બહેન. |
| ४. सुमइ | क. | सुमति | સુમતિ | નાગિલ(૩)ના ભાઈ. |
| ५. सुमइ | ती. | सुमति | સુમતિ | વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં થયેલા પાંચમાં તીર્થંકર. તે ઐરાવત ક્ષેત્રમાં થયેલા ઋષિદત્તના સમકાલીન હતા. તે વિનીતા નગરના રાજા મેહ(૫) અને રાણી મંગલાના પુત્ર હતા. તેમની ઊંચાઈ ત્રણસો ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. તે દસ લાખ પૂર્વ વર્ષની ઉંમરે રાજા બન્યા. તેમણે ઓગણત્રીસ લાખ પૂર્વ અને બાર પૂર્વાંગ વર્ષ રાજ કર્યું. પછી તેમણે એક હજાર પુરૂષો સાથે સહસ્રામ્રવન ઉદ્યાનમાં સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય ગ્રહણ કર્યું. વીસ વર્ષ પછી ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની અગિયારસના દિવસે પ્રિયંગ વૃક્ષ નીચે તેમને કેવલજ્ઞાન થયું. |
| १. सुमंगल | ती. | सुमङ्गल | સુમંગલ | ઐરાવત(૧) ક્ષેત્રના પ્રથમ ભાવિ તીર્થંકર. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सुमंगल | श्र. | *सुमङ्गल* | સુમંગલ | તીર્થંકર વિમલના પ્રશિષ્ય. તેમણે પોતાની અલૌ– કીક શક્તિથી વિમલવાહન(૩)ને જીવતા સળગાવી દીધા હતા. મૃત્યુ પછી સુમંગલ સર્વાર્થ–સિદ્ધ વિમાનમાં દેવ તરીકે જન્મ્યા. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| ३. सुमंगल | ती.अ. | *सुमङ्गल* | સુમંગલ | રાજાશ્રેણિકનો પૂર્વભવ. તે રાજા જિતશત્રુ (૨૭) નો પુત્ર હતો. તેને જિતશત્રુના મંત્રીના પુત્ર શ્રેણિક ની તેના મોટા પેટના કારણે મશ્કરી કરી તેની ચીડવવાની ટેવના કારણે તે બન્ને વચ્ચે દુશ્મનાવટ થઈ અને પરિણામે પછીના જન્મમાં સેણિયે કૂણિક તરીકે રાજાશ્રેણિકને હણી વેર વાળ્યુ. |
| १. सुमंगला | ती. | *सुमङ्गला* | સુમંગલા | ઋષભની યુગલીક બહેન હતી જે પછી તેમની પત્ની બની. ઋષભને બે પત્નીઓ હતી. સુમંગલાએ ૯૯ પુત્રોને જન્મ આપ્યો હતો જેમાં ભરતનો સમાવેશ થતો હતો. અને એક પુત્રી બ્રાહ્મી(૧)ને પણ જન્મ આપ્યો હતો. |
| २. सुमंगला | अ. | *सुमङ्गला* | સુમંગલા | નિર્નામીકામિયાની બહેન. |
| ३. सुमंगला | ऐ. | *सुमङ्गला* | સુમંગલા | એક ગામ જ્યાં તીર્થંકર મહાવીર ગયા હતા. |
| १. सुमण | दे. | *सुमनस्* | સુમનસ્ | ઈશાનેન્દ્રના લોકપાલ સોમનું વિમાન. |
| २. सुमण | दे. | *सुमनस्* | સુમનસ્ | નંદીસરોદના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ३. सुमण | दे. | *सुमनस्* | સુમનસ્ | રુચગોદ સમુદ્રનો અધિષ્ઠાતા દેવ. |
| १. सुमणभद्द | आ. | *सुमनोभद्र* | સુમનોભદ્ર | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું બારમું અધ્યયન. |
| २. सुमणभद्द | श्र. | *सुमनोभद्र* | સુમનોભદ્ર | શ્રાવસ્તીના ગૃહસ્થ. તેમણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી હતી અને તેમ મોક્ષ પામ્યા હતા. |
| ३. सुमणभद्द | श्र. | *सुमनोभद्र* | સુમનોભદ્ર | ચંપાનગરના રાજા જિતશત્રુ(૩૭)નો પુત્ર. તેણે આચાર્ય ધર્મઘોષ(૧૩) પાસે દીક્ષા લીધી હતી. મચ્છર કરડવાથી તેનું મરણ થયું હતું. |
| ४. सुमणभद्द | दे. | *सुमनोभद्र* | સુમનોભદ્ર | અરુણોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ५. सुमणभद्द | दे. | *सुमनोभद्र* | સુમનોભદ્ર | વૈશ્રમણ(૯)ના આધિપત્ય નીચેનો દેવ. |
| १. सुमणा | श्र. | *सुमना* | સુમના | રાજગૃહીના રાજા શ્રેણિકની પત્ની. તેને તીર્થંકર મહાવીરે દીક્ષા આપેલી. તેણે મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. |
| २. सुमणा | आ. | *सुमना* | સુમના | અંતકૃદ્દશાનું બારમું અધ્યયન. |
| ३. सुमणा | श्र.ती. | *सुमना* | સુમના | તીર્થંકર ચંદ્રપ્રભની પ્રથમ શિષ્યા. |
| ४. सुमणा | दे. | *सुमना* | સુમના | ભૂતાનંદના ચાર લોગપાલોમાંથી દરેકની એક એક રાણીનું નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| **५. सुमणा** | भौ. | *सुमना* | સુમના | જંબુસુદર્શના વૃક્ષનું એક નામ. |
| **सुमति** | ती. | *सुमति* | સુમતિ | જુઓ સુમતિ. |
| **१. सुमरुता** | आ. | *सुमरुता* | સુમરુતા | અંતકૃદ્દશાના સાતમા વર્ગનું છઠ્ઠું અધ્યયન. |
| **२. सुमरुता** | श्रा. | *सुमरुता* | સુમરુતા | રાજા શ્રેણિકની પત્ની. તેને તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. તે મોક્ષ પામી હતી. |
| **सुमागह** | अ. | *सुमागध* | સુમાગધ | ભ૦ મહાવીરના પિતાના મિત્ર. મોસલિ ગામે મહા–વીર ને બંધન મુક્ત કરાવવામાં તેણે મદદ કરી. |
| **सुमिण** | आ. | *स्वप्न* | સ્વપ્ન | ભગવતીના સોળમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક. |
| **सुमिणभद्द** | श्र. | *स्वप्नभद्र* | સ્વપ્નભદ્ર | આચાર્ય સંભૂતિવિજયના બાર શિષ્યોમાંના એક. |
| **सुमिणभावणा** | आ. | *स्वप्नभावना* | સ્વપ્નભાવના | એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. તેનું અધ્યયન ચૌદ વર્ષનું શ્રામણ્યપાલન પૂરું કર્યું હોય તે શ્રમણ ને કરવાની અનુજ્ઞા છે. |
| **१. सुमित्त** | ती. | *सुमित्र* | સુમિત્ર | પાંચમા તીર્થંકર સુમતિનો પૂર્વભવ. |
| **२. सुमित्त** | ती.अ. | *सुमित्र* | સુમિત્ર | તીર્થંકર સંતિને સૌપ્રથમ ભિક્ષા આપનાર વ્યક્તિ. |
| **३. सुमित्त** | ती. | *सुमित्र* | સુમિત્ર | તીર્થંકર મુનિસુવ્રત(૧)ના પિતા. |
| **४. सुमित्त** | श्र. | *सुमित्र* | સુમિત્ર | તીર્થંકર મલ્લિ પાસે દીક્ષા ગ્રહણ કરનાર રાજકુમાર. |
| **सुमित्तविजय** | च.अ. | *सुमित्रविजय* | સુમિત્રવિજય | બીજા ચક્રવર્તી સગરના પિતા. |
| **१. सुमुह** | श्र. | *सुमुह* | સુમુહ | એક યાદવ રાજકુમાર. તે બારવઈના બલદેવ અને ધારિણી(૬)નો પુત્ર હતો. તેણે તીર્થંકર અરિષ્ટ–નેમિ પાસે દીક્ષા લીધી હતી. તે શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યા. |
| **२. सुमुह** | आ. | *सुमुह* | સુમુહ | અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું નવમું અધ્યયન. |
| **३. सुमुह** | क. | *सुमुह* | સુમુહ | સુબાહુનો પૂર્વભવ. તે હસ્તિનાપુરના શ્રેષ્ઠી હતા. |
| **सुमेरुप्पभ** | अ.प्रा. | *सुमेरुप्रभ* | સુમેરુપ્રભ | એક ગજરાજ. તે મેઘનો પૂર્વભવ હતો. |
| **सुमेहा** | दे. | *सुमेहा* | સુમેહા | ઊર્ધ્વલોકની દિસાકુમારી. નંદનવન(૧) માં આવેલા નિષધકૂડની તે અધિષ્ઠાત્રિ છે. |
| **सुय** | आ. | *श्रुत* | શ્રુત | આ શબ્દનો વાચ્યાર્થ છે 'સાંભળેલુ' અને એ જ અર્થમાં તેનો પ્રયોગ આચાર અંગસૂત્રમાં થયો છે. ત્યાં વપરાયેલ શબ્દ 'અહાસુયં'નો અર્થ છે – તીર્થંકર મહાવીરના મુખેથી ગણધર સુધર્મએ જે વચનો સાંભળ્યા તે. આગમસૂત્રોમાં આવતો વાક્યખંડ 'સુયં મે આઉસં તેણં' આ જ અર્થ જણાવે છે. આમ તીર્થંકર મહાવીરના પ્રવચનો 'સુય' નામે પ્રચલિત થયા. વ્યાપક અર્થમાં 'સુય'નો અર્થ છે 'જિનના વચનો, તીર્થંકરની વાણી.' સુત્ત, આગમ, પવયણ વગેરે પર્યાય શબ્દો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सुयसागर | ती. | श्रुतसागर | શ્રુતસાગર | ઐરાવત ક્ષેત્રના નવમા ભાવિ તીર્થંકર. |
| सुरइक | श्र. | सुरतिक | સુરતિક | અચલગ્ગામના ગૃહસ્થ. તેમણે જસહર પાસે દીક્ષા લીધી અને મૃત્યુ પછી રાજા પંડુના પુત્ર તરીકે તેમનો પુનર્જન્મ થયો. |
| सुरंबर | ऐ. | सुराम्बर | સુરામ્બર | સોરિય(૮) નગર પાસે આવેલું યક્ષચૈત્ય. |
| सुरग्गिदीवायण | क. | सुराग्निद्वीपायन | સુરાગ્નિદ્વીપાયન | આ અને દ્વીપાયન(૩) એક છે. મૃત્યુ પછી તેમનો અગ્નિકુમાર તરીકે પુનર્જન્મ થયો. |
| सुरट्ठ | भौ. | सुराष्ट्र | સુરાષ્ટ્ર | એક આર્યદેશ. તેની રાજધાની બારાવઈ હતી. સુરાષ્ટ્રની દક્ષિણે એક યોજનના અંતરે એક નાનો ટાપુ આવેલો હતો. તીર્થંકર અરિષ્ટનેમિએ વિહાર દ્વારા સુરાષ્ટ્ર દેશને પાવન કર્યો. |
| सुरट्ठजणवय | भौ. | सुराष्ट्रजनपद | સુરાષ્ટ્રજનપદ | આ અને સુરાષ્ટ્ર એક છે. |
| सुरदीवायण | क. | सुरद्वीपायन | સુરદ્વીપાયન | આ અને સુરગ્ગિદીવાયણ એક છે. |
| १. सुरदेवी | दे. | सुरदेवी | સુરદેવી | સૂરદેવીકૂડ(૨) ઉપર વસતી દેવી. |
| २. सुरदेवी | दे. | सुरदेवी | સુરદેવી | પશ્ચિમ રુચક પર્વતના અમોઘ(૨) શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| ३. सुरदेवी | भौ. | सुरदेवी | સુરદેવી | શિખરી પર્વતનું શિખર. |
| १. सुरदेवीकूड | दे. | सुरदेवीकूट | સુરદેવીકૂટ | જુઓ સુરદેવી(૩). |
| २. सुरदेवीकूड | भौ. | सुरदेवीकूट | સુરદેવીકૂટ | ચુલ્લહિમવંત પર્વતનું શિખર. સુરદેવી ત્યાં વસે છે. |
| १. सुरप्पिय | ऐ. | सुरप्रिय | સુરપ્રિય | સુરપ્રિય યક્ષનું ચૈત્ય. બારાવઈ નગર અને રેવતક પર્વતની નજીક આવેલા નંદનવનમાં તે આવેલું હતું. તીર્થંકર અરિષ્ટનેમિ અહી આવ્યા હતા. |
| २. सुरप्पिय | दे. | सुरप्रिय | સુરપ્રિય | જેમનું ચૈત્ય સાકેત નગરની ઉત્તરપૂર્વે આવેલા ઉદ્યાનમાં આવેલું હતું તે યક્ષ. પોતાના વાર્ષિક ઉત્સવ ઉપર પોતાની આકૃતિ દોરતા ચિત્રકારને તે મારી નાખતો હતો. |
| सुरवर | ऐ. | सुरवर | સુરવર | જુઓ સુરંબર. |
| सुरहिपुर | ऐ. | सुरभिपुर | સુરભિપુર | એક શહેર જ્યાં તીર્થંકર મહાવીર ગયા હતા. તે ગંગા નદીના કિનારા ઉપર આવેલું હતું. |
| १. सुरादेव | ती.श्रा. | सुरादेव | સુરાદેવ | તીર્થંકર મહાવીરના મુખ્ય દસ ઉપાસકોમાંના એક. તે વાણારસીના હતા, તેમની પત્ની ધન્યા હતી. એક દેવે તેમને ધર્મ છોડી દેવા કહ્યું. સુરાદેવે દ્રઢતા પૂર્વક તે પ્રમાણે ન કર્યું, દેવે તેમના પુત્રોને ત્રાસ આપ્યો. છતા સુરાદેવ ચલિત ન થયા. દેવે તેમના શરીરમાં રોગો પેદા કરવાની ધમકી આપી ત્યારે સુરાદેવ તે દેવને પકડવા ધસ્યા. પરંતુ દેવ અલોપ થઈ ગયો. સુરાદેવ સૌધર્મ કલ્પે પુનર્જન્મ પામ્યા. |

| | | | | |
|---|---|---|---|---|
| २. सुरादेव | ती. | सुरादेव | સુરાદેવ | ભરત ક્ષેત્રના બીજા ભાવિ તીર્થંકર. તે સુરદેવ નામે પણ જાણીતા છે. |
| ३. सुरादेव | आ. | सुरादेव | સુરાદેવ | ઉવાસગદસાનું ચોથું અધ્યયન. |
| १. सुरादेवी | आ. | सुरादेवी | સુરાદેવી | પુષ્પચૂલિયાનું આઠમું અધ્યયન. |
| २. सुरादेवी | दे. | सुरादेवी | સુરાદેવી | રાજગૃહીમાં તીર્થંકર મહાવીરને વંદન કરવા આવેલી દેવી. તેના પૂર્વભવમાં તેને તીર્થંકરપાર્શ્વના સંઘમાં દીક્ષા આપવામાં આવેલી. |
| १. सुरिंददत्त | ती.अ. | सुरेन्द्रदत्त | સુરેન્દ્રદત્ત | તીર્થંકર સંભવને સૌપ્રથમ ભિક્ષા આપનાર વ્યક્તિ. |
| २. सुरिंददत्त | क. | सुरेन्द्रदत्त | સુરેન્દ્રદત્ત | રાજા ઇંદ્રદત્તનો પુત્ર. નક્કી કરાયેલી કસોટીમાં સફળ થઈ તે રાજકુમારી નિવૃત્તિને પરણ્યો હતો. |
| सुरूआ | दे. | सुरूपा | સુરૂપા | જુઓ સુરૂવા. |
| सुरूय | दे. | सुरूप | સુરૂપ | જુઓ સુરૂવ. |
| सुरूया | दे. | सुरूपा | સુરૂપા | જુઓ સુરૂવા. |
| १. सुरूव | दे. | सुरूप | સુરૂપ | દ્વીપકુમાર દેવોના બે ઇન્દ્રો પુણ્ણ(૩) અને વિસિટ્ઠ(૨) છે, તે બેમાંથી દરેકના એક એક લોકપાલનું નામ. સ્થાન સૂત્રમાં સૂરૂપના બદલે રૂયંસ નામ છે. |
| २. सुरूव | दे. | सुरूप | સુરૂપ | દક્ષિણ ક્ષેત્રના ભૂત(૨) દેવોના બે ઇન્દ્રોમાંના એક. તેમને ચાર મુખ્ય પત્નીઓ છે –રૂવવતી(૧), બહુરૂવા(૩), સૂરૂવા(૫) અને સુભગા(૧). |
| ३. सुरूव | अ. | सुरूप | સુરૂપ | જુઓ સુબંધુ(૨). |
| १. सुरूवा | दे. | सुरूपा | સુરૂપા | રુચક પર્વતના મધ્યપ્રદેશમાં વસતી મુખ્ય દિસાકુમારી. |
| २. सुरूवा | आ. | सुरूपा | સુરૂપા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું સાતમું અધ્યયન. |
| ३. सुरूवा | दे. | सुरूपा | સુરૂપા | ભૂતાનંદની છ રાણીઓમાંની એક. તેના પૂર્વ ભવમાં તે શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| ४. सुरूवा | आ. | सुरूपा | સુરૂપા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ચોથા વર્ગનું બીજું અધ્યયન. |
| ५. सुरूवा | श्र. | सुरूपा | સુરૂપા | નાગપુરમાં જન્મેલી શ્રેષ્ઠી પુત્રી. તેણે સંસાર તજ્યો મૃત્યુ પછી તે ભૂતદેવોના ઇંદ્ર સુરૂપ ની રાણી તરીકે જન્મી. પ્રતિડિરૂપની રાણીનું પણ આ જ નામ છે. |
| सुरेंददत्त | ती.श्रा. | सुरेन्द्रदत्त | સુરેન્દ્રદત્ત | જુઓ સુરિંદદત્ત(૧). |
| सुलक्खणा | अ. | सुलक्षणा | સુલક્ષણા | નિર્નામિકાની બહેન. |

| | | | | |
|---|---|---|---|---|
| सुलस | क. | सुलस | સુલસ | કાલસોકરીકનો પુત્ર. તેને અહિંસાના ધર્મમાં અચળ શ્રદ્ધા હતી. તે અભય(૧)નો મિત્ર હતો. તેનો પાલગ (૭) નામે પણ ઉલ્લેખ થયો છે. |
| सुलसदह | भौ. | सुलसद्रह | સુલસદ્રહ | દેવકુરુમાં આવેલું સરોવર. સિતોદા નદી તેમાં થઈને પસાર થાય છે. |
| १. सुलसा | क. | सुलसा | સુલસા | ભદ્દિલપુરના શ્રેષ્ઠી નાગની પત્ની. એવું ભાવિ ભખાયેલું કે તેને મૃત બાળકો જન્મશે. તેથી તેણે હરિણેગમેસિ દેવને પ્રસન્ન કર્યા. તે દેવે દેવકીના છ તાજા જન્મેલા બાળકો લઈ સુલસા ના ઘરમાં છૂપી રીતે મૂક્યા અને સુલસાના બાળકો દેવકીના ઘરે. ઉત્તરકાળે આ અનીયજસ વગેરે છ ભાઈએ સંસાર નો ત્યાગ કરી ભ૦ અરિષ્ટનેમિ પાસે દિક્ષા લીધી. |
| २. सुलसा | ती.श्रा. | सुलसा | સુલસા | તીર્થંકર મહાવીરની ચુસ્ત ઉપાસિકા. ચંપાનગરથી મહાવીરે અંબડ મારફત તેના કુશલ સમાચાર કહ્યા હતા. તે નાગસારથીની પત્ની હતી. તેને સંતાન ન હતું. શક્ર એ છૂપા વેશે આવી તેને ૩૨ ગોળી આપી તે બધી તેણે એક સાથે લઈ લીધી. પરિણામે તેને ૩૨ પુત્રો જન્મ્યા. આવતા ઉત્સર્પિણીમાં સુલસા ભરત ક્ષેત્રમાં સોળમાં તીર્થંકર તરીકે જન્મ લેશે. |
| ३. सुलसा | ती. | सुलसा | સુલસા | તીર્થંકર શીતલની મુખ્ય શિષ્યા. |
| ४. सुलसा | अ. | सुलसा | સુલસા | એક સ્ત્રી જેણે યાજ્ઞવલ્ક્ય વગેરે સાથે અનાર્ય વેદો રચ્યા. ચક્રવર્તી ભરત વગેરે સાચા વેદ રચ્યા . |
| १. सुवग्गु | दे. | सुवल्गु | સુવલ્ગુ | ઈશાનેન્દ્રનું વિમાન (હવાઈ જહાજ). |
| २. सुवग्गु | भौ. | सुवल्गु | સુવલ્ગુ | મહાવિદેહમાં આવેલો વિજય, જેની રાજધાની ખગ્ગપુરા છે. |
| ३. सुवग्गु | भौ. | सुवल्गु | સુવલ્ગુ | નાગ(૬) પર્વતનું શિખર. |
| १. सुवच्छ | भौ. | सुवत्स | સુવત્સ | મહાવિદેહમાં આવેલો એક વિજય, જેની રાજધાની કુંડલા છે. |
| २. सुवच्छ | दे. | सुवत्स | સુવત્સ | દક્ષિણના કંદિય વાણવ્યંતર દેવોનો ઇંદ્ર. |
| १. सुवच्छा | दे. | सुवत्सा | સુવત્સા | નંદનવન(૧)માં આવેલા રચય(૩) શિખર ઉપર વસતી દેવી. તેનો ઉલ્લેખ ઊર્ધ્વલોકની મુખ્ય દિસા કુમારી તરીકે પણ આવે છે. |
| २. सुवच्छा | दे. | सुवत्सा | સુવત્સા | અધોલોકની એક મુખ્ય દિસાકુમારી. |
| ३. सुवच्छा | दे. | सुवत्सा | સુવત્સા | સોમનસ પર્વતના વિમલ(૧૧) શિખર ઉપર વસતી દેવી. |
| सुवज्ज | दे.भौ. | सुवज्र | સુવજ્ર | લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેર સાગરોપમ વર્ષ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सुवण्ण | दे. | सुपर्ण/सुवर्ण | સુપર્ણ / સુવર્ણ | સુવર્ણદારનો અધિષ્ઠાતા દેવ. |
| २. सुवण्ण | आ. | सुपर्ण/सुवर्ण | સુપર્ણ / સુવર્ણ | ભગવતીસૂત્રના સત્તરમા શતકનો ચૌદમો ઉદ્દેશક. |
| ३. सुवण्ण | दे. | सुपर्ण/सुवर्ण | સુપર્ણ / સુવર્ણ | જુઓ સુવણ્ણકુમાર. |
| सुवण्णकुमार | दे. | सुवर्णकुमार / सुपर्णकुमार | સુવર્ણકુમાર / સુપર્ણકુમાર | શક્રના લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નીચેના ભવનપતિ દેવોનો એક વર્ગ. વેણુદેવ, વેણુદાલિ બે તેમના ઇન્દ્રો છે તેમના ભવનો બોતેર લાખ છે. સુવર્ણકુમારદેવો ગરુડકુમારદેવો નામે જાણીતા છે. તેઓ માનુસોત્તર પર્વત ઉપર પણ વસે છે. |
| १. सुवण्णकूला | भौ. | सुवर्णकूला | સુવર્ણકૂલા | જંબૂદ્વીપમાં આવેલા શિખરી પર્વત ઉપરના પુંડરીક (૭) સરોવરમાંથી નીકળતી નદી. તે હૈરણ્યવંત પ્રદેશમાંથી પસાર થઈ પૂર્વ લવણ સમુદ્રને મળે છે. |
| २. सुवण्णकूला | भौ. | सुवर्णकूला | સુવર્ણકૂલા | વાચાલમાં વહેતી નદી. તે અને સુવણ્ણવાલુગા એક છે. |
| ३. सुवण्णकूला | भौ. | सुवर्णकूला | સુવર્ણકૂલા | શિખરી પર્વતનું શિખર. |
| सुवण्णखल | ऐ. | सुवर्णखल | સુવર્ણખલ | કોલ્લાગથી તીર્થંકર મહાવીર ગોસાલક સાથે આ ગામ આવ્યા હતા. |
| सुवण्णगुलिया | क. | सुवर्णगुलिका | સુવર્ણગુલિકા | જેના માટે યુદ્ધ થયું હતું તે દેવદત્તા(૪) અને આ એક જ છે. |
| सुवण्णदार | भौ. | सुपर्णद्वार / सुवर्णद्वार | સુપર્ણદ્વાર / સુવર્ણદ્વાર | પર્વત અંજણગ ઉપર આવેલા સિદ્ધાયતનના ચાર દ્વારોમાંનું એક. |
| सुवण्णभूमि | ऐ.भौ. | सुवर्णभूमि | સુવર્ણભૂમિ | જ્યાં તીર્થંકર ઋષભ ગયા હતા તે એક દેશ. આર્ય કાલગ(૩) પોતાનો પ્રશિષ્ય સાગર(૫) જે અહીં વિહારમાં હતો તેને મળવા માટે આ દેશ ગયા હતા. |
| सुवण्णवालुगा | भौ. | सुवर्णवालुका | સુવર્ણવાલુકા | વાચાલમાં વહેતી નદી. તે અને સુવર્ણકુલા નામે પણ જાણીતી છે. તેના કિનારે તીર્થંકર મહાવીરનું દિવ્ય વસ્ત્ર કાંટાળા ઝાંખરામાં ભરાઈ ગયું હતું. |
| १. सुवप्प | भौ. | सुवप्र | સુવપ્ર | મહાવિદેહ ક્ષેત્રની એક વિજય જેની રાજધાની વેજયંતી(૭) છે. |
| २. सुवप्प | भौ. | सुवप्र | સુવપ્ર | મહાવિદેહમાં આવેલા ચંદ(૫) પર્વતનું શિખર. |
| सुवाय | दे.भौ. | सुवात | સુવાત | વાય જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| १. सुवासव | आ. | सुवासव | સુવાસવ | વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું ચોથું અધ્યયન. |
| २. सुवासव | श्र. | सुवासव | સુવાસવ | વિજયપુરના રાજા વાસવદત્ત અને રાણી કૃષ્ણા નો પુત્ર. તેની પત્ની ભદ્રા હતી. તે તેના પૂર્વભવમાં કૌશાંબીનો રાજા ધનપાલ હતો અને તેણે વૈશ્રમણ ભદ્ર શ્રમણને ભિક્ષા આપી હતી. શેષ સુબાહુના જીવનવૃત્ત સમાન. |
| सुविक्कम | दे. | सुविक्रम | સુવિક્રમ | ઉત્તરના ભવણવઈ દેવોના ઇન્દ્રો તથા ભૂતાનંદ ના ગજદળનો સેનાપતિ. |

| | | | | |
|---|---|---|---|---|
| सुविणभावणा | आ. | *स्वप्नभावना* | સ્વપ્નભાવના | જુઓ 'સુમિણભાવણા'. |
| सुविसाय | दे.भौ. | *सुविसात* | સુવિસાત | પ્રાણતમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષ છે. |
| १. सुविहि | ती. | *सुविधि* | સુવિધિ | નવમા તીર્થંકર પુષ્પદંતનું બીજું નામ. |
| २. सुविहि | अ. | *सुविधि* | સુવિધિ | પ્રભંકરા નગરના વૈદરાજ. તીર્થંકર ઋષભ(૧)ના પૂર્વભવ કેસવ(૨)ના પિતા. |
| सुविहिपुप्फदंत | ती. | *सुविधि-पुष्पदन्त* | સુવિધિપુષ્પદન્ત | આ અને સુવિહિ(૧) એક છે. |
| सुवीर | दे.भौ. | *सुवीर* | સુવીર | સ્વયંભૂ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમ વર્ષ છે. |
| सुव्वअ | दे.ज. | *सुव्रत* | સુવ્રત | જુઓ સુવ્વય(૪). |
| सुव्वत | दे.ज. | *सुव्रत* | સુવ્રત | જુઓ સુવ્વય(૪). |
| १. सुव्वय | ती. | *सुव्रत* | સુવ્રત | ઐરાવત(૧) ક્ષેત્રના અઢારમાં ભાવિ તીર્થંકર. |
| २. सुव्वय | श्र. | *सुव्रत* | સુવ્રત | સુદર્શનપુરના સુસુનાગ અને સુજસા(૩)ના પુત્ર. તેમણે શ્રામણ્ય ધારણ કર્યું અને દેવે આપેલા ઘણા ત્રાસને સહન કરતા કરતા તે મોક્ષ પામ્યા. |
| ३. सुव्वय | ती.ग. | *सुव्रत* | સુવ્રત | છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભના પ્રથમ શિષ્ય. તે'સુજ્ઝાય' નામે પણ જાણીતા છે. |
| ४. सुव्वय | दे.ज. | *सुव्रत* | સુવ્રત | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| १. सुव्वया | श्र. | *सुव्रता* | સુવ્રતા | એક વિદુષી શ્રમણી, જે તેતલિપુર ગઈ હતી. સંસાર ત્યાગ કરીને દ્રૌપદી તેમની શિષ્યા બની હતી. |
| २. सुव्वया | ती. | *सुव्रता* | સુવ્રતા | તીર્થંકર ધર્મ(૩)ની માતા. |
| सुसढ | क. | *सुसढ* | સુસઢ | સુજ્ઞશ્રીનો પુત્ર. સંયમપાલનમાં બેદરકાર હોવાના કારણે તેને જન્મ-મરણના ચક્રમાં ભમવુ પડ્યુ. |
| सुसमण | अ. | *सुशमन* | સુશમન | સુસમા આરામાં ચાર પ્રકારના અસ્તિત્વ ધરાવતા લોકોમાંનો એક પ્રકાર. કહે છે કે આ પ્રકારના લોકો કોમળ પ્રકૃતિવાળા, નમ્ર, કષાયરહિત હોય છે. |
| सुसमदुस्समा | स. | *सुषमदुष्षमा* | સુષમદુષ્ષમા | જુઓ સુસમદૂસમા. |
| सुसमदूसमा | स. | *सुषमदुष्षमा* | સુષમદુષ્ષમા | અવસર્પિણીનો ત્રીજો અને ઉત્સર્પિણીનો ચોથો આરો. તેનો કાળ બે કોટાકોટિ સાગરોપમવર્ષ છે. |
| सुसमसुसमा | स. | *सुषमसुषमा* | સુષમસુષમા | અવસર્પિણીનો પહેલો અને ઉત્સર્પિણીનો છઠ્ઠો આરો. તેનો કાળ ચાર કોટાકોટિ સાગરોપમવર્ષ છે. આ અરમાં દસ જાતના કલ્પવૃક્ષો પ્રગટ થાય છે. |
| सुसमा | स. | *सुषमा* | સુષમા | અવસર્પિણીનો બીજો અને ઉત્સર્પિણીનો પાંચમો આરો. તેનો કાળ  કોટાકોટિ સાગરોપમ વર્ષનો છે. તેમાં દસ લાભકારક વસ્તુ હોય છે - અકાલ વર્ષા નો અભાવ વગેરે. આ આરામાં જ પ્રકારના લોકો હોય છે- એક, પૌરજંઘ, કુસુમ અને સુસમણ. |

| | | | | |
|---|---|---|---|---|
| सुसमारपुर | ऐ. | सुसमारपुर | સુસમારપુર | તીર્થંકર મહાવીર આ નગરમાં આવ્યા હતા અને ત્યાં આવેલા અસોગવન ઉદ્યાનમાં એક રાત્રિ ધ્યાન કર્યું હતું. આ અને સુંસુમારપુર એક છે. |
| सुसर | दे.भौ. | सुस्वर | સુસ્વર | બ્રહ્મલોકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ દસ સાગરોપમ વર્ષ છે. |
| सुसागर | दे.भौ. | सुसागर | સુસાગર | સૌધર્મમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમ વર્ષ છે. |
| सुसामाण | दे.भौ. | सुसामान | સુસામાન | સામાણ(૧) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुसाल | दे.भौ. | सुशाल | સુશાલ | સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમ વર્ષ છે. |
| सुसिर | दे.भौ. | सुषिर | સુષિર | આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૯ સાગરોપમ વર્ષ છે. |
| १. सुसीमा | ती. | सुसीमा | સુસીમા | તીર્થંકર પદ્મપ્પભની માતા. |
| २. सुसीमा | श्र. | सुसीमा | સુસીમા | વાસુદેવ કૃષ્ણની આઠ મુખ્ય પત્નીઓમાંની એક. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી અને તે મોક્ષ પામી. |
| ३. सुसीमा | भौ. | सुसीमा | સુસીમા | મહાવિદેહના વચ્છ(૬) પ્રદેશનું પાટનગર. |
| ४. सुसीमा | आ. | सुसीमा | સુસીમા | અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું પાંચમું અધ્યયન. |
| सुसुज्ज | दे.भौ. | सुसूर्य | સુસૂર્ય | સુજ્જ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सुसुणाअ | अ. | सुसुनाग | સુસુનાગ | સુદર્શનપુરના ગૃહસ્થ. તે સુજસા(૩)નો પતિ અને સુવ્વય(૨)નો પિતા હતો. |
| सुसुमार | ऐ. | सुसुमार | સુસુમાર | આ અને સુંસુમારપુર એક છે. |
| सुसूर | दे.भौ. | सुशूर | સુશૂર | વાય(૨) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાંચ સાગરોપમ વર્ષ છે. |
| १. सुसेण | च.अ. | सुसेण | સુસેણ | ચક્રવર્તી ભરતના લશ્કરનો સેનાપતિ. |
| २. सुसेण | अ. | सुसेण | સુસેણ | સાહંજણી નગરના રાજા મહચંદના મંત્રી. જુઓ સગડ(૨). |
| सुसेणा | भौ. | सुषेणा | સુષેણા | રક્તવતી નદીને મળતી પાંચ નદીઓમાંની એક. |
| सुस्सरणिग्घोसा | दे. | सुस्वरनिर्घोषा | સુસ્વરનિર્ઘોષા | જોઈસિય દેવોના ઇંદ્ર સૂરનો ઘંટ. |
| १. सुस्सरा | दे. | सुस्वरा | સુસ્વરા | ઉદહિકુમાર દેવોનો ઘંટ. |
| २. सुस्सरा | दे. | सुस्वरा | સુસ્વરા | જોઈસિય દેવોના ઇંદ્ર ચંદનો ઘંટ. |
| ३. सुस्सरा | आ. | सुस्वरा | સુસ્વરા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું એકત્રીસમું અધ્યયન. |
| ४. सुस्सरा | दे. | सुस्वरा | સુસ્વરા | ગીયરઈ અને ગીયજસ એ બેમાંથી દરેકની એક એક રાણીનું નામ. તે તેના પૂર્વભવમાં નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| सुह | अ. | सुह | સુહ | જુઓ સુહુમ. |

| | | | | |
|---|---|---|---|---|
| सुहणामा | स. | शुभनामा | શુભનામા | પખવાડિયાની પાંચમ, દસમ, પૂનમ અને અમાસ ની રાત. |
| १. सुहत्थि | श्र. | सुहस्तिन् | સુહસ્તિન્ | આચાર્ય સ્થૂલભદ્રના મુખ્ય શિષ્ય. તે વાસિટ્ઠ ગોત્રના હતા. શ્રમણસંઘના નાયક મહાગિરિએ જિનકલ્પ આચાર અંગીકાર કર્યો એટલે તેમના નાયકપણાની જવાબદારી સુહસ્તિ ઉપર આવી. સુહસ્તિને બાર શિષ્યો હતા. એક વાર તેમણે કૌશાંબીમાં એક ભિખારીને દીક્ષા આપી હતી. તે ભિખારી મરી ઉજ્જૈનીમાં સંપ્રતિ રાજા તરીકે જન્મ્યો. |
| २. सुहत्थि | भौ.दे. | सुहस्तिन् | સુહસ્તિન્ | ભદ્રશાલવનમાં આવેલો દિગ્હસ્તીકૂડ. તે જ નામની દેવી ત્યાં વસે છે. |
| ३. सुहत्थि | अ.ता. | सुहस्तिन् | સુહસ્તિન્ | રાજગૃહીમાં આવેલા ગુણસિલઅ ચૈત્યની નજીક રહેતા પરિવ્રાજક. |
| १. सुहम्म | ती.ग. | सुधर्म | સુધર્મ | તીર્થંકર મહાવીરના પાંચમાં ગણધર. તે કોલ્લાગ સંનિવેશના હતા. ધમ્મિલ્લ તેમના પિતા હતા અને ભદ્દિલા તેમની માતા હતી. તેમનું ગોત્ર અગ્નિ વેસાયણ હતું. પચાસ વર્ષની ઉંમરે તે તેમના પાંચસો શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બની ગયા. તેમને બાણુ વર્ષની ઉંમરે કેવલજ્ઞાન થયું અને સો વર્ષની ઉંમરે તે રાજગૃહીમાં મોક્ષ પામ્યા. |
| २. सुहम्म | ती.श्र. | सुधर्म | સુધર્મ | તીર્થંકર વાસુપુજ્જના પ્રથમ શિષ્ય. આ અને સુભૂમ(૨) એક છે. |
| ३. सुहम्म | श्र. | सुधर्म | સુધર્મ | મજ્ઝમિયા નગરના રાજા મેઘરથ(૨) પાસેથી ભિક્ષા ગ્રહણ કરનાર શ્રમણ. |
| ४. सुहम्म | दे. | सुधर्म | સુધર્મ | વાણિજ્યગામના દુતિપલાસ ઉદ્યાનમાં જેમનું ચૈત્ય આવેલું હતું તે યક્ષ. |
| ५. सुहम्म | दे. | सुधर्म | સુધર્મ | મૃગગામના ચંદનપાદપ ઉદ્યાનમાં જેમનું ચૈત્ય આવેલું હતું તે યક્ષ. |
| १. सुहम्मा | दे.अ. | सुधर्मा | સુધર્મા | શક્ર(૩)ની તેમજ બીજા સ્વર્ગીય ક્ષેત્રોના અન્ય ઇન્દ્રોની સભા. રાજપ્રસેણીય સૂત્ર તેની વિગતો આપે છે. |
| २. सुहम्मा | अ.च. | सुधर्मा | સુધર્મા | વાસુદેવ કૃષ્ણની સભા. |
| सुहविवाग | आ. | सुखविपाक | સુખવિપાક | વિપાકશ્રુતનો બીજો શ્રુતસ્કન્ધ. રાજગૃહી નગરના ગુણસિલઅ ચૈત્યમાં સુધર્મસ્વામી તેમના શિષ્ય જંબૂને તે કહ્યો હતો. તેમાં ૧૦ અધ્યયન છે. આ અધ્યયનો માં શ્રમણોને ભિક્ષા આપવાના કર્મનું ફળ વર્ણવવામાં આવ્યું છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सुहावह | भौ. | सुखावह | સુખાવહ | સિતોદા નદીની દક્ષિણે, મંદર પર્વતની પશ્ચિમે તથા નલિન અને નલિનાવઈ(૨) પ્રદેશોની વચ્ચે આવેલો એક વક્ષસ્કાર પર્વત. તેને ચાર શિખરો છે. |
| सुहुम | अ. | सूक्ष्म | સૂક્ષ્મ | ભરતક્ષેત્રના છઠ્ઠા ભાવિ કુલકર. તેમના 'સુણહ અને સુહ' નામો પણ છે. |
| सुहुमालिया | | सुकुमारिका | સુકુમારિકા | જુઓ સૂમાલિયા. |
| सूतकड | आ. | सूत्रकृत | સૂત્રકૃત | જુઓ સૂત્રકૃત્. |
| सूतगड | आ. | सूत्रकृत | સૂત્રકત | જુઓ સૂત્રકૃત્. |
| सुमालिया | क. | सुकुमारिका | સુકુમારિકા | જુઓ સુકુમાલિયા. |
| सूयकड | आ. | सूत्रकृत | સૂત્રકૃત | જુઓ સૂત્રકૃત્. |
| सूयगड | आ. | सूत्रकृत | સૂત્રકૃત | બાર અંગસૂત્રોમાંનો બીજુ અંગ સૂત્ર. તે સુત્તકડ, સૂત્રકૃત્, સૂતગડ અને સૂતકડ એમ વિવિધ નામોએ ઓળખાય છે. તે બે શ્રુતસ્કન્ધોમાં વિભક્ત છે. તેમાં કુલ ૨૩ અધ્યયનો છે. શ્રુતસ્કન્ધ ૧ માં સોળ અને બીજામાં સાત અધ્યયનો છે. પ્રથમ શ્રુત–સ્કન્ધના અધ્યયનો ગાહાસોલસઅ નામે પ્રસિદ્ધ છે અને બીજા શ્રુતસ્કન્ધના અધ્યયનો મહાધ્યયનો કહેવાય છે. જે શ્રમણને શ્રામણ્યપાલનના ચાર વર્ષ પૂરા થઈ ગયા હોય તેને આ અંગ ભણાવવાની અનુજ્ઞા છે. |
| सूयलि | भौ. | सूयलि | સૂયલિ | જુઓ ચૂલિય. |
| १. सूर | दे. | सूर्य | સૂર્ય | જોઈસિય દેવોનો ઇંદ્ર. તે શક્ર(૩)ના લોકપાલ સોમના આધિપત્ય નીચે છે. તે સૂરવડેંસઅ નામના સ્વર્ગીય મહેલમાં વસે છે. તેમને ચાર મુખ્ય પત્નીઓ છે. તેમનું ક્ષેત્ર પૃથ્વીથી આઠસો યોજન ઉપર આવેલું છે. જંબૂદ્વીપ ઉપર બે સૂર્ય છે, લવણસમુદ્ર ઉપર ચાર સૂર્ય છે, ધાતકીખંડ ઉપર બાર સૂર્ય છે, કાલોદધિ ઉપર ૪૨ સૂર્ય છે અને પુષ્કરવરદ્વીપના પ્રથમાર્ધ ઉપર ૭૨ સૂર્ય છે. |
| २. सूर | भौ. | सूर्य | સૂર્ય | જુઓ સૂરદીવ. |
| ३. सूर | भौ. | सूर्य | સૂર્ય | જુઓ સૂરોદ. |
| ४. सूर | ती. | सूर्य | સૂર્ય | ભરતક્ષેત્રના સત્તરમાં તીર્થંકર કુંથુ(૧)ના પિતા. |
| ५. सूर | भौ. | सूर्य | સૂર્ય | મહાવિદેહમાં મહાવપ્ર(૧) અને વપ્રાવતિ પ્રદેશો વચ્ચે આવેલો વક્ષસ્કાર પર્વત. તેને ચાર શિખરો છે. તેની એકતા સૂર્યપર્વત સાથે સ્થાપાઈ છે. |
| ६. सूर | दे.भौ. | सूर्य | સૂર્ય | એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૫ સાગરોપમ વર્ષ છે. તે વાય(૨) જેવું જ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ७. सूर | आ. | सूर्य | સૂર્ય | પુષ્પિકાનું બીજું અધ્યયન. |
| ८. सूर | | सूर्य | સૂર્ય | સૂર્ય પર્વતનું એક શિખર. |
| ९. सूर | आ. | सूर्य | સૂર્ય | દીર્ઘદશાનું બીજું અધ્યયન. વર્તમાનમાં તે પુષ્પિકાના બીજા અધ્યયનરૂપે ઉપલબ્ધ છે. |
| सूरकंत | दे.भौ. | सूर्यकांत | સૂર્યકાંત | સૂર(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरकूड | दे.भौ. | सूर्यकूट | સૂર્યકૂટ | સૂર(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरज्झय | दे.भौ. | सूर्यध्वज | સૂર્યધ્વજ | સૂર(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरदह | भौ. | सूर्यद्रह | સૂર્યદ્રહ | દેવકુરુમાં આવેલું સરોવર. સિતોદા નદી તેમાં થઈને પસાર થાય છે. |
| १. सूरदीव | भौ. | सूर्यद्वीप | સૂર્યદ્વીપ | જંબૂદ્વીપ વગેરેના સુરો(૧)ના (સૂર્યોના) દ્વીપો. તેઓ મંદર પર્વતની પશ્ચિમે જંબૂદ્વીપ વગેરેથી બાર હજાર યોજનના અંતરે આવેલા છે. |
| २. सूरदीव | भौ. | सूर्यद्वीप | સૂર્યદ્વીપ | સૂરોદ સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. |
| सूरदेव | ती. | सूर्यदेव | સૂર્યદેવ | ભરત ક્ષેત્રના બીજા ભાવિ તીર્થંકર તેમજ સુપાર્શ્વ(૭), સૂરાદેવ(૨)નો ભાવિ જન્મ. |
| सूरपण्णत्ति | आ. | सूर्यप्रज्ञप्ति | સૂર્યપ્રજ્ઞપ્તિ | અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. તેનો કાલિક આગમસૂત્ર તરીકે પણ ઉલ્લેખ છે. તે જ્યોતિષ–શાસ્ત્ર યા ખગોળશાસ્ત્રનું નિરૂપણ કરે છે. તેમાં વીસ પાહુડ છે. |
| सूरपव्वय | भौ. | सूर्यपर्वत | સૂર્યપર્વત | મંદર પર્વતની પશ્ચિમે, સિતોદા નદીની ઉત્તરે તેમજ મહાવપ્ર(૧) અને વપ્રાવઈ(૧) પ્રદેશોની વચ્ચે આવેલો એક વક્ષસ્કાર પર્વત. તેને ચાર શિખરો છે. આ અને સૂર(૬) એક છે. |
| १. सूरप्पभ | दे.भौ. | सूर्यप्रभ | સૂર્યપ્રભ | સૂર(૬) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| २. सूरप्पभ | दे. | सूर्यप्रभ | સૂર્યપ્રભ | સૂરપ્પભા(૧)નું સ્વર્ગીય સિંહાસન. |
| ३. सूरप्पभ | ती.अ. | सूर्यप्रभ | સૂર્યપ્રભ | આ અને સૂરપ્પભા(૩) એક છે. |
| १. सूरप्पभा | दे. | सूर्यप्रभा | સૂર્યપ્રભા | સૂર્યની રાણી. તેના પૂર્વભવમાં તે શ્રેષ્ઠિપુત્રી હતી. |
| २. सूरप्पभा | आ. | सूर्यप्रभा | સૂર્યપ્રભા | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના સાતમા વર્ગનું પહેલું અધ્યયન. |
| ३. सूरप्पभा | ती.अ. | सूर्यप्रभा | સૂર્યપ્રભા | તીર્થંકર શ્રેયાંસે સંસારત્યાગના પ્રસંગે ઉપયોગમાં લીધેલી પાલખી. |
| सूरलेस्स | दे.भौ. | सूर्यलेश्य | સૂર્યલેશ્ય | સૂર(૭) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरवडेंसअ | दे.भौ. | सूर्यावतंसक | સૂર્યાવતંસક | સૂર(૧) જ્યાં વસે છે તે સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरवण्ण | दे.भौ. | सूर्यवर्ण | સૂર્યવર્ણ | સૂર(૭) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरवर | भौ. | सूर्यवर | સૂર્યવર | જુઓ સૂરવરસમુદ્ર. |
| सूरवरदीव | भौ. | सूर्यवरद्वीप | સૂર્યવરદ્વીપ | સૂરોદ સમુદ્રને ઘેરીને રહેલ વલયાકાર દ્વીપ અને તે દ્વીપને ઘેરીને વલયાકાર સૂરવર સમુદ્ર આવેલો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सूरवरभासोद | भौ. | सूर्यवरभासोद | સૂર્યવરભાસોદ | જુઓ સૂર્યવરોભાસસમુદ્ર. |
| सूरवरसमुद्द | भौ. | सूर्यवरसमुद्र | સૂર્યવરસમુદ્ર | સૂરવરદ્વીપને ઘેરીને આવેલો વલયાકાર સમુદ્ર અને તે સમુદ્રને ઘેરીને વલયાકાર સુરવરોભાસદીવ આવેલો છે. |
| सूरवरोभासदीव | भौ. | सूर्यवरावभासद्वीप | સૂર્યવરાવભાસદ્વીપ | સૂરવરોભાસસમુદ્ર વડે ઘેરાયેલો વલયાકાર દ્વીપ. આ વલયાકારદ્વીપ સુરવરસમુદ્રને ઘેરીને રહેલો છે. |
| सूरवरोभाससमुद्द | भौ. | सूर्यवरावभाससमुद्र | સૂર્યવરાવભાસ-સમુદ્ર | સૂરવરોભાસદીવને ઘેરીને આવેલો વલયાકાર સમુદ્ર. તે સમુદ્ર પોતે દેવદ્વીવ વલયાકાર દ્વીપથી ઘેરાયેલો છે. |
| सूरविमाण | दे.ज. | सूर्यविमान | સૂર્યવિમાન | જ્યોતિષ્ક દેવોનું હવાઈ જહાજ તેમજ વાસસ્થાન. તે ૪૮/૬૧ યોજન લાંબુ અને ૨૪/૬૧ યોજન પહોળું છે. તેનો પરિઘ તેની લંબાઈ કરતા ત્રણ ગણાથી કંઈક વધારે છે. ત્યાં વસતા દેવો અને દેવીઓનું જઘન્ય આયુષ્ય પલ્યોપમ વર્ષોનો ચોથો ભાગ છે જ્યારે દેવોનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમ અને એક હજાર વર્ષ છે તથા દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય અર્ધો પલ્યોપમ અને પાંચસો વર્ષ છે. |
| सूरसिंग | दे.भौ. | सूर्यशृङ्ग | સૂર્યશૃઙ્ગ | સૂર(૭) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरसिट्ठ | दे.भौ. | सूर्यसृष्ट | સૂર્યસૃષ્ટ | સૂર(૭) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरसिरी | दे. | सूर्यश्री | સૂર્યશ્રી | ચક્રવર્તી અરની પટરાણી. |
| १. सूरसेण | ती. | शूरसेन | શૂરસેન | ઐરાવત ક્ષેત્રના તેરમા ભાવિ તીર્થંકર. |
| २. सूरसेण | ऐ.भौ. | शूरसेन | શૂરસેન | જેનું પાટનગર મથુરા(૧) હતું તે એક આર્ય દેશ. |
| सूरस्सअग्गमहिसी | आ. | सूर्यस्यअग्रमहिषी | સૂર્યસ્યઅગ્રમહિષી | જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધનો આઠમો વર્ગ. તે વર્ગમાં ચાર અધ્યયનો છે. |
| सूराभ | दे.भौ. | सूर्याभ | સૂર્યાભ | એક લોકાંતિક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં 'તુસિય' દેવો વસે છે. તે અચ્ચિ જેવું જ છે. |
| सूरावत्त | दे.भौ. | सूर्यावर्त | સૂર્યાવર્ત | સૂર(૭) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| सूरिअ | दे.ज. | सूर्य | સૂર્ય | જુઓ સૂર(૧). |
| सूरिआवत्त | भौ. | सूर्यावर्त | સૂર્યાવર્ત | મંદર પર્વતનું એક નામ. |
| सूरिआवरण | भौ. | सूर्यावरण | સૂર્યાવરણ | મંદર પર્વતનું એક નામ. |
| सूरिय | दे.ज. | सूर्य | સૂર્ય | જુઓ સૂર(૧). |
| सूरियकंत | क. | सूर्यकान्त | સૂર્યકાન્ત | સેયવિયા નગરના રાજા પ્રદેશી અને તેમની રાણી સૂર્યકાંતાનો પુત્ર. |
| सूरियकंता | क. | सूर्यकान्ता | સૂર્યકાન્તા | સેયવિયા નગરના રાજા પ્રદેશીની પત્ની. |
| सूरियपण्णत्ति | आ. | सूर्यप्रज्ञप्ति | સૂર્યપ્રજ્ઞપ્તિ | જુઓ સૂરપ્રજ્ઞપ્તિ. |
| १. सूरियाभ | दे.भौ. | सूर्याभ | સૂર્યાભ | સૌધર્મ સ્વર્ગીય ક્ષેત્રમાં આવેલું સ્વર્ગીય |

| | | | | |
|---|---|---|---|---|
| **२. सूरियाभ** | दे. | *सूर्याभ* | સૂર્યાભ | સૂર્યાભ સ્વર્ગીય વાસસ્થાનના ઇંદ્ર. એકવાર તે પૃથ્વી ઉપર ઊતરી આવ્યા, તેમણે તીર્થંકર મહાવીરને વંદન કર્યા અને પછી નાટક ભજવ્યું. તે પોતાના પૂર્વભવમાં પ્રદેશી રાજા હતા. |
| **सूरुत्तरवडिंसअ** | दे.भौ. | *सूर्योत्तरावतंसक* | સૂર્યોત્તરાવતંસક | સૂર(૭) જેવું જ સ્વર્ગીય વાસસ્થાન. |
| **सूरोद** | भौ. | *सूर्योद* | સૂર્યોદ | સૂરદીવને ઘેરીને આવેલો વલયાકાર સમુદ્ર. આ સમુદ્ર પોતે વલયાકાર સૂરવરદીવથી ઘેરાયેલો છે. |
| **१. सूलपाणि** | दे. | *शूलपाणि* | શૂલપાણિ | ઇશાનેન્દ્રનું એક વિશેષણ. |
| **२. सूलपाणि** | दे.प्रा. | *शूलपाणि* | શૂલપાણિ | વર્ધમાન ગામમાં જેનું ચૈત્ય છે તે વાણમંતર દેવ. તે પૂર્વભવમાં શ્રેષ્ઠી ધનદેવનો ગાડા ખેંચતો બળદ હતો. મરીને વાણવ્યંતર દેવ થયો. આ દેવે ગામના લોકો અને તીર્થંકર મહાવીરને ઘણો ત્રાસ આપ્યો |
| **१. सेअ** | श्र. | *श्वेत / श्रेयस्* | શ્વેત / શ્રેયસ્ | આમલકપ્પા નગરના રાજા. ધારિણી તેમની રાણી હતી. શ્વેતને તીર્થંકર મહાવીરે દીક્ષા આપી હતી. |
| **२. सेअ** | दे. | *श्वेत / श्रेयस्* | શ્વેત / શ્રેયસ્ | દક્ષિણના કુહંડ વાણવ્યંતર દેવોના ઇંદ્ર. |
| **३. सेअ** | स.ज. | *श्वेत / श्रेयस्* | શ્વેત / શ્રેયસ્ | રાતદિવસના ત્રીસ મુહૂર્તમાંનું એક. તે 'સત્ત' નામે પણ જાણીતું છે. |
| **४. सेअ** | दे. | *श्वेत / श्रेयस्* | શ્વેત / શ્રેયસ્ | શક્રની સેવામાં રહેલા નૃત્ય દળનો નાયક. |
| **सेअंस** | स.अ. | *श्रेयांस* | શ્રેયાંસ | જુઓ સેજ્જંસ. |
| **सेंधव** | भौ. | *सैन्धव* | સૈન્ધવ | સિંધુ(૩) દેશના લોકો. |
| **सेज्जंभव** | श्र. | *शय्यम्भव* | શય્યમ્ભવ | આચાર્ય પ્રભવના મુખ્ય શિષ્ય તથા અનુગામી. તે રાજગૃહીના બ્રાહ્મણ હતા. તેમનું ગોત્ર વચ્છ(૪) હતું. પ્રભવના ઉપદેશથી બોધ પામ્યા અને પ્રભવના શિષ્ય બની ગયા. તેમને મનગ નામનો પુત્ર હતો. શય્યંભવ દશવૈકાલિકના કર્તા છે. |
| **१. सेज्जंस** | ती. | *श्रेयांस* | શ્રેયાંસ | વર્તમાન અવસર્પિણી માં જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં થયેલા અગિયારમાં તીર્થંકર. તે તેમના પૂર્વભવમાં 'દિન્ન'(૩) હતા. આ તીર્થંકર શ્રેયાંસ ઐરાવત ક્ષેત્રના તીર્થંકર યુક્તિસેનના સમકાલીન હતા. તે સીહપુરના રાજા વિષ્ણુ અને તેમની રાણી વિષ્ણુ ના પુત્ર હતા. તે ૨૧ લાખ વર્ષની ઉંમરે રાજા થયા. તેમણે ૩૬ લાખ વર્ષની ઉંમરે ૧૦૦૦ રાજા સાથે સહસ્રામ્રવન ઉદ્યાનમાં સંસાર ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું. બે મહિના પછી માઘ મહિનાના કૃષ્ણપક્ષ ની અમાસે તેમને કેવલજ્ઞાન થયું. |
| **२. सेज्जंस** | स. | *श्रेयांस* | શ્રેયાંસ | માર્ગશીર્ષ મહિનાનું અસામાન્ય નામ. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सेज्जंस | ती.श्रा. | श्रेयांस | શ્રેયાંસ | તીર્થંકર ઋષભના મુખ્ય ઉપાસક. તે ઋષભના પૌત્ર અને ચક્રવર્તી ભરતના પુત્ર હતા. બીજા મતે તે બાહુબલિના પૌત્ર અને સોમપ્રભના પુત્ર હતા. શ્રેયાંસને બોધિપ્રાપ્તિ થઈ અને તીર્થંકર ઋષભને જોઈને તેમને પોતાના પૂર્વભવો યાદ આવ્યા. તેમણે ગજપુરમાં તીર્થંકર ઋષભને શેરડીના રસથી પારણા કરાવ્યા. |
| ४. सेज्जंस | श्र. | श्रेयांस | શ્રેયાંસ | ચોથા વાસુદેવ ને ચોથા બલદેવ(૨)ના પૂર્વભવો સમુદ્રદત્ત(૨) અને અસોગલલિઅના ગુરુ. |
| ५. सेज्जंस | ती. | श्रेयांस | શ્રેયાંસ | ઐરાવત ક્ષેત્રના બારમા તીર્થંકર. તે ભરત ક્ષેત્રના તીર્થંકર વાસુપુજ્યના સમકાલીન હતા. |
| ६. सेज्जंस | ती. | श्रेयांस | શ્રેયાંસ | તીર્થંકર મહાવીરના પિતાનું બીજું નામ. જુઓ સિદ્ધાર્થ(૧). |
| सेणग | | सेनक | સેનક | શ્રેણિક(૨)નું બીજું નામ. |
| १. सेणा | श्र. | सेना | સેના | સ્થૂલભદ્રની બહેન અને આચાર્ય સંભૂઈવિજય(૪)ની સાત શિષ્યાઓમાંની એક. |
| २. सेणा | ती. | सेना | સેના | તીર્થંકર સંભવની માતા. |
| ३. सेणा | | सेना | સેના | રાજગૃહીના રાજા શ્રેણિક(૧)ની બહેન. તે વિદ્યાધરને પરણી હતી. |
| १. सेणिअ/सेणिय | ती. | श्रेणिक | શ્રેણિક | રાજગૃહીના રાજા. તીર્થંકર મહાવીરના સમકાલીન હતા. આગામી ઉત્સર્પિણીમાં તે તીર્થંકર મહાપદ્મ (૧૦) તરીકે જન્મ લેશે.શ્રેણિકનું બીજું નામ ભિંભિસાર હતું. તે રાજા પ્રસેણજિતના પુત્ર હતા. |
| २. सेणिय | क. | श्रेणिक | શ્રેણિક | રાજા જિતશત્રુ(૨૭)ના મંત્રીનો પુત્ર. તેના શરીરના કદરૂપા આકારની હાંસી ઊડાવી રાજાનો પુત્ર સુમંગલ(૩) તેને ત્રાસ આપતો હતો. આથી ધૃણા ઉપજવાથી તેણે સંસારનો ત્યાગ કર્યો. મરતી વખતે તેણે આવતા ભવમાં સુમંગલનું વેર લેવાનો સંકલ્પ કર્યો. પછીના જન્મમાં તે રાજકુમાર કૂણિક થયો જ્યારે સુમંગલ રાજા શ્રેણિક(૧) થયો. શ્રેણિક(૨) સેણગ તરીકે પણ જાણીતો છે. |
| सेत्तुंज | भौ.ऐ. | शत्रुञ्जय | શત્રુંજય | આ અને શત્રુંજય એક છે. |
| सेत्तुंजअ | ऐ.भौ. | शत्रुञ्जय | શત્રુંજય | આ અને શત્રુંજય પર્વત એક છે. |
| सेत्तुंजपव्वय | ऐ.भौ. | शत्रुञ्जयपर्वत | શત્રુંજયપર્વત | આ અને શત્રુંજય પર્વત એક છે. |
| सेय | श्र. | श्वेत | શ્વેત | જુઓ 'સેઅ'. |
| सेयंकर | दे.ज. | श्रेयस्कर | શ્રેયસ્કર | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| सेयंस | ती. | श्रेयांस | શ્રેયાંસ | જુઓ સેજ્જંસ. |

| | | | | |
|---|---|---|---|---|
| सेयकंठ | दे. | श्वेतकण्ठ | શ્વેતકણ્ઠ | ભવનપતિ દેવોના ઇંદ્ર ભૂતાનંદના વૃષભદળના સેનાપતિ. |
| सेयणय | अ.प्रा. | सेचनक | સેચનક | રાજા શ્રેણિકનો હાથી. તે જમાનામાં ઉત્તમ હાથી તરીકે તેનો ઉલ્લેખ છે. તેની પીઠ પર બેસી ફરવાનો દોહદ રાણી ધારિણીએ પૂર્ણ કર્યો હતો. શ્રેણીકે તે હાથી પોતાના પુત્ર હલ્લ(૩)ને ભેટ આપ્યો હતો. તે હાથી તેના પૂર્વજન્મમાં એક બ્રાહ્મણ હતો. |
| सेयपुर | ती.ऐ. | श्रेयस्पुर | શ્રેયસ્પુર | તીર્થંકર સુવિધિએ પ્રથમ ભિક્ષા ગ્રહણ કરી તે નગર |
| सेयभद्द | | श्वेतभद्र | શ્વેતભદ્ર | કૌશાંબી નગર પાસે આવેલા ચંદ્રોતરણ ઉદ્યાનમાં વસતો યક્ષ. |
| सेयविया | ऐ. | श्वेतविका | શ્વેતવિકા | આર્ય દેશ કેકયાર્દ્ધની રાજધાની. તેની ઉત્તર પૂર્વમાં મૃગવન ઉદ્યાન હતું. આ નગરમાં રાજા પ્રદેશી રાજ કરતા હતા. જ્યારે તીર્થંકર મહાવીર આ નગરમાં આવ્યા ત્યારે તે તેમને વંદન કરવા ગયેલા.હરિસ્સહ દેવ પણ આ નગરમાં ભ૦ મહાવીરને વંદન કરવા આવ્યા હતા. મારીઈ પોતાના એક પૂર્વભવમાં આ નગરમાં ભારદ્વાજ બ્રાહ્મણ તરીકે જન્મ્યા. નિહ્નવ આસાઢ આ નગરના પોલાસ ઉદ્યાનમાં રોકાયેલા . |
| सेयवी | ऐ. | श्वेतवी | શ્વેતવી | જુઓ સેયવિયા. |
| सेया | दे. | श्वेता | શ્વેતા | શક્ર(૩)ની આઠ રાણીઓમાંની એક. તેનું બીજું નામ સઈ(૧) હતું. |
| सेयासोय | ऐ. | श्वेताशोक | શ્વેતાશોક | કનગપુર નગરમાં આવેલું ઉદ્યાન. તેમાં વીરભદ્ર યક્ષનું ચૈત્ય હતું. |
| १. सेलअ | आ. | शैलक | શૈલક | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧નું અધ્યયન ૫. |
| २. सेलअ | दे. | शैलक | શૈલક | લવણસમુદ્રમાં આવેલા રયણદ્વીપના પૂર્વ દિશામાં આવેલા વનમાં વસતો યક્ષ. તે વનમાં તે યક્ષનું ચૈત્ય હતું. |
| ३. सेलअ | श्र. | शैलक | શૈલક | શેલગપુરના રાજા. પદ્માવતી(૪)ના પતિ અને મંડુઅના પિતા. પોતાના પાંચસો મંત્રીઓ સાથે તેમણે શ્રમણ સુક પાસે દીક્ષા લીધી. એકવાર તેમને રોગ થયો અને તેમના પુત્ર મંડુઅએ કરેલી સારવાર આદિથી તેમનો રોગ મટી ગયો. |
| सेलग | श्र. | शैलक | શૈલક | જુઓ સેલઅ(૩). |
| सेलगपुर | ऐ. | शैलकपुर | શૈલકપુર | જ્યાં રાજા સેલઅ(૩) રાજ કરતા હતા તે નગર. તેમાં સુભૂમિભાગા(૨) નામનું ઉદ્યાન હતું. આ નગરમાં થાવચ્ચાપુત્ત આવ્યા હતા. |
| सेलपाल | दे. | शैलपाल | શૈલપાલ | જુઓ સેલવાલ. |

| | | | | |
|---|---|---|---|---|
| सेलपुर | ऐ.भौ. | शैलपुर | શૈલપુર | તોસિલ દેશમાં આવેલું નગર. તેમાં 'ઈસિતલાગ' નામનું તળાવ હતું. ત્યાં લોકો ધાર્મિક ઉત્સવો ઊજવતા. આ અને તોસલિનગર અથવા તોસલિ એક જણાય છે. |
| सेलयय | अ. | शैलकक | શૈલકક | વચ્છ(૪) ગોત્રની એક શાખા. |
| सेलवाल | दे. | शैलपाल | શૈલપાલ | ધરણેન્દ્રના તેમજ ભૂતાનંદના લોકપાલનું નામ. |
| सेलवालअ | श्र.ता. | शैलपालक | શૈલપાલક | અન્ય સંપ્રદાયને માનનાર જે પાછળથી તીર્થંકર મહાવીરનો અનુયાયી બન્યો. |
| सेला | भौ.न. | शैला | શૈલા | શર્કરા નામની ત્રીજી નરકભૂમિનું બીજું નામ. |
| सेलेसी | आ. | शैलेशी | શૈલેશી | ભગવતીના સત્તરમા શતકનો ત્રીજો ઉદ્દેશક. |
| सेलोदाइ | श्रा.ता. | शैलोदायिन् | શૈલોદાયિન્ | રાજગૃહીનો અન્યમતવાદી જે પાછળથી તીર્થંકર મહાવીરનો અનુયાયી બન્યો. |
| सेल्लणंदिराय | अ. | शैल्यनन्दिराज | શૈલ્યનન્દિરાજ | ચંપામાં રહેતો રાજકુમાર. દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા તેને નિમંત્રણ મોકલવામાં આવ્યું હતું. |
| सेल्लार | अ. | शिलाकार | શિલાકાર | એક આર્ય ઔદ્યોગિક મંડળ. |
| सेवालभक्खि | अ.ता. | शैवालभक्षिन् | શૈવાલભક્ષિન્ | શેવાળ ખાઈને જીવનારા ગંગાતટવાસી વાનપ્રસ્થ તાપસો. |
| सेवालोदाइ | श्रा.ता. | शैवालोदायिन् | શૈવાલોદાયિન્ | એક અન્યમતવાદી જે પાછળથી તીર્થંકર મહાવીરનો અનુયાયી બન્યો. |
| सेसमइ | च. | शेषमति | શેષમતિ | આ અને સેસવતિ (૨) એક છે. |
| १. सेसवइ | ती.अ. | शेषवती | શેષવતી | જમાલિ(૧) અને પિયદંસણાની પુત્રી અને તીર્થંકર મહાવીરની દૌહિત્રી. જસવઈ(૨)નું બીજું નામ. |
| २. सेसवइ | च. | शेषवती | શેષવતી | સાતમા વાસુદેવ દત્ત(૨)ની માતા. |
| ३. सेसवइ | दे. | शेषवती | શેષવતી | દક્ષિણ રુચક પર્વતના દિવાચર શિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી. |
| सेसवती | दे. | शेषवती | શેષવતી | જુઓ સેસવઈ. |
| सोगंधिय | भौ.न. | सौगन्धिक | સૌગન્ધિક | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો આઠમો ભાગ |
| सोगंधिया | ऐ. | सौगन्धिका | સૌગન્ધિકા | પરિવ્રાજક સુઅની પ્રવૃત્તિનું કેન્દ્ર આ નગર હતું. તેમનો ભક્ત સુદર્શન(૧૦) આ નગરનો હતો. |
| सोगरिअ | अ. | शौकरिक | શૌકરિક | ભૂંડનો શિકાર કરતા શિકારીઓની કોમ. આ કોમ ખાવા માટે બીજા પ્રાણીઓનો વધ પણ કરતી. આ કોમના સભ્યોને દીક્ષા માટે અયોગ્ય ગણેલા છે. |
| सोत्तिय | अ.ता. | श्रोत्रिय | શ્રોત્રિય | હોમ–હવન–યજ્ઞ કરતા વાનપ્રસ્થોનો વર્ગ. |
| सोत्तिगवइ | | शुक्तिकावती | શુક્તિકાવતી | ચેદિ નામના આર્ય દેશની રાજધાની. આ અને સુક્તિમતિ એક છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सोत्थिअ | दे.ज. | स्वस्तिक | સ્વસ્તિક | જુઓ સોત્થિય(૧). |
| १. सोत्थिय | दे.ज. | स्वस्तिक | સ્વસ્તિક | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| २. सोत्थिय | भौ. | स्वस्तिक | સ્વસ્તિક | પશ્ચિમરુચકપર્વતનું શિખર. ઈલાદેવી ત્યાં વસે છે. |
| ३. सोत्थिय | दे.भौ. | स्वस्तिक | સ્વસ્તિક | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| ४. सोत्थिय | दे. | सुस्थित | સુસ્થિત | લવણસમુદ્રનો અધિષ્ઠાતા દેવ. તે અને સુસ્થિત (૩) એક છે. |
| सोत्थियकंत | दे.भौ. | स्वस्तिककान्त | સ્વસ્તિકકાન્ત | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियकूड | दे.भौ. | स्वस्तिककूट | સ્વસ્તિકકૂટ | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियज्झय | दे.भौ. | स्वस्तिकध्वज | સ્વસ્તિકધ્વજ | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियपभ | दे.भौ. | स्वस्तिकप्रभ | સ્વસ્તિકપ્રભ | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियलेस्स | दे.भौ. | स्वस्तिकलेश्य | સ્વસ્તિકલેશ્ય | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियवण्ण | दे.भौ. | स्वस्तिकवर्ण | સ્વસ્તિકવર્ણ | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियसिंग | दे.भौ. | स्वस्तिकशृङ्ग | સ્વસ્તિકશૃઙ્ગ | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियसिट्ठ | दे.भौ. | स्वस्तिकशिष्ट | સ્વસ્તિકશિષ્ટ | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थियावत्त | दे.भौ. | स्वस्तिकावर्त | સ્વસ્તિકાવર્ત | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोत्थुत्तरवडिंसग | दे.भौ. | स्वस्तिकोत्तरा–वतंसक | સ્વસ્તિકોત્તરા-વતંસક | એક સ્વર્ગીય વાસસ્થાન. |
| सोदामणी | दे. | सौदामिनी | સૌદામિની | જુઓ સોયામણી. |
| सोदामि | दे. | सौदामिन् | સૌદામિન્ | ઇંદ્ર ચમરના હયદળનો સેનાપતિ. |
| सोदास | क. | सौदास | સૌદાસ | માંસ ખાવાનો શોખીન રાજા. તે નરમાંસ પણ છોડતો ન હતો. |
| सोपारग | ऐ.भौ. | सोपारक | સોપારક | જુઓ સોપારય. |
| सोपारय | ऐ.भौ. | सोपारक | સોપારક | દરિયાકિનારે આવેલું નગર. ત્યાં રાજા સીહગિરિ (૨) રાજ કરતા હતા. આર્ય વજ્રસેણ(૩) આ નગરમાં આવ્યા હતા. |
| सोप्पारअ(ग) | ऐ.भौ. | सोपारक | સોપારક | આ અને સોપારય એક છે. |
| १. सोम | दे. | सोम | સોમ | શક્રનો લોકપાલ. સંઝપ્પભ તેમનું વિમાન છે. સોમા(૭) તેમની રાજધાની છે. તેમના આધિપત્ય નીચે અનેક દેવો છે. તેમને ચાર રાણી છે. |
| २. सोम | दे. | सोम | સોમ | ઈશાનેન્દ્રનો લોકપાલ. તેને ચાર રાણીઓ છે. ઈશાનેન્દ્રના બાકીના ત્રણ લોગપાલોમાંના દરેકને આ જ નામો ધરાવતી ચાર ચાર મુખ્ય પત્નીઓ છે. |
| ३. सोम | दे. | सोम | સોમ | ચમરનો લોકપાલ. તેને ચાર રાણીઓ છે. |
| ४. सोम | दे. | सोम | સોમ | બલિ(૪)નો લોકપાલ. |
| ५. सोम | दे. | सोम | સોમ | મગસિર નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. |

| | | | | |
|---|---|---|---|---|
| ६. सोम | दे.ज. | सोम | સોમ | અઠ્યાસી ગ્રહમાંનો એક. |
| ७. सोम | अ. | सोम | સોમ | ચંપા નગરનો બ્રાહ્મણ. જે નાગશ્રીનો પતિ હતો. |
| ८. सोम | ती.ग. | सोम | સોમ | તીર્થંકરપાર્શ્વના આઠ ગણધરમાંના એક. |
| ९. सोम | च. | सोम | સોમ | ચોથા બલદેવ અને ચોથા વાસુદેવના પિતા. |
| १०. सोम | श्रा. | सोम | સોમ | વાણારસીનો બ્રાહ્મણ જેણે તીર્થંકર પાર્શ્વ પાસેથી શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા હતા. પછી તેણે પાર્શ્વનું અનુયાયીપણુ છોડી દીધું. પરંતુ જ્યારે એક દેવે તેને બોધ આપ્યો ત્યારે તે વળી પાછો પાર્શ્વના સંઘમાં દાખલ થયો. |
| ११. सोम | अ.दे. | सोम | સોમ | લોકપાલ સોમનું સિંહાસન. |
| १२. सोम | दे. | सोम | સોમ | પૂર્વ દિશાનો દેવ. |
| १३. सोम | श्र.प्र. | सोम | સોમ | તીર્થંકર મહાવીરના તીર્થમાં થયેલા ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| सोमकाइय | दे. | सोमकायिक | સોમકાયિક | શક્રના લોકપાલ સોમના આધિપત્ય નીચેના દેવોનો એક પ્રકાર. |
| १. सोमचंद | ती. | सोमचन्द्र | સોમચંદ્ર | વર્તમાન અવસર્પિણીમાં ઐરાવત ક્ષેત્રમાં થયેલા સાતમા તીર્થંકર. અભયદેવસૂરિ તેમનો ઉલ્લેખ શ્યામચંદ્ર નામે કરે છે. |
| २. सोमचंद | क.ता. | सोमचन्द्र | સોમચંદ્ર | પોતનપુરના રાજા. ધારિણી(૨૮) તેમની પત્ની હતી. માથામાં ધોળો વાળ જોઈ તેમને સંસાર પ્રત્યે ધૃણા થઈ અને તે દિશાપ્રોક્ષિક તાપસ બની ગયા. પ્રસન્નચંદ્ર તેમનો પુત્ર હતો. |
| सोमजसा | अ. | सोमयशा | સોમયશા | બ્રાહ્મણ યજ્ઞદત્તની પત્ની અને નારદની માતા. |
| १. सोमणस | दे.भौ. | सौमनस | સૌમનસ | ચોથુ ગ્રૈવેયક વિમાન. |
| २. सोमणस | ती.ऐ. | सौमनस | સૌમનસ | તીર્થંકર ધર્મએ જ્યાં ધર્મસીહ(૨) પાસેથી સૌ પ્રથમ ભિક્ષા ગ્રહણ કરી હતી તે સ્થળ. |
| ३. सोमणस | स. | सौमनस | સૌમનસ | પખવાડિયાની આઠમનો દિવસ. |
| ४. सोमणस | दे. | सौमनस | સૌમનસ | સોમનસ(૭) વિમાનનો વ્યવસ્થાપક દેવ. |
| ५. सोमणस | भौ. | सौमनस | સૌમનસ | મહાવિદેહમાં આવેલો વક્ષસ્કાર પર્વત. તે નિષધ પર્વતની ઉત્તરે, મંદર પર્વતની દક્ષિણપૂર્વે, મંગલાવતિ વિજયની પશ્ચિમે અને દેવકુરુની પૂર્વે આવેલો છે. તેનો અધિષ્ઠાતા દેવ સોમનસ છે. તેને સાત શિખરો છે. |
| ६. सोमणस | दे. | सौमनस | સૌમનસ | સોમનસ(૫) પર્વતના અધિષ્ઠાતા દેવ. |
| ७. सोमणस | भौ.दे. | सौमनस | સૌમનસ | ઈંદ્ર સનતકુમાર(૨)નું વિમાન. |

| | | | | |
|---|---|---|---|---|
| ८. सोमणस | भौ.दे. | सौमनस | સૌમનસ | સોમનસ(૫) પર્વતનું શિખર. સોમનસ(૬) દેવ અહીં વસે છે. |
| ९. सोमणस | भौ. | सौमनस | સૌમનસ | મંદર પર્વત ઉપર આવેલું વન. તે નંદનવન(૧) થી ઉપર તરફ ત્રેસઠ હજાર યોજનના અંતરે આવેલું છે. |
| १०. सोमणस | दे. | सौमनस | સૌમનસ | રુચક(૩)ના અધિષ્ઠાતા દેવ. |
| सोमणसवण | भौ. | सौमनसवन | સૌમનસવન | જુઓ સોમનસ(૯). |
| सोमणसभद्द | दे. | सौमनसभद्र | સૌમનસભદ્ર | નંદીશ્વર(૩)ના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. सोमणसा | स. | सौमनसा | સૌમનસા | પખવાડિયાની પાંચમની રાત્રિ. |
| २. सोमणसा | भौ. | सौमनसा | સૌમનસા | શક્રની રાણી સિવાની રાજધાની. રઈકરગ પર્વત ઉપર તે આવેલી છે. |
| ३. सोमणसा | भौ. | सौमनसा | સૌમનસા | જંબુસુદર્શન વૃક્ષનું બીજું નામ. |
| १. सोमदत्त | क. | सोमदत्त | સોમદત્ત | ચંપા નગરનો બ્રાહ્મણ. તે ભૂતશ્રીનો પતિ હતો તથા સોમ અને સોમભૂતિ(૪)નો ભાઈ હતો. |
| २. सोमदत्त | ती.अ. | सोमदत्त | સોમદત્ત | પદ્મખંડનો રહેવાસી. તીર્થંકર ચંદ્રપ્રભ(૧)ને સૌ પ્રથમ ભિક્ષા આપનાર તે હતા. |
| ३. सोमदत्त | अ. | सोमदत्त | સોમદત્ત | કૌશાંબી નગરના પુરોહિત. તે વસુદત્તાના પતિ અને બૃહસ્પતિદત્તના પિતા હતા. |
| ४. सोमदत्त | श्र. | सोमदत्त | સોમદત્ત | યજ્ઞદત્ત બ્રાહ્મણનો પુત્ર અને સોમદેવનો ભાઈ. બન્ને ભાઈઓએ શ્રમણ સોમભૂઈ(૩) પાસે દીક્ષા લીધી અને અન્નજળનો ત્યાગ કરી દેહ છોડ્યો. |
| ५. सोमदत्त | अ.ता. | सोमदत्त | સોમદત્ત | ચંપા નગરનો બ્રાહ્મણ. તીર્થંકર મહાવીરે એક ચોમાસુ તેની અગ્નિહોત્ર શાળામાં કર્યું હતું. |
| १. सोमदेव | ती.अ. | सोमदेव | સોમદેવ | બંભથલનો રહેવાસી. તીર્થંકર પદ્મપ્રભને તેણે સૌ પ્રથમ ભિક્ષા આપી હતી. |
| २. सोमदेव | अ. | सोमदेव | સોમદેવ | કૌશાંબી નગરના યજ્ઞદત્તનો પુત્ર અને સોમદત્ત (૫)નો ભાઈ. |
| ३. सोमदेव | श्र. | सोमदेव | સોમદેવ | દસપુરનો બ્રાહ્મણ. તે રુદ્રસોમાનો પતિ અને રક્ષિત તથા ફલ્ગુરક્ષિતનો પિતા હતો. તેણે પોતાના જ પુત્ર આચાર્ય રક્ષિત પાસે દીક્ષા ગ્રહણ કરી અને ક્રમશઃ નગ્નતા ધારણ કરી. |
| सोमदेवकाइय | दे. | सोमदेवकायिक | સોમદેવકાયિક | શક્રના લોકપાલ સોમના આધિપત્ય નીચેનો દેવ. |
| १. सोमप्पभ | अ. | सोमप्रभ | સોમપ્રભ | ગયપુરના રાજા, બાહુબલિના પુત્ર, શ્રેયાંસના પિતા |
| २. सोमप्पभ | भौ. | सोमप्रभ | સોમપ્રભ | આ નામના બે પર્વતો કુંડલવર દ્વીપમાં છે– ઉત્તર અને દક્ષિણમાં. દરેકને ચાર ચાર રાજધાનીઓ છે – સોમા, સોમપ્રભા, શિવપાગારા અને નલીચા. દક્ષિણની સોમ(૧) અને ઉત્તરની સોમ(૨)ની છે. |

| | | | | |
|---|---|---|---|---|
| सोमप्पभसेल | भौ. | सोमप्रभशैल | સોમપ્રભશૈલ | આ અને સોમપ્પભ(૨) એક છે. |
| सोमप्पभा | भौ. | सोमप्रभा | સોમપ્રભા | સોમ(૧)ની અને સોમ(૨)ની રાજધાની. વધુ વિગત માટે જુઓ સોમપ્પભ(૨). |
| १. सोमभूइ | अ. | सोमभूति | સોમભૂતિ | ચંપા નગરનો બ્રાહ્મણ. તે યક્ષસિરીનો પતિ અને સોમ(૭) તેમજ સોમદત્ત(૨)નો ભાઈ હતો. |
| २. सोमभूइ | श्र. | सोमभूति | સોમભૂતિ | સોમદત્ત અને સોમદેવને દીક્ષા આપનાર શ્રમણ. |
| ३. सोमभूइ | क. | सोमभूति | સોમભૂતિ | બારવઈના બ્રાહ્મણ સોમિલ(૧)નું બીજું નામ. |
| सोमभूति | अ. | सोमभूति | સોમભૂતિ | જુઓ સોમભૂઈ(૨). |
| सोममित्ता | अ. | सोममित्रा | સોમમિત્રા | તાપસ 'જણજસ'ની પત્ની. |
| सोमय | अ. | सोमज | સોમજ | કોચ્છ(૧) ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| सोमसिरी | अ. | सोमश्री | સોમશ્રી | બ્રાહ્મણ સોમિલની પત્ની અને સોમાની માતા. |
| १. सोमा | क. | सोमा | સોમા | બારવઈના બ્રાહ્મણ સોમિલ(૧) અને તેની પત્ની સોમસિરીની પુત્રી. જુઓ ગયસુકુમાલ(૧). |
| २. सोमा | श्र. | सोमा | સોમા | બહુપુત્રિકાનો ભાવિ ભવ. તે સોળ વર્ષમાં બત્રીસ બાળકોને જન્મ દેશે પછી તે દીક્ષા લેશે. મૃત્યુ પછી તે સૌધર્મ સ્વર્ગીય ક્ષેત્રમાં સામાનિક દેવ થશે અને છેવટે મહાવિદેહમાં મોક્ષ પામશે. |
| ३. सोमा | अ.च. | सोमा | સોમા | સિંધુદત્તની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. |
| ४. सोमा | ती.श्र. | सोमा | સોમા | તીર્થંકરપાર્શ્વની પરંપરાની શ્રમણી. તે ઉત્પલ ની બહેન હતી, કોરાગ સંનિવેશમાં તીર્થંકર મહાવીરના માર્ગમાં આવેલા વિઘ્નોને તેણે દૂર કર્યા હતા. |
| ५. सोमा | ती.श्र. | सोमा | સોમા | તીર્થંકર સુપાર્શ્વની પ્રથમ શિષ્યા. જુઓ જસા(૩) |
| ६. सोमा | दे. | सोमा | સોમા | શક્રના ચાર લોકપાલ સોમ(૧), જમ(૨), વરુણ (૧) અને વૈશ્રમણ(૯)માંના દરેકની એક એક રાણીનું નામ. |
| ७. सोमा | भौ. | सोमा | સોમા | શક્રના આધિપત્ય નીચેના લોકપાલ સોમ(૧) ની રાજધાની. જુઓ સોમપ્પભ(૨). |
| सोमालिआ | क. | सुकुमालिका | સુકુમાલિકા | જુઓ સૂમાલિયા. |
| १. सोमिल | क. | सोमिल | સોમિલ | બારવઈનો બ્રાહ્મણ. તે સોમશ્રીનો પતિ અને સોમા (૧)નો પિતા હતો. તે અને સોમભૂઈ(૪) એક છે. જુઓ ગયસુકુમાલ(૧). |
| २. सोमिल | अ. | सोमिल | સોમિલ | મજ્ઝિમા(૧)નો બ્રાહ્મણ. તેણે મોટો યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞમાં ઇંદભૂઈ વગેરે જેવા પ્રસિદ્ધ પંડિતો આવ્યા હતા. જ્યારે આ યજ્ઞ ચાલુ હતો ત્યારે તીર્થંકર મહાવીર મજ્ઝિમામાં આવ્યા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| ३. सोमिल | श्र. | सोमिल | સોમિલ | વાણિજ્યગામનો બ્રાહ્મણ. તેણે તીર્થંકર મહાવીરને કેટલાક પ્રશ્નો પૂછ્યા, તેનું સમાધાન થયું, તેણે ભo મહાવીર પાસે દીક્ષા લીધી અને તે મોક્ષ પામ્યો. |
| ४. सोमिल | आ. | सोमिल | સોમિલ | અંતકૃદ્દશાના દસ અધ્યયનોમાંનું ત્રીજું અધ્યયન. તે વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતું નથી. |
| ५. सोमिल | आ. | सोमिल | સોમિલ | ભગવતીના અઢારમા શતકનો દસમો ઉદ્દેશક. |
| ६. सोमिल | अ. | सोमिल | સોમિલ | ઉજ્જૈનીનો અંધ બ્રાહ્મણ. તેને ૮ પુત્રો અને ૮ પુત્ર વધૂઓ હતી. અંધત્વના કારણે તે અગ્નિમાં પડ્યો. |
| ७. सोमिल | अ. | सोमिल | સોમિલ | વાણારસીનો તાપસ બ્રાહ્મણ. તે અને સોમએક છે. |
| सोमिलिअ | अ. | सौमिलिक | સૌમિલિક | જેણે ઉપદ્રવી પડોશીને પાઠ ભણાવેલો તે શ્રેષ્ઠી. |
| सोयंधिय | भौ.न. | सौगन्धिक | સૌગન્ધિક | આ અને 'સોગંધિય' એક છે. |
| सोयरिअ | अ. | शौकरिक | શૌકરિક | આ અને 'સોગરિય' એક છે. |
| १. सोयामणी | दे. | सौदामिनी | સૌદામિની | રુચકપર્વત ઉપર વસતી મુખ્ય દિસાકુમારી. |
| २. सोयामणी | दे. | सौदामिनी | સૌદામિની | વિદ્યુતકુમારી મહત્તરિકા. તે અને સોદામની એક છે. |
| ३. सोयामणी | दे. | सौदामिनी | સૌદામિની | ધરણની દેવી. પૂર્વભવે વાણારસીની શ્રેષ્ઠીપુત્રી હતી |
| ४. सोयामणी | आ. | सौदामिनी | સૌદામિની | જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૨ વર્ગ ૩અધ્યયન ૩. |
| सोरट्ठ | भौ. | सौराष्ट्र | સૌરાષ્ટ્ર | જુઓ સુરાષ્ટ્ર. |
| १. सोरिक | भौ. | सौरिक | સૌરિક | આર્યદેશ કુશાર્તની રાજધાની. જમુના નદી કિનારે આવેલ છે. તેમાં સુરંબરના ચૈત્યો આદિ હતા. |
| २. सोरिय | आ. | सौरिक | સૌરિક | કર્મવિવાગદસાનું સાતમું અધ્યયન. |
| ३. सोरिय | दे. | सौरिक | સૌરિક | જેનું ચૈત્ય સોરિયપુરમાં આવેલું હતું તે યક્ષ. |
| १. सोरियदत्त | आ. | शौर्यदत्त | શૌર્યદત્ત | વિપાકશ્રુતના શ્રુતસ્કન્ધ ૧નું અધ્યયન ૮. |
| २. सोरियदत्त | क. | शौर्यदत्त | શૌર્યદત્ત | સોરિયપુરના માછીમાર સમુદ્રદત્તનો પુત્ર. ગળામાં માછલીનું હાડકું ફસાયું. વૈદ્યોએ તેને કાઢવા ઘણા પ્રયત્નો કર્યા, કાઢી ન શકાયું. તેને તીવ્ર પીડા થઈ અનેક રોગો થયા. નંદિપુરમાં તેણે તેના પૂર્વભવમાં શ્રીક રસોઈઆ તરીકે કરેલ પાપનું પરિણામ હતું. |
| सोरियवडेंसग | ऐ. | शौर्यावतंसक | શૌર્યાવતંસક | સોરિયપુરમાં આવેલું ઉદ્યાન. |
| सोरियायण | श्र.प्र. | शौर्यायन | શૌર્યાયન | અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| सोवत्थिअ | दे.ज. | सौवस्तिक | સૌવસ્તિક | ૮૮ ગ્રહમાંનો એક. આ સોત્થિયથી જુદો ગ્રહ છે. |
| सोवत्थिय | दे.ज. | सौवस्तिक | સૌવસ્તિક | આ અને સોવત્થિઅ તથા સોવત્થિયકૂડ એક છે. |
| सोवत्थियकूड | भौ. | स्वस्तिककूट | સ્વસ્તિકકૂટ | વિદ્યુત્પ્રભપર્વતનું શિખર ત્યાં બલાહકાદેવી વસે છે |
| सोवाग | अ. | श्वपाक | શ્વપાક | એક શૂદ્ર કોમ, જે કોમના શ્રમણ હરિકેસ હતા. |
| सोवीर | भौ. | सौवीर | સૌવીર | જ્યાં ઉદાયન(૧) રાજ કરતો હતો તે દેશ. આ દેશમાં શ્રમણો વારંવાર જતા. તે સિંધુનદી ઉપર આવેલો હોઈ તેને લોકો સિંધુસોવીર કહેતા. |

| | | | | |
|---|---|---|---|---|
| १. सोहम्म | दे.भौ. | सौधर्म | સૌધર્મ | પ્રથમ સ્વર્ગ. શક્ર તેનો ઇંદ્ર. તેમાં ૩૨લાખ વિમાન છે. જે ૧૩ પ્રસ્તરો પર વહેંચાયેલા છે. આ સ્વર્ગમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ વર્ષ છે અને ઉત્કૃષ્ટ આયુ બે સાગરોપમ વર્ષ છે. |
| २. सोहम्म | ती.ग. | सुधर्मन् | સુધર્મન્ | જુઓ સુધર્મ(૧). |
| सोहम्मकप्प | दे.भौ. | सौधर्मकल्प | સૌધર્મકલ્પ | આ અને સૌધર્મ(૧) એક છે. |
| सोहम्मवडिंसग(य) | दे.भौ. | सौधर्मावतंसक | સૌધર્માવતંસક | પ્રથમ સ્વર્ગમાં આવેલું વાસસ્થાન. ત્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ બે સાગરોપમ છે. શક્ર ત્યાં વસે છે. |
| सोहम्मवडेंसग(य) | दे.भौ. | सौधर्मावतंसक | સૌધર્માવતંસક | આ અને સૌધર્મવડિંસગ એક છે. |
| हंस | अ.ता. | हंस | હંસ | પર્વત, ખીણ, ખૂણા, આશ્રમ, ચૈત્ય કે વનમાં રહેતા અને કેવળ ભિક્ષાર્થે જ વસતીમાં કે ગામમાં આવતા હોય તે પ્રવ્રજિત શ્રમણો અને તેમના અનુયાયીઓ. |
| हंसगब्भ | भौ.न. | हंसगर्भ | હંસગર્ભ | રત્નપ્રભા નરકભૂમિના પ્રથમ કાંડનો છઠ્ઠો ભાગ. |
| हंसस्सरा | दे. | हंसस्वरा | હંસસ્વરા | સુવર્ણકુમાર દેવોનો ઘંટ. |
| हणुमंत | क. | हनुमत् | હનુમત્ | સુગ્રીવે હનુમંતને સીતાની શોધમાં મોકલ્યા,હનુમંત સમુદ્ર પાર કરી લંકાપુરી જઈ તેને બાળી નાખી. |
| हत्थ | दे.ज. | हस्त | હસ્ત | એક નક્ષત્ર, તેના અધિષ્ઠાતા દેવ 'સવિય' છે. તેનું ગોત્રનામ 'કોસિઅ'(૬) છે. |
| हत्थकप्प/हत्थप्प | ऐ. | हस्तकल्प | હસ્તકલ્પ | એક નગર. તે અને હસ્તિકલ્પ એક જણાય છે. |
| हत्थसीसणयर | ऐ. | हस्तशीर्षनगर | હસ્તશીર્ષનગર | જુઓ હસ્તીશીર્ષ. |
| हत्थिकण्ण | भौ.अ. | हस्तिकर्ण | હસ્તિકર્ણ | એક અંતરદ્વીવ અને તેના લોકો. |
| हत्थिकप्प | | हस्तिकल्प | હસ્તિકલ્પ | પંડવ શ્રમણો જ્યાં આવેલા તે નગર. ત્યાં તેમણે સાંભળ્યું કે તીર્થંકર અરિષ્ટનેમિ નિર્વાણ પામ્યા છે. |
| हत्थिणउर | ऐ. | हस्तिनापुर | હસ્તિનાપુર | જુઓ હસ્તિનાપુર. |
| हत्थिणाउर | ऐ. | हस्तिनापुर | હસ્તિનાપુર | ગયપુરનું બીજું નામ. તે આર્ય દેશ કુરુની રાજધાની હતી. ત્યાં સહસ્રામ્રવન નામનું ઉદ્યાન આવેલું હતું. |
| हत्थिणागपुर | ऐ. | हस्तिनागपुर | હસ્તિનાગપુર | આ અને હસ્તિનાપુર એક છે. |
| हत्थिणापुर | ऐ. | हस्तिनापुर | હસ્તિનાપુર | જુઓ હસ્તિનાપુર. |
| हत्थितावस | अ.ता. | हस्तितापस | હસ્તિતાપસ | હાથીમાંસ ખાઈ જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. આર્દ્રને એક હસ્તિતાપસ સાથે ચર્ચા થઈ હતી. |
| हत्थिपाल | क. | हस्तिपाल | હસ્તિપાલ | પાવામજ્ઝિમાના રાજા. તે તીર્થંકર મહાવીરના સમકાલીન હતા. |
| हत्थिभूति | श्र. | हस्तिभूति | હસ્તિભૂતિ | ઉજ્જેનીનો શ્રેષ્ઠિપુત્ર. તેણે પિતા સાથે સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય અંગિકાર કર્યું હતું. |
| हत्थिमित्त | श्र. | हस्तिमित्र | હસ્તિમિત્ર | ઉજ્જેનીનો શ્રેષ્ઠી.પુત્ર હસ્તિભૂતિ સાથે સંસારત્યાગી શ્રામણ્ય સ્વીકાર્યું. ક્ષુધાદુઃખ સહન કરી દેહ તજ્યો |
| हत्थिमुह | भौ.अ. | हस्तिमुख | હસ્તિમુખ | એક અંતરદ્વીવ અને તેના લોકો. |

| | | | | |
|---|---|---|---|---|
| हत्थिसीस | ऐ. | हस्तिशीर्ष | હસ્તિશીર્ષ | જે નગરની ઉત્તરપૂર્વે પુષ્પકરંડક ઉદ્યાન આવેલું હતું તે નગર. ત્યાં 'કયવણમાલપિય' યક્ષનું ચૈત્ય હતું. |
| हत्थुत्तरा | दे.ज. | हस्तोत्तरा | હસ્તોત્તરા | ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું બીજું નામ. ભ૦ મહાવીરના જીવનના પાંચે કલ્યાણકો આ નક્ષત્રમાં થયા છે. |
| हयकण्ण | भौ.अ. | हयकर्ण | હયકર્ણ | એક અંતરદીવ તેમજ એક અનાર્ય પ્રજા. |
| हयमुह | भौ.अ. | हयमुख | હયમુખ | એક અંતરદીવ તેમજ એક અનાર્ય પ્રજા. |
| हयसत्तु | अ. | हयशत्रु | હયશત્રુ | મુગ્ગસેલપુરનો રાજા. |
| हरकंता | भौ. | हरकान्ता | હરકાન્તા | આ અને હરિ(૬) એક છે. |
| १. हरि | अ. | हरि | હરિ | એક અજૈન સંપ્રદાય. |
| २. हरि | च. | हरि | હરિ | વાસુદેવ કૃષ્ણનું બીજું નામ. |
| ३. हरि | दे.ज. | हरि | હરિ | અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ . |
| ४. हरि | दे. | हरि | હરિ | દક્ષિણના વિદ્યુત્કુમાર દેવોના ઇંદ્ર. આલભિયામાં રોકાયેલા તીર્થંકર મહાવીરને તે વંદન કરવા આવેલા. તેમનું બીજું નામ હરિકંત(૧) પણ છે. |
| ५. हरि | दे. | हरि | હરિ | હરિણેગમેસિનું બીજું નામ. |
| ६. हरि | भौ. | हरित् | હરિત્ | જંબૂદ્વીપમાં મંદરપર્વતની દક્ષિણે વહેતી નદી. તે તિગિંછદ્રહ નામના સરોવરની દક્ષિણ બાજુમાંથી નીકળે છે, દક્ષિણ તરફ વહેતી તે કુંડમાં પડે છે. |
| १. हरिएस | अ. | हरिकेश | હરિકેશ | એક ચાણ્ડાલ કોમ. હરિએસબલ આ કોમના હતા. |
| २. हरिएस | अ. | हरिकेश | હરિકેશ | રાજગૃહી નગરનો માળી. |
| ३. हरिएस | आ. | हरिकेश | હરિકેશ | આ અને હરિએસિજ્જ એક છે. |
| हरिएसबल | श्र. | हरिकेशबल | હરિકેશબલ | હરિએસકોમના શ્રમણ. મયંગતીર જે મૃતગંગા નામે પણ જાણીતુ હતુ તે સ્થાનના રહેવાસી બલકોટ્ટ અને તેની પત્ની ગોરીના તે પુત્ર હતા. તે પ્રભાવક શ્રમણ હતા. તેની સેવામાં યક્ષદેવ રહેતા હતા. એક વાર બ્રાહ્મણોએ હરિકેસબલ નું અપમાન કર્યું ત્યારે યક્ષે તેના શરીરમાં પ્રવેશી બ્રાહ્મણને પાઠભણાવ્યો |
| हरिएसा | च. | हरिकेशा | હરિકેશા | ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧)ની પત્ની. |
| हरिएसिज्ज | आ. | हरिकेशीय | હરિકેશીય | ઉત્તરાધ્યયનનું બારમું અધ્યયન. |
| १. हरिकंत | दे. | हरिकान्त | હરિકાન્ત | આ અને હરિ(૪) એક છે. |
| २. हरिकंत | भौ. | हरिकान्त | હરિકાન્ત | મહાહિમવંત પર્વતનું શિખર. |
| हरिकंतदीव | भौ. | हरिकान्तद्वीप | હરિકાન્તદ્વીપ | હરિકંતપ્પવાયકુંડની મધ્યમાં આવેલો નાનો દ્વીપ. |
| हरिकंतप्पवायकुंड | भौ. | हरिकान्तप्रपातकुंड | હરિકાન્તપ્રપાત-કુણ્ડ | હરિકંતા નદીનો ધોધ પડતા બનેલ કુંડ. લંબાઈ – પહોળાઈ ૨૪૦ યોજન. પરિઘ ૭૫૯ યોજન છે. |
| हरिकंता | भौ. | हरिकान्ता | હરિકાન્તા | જંબૂદ્વીપની નદી. મહાપદ્મદ્રહ ની ઉત્તરેથી નીકળી હરિવાસક્ષેત્રમાં વહી પશ્ચિમ લવણસમુદ્રને મળે છે. |
| हरिकण्ण | भौ.अ. | हरिकर्ण | હરિકર્ણ | એક અંતરદ્વીપ અને તેમાં વસતી પ્રજા. આ અને 'હત્થિકણ્ણ' એક જણાય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| हरिकुलपहु | ती. | हरिकुलप्रभु | હરિકુલપ્રભુ | જે ભાવિ તીર્થંકર છે તે વાસુદેવ કૃષ્ણનું બીજું નામ. |
| १. हरिकूड | भौ. | हरिकूट | હરિકૂટ | વિદ્યુત્પ્રભ પર્વતનું શિખર. |
| २. हरिकूड | भौ. | हरिकूट | હરિકૂટ | જંબૂદ્વીપના નિષધ પર્વતનું શિખર. |
| ३. हरिकूड | भौ. | हरिकूट | હરિકૂટ | મહાહિમવંત પર્વતનું શિખર. |
| हरिक्कंत | दे. | हरिकान्त | હરિકાન્ત | હરિ(૪)નું બીજું નામ. |
| हरिगिरि | श्र.प्र. | हरिगिरि | હરિગિરિ | તીર્થંકરપાર્શ્વના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. |
| हरिचंद | क. | हरिचन्द्र | હરિચંદ્ર | કુરુચંદ અને તેમની પત્ની કુરુમઈ(૨)નો પુત્ર. |
| १. हरिचंदण | आ. | हरिचन्दन | હરિચન્દન | અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું આઠમું અધ્યયન. |
| २. हरिचंदण | श्र. | हरिचन्दन | હરિચન્દન | સાકેત નગરના શ્રેષ્ઠી. તેમણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી, વિપુલ પર્વતે તે મોક્ષ પામ્યા. |
| हरिणेगमेसि | दे. | हरिनैगमेषिन् | હરિનૈગમેષિન્ | શક્રના પાયદળના સેનાપતિ. તેમણે ભ૦ મહાવીર ના ગર્ભને દેવાનંદામાંથી ત્રિશલાની કૂક્ષીમાં મૂક્યો. દેવકીના જીવતા પુત્રો સુલસાના મૃતપુત્રોને સ્થાને મૂક્યા, મૃતપુત્રોને દેવકીપુત્રોને સ્થાને મૂકેલા. |
| हरिभद्द | श्र. | हरिभद्र | હરિભદ્ર | એક આચાર્ય જેમણે જિર્ણ થયેલ મહાનિશીથનો ઉદ્ધાર કર્યો, તે શ્રમણી યાકિનીના ધર્મપુત્ર હતા. તેમણે અનેક સૂત્રો તેમજ ટીકાસૂત્રો રચ્યા છે. |
| हरिय | भौ. | हरित | હરિત | એક આર્ય દેશ. |
| १. हरिवंस | अ. | हरिवंश | હરિવંશ | એક ઉદાત્ત વંશ. ૨૦મા તીર્થંકર મુનિસુવ્રત, ૨૨મા તીર્થંકર અરિષ્ટનેમિ આ વંશના હતા. ઐરાવતક્ષેત્ર ના તીર્થંકર અગ્નિસેન પણ આ જ વંશના હતા. |
| २. हरिवंश | अ. | हरिवंश | હરિવંશ | હરિવંસના રાજાના જીવન વૃત્ત જેમાં છે તેવો ગ્રંથ. |
| हरिवस्स | भौ. | हरिवर्ष | હરિવર્ષ | જુઓ હરિવાસ. |
| १. हरिवास | भौ. | हरिवर्ष | હરિવર્ષ | જંબૂદ્વીપનું ક્ષેત્ર. નિષધપર્વતની દક્ષિણે, મહાહિમ વંતપર્વતની ઉત્તરે છે. તેની પૂર્વેપશ્ચિમે લવણસમુદ્ર છે. વિસ્તાર રમ્યગ સમ. મધ્યે વિકટાવતિ પર્વત છે |
| २. हरिवास | भौ. | हरिवर्ष | હરિવર્ષ | મહાહિમવંત પર્વતનું તેમજ નિષધ પર્વતનું શિખર. |
| हरिवासकूड | भौ. | हरिवर्षकूट | હરિવર્ષકૂટ | આ અને હરિવાસ(૨) એક છે. |
| हरिवाहण | दे. | हरिवाहन | હરિવાહન | નંદીશ્વર દ્વીપના પશ્ચિમાર્ધનો અધિષ્ઠાતા દેવ. |
| हरिसह | दे. | हरिसह | હરિસહ | જુઓ હરિસ્સહ. |
| हरिसेण | च. | हरिषेण | હરિષેણ | ભરતક્ષેત્રના ૧૦મા ચક્રી. કંપિલ્લપુરના રાજા મહા–હરિ, રાણી મેરાના પુત્ર હતા. પત્ની 'દેવી' હતી. તેમની ઊંચાઈ પંદર ધનુષ. સંસાર તજી શ્રામણ્ય સ્વીકાર્યું, ૧૦૦૦૦ વર્ષની ઉંમરે તે મોક્ષ પામ્યા. |
| हरिस्सह | दे. | हरिस्सह | હરિસ્સહ | ઉત્તરના વિદ્યુત્કુમાર દેવોના ઇંદ્ર. સેયવિયા નગરમાં જ્યારે તીર્થંકર મહાવીર રોકાયા હતા ત્યારે તે તેમને વંદન કરવા ત્યાં ગયા હતા. |

| | | | | |
|---|---|---|---|---|
| हरिस्सहकूड | भौ. | हरिस्सहकूट | હરિસ્સહકૂટ | માલ્યવંત પર્વતનું શિખર. તેના અધિષ્ઠાતા દેવની રાજધાની હરિસ્સહા છે. |
| हरिस्सहा | भौ. | हरिस्सहा | હરિસ્સહા | હરિસ્સહકૂડના અધિષ્ઠાતા દેવની રાજધાની. |
| हलह(ध)र | च. | हलधर | હલધર | આ અને બલદેવ(૨) એક છે. |
| हलिदुग | ऐ. | हरिद्रक | હરિદ્રક | આ અને 'હલિદ્દ' એક છે. |
| हलिद्द | ऐ. | हरिद्र | હરિદ્ર | મહાવીર જ્યાં ગયેલા તે એક સંનિવેશ. |
| हलेदुत | ऐ. | हरिद्रक | હરિદ્રક | આ અને હલિદ્દ એક છે. |
| हलेदुअ/हलेदुक | ऐ. | हरिद्रक | હરિદ્રક | આ અને હલિદ્દ એક છે. |
| १. हल्ल | आ. | हल्ल | હલ્લ | અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૨ નું અધ્યયન ૬. |
| २. हल्ल | श्र. | हल्ल | હલ્લ | રાજગૃહી નગરના રાજાશ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. તેણે તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી, ૧૬ વર્ષના શ્રામણ્યપાલન પછી તે જયંત વિમાન માં દેવ તરીકે જન્મ્યા. ભવિષ્યમાં તે મહાવિદેહમાં જન્મશે અને ત્યાં જ મોક્ષ પામશે. |
| ३. हल्ल | क. | हल्ल | હલ્લ | રાજગૃહીનગરના રાજાશ્રેણિક અને રાણી ચેલ્લણાનો પુત્ર. શ્રેણિકે તેને સેચનક નામે હાથી ભેટ આપ્યો, હલ્લના મોટા ભાઈ કૂણિકે હલ્લને હાથી આપવા કહ્યું હલ્લે ઈન્કાર કર્યો, માતામહ રાજાચેટકના શરણે જતો રહ્યો. આ કારણે ચેટક અને કૂણિક વચ્ચે યુદ્ધ થયું. આવું જ તેના ભાઈ વિહલ્લ સાથે બન્યું. વિહલ્લને શ્રેણિકે ઉત્તમ કંઠહાર ભેટ આપ્યો હતો. હલ્લ(૨) અને હલ્લ (૩) એક જણાય છે. સંભવતઃ તેમની માતાના નામમાં કંઈક ભેળસેળ હોઈ શકેછે. |
| हस्स | दे. | हास्य | હાસ્ય | દક્ષિણ ક્ષેત્રના મહાકંદિય દેવોનો ઈંદ્ર. |
| हस्सरइ | दे. | हास्यरति | હાસ્યરતિ | ઉત્તરના મહાકંદિય દેવોનો ઈંદ્ર. |
| हार | आ. | हार | હાર | દોગિદ્ધિદસાનું આઠમું અધ્યયન. |
| हारद्दीव | भौ. | हारद्वीप | હારદ્વીપ | રુચકવરાવભાસ સમુદ્રને ઘેરી રહેલ વલયાકાર દ્વીપ આ દ્વીપને ઘેરીને રહેલો સમુદ્ર હારસમુદ્ર છે. હારભદ્ર અને હારમહાભદ્ર અહી અધિષ્ઠાતા દેવો છે |
| हारप्पभा | अ. | हारप्रभा | હારપ્રભા | ચંપા નગરના શ્રેષ્ઠી ધણની પુત્રી અને વસંતપુર ના જિણદત્તની પત્ની. તે અત્યંત રૂપાળી હતી. |
| हारभद्द | दे. | हारभद्र | હારભદ્ર | હારદ્વીવના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| हारमहाभद्द | दे. | हारमहाभद्र | હારમહાભદ્ર | હારદ્વીવના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. हारवर | दे. | हारवर | હારવર | હારસમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| २. हारवर | दे. | हारवर | હારવર | હારવરોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| ३. हारवर | भौ. | हारवर | હારવર | હારસમુદ્રને ઘેરીને રહેલો વલયાકાર દ્વીપ. આ દ્વીપ ને ઘેરીને હારવરોદ રહેલો છે. હારવરભદ્ર અને હારવરમહાભદ્ર બે હારવરના અધિષ્ઠાતા દેવો છે. |

| | | | | |
|---|---|---|---|---|
| हारवरभद्द | दे. | हारवरभद्र | હારવરભદ્ર | હારવર(૩) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| हारवरमहाभद्द | दे. | हारवरमहाभद्र | હારવરમહાભદ્ર | હારવર(૩) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| १. हारवरमहावर | दे. | हारवरमहावर | હારવરમહાવર | હારસમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| २. हारवरमहावर | दे. | हारवरमहावर | હારવરમહાવર | હારવરોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક. |
| हारवरावभास | भौ. | हारवरावभास | હારવરાવભાસ | હારવરાવભાસોદ સમુદ્ર વડે ઘેરાયેલો વલયાકાર દ્વીપ. આ દ્વીપ હારવરોદ સમુદ્રને ઘેરે છે. હારવરાવ ભાસભદ્ર, હારવરાવભાસમહાભદ્ર તેના દેવો છે. |
| हारवरावभासभद्द | दे. | हारवरावभासभद्र | હારવરાવભાસભદ્ર | હારવરાવભાસદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાં એક. |
| हारवरावभास-महाभद्द | दे. | हारवरावभास–महाभद्र | હારવરાવભાસ-મહાભદ્ર | હારવરાવભાસદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાં એક. |
| हारवरावभासवर | दे. | हारवरावभासवर | હારવરાવભાસવર | હારવરાવભાસોદસમુદ્રના બે અધિષ્ઠાતાદેવોમાં એક |
| हारवरावभास-महावर | दे. | हारवरावभास–महावर | હારવરાવભાસ-મહાવર | હારવરાવભાસોદસમુદ્રના અધિષ્ઠાતા દેવોનો એક. |
| हारवरावभासोद | भौ. | हारवरावभासोद | હારવરાવભાસોદ | હારવરાવભાસ વલયાકાર દ્વીપને ઘેરીને રહેલો વલયાકાર સમુદ્ર. હારવરાભાસવર અને હારવરા–વભાસમહાવર બે સમુદ્રના અધિષ્ઠાતા દેવો છે. |
| हारवरोद | भौ. | हारवरोद | હારવરોદ | વલયાકાર હારવરદ્વીપને ઘેરીને રહેલો સમુદ્ર. જે હારવરાવભાસ વલયાકારદ્વીપ થી ઘેરાયેલો છે. હારવર–હારવરમહાવર(૨) અધિષ્ઠાતા દેવો છે. |
| हारसमुद्द | भौ. | हारसमुद्र | હારસમુદ્ર | વલયાકાર હારદ્વીવ દ્વીપને ઘેરીને રહેલો વલયાકાર સમુદ્ર. તે હારવરવલયાકારદ્વીપથી ઘેરાયેલ છે. હારવર અને હારવરમહાવર અધિષ્ઠાતા દેવો છે. |
| हारिय | अ. | हारित | હારિત | કોચ્છ ગોત્રની સાત શાખાઓમાંની એક. |
| हारोस | भौ.अ. | हारोष | હારોષ | એક અનાર્યદેશ, તેની પ્રજા. તેને અરોસ પણ કહેછે |
| हालाहला | अ.गो. | हालाहला | હાલાહલા | શ્રાવસ્તીનગરીની કુંભારણ. ગોસાલક–ઉપાસિકા. ગોસાલકને પોતાની કુંભારશાળામાં રાખ્યા. |
| हास | दे. | हास | હાસ | દક્ષિણના મહાકંદિય વાણવ્યંતર દેવોના ઇંદ્ર. |
| हासरइ | दे. | हासरति | હાસરતિ | ઉત્તરના મહાકંદિય વાણવ્યંતર દેવોના ઇંદ્ર. |
| १. हासा | दे. | हासा | હાસા | ઉત્તર રુચકપર્વતના વિજય નામે શિખર પર વસતી મુખ્ય દિસાકુમારી. આ અને 'આસા'(૧) એક છે. |
| २. हासा | दे. | हासा | હાસા | પંચશેલદ્વીપની અપ્સરા. યક્ષ વિદ્યુંન્માલીની બે પત્નીઓમાંની એક. જુઓ અનંગસેન અને પહાસા. |
| हिंगुसिव | ऐ. | हिङ्गुशिव | હિઙ્ગુશિવ | પાડલિપુત્ર નગરનું ચૈત્ય. એક માળીએ પોતાના મળમૂત્ર પર વ્યંતરદેવનું નામ આપી ચૈત્ય બાંધેલું. |
| हिंदुगदेस | भौ. | हिन्दुकदेश | હિન્દુકેશ | હિંદુગદેસની એકતા ભરત સાથે સ્થાપાય છે. |
| हिट्ठिमउवरिम-गेविज्जग | भौ.दे. | हिड्डिमउवरिम–गेविज्रग | હિટ્ઠિમ ઉવરિમ ગ્રૈવેયક | આ ગ્રૈવેયકના દેવોનું જઘન્ય આયુ ૨૪ સાગરોપમ, ઉત્કૃષ્ટ આયુ ૨૫ સાગરોપમ છે. જુઓ ગ્રૈવેયક. |
| हिट्ठिमगेविज्जग | भौ.दे. | हिड्डिमगेविज्रग | હિટ્ઠિમ ગ્રૈવેયક | નીચેનો ગ્રૈવેયક, તેના ૩ ભાગ – હિટ્ઠિમ હિટ્ઠિમ, હિટ્ઠિમમજ્ઝિમ, હિટ્ઠિમઉવરિમ. જુઓ ગ્રૈવેયક. |

| | | | | |
|---|---|---|---|---|
| हिट्ठिममज्झिम-गेविज्जग | भौ.दे. | हिट्ठिममज्झिम–गेविज्ञग | હિટ્ઠિમ મજ્ઝીમ ગ્રૈવેયક | આ ગ્રૈવેયકના દેવોનું દેવોનું જઘન્ય–ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે ૨૩ અને ૨૪ સાગરોપમ છે. જુઓ ગ્રૈવેયક |
| हिट्ठिमहिट्ठिम-गेविज्जग | भौ.दे. | हिट्ठिमहिट्ठिम–गेविज्ञग | હિટ્ઠિમ હિટ્ઠિમ ગ્રૈવેયક | આ ગ્રૈવેયકના દેવોનું દેવોનું જઘન્ય –ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે ૨૨ અને ૨૩ સાગરોપમ છે. જુઓ ગ્રૈવેયક |
| हिमचूल | दे. | *हिमचूल* | હિમચૂલ | એક દેવ. |
| हिमव | भौ. | *हिमवत्* | હિમવત્ | આ અને ચુલ્લહિમવંત એક છે. |
| १. हिमवं | भौ. | *हिमवत्* | હિમવત્ | પશ્ચિમ રુચક પર્વતનું એક શિખર. |
| २. हिमवं | भौ. | *हिमवत्* | હિમવત્ | આ અને ચુલ્લહિમવંત એક છે. |
| १. हिमवंत | भौ. | *हिमवत्* | હિમવત્ | મહાહિમવંતપર્વતનું શિખર. હેમવંતકૂડ સમાન છે. |
| २. हिमवंत | श्र. | *हिमवत्* | હિમવત્ | આચાર્ય સ્કંદિલના શિષ્ય, આર્ય નાગાર્જુનના ગુરુ |
| ३. हिमवंत | आ. | *हिमवत्* | હિમવત્ | અંતકૃદ્દશાના બીજા વર્ગનું ચોથું અધ્યયન. |
| ४. हिमवंत | श्र. | *हिमवत्* | હિમવત્ | અંધગવૃષ્ણી અને ધારિણીનો પુત્ર. ભ૦અરિષ્ટનેમિ પાસે શ્રામણ્ય સ્વીકાર્યું, શત્રુંજયપર્વતે મોક્ષ પામ્યા |
| ५. हिमवंत | भौ. | *हिमवत्* | હિમવત્ | આ અને ચુલ્લહિમવંત એક છે. |
| हिमवय | भौ. | *हैमवत* | હૈમવત | જુઓ હેમવંત. |
| हिमवयकूड | भौ. | *हैमवतकूट* | હૈમવતકૂટ | જુઓ હેમવંતકૂડ. |
| हिरण्णणाभ | अ. | *हिरण्यनाभ* | હિરણ્યનાભ | પદ્માવતીના પિતા. તે અરિષ્ટપુરના રાજા હતા. |
| हिरण्णवय | भौ. | *हैरण्यवत* | હૈરણ્યવત | જુઓ હૈરણ્યવંત(૪). |
| हिरिकूड | भौ. | *हरिकूट* | હરિકૂટ | આ અને હરિકૂડ(૩) એક છે. |
| हिरिम | दे. | *ह्रीम* | હ્રીમ | માતંગોથી પૂજાતો યક્ષ. તે આડંબર નામે જાણીતો છે |
| हिरिमिक्क | दे. | *हिरिमिक्क* | હિરિમક્ક | હિરિમેક્ક, હિરિમિક્ખ અને હિરિમ એક છે. |
| १. हिरी | दे. | *ह्री* | હ્રી | ઉત્તર રુચક(૧) પર્વતના અવરાજિઅ(૨) શિખર પર વસતી એક મુખ્ય દિસાકુમારી. |
| २. हिरी | दे. | *ह्री* | હ્રી | સૌધર્મકલ્પની દેવી. રાજગૃહીમાં મહાવીરને વંદન કરવા આવી. પૂર્વભવે રાજગૃહીની શ્રેષ્ઠીપુત્રી હતી, શ્રમણી પુષ્પચૂલાપાસે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. |
| ३. हिरी | दे. | *ह्री* | હ્રી | મહાપદ્મદ્રહ સરોવરની અધિષ્ઠાત્રિ દેવી. |
| ४. हिरी | आ. | *ह्री* | હ્રી | જ્ઞાતાધર્મકથા શ્રુતસ્કન્ધ ૨ વર્ગ ૫ અધ્યયન ૨૩ |
| ५. हिरी | दे. | *ह्री* | હ્રી | કિંપુરિસ દેવોના બે ઇન્દ્રો, તેની રાણીનું નામ. બન્ને રાણી પૂર્વભવે નાગપુરના શ્રેષ્ઠીની પુત્રી હતી. |
| ६. हिरी | आ. | *ह्री* | હ્રી | પુષ્પચૂલા(૪)નું બીજું અધ્યયન. |
| हुआसण | दे. | *हुताशन* | હુતાશન | જુઓ હુયાસણ(૨). |
| हुतासण | दे. | *हुताशन* | હુતાશન | જુઓ હુયાસણ(૨). |
| हुंडि | क. | *हुण्डिन्* | હુણ્ડિન્ | જુઓ હુંડિઅ. |
| हुंडिअ | क. | *हुण्डिक* | હુણ્ડિક | મથુરા નગરનો ચોર. મૃત્યુ પછી યક્ષ રુપે જન્મ્યો. |
| हुंपउट्ठ | अ.ता. | *हुंपउट्ठ* | હુંપઉટ્ઠ | જુઓ હુંબઉટ્ઠ. |
| हुंबउट्ठ | अ.ता. | *हुंबउट्ठ* | હુંબઉટ્ઠ | કમંડળ સાથે રાખનાર વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |
| हुंवउट्ठ | अ.ता. | *हुंवउट्ठ* | હુંવઉટ્ઠ | જુઓ હુંબઉટ્ઠ. |

| | | | | |
|---|---|---|---|---|
| हुयवहरत्था | ऐ. | हुतवहरथ्या | હુતવહરથ્યા | મથુરા નગરની એક શેરી. ઉનાળામાં એટલી ગરમ થઈ કે તેમાં પ્રવેશવાની કોઈ હિંમત કરતુ ન હતુ. |
| १. हुयासण | क. | हुताशन | હુતાશન | પાડલિપુત્ત નગરનો બ્રાહ્મણ. તેની પત્ની જલન શિખા. તેમને જલણ નામે પુત્ર હતો. જુઓ ડહણ. |
| २. हुयासण | दे. | हुताशन | હુતાશન | વાણવ્યંતર દેવ જેનું ચૈત્ય માહેશ્વરી નગરમાં હતું. |
| हूण | भौ.अ. | हूण | હૂણ | એક અનાર્યદેશ, અને તેની પ્રજા. |
| हेउवाय | आ. | हेतुवाद | હેતુવાદ | દષ્ટિવાદનું બીજું નામ. |
| हेट्ठिमउवरिमगेविज्ज | भौ.दे. | हेट्ठिमउवरिमगेविज्ञ | હિટ્ઠિમઉવરિમગ્રૈo | આ અને હિટ્ઠિમઉવરિમગ્રૈવેયક એક છે. |
| हेट्ठिममज्झिमगेविज | भौ.दे. | हेट्ठिममज्झिमगेविज | હિટ્ઠિમમજ્ઝીમગ્રૈ | આ અને હિટ્ઠિમમજ્ઝિમગ્રૈવેયક એક છે. |
| हेट्ठिमहेट्ठिमगेविज्ज | भौ.दे. | हेट्ठिमहेट्ठिमगेविज्ञ | હિટ્ઠિમહિટ્ઠિમગ્રૈo | આ અને હિટ્ઠિમહિટ્ઠિમગ્રૈવેયક એક છે. |
| हेमकुमार | क. | हेमकुमार | હેમકુમાર | હેમપુરિસ નગરના હેમકૂડ રાજાનો પુત્ર. તેને બળજબરીથી પાંચસો કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો હતો અને તે અતિ ભોગથી મૃત્યુ પામ્યો. |
| हेमकूड | अ. | हेमकूट | હેમકૂટ | હેમપુરનો રાજા. રાણી હેમસંભવા, હેમકુમાર પુત્ર. |
| हेमपुर | ऐ. | हेमपुर | હેમપુર | જ્યાં રાજા હેમકૂડ રાજ કરતા હતા તે નગર. |
| हेमपुरिस | ऐ. | हेमपुरुष | હેમપુરુષ | આ અને હેમપુર એક છે. |
| हेममालिणी | दे. | हेममालिनी | હેમમાલિની | નંદનવનના હેમવંત શિખર પર વસતી દેવી. |
| हेमव | स. | हेमवत् | હેમવત્ | ફાલ્ગુન મહિનાનું અસામાન્ય નામ. |
| १. हेमवत | भौ. | हैमवत | હૈમવત | જંબૂદ્વીપનું અકર્મભૂમિ ક્ષેત્ર. મહાહિમવંત પર્વતની દક્ષિણે, ચુલ્લહિમવંતની ઉત્તરે છે. તેની પૂર્વે પશ્ચિમે લવણસમુદ્ર છે. કેન્દ્રમાં શબ્દાપાતી પર્વત છે. |
| २. हेमवय | भौ. | हैमवत | હૈમવત | નંદનવનનું શિખર. ત્યાં હેમમાલિણી દેવી વસે છે. |
| ३. हेमवय | दे. | हैमवत | હૈમવત | હેમવંતકૂડ(૧) ઉપર વસતો દેવ. |
| १. हेमवयकूड | भौ. | हैमवतकूट | હૈમવતકૂટ | ચુલ્લહિમવંત પર્વતનું શિખર |
| २. हेमवयकूड | भौ. | हैमवतकूट | હૈમવતકૂટ | મહાહિમવંત(૩) પર્વતનું શિખર. |
| ३. हेमवयकूड | भौ. | हैमवतकूट | હૈમવતકૂટ | આ અને હેમવંત(૨) એક છે. |
| हेमसंभवा | अ. | हेमसम्भवा | હેમસમ્ભવા | હેમકૂડ રાજાની રાણી, રાજકુમાર હેમકુમારની માતા |
| हेमाभ | भौ.न. | हेमाभ | હેમાભ | પંકલ્પભા નરકભૂમિમાં આવેલું વાસસ્થાન. |
| १. हेरण्णवय | भौ. | हैरण्यवत | હૈરણ્યવત | જંબૂદ્વીપનું એક અકર્મભૂમિ ક્ષેત્ર. શિખરીપર્વતની દક્ષિણે, રુપ્પિની ઉત્તરે છે. તેની પૂર્વપશ્ચિમે લવણ સમુદ્ર છે. તેના કેન્દ્રમાં વૃત્તવૈતાઢ્ય પર્વત છે. |
| २. हेरण्णवय | दे. | हैरण्यवत | હૈરણ્યવત | હૈરણ્યવંત ક્ષેત્રનો અધિષ્ઠાતા દેવ. |
| ३. हेरण्णवय | भौ. | हैरण्यवत | હૈરણ્યવત | શિખરી(૧) પર્વતનું શિખર. |
| ४. हेरण्णवय | भौ. | हैरण्यवत | હૈરણ્યવત | રુપ્પિ(૪) પર્વતનું શિખર. |
| हेहय | अ. | हेहय | હેહય | રાજા ચેડક વંશનો હતો. |
| होत्तिय | अ.ता. | होत्रिक | હોત્રિક | અગ્નિહોત્ર કરનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. |

## आगम-बृहत्-नामकोष: परिसमाप्त:

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–1 [603+DVD] 1,36,000
કુલ પ્રકાશનો– 603, તેના ...............................કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ **3** પ્રકાશનોમાં **147** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | **147** | **07850** |
| 1 | **आगम सुत्ताणि-मूलं (Printed)**<br>આ સંપુટમાં અમારા કુલ **49** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **3510** છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **45** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2810** છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **53** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1530** છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ અનુવાદ **5** પ્રકાશનોમાં**165** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **201**50 પૃષ્ઠોમાં છે | **165** | **20050** |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ (Printed)**<br>આ સંપુટમાં અમારા કુલ **47** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **3400** છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **47** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2800** છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **11** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **400** છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक (Printed)**<br>આ સંપુટમાં અમારા કુલ **48** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **10340** છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद (Printed)**<br>આ સંપુટમાં અમારા કુલ **12** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **3110** છે | | |
| [3] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન **7** પ્રકાશનોમાં **171** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **60900** પૃષ્ઠોમાં છે | **171** | **60900** |
| 1 | **आगम सूत्र-सटीकं (Printed)**<br>આ સંપુટમાં અમારા કુલ **46** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **13800** છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **51** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **17990** છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **9** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2560** છે | | |

| मुनिश्री दीपरत्नसागरजीना प्रकाशनो-2 [603+DVD] 1,36,000<br>કુલ પ્રકાશનો– 603, તેના ............................... કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **9** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2670** છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि-1** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **40** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **18460** છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि-2** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **8** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2660** છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **8** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2760** છે | | |
| **[૪]** | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય **5** પ્રકાશનોમાં **16**પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **5190** પૃષ્ઠોમાં છે | **16** | **05190** |
| 1 | **आगम सद्दकोसो** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2100** છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** (Printed)<br>આ સંપુટમાં અમારુ **1** પ્રકાશન છે, જેના કુલ પાના આશરે **210** છે | | |
| 3 | **आगम सागर कोष:** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **5** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1130** છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा॰ सं॰ गु॰]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा॰ सं॰ गु॰ नाम परिचय ]** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **2** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **500** છે | | |
| **[૫]** | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય **3** પ્રકાશનોમાં **9** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **1590** પૃષ્ઠોમાં છે | **10** | **03220** |
| 1 | **आगम कथानुयोग** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **6** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2170** છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **2** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **870** છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** (Printed)<br>આ સંપુટમાં અમારુ **1** પ્રકાશન છે, જેના કુલ પાના આશરે **80** છે | | |
| 4 | **आगमिय सूक्तावली** (Printed)<br>આ સંપુટમાં અમારુ **1** પ્રકાશન છે, જેના કુલ પાના આશરે **100** છે | | |

## મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-3 [603+DVD] 1,36,000

કુલ પ્રકાશનો– 603, તેના ............................... કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય **3** પ્રકાશનોમાં **9** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **1590** પૃષ્ઠોમાં છે | **9** | **01590** |
| 1 | **आगम विषयानुक्रम-मूल** (Printed)<br>આ સંપુટમાં અમારા કુલ **2** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **730** છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **430** છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** (Net)<br>આ સંપુટમાં અમારા કુલ **3** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **430** છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય **12** પ્રકાશનોમાં **84** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **9270** પૃષ્ઠોમાં છે | **85** | **09270** |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **13** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2090** છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **6** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1480** છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **5** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1050** છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1220** છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **9** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1190** છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **300** છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **3** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **430** છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **220** છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ **2** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **100** છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>કુલ પ્રકાશનો– 603, તેના ............................ કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

## મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | | | | |
|---|---|---|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય | [કુલ પુસ્તક 518] | તેના કુલ પાના | [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય | [કુલ પુસ્તક 85] | તેના કુલ પાના | [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD | | તેના કુલ પાના | [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on–line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફૉરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- **361120**]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# आगम-बृहत्-नामकोष:

प्राकृत | ओळख | संस्कृत | गुजराती | नामपरिचय

[भाग-२]

પ્રકાશન તારીખ- 10/02/2020 સોમવાર તિથી- ૨૦૭૬ મહા વદ ૧

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in